CENTRAL LIBRARY

SELECTIONS FROM

CLASSICAL GUJARATI LITERATURE

VOLUME III.

(SEVENTEENTH, EIGHTEENTH AND NINETEENTH CENTURIES.)

CALCUTTA UNIVERSITY CENTRAL LIBRARY

EDITED BY

IRACH JEHANGIR SORABJI TARAPOREWALA, B.A., PH.D., BAR-AT-LAW.

Sometime Professor of Comparative Philology and Lecturer in Gujarati in the University of Calcutta; Principal, the M. F. Cama Athornan Institute, Andheri, Bombay.

080 CU .265

CALCUTTA:

PRINTED BY E. N. KANGA AT THE NAVROZ PRINTING WORKS
29-30, Ezra Street, Calcutta;
and Published by
THE UNIVERSITY OF CALCUTTA.

1936.

CENTRAL LIBRARY

TO

THE SACRED MEMORY

OF

SIR ASUTOSH MUKERJEE,

TO

WHOSE INSPIRATION

THIS WORK

OWES ITS BIRTH.

CENTRAL LIBRARY

OUTLINE OF A SCHEME FOR THE ADVANCED STUDY OF THE INDIAN VERNACULARS

BY

SIR ASUTOSH MUKERJEE.

The time has long passed away when elaborate arguments were needed to make even Indian scholars realise the vital importance of a critical and scientific, historical and comparative study of the great Indian vernaculars. During the last twelve years, fortunately, the opinion has steadily gained ground that the intellectual activity of a corporation of scholars in this country may be most profitably directed towards a systematic investigation of the language and literature of our chief vernaculars. The duty has, indeed, been officially imposed upon one of the Indian Universities to encourage research in vernacular literatures and languages and to foster their growth, by the publication of critical editions of early texts, and by historical investigations of their origins, early development and ramification into a variety of dialects. I have long maintained the view that a subject so extensive in scope, so well calculated to rouse intellectual curiosity, may fittingly be included in the scheme for our highest Degree Examinations. But this object can be sucessfully attained, only after the materials for study and investigation have been made easily accessible to teachers and students. This was precisely my purpose, when I induced Rai Saheb Dineschandra Sen to prepare, for the University, volumes of Typical Selections in Bengali on a comprehensive scale. These volumes present the development of the Bengali Language Literature in a style never before attempted and have been enthusiastically acclaimed

CENTRAL LIBRARY

by competent scholars working in various seats of learning, in and beyond India. I am emphatically of opinion that the time has arrived when a further definite advance should be made in this direction and plainly, the initiative should be taken by the Post-Graduate Department of the University. Animated by this desire, I have utilised my recent visit, in my capacity as a Member of the University Commission, to different parts of India, in discussing the question with a number of distinguished scholars, and I am now in a position to lay before my colleagues the outlines of my plan. My proposal in substance is that the services of competent scholars, wherever available, should be secured to prepare a series of volumes of Typical Selections, dealing with the chief Indian Vernaculars and illustrating the origin and development of both the language and the literature. The selections will be made from sources published and unpublished and manuscript materials will be utilised to the fullest extent desirable. The general plan of the volumes will be historical and critical, similar to that adopted for the Bengali Typical Selections, and I venture to entertain the hope that if the Selections are judiciously made, they will not only serve to illustrate linguistic and literary evolution, but will also help to illuminate many a dark corner of social, religious and administrative history. Each volume will be furnished with an introduction, glossary, notes and appendices. The volumes, as they become ready, will be published by the University and will no doubt tend to enhance its reputation as a true seat of learning.

The 29th June 1918.

CENTRAL LIBRARY

FOREWORD BY THE COMPILER.

The first volume of these *Selections from classical Gujarati Literature* appeared in 1924. It contained works of the 15th Century. Six years later followed the second volume compirising the 16th and the 17th century writers upto Samal Bhatt. Now after another six years comes the third and the last volume comprising writers after Samal upto Dayaram. Modern Gujarati literature begins with the end of the "Classical Age". In the scheme prepared by Sir Asutosh Mukerjee the Modern Period was to be in charge of Principal Anandshankar Bapubhai Dhruva, M.A., LL.B., of Benares. My share of the scheme is completed. My first thought is of thanks to Divine Providence for permitting me to complete this undertaking.

In this volume, too, there will be many faults, to which critics may point. I know full well my limitations. I claim no great originality of research. I have only brought together some of the scattered gems of our Gujarati literature.

The greatest poet in this volume is Dayaram without any question. I confess that I like him the best in the whole range of Gujarati Literature. Narasimha Mehta runs a close second ; indeed, some of Narasimha's poems are absolutely at the top. I am afraid Dayaram is rather neglected nowadays as being too "antiquated" for us moderns. But in Dayaram lie hidden the roots of Modern Gujarati literature.

CENTRAL LIBRARY

To my many friends I owe my best thanks for their constant encouragement.

The Navroz Printing Works of Calcutta deserves a word of praise for the rapidity and the accuracy with which they have printed this work.

This task of mine is finished. It has occupied me during many pleasant hours. I have learnt much that was unknown to me a dozen years ago. Above all I have learnt to be proud of the language I learnt as a baby on my mother's lap ; I am proud of the literature it has produced and of the culture it embodies.

This is the first service I have been privileged to render to my language. God grant I may have the joy of rendering more.

Andheri, Bombay,
September 1936.

IRACH J. S. TARAPOREWALA.

CENTRAL LIBRARY

CONTENTS.

Foreword by Sir Ashutosh Mookerjee VII
Foreword by the Compiler IX

Seventeenth Century (after Sāmal) **1–46**

1. NAKAR 3—13
   I From ચંદ્રહાસાખ્યાન.
      1 The child abandoned in a forest 3
      2 Rescue, childhood's *samskāras* and entering school 6
   II From હરિશ્ચન્દ્રાખ્યાન.
      1 Selling the Royal Family 8
      2 The final test 11
2. NARHARI 14—15
      1 Arjuna's despondency 14
      2 *Yogabhrashta* 14
3. VALLABH 16—29
   I From the Prologue of યુધિષ્ઠિરવૃંદાદરાખ્યાન 17
   II From દુઃશાસનરુધિરપાન.
      1 Personal prologue 19
      2 Tho coward and the hero 21
      3 Praising Premānand the poet praises himself 21
      4 Some queer devices of poetics 22
      5 Musk and blood 23
      6 Draupadi incites Bhima to keep his terrible vow 24
      7 Dawn on the battlefield 28
4. RATNESVAR 30—40
   I From આત્મવિચાર ચંદ્રોદય.
      1 Man lives forgetting God 31

CENTRAL LIBRARY

2 The lamp of renunciation 32
II From રાધાકૃષ્ણના મહિના 38
5. HARIDAS 41—42
From શામળશાહનો વિવાહ 41
6. DHANDAS 43—46
અર્જુનગીતા 43

Eighteenth Century 47–178

1. VALLABH BHATT 49—58
I Miscellaneous *padas* 50
II કળિકાળનો ગરબો 51
III કજોડાંનો ગરબો 54
IV બહુચરાની આરતી 56
2. DVARKO 59—63
I Verses in praise of Krishna 59
II Didactic verses 61
3. BHANDAS 64—66
The One mirrored in the Many 64
4. KALIDAS (of Vasāvād) 67—82
From પ્રહ્લાદાખ્યાન 67—82
1 The birth of the two Demon Rulers 67
2 The boon desired by Hiranyakshipu 72
3 Prahlād's education 73
4 "I will not leave the name of Rāma" 77
5 Narasinha appears 79
5. PRITAMDAS 83—113
I ગુરુ મહિમા 84
II જ્ઞાનનો કક્કો ૧ લો 86
III દાણની ગરબીઓ 90
IV ભક્તિ પદ સંગ્રહ (1–4) 91

CENTRAL LIBRARY

V From સરસગીતા.
1 The Gopi's lament before Uddhav 93
2 The Serpent in the Jamna 95
VI Miscellaneous *padas* about Krishna (1–14) 97
VII Miscellaneous *padas* about Jnāna, Bhakti and Vairagya (1–29) 102
6. SIVANAND (alias Jivrāj) 114—122
I *Padas* in the praise of Siva (1–12) 114
II Praise of Ganapati 119
III Praise of Siva's Bull (1–2) 119
IV Praise of Girijā (1–2) 120
V Vasant Pūjā (1–4) 121
7. NARBHERAM 123—148
I From બોડાણાની મૂછના પદો (1–34) 123
II Love and Devotion 141
III In praise of Hari (1–3) 145
IV Ranchod, the tax-collector 146
V The highway robbery 147
VI The day of departure 148
8. GOVINDRAM 149—153
I From કલિજુગનો ધર્મ.
1 The fall of four castes 149
2 The position of the mother-in-law 151
II A Moslem Vaishnav 152
III The Hukka 152
9. UDAYARATNA 154—159
I The nine hedges (1–9) 154
II Advice to women 157
10. RATNO 160—162
From ઓદ્ધવજીના મહિના 160
11. JIVRAM BHATT 163—174
The Voyage of Mr. Soul 163

CENTRAL LIBRARY

12. MADHAVDAS 175—178
1 Rukmini's letter 175
2 The dream bridegroom 176

Nineteenth Century 179–548

1. DHIRO BHAGAT 181—205
I જ્ઞાન કક્કો 182
II જ્ઞાન બત્રીશી (1–32) 183
III Miscellaneous verses (1–14) 198
2. NIRANT BHAGAT 206—214
Miscellaneous verses (1–16) 206
3. BAPU SAHEB GAIKWAD 215—240
I Miscellaneous *padas* (1–16) 216
II Bapu's passing 225
III *Padas* of Divine Wisdom (1–11) 226
IV From બ્રહ્મબોધ (1–10) 235
4. PREMANAND SWAMI 241—261
I From તુળસીવિવાહ.
1 The love of the Lord for Tulsi 242
2 The wedding pavillion and the guests 247
3 The procession 249
4 The departure of the pair 252
II Miscellaneous *padas* (1–13) 254
III સહજાનંદ વિજોગ 259
5. BHOJO BHAGAT 262—281
I The cry of Draupadi 263
II From the આખ્યા (1–9) 264
III Miscellaneous verses (1–15) 266
IV From ચબોલા (1–5) 274
V સેલૈયા આખ્યાન 277
VI The final scene (1–2) 281

CENTRAL LIBRARY

6. MANOHAR SWAMI 282–302

From મનોહર કાવ્ય (1–25) 282

7. GIRDHAR 303—328

I Miscellaneous verses.

1 The poet's modesty 304

2 Acrostic 305

3 The Soul and the Eternal 305

4 The love-lorn maid to Krishna 306

5 The Divine Flute 306

II From કૃષ્ણલીલા—ગોકુળલીલા.

1 The Eternal Lord 307

2 The birth of Krishna and His escape across the Jamuna 308

3 The Child Krishna and Mahadeva 313

4 The knot 316

5 Krishna opens His mouth 317

6 The Sonl should stand naked before God 319

7 The Gopis lose Krishna 322

8. RANCHOD BHAGAT 329—336

I From રાધાવિવાહ 329

II From રણછોડજીનો ગરબો.

1 The image brought to Dākor 330

2 Weighing the image 332

III Prayer to અન્નદેવ 333

IV Miscellaneous verses (1–6) 334

9. HARIBHATT 337—340

Verses (1–5) 337

10. MITHO 341—342

Verses (1–5) 341

11. PURUSHOTTAM 343—345

I ઉપદેશના છપ્પા 343

CENTRAL LIBRARY

	Miscellaneous verses (1–2)	345
12.	RATANDAS	346—348
	ચેલૈયાનું ચરિત્ર	346
13.	RUGHNATHDAS	349—358
	I Miscellaneous verses (1–6)	349
	II ઓધવજીનો સંદેશો	352
14.	KRISHNARAM	359—365
	I શિક્ષા વચન	359
	II From કળિકાળનું વર્ણન.	
	1 The Brāhmana of this age	361
	2 Sturdy beggars	364
15.	BUTIO BHAGAT	366—368
	Verses (1–5)	366
16.	SANTIDAS	369—372
	કાનુડાની બાળલીલા (1–16)	369
17.	RAVO BHAGAT	373
18.	BRAHMANAND	374—388
	I From કૃષ્ણ કીર્તન (1–4)	374
	II From જ્ઞાનભક્તિનાં પદો (1–9)	376
	III જ્ઞાન લોચન (1–4)	379
	IV શૃંગારનાં પદો (1–4)	381
	V Devotion to God (1–6)	382
	VI દાણલીલા	385
19.	MUKTANAND	389—414
	I Miscellaneous *padas* (1–18)	389
	II From સતીગીતા.	
	1 Who is a *vidhva* ?	396
	2 The devotion of a true wife (1–4)	396
	3 A true wife is a true saviour (1–5)	399
	4 A true woman's prayer (1–5)	401

CENTRAL LIBRARY

III From ઉદ્ધવ ગીતા.
1 Udhava describes to Jasodā and Nanda the glory of Hari 404
2 The Gopis remember Krishna's deeds 405
3 The Gopi's yearning addressed to the bee 407
4 The bee returns 409
5 The sports of the Gopis with Krishna 410
6 The true union of the Lover and the Gopis 411

20. NISHKULANAND 415—429
I From Miscellaneous *padas* (1–15) 415
II From ધીરજાખ્યાન
1 Prahalād refuses to learn the teaching of the Asuras 421
2 The testing of Prahlada 424
3 True devotees 425
4 The tale of Sibi 426
5 Janaka Videhi 428
6 Endless patience needed 429
7 The glory of forgiveness 429

21. MANJUKESANAND 430—433
Verses (1–8) 430

22. DEVANAND 434—437
Verses (1–8) 434

23. DAYARAM 438—548
I ભક્તિ પોષણ 442
II From પ્રેમરસ ગીતા.
1 The Child Krishna 456
2 The ways of Divine Love 457
3 The message of the Gopis 458
III Introductory lines of ભક્તવેલ 460
IV મીરાં ચરિત્ર 461

CENTRAL LIBRARY

V	પ્રેમ પરીક્ષા	463
VI	પારણું	465
VII	હનુમાન ગરુડ સંવાદ	467
VIII	શિક્ષા	469
IX	The love of the Gopis for Krishna (શૃંગાર પદો) (1–57)	472
X	The true significance of the *sringāra* and the *bhakti* of the Gopis (1–8)	504
XI	The Great Illusionist	508
XII	Moral and Devotional *padas* (1–60)	509
XIII	The End (1–6)	544

CENTRAL LIBRARY

SEVENTEENTH CENTURY (after Sāmal)

1. Nākar
2. Narahari
3. Vallabh
4. Ratnesvar
5. Haridās
6. Dhandās

CENTRAL LIBRARY

1. Nakar (*circa* 1550–60 Samvat)

His date is not certain but it appears from his શિવવિવાહ that he was living in Samvat 1716. He was a Vaishya of Baroda. He used to write long *ākhyānas* and present them to Brāhmanas so that they might recite them in public and thus earn money for themselves. This, he thought, would bring him merit. His works are ધ્રુવાખ્યાન, હરિશ્ચંદ્રાખ્યાન, શિવવિવાહ, ચંદ્રહાસાખ્યાન, લવકુશાખ્યાન, મૃગસંવાદ, and ભીલડીના બાર માસ. Mr. Ambalal B. Jani has given estimate of his life and work in *Brihat Kāvya Dohana* Vol. VIII, and he says there (and proves by apt quotations) that even the great Premanand was indebted to him. Most of Nākar's works are yet unpublished.

I. From ચંદ્રહાસાખ્યાન.

(1) The child abandoned in a forest.

આરોગીને ઉઠયા બંભ, કહે પ્રધાન માહરું જીવતવ્ય ધંન;
લવંગ કપૂર એલચી પાન, બીડી કરી આપે પરધાન.
ચૂઆ ચંદન ને મલીઆગર્યાં, બ્રાહ્મણને અંગે લેપન કર્યાં;
વાલા વેજન નાંખે વાય, કેહે અમ્હારું જીવતવ્ય ધંન રાય
આપ્યા મુગતાફલના હાર, આપ્યાં દિવ્ય વસ્ત્ર તે સાર;
આપ્યાં મુગટ કુંડળ કાન, બ્રાહ્મણ પુજયા અતિ વિધાન.
પૂજયા બ્રાહ્મણ અતિ વિશાળ, સાથેથી તાં પૂજાય બાલ;
આરોગી બ્રાહ્મણ સુખીઆ થાય, બાલક ઉઠી રમવા જાય.
જાગ્યા બ્રાહ્મણ તેડયું પ્રધાન, કાં એક પ્રશ્ન કીજે કાન;
અમ્હ સાથે જે જમીઉં બાલ, શોધી કા'ડું તેની ભાલ.
એ બાલ્ય તાં કહેનૂઅ છે, એહનું કારણ કહેશું પછે;
સામુદ્રિક તાં પાઠે ભાણું, જાણું લક્ષણ બાલ્યક તણું.
એહવાં બાલ્યેક ઘણાં રડવડે, પેટ ભરે ને પાધર પડે;
એહને નથી માત ને તાત, હું શું જાણું એહની વાત.

CENTRAL LIBRARY

નાકર.

અમ્હેા ઘણુંએ કહીએ આજ, રાજ્યતણાં ત્યાં મોટાં કાજ;
રાજ્ય થકી અમ્હેા આવું જસા, ભોજનના ત્યાં સ્વાદ જ કસા.
તમ્હેા એવડી શી પૂછું છું સાહ્ય, એણી પેરે બોલ્યા દૃષ્ટદ્યુમ્ન;
હમારી વાણી સત્ય જ હશે, તારી લક્ષ્મીનું ભોગતારી થશે.
વળી માહારી સાંભળ વાત, એ તારું થાશે જમાત;
એહવું કહેતાં ચડી રીસ, ડસણ ડસે હલાવે શીશ.
સકલ શાસ્ત્રને તમ્હેા સ્તવું, ઉદર ભર્યાનું ગમે ત્યાં મલવું;
એવડું તમ્હેા શો કીધું બરો, કેવળ વેદીયાસુ કહાવું ઢોરો.
પચ્છમ બુધીઆઓ લાગી શીખ, નીગમી પૃથ્વી ને માગી ભીખ;
એમ તમ્હારી વાણી સત્ય જ હશે, માહરું જમાત્ર એ બાલ્યક થશે ?
સંભારે છે ઇમ ઘડીય ઘડી, ઉઠી પેટમાંહાં ફાલ જ પડી;
શું જાણીએ મનોભાવની વાણ, કેવારે સુધી થાએ નિર્વાણ.
પછે તેડાવ્યા બે પસાય, કરી પ્રણામ ને બોલ્યો વાચ;
સમસ્યાએ તાં કીધી સાન, બાલ્યેક દેખાડયું પરધાન.
એ બાલ્યેકને લેઇ જાઉ ત્યાંહાં, મહા આરણ્યક ને ઉદ્રસ્ત જ્યાંહાં;
માહા વન ને કંટક ઘણા, સ્થાનક વાઘ સંઘન તણા.
સાંભલુને તાં માહારી વાત, એહને જઇ કરજો ઉપઘાત;
એટલું દેજો મજને માન, રખે કો જાણે કાનોકાન.
કરી કામ આવું મૂં ભણી, આપું મહિપી બે દૂઝણી;
એક સાંભલું માહારી વાણ, માર્યાનું લાવજો એધાણ.
એહવું સાંભળી પસાય જાય, આપે સૂખડી બાલ્યકને વાહાય.
બાલ્યેક વાહાયું તે તાંહાં જાય, પૂછે રમત્ય હજી કેટલે એક થાય.
હવે આવી રમત તે દૂકડી, વળી આપી બીજી સૂખડી;
એમ વાહીને લેઇ ગયા, નગરથી યોજન બાર જઇ રહ્યા.
બાલ્યક ઉતારયું તાં ભોમ, વડઉ કાંટુ રોમે રોમ;
એકે ખડગ ઉઘાડીઉ, ત્યારે ધૂજયું બાલ્યકનું હઇઉ.
એક કહે તું વહેલું થાએ, બીજું કહે ભાઇ નારે નાએ;
પૂર્વે કાંઇ ચાલ્યા પાપ, તે અવતાર પામ્યાં છે આપ.
વળી આહાવાં રતનને હણું, તું નથી ક્યાંહાં કામ આપણું;
કશું કરીએ તે મહિપી સાર, શું કરીએ તે અરથ ભંડાર.
ખાવા મળશે સઘળુ સાથ, સેહેસે આપણું એક જ હાથ;
ધીકય ધીકય આપણું અવતાર, આહવા રત્નને કવમ કીજે પ્રહાર.

CENTRAL LIBRARY

આહવા રત્નને કયમ મારીએ, ભુડું ઉદર તે કયમ ઠારીએ;
નારદ તાં અર્જુનને કહે, બાલ્યકને ત્યાંહાં એક જ બેએ.
બાલ્યકને મંત્ર એહ જ પખુ, રખે માહારુ લેઇ જાએ સખુ;
લઘુલાઘવી વિદ્યા કરે, સખુ લેઇ મુખ માંહે ધરે.
એ સખાને લેઇ જશે, વલતૂ મૂને નહીં આપશે;
બીજા સખાને લેઇ જાએ, તેનું મજને દખ નવ થાએ.
તેહનું દખ ન થાએ લગાર, મુખ માંહાં છે તે પ્રાણાધાર;
બાલ્યક રુદન કરે અપાર, વાહારે ધાજો વિશ્વાધાર.
રામ કૃષ્ણ ગોવ્યંદ ગોપાળ, દીનાનાથ તું દીન દયાળ;
માધવ મધુસુદન મોરાર, તું જુગજીવન જુગદાધાર.
ભૂધર ભૂપત્ય સારંગપાણ, દામોદર નરસિંહ નારાણ;
સ્વામી ધ્રુવની કીધી સંભાળ, મારી ત્યમ કરજો તત્કાળ.
સ્વામી અમરીખને ઉધાર્યું, ચરણોદક કીરીટનું કર્યું;
રાખ્યું ગોવરધન કર ધરી, રાખ્યું અજામેલ ઉધરી.
સ્વામી રાખ્યા વેદ જ ચાર, રાખ્યું ધરા ધરીને ભાલ;
રાખ્યાં નંદ ને દેવકી માત, કારાગ્રેહથી તે જગતાત.
સ્વામી હિરણ્યકશ્યપને હણ્યું, સ્તંભ ફોડી નરસીં પ્રગટ્યું;
સ્વામી સ્તંભ માંહે પૂર્યું વાસ, સ્મરતાં આવ્યા શ્રી અવિનાશ.
પછે પસાચને આવી દયા, છેદી આંગળી ને મૂકી ગયા;
આવી હરણી ચાંપે પાય, ધરે હખે આણે વેરાય.
હરણી મનશું કરે છે વાત, આ શ્યું દીસે છે ઉત્પાત;
પંખી જાતે તાં છાંહડું કરે, ચમરી ગાય તાં ચમરજ ધરે.
મારુત તે તાં મધૂરા વાય, સનઉ સનઉ તે સૂરજ તપાય;
બાલ્યક રુદન કરે અપાર, કુલંદ આવ્યું તેણીવાર.
કુલંદ મૂકયું રાખવા દેશ્ય, કુતલકપુર તણું નરેશ;
ઢેરા પાળે ને રક્ષા કરે, બોલ્યું હુંતે પુહુતું કરે.
રાજા કુલંદ ઘોડા ઉતરયા, બાલ્યકની પાસે આવી ઠરયા;
પાંચ વરસનું સુંદર મખ, કરે આક્રંદ ને આણે દખ.
રાજા કુલંદ પૂછે વળી, કહે કોણે છેદી આંગળી;
છેદી આંગળીને ગયા કહીં, કહે રે બાલ્યક અમેહો જાઉં તહીં.
સાચી કહે રે મજને વાત, કુણ માત ને કુણ છે તાત;
ગોત્ર ગદાધર ત્રિકમ તાત, ભાઈ ભૂદર ને મોહન માત.

માહરે વડાઉ વસુદેવ, વડી આઇ વામન અવશ્યમેવ;
રાજા કુલંદ હેઠા ઉતરયા, બાલકે પાસે આવી ઠરયા.
કઈ ફણાધર મદન જેહ, માંમુ માધવજી તાં તેહ;
દામોદર માહરે મુસાળ, બાકી સઘળા આળપંપાળ.
કુલંદ રાએ જોઉ જાન, હું તું છુંરે અપુત્રવાન;
જુ મુજને રુઠયા ભગવાન, તુ એહને લેઇ જાઉ કાંહાં ન.
એહેને તાં લઈ જાઉ ઘેરે, પુછું પંડિત પેરે પેરે;
દશ વિધિ કેરા પુત્ર કે'વાય, એહવું છે શ્રુતિનું ન્યાય.
એક પુત્ર સ્વદારા સાર, એક પુત્ર પુત્રનું નિર્ધાર;
એક પુત્ર તે તનઆ તણું, એક પુત્ર તે ભાઇનું ગણું.
એક પુત્ર જે આપે કોય, એક પુત્ર વિકે લીજે સોય;
એક પુત્ર ગોલક કહેવાય, એક પુત્ર ક્ષેત્રપતિ થાય.
એક પુત્ર કુંડલક જેહ, એક પુત્ર કો નાંખે તેહ.

(2) Rescue, childhood's *samskāras* and entering school.

કુલંદે વેગે થઉ સ્વાર, લીધું પુત્ર પ્રેમે કર સાર;
પંપુઆલીને ચાંપ્યું રહે, વળતું કુલંદ એમ વાણી વદે.
આજ અમહારું જીવતવ્ય ધંન, પામ્યું પુત્ર હું વૈષ્ણવ જન;
ઉતાવલું મંદિરમાંહાં જાય, ઉલટ અંગે તાં ના માય.
વેગે આવ્યા ચંદનાવતી, વાટ જુએ ઘેરે મેઘાવતી;
આવી ઉભાં રહ્યા તે દ્વાર, આવમ દેવા આવી નાર.
મેઘાવતીએ પખાલ્યા પાય, આપ્યાં આસન બેઠા રાય;
સ્વામી સુંદર અતિ વિશાળ, આપણ એ કેહેનું બાલ્ય.
સાંભળરે તું મેઘાવતી, આપણને રુટયા કમળાપતિ;
હું ગઉતું વનમુઝાર, જોવાને તાં ચર ચોર ચખાર.
પાંચ વરસનું રોતું બાળ, જપે રામકૃષ્ણ ગોપાલ;
મેં પૂછયું તે મજને કહ્યું, કારણ સઘળું મેં તાં લહ્યું.
મેં તાં પ્રીછયું સહી નીરધાર, એ કુઅર ઉતારશે પાર;
તેડયા જાણીતા જોતકી, જન્મપત્રિકા મૂને આપુ લખી.

એ બાલ્યેકથી થએશ સુખી, કુલંદે એહેવી વાણી ભખી;
સ્વામી એહની શી જન્મોતરી, અમો વાત તાં કહેશું ખરી.
અમ્હે તાં એહના જોઆ પાબુ, વળતા જોષી બોલ્યા વાબુ;
સ્વામી ઘણું શું કહીએ કથી, એહેવું ભાગ્યવાન કો નથી.
ન હુઉ ન હવડાં હશે, નહીં સરજ્યા સ્વામી પછે;
એહનું વદન એવું વિકાશ, એહનું નામ ધરું ચંદ્રાસ.
અમારી વાણી માંનો નરેશ, જતી આવશે ચારે દેશ;
સુખીઆ હોશો તહમારા લોક, ક્ષમા દયા મંન સદા સંતોષ.
આલ્યુ એહેની જન્મોત્તરી, અમ્હો વાત તાં કહેશું ખરી;
પ્રશ્ન ન મલ્યે તુ કરજો રોષ, આજ પછે નહીં જોઉં જોષ.
અતિ સંતોષ્યા તે જોતકી, આપ્યાં આભણ તે ઘર થકી;
આપ્યા મુગતાફલના હાર, આપ્યાં દિવ્ય વસ્ત્ર તાં સાર.
નારદ કહે અર્જુનને વાત, તેહેને વરસ થયાં તાં સાત;
સાત વરસનું થઉં તે બાલ્ય, જપે રામ કૃષ્ણ ગોપાળ.
માએ બાપને હરખ ન માએ, આંખડીએ તાં અમી ઝરાએ;
તેડયા ગુરુ કીધું જાતિકર્મ, અને સંતોષ્યા બહુ બ્રાહ્મણ.
વુડ કર્મ તાં કીધું અછે, યજ્ઞોપવિત તાં દીધું પછે;
આઠ વરસનું બાલ્યક થયું, તેવું અધ્યારુંને ઘેર ભણવા ગયું.
અધ્યારુ ભણાવું ચંદ્રાસ, માઇતણું કરાવું અભ્યાસ;
નિશાળગરણું કરે કુલંદ, મેઘાવતી મન અતિ આનંદ.
સહસ્ર ખડીઆ સોના તણા, બે સહસ્ર રૂપાના ઘણા;
તે માંહે સરકરા ભરાએ, દશ દશ બાલ્યકને કૃપા કરાએ.
બંદીજન તાં જોજો કરે, કુંઅર નિશાળે સાંચરે;
ગાએ ગીત તાં સોભાગવતી, ત્યંમ ત્યંમ આનંદ મેઘાવતી.
બીજે દાહે ગઉં નિશાળ, લેઇ બેઠું સઘળાં બાલ્ય;
અધ્યારુ કેહે ચંદ્રાસ, માઇતણું તમ્હો કરું અભ્યાસ.
આ તો પે'લું ભલે **મણ્યે** ભણ્યું, પછે તાં તમો મીંડાં ગણું;
બારાખડી કુહુ મારા તંન, સકળ વિદ્યા ભણું અનુદિન.
મણ્યે મીંડું ને બારાખડી, અધ્યારુ ભણવા આખડી;
માઇકાકલાં ને સધ્યો સમાન, તે તું મારે વિષ સમાન.
અધ્યારુ ભણાવું ઘાત, કૃષ્ણ નામ વિના સર્વ કઘાત;
નસકટ કહેતાં એ સો અર્થ, રામ નામ વિના સર્વ અનર્થ.

અધ્યારુ કહે કહું ગ્નાન, જેહ માંહે નાહી નામ મુક્તિ નિધાન:
એ ભણ્યે અધ્યારુ શું હોએ, ગ્નાન દષ્ટે નિહાળી જોએ.
એહ વિદ્યા અવિદ્યા જાણ, જેમાંહાં નહી સારંગપાણ:
પોથાં થોથાં સર્વસ્વ પરહરે, સહસ્ર નામનું સંગ્રહ કરે.
ભોળે ભાવે ભૂધરને ભજે, વિષ પીઉં કાં અમૃત ત્યજે:
અમ્હો ભાવ રાખું રહે રામ, નિજ પદ આપે શ્રી ભગવાન.
અધ્યારુ આવ્યું રા પાસ, સ્વામી એક વિનતિ છે આશ:
અમ્હારુ ભણાવ્યું એ નવિ ભણે, એ તો કાંઇ અભિનવું ગણે.
જુ સુની મૂકું નિશાળ, લેઇ બેસે સઘળાં બાળ:
અરે ભંડા તું એ શું ભણે, હું કહું તે શ્રવણે સુણ.
કુહુ રામકૃષ્ણ ગોવ્યંદ ગોપાળ, દીનાનાથ તું દીનદયાળ.
માધવ મદન મુકુંદ મોરાર, તું જગજીવંન જુગદાધાર.
ભૂધર ભૂપત્ય સારંગપાણ, દામોદર નરસિંહ નારાણ:
એક નવઉ તાહારુ બાલ, વણસાડી સઘળી નિશાળ.
વળતા એણીપેરે બોલે રાએ, અધ્યારુ વળી લેઇ જાએ:
વેહલુ ભણાવું સંહિતા વેદ, અસ્ત્ર વિદ્યા પછે ભેદાભેદ,
માહારા કુંઅરને સર્વ કરે, વિદ્યા પાઠે વિસ્તરે;
બીહાવી ભણાવું બંભ, વિદ્યાતણું કરાવું પ્રારંભ.
અધ્યારુ કહે ચંદ્રાસ, મુજને રાએ દીઠા છે આજ;
બીહાવી લીધી કાંમડી, ઉભા રહી તે ઘડીએ ઘડી.
અધ્યારુ તું અક્ષર કહે, તે તું મારે હૈએ ન રહે;
તે તું મજને વિસરી જાએ, એકજ વાહાલું વૈકુંઠરાએ.
અધ્યારુ તું અક્ષર કળે, એક નવી ભણું તાં ભલે;
ગર્ભે વાસના છોડે પાસ ભક્તવચ્છલ એહવું અવિનાશ.
ભલે "**भणुं**" તાં કારણ વડું, કારણ કાયા આભ્યંતરે જડયું.
આભ્યંતર માંહે જે ખટલુ મલે, અકળ ભલો ને કો નવી કળે.

II. From હરિશ્ચન્દ્રાખ્યાન.

(1) Selling the Royal Family.

વણારસી જઇ પોહોંત્યા રાય, સ્વામિ માણસ કેમ વેચાય;
રૂષી રાજાને લઇને ગયો, પુત્ર કલત્ર લઇ ચૌટે રહ્યો.

CENTRAL LIBRARY

એણીપેરે બોલ્યા હરીશ્ચન્દ્રરાય, રૂપિ માણસ કેઇ પેરે વેચાય;
ખડની પૂળી મસ્તક ધરે, તે માણસનો વિક્રય કરે.
રાયે બોલાવ્યો રોહિતાશ્વ, પૂલ લાવો ખડના પૂળા પાસ;
રાયે કહ્યું ને કુંવર ગયો, કોળીને ઘેર આવી રહ્યો.
સાંભળ કોળણ મારી માય, ખડના પૂળા કેમ વેચાય;
તેણે ગ્રહસ્થ દીઠો સુંદર રાય, ખડના પૂળા અમથા લઇ જાય.
કુંવર કહે મારો નહીં ધર્મ, અમથા પૂળા હું લેઉં ન એ કર્મ;
હસ્તમુદ્રિકા આપી કરી, કુંવર લાવ્યો લણ પૂળી શીર ધરી.
તે મુદ્રીકા દેખાડવા જાય, ઘણું મૂલ તે પુંઠલ થાય;
અબળા આવતી દીઠી રાય, ઝાંખો થયો રાજા મનમાંય.
રાજાએ બોલાવ્યો રોહિતાશ્વ, કુંવરને મન બહુ ઓલ્હાસ;
આવીને ત્યાં નામ્યું શીષ, રાજાએ ત્યાં કીધી રીશ.
સ્વામિ મુદ્રિકા આપી અમો, પિતા મન સ્થિર રાખો તમો;
નથી વરાંસ્યો તમારો તન, સ્થિર કરીને રાખો મન.
કોળણ આવી રાજાને પાસ, આતો છાજે પ્રભુ તમ પાસ;
અહીં અદકું ઓછું મનકો ધરે, હરિશ્ચન્દ્ર રાજાનું ચક્ર શીર ફરે.
અદકું ઓછું બોલે જેહ, તત્ક્ષણ શીરને છેદે તેહ;
રાજા કહે રાખજે વેહેવાર, બાકીની નીરાવજે ચાર.
રાયને વચને જાતી થઇ, તાં ચાર નીરાવી જઈ;
એણીપેરે બોલ્યા હરિશ્ચન્દ્ર રાય, ઘરાક સ્વામિ લેવા જાઓ.
રાજા વચને જાતો થયો, વિમલી વેશ્યાને ઘેર ગયો;
વિમળી વેશ્યા સાંભળ વાત, તારે છે કંઇ સંવલ ઘાત.
રૂપી પ્રત્યે ગુણીકા એમ ભણે, પ્રસાદ રાજા હરિશ્ચન્દ્ર તણે;
દ્રવ્ય જોઇએ તો છે અતિ ઘણો, તે પ્રતાપ હરિશ્ચન્દ્રજ તણો.
એક અપાવું તુજને દાસ, હંસગામિની રૂપ પ્રકાશ;
માંગ સિંદુર તે તો ભરે, મોટા રાજાનાં ચિત્તજ હરે.
રૂપી ગુણીકાને તેડી જાય, દેખી નારને આશ્ચર્ય થાય;
એ કો દીસે અતિ ભલું પાલ, મારા ઘર સરખી નોહે જાલ.
રૂપી ભણે બીહે છે શું ય, સે ન લીએ વેચું છું હું ય;
અર્ધ ભાર તે સુવર્ણ દઈ, ગુણીકા ચાલી સતિને લઈ.
સતિ ભણે બાઈ અમે પૂછીએ, તમ કુલ કામ તે શું કીજીએ;
ચીર પટોલાં પેહેરો સાર, માણક મોતીના કરો શણગાર.

મુખ પૂછીને ભોજન કરો, વતૂ નહી સુખસેજા પગ ધરો;
પાન સોપારી સુગંધ અપાર, નિત્યે નવા ભોગવો ભરથાર.
સતિ ભણે વરત્યો છે પાપ, શ્રીસૂર્યે સ્વામિ તું સાચો સાક્ષ;
નિકલંક દેહતણો તું દાતાર, સે ન કરે તું મારી સાર.
સૂર્યે વાનર મોકલ્યો બલ ઘણું, તેણે નાક કરડયું ગુણીકાતણું;
ગુણીકા હુતી અતિ સ્વરૂપ, બુચી કીધી થઇ કૂરૂપ.
અર્ધ નાસીકા ગયો તે હરી, રંડા બહાર નીસર તું પરી;
મનમાંહે વિમાસી જોય, એને પગલે ભૂંડું હોય.
ગુણીકા આવી રૂષીને પાસ, આએ લીયો તમારી દાસ;
એનું અમારે નથી કંઇ કામ, આપો અમારાં પાછાં દામ.
હેમ લઇને ગુણીકા જાય, રૂષીના મનમાં રોષ ન માય;
નઠારાંનો કયાંએ ન ઠામ, કોપે ચડીયા રૂષીજી આમ.
એટલે એક બ્રાહ્મણ આવ્યો જેમ, આવીને તે બોલ્યો તેમ;
એ બાઇને તે લેશું અમો, અર્ધભાર સુવર્ણ લો તમો.
અર્ધભાર સુવર્ણ તે દઇ, બ્રાહ્મણ ચાલ્યો તે સતિને લઇ;
રોહિતાશ્વ ત્યાં રૂદનજ કરે, કુંવરને ત્યાં કોઇ નહીં સંઘરે.
ઠામ નથી ત્યાં કહે એમ માય, તમારે પાસે રાખો રાય;
જૂઓ કુંવર બોલાવે માય, એણીપેરે બોલ્યા હરિશ્ચન્દ્ર રાય.
કુંવર તમે પેર પેરે નડો, નિરાસ થઇને ભોમી પડો;
વિલાપ કરે છે તારાં માય, લઇ ઉછંગે નાંખે વાય.
બ્રાહ્મણ બોલ્યો દુઃખ મૂકો તમો, એ બાળકને લઇશું અમો;
ચૂંટી લાવશે નિત્ય પાતરી, હવિષ્યાન્ન જમશે પ્રીત ધરી.
પાભાર સુવર્ણ તે દઈ, બ્રાહ્મણ ચાલ્યો તે બંનેને લઇ;
રાજા ભણે સાંભળ રૂષીજન, પોણોભાર છુટયા સુવર્ણ.
એણેપેરે બોલ્યા હરિશ્ચન્દ્ર રાય, ઘરાક માટે લેવા જાય;
રાજા વચને જાતો થયો, દુંદાલ નામીકને ઘેર ગયો.
દુંદાલ નામીક સાંભળ વાત, તારે ઘેર છે ધનની ખ્યાત;
રૂષી પ્રત્યે અનામીક ભણે, પ્રસાદ હરિશ્ચંદ્ર રાજા તણે.
દ્રવ્ય જોઇએ તો છે ઘણું, તે પુણ્ય સૂરજવંશી તણું;
એક અપાવું તુજને દાસ, જાળવશે મસાણ માગશે ગરાસ.
રૂષી ને અનામીક જોવા જાય, દીઠો રાયને આશ્રયે થાય;
એ કો દીસે મોટો રાજન, નહીં જળવાયે માટે મસાણ.

CENTRAL LIBRARY

શું વિચારો છો કહું અમો, સુખે વતુ ત્યાં દેજો તમો;
બ્રાહ્મણનો છોડાવો પાસ, હમે રહેશું તમ ઘેર દાસ.
અર્ધ ભાર તે સુવર્ણે દઇ, અનામિક આલ્યો રાજાને લઇ;
રાજા ભણે સુણો બ્રાહ્મણ, સવાભાર છુટયો સુવર્ણે.

(2) The final test

રોહિતાશ્વ નાહિને નીસર્યો, તે વાડી પ્રત્યે જાય;
આવીને તે દેવ પ્રત્યે, પુષ્પ ચૂંટે ત્યાંય.
જમણે તે ચરણે ડંસીયો. તે પડયો વાડી માય;
લેહેર આવી લડથડયો, વળવળે તે ત્યાંય.
મલમૂત્ર મારી માતે ધોયાં, તે ઓશીગણ કયાં થઇશ;
દશ માસ રાખ્યો ઉદરમાં, એમ વિલપતો રોહિતાશ્વ.
તેવ તેવડાં બાળક આવી, જેવા લાગ્યાં નાડ;
એને સગું સંબંધી કો નથી, જે કરે એની વાર.
તે ફૂલ માળી લાવીયો, સાંભળ પુત્રની માય;
તારો પુત્ર સર્પે ડંસીયો, તે પડયો વાડીમાંય.
વળતી સતી એમ બોલીયાં, હવડાં મા લેશો નામ;
ઘરમાં તે બ્રાહ્મણ જમે છે, વણસે તે સઘળું કામ.

વણસે મારે કામરે, તારા તે એની પેરે બોલીયાં.
વિપ્રને શુદ્ધ આચમન હવાં, પછી સતી તારા ત્યાં ગયાં.

બ્રાહ્મણ સૌ સંતોષીયા, પછી તારા ત્યાંથી જાય;
નયણે તે આંસુ પડે, રૂદન કરે વનમાંય—કુંવર મુખ બોલીયે—ટેક.
રાણી આવીને ઉભી રહી, સતિ ભણે કાંઇ શાપ;
પેરપેર હીંડે પેખતી, મનમાં કરે વિલાપ. કુંવર૦
હંસ ગયો ને વદન હસતું, આતા કહો મને માય;
હું પારણે પોઢાડતી, મુખ ચુંબન દેતી ભાય. કુંવર૦
માડીના માંડણ કુંવર મારા, હું વિદેશે વિશ્રામ;
બોલડા દો રે બાઢવા, તુંને કરાવું પયપાન. કુંવર૦
વાણીને તારી નિર્મળી, શ્રવણ તે પોયણ પાન;
નાસીકા તારી શોભતી, તું કેમ સુતો વન રાન. કુંવર૦

CENTRAL LIBRARY

પાતળી પોળી પીરસતી, અમૃત આંબા ઘોળી:
કનકકચોળે ઘી મેલું, તે તું નાંખી દે કાં ઢોળી. કુંવર૦
ઢોલીએ તળાઇએ પોઢતો, ને ખૂંચતાં પરશેમ;
દોહલાં મારાં નાનડા, તું કેમ પોડયો ભોમ. કુંવર૦
એક દુઃખ છે મુજને સ્વામિ કેરૂં, બીજું પુત્ર થયો પતન;
હઇડું તે ત્યાં ફાટે નહીં, ફટરે ભૂંડા મન. કુંવર૦

સતિ શબ લઇને સાંચરી, કુંવરને દેવા દહન;
અગર ચંદનનાં લાકડાં, તે મોકલ્યાં બાહ્મણ. સતિ શબ૦
ચિતા રચી તે કાષ્ટની, સુવાડયો રોહીતાશ્વ;
સાધવી ત્યાં એકલી, બીજો નહીં કો પાસ. સતિ શબ૦
વિશ્વામિત્ર વેગે ચાલીયો, મેહ વાત સાંભળ આપ;
કહ્યું મારૂં નહીં કરે, તો દઇશ તુજને શાપ. સતિ શબ૦
બારે મેહ તમે જઇને વરસો, વરસો મૂશળધાર;
પૂર જેમ આવે નદી, સત્ય છાંડે જેમ નાર. સતિ શબ૦
બારે મેઘ ત્યાં જઇ ચઢયા, વાયુ વસમા વાય;
પાવકને ત્યાં એલવ્યો, ત્યાં આવ્યા હરિશ્ચન્દ્રરાય. સતિ શબ૦
આવીને ત્યાં બોલીયા, તું કોણ કરે એ કામ;
રીત આપોની રાવલી, જે લાગે મારો દામ. સતિ શબ૦
તારા સતિ ત્યાં બોલીયાં, મારી ગાંઠે નહીં કંઇ દામ;
ચીર અર્ધું આપ્યું ફાડી, એટલે ઠારો કરો કામ. સતિ શબ૦
પછી પૂર ત્યાં આવી નદી, શબ તણાઇ જાય;
અધ બળ્યું સતિએ કાઢીયું, નિશા રહી દેરામાય. સતિ શબ૦
તવ વિશ્વામિત્રે છળ કરી, કીધો એક ઉપાય;
કુંવર રાય ચિત્રસેનનો, ત્યાં હર્યો વિશ્વામિત્ર રાય. સતિ શબ૦
નગર લોક જોવાને ધસમસ્યા, જઇ રહ્યા દેરામાંય;
ત્યાં શબ લઇને સતિ બેઠી, દીઠી દેરાંમાય; સતિ શબ૦
તે સતિ બાંધી પછોવાઇએ, મારતા લાવ્યા કાળ;
રંડા તું શીકોતરી, તે ખાધો મારો બાળ. સતિ શબ૦

સ્વામિજી સતિને બાંધી બંધરે, મારવાને આગળ ઉભી કરીરે;
રાજાજી તેડાવ્યો ઝાંપડો માહારરે, ખડગ લેઇ તે ઉભો રહ્યોરે.

ખડગ લઇ આગળ રહ્યો, ઇસકારી મેલ્યા શ્વાન;
શ્વાન તે સુંઘે નહીં, નહીં લે સતીનું નામ.
અનામિક ઉભો રહ્યો, નહીં મેલે ઉપર ઘાય;
પ્રથમે તે મારૂં ઝાંપડો, બોલ્યો ચિત્રસેનરાય.
વિશ્વામિત્ર વેઢેલો સાંચર્યો, ગયો ઝાંપડાને પાસ;
ઠાકોર તારો મારીયા, તેં સીદ રાખ્યો દાસ.
અનામીક તે ઝાંપડાનો, સ્વામિ કહીએ જેહ;
તેને દયા આવી નારની, હાથના ચાલે તેહ.
હરિશ્ચન્દ્ર વળતા આવીયા, આણીને મનમાં ક્રેશ;
અબળા હું તુજને કહું છું, તુંને આ ઘડી મારેશ.
વળતી તે વિનતા વિનવે, મારે બીજો નથી નરેન્દ્ર;
જેણે પાલવ બાંધીયા, તે સ્મરીયે હરિશ્ચન્દ્ર.
એણી પેરે બોલી અંગના, સ્વામિ સાંસો રખે કરેશ;
તારે હાથે હું જો મરૂં, તો વૈકુંઠવાસ વસેશ.
ઠાકોર કને તે આવીયો એને મારશું અમે શામ;
ખડગ લીધું હાથમાં, એ અમારાં કામ.
પ્રેમદા પેરપેર પ્રીછવે, મારા નાથજી અવિધાર;
આરોગ્ય હશો સ્વામી મારા, તો તમને ઘણી નાર.
જીત્યું ફળ મા હારશો, સ્વામી લગારેકનું કામ;
ચટ દઇ શીર કાપશો, પામશું ઉત્તમ ઠામ.
ખડગ લીધું હાથમાં તવ શીઘ્રે નામ્યું શીશ;
આવીને ઉભા રહ્યા, સમર્થ શ્રી જુગદીશ.
માગ વર હરિશ્ચન્દ્ર રાજા, બોલ્યા વૈકુંઠરાય;
કુંવર તારો તેડને, તુજને દીએ દેખાય.
બોલાવતાં રોહીતાશ્વ આવ્યો હઇએ તે હરખ અપાર;
ચર્ણે લાગ્યો પ્રભુજીને, જય જીવન જુગદાધાર.

2. Narahari.

He wrote the Gita in Samvat 1677. His work shows him to be a deep scholar of Sanskrit.

1. Arjuna's despondency (Gita II)

પૂજું પુષ્પે ચંદને, ભીષ્મ દ્રોણનું તન;
કયમ પ્રહાર કરૂં બાણના, સાંભળિયે મધુસૂદન.
ગુરૂ પિતૃનો વધ કરી, અને ભોગવિયે ભોગ;
તેહ પે ભિક્ષા અતિ ભલી, પણ એહ કૃત્ય કરવું અયોગ્ય.
એટલું હું નથી જાણતો, જે એ શું કરૂં સંગ્રામ;
અશું યુદ્ધ ન કીજીયે, ઇમ નથી જાણતા સ્વામ.
હું જય પરાજય નથી જાણતો, સ્વામી શી ઘો છો મુજ આશ;
એહને વધ કીધા પછે, હોય હમારો નાશ.
કુળનો નાશ કીધા થકી, સ્વામી અમો જીવ્યું કયમ જાય ?
મૂઢ થયું ચિત્ત માહરૂં, ધર્મે કરી યદુરાય.
પૂછું પ્રભુજી તમ પ્રત્યે, કહો મુજ શ્રેયની વાત;
હું શિષ્ય સ્વામી તમતણો, આવ્યો શણે જગ તાત.
યદ્યપિ રાજ્ય ત્રૈલોક્યનું, જો પામું હું ભગવંત;
તો યે મારા દુઃખ તણો, આવે નહિ સ્વામી અંત.
એ દુઃખ રૂપિયે દાવાનળે, ઇન્દ્રિય સકળ સૂકાય;
અર્જુને કૃષ્ણને એમ કહ્યું, એ કૃત્ય મુજથી ન થાય.
ગુડાકેશ કહે વળી વળી, સુણો સુકેશ ગોવ્યંદ;
એ યુદ્ધ તો હું નહિ કરૂં, જ્યાં પ્રૌઢ પાપ સંબંધ.
અણબોલ્યો અર્જુન રહ્યો, અને કરી પ્રતિજ્ઞા એહ;
વળતું કૃષ્ણે જે કહ્યું, સુણે ધૃતરાષ્ટ્ર તું તેહ.
બેહુ સેના વચ્ચે પામતો, અતિ દુઃખ અર્જુન વીર;
તેહ પ્રત્યે એમ બોલિયા, હશીને શ્યામ શરીર.

2. *Yogabhrashta.*

શ્રી ભગવાન ઉવાચ.

અર્જુનના વાયક તે સુણી, વળતું બોલ્યા ત્રિભુવન ધણી;
યોગભ્રષ્ટનો નાશ ન હોય, ઉત્તમ જન્મ તે પામે સોય.

CENTRAL LIBRARY

શુભ કર્મના કરતા જેહ, દુર્ગતિ કયમે ન પામે તેહ:
સદ્ગતિ પામે તે નિર્ધાર, અર્જુન ત્યાં કરવો નહિ વિચાર.
અશ્વમેધાદિક સત્કર્મ જે કરે, તેણે પુણ્યે કરી જ્યાંહાં સંચરે:
યોગભ્રષ્ટ પદ પામે સોય, જ્યાંહાં અનેક દિવ્ય નાના ભોગ હોય.
અલ્પ પુણ્યે જ્યારે હોય અર્જુન, પછે ઇહ લોક આવે તેહ જન;
શુચી શ્રીમંત તણે ઘર તેહ, યોગભ્રષ્ટ ધરે ત્યાંહ દેહ.
જેણે થોડો કાળ યોગ આચર્યો, તેહનો એહ સમાસ કર્યો:
જેણે ઘણો કાળ યોગ અભ્યર્યો, તેહનો માર્ગ કહું સુણ્ય અર્યો.
અથવા જોગીને કુળે તેહ, કે બુદ્ધિવંત ઘરે પામે દેહ;
યોગભ્રષ્ટ અવતરે એણે ઠામ, વળતો ત્યાંથી જાય સ્વધામ.
બુદ્ધિવંત યોગી ધરે અવતાર, તે દુર્લભ પામે એણે સંસાર;
ત્યાંહાં કારણ તે કહે ભગવાન, તે સાંભળજો થઈ સાવધાન.
યોગીને કુળે અવતર્યો જેહ, પૂર્વે યોગ અભ્યાસે વળી તેહ;
ઘણું યત્ન કરતો જેહ જન, તે સમ્યક સિદ્ધ હોય કુરૂનંદન.
પૂર્વાભ્યાસને બળે કરી, યોગી મુક્તિ પદ પામે ફરી:
મુજને જાણવાયોગ આચરે જેહ, શબ્દ બ્રહ્મને અતિ વર્તે તેહ.
યોગ વિષે યત્ન કરે ઘણું, સમગ્ર પાપ જાયે તેહ તણું;
યોગાભ્યાસ કરે જે કોય, પરમ પવિત્ર ચિત્ત જેહનું હોય.
અનેક જન્મને સંસ્કારે કરી, તે આત્મજ્ઞાન પામે કહે હરી;
આત્મજ્ઞાને દિવ્ય ગતિ હોય, પરમ મુક્તિ પદ પામે સોય.

CENTRAL LIBRARY

3 Vallabh (*circa* 1669-1760 A. D.)

Among the many admirers and pupils of Premānand there was none so devoted to the great poet than his eldest son Vallabh. His admiration for his father was almost an obsession with him. It was a religion with him and he expected all the world to have the same veneration for his idol and poured unmeasured scorn and vile abuse upon all the detractors and rivals of the great poet It is said that his father had taught him to regard flattery of any patron as below the dignity of a true poet; and Vallabh followed his father's advice religiously throughout life. He was in want for most of his life, but he never stooped to flatter anybody. So great was his admiration for his father's poetry that he accepted after his death only a complete set of his manuscripts and allowed his younger brother to inherit the remainder of his property.

Premānand had carefully taught his son the art of composing poetry and he was also well-read in Sanskrit and Hindi. By profession Vallabh was a singer and was extraordinarily proud of his profession as well as of his own powers as a poet. Only one poet he regarded as superior to himself and that was his father As poet his language is melodious though he often sacrifices good poetry to laboured artifices of word alliteration and *jeu des mots*. This influence of pedantry is clearly visible in his verses as well as in the various artifices of poetic diction he uses profusely to decorate his verse Very often he uses pure Hindi words and forms and phrases.* On the whole he is the finest of

*E. g. ચાલત ત્યાં થકી ભાળત ના ભીમ; માલતના મન ઝાળત ઝાઝી.
પૂછત દાસ ન સૂઝત ભીમ ન; ઝૂઝત પૈં ઇક રૂચત બાજી.
(દુઃશાસનરુધિરપાન)

Premānand's disciples and occasionally his verses reach the level of true poetry; for instance in the extremely fine description of dawn on the battlefield * he has reached heights really worthy of the son and disciple of Premānd As a depictor of valour he is really good and in spite of his many weaknesses he is still to be ranked as one of the worthy poets of Gujarāt.

His chief works are: દુઃશાસનરુધિરપાન આખ્યાન (1724); કુંતિપ્રસન્નાખ્યાન (1721); યક્ષપ્રશ્નોત્તર (1725); કૃષ્ણવિષ્ટિ †; વલ્લભ ઝગડો; પ્રેમાનંદ કથા; મિત્રધર્માખ્યાન (1754) and યુધિષ્ઠિરવૃકોદરાખ્યાન. ‡

I. From the Prologue of યુધિષ્ઠિરવૃકોદરાખ્યાન.

Premānand and Sādhu Rāmcharan Harihar.

કવિ નામધારી નથી, ભક્ત અમે ભાવાતણા;
ભટકયા ભરતખંડ, દેવી જેવા જગતી.
દેશ જે વિદેશ જોયા, આશ દાસ થવા તણી;
કોડ કહિ પહોંચ્યા નહિ, વાત વાંકી લાગતી.
હિંદુસ્તાન મધ્ય ભાળી, ભાખા તેની ભલી જેહ;
યવનથી ભ્રષ્ટ થઈ, હજી નથી ત્યાગતી.
સારો શબ્દરૂપી નર, ઝડપી લે જોતાં માંહિ;
ભ્રષ્ટ કરે પછી તેને, એમ અનુરાગતી.
કેટલાક દેશ અમે, યાત્રા કરવાને ગયા;
જેવો જોયો એવો અમે, સાર સમજાવિયો.
કોક ભાષા દેવી દીન, મલિન ને માલવની;
કરે માલ વાળી તેને, સાજ શો સજાવિયો !
નવીનતા નડી કેક, ભાષા નાત જાત જોતાં;
પ્રીતિ કેવી પેર થાય ? વિચાર ન આવિયો.

---

* Given below; Selection II. 7 (pp. 28–29)

† Said to have been written as a counterblast to Samal's અંગદ વિષ્ટિ.

‡ The dates are as given by Jhaveri.

CENTRAL LIBRARY

વલ્લભ.

એવે મળી આવ્યા સિદ્ધ, પૃથ્વીમાં પ્રસિદ્ધ પૂરા;
નમી પૂછ્યું તેમને મેં, ભલો ત્યારે ભાવિયો.
નિષ્કલંકી ભાષા કોઈ, બતાવિયે નરવર !
પૂજક હું થાઉં તેનો, વ્યગ્ર મન અતિ છે.
જોઉં નહિ તેમાં દોષ, ગિરવાણ શુદ્ધ ભાળું;
ન કરવાનું નિહાળું, મૂઢ મારી મતિ છે.
ધનવંત જોઈ પૂરો, ધન અર્પવા જવું તે;
હાંસી વિશ્વ મધ્ય થાય, રાઢ એમાં રતિ છે !
ગિરવાણ જેવી નહિ, ઉતરતી એના થકી;
એક પગથિઉં માત્ર, ગૂઢ કેવી ગતિ છે.
યોગિરાજ ઈશ્વરશા, વદ્યા વેણ ત્યારે તતે;
અલ્યા કયી જાત તારી ? પુછ્યું એમ તેમણે.
મેં કહ્યું કે ગૂજરાતી, મૂલ્યવાળો શું શાં વિષે;
શુદ્ધ ભાષા જોવી મારે, મૂલ્ય કર્યું એમણે.
ઉમર મૂકી અને તું, ડુંગર ને પૂજે કેમ ?
ગોદમાંનાં સુત ભૂલે, જાણ્યું નહિ જેહણે.
તારી ભાષા છેજ તેવી, જાણ્યું નવ જરૂર;
વિચારી જો વાર વાર, ગુણથી ઘટે ગણ્યે ?
કોમળતા કમળથી, અધિક દેખાય એમાં;
મધુ સુધા મિષ્ટપણે, હારી હારી જાય છે.
અમલતા એના જેવી, નથી કોઈ ભાષા મધ્ય;
પ્રાચીનપણું તો એનું, મોટેરૂં મનાય છે.
નવરસની નાયકા, સુખદાયકા છે સિદ્ધ;
જાણે નહિ તેહ એના, ખોટા ગુણ ગાય છે.
કડેકણાપણું કે'શે, નથી એની માંહિ રજ;
વીર ગ્રંથ ભાળ્યા નથી, ખત્તા તેણે ખાય છે.
પોતે પોતા કેરી કરે, અથવા પોતાના તણી;
પ્રશંસા તો પેર પેર, તેમાંહિ તે માલ શો ?
પ્રશંસનીય જો પૂરા, તોય નૂર ઘટે તેમાં;
તેણે વધુ બોલુ નહિ, રૂપીયો છે રાળ શો.
ગુર્જર ગિરાની તુલ્ય, ઉર્વીમાં કોઈ નથી;
સર્વ ગુણ સંપન્ન છે, ઉચ્ચાર રસાળ શો ?

CENTRAL LIBRARY

એમ સમજાવી મને, સારે પંથે વાળ્યો સિદ્ધ;
અનુભવે ખરૂં લાગ્યું, હાળ્યો નાના બાળ શો.

II. From દુઃશાસનરુધિરપાન.

1 Personal prologue.

પ્રેમને કે આનંદને, કે પરમાનંદ નમું;
નમું કમું કવિ ભૂષણને, કે પ્રતાપવાનને.
કૃષ્ણ સુત પ્રેમાનંદ કે રામચરણ શિષ્ય;
વેદ પાઠી આગમના, નમું પ્રેમ પાનને.
ચતુરવીશી મણિને, કે માધવ મિત્ર નમું;
રત્નગિરા ગુર્જરને, નમું રૂડા વાનને.
નમું નમું નમું કથું, કયે અંગે નમું જઈ;
વલ્લભ કવીશ તોય, ધારૂં ના એ શાનને.
કામ વીર યુદ્ધ આવ્યો, પુષ્પબાણ સાથે લાવ્યો;
યુદ્ધ વાર વાર કીધું, યોધને હઠાવવા.
ક્રોધ સાથકારી સથ્થ, રક્તવર્ણે ભલ્લ હથ્થ;
માર માર એ ઉચાર, ધારતો લજાવવા.
લોભ પાશ લેઈ ઉભો, જેણે વિધ વિધ દુભ્યો;
મોહ માયા અસિ ગ્રહી, દેતો ના ચલાવવા.
મત્સર આયુધ સર્વ, સજી બેઠો ધરી ગર્વ;
પ્રેમાનંદ વલ્લભનો, ના દેતોજ ફાવવા.
નીતિ નામ નારી સાથ, કામ મારિયો કરાળ;
શાંતિ શાંતિ શાંતિ ભાખી, ક્રોધ મૂળ કાપતો.
અજાચકવ્રત ધારી, લોભને લગાવી લાત;
મોહ મિથ્યા સર્વ માની, વીર્યે તેનું માપતો.
મત્સરને મારી કાઢયો, રીતિ સારી સર્વ ધારી;
વધેર્યા વિના આયુધ, પંચ વીર તાપતો.
આનંદ આનંદ આણી, યાચના કરૂં હું તેથી;
વલ્લભ કવીશ તોય, રાખું એક રાપતો.
શું કરીયે પિતા કે'છે, દુનિયા સૌ ડાહ્યા લે'છે;
કવિ કવિ લોક કે'છે, તેણે સુણવું પડે.

CENTRAL LIBRARY

વલ્લભ.

કે'છે ફૂડાં કામ કરો, લખી લખી નામ ધરો;
ચોરી કરી ચોર કહો, વદો એ શું ના નડે ?*
શીખ દીએ માથું ફૂટી, વાદ વદી બાંધી લીએ;
ડરે ન ડરાવ્યો બાપ, વાદ વદીને વ'ડે.
નાકકહાતણી નાત, વધારવા ધારે આપ;
કવીશ્વર ઈશ્વરશો, વલ્લભ શેણે અડે !
શુક સાર નીતિ ગ્રંથ, માંહી ઉપદેશ કહ્યો;
અમો માનું તેહ બાપ, મનમાન્યું કો બકો.
ચોરી કરી ચોર થાવ, અન્યને કે' આપ થાવ;
બાપ કે'છે ચોરી કરો, બાપ જાણો તે છકયો.
આતો કે'છે ચોરી કરો, ચોરે બેશી ચોર થાવ;
વદો વધો ભલા તમે, ન્યાય રે'શે એ ટકયો ?
અન્યાય ન થાય થાય, જીવ ભલે જાય જાય;
કવીશ્વર વલ્લભ તો, શાહના સજે હકો !
સારૂં સારૂં લેવું તેમાં, ચોરી કહો કયી વિધિ;
કવીશ્વર કાલિદાસ, ચોર શું મનાય છે ?
ભવભૂતિ ભારવી જે, માઘ માઘકારે મોટે;
વ્યાસે કહો વેદ દોહ્યા, ચોર ચોર ગાય છે ?
થાય છે ને થતું આવ્યું, અમારે તે પણ માન્ય;
કિંતુ ચોર ચોરી કરી, માન્યે ચોર થાય છે ?
શું કરીએ બોલી બોલી, છાલાં ફૂટે કશું થાય;
પ્રેમાનંદ માને નહિ, વલ્લભ જે ગાય છે.
વળી વાર વાર વા'લ, આણી આણી આપ્રળે છે;
ગ્રંથ લખી નગ્ર થાવ, એ તે કયાંનો ન્યાય છે.
ગુરૂતા ગુમાવવાનો, મારગ માનીઓ મોડે;
પરીક્ષિત જેવા શ્રોતા, તેવા દાસ થાય છે.
વકતા શુક જેવા નહિ, કહ્યું કાંઈ જાણે નહિ;
લખ્યું લાખ મોટે વણે, શૂન્ય સમજાય છે.

---

*This probably refers to the famous gibe of Sāmal aready referred to See the Introductory notes to Premānand and Visvanāth Jāni (Vol. II, p. 135, footnote and p. 165).

BCU 1559

CENTRAL LIBRARY

ચૂઆ જેમ ચારુ ચીર, અર્થ વિના નાશ કરે;
તેવા અર્ધદગ્ધ શ્રોતા, વકતા વખણાય છે.
કે'છે નમસ્કાર લખો, ખર જેવે સ્વરે ગાય;
ઢાળમાં ઊંચેથી ઢળે, નમું હું ય તેમને !
છંદ દેખી છળી જાય, ભૂત વળગ્યા શું ગાય;
જાતિ પાયતણી માથે, નમો નમો એમને !
વાંચી જાણે ભાખી જાણે, સુણી જાણે તેહ સારા;
ઉચ્છિષ્ટ કવિનું ખાય, નમું તેવા નેમને ?
કક્કડ વલ્લભ નામ, નમે નહિ કામ કામ;
કવીશ્વર ઈશ્વર શો, નમું આપને તને !

2 **The coward and the hero.**

એક માર્ગે દીઠો મીઠો, બોજે કયાંથી બીજો અંધો;
અંધ રાહ દીઠે એક, તેવો જાયે જૂતમાં.
ગાડરાં પૂંઠે પળાય, એક ગયે બીજું જાય;
તેવા માર્ગદર્શી થાય, ડરે ઘણું નૂતમાં
ગાડું માર્ગે એક જાય, ના આડું અવળું થાય;
તેવા મૂર્ખે એક પંથી, ઇતિખાપ બૂતમાં.*
અજાણ્યો ડગલું ભરે, વિચારી વિચારી મરે;
તેમ વલ્લભેશ્વર તો, ખપે શે કપૂતમાં ?
સિંહ વાંકા ટેડો ચાલે, દીઠો રાહ નાજ ભાળે;
વિઘ્ન આવ્યાં વાટ વાળે, ડરે નહિ ભૂતમાં.
શૂરા તેવા પૂરા કરે, અરિ હાથ આવ્યા હરે;
વિચરે ન એક પંથ, ડરે નહિ ભૂતમાં.
યોગીશ્વર પળે પોતે, બીન માર્ગે જોત જોતે;
કોકડું ગૂંચાય ત્યાંથી, તોડે કોડે સૂતમાં.
કવીશ્વરો તેવા હોય, અન્યથા ખવીશ† સોય;
કવીશ્વર પૂત છું હું, સપૂત સપૂતમાં.

3. **Praising Premānand the poet praises himself.**

નામ કાવ્ય રાખી કે'વું, આતો મારે કાવ્ય કાવ્ય;
એતો રૂપ સાકરનું લઈ, કીર્ત્તિ ગાવી છે.

---

* એટલે પ્રતિમામાં (બૂતમાં) નકલ (ઇતિખાપ) રૂપ છે.
† એક જાતનો માથા વિનાનો પ્રેત.

104, 547

CENTRAL LIBRARY

મહા કાવ્ય મહા કાવ્ય, લખ્યાં લખ્યાં મહા કાવ્ય;
મુખથી જણાવે મૂઢ, શોભા તો ગુમાવી છે.
નાટકનાં ચેટક તો, લાગે ખેટક શો થયો;
ભલે દેવગીરા હોય, મહત્તા ગુમાવી છે.
પારસ વિના ઉચ્ચાર, અડકી સુવર્ણે કરે;
મન શીખ એહ ધારી, કવિતા ફૂલાવી છે.
જો વાલ્મીકિ રામાયણ, લખી નામ સાદું રાખ્યું;
તત્વ હતું માંહિ, આદિકાવ્ય તે ઠેરાવી છે.
કૃષ્ણ દ્વૈપાયનનું, ભારત અપાર ભાર;
કવિઓતણો કોઠાર, માળ એ પેરાવી છે.
પૃથીરાજરાસો ચંદ, નામ સાદું લખી ગયો;
તોય કવીશ્વર કથે, મે'લ એ મેરાવી છે.*
માઘ, રઘુ કે કિરાત, કુમારસંભવ કાવ્ય;
મહાકાવ્ય નૈષધ શું, કર્તાએ ઠેરાવી છે ?
નથી નામ રાખ્યાં તેણે, ઉપદેશ્યો એણે વેણે;
વલ્લભે આખ્યાન નામ, દાખ્યું શીખ ભાવી છે.
હશે મણિ પ્રકાશીને, ઓળખ કરશે રૂડી;
મૂડી ક્યાંથી છપી રહે, ડાટી બા'ર આવી છે.
દુઃશાસનનું રુધિરપાન કીધું ભીમ ભડે;
આખ્યાયિકા નામ ધારી, કવિતા બનાવી છે.
કવિ પુત સપુત છું, જાતિ વિપ્ર ઉત્તમ છું;
નામધારી વલ્લભ છું, નિરખ્યું તો ભાવિ છે.

4. Some queer devices of poetics.

(a) Rhyme at both ends (આદ્યંતાનુપ્રાસ)

અકથ્થ સંકુલ યુદ્ધ, લથ્થ બથ્થ કર્યા બુદ્ધ;
નથ્થ નાથી નાક ક્રુદ્ધ, રથ્થ એક શૂર તો.
જથ્થ જેહ હણ્યો શુદ્ધ, કથ્થ ન કરે વિબુદ્ધ;
મથ્થન સેનાબિધ યુદ્ધ, પથ્થ આવી પૂરતો.
સથ્થ પંચ રોકી રુદ્ધ, મથ્થ ભાગતો વિરુદ્ધ;
બથ્થ ભીડી કો અશુદ્ધ, ગથ્થ તજી નૂર તો.

* મેહેરાબી (એટલે મેહરાબો સાથના મેહેલ જેવું સુંદર એ કાવ્ય છે.)

CENTRAL LIBRARY

સથ્થ કોઈના વિશુદ્ધ, હથ્થ દાખવતો ક્રુદ્ધ;
ભથ્થ તીર વલ્લભતો, મથ્થ ન અધૂરતો.

(b) All long vowels. (સર્વ ગુર્વક્ષર). [Every syllable here is long, the metre is વિદ્યુન્માલા]

માનો મારી મોટી ગાથા, બીજી જાણો કોટી કાથા;
શૂરા કેરી સાચી શાખા તેવી મારી સાચી ભાખા.
વાણી માણ મોટી જાણો, ચીરી ચૂરી દાણેદાણો;
કાઢો ઘાણી તેલી તાખા, જૂઠો જાણો પ્રાણી પાખા.
ભીમાર્જુના વીનાશીએ, તાલા મેલીથી નાશીએ;
રૂઠયો રાખ્યો દાખી દાખા, મેલી મોટી ખોટી કાખા.
દાસો, દાસોચ્છવાસોચ્છવાસો, કા'નાથી તો ત્રાસો ત્રાસો;
નાસો નાસો નીધી નાખ્યા, ખાખી વીખી ખાંતે ખાખા.

(c) All short (સર્વ લઘ્વક્ષર) [Every syllable here is short]

કપટ ચપટ ચરુ ઝપટ ઝપટ ભરુ;
કૃષ્ણ મન દુડ મતિ, ગહન દહન મતિ.
ફટ ફટ ફટ નજ, કટ કટ કથનજ,
મન ભર ભર અતિ, જટિલ જરુર જતિ.
ખટ પટ ખટકન, વટ વધ ગપટન;
ધન ધન જદુપતિ, તન મન મુદમતિ.
દપટ દપટ દડિ, નફટ નફટ નડિ;
કવિમણિ મહમતિ, કથું કથું રતિ રતિ.

5 Mush and blood

એ વિધિ નાશ વિનાશ લહી મન;
શોચ કરે હરિ ખડો બડભાગી.
જે ધરિયું પણ* ભીમ મહાભડ;
ખૂન ખૂની બની રે પીઉં રાગી.
દ્રૌપદી દામણી જે કપડી ગહી;
કસ્તુરી લોહી લગાડું વિરાગી.

* પ્રતિજ્ઞા.

CENTRAL LIBRARY

રકતસુ રંગ ધરે અતિ શોણિત;
કસ્તુરી કાળી ન જોડ સુહાગી.
રે ઘડી એક ઘશી ઘશી શોણીત;
લાલી મિટાવી કુદુ કાળપ લાવું.
એમ ગઢી પરતીગન જયાં જન;
જો મુસકાઈ ગયો શું લજાવું!
કણે વસે જમીમાં જવલેાં તવ;
તો પરતીગન વ્યર્થ મનાવું.
રે પરતીગન વ્યર્થ પડે નર;
કે પડશે ભીમ હું પછતાવું.

6 Draupadí incites Bhīm to keep his terrible vow

કૃષ્ણ કહે સખિ કારજ એકજ;
ભીમ હુલાવી ફુલાવી કરી લે.
જે વદિયો કુરૂ કેરી સભા બિચ;
પાન રુધિર તિતુંજ વરી લે.
જગી જશે ઝટ જ સખિ જમની—
આજની, એક મને તિ ધરીલે.
ના રજ ફેર પડે પતિ રીઝવ;
ડારી, વકારી, હકારી, હરી લે.
મત્ત ગયંદ જશો બની મત્તજ;
ઉન્મત્તતા ધરી લોહિજ પીએ.
બોધ કર્યો સખિ માનું મને વર;
છે અડગો, ન ડગે અમિ છીએ.
કણે જશા થકી કંપ ઇને નહિ;
તોય બચાવ કર્યે નવ બી'એ.
હાવ કરો સખી! ભાવ કરો ભલ;
ક્ષવ કરો ખૂન જે વિધ પીએ.

* * * *

દ્રૌપદી શોચત શોચત શિબિર;
આવત એવી તજી ભીમ તંદ્રા.
માનિનિ મંજુલ મોહિનિ સોહિનિ;
કયાં ગઈ સ્વામી ધરી ભર નિદ્રા.

CENTRAL LIBRARY

દુઃશાસનરુધિરપાન.

ચાતક ચિત્ત સુમિત્ત મણીવતી;
કૃષ્ણ સરૂપ મુખાકૃતિ ચંદ્રા.
ચાલ મરાળ સુભાળ વતી ભલ;
વલ્લભ રીજવ કંથ કવીંદ્રા.
તોય ન દ્રૌપદી આવી મળી જવ;
ક્રોધી થઈ તવ ભાખત કૃષ્ણા.
શે ગઈ ક્યાં ગઈ ના ગઈ કો દિન;
શે તજી તારુણી કંથની તૃષ્ણા.
શુષ્ક થયો સમરે દુઃખ વેઠી હું;
તે મન લાવત શે નવ ધૃષ્ણા.
વલ્લભ છે વલભા અલભાવર;
શે ન મળે તજી અન્યત ઘૃષ્ણા.*
તોય ન દ્રૌપદી બોલી, અબોલી;
રહી, તવ રૂઠી ઉભો ભીમ બંકો.
નેણ ચઢ્યાં, ક્રૂર વેણ ઉચારત;
મારત શું ચમકો ધરી લંકો.
જે પરજંક નીચે પગ ધારત;
આવી રિઝાવત ત્યાંહિ અડંકો.
વલ્લભ દુલ્લભ જે અરિને મન;
તેહ મનાવત જે જીત ડંકો.
મૂકી મને વદ વામ ગઈ કંઈ;
કો સખિ વા'લી સખા થકી આજે.
બોલ હવે નવ વાર રતિ કર;
શે મતિ ઉંધી કરી ? રતિ બાજે.
દ્રૌપદી કે' પતિ શે રીસ અંતર;
આવી અતુલીત કો દિન ના જે.
કાજ વિના પ્રિય હું જઉં કે ગઈ;
એવું મને વસતુ ભલ રાજે ?
ભીષણ ભીમ ભણે ભલ ભામિની;
મૂકી મુને ગઇ'તી કંઈ બાળી.

---

* ઈચ્છા.

CENTRAL LIBRARY

વલ્લભ.

બ્રમ અમો દશ વીશ દીધી પણ;
સાંભળી તેં નવ હે મતવાલી.
તે થકી ધારે હું ના તરુણી નજ–
દીક વસો પ્રિય હે રતનાળી,
ઈશ્વર શા કવિ વલ્લભને મન;
વે'મ પડયો તે નિવારણ વા'લી.
કૃષ્ણ સ્વરૂપવતી સખિ કૃષ્ણની;
કૃષ્ણ હૃદે નહિ કૃષ્ણ સ્વરૂપા.
રીઝવતી રમણીક રવે રતિ;
પ્રીતિ સુનીતિથી રીતિ અનૂપા.
હે મમ પ્રાણપતિ પરમેશ્વર;
ઈશ્વર શા ગુણી સાગર કૃપા.
કૃષ્ણ સુપુત્ર તણો કવી પુત્ર હું;
દ્રૌપદી કાજ રિઝાવું સુભૂપા.

* * * *

દ્રૌપદી ચાંપી હૃદે બડ ભાગી;
સુઅંગ સુરાગ સુરાગ લગાડો.
દ્રૌપદી સાવધ હોઈ ગઈ તવ;
માનવું કૃષ્ણનું કીધ બગાડો.
સ્વામિ ભલા પરજંક બિરાજિય;
લાવું સુરાગ હું કામ જગાડો.
વલ્લભ હું વલભા રિઝવું પતિ;
શોક સમૂળ સમૂળ ભગાડો.
ભીમ મહા તુષ ખૂશ બની, પરિ–
યંક પધારત છે રત ઝાઝી.
હાથ ધર્યો સુરંગ સુરંગથી;
અંગ લગાવત શું મત ભાજી.
આ, પ્રિય, કસ્તુરી; આ, પ્રિય, અત્તર;
આજ ગુલાબ તણે જળ રાજી.
લાવું હું અંગ ઉમંગ અથાગથી;
રે સ્મરી, રે સ્મરી, રે પ્રિય, લાજી.

CENTRAL LIBRARY

દુઃશાસનરુધિરપાન

આપ સભા બિચ બોલી ગયાપતિ;
કે સતી દ્રૌપદી અંગ અનેરે.
જે કર દુષ્ટ દુઃશાસનનો અડ–
કયો લવિયો કરે વ્યર્થજ ફેરે.
લોહી ઉનું વદને કરીને પીઉ;
બીઉ નહીં બકરોજ વધેરે.
તે રૂધિરે ખરડાઈ મળું સતી;
તો પતિ ભીમ ભભોજ અનેરે.
ત્યાં વળી આપ બળે થકી તો કથિ–
યા મમ સામું નિહાળી નિહાળી.
આજથી અંગ સુરંગ ન દ્રૌપદી;
લાવીશ લોહી દુઃશાસન ટાળી.
એ પતિ આપ ધર્યું પણ વ્યર્થજ;
જાય હું અંગ સુરંગજ ભાળી.
દાસની દાસ ઉભી તમ આધીન;
વલ્લભ પાણી જશે વદી કાળી.

* * * *

આપ કથો પણ કાલ કરે ખરે;
જો અશૂરા બની ભીમ સુભાથી.
નાર તણા તવ ટેક કશા, પતિ;
નારતિ જો બળ મા'મત હાથી.
છું અબળા પણ ક્ષત્રિણી નંદિની;
વંદિની પાંડવ પત્ની સુપાથી.
આપ તણા હથિયાર ધરી તન;
કાસળ કાઢું કપુતનું કાથી.*
આપતણી પરતીગન સિદ્ધજ
થાય, પતિ, પછી આવું ઉમંગી.
ભેટું ભલી ભલી ભાંતથી ભૂપતિ;
અંગ ઉમંગ થકી ધવ રંગી.

---

* આ વચનો માર્મિક છે; દ્રૌપદી ભીમને એમ કહેવા માંગે છે જે "તમે ચુડીઓ પહેરીને બેસો; હું રણમાં જઈ તમારી પ્રતિજ્ઞાનું પાલન કરીશ".

CENTRAL LIBRARY

આપ જુઓ બળ નારતણું નર;
શું તન કામ કરે હોય જંગી.
વલ્લભ મોહિનીથી હરશા બચી–
યા તવ આપ કશાજ અભંગી.
જ્યાં લગી કણે વસે, પતિ, ભૂબિચ;
ત્યાં લગી તો નવ તણેજ તૂટે.
આજ કરે પરતીગન સત્ય હું;
કાલ કરે ઇમ દિન ન ખૂટે.
આપ જુઓ, પતિ, અર્જુન શા બળી;
કૃષ્ણ જશા શિર હાથથી કૂટે.
વલ્લભ, કણે ઘટોત્કચને હણી;
ગાજી ગયો, પતિ, રાજી અખુટે.
છું અબળા, પતિ જે નબળા;
મતિ હારત, હારત, હારત, હા જે.
છું અકળા અતિ, જે ન કળા પતિ;
જરત, જરત, જરત ઝાઝે.
છું અમળા રતિ, જે ન કળાવતિ;
રંગ સુરંગ સુરંગ સુરાજે.
છું અકળા સતિ જે ન કળા ગતિ;
વલ્લભ, વલ્લભ, વલ્લભ વ્યાજે.

* * * *

જોઉં આવો કેવા નાથ, દુઃશાસન લોહી સાથ;
વધાવું હું જોડી હાથ, રે લાવું અંગ રાગને.
જગાવો જગાવો ક્રોધ, માની માની મારો બોધ;
શોધ લિયો શત્રુ કેરી, રે રચી રણ જાગને.
પે'લો એન મારી આવો, પછે મુને માર્યે ભાવો;
ફોકટ ન આમ ફાવો, રે ભુસો પે'લા ડાઘને.
નિંદુ અબળા હું કોને, વંદુ સબળા હું કોને;
બળા અબળા પરજે, તો નિંદું નિંદું ભાગને.

7. **Dawn on the battlefield.**

મંદ મંદ વાયુ વાય, મંદ મંદ તેજ થાય;
કંદ કંદ કમળના, વૃંદ વૃંદ હાલિયાજ.

CENTRAL LIBRARY

દુઃશાસનરુધિરપાન.

છંદ છંદ છેલ ગાય, ચંદ ચંદ ચાંપ્યું ચા'ય;
ફંદ ફંદ ફોકટ જે, ખંદ ખંદ ખાલિયાજ.
ગંદ ગંદ પાણી થાય, રંદ રંદ ભૃંગ ના'ય;
જંદ જંદ જાગી જાય, ચંદ ચંદ ટાળિયાજ.
બંદ બંદ બંદીજન, દંદ દંદ ધારીમન;
વંદ વંદ કવીશ્વર, છંદ છંદ ઢાળિયાજ.
ઉલૂક ઉડી અપાર સુરજથી ત્રાસી સાર;
નાસતા કાયર તેમ, સુરજ સામુ ભાળતાં.
આદા સીસી ચઢયે જેમ, મૃગપતિ ઇચ્છે ક્ષેમ;
કુરૂપતિ હુઆ તેમ, આનંદ કંદ જાળતાં.
સૂરજથી ચીબડી શું, આંધળી થઇને બેઠી;
પતિવ્રતા પેઠી તેમ, સરવ સુખ ટાળતાં.
વટે જઈ લટી પડી, વાગોળ ઉચું નિહાળી;
અસિ તેવી ઉંધે મત્થ, શૂરને ખંધ ન્યાળતાં.
ગજે સિંહ દુઃખ થકી, તેવા શંખ શૂર વાય;
ચીકારવ હાથી જેવા, કાયરના કહિ કહિ.
પછાડી પછાડી પાદ, ઘર ઘર ઘોટ કરે;
સેનાપતિ સાથ લઈ, ઉચરતા જહિ જહિ.
તેજ ક્ષીણ તરણિથી, પારાવાર પુત્રનું શું;
ગાંધારીની સર્વે જેમ, થાય જાંખા રહિ રહિ.
અમારા બિચારા તાર, નાશ પામ્યા જોતે જોતે;
ભીમની પ્રતિજ્ઞા થકી, એવું સેન જહિ તહિ.
પોયણી બીડાઈ જોઈ, સૂર્યે સનમુખ થાતાં;
દુઃશાસન નારી તેમ, સંકોચાઈ જતી જતી.
કમળની આસ પાસ, ભૃગી ભણ ભણ કરે;
છુટયો જોઈ નાથ ખુશી, તેમ કૃષ્ણ થતી થતી.
કુંજ કુંજ પુંજ પુંજ, ભૃંગ બુલબુલ ગુંજ;
તેની વાહવા' ઉચારે, પાથે પક્ષી અતિ અતિ.
શીતળ ને મંદ વાય, સુગંધિક આવે જાય;
વલ્લભ કવિત ગાય, મન ધારી મતિ મતિ.

CENTRAL LIBRARY

4. Ratnesvar (*circa* 1650-1720 A. D.)

He was a well educated man, but had to fall back for a living upon the profession of a Purāna reciter But there he had to encounter fierce opposition from those already in the field, and sometimes he had to suffer even from physical violence So he had ultimately to migrate from Dabhoi to Kainet on the banks of the Narmadā and there he composed his શ્રીમદ્ ભાગવત દ્વાદશ સ્કંધ. The work was approved by Premānand and soon became so popular that he ventured to return to Dabhoi his native town and his grateful fellow citizens made him the gift of a house. Unfortunately Ratnesvar's sons were so thoroughly stupid that after his death they actually tore up his manuscripts in order to divide them between themselves. One of his sons was even a greater fool and he was persuaded by Ratnesvar's old foes to burn up his share of the valued manuscripts for the use of his father in the other world! He was however prevented from burning them, but he did consign them to water with the funeral libations. Ratnesvar's works are:

(1) ભગવદ્ ગીતા; (2) મૂર્ખલક્ષણાવળી (1714 A. D.); (3) મહિમ્ન સ્તોત્ર; (4) શિશુપાલવધ; (5) ગંગાલહરી; (6) ભાગવત (complete); (7) કામવિલાસ; (8) રાધા કૃષ્ણના મહિના; (9) અશ્વમેધ; (10) લંકાકાંડ; (11) આત્મવિચાર ચંદ્રોદય and (12) વૈરાગ્યલતા of these the first six are translations from Sanskrit

He was a great exponent of the Bhakti school and became very popular with the Vallabhachārya sect and with their chief—the Mahārāj. He is however, wonderfully cosmopolitan in his views; he says that any sort of worship, as long as it is from the heart, would lead to salvation :

CENTRAL LIBRARY

આત્મવિચાર ચંદ્રોદય.

ચન્દ્રના સૂર્યના સેવકો કો થયા;
ભૂમિ નવગ્રહ તણા ભક્ત જાણો.
મૃતકના, માટીના, ઘાટીના, ભાથીના;
હાથીના, વ્યાઘ્રના, મન આણો.
શેખના, ભેખના, મરદના, મેરીના;
ભકત લાખો દઉં શાં પ્રમાણો.
રત્ન કહે યત્નથી ભક્તિ જે દાખવે;
ભાખવે ભિન્ન મુક્તિની માણો.*

I. From આત્મવિચાર ચંદ્રોદય.

1. Man lives forgetting God.

યથા તાર તાણે બલે સ્વણૈકાર;
તથા ગર્ભમાંથી તુને કાઢયો બા'ર.
પછે વિસરી વેદના ગર્ભમાંની;
હરિ ભક્તિ ભૂલો થયો દેહમાની.

લઘુ વયેકરિ બાલક તું થયો, અવશ ઇંદ્રિ મહા દુઃખમાં રહ્યો;
ચરણ પંગુ તથા મુખ મુકતાં, નરક મૂત્ર પચ્યો દિવસો જતાં.
તદુપરાંત તું યૌવનમાં રમ્યો, યુવતિને જનની વચને દમ્યો;
અધમ કામ કર્યાં તનુ પોષવા, ગૃહ અધીન રહ્યો મન શોષવા.
વિષયના સુખને ઘણું ઇચ્છતો, ધન નિમિત્ત વિદેશ ઘણું જતો;
પર અધીન થઇ ધન લાવતો, નિજ કુટુંબને તે ખવરાવતો.
મદભર્યો પરનારી નિહાળતો, નિજ શરીર સ્વરૂપ સમાળતો;
નવ ભજ્યા હરિ યૌવનને મદે, બલ પરાક્રમ ગર્વ ધર્યો હૃદે.
ત્રિશત ખંડિત હાડવડે ઘડયું, અમિત છિદ્રિત ચર્મ વડે મઢયું;
રુધિર માંસ મલાદિ કફે ભર્યું, તનુ તણું અભિમાન ઘણું ધર્યું.
વલી થકો શઠ વૃદ્ધ થયો યદા, વિકલ જર્જર દેહ થયું તદા;
ચરણ પાણી તણી ગતિ ત્યાં ગઈ, નયન કર્ણ વિષે જડતા થઈ.
સુત સુતા વધૂ બંધુ કુટુંબમાં, નવ હવું તુજ કોઈ વિટંબમાં;
સહુતણે મન તું અળખામણો, પડિ રહ્યો ત્યહાં બાર સુગામણો.

* Jhaveri, Milestones, p. 136.

CENTRAL LIBRARY

તપિ મોહ કુટુંબ વિષે ધર્યો, વૃજવિભુવણ શેં નવ ત્યાં સ્મર્યો;
સકલ એહ મળ્યું નિજ કામનું, નરક વારણ નામ શ્રીરામનું.
દિવસ જેહ ગયો હરિ સેવતાં, સફળ તેહ મનુષ્ય શરીર તાં;
અવર ભક્ષ ને મૈથુન સેવવા, પશુતણા અવતાર તે જાણવા.
જનમ કોટી ભમ્યો ભવસિંધુમાં, તદુપરાંત મનુષ્ય સબંધમાં;
અવતરી ન કરી ગતિ દેહમાં, કરવિ જાય સુધારસ તેહમાં.
સકલ શાસ્ત્રતણી ગતિ જે લહે, નિગમ ચારનો નિર્ણય જે કહે;
હરિનિ ભક્તિ વિના નથી અર્થનું, કૃપણને છે શું કારજ ગર્થનું.

લક્ષ્મીપતિ પદસરોજ ભજોરે લોક, મિથ્યા તજો સ્વવનિતા ધનસૂનુ કોક;
એ આપકાજ તવ દાઝ કરે કુટુંબે, કોથી ટળે ન યમદુતતણિ વિટંબે.

ભજ ભજ હરિને અરે અભિમાની, તજ તજરે તરુણી વિલાસ કામી,
હરિ રતિ થકી દુઃખ દૂર જાશે, નિજ મન મધ્ય અપાર મોદ થાશે.

જો તું જનાદેન તણે ચરણેજ લાગે, સંસાર દારુણ દવાનલ દુઃખ ભાંગે;
જે હીન દીન જન શણે ગયેજ રાખે, ત્રૈલોકયનાથ કયમ તો તુજને ન સાંખે.

જેની રે તુજ કાજ કોણ રચના, કીધી કૃપાસાગરે;
ધૂમ જ્યોતિ સમીર વારિ સઘળાં, ટોળે કર્યા શ્રીવરે.
સિંધુથી ગગને ચડાવી ઘનને, વર્ષે અંબુ મધ્યે ભરી;
તે પીતાં જ થયો કૃતઘ્ન કયમ તું, તેને ગયો વિસરી.

2 The lamp of renunciation.

નરતરુ હરિ કીધી વિશ્વવાડી વિશાલી,
ફલ સુકુસુમ ચુંટે ચાલવે કાલ માલી;
તરુવર હરિ કેરાં કો ફલે કોય ફૂલે,
નિરમિત વશ કો ત્યાં ઓગલે કોય ઢલે.
વિષય તિમિર મોટું સર્વકોને ભમાવે,
ભરમિત નર ભૂલા તત્વ દૃષ્ટે ન આવે;
મલિન મનુષ મૂકી ચીરને ચર્મ ચુંથે,
મનુષ જનમ પામી કાં પડયા કર્મ કુંથે.
અધરમ કરી કોને લેખવે કાં ન લેખે,
ગુપત ગણિ કરે છે દેખનારોજ દેખે;

CENTRAL LIBRARY

તરુણિ ભણિ જે વાધ્યા નેટ તે માંસ પોટો;
ભવ તરિ નથિ જાવું દીસતો સંચ ખોટો.
મનમથ શઠ મોટો સર્વદા ચોર જુઠ;
ધરમ પથ પળાતાં લોકની વાટ લુટે.
ભવકૃત ભય જવા એક મોટો ઉપાય;
સકલ કૃત સમર્પિ સેવ વૈકુંઠરાય.
સ્મર નર પલટાશે આજ કે કાલ કાયા;
જલ બુદબુદ જાયા માંડ માયા ભરાયા.
જનમ મરણ મોટી તાહરે પાગ બેડી;
યતન સહિત ઝાલે કાલ રૂપો અહેડી.
મનુષ જનમ પામી કે કશું કામ સીધું;
અભર ઉદર પૂરી અન્ન ઉચ્છિષ્ટ કીધું.
સકલ સુકૃત હારે બુડતો કર્મ ભારે;
સમજ હરિ ભજી લે નાથજી નામ તારે.
પ્રથમ જનક તારા પારણે બાળ ઝુલ્યા;
તનુ ધન મન ભૂલા યૌવને ફોક ફુલ્યા.
અનુક્રમ અટવાયા તે જરા મણે પામી;
ભજ ત્યમ તું પડયો છે હાર મારે હરામી.
કરમ ભુવન ઓથે ઓ રહ્યો કાળ પાપી;
નિરખ નિકટ આવે નાંખશે કંઠ કાપી.
વિષમ વિષય ભક્ષી ઉડશે જીવ પક્ષી;
ભજન તરુ ફળયો છે સત્ય વાડી વળયો છે.
મુકર મુખ નિહાળે શું સમારે સ્વરૂપ;
ગરવ મ કર યંત્રી યંત્ર દેખી અનૂપ.
શઠ તું શિથિલ થાશે રોગમાં ગોડવાશે;
શુભ સ્વર પલટાશે તાહરું માન જાશે.
તનુ ધન મદ માતા અંગના રંગ રાતા;
વિષય પથ પલાતા પામરા પાન ખાતા.
વિપત વશ પડાશે કોય આવે ન પાસે;
ક્ષયવત તનુ જાશે જે પડયા પુંઠ ખાશે.
ગરવિત ચડિ ઘોડે કાં રહ્યો મુછ મોડે;
કપટિ દિવસ થોડે ઓપડયો કાલ ઓડે.

CENTRAL LIBRARY

કટિનટ ગતિ ભંગ રુંધશે રોગ અંગ;
પલિત ગલિત રંગ ભાગિ જાશે ભુજંગ.
ભવસર અતિ મોટું તોય કો દિન ખૂટે;
જલ બુદબુદ ઝાઝા ઉપજે સઘ ફૂટે.
ઝળકિત મલકંતા માંહે માંહે મલંતા;
જનમ મરણ મોટા વાયુ વાટે ટલંતા.
નિશ દિન ભવ મધ્યે શ્યામ ને શ્વેત ચોર;
અનુચર અતિ તેના સાતશે વીશ ઘોર.
સપત ગઢ વિદારી રત્ન આયુષ્ય ચોરે;
અધિપતિ અતિ માયા મૂઢ આધિન ઘોરે.

કામાદિ શક્તિ નિતરાં મન નાશકારી,
જેમાં ચતુર્દશ કવિત્ત કર્યાં વિચારી;
વૈરાગ્યદીપક વિષે મનનો વિલાસ;
રતનેશ્વરે રચિત એ પ્રથમ પ્રકાશ,

કર્મે મૂલ નરનો અવતારતાં, કલ્પ વૃક્ષ પ્રગટયો વિચારતાં;
મધ્ય જેહ સત શાખ શોભતી, બાર બાર લઘુ શાખ લોભતી.
પત્ર ઉદ્યમ અનુપ જેહને, ભકિત મુકિત ફલ બેહુ તેહને;
એક પત્ર સિત સોમ્ય વકત છે, મધ્યનીલ સપવિત્ર રકત છે.
નીલ પત્ર એક કાલ ભાંજતો, કો સમે કલપવૃક્ષ ગાંજતો;
પુષ્પ સર્વથી પરાગ ચાખ રે, જીવ પક્ષિ ફલ ભક્ષ રાખ રે.
કો નથી શઠ કુટુંબ અર્થનું, સર્વ કો સુખ સગું છે ગર્થનું;
પૂર્વ જન્મ કૃત ભોગ દોષતા, પ્રીતિ વૈર શકુ કોઈ પોષતા.
ઊંચ નીચ નર ઈશ્વરે કર્યાં, સર્વ આપ અભિમાનસું ભર્યાં;
જો ન હોત અભિમાન એહતા, કોણ નીચ અવતાર વેહતા.
દુષ્ટ ગોષ્ઠી ગમતી વિષે રહ્યો, સ્ત્રી સમાગમ સુખે કરી ગ્રહ્યો;
સુંદરી વચન વારિમાં વહ્યો, માટે નાથજી ન તેં કદા લહ્યો.
મૂઢ ગૂઢ વિષયો વિષે ગયો, શાસ્ત્રથી અધમ અર્થ શોધવો;
એક આતમપણું વિચારજે, વાધતી તું મદવૃત્તિ વારજે.
કાલબાજ શિર ઉપરે ફરે, જાણતો થઈ અધર્મે કાં કરે;
હાથ દીપ ધરી કૂપ કાં પડે, રત્ન વિક્રય વરાટિકા વડે.
મૂકી મોટમ મનુષ્ય ચાતુરી, આણ અંત હરિ ભકિત જા ત્વરી;

શું થયું સકળ લોક માણતા, થાય સુકૃત સમુહ જાણતા.
કાચ કંકણ સમાન એહનું, કાં કરે તું અભિમાન તેહનું;
આજ કાલ અધુનાજ ભાગશે, જીવ જેત નિજ ઠામ લાગશે.
તેડશે ધરમરાજ તેહને, કોણ રક્ષણ કરેછ દેહને;
એક મધ્ય પદ એક ઉભરે, એમ જે જગત ઝાંખતાં મરે.
ગેહ વાજી ગજરાજ ગાજતા, સંપદા સકલરૂપ રાજતા;
જે જહાં વિષય તે તહાં રહ્યા, તેહ દેહ તજી દેખતાં ગયા.
જેહનું યતન કૃષ્ણજી કરે, તેહને કવણ ઉદ્ધરતાં હરે;
તું થકી અધમ અર્થ શો સરે, ધૂમ બાચકાં વિચારી કાં ભરે.
જેટલું નિમિત્ત તાહરું હશે, તે કદાપિ નવ કોયનું થશે;
અન્યનું અલપ તાહરું નથી, ખેદ ટાળી ખલ વેદજે કથી.

શાને તું અદ્ભુત ભીતિ મનમાં આણે રીપુરાયની,
ચિંતા શી શઠ કાળની અધમ જે આશા નથી આજની;
તું કેતે મરશે કે બુદ્ધિ ફરશે સંયોગ ભાંગી જશે,
ચિંતા પણે કુટિ તે પાધરિ પડી વંટોલ ઉડી જશે.

દુર્ભાગ્ય ભાજન સનાતન સ્નેહ સાધ્યો,
વૈરાગ્ય દીપક સુસંગતિ વૃત્ત બાંધ્યો;
સંસાર મંદિર વિમોહ થશે વિનાશ,
રત્નેશ્વરે રચિત એ દ્વિતીય પ્રકાશ.

યુગ કોટિ જીવ તુજનેજ થયા, મદ મોહ મત્સર ભર્યા તે ગયા;
સ્પરશી વલ્યો સકલ લોક વિષે, નવ તૃપ્ત ચિત્ત થયું તો નિમિષે.
અવતાર લીધ બહુ સ્થાવરમાં, પશુ પક્ષિ કીટ નરકી નરમાં;
બહુવાર સ્વર્ગે સુખમાં વિલસ્યો, તદપી ન અર્થ ઉર્યો તે કશો.
કંઇ કાલ રંક નર છત્રપતિ, ગજરાજ વાજિ સુખ નારિ રતી;
સુખ ભોગવ્યાં સુકૃત શીશ સટે, દુઃખ ભોગવ્યા દુકૃત દેશ વટે.
જઠરાગ્નિયે જઠર જોર દમ્યો, બહુ મેરુ તુલ્ય અતિ ભક્ષ જમ્યો;
જલ સપ્ત સાગર સમાન ચમ્યો, નહી તોયે પેટ જઠરાગ્નિ જમ્યો.
અભિમાન મુક ધન મંદિરનું, ત્યજિ માન ધ્યાન ધર તું હરિનું;
વિલપે જશે સુખ સમુદ્ર સહી, નૃપસંપદા નવ કદાપિ રહી.
કંઇ કાલ તું સુત થયો ને પિતા, ફરિ તેહનું જનક એમ થતા;

કઇ કાલ સેજ સુખ સંગમતા, કઇ કાલ દેહ દુઃખ રૂપ ચિતા.
કઈ કાલ અમૃત આહાર ગળ્યા, કઇ કાલ રુક્ષ રસહીન મલ્યા;
સુકુમાર યત્ર નવ હાર સહ્યો, કઈ કાલ તેહ શિર ભાર વહ્યો.
કઇ કાલ અંબર અનૂપ ધર્યા, કઇ કાલ જીર્ણ બહુ ખંડ ભર્યા;
કઈ કાલ તીક્ષણ તુરંગ પળ્યો, કઇ કાલ પાદતલથી તું ચળ્યો.
બહુવાર દુઃખ સુખ ત્યાં પ્રગટી, અવતાર કુપ ન રહંત ઘટી;
અધ ઉર્ધ લોક ભવમાં ભટકયો, કઈ કાલ માલ બલથી ન ટકયો.
શઠ શું કરે તું તરુણી તરુણી, ધરુણી વિકાર મલની ઝરણી;
મનુજ અવતાર કરવી કરણી, હરિભકિત મુકિત પદવી શરણી,
કઇ કાલ ભુષણ સુવસ્ત્ર ધરી, સુતનો વિવાહ મન હર્ષ ભરી;
કઇ કાલ નેત્રજલ ધાર વહી, તુજને રડે તનય તાત કહી.
સુખ ભોગવે રહસિ રત્ન વસી, કઇ કાલ નારિ નરસું વિલસી;
કઈ કાલ ભગ્ન રથ ભુમિ પડી, કહે દૈવ દૈવ દુઃખ સંઘ રડી.
કઇ કાલ શાંતિક પ્રિયા પરણી, કઇ કાલ સુતક ક્રિયા કરણી;
ઇમ હર્ષ શોક નરને નિરમ્યા, પણ કોણ દુસ્તર ભવે વિરમ્યા.

અજ્ઞાન આચરિત વસ્તુ વિલાસકારી,
જેમાં ત્રયોદશ કવિત્ત કર્યો વિચારી;
વૈરાગ્ય દિપક વિષે મનનો વિલાસ,
રત્નેશ્વરે રચિત એ તૃતિય પ્રકાશ.

સંસાર માંહ્ય હરિયે કરિ મૃત્યુ ઘાણી,
પીલાય તે વિચ પડયા લઘુ દીર્ઘ પ્રાણી;
જેરુદ્ર નિમિત્ત ધરિ અંતક આપ હાકે,
તે તાણતે વૃષભ કાલ કયમે ન થાકે.
સંહારકારિ હરિ વિશ્વ સમસ્ત નાંખે,
જે વાતમાં અધમ ઉત્તમને ન સાંખે;
પીલાય કોઇ કોઇને સ્થિત હાથ ઝાલી,
ઉભા અજાણ જન કોપર દષ્ટિ ઘાલી.
સંસાર રૂપ તરુ જીવ ફલે ભર્યો છે,
કૃષ્ણેજ કાલ રખવાળ કરી ધર્યો છે;
કોયેક મોર ફલ ફુલ રસે જડંતાં,
કો ત્યાં અપકવ વળી પકવ થઇ પડંતાં.

CENTRAL LIBRARY

જે બાલને અવર આળ કરે વગોતાં,
માતા પિતા પ્રબલ વિહ્વલ ચિત્ત હોતાં;
તે બાલને મલિન કાલ હરે સ્વજોતાં,
દેખી વિટંબ રહે સર્વ કુટુંબ રોતાં.
મોટી કુટુંબમય શૃંખલ કંઠ બાંધી,
મર્યાદરૂપ બહુ સ્થંભ સમીજ સાંધી;
જો આ રહ્યો જગતને દુઃખ દેવ દે છે,
પાસે પડયા જન ઘણા ઘણુ માર સહે છે.
સુપ્રેમિ વિશ્વજન પુત્ર કલત્ર કહાવે,
જેને વિયોગ જનને નહીં અન્ન ભાવે;
તેનો યદા મરણ કાલ વિયોગ હોય,
તે ટાળવા જગતમાં ન સમર્થ કોય.
જે સાથ હાથ કરિ લોચન લોલ જોડે,
દેહાભિમાન વશ આળસ અંગ મોડે;
એ સર્વ તો દિવસ ચારતણુંજ જોણું,
દેખી શકાય દિન રાતતણું વગોણું.
આશ્ચર્ય ચક્ર અહીં કાલ તણું ફરે છે,
સંસારિ સર્વ જન નાશ સદા કરે છે;
તેણે અપાર સુખ દુઃખ સમારિ ધાર,
વીરા ફરિ ફરિ કરે નહીં તું વિચાર.
કાયા કુટુંબ ધન અંબર સાર જાયા,
પુત્રો તુરંગ ગજ મંદિર સર્વ માયા;
એ સર્વ રાલગિ જયારલગિ તું જીવે;
જો અંધને કવણ કાજ પ્રકાશ દીવે.
સિંધુ નદી નગર મંદિર મેરુ ધાન,
એ સર્વ તારું નથી અણુ માત્ર માન;
પોતાપણું જહિં લગી વચનેજ આંકે,
જો નેત્રની પલક પર્વત પ્રૌઢ ઢાંકે.
કાયા સ્વરૂપ મહા કુંજર સત્ય ભાખે,
તે હસ્તિને કરમ માવત હાથ રાખે;
અંબાડીયે અખિલ ઈશ્વર આપ બેઠો,
ક્રીડા કરે નર વપુ ઘટ મધ્ય પેઠો.

CENTRAL LIBRARY

રતનેશ્વર.

માયા તે જાલ મન પ્રાલ કુરંગ કાયા,
જાયાદિ દાવ મદ લોભ શવાન લાયા;
સંસાર રૂપ મહા પારધિ પૂંઠ ધાયો,
કાલે ફલાંગ કર જાઇશ કે સમાયો.

નાના બાલક અન્ન અન્ન કરતા ખાતા ન ધ્રાતા કયમે,
ભુખ્યા ભોગતણા રમત્ત રસમાં કાલે ગ્રસાતા ગયા;
કાલે ભક્ષ કર્યા મહામદ ભર્યા હું હું કરતા હર્યા,
જેવા મૂષક યુદ્ધ મધ્ય રમતા માર્જાર મારે યથા.

સંસાર પર્વત પરાભવ ભુરિભંગ, કીધાં કવિત્ત દશચાર સુભક્તિ રંગ
રતનેશ્વરે અખિલ અંતર્યામિ અંગ, વૈરાગ્ય સાગર વિષે પ્રથમ સ્તરંગ.

II From રાધાકૃષ્ણના મહિના.

મદન કટક આવી, ઉતર્યા ઠામ ઠામ;
રતિ પતિ રણ ઝૂઝે, પેર એકે ન સૂઝે.
હરિ મધુપુરભૂપ, કોટી કંદર્પ રૂપ;
મુજ ભુવન પધારો, કામને કોટી વારો.

શ્રાવણ માસ સોહામણો, ઘણું વર્ષે મેહ;
નેહ ન રાખો નાથજી, મુને દીધો છેહ.
શ્યામ ઘટા મધ્ય ઉડતી, બગલાની રે પાંખ;
ઉપર મુક્તાસર શોભે, કેશવની કાંત.
હરિ તૃણચર હર્ષે ભર્યા, સુરભિ અભિરામ;
શ્યામ વિના શોભે નહિ, સારૂં ગોકુળ ગામ.
હું તો ઝુલું દોરી હીરની, ઝાળી હિંદોળા માંય;
ફરતાં ફરકે ફૂમતાં, ઝુમતાં મ સોય.

સુણ ઘન મુજ વાણી, વર્ષતાં રાખ પાણી,
ક્ષણ ઈક થિર રેની, કૃષ્ણની વાત કેની;
મધુપુર થકી આવ્યો, શો સમાચાર લાવ્યો,
મધુરી મુરલી મીઠી, કૃષ્ણજી ક્યાંય દીઠી?

CENTRAL LIBRARY

રાધા કૃષ્ણના મહિના.

ભાદરવો ભર વર્ષતો, ભર યૌવન બાળ;
પ્રેમ સરોવર પિયુ વિના, કોણ બાંધે પાળ.
તરૂવર વનચર ભીજતાં, ભીજે પંથી બ્હાર;
ભીજે કસુંબની ચુંદડી, આંખે આંસુધાર.
ઘોર ઘટા ઘન દામની, દેખાડે રે વાટ;
પીઠથકી જળ ઉતર્યાં, નદી લોપે ઘાટ.
હરિને ઓઢણ કામળી, આમળિયા રે વાળ;
આ દિસે હરિ આવતા, મારે ઘેર ગોપાળ.

તન મન ધન મારો, વિજળી વીર તારો;
મધુપુર જઇ માગે, પેર મારી ન જાગે.
ક્ષણ ઇક સુખ દીધું, તાહરી પેર કીધું.
ચમક ચપળ બાઇ, શીખવ્યા તેજ ભાઇ.

અશ્વિન હરિ આવ્યા નહિ, સહિયર શા માટ;
ઘાટ થયો સરિતા સમી, વસમી નહીં વાટ.
નવરાત્રી ગરબે રમે, ન ગમે મુને ખેદ;
છેદ પડયા ગરબા જશા, મારે મન વેધ.
બાળિકા પૂજે કાળિકા, શમી પૂજે લોક;
વિઠ્ઠલ વિના વિજયા કશી, મારે મન ફોક.
સખિ પુનેમચંદ આનંદ શો, વિના નંદ કુમાર;
માણકઠારી જો માવજી, મારે ઘર બાર.

પલ ન પલક લાગી, રાધિકા રાત જાગી;
વિરહ દુઃખ વિભાગી, નારમાં વાત વાગી.
ભવન ભવન ભોળી, નીસરી નાર ટોળી;
સજળ નયન પૂછે, પ્રેમની વાત શું છે ?

કાર્ત્તિકે કહે કામની, કયમ રાખુંજી ધિર;
નીર નવાણે પાલટયાં, ન મળ્યા યદુવીર.
પાંચ દિવસ દીવાળિકા, દીપે દીપક હાર;
હરિ વિણ મન હિસે નહિ, ધરતાં શણગાર.
ઉચા તે મંદિર માળિયાં, જાળિયે રહી જોઉં;
પંથ નિહાળું નાથનો, ભરી લોચન લોઉં.

CENTRAL LIBRARY

રતનેશ્વર

શકુન કરે મારે આંગણે, ઉડી બેઠો કાગ;
એની ચંચ મઢાવું કંચને, પરવાળીએ પાગ.
એવી વિલપે રાધિકા, જાણ્યું જાદવ નંદ;
આનંદ પામી અંગથી, આવ્યા ગોકુળ ચંદ.
વૈષ્ણવ લોક વિરાજતા, દર્ભાવતી વાસ;
મધ સુત રત્નેશ્વરે, રચ્યા દ્વાદશ માસ.

હરિ મધુપુર આવે, નાર મોતી વધાવે;
રસ બસ થઇ રાધી, ભાંજતી ભોગ વ્યાધિ.
ઘર ઘર થકી ગોપી, નીસરી લાજ લોપી;
નખશિખજ નિહાળે, આરતીને ઉતારે.

CENTRAL LIBRARY

5. Haridas. (*circa* 1640–1700 A. D.)

He was a steward in Premānand's household. Constant association with the poet led him to write poetry. His main works are **સીતાવિરહ, શામળશાહનો વિવાહ, નરસિંહ મહેતાના બાપનું શ્રાદ્ધ** and **ભારતસાહ**. The second named work is perhaps the best known, but it has been published under the name of Adhārbhatt. Some critics accuse the latter of pilfering a popular work but Jhaveri with greater probability suggests that the work was presented to Adhārbhatt by the poet.

From **શામળશાહનો વિવાહ**.

સ્વામિ નરસિંહ મહેતો હર્ખે ઘણું;
જગજીવન સાથે જાનમાંહે, સ્વામિ પોતે.
મહેતો જાન માંહે જાયરે,
તેહેને થાય માર્ગમાં શુકન ભલ ભલારે.

થાય શુકન તે અતિ ભલા, તે સુનો શ્રોતા જન;
સુંદરી કુંકમ કુંભે, પૂરણ વદન પ્રસન્ન.
શ્રીફળ મૂકયું કુંભ ઉપર, વંદના સહુ સાથ;
મહેતો કહે મહારે શુકન શા જોવા, સાથે વૈકુંઠ નાથ.
જૂનેગઢથી સાંચર્યા, શોભાતણો નહિ પાર;
તેર દિવસ જઇ પોહોંત્યા, વડનગર મોઝાર.
વધામણિયા વેગે આવ્યા, મદન મહેતો જાંહે;
મહારાજ તારી જાન આવી, રહી વાડી માંહે.
વજીર મહારાજા તણો, તે વદે મુખથી વાત;
કહો જાનનું શું માન છે, ને કવણ મહેતા સાથ.
વધામણિયા વદે વળતા, જાનનો બહુ સાથ
મદન મહેતા સાંભળો, તે વિસ્તારી કહું વાત.
ગજ ચોક આગળ મદગલિત છે, પાંચ પરમ નિસાંન;
સુખપાલ સાથે ચાર કુંતલ, સબળ શોભા જાન.
ત્રીશ ઉપર ત્રણસેં રથ, વીશ બે તોખાર;
પાલા શત બંધુક કરમાં, સબળ ને ઝંઝાર.

CENTRAL LIBRARY

નગારાંની જોડ ઉઠે, ગડગડે બહુ પેર;
જૂનાગઢમાં મદન મહેતા, નવ રહ્યું કો ઘેર.
નાગરના અધિપતિ જાને, અવર બીજો સાથ;
સહુ કુટુમ્બ નાત નાગર, શી વખાણું વાત.
વાટ ઘાટે જાંહાં વાસો, રહે મહેતા જાન;
તે સ્થાનક ભજે તેમ, શું લોક તેજ નિધાન.
બજાર સાથે વિવિધ મેવા, વસ્તુનો નહિ પાર;
નથી નિરખી સાંભળી, એવી જાન છે નિર્ધાર.
મદન મહેતે વધામણીયા, સંતોષ્યા બહુ પેર;
સાહામા જવા હર્ષે સાથે, તેડાં દીધાં ઘેર ઘેર.
કેશર ઘોળી તૈયાર કીધાં, શ્રીફળ ફોફલ જેહ:
તેલ પાન સુગન્ધ સોંઘા, કર્યાં તત્પર તેહ.
વહેવારીયા ધનવંત મોટા, અવર મિત્ર જે હોય;
મદન મહેતા તણી સાથે, સાહામા ગયા સહુ કોય.
સુખપાલ મેગલ શોભતા, શોભા તણો નહિ પાર;
વાજંત્ર નાહાના વિધનાં, તાંહાં થઇ રહ્યો ઘમકાર.
ત્યારે મદન મહેતે જાન નિરખી, સબળ છે શોભાય;
વહેવાઇને મહેતો મળ્યા, ઉલટ અંગ ન માય.
પ્રણામ કીધા મદન મહેતે, અવર બીજો સાથ;
તેલ પાન સુગન્ધ શ્રીફળ દેઇ, સંતોષ્યા ભલી ભાત.
નરસિંહ મહેતે પ્રભુ પૂજ્યા, પ્રેમશું પરિબ્રહ્મ;
અંત્રિખ માર્ગે રહ્યા છે, તે કો ન જાણે મર્મ.
પ્રણીપત સબળી થઇ રહી, વહેવાઇને બહુ માન;
પરમ શોભા સહિત આવે, નગર મધ્યે જાન.
ઉતારા આપ્યા ભલા મંદિર, મહા મનોહર સાર;
હરિભકત આવી ઉતર્યાં, હવો જય જયકાર.
ત્યારે મદન મહેતો આજ્ઞા લેઇને, શીઘ્રે મારગ જાય;
સામગ્રી પુંઠે થઇ જે, થશે પ્રભાતે વિહવાય.

પ્રભાતે વિવાહ થશે જે, હર્ષે મનમાંહાં અતિ ઘણો;
આધારભક્ત કહે શ્રોતાજન, સહુ ભાવ સાથે હરિ ભણો.

6 Dhandas

He has written two short poems **ભક્તગીતા** and **અર્જુનગીતા**. He was a native of Dhandhuka.

અર્જુનગીતા.

શ્રીગુરુ પ્રતાપે ગાઇએ, કિરપા તે સાધુ જંન;
પવિત્ર મારો આતમા, મારું મંન ને અર્જન.
અર્જુન સુણો ગીતા સાર, પાંડવ માનજો નિર્ધાર. ટેક.
અર્જુને એમ જ પુછિયું, સાંભળો વૈકુંઠ રાય;
એક સાર ગીતા કહો મને, નિજ ભક્તનો મહિમાય. અર્જુન૦
ત્યારે શ્રીહરિ એમ ઓચર્યાં, અર્જુન ધરજો મંન;
એ સાર ગીતા સાંભળે, અવતાર તેનો ધન્ય. અર્જુન૦
ચૌદ લોક તે વશ માહરે, બ્રહ્માંડ કેરો ભાર;
પણ ધન્ય મારા દાસને, રાખે હૃદય મોઝાર. અર્જુન૦
જલ મધ્યે જે છે પદ્મ, તેને સ્પર્શે નહીં લગાર;
તે ચિહ્ન મારા ભક્તનું, વળગે ન વિષય વિકાર. અર્જુન૦
સંસારસું સરસો રહે, ને મંન મારી પાસ;
સંસારમાં લેપાય નહિ, તે જાણ મારો દાસ. અર્જુન૦
મુજ ભક્ત તે મુજને ભજે, હૈયે હોય હેત હંમેશ;
તો ભક્ત તેને જાણિયે, જે કરે ન કોઇનો દ્વેશ. અર્જુન૦
કર માંહી તુળસી, કર્ણે તુલસી, કંઠે તુલસીહાર;
બહુ તિલક છાપાં શોભતાં, મુજ ભક્તનો શણગાર. અર્જુન૦
મારા સાધુને જાણે નહીં, પાખંડ પૂજે લોક;
જે દંભ આડંબર કરે, તે જાણું સર્વે ફોક. અર્જુન૦
ઉત્તમ વર્ણે થઈ નહિ ભજે, ચાંડાલ કહિએ તેહ;
ચાંડાલ થઇ મુજને ભજે, તે જાણ મારી દેહ. અર્જુન૦
મુજ ભક્ત કેરે કારણે, અવતાર લીધા દશ;
હું નિરંજન ને નિરાકૃતિ, મને ભક્તે કીધો વશ. અર્જુન૦
વળી દેવ કેરે કારણે, ગયો વસમે વંન;
રાવણ મારી ને રાજ્ય આપ્યું, વિભીષણ રાજંન. અર્જુન૦
દુર્વાસા ઋષિયે દુભિયો, મુજ આતમા અંબરીખ;
ભય ચક્ર મેલી છેદિયો, મેં ભલી લગાડી શીખ. અર્જુન૦

બલિરાયને મેં બાંધિયો, દેવોની કીધી સાર;
પાતાલ આપ્યું રાયને, ત્યાં હું રહ્યો છડીદાર. અર્જુન૦
ગોકુલ વિષે હું અવતર્યો, શિર પીંછ ધરતો મોર;
ખાતો હું માખણ તસ્કરી, જુગમાં કહેવાયો ચોર. અર્જુન૦
મા જશોદાએ બાંધિયો, હું જોડી ઊભો હાથ;
હું દીન થયો તે દાસનો, ચૌદભૂવનનો નાથ. અર્જુન૦
વળી ઇંદ્ર જ્યારે કોપિયો, ત્યારે કોઇ ન આવ્યું આડ;
ગોકુળ રાખ્યું રેલતું, ગોપી લડાવ્યાં લાડ. અર્જુન૦
સોળસે સ્ત્રીઓમાં રમ્યો, મારો કોઇ ન જાણે ભેદ;
મારા ભકત કેરે કારણે, મને કહે લંપટ વેદ. અર્જુન૦
વિરંચી વાછરુ હરી ગયો, તે ફરી ગયો જ અધર્મે;
હું નવાં નિપજાવી લાવિયો, મારો કોઇ ન જાણે મર્મે. અર્જુન૦
મામાને હું મળવા ગયો, ત્યાં મળી કુબ્જા નાર;
થોડાક ચંદન કારણે, મેં આપ્યું રૂપ અપાર. અર્જુન૦
વળી પ્રથમ પોળે પેસતાં, પરીયટે દીધી ગાળ;
મેં મારીને વસ્તર લીધા, સોહાવિયા ગોવાળ અર્જુન૦
વળી ત્યાંથી આગળ ચાલતાં, માલણ લાવી હાર;
મેં અર્થ સાધ્યો એહનો, આપ્યા પદારથ ચાર. અર્જુન૦
વળી માર્ગમાં નાપિક મળ્યો, ને આપ્યું દર્પણ હાથ;
પૂર્યા મનોરથ તે તણા, મેં રાખ્યો મારી સાથ. અર્જુન૦
સમ્બન્ધી જનને જે હણે, ચાંડાલનો તે અંશ;
મારા ભકત કેરે કારણે, મેં માર્યો મામો કંશ. અર્જુન૦
મેં સુદામાને સંતોષિયો, કાંગના કણને કાજ;
સંપત્તિ આપી તેહને, નવનિદ્ધ સુદ્ધાં રાજ. અર્જુન૦
એક વાર વિદુર ઘેરે જઇ, આરોગી ભાજી પાન;
મેં લાડ પાળ્યાં દાસનાં, રાજાનાં મોડયાં માન. અર્જુન૦
કૌરવનું કુળ સંહારિયું, મેં સાર્યો તારો અર્થ;
હું ચૌદ ભુવનનો રાજિયો, મેં હાંકયો તારો રથ. અર્જુન૦
એક વાર વનમાં હું ગયો, ત્યાં વન હતું ઘનઘોર;
મેં ભાવ જોયો ભીલડીનો, ખાધાં તે એઠાં બોર. અર્જુન૦
અમે ઘણા મળી ગોવાળિયા, રમતા ગયા મહા વંન;
બહુ ભાવ જોઇ ઋષિ નારના, અમે જૂઠી લીધાં અન્ન. અર્જુન૦

CENTRAL LIBRARY

પ્રહલાદ પિતુએ પરભવ્યો, મેં થંભ પૂર્યો વાસ,
તે દુષ્ટને વિદારિયો, ઉગારી લીધો દાસ. અર્જુન૦
વળી ધ્રુવને દુઃખ પમાડિયો, ને કાઢિયો વનવાસ;
તે બાળકે મને વશ કર્યો, ધન્ય ધન્ય મારો દાસ. અર્જુન૦
ચંદ્રહાસ ને હરિચંદ્ર, રાજા ભકત મારા તેહ;
પડે વિપત્તિ પણ નહિ વિસરે, મૂજ મુકુટના મણિ એહ. અર્જુન૦
જ્યારે સુધન્વાને નાંખ્યો, તાતે તેલ બળતી ઝાળ;
મારા દાસને ઉગાર્યો, સંભારતાં તત્કાળ. અર્જુન૦
દ્રૌપદીનાં પટકુળ કાઢિયાં, હું પાસ નહિ તે કાલ;
મારા દાસને વેળા પડી, ત્યારે તુરત કરી સંભાલ. અર્જુન૦
પાંચાલીને જ્યાં પરભવી, પાસે હતા પંચ વીર;
મારા દાસને મેં પૂરિયાં, નવસે નવાણું ચીર. અર્જુન૦
એક કોળીએ કૌતુક કીધું, ને લીધું મારું રૂપ;
રાજાની કન્યા પરભવી, પરદળ કોપ્યો ભૂપ, અર્જુન૦
મે ત્યાં જઇને શું કર્યું, મારું તેજ મૂકયું માંય;
પરદળનો પરાજય કર્યો, મારું બિરદ પાળ્યું ત્યાંય. અર્જુન૦
અજામેલ મહા પાતકી, મામિકી ગુણિકા જેહ;
જે સ્મરણે કરતાં માહરું, વૈકુંઠ પામ્યાં તેહ. અર્જુન૦
ગજરાજને ગ્રાહે ગ્રહ્યો, ત્યાં લીધું મારું નામ;
ત્યાં એક કરતાં બેઉનાં, અર્જુન સીધ્યાં કામ. અર્જુન૦
હુંમાં ને મારા ભકતમાં, અંતર ન કોય લગાર;
મુજ ભકતને ઓળખે નહીં, તે ભૂલી ભમે સંસાર. અર્જુન૦
મારા ભક્ત સુખી તો હું સુખી, દુઃખી તો દુઃખી હું જાણ;
મારા ભકતને કોઈ પરાભવે, તો મને લાગે બાણ. અર્જુન૦
છે સ્વર્ગે મૃત્યુ પાતાલમાં, જલ થલ મહીં મૂજ વાસ;
સુણ ઇંદ્રસુત તુજને કહું, હું થકી અદકો દાસ અર્જુન૦
હું જોગે યજ્ઞે નહિ મળું, નહિ તપ તીરથ કે દાન;
અર્જુન મહિમા જાણજો, મારું ભક્તિથી છે જ્ઞાન. અર્જુન૦
હું ભકતની સંગે ફરું, મને ભકતનો આધાર;
અર્જુન મહિમા જાણજો, કહેતાં ન આવે પાર. અર્જુન૦
હરિભકત મહિમા સુણી અર્જુન, પામ્યો હરખ અપાર;
મૂર્ચ્છિત થઇ અવની પડયો, નેત્રે વહે જલધાર. અર્જુન૦

CENTRAL LIBRARY

આ ગીતાને જે અનુભવે, જે ગાય નર ને નાર;
અર્જુન એવું જાણજો, તે પામે પદ નિરધાર. અર્જુન૦
એ ભકત મહિમા માહરો, કોને કહ્યે નવ જાય;
જેનું ભાગ્ય હોય તે અનુભવે, ધનદાસ ગીતા ગાય. અર્જુન૦

CENTRAL LIBRARY

EIGHTEENTH CENTURY.

1. Vallabh Bhatt
2. Dvārako
3. Bhāndās
4. Kalidās of Vasāvad
5 Pritamdās
6. Sivānand
7. Narbherām
8 Govindrām
9. Udayaratna
10. Ratno
11. Jivrām Bhatt
12. Mādhavdās

CENTRAL LIBRARY

1. Vallabh Bhatt (*circa* 1680-1750 A. D.)

He was among the first of the poets of Gujarat to compose *Garbās*. These are songs sung during the Durga Pūja—the Navarātra—by women (and often by men as well) who dance round in a circle with rhythmical clapping of the hands and beating time with the feet. These *Garbās* are chiefly associated with the worship of Kālī (or Ambā) the chief Goddess of Gujarāt. Kali in these is invariably the protecting and loving mother, never the destroyer. The *Garbās* have developed considerably in later times and these songs and dances form at the present day a regular feature of all good girls' schools of Gujarat.

Vallabh has also written *Garbās* on other subjects, Krishna worship, the social and other conditions of his times. They form a very interesting picture of the conditions of life in his days and we also have a contemporary account of the terrible famine of 1731 A. D.*

As a poet Vallabh Bhatt does not rank particularly high. The *Garbās* naturally form dreary reading because the rythmical dance has to be repeated at the end of each line. Their chief attraction is the dance and the music accompanying. The subject matter necessarily is such as appeals to women and hence, there is an effeminate note running all through.†

---

* We have in the 19th century a large number of *Garbās* dealing with contemporary events.

† Sohrabji Chikandor, a prolific Parsi writer of *Garbās* in the 19th century, earned for himself the unenviable title of સોહરાબ બાયલો (Sohrab the Woman).

CENTRAL LIBRARY

વલ્લભ ભટ્ટ.

I. Miscellaneous *padas*.

પટિણવાડુ માનું પ્રગણું રે મા;
વસીયાં ચુંવાલ ચોક રે, બાળી મા બહુચરા રે.
ફુલ કસબનો અંબે હો ઘાઘરો રે મા;
માને સાલુડે કસબી કોર રે; બાળી મા૦
લીલા તે જગનું અંબે હો કાપડું રે મા;
માને જગ મોતીનો હાર રે; બાલી મા૦
બાંહે બાજુબંધ હો બેરખા રે મા;
હાંરે માને કાંકણે રત્ન જડાવ રે; બાળી મા૦
લીલવટ ટીલડી અંબે હો શોભતી રે મા;
હાંરે માને ઝગમગ મોતીનો હાર રે; બાળી મા૦
પગે તે કડલાં અંબે હો શોભતાં રે મા;
માને કાંબીએ રત્ન જડાવ રે; બાળી મા૦
માથાં ગુંથ્યાં રે અંબે હો મીણીયાં રે મા;
હાંરે માને સેંથામાં શોભે સિંદુર રે; બાળી મા૦
ઓજી પહેરીને અંબે હો સીધાવ્યાં રે મા;
માએ ભકતોની કીધી વાહાર રે; બાળી મા૦
ભટ્ટ રે વલ્લભની અંબે હો વિનતી રે મા;
માજી ઉતારોની ભવપાર રે બાળી મા૦

હુંતો બલીહારી, જાઉં વારી અંબે તારા નામને રે. ટેક.
આરાતેસુરમાં માજી અંબા બિરાજે;
હોજી રે જરે ગઢ પાવે તો મહાકાળી રે. જાઉં૦
દક્ષિણમાં તો દેવી તુલજાભવાની મા;
હોજી રે જરે ચુંવાળ બહુચર બાળી રે. જાઉં૦
પહેલા તો કરમાં માને ત્રિશૂલ સોહીએ મા;
હોજી રે જરે બીજે તો નેજા ધારી રે. જાઉં૦
ત્રીજા તે કરમાં માને ખપ્પર સોહીએ મા;
હોજી રે જરે ચોથે તો ઘંટા ધારી રે. જાઉં૦
ચતુર્ભુજની માએ શોભા વધારી રે મા;
હોજી રે જરે સેવક લીધા ઉગારી રે. જાઉં૦

CENTRAL LIBRARY

કર રે જોડી ભટ્ટ વલ્લભ કહે મા;
હોજી રે જરે સેવક લેજો ઉગારી રે. જઉં૦

II કળિકાળનો ગરબો.

પરમેશ્વરીને પાયે પડી હો બહુચરી, કહું કળિજુગનાં કર્મે;
અકલ નથી કાંઇ એવડી હો બહુચરી, શકિત રાખજો શર્મે.
જીવનું જીવન તું જડી હો બહુચરી, મૂરખ નવ લે મર્મે;
અવતારીને આ ઘડી હો બહુચરી, આઇજીયે રાખ્યા ધર્મે.
આ દિન દુઃખ દેખડાવિયાં હો બહુચરી, જનમી કીધા જોખ;
સર્મે સરવ સપડાવિયાં હો બહુચરી, ગુણવંત કીધા ગોખ.
હવે હૈયું નથિ ચાલતું હો બહુચરી, કહણ જ આવ્યો કાળ;
તું વિના કો નથિ આલતું હો બહુચરી, પ્રજા થઈ પિડપાળ.
કળિજુગ આવ્યો કોપતો હો બહુચરી, કરવા શુભ સંહાર;
લાજ મર્યાદા લોપતો હો બહુચરી, ભ્રષ્ટ કર્યો આચાર.
દુર્મતિ દીધી દેશને હો બહુચરી, સુમતિ કરાવી તાજ;
વિપરીત ધારી વેશને હો બહુચરી, કળિ કરે છે રાજ.
પ્રથમ પહાણ વરસાવિયા હો બહુચરી, પછે પૃથ્વી ડુબાઈ;
કાળે દુકાળે આવીયા હો બહુચરી, પ્રજા ન પ્રીછે કાંઇ.
કુમારગ સૌ ઉલટે હો બહુચરી, તજી સુમારગ પંથ;
રહે કુકર્મે કુળે ઘડે હો બહુચરી, અરે ન આવે અંત,
મહાજન મોટાં મહેશ્વરી હો બહુચરી, માને બધા માનંત;
ગુહ્યાં દેખીને તપેશ્વરી હો બહુચરી, જાત ન જાણી અંત.
ગોબ્રાહ્મણ સેવા તજી હો બહુચરી, જોગી જતિને ધાય;
હાણ હોય નવ લે હજી હો બહુચરી, લક્ષ્મી લહેર જાય.
કથા કહે કુપાત્રને હો બહુચરી, ગમે જોષીના જોશ;
જોડું તજી જાય જાતરે હો બહુચરી, દિલમાં ન ગણે દોષ.
ઉચ નીચ એકઠા મળિ હો બહુચરી, બેસે બહુ એકાંત;
માને મનમાની રળિ હો બહુચરી, જાણી ન આણે ભ્રાંત.
હિંદુ તરકમાં એહવી હો બહુચરી, સમજ્યા સારોધાર;
જાત ન જાણી જુજવી હો બહુચરી, વરત્યો એકાકાર.
ધર્મે ગયો ધરણી ધશી હો બહુચરી, પુણ્ય ગયું પાતાળ;
પાપ રહ્યું સઘળે વસી હો બહુચરી, નર નારી વૃદ્ધ બાળ.

દયા દેવ લોકે ગઈ હો બહુચરી, દિસે નહીં લવલેશ;
કૂડાં કર્મ કરે કઈ હો બહુચરી, અવર ન દે ઉપદેશ.
સત્ય રહ્યું સંતાઇને હો બહુચરી, સૂત્રે નહીં સ્વલ્પ માત્ર;
ઘટમાં રહ્યું ઘુંટાઇને હો બહુચરી, કળિયે કીધાં કુપાત્ર.
શત્રુ સગાં સંસારમાં હો બહુચરી, વધ્યું વાલામાં વેર;
અવલોકો આ વારમાં હો બહુચરી, કળિ કરાવે ફેર.
પ્રીતની રીત બધી ઘટી હો બહુચરી, સ્વારથીયો થયો સ્નેહ;
માયા મનમાંથી મટી હો બહુચરી, તુરત દગો દે તેહ.
વ્યભિચારી વાધ્યા ઘણા હો બહુચરી, કુળમાં ન ગણે કોય;
માઠામાં ન મુકી મણા હો બહુચરી, હદ હળાહળ હોય.
કુળવધુ કઈ કુટિલા થઈ હો બહુચરી, ગણે ન ગુરુજન લાજ;
પેસે પરપુરુષે ગઈ હો બહુચરી, પ્રગટ પેખતાં આજ.
અણઘટતું અવલોકિયે હો બહુચરી, ઘટે તે ઘટતું સર્વે;
કેમ કરિ કોઇને ટોકિયે હો બહુચરી, પ્રજા પૂર્વનું પર્વે.
વય વિના વનિતા વેષમાં હો બહુચરી, ગભેજ ધરે અનેક;
દશ દિવસ દાખ્યું દેશમાં હો બહુચરી, વાધ્યો વિષય વશેક.
લક્ષણ લઘુતાનાં વધ્યાં હો બહુચરી, તુચ્છ તરુફળ થાય;
નદિયે નીર બધે ઘટયાં હો બહુચરી, આયુષ્ય અલ્પ ઉપાય.
સંવત સત્તર સત્યાશિએ હો બહુચરી, સૃષ્ટિ તજાવ્યું સત્ય;
અકળાવ્યા અઠાશિયે હો બહુચરી, વિધવિધ પડી વિપત્ય.
અકરાકેર અતિ થયું હો બહુચરી, માઠા વુઠયા મેહ;
દૈવત દુનિયાનું ગયું હો બહુચરી, દુર્ભેળ દીસે તેહ.
વિત્ત વિના વસુધા કરી હો બહુચરી, રસ કસ ન રહ્યો રેષ;
અમૃતતા અળગી ધરી હો બહુચરી, સ્વાદ ન પામે શેષ.
અન્ન અતિ મોઘાં હુવે હો બહુચરી, અધમે વાધ્યો અસાધ્ય;
કો કોની કરણી જુવે હો બહુચરી, એક થકી એક અગાધ.
ઉદર થકી ઉપજાવિયાં હો બહુચરી, ઉભયતણો જે અંશ;
તે તન પેટ તજાવિયાં હો બહુચરી, વિક્રય કીધો વંશ.
નિર્મળ જનમન નિસ્તર્યું હો બહુચરી, એજ અધિક ઉતપાત;
વિશ્વ બાધામાં વિસ્તર્યું હો બહુચરી, વિશ્વાસીશું ઘાત.
આપી થાપણ ઓળવે હો બહુચરી, જુઠા ખાયે સમ;
ભરમે ભુરને ભોળવે હો બહુચરી, કુડાં કરે સૌ કર્મ.

CENTRAL LIBRARY

કળિકાળનો ગરબો.

આપી સુકૃત આપનું હો બહુચરી, લક્ષ્મીથી લલચાય;
જે ધન જોડયું પાપનું હો બહુચરી, તે ધન તેમ વવરાય.
જે હાકેમ રક્ષા કરે હો બહુચરી, ગાય તે હાકેમ હાડ;
અવળું આ જુગ આચરે હો બહુચરી, ખેતર ખાયે વાડ.
ચોર ચાડિયા તેવડે હો બહુચરી, નગર થયું નિર્ધન;
ત્રાહિ ત્રાહિ તણિ પડે હો બહુચરી, રાત દિવસ અનુદન.
માણસ જ્યાં ઘણાં મુવાં હો બહુચરી, પરાં શહેર નદી પાર;
કંઈ મંદિર ખાલી હુવાં હો બહુચરી, ભૂ પાસે ભયંકાર.
દેહ ધારી દુખિયાથકી હો બહુચરી, દયા ન આણે મન;
દિન દિન દુકૃતતા થકી હો બહુચરી, કાષ્ઠ થયાં વન વન.
છળ છળભેદ ન છૂટિયે હો બહુચરી, પ્રસર્યો બહુ જ પ્રપંચ.
ખૂટયામાં નવ ખૂટિયે હો બહુચરી, ખરૂં ન રાખ્યું રંચ.
વાંક વિધાતાનો નથી હો બહુચરી, વાવ્યું તેમ લણાય;
આપ ન જાણ્યું આપથી હો બહુચરી, ભુંડે ભલું કેમ થાય.
નવ દીઠું નવ સાંભળ્યું હો બહુચરી, આ દુઃખ દુનિયા માંય;
પાપ પ્રજા જનનું મળ્યું હો બહુચરી, કહો જે કહિયે કયાંય.
ભૂતળ ભુર દેવે નહી હો બહુચરી, સૂર–પુર કર્યાં પ્રયાણ;
હાજરાહજુર તમેછો અહીં હો બહુચરી, પુરુષ નમ્યા પરમાણ.
અપલક્ષણ સંસારમાં હો બહુચરી, લોકે વાળી લીક.
અરજ સુણી આ વારમાં હો બહુચરી, બહુચર ભાંગો બીક.
ઇંદ્ર આદિ બધા દેવનાં હો બહુચરી, કંઈ કંઈ કાપ્યાં કષ્ટ;
નીર મોભે ગયાં નેવનાં હો બહુચરી, શક્તિ રાખજો સૃષ્ટ.
મહાકાળી મહાકાળમાં હો બહુચરી, સુણી કરો છો સાર,
તે બળ બહુચર બાળમાં હો બહુચરી, ઉગારો આ વાર.
હદ વળી હવે શું જુઓ હો બહુચરી, પાપે પૃથ્વી ખવાય;
સર્વનું સોમપણું ખુવો હો બહુચરી, પુણ્યે પાપ પળાય.
કોઇક સાધુને સતે હો બહુચરી, શંખલ પુરથી જાગ;
છેક વળે છે તું છતે હો બહુચરી, હોલવ બળતી આગ.
ત્રાણ કરો ત્રિપુરેશ્વરી હો બહુચરી, તમો તમ સામું જોઈ;
પ્રીત કરો પરમેશ્વરી હો બહુચરી, ખરી આળસને ખોઈ.
સરજ્યાં સર્વે શકતનાં હો બહુચરી, સુરનર જાયા જેહ;
છોજી જનેતા જગતનાં હો બહુચરી, છોરુને નવ દો છેહ.

ઉછેરીને ન ઉશેટિયે હો બહુચરી, કોઈ પ્રજા હોય પેટ;
વિષમ વેળામાં વેઠિયે હો બહુચરી, મા નહિ છૂટો નેટ.
પાળ્યાં ત્યાં લગિ પોખિએ હો બહુચરી, પેટ તણી પરજાય;
સમર્થ લગિ સંતોખિએ હો બહુચરી, મેહરમાં ન કરો મણાય.
ઘણી ગઈ થોડી રહી હો બહુચરી, તેમાં નિત્ય ઘટાય;
બોળિયે નહિ બાંહે ગ્રહી હો બહુચરી, પાર કરો પ્રભુતાય.
નજર કરો નવ્યાશિયે હો બહુચરી, નગર કરો સરદાર;
વિશ્વ અવાસે વાસીયે હો બહુચરી, પરાં શહેર નદિપાર.
મ્હો માગ્યા મેહ મોકલો હો બહુચરી, ખટરસ નાવે ખોટ;
સર્વતણાં હરિ શોક લ્યો હો બહુચરી, કરુણા કીજે કોટ.
કામદુઘા થઇ દ્રજિયે હો બહુચરી, સુખ પામે સંસાર;
સમ ખાતામાં સૃજિયે હો બહુચરી, નોધારાં આધાર.
ભૂતળ ભુરને દીજિયે હો બહુચરી, ભાત ભાત રસ ભોગ;
લાડ લડાવી લીજિયે હો બહુચરી, ભલાં ટળે વીજોગ.
આઇ અમિ છાંટો નાંખીએ હો બહુચરી, છોરુ ઢોરુ ને ગ્રામ;
ભગવતી ભવમાં ભાખિયે હો બહુચરી, સમર્થા પૂરો કામ.
નેઉવેથકી નારાયણી હો બહુચરી, દેશમાં દો નવનિદ્ધ;
દેવી સદા સુખદાયિણી હો બહુચરી, પરમેશ્વરી પ્રસિદ્ધ.
ગરબો સુણી કળિકાળનો હો બહુચરી, જથા શકિત દે દાન;
પરતો બહુચર બાળનો હો બહુચરી, પામે ધન સંતાન.
વરણ અધિકાર વેદમાં હો બહુચરી, ભગવતિ બ્રહ્માણી એક;
ઉચર્યો અધિક ઉમેદમાં હો બહુચરી, વિપુરા ન તજે ટેક.
તમે છો ત્રિભુવનનાં પતિ હો બહુચરી, સુર સુરેશ સમાન;
વલ્લભ ગુલામની વિનતિ હો બહુચરી, સુણજો સઘળી કાન.

III. કજોડાંનો ગરબો (An ill-matched pair.)

ગોરમા ઘરડોને ભરથાર કે, આપ્યો મુજને રે લોલ;
ગોરમા ધીક્ક કીધો અવતાર કે, શું કહું તુજને રે લોલ.
ગોરમા રણ સંબંધીઓ બાપ કે, મા મારી પાપણી રે લોલ;
ગોરમા સંસાર કીધો સાપ કે, સેજે થઇ સાપણી રે લોલ.

કજોડાંનો ગરબો.

ગોરમા હું તો નાહાનું બાળ કે, એ મોટો બુઢિયો રે લોલ;
ગોરમા દીઠેથી પડે ફાળ કે, મુરખ મુઢિયો રે લોલ.
ગોરમા માહારૂં થયું જોબન કે, પીયુ વરવો થયો રે લોલ;
ગોરમા ઘેલો કદરૂપવાન કે, જાતે વહી ગયો રે લોલ.
ગોરમા સોળ વરસ પ્રત્યક્ષ કે, એને હેંસી થયાં રે લોલ;
ગોરમા દીસંતો જાણે જક્ષ કે, બુધ સઘળી ગઇ રે લોલ.
ગોરમા શીયાળાની રાત કે, સ્વાદ હોએ ઘણો રે લોલ;
ગોરમા મુરખ ઘરડી જાત કે, જેવો ગુંગણો રે લોલ.
ગોરમા રજની રમવા ઇચ્છું કે, આંજું આંખડી રે લોલ;
ગોરમા મારીસ કરતો બોલે કે, એક કર લાકડી રે લોલ.
ગોરમા ગાળ નિસરે વાતે કે, સ્વભાવ તે કેમ ફરે રે લોલ;
ગોરમા પીયુની ઘરડી જાત કે, અર્થ કહાંથી સરે રે લોલ.
ગોરમા નવરાત્રિના દિન કે, ઘણું સોહામણા રે લોલ;
ગોરમા વિજયા કેરે દિન કે, સહુ શણગારમા રે લોલ.
ગોરમા દુરબળ મ્હારો કંથ કે, ઘણું લજામણો રે લોલ;

* * * *

ગોરમા સહુને મન દિવાળી કે, મારે મન હુતાશની રે લોલ;
ગોરમા મ્હારા કરમના ભોગ કે, તો હું નિરાસણી રે લોલ.
ગોરમા રાત શરદની દેખું કે, જાણીએ દવ બળે રે લોલ;
ગોરમા મદમાતા નર દેખી કે, મન મહારૂં ચળે રે લોલ.
ગોરમા મ્હારા કાળા કેશ કે, એ આખો પળ્યો રે લોલ;
ગોરમા હું થઈ જોબન વેશ કે, જનમારો બળ્યો રે લોલ.
ગોરમા મ્હોડેથી ચુએ લાળ કે, આંખે પાણી ગળે રે લોલ;
ગોરમા હું નવરંગી નાર કે, તન મ્હારૂં બળે રે લોલ.
ગોરમા સેજ બીછાવું પુષ્પ કે, એ દેખીને રુવે રે લોલ;
ગોરમા સાસરૂં ગ્રહની પીડ કે, પીયુ ઉંઘો સુવે રે લોલ.
ગોરમા ભુષણ પહેરૂં વસ્ત્ર કે, ચિર બહુ ભાતનાં રે લોલ;
ગોરમા મિથ્યા થયો અવતાર કે, સ્ત્રીની જાતમાં રે લોલ.
ગોરમા જેને જોબન કંથ કે, પુન્ય કીધાં બહુ રે લોલ;
ગોરમા કીધાં બહુ મેં પાપ કે, ધણી ઘરડો જોબન વહુ રે લોલ.
ગોરમા આંખ ઉછાળીને બોલું કે, ન કરે વાત શું રે લોલ;
ગોરમા જોઉં જોબન ઘણીને કે, તો હું સુજાત છું રે લોલ.

ગોરમા ઓરિયો નવિત્યો એક કે, હઘરણી રાતનો રે લોલ;
ગોરમા મિથ્યા થયો અવતાર કે, દુઃખી બહુ ભાતનો રે લોલ.
ગોરમા શિવ પુજું હું સન્ત કે, પામું જોબન ઘણી રે લોલ;
ગોરમા વામુ સઘળી વિપત્ત કે, ન્યાત નાગર તણી રે લોલ.
ગોરમા માહારૂં અંગ સુંહાળું કે, હેનું હાથ્થી ખાલસું રે લોલ;
ગોરમા મુજથી મ્હોટો પ્રૌઢ કે, ડંક ઉપવાળસું રે લોલ.
ગોરમા ચંચળ જાતે હું છું કે, એ મુરખ વધ્યો રે લોલ;
ગોરમા હું થઈ જોબન વેશ કે, એ ઘરડો થયો રે લોલ.
ગોરમા નથી સાસુ ને નણંદ કે, હું તો જીવતી રહી રે લોલ;
ગોરમા કરમે ભાગ્યો કંથ કે, ભવ બોળ્યો સહી રે લોલ.
ગોરમા પીયુજી આવ્યા બ્હાર કે, હું ભમતી ફરૂં રે લોલ;
ગોરમા લાવ્ય કાંઈ એક વસ્ત કે, હું અંતે શું કરૂં રે લોલ.
ગોરમા જાણતાં ન દીધી ફાંશી કે, વીખ દઈ મારતી રે લોલ;
ગોરમા લોક સાથે કરૂં વાત કે, તારે મા વારતી રે લોલ.
ગોરમા પીયુજી સુતા મરવા કે, જાણે થાઉં સતી રે લોલ,
ગોરમા હું કહું છું કરજોડ કે, કરમ તણી રતી રે લોલ.
ગોરમા કરજોડી લાગું પાએ કે, દેજો સમ્રથ ધણી રે લોલ;
ગોરમા વિનતી કરૂં છું આજ કે, ન્યાત નાગર તણી રે લોલ.
ગોરમા પાયે લાગું છું તમને કે, પ્રભુજી સાંભળો રે લોલ,
ગોરમા વલ્લભ કહે છે આજ કે, મુકો મન આમળો રે લોલ.
ગોરમા સહુને દેજો જોડું કે, માત કરૂણા કરી રે લોલ;
ગોરમા સહુને દેજો કામી કંથ કે, કેહે વલ્લભ ફરી રે લોલ.

IV. બહુચરાની આરતી

જે જે બહુચર મા, જે જગપતી રાણી, જે જગપતી રાણી;
આરતી અમરાવતી વારતી મનમોહ આણી. જે૦
હાટક જટીત મણીનગ, ધરી છ કર થાળી; (૨)
કંક પુરો કંત ઉજવળ, જળ મધ અજુવાલી. જે૦
જળ હળ નિર્મળ જ્યોત, અકળ સકળ વ્યાપી; (૨)
ત્રિભુવન તિમિર નિવારણ, તારણ પતિ પાપી. જે૦
પંચ મુખે સ્તુતિ અદ્ભુત, પુષ્પાક્ષત અરચી; (૨)
પુષ્પ પરિમળ પ્રબળ પરમ, રુચી શુચી ચંદન ચરચી. જે૦

CENTRAL LIBRARY

બહુચરાની આરતી.

ચંગ મૃદંગ ઉપંગ, સુવંશ વેણુ વાજે; (૨)
તાળ રસાળ વિસાળસુ, શબ્દ ગગન ગાજે. જે૦
ગાન કરે કિનરવર, નિત ઉર્વશી મેના; (૨)
ગુણ ગ્રંથિત સમ ગૃહ, પુનઃ સમર સેના. જે૦
વ્યોમ વિમાન વિરાજિત, સુર સુંદરિ સંગે; (૨)
ઉદો ઉદો જે જે કહે, રહિ રામા રંગે. જે૦
સુમન સુમન કરવર્ષિત, હર્ષિત હિયાં હરખે; (૨)
અંતર અતિ આકર્ષિત, નીર અંતર નિરખે. જે૦
પન્નગપતિ પંખીપતિ, પશુપતિ પ્રેમ ભરયા; (૨)
આરતી વંદન કારણ, વાયુ વિધ વિચર્યા. જે૦
ચતુરાનન પંચાનન, ષડ્આનન ખાંતે; (૨)
સનમુખ મુખ નિરખીત કૃત, ભક્ત ભલી ભાંતે. જે૦
માત મહાતમ મહત, કહત કૃતકૃત કીધાં; (૨)
ભક્ત અભય પદ નિર્ભય, ભોગ સુભગ દીધા. જે૦
નિજ જન મન તન રંજન, ગંજન પર પોતે; (૨)
ભૂતલ ભૂપતિ ભુર, ભલા કીધા જોતે. જે૦
લક્ષ ચોર્યાશી જાત, અનંત અલપ મતના; (૨)
આરતી સ્વર શ્રવણે સુણી, સ્વર્ગે સુલભ ગતના. જે૦
ભાવ કુભાવે સુભાવ સહિત, આરતી જે ગાશે; (૨)
નર નારી અવતારિક, શકત સમા થાશે. જે૦
ચૌદ ભુવન, તું તન, ચૌદ ભુવન માંહે; (૨)
વલ્લભ ભવ અણેવ, ભેદત સાહે બાંહે. જે૦

શ્રી બહુચર જે નેમો નમો, હાં રે જે નમો શ્રી બહુચરા માત;
જોતી સ્વરૂપ, અનુપ ભુપ, થઈ ગોખ જોખ નિધ; નમો નમો;
નિરાકાર સાકાર વિશ્વ મહીં, વ્યાપક વિધ વિધ, નમો નમો, શ્રી૦
ચાચર ચૌદ ભોવનપતી નિત, રમે રંગ રંગ ભરી; નમો નમો;
શોભા સકળ, અકળ સુર મન, ગમે ગમે ધ્યાન ધરી. નમો નમો. શ્રી૦
આદ્ય આસન, પાકશાસન, લહે કોણ કહે યશ; નમો નમો;
નિગમ અગમ, નિત્ય ચિત્ય રટત, રહે હરિહર વિધિવશ, નમો નમો, શ્રી૦
માનસરોવર, મહત માહાંત, મોક્ષદાયક; નમો નમો;
સ્નાન કરે, પામે પુરૂષાતન, બદેવહાયક. નમો નમો. શ્રી૦

વલ્લભ ભટ્ટ..

વાવ્ય કુંડ, બ્રહ્માંડ માંહે, રીદ્ધ ભૂતળ અદ્ભુત; નમો નમો;
નાહે ગંગાએ ગુણ થાએ, કળ સીદ્ધ નિદ્ધ નવે જુગ, નમો નમો, શ્રી૦
પ્રગટ પંચ તીરથીનું પદ, પરમ પવિત્ર જે; નમો નમો;
શકત વિના સંસાર સરવર, દેહ દહ ચરિત્રને. નમો નમો. શ્રી૦
આદ્ય શકત સત્ય જગત શિરોમણ, ઇષ્ટ આરત મધ્ય; નમો નમો;
શેષ સુરેશ સ્તવે ગુણ અણગણ, સેવે સિદ્ધ બદ્ધ, નમો નમો, શ્રી૦
સનક સનંદન, મુનીવર વંદન, દૈત્ય નિકંદન; નમો નમો;
ભવ ભે ભંજન, નિરંજન રંજન, દુરિજન ગંજન. નમો નમો. શ્રી૦
લીજે સંભાળ, વલ્લભ સમરે, અતિરૂપ રસાળને; નમો નમો;
પરમ દયાળ, કૃપાળ પાળપ્રતિ, બહુચર બાળને. નમો નમો. શ્રી૦

2 Dvarko (*circa* 1690–1740 A. D.)

He wrote chiefly about Krishna worship and also some didactic verses. These are characterised by a simplicity and directness which appeal to all and hence they are well-known and popular.

I. Verses in praise of Krishna.

1. નેન ભરી ભરી જુઓ નંદકુમાર;
જશોમતી કુખે ચંદ્રમા પ્રકટયો, વ્રજ કરવા ઉદ્ધાર. ટેક.
વનમાં ન જાવું કોઇએ, ગોપી ગોપ કર્યો વિચાર;
રંગ બેરંગ કર્યાં વાગા, ધર્યાં વિવિધ શણગાર. નેન૦
હળદર દુર્વા અક્ષત કુંકમ, દધિમંડિત કર્યું દ્વાર;
પૂર્યો ચોક વિવિધ મુક્તાફળ, કરે મંગળ ઉચ્ચાર. નેન૦
ચાર વેદ ધુનિ કરે મહામુનિ, કરતા શુભ વિચાર;
થયો પુણ્યનો પુંજ શ્યામળો, સકળ સિદ્ધિ દાતાર. નેન૦
ગોકુળવધૂ નિરખી આનંદિત, નંદકુમાર ઉર હાર;
દાસ દ્વારકો આશિષ દેતો, ચિરંજીવ પ્રાણાધાર. નેન૦

2. ઊઠો ગોપાળલાલ, દૂહો ધોળી ગાયો;
તાજું તાજું દૂધ પીઓ, બીજલીકે ભાયો. ટેક.
ભોર થયું છે પંખીડાં ભાઇ બોલે;
ઘર ઘર ગોપ ગોપી બાર ખોલે. ઊઠો૦
જુઓ ગોપી મહીમથનિયાં ધૂવે;
આપ આપણું એ તો દહીં વલૂવે. ઊઠો૦
તારા સાથી જે બોલાવવા આવ્યા;
કૃષ્ણનામના મંગળ સ્વર સુણાવ્યા. ઊઠો૦
ભાઈ વસ્ત્ર આભૂષણ સારાં પેહરાવું;
ભાઈ ચંદન તિલક લલાટ લગાવું. ઊઠો૦
જાગો જીવણ તમે દ્વારકાના સ્વામી;
વિપ્ર ગુરૂ તણો થયો અનુગામી. ઊઠો૦

3. જાગીએ ગોપાળલાલ, જસોદા બલજાઇ;
તાત ઊઠો, પ્રભાત થયો, ગોપ પુકારે કહી કન્હાઇ. ટેક.

ઊઠો આનંદકંદ, ચંદ જુઓ ચાંપી ગયો;
કુમદની જીવ ગયો, કમળ ફૂલાઇ. જાગીએ૦
તારા વિના સૂઝે શેનું, ગોપ અને રહ્યાં ધેનુ;
શરણ ધર્યું છે અમો, જાગો કૃષ્ણરાઇ. જાગીએ૦
પટ પડ કરી, મુખડું જોયું છે જરી;
આપે કટોરો ભરી, ઊઠું જો મીઠાઇ. જાગીએ૦
કટોરો ભરીને બેઠા, હાથથી મૂકે ન કેઠા;
તાપ દ્વારકાના નેઠયા, વિપ્ર ગુરૂ પાર પાઇ. જાગીએ૦

4. જય જય શ્રીજદુવરનાથ, સકળ પદારથ તારે હાથ;
રાસનો ભાવ પ્રગટ કર્યો, નામ વિશ્વાસે જગત ઉદ્ધર્યો. ટેક.
સર્વ શાસ્ત્ર નિરૂપે વેદ, પ્રેમીભક્ત કો જાણે ભેદ;
કરૂણા કરી વિશાળ ભુજદંડ, તારા આગળ સર્વ નિકંદ. જય૦
સુંદરશ્યામ કમળદળ લોચન, કૃપાકટાક્ષ ભક્તભયમોચન;
પરબ્રહ્મ પુરૂષ બ્રહ્મના અંશ, ભક્તજન મન કરે પ્રશંસ. જય૦
તારાં નામ ગુણ રૂપ અનંત, નિર્મળ જશ ગાયે સહુ સંત;
કામના પૂરણ પૂરણકામ, નિશ દિન જપું છું હરિનું નામ. જય૦
તારી બરાબરી નહિ કોઇ, દાસ દ્વારકો ભજે સોઇ જોઇ;
વિપ્ર ગુરૂ કેરે પરતાપ, છૂટયો જન્મ મરણ સંતાપ. જય૦

5. આજ મારે આંગણિયે પેલો, નંદનો કુંવર બેઠો જો;
હું ગઇતી જમુના જળ ભરવા, છાનો ઘરમાં પેઠો જો.
ઘરમાં પેશી એવું કીધું, માંકડલાં બોલાવ્યાં જો;
મહિ કાઢી મ્હોં આગળ મેલ્યાં, ખાવા સારુ આવ્યાં જો.
ઓચિંતી મહિયારી આવી, હરિની બાવડી ઝાલી જો;
માંઢા ઉપર ગોરસ લોહ્યું, ઓચંબા લઈ ચાલી જો.
સાંભળજે તું જશોદાં રાણી, તારો કુંવર લાવી જો;
બાળક તારો બહુ મસ્તાનો, ટેવ શી પાડી આવી જો.
કહે જશોદા જુઠા બોલી, જીભ કરો કાંઈ થોડી જો;
મારો કુંવર કાંઇ ન જાણે, બેઠો બેઉ કર જોડી જો.
બાળ જુવે તો પોતા કેરું, જોઇને લજ્જા પામી જો;
સહુ ગોપીનાં માન ઉતાર્યાં, એવો અંતર્યામી જો.

CENTRAL LIBRARY

એની અક્કલને કોઈ ન પહોંચે, ગતિ એની બહુ ન્યારી જે;
દ્વારકાના સ્વામી સંગે, અબળા રહી છે હારી જે.

II. Didactic Verses.

1. જીવ તારી શી ગતિ થાશે રે, માયામાં ગોથાં ખાશે રે;
ચતુરાઈ ચુલે પડી રે, હરિને ભજ્યા નહીં ઘડી રે.
આવીને તેં શો લાભ લીધો રે, ખોટનો વેપાર કીધો રે;
હરિની તો સેવા ન જાણી રે, પાપની પીલી ઘાણી રે.
માયામાં મુવો રળીને રે, બેઠો કંકોડી દળીને રે;
વિષયમાં ઘણોજ મહાલ્યો રે, અવળે મારગ ચાલ્યો રે.
પર નારી દેખીને મોહ્યો રે, તપાસી તેં ભેદ ન જોયો રે.
ઊંચાં મંદિર ને મેડી રે, વેપારની ચાલે છે પેઢી રે.
લાખે તો લેખાં કરતો રે, હૃદે રામ નામ ન ધરતો રે;
સાધુનો તેં સંગ ન કીધો રે, આવ્યાને ન આદર દીધો રે.
લાંબી સોડ ઘાલી પોઢ્યો રે, આવ્યો એવો ગયો જ દોડ્યો રે;
દ્વારકો કહે છે તમને રે, જિતો તમે આવતા જન્મને રે.

2. તું કાં ભૂલ્યો સમજુ થઈ, મૂઢમતિ મતિ તારી ગઈ;
લક્ષ ચોર્યાશી ફેરા ફર્યો, કેમ નામ હરિનું વિસર્યો.
જ્યારે હતો તું ઉદરમાંહી, પરિશ્રમ તેં પોકાર્યા ત્યાંહી;
તિહાં હરિતણું સ્મરણ કીધ, તે શ્યામળીએ ચિત્તમાં લીધ.
પુરે માસે આવ્યો બહાર, વિસરી ગયા તને મોરાર;
ઉદરનાં દુઃખ અળગાં કર્યાં, પછે સુખ સંસારી ધર્યાં.
માત પિતાને વહાલું બાળ, રમવા જાય કરે બહુ આળ;
વઢવાડો તો લાવે ઘણી, નિશાળેથી ઉતર્યો ભણી.
એટલે આવ્યું વેવિશાળ, પરણ્યો વર્ષ થયાં જ્યાં બાર;
સોળે વરસે આવી સાન, વીસે વરસે વળિયાં વાન.
નારી સાથે માન્યું મંન, રળવાને તુ લાગ્યો ધંન;
વરણાગીમાં વાંકો ફરે, નવાં નવાં બહુ પ્રાક્રમ કરે.
ડાહ્યો ડહાપણ સમજ્યદાર, બાંધ્યા ઘરના માથે ભાર;
વેપાર વણજ કરિયા બહુ, લાગ્યું છે ઓળખવા સહુ.
ત્રીશ થયાં ચાળીશની ઝામ, તોય નથી ભજતો શ્રીરામ;
ધંધામાં નવરો નવ થયો, અવસર બાધો એળે ગયો.

પચ્ચાશે તો આવ્યાં પળિયાં, મોનાં ડાચાં સર્વે મળિયાં;
ફૂલી જેમ કરમાયે ફૂલ, થયું છે તન તો તેની તૂલ.
સાઠે વર્ષે નાઠી સાન, કાંઈ થયાં છે બહેરા કાન;
ઘરને લોકે સર્વે કહ્યું, ડોસાનું તો ડહાપણ ગયું.
સિતેર વરસ વીત્યાં સહી, ગતિ બોલવાની નવ રહી;
તોય ઉદરમાં જોઇએ અન્ન, માયામાં લલચાયું મંન.
લેખું લેશે રાજા ધર્મે, કહે અહ્યા શાં કીધાં કર્મે;
મરણતણી છે માથે ખોડ, માટે પ્રીત પ્રભુથી જોડ.
સંભારે તો સુખમાં રહે, સાધુ જન શિખામણ કહે;
પાણી પહેલી બાંધી પાળ, દ્વારકા તું તારું સંભાળ.

૩. ચેતી લે ચેત્યાનો અવસર, ફરી ફરી ક્યાં મળશે રે;
જોબન જાતાં વાર ન લાગે, જરા આવીને ઢળશે રે.
ઢળશે ત્યારે નહિ રહે ધારણ, થરથર કાયા ધ્રૂજે રે;
માયાની અંધારી નાંખી, તેમાં કાંઇ નવ સૂજે રે.
સૂજે ક્યાંથી સમજણ નથી, કુટુંબ કબીલે વાધ્યો રે;
અવળે સવળે બંધે બાંધ્યો, હાથે સું બંધાયો રે.
કહો ભાઇઓ એને શું કહીએ, મૂરખ મન નવ આણે રે;
દુર્મતિ આગળ કાંઈ ન સૂજે, આપે આપ વખાણે રે.
મોહ ભરિયો મત્સર ભરિયો, અજ્ઞાને અંજાયો રે;
નારી સાથે નેહ ઘણો ને, ઘણા ઘણાને ધાયો રે.
ધાયો ત્યાં તો ધૂળ મળ્યું ને, ગાંઠે ન મળે કોડી રે;
ઠાલા હાથે ઠાલાં જાવું, શીદ મરે છે દોડી રે.
સંસારી સુખ જેવા માત્ર, અંતે સઘળું ખોટું રે;
આગળ અવસર એવો આવે, દારુણ દુઃખ છે મોટું રે.
ખોટામાંથી ખરૂં કરી લે, તે તું બાંધને તાણી રે;
સાધુ જનની સેવા સજને, ભજને શાર્ઙ્ગપાણી રે.
એ શિખામણ માન્યા સરખી, માની લેજો કોઇ રે;
આવ્યા છો તો લાભ કમાવા, જાશો મુડી ખોઇ રે.
ખોઇને જાશો ખત્તા ખાશો, કેમ કહ્યું નથી કરતા રે;
અન્ન માટે આથડતા હીંડો, પેટ પાપથી ભરતા રે.

CENTRAL LIBRARY

ઉપદેશનાં પદ.

પર નિંદા ખાડો છે પૂરો, કેમ પડે છે જાણી રે;
જાણીને તેં બાંધ્યું તાણી, જુઠી વાત વખાણી રે.
એક ઘડી એકાંતે બેસી, હરિનું નામ ન લીધું રે;
અમરિતનો રસ અળગો મૂકી, ઝેર હળાહળ પીધું રે.
પીતાં પૂરણ તું ન ધરાયો, જોયું નહિ વિચારી રે;
કહે દારકો રામ ભજી લ્યો, નહિ તો જાશો હારી રે.
સંવત અઢારસેં પૂરામાં, કારતક સુદિ દશમી રે;
શિખામણ સુણી હરિજન હરખે, વિમુખ જીવને વશમી રે.

CENTRAL LIBRARY

3. Bhandas (*circa* 1690–1740 A. D.)

He was a Vedantist and wrote a long philosophical poem called હસ્તામલક. It is a dialogue between Sankarāchārya and a Brāhmana boy Hastamalaka by name, who is an incarnation of the supreme.

The one mirrored in the many.

બ્રહ્મ પુત્ર તે એમ ઉચરે, શંકર તે શ્રવણે ધરે;
સંશય ને સંદેહ મનના ટળે, જેમ સરિતા સિંધુમાં મળે.

સંશય ટળે મનતણા, સાંભળો શંકર વાત;
પરમાત્માની કહું કથા કેવળ, તમે સાંભળો સાક્ષાત.
પ્રતિબિંબ મુખ દીસે નહીં, જ્યારે દર્પણનો છે અભાવ;
ત્યારે શુદ્ધ છે મુખ આપણું, એકનું એક સ્વભાવ.
જ્યારે દર્પણ કરીએ વેગળું, ત્યારે ન દીસે આભાસ;
પછી કોણ ત્યાં કોને જુએ, અદ્વૈતનો છે હાસ.
અદ્વૈત છે એક આતમા, જ્યારે લહ્યો શુદ્ધ વિચાર;
દ્વૈત ભ્રમ ટળી ગયો, પછી રહ્યો વ્યોમાકાર;
કલ્પના કારણ કો નથી, ત્યાં નથી જીવ પ્રમાણ;
કાળ કર્મ સ્વભાવ માયા, વળી નથી જાણ અજાણ.
નાના બુદ્ધિ ગયા થકી, પછી રહે જે નિરધાર;
તે તે હું છું આતમા, વળી અખંડ ને અપાર.
હું શુદ્ધ ચૈતન્ય સદા, એક છું અદ્વૈત;
ભરપૂર ભરી રહ્યો અકળ, અણેવ ન કાંઇ દ્વૈત.
પરબ્રહ્મ હું પરમાત્મા, અગાધ્ય બોધ અનંત;
મુજ વિના ઠામ ઠાલો નહીં, સાંભળો શંકર સંત.
નિત્યાનંદ અનેક રૂપ મારૂં, સોહં હંસ અપાર;
આપે આપ પૂરણ થયું, મારે ન્યૂન નથી લગાર.
ઇંદ્રિયથકી હું વેગળો બહુ, ઘણું અંતર હોય;
મનનું મન છે આતમા, ઇંદ્રિનું ઇંદ્રિ સોય.
પરાત્પર પરબ્રહ્મ છે, તે પરથકો પર જાણ;
મન ઇંદ્રિ ને આતમા, તે અગમ છે નિર્વાણ.

CENTRAL LIBRARY

જેમ તરંગ સાગરતણો, તે કેમ પામે પાર;
પ્રમાણ કરવા નથી સમરથ, જળતણું નિરધાર.
અન્યોઅન્ય પૃથક નહીં, જેવી રીતેજ તરંગ;
મન બુદ્ધિ ચિત્ત અહંકાર ઇંદ્રિ, તેજ આત્માનું અંગ.
વિશ્વ કો અળગું નથી, પરમાત્માંથી રેય;
ભિન્ન ભિન્ન દિસે જુજવાં, પણ સકળ એનો વેષ.
જેમ પાણીથી પાળો થાય, પણ પાળો ને પાણી એક;
તેમ જીવ બ્રહ્મ જુદા નથી, જન જોજો કરી વિવેક.
મન બુદ્ધિ ચિત્ત અહંકાર ઇંદ્રિ, અને જીવ તે બ્રહ્મ કોય;
ભાણદાસ કહે એમ બ્રહ્મ બોલ્યા, સાંભળો સહુ કોય.

વળી વળી બોલ્યા દ્વિજ સાક્ષાત જી;
સાંભળો શંકર માહારી વાત જી.

વાત હમારી સાંભળો, હરી આતમા છે એક;
શુદ્ધ બુદ્ધ સ્વરૂપ છે, એ નથી થયો અનેક.
સ્વયં પ્રકાશ સદા નિરંતર, સ્વતંત્ર એ કહેવાય;
સ્વાધીન ને સ્વયમેવ છે, તે સ્વયંજ્યોત સદાય.
સદાનંદ કલ્યાણ છે, સદાશિવ તે રૂપ;
સદા મોદ પ્રમોદ પૂરણ, સદા સત્ય સ્વરૂપ.
તુષ્ટિ પુષ્ટિ આનંદ પૂરણ, ભર ને ભરપૂર;
નિરાધાર આધાર સર્વેનો, વળી એકલો મહાશૂર.
ચોર્યાંશી લક્ષ જીવ છે, તેની નાના બુધ્ધ કહેવાય;
સકળ બુદ્ધિ તણો વિષય, પ્રતિબિંબ એનું થાય.
જે જયાંથી વસ્તુ નીપજી, પ્રતિબિંબ માંહે હોય;
સ્થાવર જંગમ જીવ માંહે, ન મળે બીજો કોય.
વેદ શાસ્ત્ર પુરાણ સ્મૃતિ, મન બુદ્ધિ ચિત્ત અહંકાર;
નાના રૂપે રહ્યો સરખો, દિસે છે નિરધાર.
વિશ્વમાંહે મળ્યો નથી, પણ મળ્યા સરખું હોય;
એ માયાની ઉપાધી માટે, પણ એમ ન દીસે સોય.
અનેક પાત્રમાં જળ ભર્યાં, જૂદાં જૂદાં જોઇ;
પ્રતિબિંબ સૂર્યતણું જે, માંહે દીસે તેહ.

CENTRAL LIBRARY

ભાનદાસ.

એક થકો અનેક દીસે, અસંખ્ય ને અપાર;
પાત્ર ભેદે જૂજવો, ત્યાં નથી ભેદ વિકાર.
નદી તીરે વૃક્ષ ઊગ્યાં, વેઢેતાં જળમાં દેખીએ;
વેઢેતાં સરખું દીસે પણ, વૃક્ષ વારિમાં નહીં પેખીએ.
ત્યારે વૃક્ષ હેઠળ જઈને, થડ નિહાળી જોય;
ત્યારે વૃક્ષ પોતાને ઠામ દીઠાં, ભરમ સઘલો ખોય.
તેમ એક છે પરમાત્મા, નાના રૂપ પેખીએ;
માયાની ઉપાધિ માટે, કર્ત્તા સરખો દેખીએ.
તે તે હું છું આતમા ભાઇ, નિત્ય પ્રાપ્તિ જોઇ;
નિત્યાનંદ સ્વરૂપ મારૂં, તેમાં નહીં સંદેહ.
બ્રહ્માંડ આખા જગતમાં, મારો છે પ્રકાશ;
શંકર પ્રત્યે સાધુ બોલ્યા, વણૈવે ભાણદાસ.

CENTRAL LIBRARY

4. Kalidas (of Vasāvād, *circa* 1700–1750 A. D.)

He was a native of Kathiawad and has written several poems based upon Pauranic stories. He has a vigorous style which succeeds in holding the interest of his readers. His works are ધ્રુવાખ્યાન, સીતાસ્વયંવર, ઇશ્વરવિવાહ and પ્રહ્લાદાખ્યાન; besides some verses in the praise of Sakti. The પ્રહ્લાદાખ્યાન is the most popular of his work.

From પ્રહ્લાદાખ્યાન.

1. The birth of the two Demon Rulers.

તે માટે કહું સાંભળ રાજા, વિસ્તારીને વાત રે;
એક સમે ઋષિ કશ્યપ પોતે, સંધ્યા સમે વિખ્યાત રે.
પાવડીએ ચઢી દ્વાર પધાર્યા, માર્જન કરવા કાજ રે;
દિતિએ ત્યાં સ્વામી નિહાળ્યા, આવી માગ્યું મહારાજ રે.
પુત્રદાન આપો હુંને સ્વામી, ઇચ્છા ઊપની આજ રે;
તે માટે તમને આ વેળા, કહું છું લોપી લાજ રે.
એવું સુણી કશ્યપ બોલ્યા, સાંભળ નિલેજ નાર રે;
સમે વના નવ માગીએ મુખે, મનમાં વાત વિચાર રે.
સમે સંધ્યા પણ થવા આવી, અગ્નિમાં દેવો હોમ રે;
થાય અસુર જો આથમે સૂરજ, આવજે ઊગમતે સોમ રે.
એવું સુણીને સુંદરી બોલી, સાંભળો સ્વામી વાતરે;
પ્રાણ પાડું અંગીકૃત કીધા વણ, નાથ ન પડે રાત રે.
તે સાંભળી મુનિ કશ્યપ બોલ્યા, તું કામિનિ કલેશ મૂળ રે;
શા માટે ઊપજાવેછ સુંદરી, પેટ વલોરીને શૂળ રે.
ઊપજશે અતિ બલવંત તારા, પુત્ર વડા દુર્બુદ્ધ રે;
મહોટો કુટુંબકલેશ લગાડશે, જોરે જગાડશે જુદ્ધ રે.
રુદ્રતણી છે પ્રદોષ વેળા, મને રોષ ધરે જટાધારી રે;
તેમાંથી ઉત્પાત જ થાશે, નિશ્ચે તે નિરધારી રે.
સમજાવી સમજે નહીં સુંદરી, ચડ્યું અંગ અભિમાન રે;
પછે ઋષિજીએ પરવશ થઇને આપ્યું પુત્રનું દાન રે.

CENTRAL LIBRARY

આપ્યું પુત્રનું દાન રે, અબલા મન હરખી ઘણું;
થયા પુત્ર બે તેહને, કહું સાંભળ પ્રાક્રમ તેતણું.
જે દહાડાના ઓદર અવતર્યા, જય વિજય બે વીર;
તે દહાડાનું મેઘ મહીપર, પૂરે ન મૂકે નીર.
મંદિરમાંથી ભાંભરે, અર્ધ નિશાએ ધેન;
સ્વાન મુખ ઊંચે રુવે, એમ થાય છે અપચેન.
ધણુધણે ધરણી એક વાયક, પડે ભાંગી ભાંડ;
શૈલ વાયુ ભેમ ગાજે, ખળખળે બ્રહ્માંડ.
વૃક્ષ સૂકે કાને ફૂંકે, ધરણ ધણુધણે શુન્ય;
રુધિર વરસે સર્પ સરખું, રહ્યા મહાજન મુન્ય.
મધ્ય રાતે વાયસ બોલે, કરે કાગારોળ;
પ્રાતઃકાલે શ્વાન બોલે, હોય હાલકલોલ.
અકાલે વરસાદ વરસે, ચડી અકસ્માત;
પડે પહાણા વ્યોમથી, એમ થાય ઉલ્કાપાત.
ઓદરમાંહે આવિયા, લઈ વિષ્ણુ સાથે વેર;
એની પેરે અવનિ વિષે, થાય આગમજથી એ પેર.
દિતિ મનમાં મોદ વાધ્યો, પતિએ પૂરી આશ;
સદાશિવને લોપિયા તે, કોપિયા અવિનાશ.

દિતિ જિતિ ફળ પુત્રનું સ્વામી, પામી પરમાનંદ નારી;
દહાડે દહાડે ચડતી કળા કામિનિ, મુખ પુનમનો ચંદ નારી.
નેત્ર વિશાળ બે વાંકી ભમરો, પ્રાણી ન આવે પાસ નારી;
મુખ જુએ તે બીહે મનમાં, એમ પમાડે ત્રાસ નારી.
જોરે ઝબુકે લલાટની લાવણ, દામિની કોટ કપોલ નારી;
અંગ વાધ્યો ઊછરંગ ઘણેરો, તન દીસતી ઝાકમઝોલ નારી.
મચ્છર મનમાં ઘણો ધરે માનિની, બોલે બલભર્યા બોલ નારી;
લઘુ ભુવનમાં કોઈ નવ દેખે, પોતાને સમતોલ નારી.
ધર્મની વાતમાં દ્વેષ કરે, નહીં ભૂદરજીપર ભાવ નારી;
જુની પ્રકૃતિ ટળી ગઇ કામિની, નવો બન્યો દેખાવ નારી.
સાસરિયામાં સહુને વઢે, રઢ લીએ તે ન મેલે વાત નારી;
જોમ ઘણો ઘરમાંહે જગાડે, રીશ કરે દિન રાત નારી.

અદિતિની અણખત કરે, તે ઉપર આણે રોષ નારી;
ભૂષણ વસ્ત્ર નવાં નવાં જોઇએ, રાખે નહીં સંતોષ નારી.
સન્મુખ કોઇ નિહાળી શકે નહીં, તેવું થયું છે સ્વરૂપ નારી;
બોલાવે તે બીકે મનમાં, જાણે હમણાં કરશે કોપ નારી.
ગત્ય ધરે ગજગામિની ગર્વે, આવે આંગણા બહાર નારી;
ચરણે ચાલે ને ધરણી હાલે, શિર શેષ ન ઝીલે ભાર નારી.
એમ કરતાં ખટ માસ જ થયા, સાતમે સંકટ થાય નારી;
ઓદરમાં ઉત્પાત જ માંડે, અતિ ઘણું અકળાય નારી.
દોહલા દિન પૂરા કરે કામિની, રહ્યું ક્ષણું નવ જાય નારી;
માંડ કરી દિન રાત જ કાઢે, પણ પૂરે અન્ન ન ખાય નારી.
ત્યાં ઘણા જોશી દાઈ ડોસી, મળી મંત્રનાં પાણી પાય નારી;
ચકાવાની વિધિ સંભળાવે, ગર્ભપીડા જેથી જાય નારી.
ગીત કથા ને કૌતક વાર્તા, સંભળાવે ઋષિ જન નારી;
પંડિત પુરોહિત રક્ષા બાંધે, ઋષિ કરે હવન નારી.
એમ કંઇ દુઃખમાં દિન નિગેમ્યા, પૂરા થયા દશ માસ નારી;
તેવે સમય ચતુરાનન આવ્યા, કીધી વાત પ્રકાશ નારી.
કુખ વધુને બહુ દુઃખદાયક, ઉપન્યા ઉગ્ર અસૂર નારી;
ચૌદ ભોવનને ચાક ચડાવશે, કહાવશે કેવલ ક્રૂર નારી.
પીડશે પુત્ર પ્રજા સઘળીને, આદરશે બહુ પાપ નારી;
જય વિજયનો અવતાર થયો છે, સનક ઋષિને શાપ નારી.
એવું સુણી અબલા ભય લાગો, ભાંગો તે મનનો હરખ નારી;
ગર્ભે વિષે સુત રાખી રહી છે, સંકટથી સત વર્ષ નારી.
જાણે રખે સુત જન્મ ધરે તો, પૃથ્વી પીડા થાય નારી;
મેદિનીનું દુઃખ મનમાં જાણી, પ્રસવે નહીં જુગમાંય નારી.
સુંદરી સંકટ ભોગવે ભારી, તે વાત જાણી ત્રિપુરાર નારી;
વેશ ધરી અવધૂતજ કેરો, શંકર આવ્યા દ્વાર નારી.
ચરણે લાગી ચતુરા પરિબ્રહ્મને, મહાદેવ બોલ્યા વાણ નારી;
ગર્ભે હવે પ્રસવ સતી શિઘ્રથી, વર આપું તે જાણ નારી.
વિષ્ણુતણા એ વેરી થાશે, જીતશે બાધું જગત નારી;
પણ એને ઘેર પુત્રરૂપે, અવતરશે એક ભક્ત નારી.
એમ કહી તત્કાલ થયા, ઉભ્યાવર અદૃષ્ટ નારી;
માનુનીએ મન માંહે વિચાર્યું, સરજું ત્યારે સૃષ્ટ નારી.

દિતિએ પછી પુત્ર પ્રસવ્યા, બેલડીએ બેહુ બાલ નારી;
રૂપ ભયંકર ઉગ્ર મહા બલ, બ્ર અને મુખ કરાલ નારી.
વાજે ઢોલ નિશાન ને દુંદુભિ, નાદતણા નિર્ઘોષ નારી;
ગંધર્વ ચારણજુથ બંદીજન, મોતીએ પૂરયા ચોક નારી.
દીસતી કંચન જેવી કાયા, પુત્ર નિહાળે માત નારી;
વહાલ કરી બોલાવે બેને, મહા બળિયા વિખ્યાત નારી.
હરખ ધરી ધરી લાડ લડાવે, જાળવે જીવની પેર નારી;
આળવીતા ઉછાછળાં કુંવર, મોકલે નહીં પરઘેર નારી.
એમ કરતાં એક સંવત્સર, પુત્ર રહ્યા વશ માત નારી;
પછે આંગણાં બહાર ફરે, તે મહા બળિયા વિખ્યાત નારી.

મહા બળિયા વિખ્યાત રે, બાળક બે ઉત્પન્ન થયા;
મુનિવરને માને નહીં, તેણે અધર્મી અસુર કહ્યા.
દિતિ ઓદર અવતર્યા, તેણે કહેવાણા દૈત;
અચ્યુતશું અણચિતપણું, નહીં પ્રભુજીપર પ્રીત.
નહીં પ્રભુ પર પ્રીતરે, નારદ મુનિ વાણી વદે;
બળિયા બાંધવ ઉત્પન્ન થવા, તે વાત ઘરજે હદે.

વળી વળી બોલ્યા તે નારદ વાણજી, સાંભળ રાજા તે ચતુરસુજાણજી;
દાનવ પ્રગટયા તે મહા જોરાણજી.

જોરાવર જુગમાંહે પ્રગટયા, કરે અસુર ઉન્માદ;
બળિયા બંધવ બે થયા, સુર સાથે કીધો વાદ.

કશ્યપને ઘેર અવતર્યા, તે ક્રૂર રૂપે કુમાર રે; બલવંત બહુ;
હિરણ્યાક્ષ હરિણ્યકશિપુ, નામ પાડયાં નિર્ધાર રે. બલવંત બહુ.
આવી પીડે આંગણે, વર્ષે એકને અનુમાન રે, બલવંત બહુ;
સાહી લાવે ગગનમાંથી, સૂરજ સહિત વિમાન રે. બલવંત બહુ.
ઉડી વળગે આભને, તારાને પમાડે વાસ રે; બલવંત બહુ;
ચંદ્રમાને કર ધરે, ને ફરે ઉંચે આકાશ રે. બલવંત બહુ.
નિખેતાં દિગપાલ ડોલે, પાડે પર્વતશૃંગ રે; બલવંત બહુ;
ભોમ ઉપર ભાર લાગે, ખળભળે નવ ખંડ રે. બલવંત બહુ.
બાલપણામાં બળ એવું જે, મહી મેલે માન રે; બલવંત બહુ;
તેવા દાનવ થયા પ્રૌઢા, થરથરે બ્રહ્માંડ રે. બલવંત બહુ.

પાતાળમાંહે પરવરે, દાનવ વધારે દ્વેષ રે; બલવંત બહુ;
પુચ્છ તાણે પન્નગનું, સૂતો જગાડે શેષ રે. બલવંત બહુ.
વરુણ સાથે વઢવા માંગે, ઉડાડે જલ અઘોર રે; બલવંત બહુ;
નીરકેરા નાથ પાસે, અસુર માગે ભોગ રે. બલવંત બહુ.
અમર સાથે આથડે ને, કરે સબળો ક્રોધ રે; બલવંત બહુ;
જગનમાંહે ભાગ માંગે, શીખવે પ્રબોધ રે. બલવંત બહુ.
કરે અદાવત ઇંદ્રની સાથે, સુરશું રાખે વેર રે; બલવંત બહુ;
ચૌદ ભુવનમાં ગદા ત્રાડીને, ફેરવે ચારે મેર રે. બલવંત બહુ.
કોપવાન કુબેરશું થઇને, રત્ન માંગે રોક રે; બલવંત બહુ;
વાજ આણ્યું વિશ્વ બાધું, ત્રાહે ત્રાહે ત્રિલોક રે. બલવંત બહુ.
દિગ્પાલકેરા ગજકેરા જઈ, દંત તાણી સહાય રે; બલવંત બહુ;
શુંઢ સાહીને ફેરવે, વારી ન શકે કોય રે. બલવંત બહુ.
કરે ક્રીડા સિંધુમાંહે, રમે લાતોલાત રે; બલવંત બહુ;
સાત સાગર ભેળાવે ભેળા, ઉલટે ઉત્પાત રે. બલવંત બહુ.
ઋષિ સાથે વેર રાખે, દુર્મતિ મહાદુષ્ટ રે; બલવંત બહુ;
વાધીઆ બ્રહ્માંડ સૂધી, થયા પ્રૌઢા પુષ્ટ રે. બલવંત બહુ.
અચલ મોટા કરે ઉંચા, ચાલવે ચોખૂંટ રે; બલવંત બહુ;
આકાશ ચાટે જીભશું, જેમ વૃક્ષને વળગે ઊંટ રે. બલવંત બહુ.
ભય ધરે નહિ મન વિષે, અલવે વખાણે આપ રે; બલવંત બહુ;
પુણ્યનો મારગ પરહરીને, પંડે આચરે પાપ રે. બલવંત બહુ.
નારદ મુનિ સંધ્યા કરે, એક સમે ગંગાતીર રે; બલવંત બહુ;
દૈત્ય હિરણ્યકશિપુ બંધુ, ઉભો રહ્યો છે વીર રે. બલવંત બહુ.
નીર નાંખે છે ઋષિ સામું, હસે મુખથી મંદ રે; બલવંત બહુ;
ત્યારે નારદ બોલ્યા, તુંને મારશે ગોવિંદ રે. બલવંત બહુ.
પછે દાનવ કહે ઋષિજી, કોણ છે એ ભૂપ રે; બલવંત બહુ;
એને માર્યે કાં મરે, તે દાખવોની ભૂપ રે. બલવંત બહુ.
ત્યારે નારદ બોલિયા, એ છે દેવનો દેવ રે; બલવંત બહુ;
પીડા કરીશ જો અમરને, તો આવી મળે તતખેવ રે. બલવંત બહુ.
ત્રણ ભુવનનો ભૂપ કહાવે, સર્વેનો સ્વામીન રે; બલવંત બહુ;
સુરાસુર બ્રહ્માંડમાંહે, એ જેવો નહીં અન્ય રે. બલવંત બહુ.
એવું સુણીને કોપિયા, દૈત થયા ક્રોધાંત રે; બલવંત બહુ;
ગોવિંદજીશું વેર માંડિયું, આણવા તેનો અંત રે. બલવંત બહુ.

હું કરૂં કલ્પાંત રે, દૈતમન ક્રોધ ભર્યો;
તે તણો વિસ્તાર રે, શ્રી વારાહપુરાણે વિસ્તર્યો.
વળી તેની છે કથા, શ્રી ભાગવત મોજાર;
સંક્ષેપ માત્રે કહી વ્યાસે, પરીક્ષિતને સાર.
રાય સાંભળ સત્યવાદી, તેતણું આખ્યાન;
હિરણ્યાક્ષ મલ મારવા, વરાહ થયા ભગવાન.

2. The boon desired by Hiranyakasipu.

પછે વાધ્યો અસુર તપ તાપ રે, બાધા વિશ્વ વિષે;
થયો મુનિવરને સંતાપ રે, બાધા વિશ્વ વિષે.

કંપે સ્વર્ગ મૃત્યુ ને પાતાળ રે, બાધા; વળી ડોલ્યા દશે દિગ્પાળ રે, બાધા.
દેવ મેલી પોતાનું ધામ રે, બાધા; રહેવા ખોળતા હિંડે ઠામ રે, બાધા.
ચૌદ લોક ચડ્યાં ચકડોળ રે, બાધા; બ્રહ્મલોકમાં હાલકલોલ રે, બાધા.
વાધ્યું તપતણું બહુ તેજ રે, બાધા; મન ભમાવી ચારે એજ રે, બાધા.
થયો દાનવ મહા બળવાન રે, બાધા; વર આપવો જોઇએ નિદાન રે, બાધા.
કહિએ ચુકયો નહીં તપતાલ રે, બાધા; વર આપવામાં જંજાલ રે, બાધા.
એ તો તામસી છે દુર્બુદ્ધ રે, બાધા; જુગ માંહે જગાડશે જુદ્ધ રે, બાધા.
એ તો દેવને દેશે દંડ રે, બાધા; એ તો આચરે પાપ પ્રચંડ રે, બાધા.
એમ બ્રહ્મા વિચારે વાત રે, બાધા; વર આપવા આવ્યા ખ્યાત રે, બાધા.
આવી ઉતર્યા પર્વત માંહે રે, બાધા; તપ દાનવ સાધે છે જ્યાંહે રે, બાધા.
કર મૂકી કરચો સાવધાન રે, બાધા; મુખ બોલ્યા બ્રહ્મા ભગવાન રે, બાધા.
ઊઠ પુત્ર તપસ્યાથી જાગ રે, બાધા; મન ગમતો ઊઠી વર માગ રે, બાધા.
એવું સાંભળી જાગ્યો ભૂપ રે, બાધા; દીધું દેવ વિધાતાનું રૂપ રે, બાધા.
કર જોડીને લાગ્યો પાય રે, બાધા; સ્વામી થાજો હુંને સહાય રે, બાધા.
જેટલા વર માગું આજ રે, બાધા; તેટલા જ આપો મહારાજ રે, બાધા.
જેટલા સૃષ્ટિ તમારીના જંત રે, બાધા; મારો આણી ન શકે અંત રે, બાધા.
જળ ભૂતળ વાયુ પ્રકાશ રે, બાધા; મારો તે ન કરી શકે નાશ રે, બાધા.
શલ્યા શુષ્ક કાષ્ટ કે દંડ રે, બાધા; તેણે પડે નહીં મુજ પંડ રે, બાધા.
મંત્ર જંત્રને આયુધ અસ્ત્ર રે, બાધા; મુને છેદે નહીં કો શસ્ત્ર રે, બાધા.
સાત ધાતુના ઘાટ અનેક રે, બાધા; મારે અંગ ન ભેદે એક રે, બાધા.
વનૌષધિ ભાર અઢાર રે, બાધા; મારો તેથી ન થાયે સંહાર રે, બાધા.
ગિરિશિખર પહાણ કોડાણ રે, બાધા; મારો પાડે ન નિશ્ચે પ્રાણ રે, બાધા.

CENTRAL LIBRARY

ઘર ગોખલો ને ઘરબાર રે, બાધા; મારો પંડ પડે ન કો ઠાર રે, બાધા.
અવનિપર અંબર હોઠ્ય રે, બાધા; મુજ મૃત્યુ તે નાવે નેટ રે, બાધા.
દિન રેણ સમસ્ત મોઝાર રે, બાધા; મુને મારે ન મારણહાર રે, બાધા.
જીવ યોની જે ચારે ખાણ રે, બાધા; તેથી નવ મરૂં નિર્વાણ રે, બાધા.
એટલું માગું કર જોડ રે, બાધા; પહોંચે મારા મનનો કોડ રે, બાધા.
પછે બોલ્યા બ્રહ્મા બોલ રે, બાધા; તેં તો વર માંગ્યા અણતોલ રે, બાધા.
નથી આપવા જેવા નિર્ધાર રે, બાધા; વર દુર્લભ એજ અપાર રે, બાધા.
આજ લગે એવા નથી કોય રે, બાધા; જેને તારા જેવો વર હોય રે, બાધા.
પણ જા તારા તપને ત્રાશ રે, બાધા; વર આપીને પૂરૂં આશ રે, બાધા.
મુખે માંગ્યું તે થાશે સત્ય રે, બાધા; પણ દૈત્ય તારી છે દુર્મત્ય રે, બાધા.

3. Prahlād's education.

પછે ગુરૂજીએ તેડ્યો, રંગીલા કુંવર રે;
લઇ મસ્તક મૂક્યો હાથ, રંગીલા કુંવર રે.

એવી વિદ્યા તુંને શીખવું, રંગી; જેમ જીતે સભાનો સાથ, રંગી.
હાથ પાટી લ્યો હેમની, રંગી; માંહે લખ્યા મોટા મંત્ર, રંગી.
ગુરુતણું મન તું રાખજે, રંગી; તુંને શીખવું ઝાઝા જંત્ર, રંગી.
પહેલી વેળા શિખો શિખવું, રંગી; પછે ભણ્યાનો જે ભેદ, રંગી.
બાવન અક્ષર એ વિષે, રંગી; ચૌદ વિદ્યા ને ચારે વેદ, રંગી.
દીપતાં આંક દશે લખો, રંગી; લેખું કરવાને કાજ, રંગી.
સર્વ વિદ્યા તુંને શિખવું, રંગી; જેમ રૂડું ચલાવે રાજ, રંગી.
તાતતણું માન રાખજે, રંગી; માતાને લાગજે પાય, રંગી.
દુર્બળ દુઃખ દેઇશ મા, રંગી; રખે રાખે વેરીની સહાય, રંગી.
શત્રુનો સંગ ન કીજીએ, રંગી; મિત્રને ન દેશો છેહ, રંગી.
ચોરે ચૌટે જઇશ મા, રંગી; શઠ સાથે ન કરીએ સ્નેહ, રંગી.
રાજદ્વારે કો દહાડલે, રંગી; કાંએ કરીશ મા હાંસ, રંગી.
પંથતણાં પરીઆણમાં, રંગી; વણ તેડ્યે મા જાજે પાસ, રંગી.
ઘુતવિદ્યા નવ ખેલીએ, રંગી; હુંકી ન કીજીએ હોડ, રંગી.
અણજાણે નીર ન પેશીએ, રંગી; નવ બેશીએ નીચની જોડ; રંગી.
ગીત કથા સંવાદમાં, રંગી; વચ્ચે ન કરીએ વાત, રંગી.
અહર્નિશ ઉદ્યમ કીજીએ, રંગી; કાંઈક દાન દીજે વિખ્યાત, રંગી.
રમતાં રીસ નવ કીજીએ, રંગી; દીન રેણ રહિયે રળિયાત, રંગી.

CENTRAL LIBRARY

જમતાં જેર નવ કીજીએ, રંગી; ભાવતું લીજીએ ભાત, રંગી.
સુતા તે સર્પ ન છેડીએ, રંગી; વિષ સાથે ન કીજીયે વાદ, રંગી.
વાપી કૂપ ન ઠેકીએ, રંગી; ઉત્પાત ન કરો ઉન્માદ, રંગી.
પાવક હાથ ન ઘાલીએ, રંગી; નવ ચાલીએ સાંકડી વાટ, રંગી.
અજાણ્યુ વસ્તુ ન પ્રાશીએ, રંગી; નવ કુદીએ અવઘડ ઘાટ, રંગી.
એકલા ગામ નવ ચાલીએ, રંગી. કામ પડે જે કોટ, રંગી.
લીધું દીધું લખાવીએ, રંગી; ખાંતે ન પડે ખોટ, રંગી.
મોટ વડાઇ નવ લોપીએ, રંગી; પાળિએ ઘરમાં ધર્મ, રંગી.
દોષ કેને નવ દીજીએ, રંગી; કીજીએ આપણું કર્મ, રંગી.
પંડને પાવન રાખીએ, રંગી; નાહીએ નિર્મળ નીર, રંગી.
મેલાં વસ્ત્ર ન પહેરીએ, રંગી; રાખીએ શુદ્ધ શરીર, રંગી.
ચાંપીને પાઘ નવ બાંધીએ, રંગી; નખે ન ખણિએ ધરણુ, રંગી.
પ્રભાતે નવ પોઢીએ, રંગી; હસ્તે ન ત્રોડીએ તરણુ, રંગી.
છોર વિના નવ છોરીએ, રંગી; કુડી ન પૂરીએ સાખ, રંગી.
એવી વિદ્યા મેં શીખવી, રંગી; તે વાત હૃદેમાં રાખ, રંગી.

વાત હૃદેમાં રાખજે, રૂડા રાજકુમાર
જગતમાં જશ પેરવે, કૃપા કરે કિરતાર.

કૃપા કરે કિરતાર રે, એવું મન નિશ્ચે ગણે;
જે વિદ્યા સંકટ હરે, તે વિદ્યા ભાવે ભણે.

વળતા બોલ્યા તે મુનિવર વાણુજી, સાંભળ રાજા ને ચતુર સુજાણુજી:
કહું હરિજનની વાત વખાણુજી.

વાત વખાણું ભક્તની, તે સાંભળ ધર્મ નરેંદ્ર;
ગુરુવચન મસ્તક ધર્યું, પણ અનુભવ ઓપેંદ્ર.

ગુરુજીને શિશ નમાવી કરી, કર જોડીને બોલિયો બાળ: કૃતાર્થ મને કર્યો;
સ્વામી સકળ વિદ્યા મને શીખવી, મને કરુણા કરી તત્કાળ: કૃતાર્થ.
હું તો સિદ્ધો વરણ સિદ્ધ શીખિયો, તેમાં ક્ષણ નવ લાગી વાર: કૃતાર્થ;
જેનો અર્થ વિચારતાં એ થયો, માંહિ ક્રીડા કરે કિરતાર: કૃતાર્થ.
મેં તો અક્ષર સઘળા ઓળખ્યા, મને લાધ્યો ભણ્યાનો ભેદ: કૃતાર્થ;
એથી શાસ્ત્ર સકળ મંત્ર જંત્ર કળા, ચૌદ વિદ્યા ને ચારે વેદ: કૃતાર્થ.

એના બાવન અક્ષર બીજ સદા, માંહિ પૂરી રહ્યો પરિબ્રહ્મ; કૃતાર્થ;
તેને સમજે તે સુખ પામે ઘણું, અણસમજુને પહોંચે શ્રમ; કૃતાર્થ.
મેં તો કક્કો તે કેશવ જાણિયો, ખખ્ખો ખગવાહન નિરધાર; કૃતાર્થ;
મેં તો ગગ્ગો તે ગોવિંદ જાણિયો, ઘઘ્ઘો ઘનશ્યામ મોરાર; કૃતાર્થ.
મેં તો નન્નો નારાયણ લેખિયો, વળી ચચ્ચો લખ્યો ચક્રપાણ; કૃતાર્થ;
મેં તો છછ્છો છબિલો જ લેખ્યો, લખ્યો જજ્જો તે જીવન પ્રાણ; કૃતાર્થ.
મેં તો ઝઝ્ઝો ઝબકારી લખ્યો, નન્ને નિર્ગુણ નિરાકાર; કૃતાર્થ;
મેં તો ટટ્ટો તે ટેક ધારી લખ્યો, લખ્યો ઠઠ્ઠો તે ઠારણહાર; કૃતાર્થ.
મેં તો ડડ્ડો તે ડંબરધારી લખ્યો, મેં તો ઢઢ્ઢો લખ્યો જગઢાલ; કૃતાર્થ;
મેં તો ણણ્ણો નિરંજન જાણિયો, તત્તો ત્રિભુવનપ્રતિપાળ; કૃતાર્થ.
મેં તો થથ્થો થિરથાવર લખ્યો, મેં તો દદ્દો લખ્યો છે દેવેશ; કૃતાર્થ;
મેં તો ધધ્ધો તે ધરણીધર લખ્યો, મેં તો નન્નો લખ્યો છે નરેશ; કૃતાર્થ.
મેં તો પપ્પો તે પુરુષોત્તમ લખ્યો, લખ્યો ફફ્ફો તે ફળદાતાર; કૃતાર્થ;
મેં તો બબ્બો તે બહુનામી લખ્યો, મેં તો ભભ્ભો લખ્યો ભવતાર; કૃતાર્થ.
મેં તો મમ્મો તે મધુસૂદન લખ્યો, મેં તો યય્યો લખ્યો યમુનેશ; કૃતાર્થ;
મેં તો રરૂરો રામ કરી લખ્યો લખ્યો લલ્લો લીલાધર વેશ; કૃતાર્થ.
મેં તો વવ્વો તે વિષ્ણુ કરી જાણિયો, લખ્યો શશ્શો શંકર્ષણ ભૂપ; કૃતાર્થ;
મેં તો ષષ્ષો તે ષટ્દર્શન લખ્યો, સસ્સો તે સત્ય સ્વરૂપ; કૃતાર્થ.
મેં તો હહ્હો હરિ કરી જાણિયો, મેં તો શ્રી લખ્યો શ્રીપતિ નામ; કૃતાર્થ;
મેં તો ક્ષ લખ્યો રૂપ ક્ષમાકારી, ળ લખ્યો લક્ષ્મીપતિ ધામ; કૃતાર્થ.
મેં તો અક્ષરે અક્ષર ઓળખ્યા, એવો આદ્ય પુરુષ અવિનાશ; કૃતાર્થ;
મને કાંઈ બીજું કહ્યું નવ ગમે, ગુરુ સાચું કહું તમ પાસ; કૃતાર્થ.
હું તો હરિ હરિ મુખમાંથી જપું, દિન રેણ રહું રળિયાત; કૃતાર્થ;
મારા મનમાં ગોવિંદ મુકુંદ વસે, નહિ ઊચરૂં અવર કાંઇ વાત; કૃતાર્થ.
મારે નામ નારાયણ રામ હૃદે, કમળાવર વૈકુંઠરાય; કૃતાર્થ;
સચ્ચિદાનંદ માધવ પ્રાણ પ્રભુ, તેનો ગાઉં મુખે મહિમાય; કૃતાર્થ.
હું તો વંદુ સુંદર નારાયણને, દામોદર દીન દયાળ; કૃતાર્થ;
અવિનાશ અનંત અમોઘ અતિ, વળી પૂરણ બ્રહ્મ ગોપાળ; કૃતાર્થ.
એનું નામ ન મેલું એકે ઘડી, પિંડ માંહે છે જ્યાં લગે પ્રાણ; કૃતાર્થ;
મારે તન મન ધન છે તેહ સદા, જગજીવન શ્યામ સુજાણ; કૃતાર્થ.
એનાં ભજનનો રસ જેણે અનુભવ્યો, તેને બીજી રુચે નહીં વાત; કૃતાર્થ;
તે તો ગીત કથા ગદ્ય પદ્ય કથે, દિન રેણ રહે રળિયાત; કૃતાર્થ.

CENTRAL LIBRARY

કાળીદાસ.

જગદીશ પરમેશ્વર જગતપતિ, વળિ ઇશ્વર સત્ય સ્વરૂપ; કૃતાર્થ;
કહાવે ભક્તવત્સલ ભવસિંધુ વિષે, ભગવાન સુરાસુર ભૂપ; કૃતાર્થ.
હવે એક અધક્ષણ નહીંરે તજું, ભજું ભાવ ધરીમન માંય; કૃતાર્થ;
મારે પ્રીતડી જે પેલા ભવ તણી, તેણે શ્રીવર થાશે સહાય; કૃતાર્થ.

શ્રીવર થાશે સહાય રે, મને મોટો વિશ્વાસ;
કરુણાસાગર શ્રીહરિ, તે પૂરે મનની આશ.
જેણે ભજ્યા નહિ શ્રીહરિ, ભક્તવત્સલ ભગવાન;
અમૃતને અળગું કરી, વિષમ કર્યું વિષપાન.

વળતા બોલ્યા તે મુનિવર સારજી, સાંભળ રાજા તે ધર્મે કુમારજી;
ગુરુએ વાર્યો તે રાજકુમારજી, ફરિ ન કરીશ એવો ઉચ્ચારજી.

ગુરુએ વાર્યો અસુરસુતને, સુણી વિષ્ણુનાં વખાણ
તુજ તાત વેરીને શું ભજે, સુણ કુંવર ચતુરસુજાણ.

અધ્યારુ વળતું બોલિયો, તને વારૂં રે,
એવું વળી મા બોલીશ વેણ, કુંવર નહિ સારૂંરે;
એશું તાત તારાને વેર છે, તને; સુણી રીસે રાતાં થાય નેણ; કુંવર.
એ તને કોણે શીખવ્યું, તને; રાય સુણતાં થાશે વિનાશ; કુંવર;
દૈત્યને દેવશું વેર છે, તને; નામ લેતામાં લાગે હુતાશ; કુંવર.
જાણ્યું અજાણ્યું બકીશ મા, તને; કોપ કરશે તારો તાત; કુંવર;
આગળથી એટલું કહી, તને; ફરી મુખથી મા કાઢીશ વાત; કુંવર.
અસુરતણે કુળ ઉપન્યો, તને; કહેને કયાંથી શિખ્યો પરપક્ષ; કુંવર;
તાતનો શત્રુ શ્રીરામ છે, તને; તેનાં નામનો લીધો લક્ષ; કુંવર.
વેરીનું નામ ન લીજિયે, તને; શત્રુને ન નમાવવું શીશ; કુંવર;
તારો પિતા જો જાણશે, તને; તો તે રીસવ કરશે રીશ; કુંવર.
અજાણ્યું કામ ન કીજિયે, તને; એથી કારમો થાશે કલેશ; કુંવર;
બાપથી મનમાં બીજિયે, તને; જેથી સાંભળશે સર્વ દેશ; કુંવર.
આગળથી આદર કરી, તને; હવે એનું ન લેશો નામ; કુંવર;
તાતને કોણે કહેવાય નહીં, તને; જો સાંભલે તો મારે ઠામ; કુંવર.
તું તો બાળક જાણે નહીં, તને; શા છે દૈત્યતણા કુળધર્મ; કુંવર;
બુદ્ધિ વિના શુદ્ધિ શી પડે, તને; વણ જાણે ન કીજિયે કર્મ; કુંવર.

CENTRAL LIBRARY

બેઠો તે શત્રુને શું ભજે, તને; તું તો ઉપન્યો કુળ અંગાર; કુંવર;
કોઇ કપટીયે તને શિખવ્યું, તને; રહ્યો એ જ કરેછ ઉચ્ચાર; કુંવર.
કોઈક પાખંડિયે પ્રીછવ્યો, તને; કોણ મળ્યો તે લોભી લાંઠ; કુંવર;
દૂરથી ડુંગર દાખવ્યા, તને; તેની ઝરડીને બાંધી ગાંઠ; કુંવર.
તાતથી કો અદકું નથી, તને; બીજું ભજન કરે શ્યાને માટ; કુંવર;
એની ઋદ્ધિ સિદ્ધિ ત્રૈલોકની, તને; એથી અદકેરી ખોળછ ખાટ; કુંવર.
એ મૂકી વિષ્ણુને વળગ મા, તને; જેણે માર્યો બાંધવ તુજ તાત; કુંવર;
તે સાથે સ્નેહ તારે કયમ ઘટે, તને; તને હસશે દાનવ નાત; કુંવર
એવું જાણી એને ઓળગે, તને; બધો વંશ લજાવણુ વીર; કુંવર;
તુજ તાત તુજપર કોપશે, તને; તારી માતા નયણે ભરે નીર; કુંવર.
વેરીશું વહાલ ન કીજિયે, તને; તેથી ગુરુને શિર પડે દોષ; કુંવર;
બાળક જાણી વહાલ કરે, તને; ફરી રામ કહે તો કરે રોષ; કુંવર.
પેરે પેરે કરી પ્રીછવું, તને; એનો ફરી કરીશ મા કોડ; કુંવર;
અમે કુળગુરુ તારા તાતના, તને; હવે ફરી વદીશ મા હોડ; કુંવર.

4. "I will not leave the name of Rāma."

રામભજન વણુ ન નેમ બીજો, અવર ચરચા નવ કરે;
જગદીશ નારાયણુ હરિ, ગોવિંદ માધવ ઓચરે.
તાત સન્મુખ વાત કરતાં, રામ રસનાએ રટે;
હવે તેનો કહું મહિમા, સાંભળે સંકટ ઘટે.
પ્રહ્લાદ બોલ્યો પિતા સાથે, સત્ય છે શ્રીરામ;
પ્રથમ વહાલી એ જ વિદ્યા, તે ન મેલું મુખ નામ.

મુને વહાલુ વહાલું વહાલું દાદા, રામજીનું નામ;
મારે અવર વિદ્યાતણું, નથી કાંઈ કામ;
મુને વહાલું વહાલું વહાલું દાદા, રામજીનું નામ.—ટેક.
જુવોરે પિતાજી, આણી મુજપર પ્રીત;
મારી પાટીમાં લખાવો, રૂડાં ગોવિંદજીનાં ગીત. મુને૦
મારે મન માધવ, કૃષ્ણ મુકુંદ મોરાર;
ભજું મધુસૂદન, કેશવ આપે કીરતાર. મુને૦
મારે દામોદર, અવિનાશી રે અનંત;
મારે ભજવો છે, ભક્તવત્સલ ભગવંત. મુને૦

CENTRAL LIBRARY

કાળીદાસ.

મારે શ્રીવર, સુંદર વરજો સુદાત;
મારે નારાયણ, પ્રભુ નિર્ગુણનાથ. મુને૦
મારે પુરષોત્તમ, પરિબ્રહ્મ વસુદેવ;
મારે ભૂધર ભજવાની, પડી બહુ ટેવ. મુને૦
હું તો હૃદે માંહે લખી રાખું, રામ ગોવિંદ;
વળી તન મન ધન, મારે સચ્ચિદાનંદ. મુને૦
મારા વદનમાં, વસ્યો વિઠ્ઠલ વિશાળ;
તેણે વિસરતો નથી, હુંને મદનગોપાળ. મુને૦
મારે શ્રવણે, શ્રીરામનું ગાન;
મારે રામજીનું સ્મરણ, રામજીનું ધ્યાન. મુને૦
મારે વિષ્ણુનું વદન, સેવન શ્રીરામ;
મારે ધર્મે ને કર્મે, તે સાચો સુંદરશ્યામ. મુને૦
હું તો સદા ને સર્વદા, શ્રીહરિકેરે શરણ;
કીધું આપસમર્પણ, પ્રભુજીને ચરણ. મુને૦
મારે ધરણીધર પર, દૃઢ થયો વિશ્વાસ;
હું તો જન્મ જન્મ થકી, દેવ કેરો દાસ. મુને૦
મારે જગતમાં જિહાં, લગી કલેવર ક્ષેમ;
મારે તપ તીરથપર, લાગ્યો પૂરણ પ્રેમ. મુને૦
મારે નિર્ધનનું ધન, છે સારંગપાણ;
મારા મંદિરમાં જોતે જડી, મોતીડાંની ખાણ. મુને૦
હું તો મુકું નહીં મુખથી, વિષ્ણુનાં વખાણ;
હું તો પૂરે પ્રેમે ભજન, કરે પુરુષપુરાણ. મુને૦
હું તો વિદ્યાતણું તત્ત્વ, તાપસું રૂડી રીત;
ચારે વેદ વલોણામાં, વિષ્ણુ નવનીત. મુને૦
એ ઉંડા ભવસાગરમાં, પ્રભુ નામ છે નાવ;
નાવે માનવી દેહ વિના, બેઠા કેરો દાવ. મુને૦
એવા જગજીવન, ત્રિભુવન પ્રાણ;
કોણ સિંધુ માંહે કુદિ પડે મેલી મોટાં વહાણ. મુને૦

મેલી મોટાં વહાણ રે, સાગરમાં શાને પડો;
ભવ જળ તરવા પારરે, રામ નામ નાવે ચડો.

CENTRAL LIBRARY

5. Narasimha appears.

વળતા બોલ્યા તે મુનિ પુણ્યવંતજી, સાંભળ રાજા તે મહિમા સંતજી;
આણવા અસુર રાયનો અંતજી, રક્ષા કરવા તે શ્રીભગવંતજી.

જેમાં પ્રગટ્યા શ્રીહરિ, કરુણા કરી તત્કાળ;
હિરણ્યકશિપુ ક્રોધે ભરાણો, નિકટ લીધો બાળ.
સિંહાસનથી શિઘ્રે ધાયો, ખડ્ગ લીધું હાથ:
અલેક ઊપર ઉગામિયું, દેખાડ વૈકુંઠનાથ.

બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ, એમ હોકારે બકારે બોલે મૂઢમતિ;
હું તો મનમાં ન રાખું કોની બીક રતિ, બાળા દેખાડ દેખાડ તારો વૈકુંઠપતિ.
હમણાં પ્રહાર કરીને તારા પ્રાણ હરૂં, ત્યારે હિરણ્યકશિપુ મારૂં નામ ખરૂં;
હું તો બ્રહ્માંડમાં ભય કોનો નવ ધરૂં, બાળા૦
હું તો વેરીતણો છળે બળે મારયો નવ મરૂં, વર બ્રહ્માએ આપ્યા તે અભિમાન ધરૂં;
તેણે સકળ ભૂવનમાંહે ફુલ્યો ફરૂં, બાળા૦
મુને શું કરે તારો રામ રીશ કરી, મારી સન્મુખ ન શકે ધીર ધરી;
ગયો વૈકુંઠથી નાશી મારે ત્રાસે કરી, બાળા૦
વર બ્રહ્માતણો મિથ્યા કરે કોણ વળી, જેથી પ્રગટી સૃષ્ટિ વિવિધ સઘળી;
મુને સહાય થયો છે તપમાંહે મળી, બાળા૦
એવો દિવસ કયો જે દેખું દેવ હરિ, જુદ્ધ કરૂં તેની સાથે કર ખડ્ગ ધરી;
પહેલો એ મળે તો મેલું બીજી વાત પરી, બાળા૦
એવું વચન સુણીને બોલ્યો બાળ મુખે, રાજા બળ શાને કરો બેસી રહોની સુખે;
હું તો દુબળો થાઉં છું તમારે દુઃખે, દાદા દેખાડું શું રામ મારો રહ્યો છે વ્યાપી.
મારો પ્રભુજી વસે છે ત્રૈલોક વિષે, એને ન જાણતા આપણથી દૂર રખે;
નથી બ્રહ્માંડ કોઈ મારા નાથ પખે, દાદા૦
એ તો આત્મસ્વરૂપી સહુ માંહે વસે, જેમ દર્પણ માંહે પ્રતિબિંબ ધસે;
તેમ સઘળે ગોવિંદ અળગો ન ખસે, દાદા૦
ત્યારે બોલિયો અસુર મન ક્રોધ થકે, અલ્યા જાણ્યું અજાણ્યું કેટલું બકે;
આ સ્થંભથી ઠાકોર તારો પ્રગટી શકે, બાળા૦
એવું સુણી બાળક કર જોડી કહે, મારા સ્વામીજી મહિમા તો સત્ય લહે;
હુંમાં તુંમાં સ્થંભ ખડ્ગ સહુમાં રહે, દાદા૦

પછી પ્રહ્લાદ સંભારે વૈકુંઠધણી, નિરખી પ્રેમશું જોયું ત્યાં સ્થંભ ભણી;
માંહે દીઠા નરસિંહ ત્રૈલોકધણી, દાદા૦
દેખી સ્થંભને પ્રહ્લાદે પ્રણામ કર્યો, મન આનંદ આણીને પ્રદક્ષિણા ફર્યો;
એવું દેખીને દાનવપતિ ક્રોધે ભર્યો, બાળા૦
બાંધો સ્થંભશું વછુટે ઉઠયો ખડ્ગ ધરી, દાઢી મુંછ પછાડી દોડી દોટ દઈ;
પ્રાટો કડડડ સ્થંભ ધરા ધ્રુજી રહી, બાળા૦
દીઠો કારમો કેસરી નર પ્રગટ થયો, રૂપ નિહાળી દાનવપતિ દૂર ગયો;
ધરી ઢાલ ખડ્ગ આવી ઉભો રહ્યો, જુઓ પિતાજી પ્રેમે મુજ વૈકુંઠપતિ.

ઢાલ ખડ્ગ ગ્રહી કરમાં, ઉન્મત્ત ઉભો થયો;
નરખી શ્રીનરસિંહને, જુદ્ધ કરવા સન્મુખ ગયો.
ઉગ્ર રૂપ નરસિંહનું, તે દેખીને દુર્બુદ્ધ;
મનમાં ભય પામે નહીં, ઉન્મત્તે માંડયું જુદ્ધ.

વળી વળી બોલ્યા તે મુખ બુદ્ધિવાનજી, સાંભળ રાજા તે હરિજન કાનજી;
જુદ્ધ કરે અસુરશું ભગવાનજી, નિરખે દેવ ગગને ચઢી વિમાનજી.

અસુરસું નરસિંહ રૂપે, જુદ્ધ કરે જગદીશ;
તે કથાનો સુણો મહિમા, રાય માનવધીશ.

જોતાં કડડડ સ્થંભ ફાટયો કારમો રે, પ્રભુ પ્રગટયા તે નરસિંહ રૂપ
ભડડડ ભાગા ભડ ભૂપતિ રે, છે ભક્તવત્સલ સ્વરૂપ;
રામ દેવસું જગાડયું જુદ્ધ દાનવે રે.
ભ્રુકુટી કુટિલ બીહામણી રે, દીસે નયણામાં પાવકની ઝાળ;
નાસિકા ઘોર ઘણો આકળો રે, તેણે ડોલવા લાગ્યા છે દિગ્પાલ. રામ.
ખાએ બગાસાં વિકાસે મુખ વેગશું રે, થાય તેમાં ત્રણ લોક સમાસ;
હોંકારો કરે શ્રીહરિ આકળો રે, ચૌદ ભુવનમાં થાયે તેનો વાસ. રામ.
બેહુ હસ્ત બિરાજે બલ ભર્યા રે, જેવા ઝળકે તે લાલ ગુલાલ;
તલપે વિડારે શિશુ દૈત્યને રે, હુતા હજુરી હજારો ખવાસ. રામ.
અંગ ઉપરે વિકાળ રોમાવળી રે જંઘે તે કેસરીના જેવા કેશ;
વદન તેજ રવિ કોટિનું રે ધર્યો પ્રભુજીએ વિકાળ ઘણો વેશ. રામ.
ધ્રુજે ધરણી ચરણ ધમકારથી રે, ગાજે પરછંડે ગગન બ્રહ્માંડ;
ખળભળે શિખર શૈલ્યનાં રે, શેષ શળવળે ચળે નવ ખંડ. રામ.

એવું નિહાળી સ્વરૂપ નરસિંહનું રે, મન બીનો નહીં દાનવ નાથ;
ઢાલ ખડ્ગ કરમાં ગ્રહી રે, જુદ્ધ માંડયું મધુસુદનની સાથ. રામ.
ત્યારે ક્રોધ કરી નરકેસરી રે, તાડયો તલપે કરીને તત્કાળ;
જેરાવર ઝાલિયો જીવતો રે, વળી વેગથી વછૂટે વિકાળ. રામ.
નાંખી આયુધ ગગન લગે ઉછળે રે, આવે બીહાવતો દાનવ થઇ ક્રૂર;
વળગે વછૂટે રૂઠે રામસું રે, ઉઠે તનમાંહે સમાયે નહીં શૂર. રામ.
પડે લડથડે વઢે જઈ વાડસું રે, માર્યો મરે નહીં અસુર અકાલ;
ઇંદ્ર બ્રહ્મા આડાં દઈ વાદળાં રે, જોવા આવ્યા અમર ચારે ચાલ. રામ.
દળ વાદળમાં વળે જેમ વીજળી રે, તેમ વિષ્ણુ સાથે દોડી મળે દૈત્ય;
ભારી ભુજ સહસ્રના પ્રહારથી રે, નવ ભાગો આયુધ સહિત. રામ.
ઝાલે ઝડપ નાંખીને નરકેસરી રે, વળી વેગથી વછૂટી વીર જોય;
દેખીને ધ્રુજવા લાગ્યા દેવતા રે, મન મુનિ ન ધરી શકે કોય. રામ.
જુદ્ધ દારુણ દેખીને વિસ્મય થયા રે, ઇંદ્ર બ્રહ્મા વિચારે છે એમ;
નરહરિ આગળ જુદ્ધમાં રે, જાણ્યું રખે રહેતો દાનવ ખેમ. રામ.
થાય ઉંચો નીચો ને બેબાકળો રે, નવ ઝાલ્યો રહે નરહરિને હાથ;
ક્રીડા કરે અસુરસું શ્રીહરિ રે, ભરે સહસ્ર ભુજાતણી બાથ. રામ.
નવ જાણે સુર બેમાં કોણ જીતશે રે, એવો અસુર અતુલ બળવંત;
રાજ જુદ્ધ જોઇને દૈત્ય ને દેવતાણું રે, વળી આંગળી લઈ રહ્યા દંત. રામ.
ભોમ ભાર જંજાલે પ્રહારનો રે, ભય પામ્યો ઘણું મન ભુજંગ;
સઘળા ભેળા સપ્ત સિંધુ સામટા રે, પડે ખડ તાલે પર્વત શૃંગ. રામ.
મલજુદ્ધ પ્રબલને બળે કરી રે, ઘણું શિથિલ થયો શેષ;
ગર્જનાએ ગભે ઘણા ગળ્યા રે, જાણ્યું ભૂતળ વાદળ ભેળે એક. રામ.
એમ અસુર ને વિષ્ણુ વઢે વાદશું રે, તેણે સુઈ ન સકે કોઈ શેજ;
તેજ પ્રકાશ્યું નરસિંહનું રે, તેણે નભમણિ થયા નિસ્તેજ. રામ.
એવો દિતિસુત શ્રીહરિસું વઢે રે, જેમ ઉડી પડે પાવક પતંગ;
હારે નહીં હરિતણી હાકથી રે ત્યારે કોપ્યા વળી પ્રભુ નરસંગ. રામ.
મુખ ડાઢ વધારી વિકાળસું રે, કીધું નરહરિ હાસ અટાટ;
કાયર થયો દેવના ત્રાસથી રે, ત્રાડે દડી પડયો દાનવ વેરાટ. રામ.
વાગે વદનનો શબ્દ જઈ વ્યોમશું રે, જેમ ગગનમાં ગડગડે મેઘ;
સાહી લીધો અસુરને અંકમાં રે, જેમ બગધર વિષધર વેગ. રામ.
સંધ્યા સમે ગ્રહી મંડપને દ્વાર રે, આવી ઊંબરે બેઠા અવિનાશ:
ઉદર ઉખેળે નખે સ્નેહસું રે, કોઇ ઉભી ન શકે પ્રભુ પાસ. રામ.

CENTRAL LIBRARY

દૈત્ય ખોળે પડયો ખગપતિ દેવને રે, મન ચંતવે છે મેલી નિઃશ્વાસ;
મારો અંતકાળ આવ્યો ગોપાળથી રે, તેને નિશ્ચે આવ્યો મન વિશ્વાસ. રામ.
પહેલાં ઉરપર પ્રવેશ થતો નહીં રે, ચક્ર ફરશી ને કઠણ કુલીશ;
નખથી જઠર કીધું જુજવું રે, તેનો આવ્યો અવસાન સમેધીશ. રામ.
પ્રભુ એણીપેરે પ્રાજે કરે દૈત્યને રે, મારી પાપીના કહાડયા પ્રાણ;
આંતરડાંની માળા કંઠમાં ધરી રે, બેઠા સિંહાસન ચડીને ચક્રપાણ. રામ.
કોણ પહોંચે પ્રભુજીની ચતુરાઇને રે, જેણે સર્વ રચ્યો સંસાર;
બ્રહ્માતણા વચન ન લોપિયા રે, તેમ અસુર વિદાર્યો કીરતાર. રામ.
વર બ્રહ્માતણા સત્ય કરી પાળિયા રે, દુષ્ટ માર્યો સર્વે વિચારી પ્રદોષ;
પુષ્પવૃષ્ટિ કરે સર્વે દેવતા રે, વાજે દુંદુભિતણા નિર્ઘોષ. રામ.
નિજ ભક્તને દુઃખ્યા માટે કોપિયા રે, પ્રભુ સંહાર્યો છે દાનવ જોધ;
રિપુ ક્ષય પામ્યા પછે નરસિંહને રે, કેમે ઉતાર્યો ઉતરે નહીં કોધ. રામ.
આવ્યા શંકર બ્રહ્મા ને શક્ર દેવતા રે, રહ્યા દૂરથકી કરે છે દર્શન;
સર્વે સ્તુતિ માંડી જગદીશની રે, ગળગળ્યા પ્રભુ કરવા પ્રસન. રામ.

પ્રભુજીને પ્રસંન કરવા, સ્તુતિ કરે સર્વે દેવ;
કહું તુજને તેતણો, સાંભળ રાય અવેવ.
નરસિંહે નખ દઇ વિડાર્યો, હિરણ્યકશિપુ ભૂપાલ;
અસુર ક્ષય પામ્યા પછી, પ્રભુ ન મૂકે વેશ વિકાળ.
ભકતને જે પરભવ્યો, કોપે ચડયા મહારાજ;
અંત આણ્યો અધર્મીનો, કર્યું અમરનું કાજ.

કર્યું અમરનું કાજ, અસુર સઘળા હરખે ભર્યા;
મન પામ્યા ઉલ્લાસ, શ્રીનરસિંહે નિર્ભય કર્યા.

CENTRAL LIBRARY

5. Pritamdas (*circa* 1747-1799 A. D.)*

The Bhāts (bardic singers) should, as their name implies, have supplied the greatest number of names in Gujarāti literature; but as luck would have it, they have given only one writer of first rank in Gujarāti.† Pritamdās son of Raghunāthdās was one of the minor poets of the same caste He was a resident of Sandhesar near Nadiād. His father was a fairly rich person and so he married his son very young to a wife a couple of years his senior. She was a regular scold and had a frightfully sharp tongue. But so full was Pritamdās of his love for Krishna, that whenever she began one of her scoldings, he quietly retired in a corner and composed poetry! Often if the storm lasted for several days he remembered a pilgrimage and went off to another town. He was always welcomed everywhere, for his songs were in great demand and people loved him for his gentle loving nature. He lived to a good old age but his last years were passed in great distress for he got both blind and poor. Still his composure was unruffled and he used to sit for hours dictating verses to his pupils. He has written a large number of poems on Bhakti, Jnān and Vairāgya.

His chief works are સરસ ગીતા, જ્ઞાન કક્કો, ગુરુમહિમા, જ્ઞાન માસ, and Gujarāti versions of અધ્યાત્મ રામાયણ, ભગવદ્ ગીતા and several other Sanskrit works. Besides he wrote over 700 *dohās* on Vedānta subjects.

---

* Brihat Kāvya Dohan, IV, Int. p. 15.

† Cf. the proverb ભાટ ભાટ ભાટડી, કોટે બાંધી ચાટડી; ચારણ ચારણ ચારણિયા, કોટે બાંધ્યું વંટીનું પડ." The one great writer of the Bhāt caste is Dhiro Bhagat.

CENTRAL LIBRARY

I. ગુરુ મહિમા

[The poet was deeply attached to his Guru, Govindrām; and he always taught that only through a Guru could a person attain the path of salvation.]

પ્રથમ નમું ગુરુદેવને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને ગોવિંદ ઓળખ્યા, ટળ્યું દેહાભિમાન.
તત્ત્વ સાર ત્રિલોકમાં, ગુરુ ગોવિંદ જ રૂપ;
આદ્ય મધ્ય અંત્ય એહ છે, હરિગુણ સંત સ્વરૂપ.

હરિ ગુરુ સંત સદા પદ સેવું, જેનું નિત્ય નામ નિરંતર લેવું;
ગુરુ ગોવિંદ એક રૂપ જાણ, રખે ભિન્ન ભાવ હૃદેમાં આણ.
ગુરુ ગોવિંદ થકી છે અધિક, જેની પરમારથ કારણ શીખ;
ગોવિંદના સરજ્યા પડ્યા જીવ જાળ, ગુરુ તેની મુક્તિ કરે તતકાળ.
એવા ગુરુ પૂરણ પ્રેમ દયાળ પોતાનો જાણીને કરે પ્રતિકાળ;
ગુરુતણું જ્ઞાન ગ્રહ્યું શુકદેવ, સંસાર સમુદ્ર તર્યા તતખેવ.
મળ્યા ગુરુ નારદને સુખ રાશિ, તો ટાળિ તતક્ષણ માયા ચોરાશિ;
ગુરુ વિના કોઇ ના પામે પાર, જેના જશ ગાય ઉમા ત્રિપુરાર.
વિરંચી વ્યાસ વદે ગુરુ ઇષ્ટ, ન જાણે મહીમા પ્રાણિ પાપિષ્ટ;
તેને ગુરુ દ્રોહિ કૃતઘ્નિ કહીયે, જેણે ગુરુ જ્ઞાન ધર્યું નહિ હૈયે.
ગુરુને આપ બરાબર જાણે, તેને જમ દૂત વૈતરણિમાં તાણે;
ગુરુને ગાળ કાઢે તે કપૂત, તેનું મુખ સૂળે ભરે જમ દૂત.
ગુરુની સેવામાં ચૂક પડાવે, તેને હરિ ચક્રની ધારે ચઢાવે;
ગુરુની નિંદા સુણે નિરધાર, સીસું ગાળિ રેડે તે શ્રવણ મોઝાર.
ગુરુને ચરણે નમાવે ન શીશ, તેને શત્રુ રૂપે ગણે જગદીશ;
ગુરુની સેજે જે પગ ધારે, તેને ત્રિલોકમાં કોણ ઉગારે.
ગુરુ મરજાદ ન રાખે કોય, તે તો નર રણમાં રાક્ષસ હોય;
ગુરુ વિના ચાકટ જેવો સાપ, જેનું મુખ દીઠે ચઢે બહુ પાપ.
ગુરુ વિના નગરો ફરે જન જેહ, મુવા પછિ ઢોર અવતરે તેહ;
એવું ગુરુ ગીતામાં કહે શિવરાય, જેને વેદ શાસ્ત્ર નિરંતર ગાય.
ગુરુ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ, જેને હૃદે આતમ તત્ત્વ અનૂપ;
છે તત્ત્વમસિમાં અખંડ આનંદ, ત્રિગુણાતીત ટાળે ભવફંદ.

CENTRAL LIBRARY

ગુરુ મહિમા.

એવા ગુરુ પ્રેમે કરી જે જે, તેના ઘટ માંહિ ત્રિભુવન સૂજે;
ગુરુનું પ્રેમે ચરણોદક પીધું, તેણે ત્રિલોકનું તીરથ કીધું.
પામે પરસાદ ગુરુનો પ્રીતે, જાણે તેણે જગ્ન કર્યા લક્ષ નીત્યે;
ગુરુને પ્રેમ સંતોષ પમાડયા, જાણે તેણે ચૌદ લોક જમાડયા.
ગુરુને પ્રકમા કરી લાગે પાય, તેને સહુ સાધન સેજે થાય;
એવા ગુરુ જાણીને આવ્યો શરણ, નિવારો નાથ જન્મ ને મરણ.
ધરિ દેહ પામ્યો મહા દુઃખ, હવે હરિ આપો અવિચળ સુખ;
પિડાયો પાર વિના મહારાજ, હવે હરિ બાંહ ગ્રહ્યાની લાજ.
જેશો અપરાધ અમારા ઈશ, ત્યારે કોઈ કાળે હું કેમ તરીશ;
જ્યારે નિજ માત બાળકને મારે, ત્યારે તેને બીજું તે કોણ ઉગારે.
અભય પદ બિરદ તમારૂં હોય, આવે શરણે તેને હણે ન કોય;
તમો ગુણ ગાયે જો કર્મ ન નાસે, ત્યારે કોણ ચરણ તમારા ઉપાસે.
રવિને ઉગે રહે અંધકાર, ત્યારે તેને શીદ ઇચ્છે સંસાર;
અમૃતને પીધે જો રોગ ન જાય, ત્યારે શો અમૃતનો મહિમાય.
સુરતરુ સેવે ન ભાગે ભૂખ, ત્યારે તેને કોણ કહે સુર વૃક્ષ;
ગંગાજી નહાયે ન જાયે પાપ, ત્યારે શો ગંગાજીનો પ્રતાપ.
પારસને પરશે ન હોય હેમ, ત્યારે તેને પારસ કહિયે કેમ;
સિંહને શરણે જંબુક ખાય, ત્યારે સિંહ શરણે ગયે શું થાય.
રામ નામ લીધે દમે અજ્ઞાન, ત્યારે કોણ કહેશે ભલા ભગવાન;
કામ ક્રોધ લોભ લુંટે જ્યારે ચોર, ત્યારે શું નાથ તમારૂં જોર.
ધણીમાં જ્યારે મળે નહિ ઢંગ, તેની સ્ત્રીયા ફરે ઉઘાડે અંગ;
પતિવ્રતા નાગિ પતિને લાજ, જુવો મન માંહી તમે મહારાજ.
પિડા પામે દાસ પ્રભુને ખોટ, અમોપર કાળ ચલાવે ચોટ;
પ્રભુનું ભજન કરે જે પીડાય, તેનો તમને બહો છે જદુરાય.
આપો નિજ ભક્તિ સંઘ ઉમરાવ, હૃદે ખેડું ઉજડ ફેર વસાવ;
બેસારોને બેરખ નામ તમારૂં, તેણે કરી કારજ થાય અમારૂં.
ત્યારે ફરિ નગર ન લૂંટે કોય, જ્યારે રખવાળું હરિનું હોય;
આવી પ્રભુ કરો હૃદેમાં વાસ, ત્યારે સહુ થાય અવિદ્યા નાશ.
વરતાવોને એક તમારી આણ, ઉઘાડોને રામ રતનની ખાણ;
દીનપણું દૂર કરો જદુનાથ, હવે હરિ હેત કરી ઝાલો હાથ.
બોલાવી પાસ બેસાડો બાપ, પમાડો શીદ હવે પરિતાપ;
ભમાવો શીદ હવે ભગવાન, દયા કરિ દીજે અભયપદ દાન.

CENTRAL LIBRARY

નાઠે નહિ છૂટો ત્રિભુવન નાથ, ન મૂકું શ્યામ તમારો સાથ;
વેરી મેઘ બિંદુ બરાબર હોય, તમારો સંગ ન મૂકું તોય.
માયાને વારો તમો રામ રાય, નથી મુને જંપવા દેતી જરાય;
કરે છે વાંધા સાંધા બહુ જોર, એવું એનું કારમું કામ કઠોર.
હરિ ગુરુ સંતમાં અંતર પાડે, જીવને લાલચ લોભ દેખાડે;
એને કોઇ જીતે મહાશૂર વીર, ડગે નહિ ધર્મે ધુરંધર ધીર.
સાગર સાત તે અંજલિ નીર, ગોપદ ભૂમિ ગગન સમીર;
શૂન્ય પૂરણ દેખે સોય, મૃત્યુ તેને અમૃતનું ફળ હોય.
રિદ્ધિ સિદ્ધિ મારે ન જોઇએ મુક્તિ, ન માગું જોગ સિદ્ધિની જુક્તિ;
ન માગું એકછત્ર સમરાજ, ઇંદ્રતણા આસનનું શું કાજ.
ઇચ્છું નહિ અજપદ ને કૈલાશ, ન માગું ગોલોક વૈકુંઠ વાસ;
પદરજ એક ચડાવું શીશ, તમારી મહેર માયાને અધીશ.
ઇચ્છું નહિ અન્ય પદારથ કાંઇ, રાખો નિજ ચરણ કમળની છાંઇ;
માગું પ્રેમ ભક્તિ સત સંગ સાર, માગું જશ ગાવા લીલા અવતાર.
માગું હરિ પદરજ ચઢે મૂજ શીશ, એ માગું પ્રભુ દો આશીશ;
નડે નહિ કોઈ મને સંસાર, રહું નિજ નામ તણો આધાર.
પ્રીતમ પતિત ઉધારણ નામ, તાર્યા કંઈ કોટી પામ્યા નિજ ધામ.

સત્ય નામ પ્રભુ તમ તણું, સત્ય સત પુરુષ વિચાર;
કહે પ્રીતમ શુધ ભાવશું, દીજે નિત્ય દેદાર.
ગાય શિખે ને સાંભળે, ધરે નિરંતર ધ્યાન;
કહે પ્રીતમ નર નારમાં, નહિ કો તેજ સમાન.

II. જ્ઞાનનો કક્કો ૧ લો

કક્કો કર સદગુરુનો સંગ, હૃદે કમળમાં લાગે રંગ;
અંતરમાં અજવાળું થાય, માયા મનથી દૂર પળાય;
લિંગ વાસના હોએ ભંગ, કક્કા કર સદગુરુનો સંગ.
ખખ્ખા ખરેખરી છે વાત, તે શ્રીમુખે કહી સાક્ષાત;
જ્ઞાની મુનિ જોગી જતી, ગુરુ કૃપા વણ સિદ્ધિ નથી;
જન્મ મરણની મટશે ઘાત, ખખ્ખા ખરેખરી છે વાત.
ગગ્ગા ગુરુની સેવા કરો, પરનિંદા પરધન પરહરો;
પરપંચ તે પડવાનો ઠામ, સાચે રાચે સીતારામ;
એ શીખામણ ચિતમાં ધરો, ગગ્ગા ગુરુની સેવા કરો.

CENTRAL LIBRARY

ગુરુ મહિમા.

ઘઘ્ઘા ઘણું કહે શું થાય, ભવ તરવાનો એ જ ઉપાય;
સમજીને સંશય ટાળવા, બાહ્યાભ્યંતર હરિ ભાળવા;
જોતાં જીવ દશા તો જાય, ઘઘ્ઘા ઘણું કહે શું થાય.
નન્ના નિર્મળ તેની દશા, જેને હરિ હૃદયામાં વસ્યા;
પોતાના અવગુણને હણે, પરના તો હૃદયે નવ ગણે;
કોના દોષ ન દેખે કશા, નન્ના નિર્મળ તેની દશા.
ચચ્ચા ચિતમાં ચેતી લે, માથે મરણતણો છે ભે;
કાયા ઉપર તાકે કાળ; મોહ પારધિયે માંડી જાળ;
તેમાં હરિ રાખે તો રહે, ચચ્ચા ચિત્તમાં ચેતી લે.
છછ્છા છે માયા ગુણમયી, બળવંતી પણ દીસે નહી;
દાનવ માનવ ને દેવતા, અધીન થઇ સૌએ સેવતા;
હરિજન આગે હારી રહી, છછ્છા છે માયા ગુણમયી.
જજ્જા જાણે વિરલા ભેદ, માયા પરપંચ વિધિ નિષેધ;
તે માયાનું તજવું માન, માયાપતિ ભજવા ભગવાન;
અંતરમાં ઉપજે નિર્વેદ, જજ્જા જાણે વિરલા ભેદ.
ઝઝ્ઝા ઝાંખી જેને તેહ, વણ વાદળ જ્યાં વરસે મેહ;
વિના સરોવર અંબુજ સાર, વિના ભમર ઉઠે ગુંજાર;
વિના અર્ક અજવાળું જેહ, ઝઝ્ઝા ઝાંખી જેને તેહ.
ઞઞા નામ નાવ છે સાર, જે બેસે તે ઉતરે પાર;
કાળ કર્મ નહિ લાગે લેશ, છે આનંદી હરિનો દેશ;
તે પદ પામે નિરધાર, ઞઞા નામ નાવ છે સાર.
ટટ્ટા ટેક જનમનો ટળે, અંતરજામી ઘટમાં મળે;
નાના મોટા હરિના ઘાટ, કાંઇ સૂક્ષ્મ ને કાંઇ વૈરાટ;
હરિને ભજતાં હુંપદ ગળે, ટટ્ટા ટેક જનમનો ટળે.
ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક, જ્યાં ન મળે બીજાની બીક;
નિર્ભય નારાયણનો વાસ, પ્રેમ ધરીને રાખે પાસ;
સમજુ માની લેને શીખ, ઠઠ્ઠા ઠેકાણું છે ઠીક.
ડડ્ડા ડાપણ મૂકી દે, સંતગુરુને શરણે જે રહે;
વચનતણો રાખી વિશ્વાસ, કુકલ્પનાનો કરજે નાશ;
ઉપાધિથી અલગો રહે, ડડ્ડા ડાપણ મૂકી દે.
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરુષને હૃદયે રહ્યું;
સમજ્યા તેણે લીધો સાર, ગાફલ નર તો ખાશે માર;

જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું.
રેણા રણ ચોરાશીતણું, તેનું વ્યાજ વધે છે ઘણું;
દાણીગણમાં ડુલી ગયો, દેવાળું કાઢીને રહ્યો;
જમકિંકર કરશે તાપણું, રેણા રણ ચોરાશીતણું.
તત્તા તારૂં આપ તપાશ, ક્યાંથી આવ્યો ક્યાં તું જાશ;
ખેપ કરીને ખોળી કાઢ, હરિફ હોય તો લાગે હાડ;
મૂરખના મનમાં નહિ ત્રાસ, તત્તા તારૂં આપ તપાશ.
થથ્થા થિર તો રહેવું નથી, કોણ રંક કોણ પૃથ્વીપતી;
આજ કાલમાં જાવું સહી, કોટિ ઉપાયે રહેવું નહી;
ભાવ ધરી ભજ કમળાપતી, થથ્થા થિર તો રહેવું નથી.
દદ્દા દેહ દેવળમાં દેવ, સેવક થઇને કરની સેવ;
પ્રેમ પુષ્પ ને ચંદન હાર. જ્ઞાન દીપક ઘટમાં અજવાળ;
અંતરનો ટાળે અહમેવ, દદ્દા દેહ દેવળમાં દેવ.
ધધ્ધા ધરજે ધારન ધીર, વાચ કાછ રાખે વીર;
શબ્દતણી ગ્રહજે સમશેર, શત્રુ દળમાં પાડે મેર;
સદગુરુ બખતર પ્હેરે શરીર, ધધ્ધા ધારણ ધરજે ધીર.
નન્ના નિશાન ગુરુનું છેય, ધીર વીર પગ રોપી રેય;
કાયર નરનું નહિ ત્યાં કામ, શૂરવીરનો સાચો સંગ્રામ;
જિત્યા નિરગુણ જગમાં જેય, નન્ના નિશાન ગુરુનું છેય.
પપ્પા પૂરાની જે પ્રીત, મેરુ ચળે પણ ન ચળે ચિત્ત;
ધ્રુવની પેરે અવિચળ રહે, સ્તુતિ નિંદા ને સુખ દુઃખ સહે;
નારાયણને નિરખે નીત, પપ્પા પૂરાની જે પ્રીત.
ફફ્ફા ફોગટ તે કોણ ફરે, સચેત થઈ હરિ સ્મરણ કરે;
જન્મ મરણમાં આવે નહીં, જેનું મન વસિયું હરિમહી;
જઠરાવાસ ન નિશ્ચે કરે, ફફ્ફા ફોગટ તે કોણ ફરે.
બબ્બા બોલે તેને જાણ, મૂકી દેને મનની તાણ;
હું મારૂં હૃદિયાથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ;
દયા દીનતા મનમાં આણ, બબ્બા બોલે તેને જાણ.
ભભ્ભા ભજનથકી ભય ટળે, નિશ્ચય કાલ કરાળ ન ગળે;
ભેખ ધરે જે સિદ્ધિ થાય, ભાંડ ભવૈયા વૈકુંઠ જાય;
જેવો ભાવ તેવા હરિ ફળે, ભભ્ભા ભજનથકી ભય ટળે.
મમ્મા માયા મનની જાણ, મારૂં તારૂં ખેંચા તાણ;

CENTRAL LIBRARY

જ્ઞાનનો કક્કો.

સઘળે સરખો આત્મારામ, સાંધા વાંધા મનનું કામ;
માટે મન હરિ ચરણે આણ, મમ્મા માયા મનની જાણ.
યયૂયા ઓળખ નહિ જેહને, સંશય શોક સદા તેહને;
આત્મબુદ્ધિ ન ઉપજે કદા, આશા તૃષ્ણા બહુ આપદા;
દેહ ધરિશ દેખે દેહને, યયૂયા ઓળખ નહિ જેહને.
રરૂરા રામ ભજનમાં રહે, બીજું બકવું મુકી દે;
વળતો શીદ વદે છે વાદ, નીર વલોવે ના આવે સ્વાદ;
હરિનું હારદ હૈતે રહે, રરૂરા રામ ભજનમાં રહે.
લલ્લા લે તું આતમ લાવ, ફરી ફરી નહીં આવે દાવ;
જીતી બાજી હારિશ નહીં, સમજુને શીખામણ કહી;
હવે ન ચુકીશ આવો દાવ, લલ્લા લે તું આતમ લાવ.
વવ્વા વેદ વચન નિરધાર, જે પ્રીછે તે પામે પાર;
ઊંચ નીચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદ્ગતી;
સંશય સૌ તજવો અહંકાર, વવ્વા વેદ વચન નિરધાર.
શશ્શા સાધન સર્વે થયું, જેનું ચિત્ત હરિ શરણે રહ્યું;
હરતાં ફરતાં હરિનું ધ્યાન, તપ તીરથ તેને બહુ દામ;
કોટી વિઘન ભય દુકૃત ગયું, શશ્શા સાધન સર્વે થયું.
ખખ્ખા ખાંડનાં બીબાં ભરે, કોયલ કાગડો કુજળ કરે;
મીન મગર બહુ જળચર જાત, જેવું બીબું તેવી ભાત;
મિસકિ જોતાં તો મન ઠરે, ખખ્ખા ખાંડના બીબાં ભરે.
સસ્સા સઘળે સુંદર શ્યામ, હરી વિના નહિ ઠાલો ઠામ;
અનેક રૂપે એનાં નામ, આદે અંતે એક જ રામ.
જો સમજે તો પૂરણ કામ, સસ્સા સઘળે સુંદર શ્યામ.
હહ્હા હરિ ભાળો ભરપૂર, દોષ કર્મે તો રહેશે દૂર;
રવિને રજની નહિ કો કાળ, તેમ આતમા પૂરણ ભાળ;
નિર્મળ નયણે નિરખો નૂર, હહ્હા હરિ ભાળો ભરપૂર.
સૌ અક્ષર સંપૂરણ થયા, હરિ ગુરુ સંતે કીધી દયા;
અક્ષર અક્ષર આતમ બોધ, જો સમજે તો ટળે વિરોધ.
કક્કામાં કહ્યું કપરૂં જ્ઞાન, માને મન તો ચિતમાં આણ.
સંવત અઢાર બત્રીની સાલ, ચૈત્રસુદી સાતમ સોમવાર;
સંઘેસર સાધુનું ધામ, ઠાકોર કુંજબિહારી નામ;
પ્રીતમ પ્રેમે અક્ષર કહ્યા, હરિ ગુરુ સંતે કીધી મયા.

CENTRAL LIBRARY

III. દાણની ગરબીઓ.

રાધા—કયાંનો છે દાણી રે, કોણ દેશથી આવ્યો;
વાત ન જાણી રે, છાપ કોની કરી લાવ્યો.
અબળા સાથે રે, આવડી શી ઈતરાઈ;
કોની આગળ રે, દેખાડો છો ચતુરાઇ.
અમો આહીરડાં રે, હીસું બાળાં ભોળાં;
તે ફળ નોહે રે, જે કંઈ પડે ધંધોળ્યા.
ઢેઢાઇ તજીને રે, સીધે મારગ ચાલો;
કેમ જુવતીનો રે, જોરે પાલવ ઝાલો.
કંસ છે કપરો રે, કોની લાજ નહીં રાખે;
નોહે નંદજી રે, જે બોલો તે સાંખે.
ધીરજ કયાંથી રે, જોને ઢોરાં ચાર્યાં;
પ્રભુ પ્રીતમના રે, તમો જિત્યાં અમો હાર્યાં.

કૃષ્ણ—બલવંત બોલ્યા રે, બાળા બુદ્ધ વિચારો;
ઘણે ઘણે દહાડે રે, આવ્યો દાવ અમારો.
કરી મન મોટું રે, માનિની માટ ઉતારો;
રાજ નંદજીનું રે, કોણ છે કંસ બિચારો.
દાણ લઈશું રે, જો આવે ઈન્દ્રાણી;
અજર ન થાયે રે, કોણ રાજાની રાણી.
શિવ ચતુરાનન રે, જાણે છે શુક જોગી;
પ્રભુ પ્રીતમનો રે, ભાવ તણો છે ભોગી.

રાધા—ભોગી ભાળ્યો રે, પ્રીતની રીત ન જાણો;
તમો તમારે રે, આપે આપ વખાણો.
મોટા માટે રે, મોટપણું નવ કીજે;
વાટે ઘાટે રે, કોનું નામ નવ લીજે.
સૌ નોહે સરખું રે, કોઈ માથાનું મળશે.
પય પાણીનું રે, ત્યારે પારખું પડશે.
સર્વે તમારે રે, હેતે હસી બોલાવો;
અમૃત પીતાં રે, કોને હોય અભાવો.
મહીને મસે રે, મધુપુર માંહે જઇએ;
પ્રભુ પ્રીતમના રે, પરશી પાવન થઇએ.

CENTRAL LIBRARY

દાણની ગરબીઓ.

કૃષ્ણ—માનુની માન્ય રે, મમે વચન કહું તુજને;
વ્રજ વૈકુંઠથી રે, વહાલું લાગે છે મુજને.
ગોલોક ગોકુલ રે, જાણી લેજે જુવતી;
નિલેજજ થઇને રે, નીર ભરે જ્યાં મુગતી.
ધરા જસોદા રે, દ્રોણ વસુ નંદરાય;
કલ્પતરુ તરુવર રે, કામધેનુ તે ગાય.
રત્ન મણિમય રે, કંચન ભોમી ધરી છે;
ખગ મૃગ મધુકર રે, મુનિવર દેહ ધરી છે.
કોય ન જાણે રે, એવો ખેલ અમારો;
અબળા એમાં રે, નહીં કંઈ દોષ તમારો.
રસને વેણે રે, નયણે નેહ વધાર્યો;
સહુ સોંપીને રે, જુવતીએ જન્મ સુધાર્યો.
ગોરસ પીધું રે, લીધું દીધું મનનું;
સર્વસ રાયે રે, સુકૃત ગોપી જનનું
ભાગ્ય મોટું રે; મુખે કહ્યું નવ જાયે;
પ્રભુ પ્રીતમનો રે, પ્રેમતણે વશ થાયે.

IV ભક્તિ પદસંગ્રહ.

(૧)

ચરણ કમળનો રે મોટો રે મહીમા, જેનું ધ્યાન ધરે સુર બ્રહ્મા;
નિગમ નીરંતર ગાય છે રે—ચરણ. ટેક.
જેના ચરણ સેવે મહા મુક્તિ, વાહાલપણા વદે રે વ્રજ જુવતી;
સિંધુ સુતા નિત્ય ગાય છે રે—ચરણ.
ગંગા તુળસી ચરણ નિવાસી, રિદ્ધિ સિદ્ધિ કહીએ જેની દાસી;
સૌ કોઈ સેવે શ્યામને રે—ચરણ.
ચરણ સરોજ સુગંધ સંજોગી, ભક્ત અનેક ભ્રમર રસ ભોગી;
નિમેષ તજે નહીં નામને રે—ચરણ.
પદપર શીતળ જળ પાવનકારી, સેવક સેવે સદા ત્રિપુરારી;
અમર લોક આશા કરે રે—ચરણ.
મનમાં જાણો ગૌતમ નારી, તન મન ધન કરે બલીહારી;
પ્રેમ પ્રીત હૃદય ધરી રે—ચરણ.

પદ પરસી તે રજ વ્રજ વૃંદાવન, પ્રેમે પામે કોઈ પ્રેમી જન;
જેની શ્રીકૃષ્ણ કૃપા કરે રે—ચરણ.
પ્રીતમનો સ્વામી શ્યામળીયો, અલબેલોજી અટલક ઢળીઓ;
નીરખીને નેણાં ઠરે રે—ચરણ.

(૨)

પ્રથમે ગુરુને ગોવિંદ કરી જાણો, ભીન ભાવ કશો મનમાં ન આણો;
પાખંડ પૂજીને શું પરમાણો, બોલે તે બીજો નહીં રે.
બોલતા પુરુષની બુઝવી વાણી, સમશ્યામાં સંત ખતલાવે એંધાણી;
પલક એકમાં ભેટાડે પુરુષ પુરાણી, તો તન મન ધન તેને અર્પીએ રે.
જીવતણું ગુરુ જોખમ ટાળે, ખટ ચક્ર વેધી ચડાવે માળે;
ત્રિવિધ તાપ ગુરુ તરત જ ટાળે, ભેટાડે સાતમી ભોમિકા રે.
રવિ શશી વિના મારે ચાલીછે વાહાણું, નીરખે નાણાંનું ઉઘાડું છે સાનું;
ધનવંતા ધનીનું સુરૂપ વખાણું, જ્યારે જોવું ત્યાં વહાલા વડે રે;
ઠામ નથી દીસતો એક ઠાલો, સ્થાવર જંગમ સૂક્ષ્મ વહાલો;
પાંચ પચીશ પ્રકૃતી ને ટાળો, તો વહાલો નથી કંઈ વેગળો રે.
ઘર જડયું ને ઘર મેડી જડી, સંતોને શબ્દે ગુરુ ગમ પડી;
લાલ ચમેલી વાલા સાથે લડી, ત્રીવેણીના તીરમાં રે.
ગગન ગફાની વાલો ગોખમાં બેઠા, ઓહં સોહં શબ્દ લાગે છે મીઠા;
દશમે દ્વારે દામોદર દીઠા, જાત જડી જીવ શિવની રે.
અનભેય ઊગ્યો મારે ટળ્યું રે અંધારૂં, અગમ અગોચર ઘર લાધ્યું છે મારૂં;
દાસ પ્રીતમ કહે સાંભળો સંભારૂં, તો અનછતો લાધ્યો આતમા રે.

(૩)

તમો હરી બોલો મીઠ્યા ભાષણ, મનથી મુકી દીજે
તમે ચીતવોને, હરી રૂપ બીજું, ચિતવન શાને કીજે.
બીજી લવરીમાં લાભ ન જડે, બહુ બોલ્યાથી અપરાધ પડે;
હરી વસ કરો મન વાણી વડે, તમો હરી બોલો.
વાણીથી વેર ઘણું વાધે, વાણીથી સ્નેહ ઘણો સાધે;
વાણી છોડે વાણી બાંધે, તમો હરી બોલો.
એવી વાણી અવરથા નવ બોલીએ, હરી હીરો દલ દોરે ગોલીએ;
સઉ રોતાં દેખી નવ રોલીએ, તમો હરી બોલો.

CENTRAL LIBRARY

એવી વાણી વિચારી જે બોલે, નર નહીં કોઈ એને તોલે;
જેનાં બોલ્યાથી બંધન ખોલે, તમે હરી બોલો.
હરી નામ વિના વંઝા વાણી, બીજી કથની કાગની જાણી;
કોઈ રેહેતા હશે ઉરમાં આણી, તમે હરી બોલો.
કહે પ્રીતમ એવા પુરુષ કહીએ, જેને સદા વિચાર વસે હૈયે;
એને ચરણે ચિત આરોપી રહીએ, તમે હરી બોલો.

(૪)

આનંદે આવોરે, જીવન જમવાને, બહુ પાક બનાવું રે, ગીરધર ગમવાને;
ઉજ્જોદક આલું રે, નટવર નાહવાને, પીતાંબર લાવું રે, પ્રેમે પેહેરવાને.
ચાંખડીએ ચડીને રે, આવ્યા અંતરજામી, ચંદનની ચોકી રે, બેઠા બહુનામી;
કંચનનો બાજટ રે, સોવણેના થાળી, ભોજન કરવાને રે, બેઠા વનમાળી.
ખાજાં ને લાડુ રે, ઘેબર ઘીના છે, પકવાન્ન ભલાં છે રે, સૌ મીસરાનાં છે;
એવા ભોગ છપન્ન છે રે, વિંજન બહુ ભાતી, સાકર મેવાદિક રે, રહ્યો છે સહુ જાતી.
જેની રુચી આવે રે, તે લેજો માંગી, જમતા મુખ નીરેખે રે, જે મહા બડભાગી;
જમુનાં જળ શીતળ રે, એલચી એવાસી, પાનનાં બીડાં રે, ખવડાવું ખાસી.
કંકુ ને કેસર રે, કુમનુમ થાળ ભરી, પ્રીતમનો સ્વામી રે, પૂજું પ્રેમ ધરી.

V. From સરસ ગીતા.

1. The Gopi's lament before Uddhav.

પછે વ્રજબાળા બોલી, રીસ રખે ચડે;
અમો તો જુવતી જન, એવું કેમ આવડે.
તમે જે જોગ કહ્યો, તમારા કામનો;
અમારો પેંડો ન્યારો, ગોકુલ ગામનો.
અરજ એક હમારી, ઉધવ સાંભળો;
અમારા મનમાં વસ્યો, સુંદર શામળો.
અમે તો નયણે નિહાળ્યો, નટવર નાથને;
એણે મોહિની લગાડી, સહુ વ્રજ સાથને.
ધુતારામા ધૂર્ત વિદ્યા, મુખે શું વખાણીએ;
એવાં અનેક ચરિત્ર, અમો સહુ જાણીએ.
જશોદા મારવા લેતાં, ક્રોધ કરી ઘણે,
ત્યારે તે નાશીને આવે, ભુવન અમ તણે.

CENTRAL LIBRARY

કેહેશે કોઈ રાખો મુને, મુખે એવું ભણે;
એને ઘરમાં ઘાલી, રહેતાં અમો આંગણે.
ભુવન ભીતર પેસી, ઉધમ એવો કરે;
મહીનાં માટ ફોડી, માખણ મુખમાં ધરે.
અમો જ્યારે આવીયે, પાસે નીસીને નીસરે;
એણે એવાં કામ કર્યાં, તે તો કેમ વીસરે.
વચ્છના પુચ્છ ગ્રહી, ઉઠાડે આંખળી;
બળે બાળક જગાડે, ઘોંચે અંગ આંગળી.
એને ડરે ઉચું કાંઈ, મુકીએ સઉ સખી;
અનુખળ ઉપર ચડી, પાડે તે ત્યાં થકી.
એકવાર એમ વિચારે, બાંધો કર સાઇને;
લઇને જઈ દેખાડું, જસોદા માઇને.
એક દિન માખણ ખાતાં, ગ્રહ્યા ગોવિંદને;
હવે ક્યાં નાશી જશો, કહ્યું કૃષ્ણચંદ્રને.
તાણી બે હાથ બાંધ્યા, ચાલી ચોંપે કરી;
ઉપર ચીર ઓઢાડું, હોંડી હરખે ભરી.
નંદરાણી માનતાં નોતાં, જુઓ આ બાળને;
મંદિરમાંથી માખણ ખાતાં, ગ્રહ્યા ગોપાળને.
એમ કરી અળગું કીધું, અમર ઓઢ્યા તણું;
જુએ ત્યાં બાળ પોતાનું, લજ્જા પામી ઘણું.
તેહ નંદ ભુવનમાંથી, દીઠા હરિ આવતાં
જોતામાં જુઠી પાડી, સુંદરીને સર્વથા.
અલી ખોટાં આળ ચડાવે, શા માટે સુંદરી;
જુવંતીનું જોર ન ચાલે, કેતે હસીયા હરી
એવા હરી આનંદરૂપી, અમો જે દીઠડા;
બીજા અનેક ઉપાય, લાગે કેમ મીઠડા.
જે સુખ અમને આપ્યા, તે દુર્લભ દેવને;
બીજું શું ધ્યાન ધરે, તજી અશ્વમેવને.
પ્રગટ રૂપ સુંદર વદન, રસીક છબી ઘનશ્યામ;
તે શું મન અટકી રહ્યું, ક્ષણ ન અલગું આન.
નાગર નવલ કિશોરશું, બાંધી પુરણ પ્રીત;
અવર વાત ભાવે નહીં, એહ હમારી રીત.

CENTRAL LIBRARY

ઉધવ કહે અબળા તમો, એ તો સાચું કહ્યું;
એવું અકલ સ્વરૂપ, સહુ ઘટમાં રહ્યું.
બોલે તે બીજો નહીં, તનમાં તેજ છે;
વિશ્વમાં વ્યાપી રહ્યો, અખંડ એજ છે.
તે તો ભરપુર ભર્યો, પંડ બ્રહ્માંડમાં;
જેમ રવિ જુજવો દીસે, ભાસે બહુ ભાંડમાં.
એક અનેક રૂપે, બહુ વિધિ બોલતો;
વિધ વિધ વેશ ધરી, દીસે છે ડોલતો.
ભિન્ન ભિન્ન ભૂષણ બન્યાં, કુંદન એક છે.
નામને રૂપ ન્યારાં, જોયામાં વિવેક છે.
એક સુત્ર ભાવે જોતાં, જેવા પટ તંતુ છે;
સાગર અગાધ અંબુ, લે'રી અનંત છે.
અવની એક રૂપે, બીજા બહુ પાત્ર છે;
અલગુ લોષ્ટ કરે, સોનાં સહસ્ર છે.
જેમ કોઈ સાકર કેરી, બહુ મીઠાઈ કરે;
સરવે સાકર જાણો, બીજુ નહીં નીસરે.
સુરભી સ્વરૂપ ઘણાં, વરણ વિચિત્ર છે;
તેનું પય એક રંગે, પરમ પવિત્ર છે.
એમ તમે આત્મા જાણો, અરૂપી એહ છે;
ઉત્તમને અધમ એ તો, દીઠામાં દેહ છે.
કાષ્ટમાં અગ્નિ કહીએ, જેમ અવિનાશ છે;
સહુમાં સાક્ષી રૂપે, નીરંતર વાશ છે.
કસ્તુરી મૃગમાં વસે, જોતો વનમાં ફરે;
પ્રેમળ પાસેથી આવે, ભુલ્યો ભટકી મરે.

એમ સકલ સંસારમાં, વસે હરી ભરપૂર;
જીવ દશા મટે નહીં, તેથી દીસે દૂર.
જથારથ જાણીઆ વીના, જીવ દશા નવ જાય;
ત્યાં લગી ઉપજે કલ્પના, અજ્ઞાને અથડાય.

2 The Serpent in the Jamna.

ઉધવ હરિ એક સમે, રમે ગેંદી દડો;
પોતાની ઇચ્છા થકી, ગેંદ જમુના પડયો.

કાલિંદીનો આરો એવો, દેખી સહુ કો ડરે;
માંહે થકી ઝેર તણી, જ્વાળા અતિ નીસરે.
એહને કદમ ઠેરે, ધાઈ દ્રુમે ચડ્યા;
નીર ગંભીર ગાજે, પ્રભુ તેમાં પડ્યા.
વ્રજમાં વાત એવી, શ્રવણે સાંભળી;
માનુની માહા દુઃખ પામી, સહુ ધરણી ઢળી.
જસોદા નંદજીએ, કલ્પાંત બહુ કરી;
સુધ્ય બુધ્ય શરીર કેરી, સર્વે વીસરી.
તરૂણી ટોળે મળી, આવી તે ઘાટમાં;
ટોળે મળી અબળા રુદન, કરે અતી ઉચાટમાં.
ગૌ ગોપી ગ્વાળ સહુ, અન જળ પરહરે;
તન ત્યાગન કરશું, એવું પણ આદરે.
પછે પાતાળ માંહી, વાલે વાઈ વાંસળી;
સહુને શાંતા થઇ, પીડા ત્યારે ટળી.
નટવર નાગને જીતી, ઉપરે આવ્યા;
કાળીને કર ગ્રહીને, બારણે લાવ્યા.
જમુના તણે તટે, પન્નગને પાથર્યો;
ઉપર આનંદ માંહે, તાંડવ નાચ કર્યો.
પદને પરસે કરી, વીખ સરવે ગયું;
અંતર નેત્ર ખોલ્યા, જ્ઞાન ઘટમાં થયું.
અહો મહાભાગ્ય મારૂં, મુખે કરી શું કહું;
હું તો ઘણું પતિત પ્રાણી, મહીમા નવ લહું.
તેણે ત્યાં સ્તવન કર્યું, બહુ પ્રીતે કરી;
જથારથ જાણી લીધા, જેવા હુતા હરી.
સિંધુ સુતા સેવે સદા, ઉર ઉપર લઇને;
તે તો ક્ષણ એક ન મુકે, શામ સનેહીને.
એવા પદ કોમળ કઇયે, મારે મુસ્તક ધર્યાં;
જેને મુનિ ધ્યાનમાં ધરે, અત ભરિ ભર્યાં.
એવી બહુ સ્તુતિ કરી, રીઝ્યા રૂદયે હરી;
તેને અભેદાન આપ્યું, બહુ કરુણા કરી.
પછે તેને આજ્ઞા આપી, મુખે પ્રભુ એવું ભણે;
હવે જા જમુના થકી, બેટ સાગર તણે.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

ગરૂડનો બે નીવાર્યો, જાઓ હવે નઈ વડે;
નાગને નીરભે કર્યો, ચરણ પ્રતાપ વડે.
પછે પરીવારને લેઈ, પનંગ તે પરવર્યો;
જમુના નીર નીમેળ કરજો, ત્યાંથી નાગ નીસર્યો.
પ્રાણી આનંદ પામ્યા, નીરખ્યા નાથને;
આવી હરિ ભાવે ભેટ્યા, સહુ વ્રજ સાથને.
અતી બળ અકળ એવા, હરિ હર દેવશા;
કહો કેમ ગોઠે બીજા, અવર ઉપાય કશા.

અવરન ગોઠે ખીતમાં, જો કરે કોટી ઉપાય;
રૂદે કમળમાં વસી રહ્યો, સદા રસીકવર રાય.
નંદ નંદનશું નેહ અતી, નિમેષ ન વીસરે તેહ;
નેન ચકોર ગત સુંદરી, ચંદ ચતુરવર એહ.

VI Miscellaneous *Padas* about Krishna.

(૧)

હે યશોદાજી, આવડો લાડકવાયો લાલ ન કીજે;
ચાલો ત્યાં સુધી સુતનાં પ્રેમ ચરિત્ર દેખાડી દીજે. ટેક.
વાલે કૌતુક કીધું મંદિરમાં, માખણનો પીંડો લઈ કરમાં;
બહુ માંકડલાં ઘાલ્યાં ઘરમાં, હે યશોદાજી.
વહાલો સુતાં બાલકનાં અંગ મોડે, બાંધ્યાં વાછરડાં જઈ છોડે;
દધિ ભાંડ તે દૂર રહી ફોડે, હે યશોદાજી.
વહાલો સંતાડયું શોધિ કાઢે, ઊંચેથી કેડું ઉતારે;
ખાય ખવરાવે ને બીજું બીગાડે, હે યશોદાજી.
વહાલો કોઇનું કીધું નવ માને, મારાં મહી ખાધાં છાને માને;
પર નારીનો પાલવડો તાણે, હે યશોદાજી.
પ્રીતમનો સ્વામી છે રસીયો, મહી માખણ ખાવાને ઘસીયો;
ધનભાગ્ય અમારા વ્રજવસીયો, હે યશોદાજી.

(૨)

મનમોહનલાલ, મારગડો મૂકો તો મથુરાં જઇયે;
સુણ ચતુરસુજાણ, પર નારીનો પાલવડો નવ ગ્રહિયે. ટેક.

CENTRAL LIBRARY

તમે નંદકુંવર છો નાનડિયા, તમે આવો છો હઇડે ચડિયા;
તમે મારી પૂંઠે કયમ પડિયા, મનમોહનલાલ.
મારી પ્રાતઃકાળની વેળ વટે, મારાં મહીનાં વહલા મૂલ ઘટે;
મારાં મોઘાં મહીને શીરસટે, મનમોહનલાલ.
મારી સરખી સમાણી વહિ રે ગઈ, હુંતો એકલડી વનમાં રહી રે;
મારૂં શીર તપે ને માથે મહી, મનમોહનલાલ.
પ્રીતમનો સ્વામી રોહો રીતે, મારો ઘાટ રોકો છો વણ રીતે;
તમને ગોરસ પાઇયે પ્રીતે, મનમોહનલાલ.

(૩)

રસમાં તો રે, પ્રીતમડો પ્યારો. ટેક.
માનુનીની મંડલી મધ્ય મોહન, નૃત્યત્ નંદ દુલારો. રસ.
સ્વરસું સ્વર કરસું કર મેલે, અંગ અંગ રંગ ન્યારો. રસ.
રાસ વિલાસ હાસ્ય રસ પૂરણ, આનંદ સિન્ધુ ઉદારો. રસ.
પ્રીતમનો પ્રભુ પ્રેમ સનેહી, જીવન પ્રાણ અમારો. રસ.

(૪)

વાયદો વરે છે રે, વાલા હું વિસરી રે, વાયદો મૂકીને રે આવો ગિરિધરલાલ;
સુખ નથી સહેજે રે, દુઃખે થઈ દૂબળી રે, પ્રભુ શેં ના જાણો અમારૂં વાલ. વાયદો.
આવું નોતું જાણ્યું રે, પરથમ પેલડે રે, જાણ્યું વેહેરો કરશે નહીં લગાર;
હૈયાં વલુંડી રે, પહેલે કીધી પ્રીતડી રે, નિર્લજ્જ થઇને બેઠો નંદકુમાર. વાયદો.
કહો કયાં વળુંધ્યા રે, કોણ મળી કામની રે, કે શું કોઇસું બાંધ્યું તમારૂં તંન;
રૂપે હશે રૂડી રે, ગુણે હશે આગળી રે, હવે અમસું કેમ માને મંન. વાયદો.
કહો કોને કહીએ રે, દોષ અમારા કર્મના રે, ભજતાને કો ભજે ભગવાન;
સ્વામી પ્રીતમનો રે, સુંદર શ્યામળો રે, આવો મારા કામણગારા રે કાન. વાયદો.

(૫)

સ્નેહ વધારી શામળે, રંગ ભેર રમતાં;
જેહેના દરશનથી દુખડાં ટળે, રંગ ભેર રમતાં.
કમળ નેન કરુણા ભર્યાં, રંગ; જોઈ લાલે લાખેણાં કર્યાં, રંગ.
રસ વ્યાપ્યો પૂરણ પ્રીતમાં, રંગ; વહાલો વસ્યો ચતુર વર ચિત્તમાં, રંગ.
મન અટકયું મોહનલાલમાં, રંગ; ખંત લાગી લાલાજીના ખ્યાલમાં, રંગ.
સખી સુખ સાગર સેજે ઉછળ્યો, રંગ; મનગમતો વર મુજને મળ્યો, રંગ.
પ્રીતમનો સ્વામી પ્રાણપતિ, રંગ; કયમ મૂકાય માહારી વતી, રંગ.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

(૬)

નવ રસના ભર્યા નાથજી, નીતમ વયમાં;
રહે સદા અમારી સાથજી, નીતમ વયમાં.

વદન સુધાકર સાર છે, નીતમ; તે તેજ તણો ભંડાર છે, નીતમ.
અધર અરુણ ઓપે વળી, નીતમ; દીસે દશન કુંદ કેરી કળી, નીતમ.
નાસા જળસુત સોહાવ્યું, નીતમ; ભ્રૂ મનમથ ચાપ ચઢાવ્યું, નીતમ.
નેણ બાણ તીખી અણી, નીતમ; હેલામાં મન લે છે હણી, નીતમ.
રવિ નંદન કુંડળ કાન છે, નીતમ; રસિયાજી રૂપનિધાન છે, નીતમ.
મૃગમદ ચંદન ટીકો કર્યો, નીતમ; મણિ મુગટ લસીત છોગો ધર્યો, નીતમ.
નટવર છબી જોઇને, નીતમ; ભજ પ્રીતમ ચિતડું પરોઇને, નીતમ.

(૭)

સખી શ્યામ કિશોર કુંવર જોને, કુંવર જોને, કુંવર જોને;
એહનું મુખ જોઈ મનના વિકાર ખોને, સખી શ્યામ કિશોર કુંવર જોને—ટેક.
વસુદેવ ને દેવકીના સુત કહાવે, ધનુષ જાગ જોવા આવે; સખી.
કાલ કુબજાનું ચંદન લીધું, તેહેનું રૂપ કમળા સરખું કીધું; સખી.
હુતા નંદરાય ઘેર ગોકુળમાં, મઘવાનું માન હર્યું પળમાં; સખી.
નિત્ય નિત્ય નીરખે નાર વ્રજની, લોચન સફલ કરોની સજની; સખી.
રસીક શિરોમણિ રંગ રસિયો, પ્રીતમનો સ્વામી મહારે મન વસિયો; સખી.

(૮)

સુરભિ સંગ શામળિયો આવે, જેમ ઉડગણમાં ઇંદુ રે;
બાલ મરાલ વિશાળ મંડળી, ચરણ કમળ રજ વંદુ રે. સુરભિ સંગ.
ફૂલીસ કમળ ભ્રુજ જવ જંબુ ફળ, ચહેન ખટદશ જોય રે;
હાટિક તડિત ઉડિત રવિ રંગે, અંગ પીતાંબર સોય રે. સુરભિ સંગ.
કેસરી લંક અલંકૃત ભૂષણ, ભુજ અંબુજ નખજોતી રે;
વદન સુધાકર સુંદર શોભે, શ્રમ નિરમળ મોતી રે. સુરભિ સંગ.
અરુણ અધર ધરી મધુર મોરલી, પ્રેમે પાસ બોલાવે રે;
રસ ભર્યા લોચન ભવભયમોચન, આનંદ અતિ ઉપજાવે રે. સુરભિ સંગ.
રવિ નંદક કુંડલ કણે સોહે, મદન કોટી છબી છાજે રે;
કુટિલ કેશ આનન અંબુજપર, મધુપ મંદીલ બિરાજે રે. સુરભિ સંગ.

મૃગમદ ચંદન તિલક બિરાજે, તેહેનું તે તેજ અપાર રે;
મુગટમય મણિપર મોર ચંદ્રિકા, ઇંદ્ર ધનુષ આકાર રે. સુરભિ સંગ.
નખ શિખ રૂપ નાથનું નિરખી, રાખ્યું હૃદયમોઝાર રે;
પ્રીતમનો પ્રભુ પ્રેમ સનેહી, પ્રાણ તણો આધાર રે. સુરભિ સંગ.

(૯)

હે યશોદાજી, હાકલમાં રાખીને સુતને વારો;
હે નંદસતી, આળ અમારી લે છે કાન તમારો. ટેક.
હું જાતી હુતી યમુના પાણી, મારી લોબડલી કાને તાણી;
હું સાંખું છું નંદકુંવર જાણી, હે યશોદાજી.
મારી શેરડીએ આવે છાનો, અણઘટતી આળ કરે કાનો;
હું સાંખું છું જે છે નહાનો, હે યશોદાજી.
આવડો શું આવ્યો છે છરમાં, એ મોટપણું રાખો ઘરમાં;
નહિં લાડપણું શોભે ઘરમાં, હે યશોદાજી.
એ વાત હજી હું મનમાં રાખું, જન સંભળાવા હું સહી દાખું;
એ લાડ હવે હું નહીં સાંખું, હે યશોદાજી.
ઘાતીલામાં છે ઘાત ઘણી, પ્રેમે મુક્તિ નવ જાય કળી;
શી વાત કહું ગોવિંદ તણી, હે યશોદાજી.

(૧૦)

કહે નંદરાણી, આહીરડી અણઘટતી વાત ન કીજે;
કહું છું તાણી, અણસમજુ આવડાને દોષ ન દીજે. ટેક.
પહેલો તમને લાગ્યો વહાલો, સૌએ ઘેરીને ઘરમાં ઘાલ્યો;
હવે કેમ લાગો કપટી કાલો, કહે નંદરાણી.
એ રીત શું જાણે રંગ તણી, અજાણેથી આવ્યો તમ ભણી;
તેમાં શું આવડી વાત બની, કહે નંદરાણી.
વ્રજનારી તમને વર્ષે થયાં, અણલેખે સઘલાં તેજ ગયાં;
તે કાનડને કડાં વચન કહ્યાં, કહે નંદરાણી.
મેં વહાલાને જોયો વારી, સમજાવી કહું છું વ્રજનારી;
નંદ નંદનથી હું રહી હારી, કહે નંદરાણી.

(૧૧)

કહે વ્રજનારી, આવડું કાં અલખું રે એમ લગાડો;
રાખો વારી, કાનડનો નહિં સાંખું એવડો તાડો. ટેક.

CENTRAL LIBRARY

મારે નહિં કંઈ સગપણ કે સાંધો, નિત્ય આવે શું છેડે બાંધ્યો;
અણસમજુ શેણે છે માંધો, કહે વ્રજનારી.
શા માટે આળ કરે મારી, સૌ દેખે લોક દુરાચારી;
એ વાત કરે અવળું ધારી, કહે વ્રજનારી.
હરી એ ઘણું વહાલા છે અમને, એ વાત અમો શું કહું તમને;
હાર હઈયાનો જાણું પરમને, કહે વ્રજનારી.
આવડાં શાં લાડ કરે લાલો, હોય બાળક ત્યાં લાગે વહાલો;
ગોવિંદ હવે શું છે થાલો, કહે વ્રજનારી.

(૧૨)

હે વાંસલડી, વેરણ થઈ લાગી રે વ્રજની નારને;
શું શોર કરે, જાતલડી તારી રે મન વિચારને. ટેક.
તેં એવડાં કામણ શાં કીધાં, શ્યામલીયે મુખ ચુંબન લીધાં;
તન વ્રજવાસીનાં હરિ લીધાં, હે વાંસલડી.
તુને કોડ કરી કૃષ્ણે ઝાલી, ગો નાદ સુણી આવી ચાલી;
તું વિશ્વંભરને બહુ વહાલી, હે વાંસલડી.
પૂરત તું કાંઈ નથી લાવી, ઊઘાડે છોગે છે આવી;
ભગવાન તણે મન બહુ ભાવી, હે વાંસલડી.
તેં વ્રત વ્રતાદિક શું કીધું, રાધા થકી માન અધિક લીધું;
તુને આલિંગન પ્રભુએ દીધું, હે વાંસલડી.

(૧૩)

રાધા પ્યારી, પ્રેમી જનને દોષ ઘણો નવ દઇએ;
કપટી ન થવું, જપતપ કરીએ તો ભવસાગર તરીયે. ટેક.
મારો મેઘ પિતા પૃથ્વી માતા, મારા લેખ લખી ગઈ વિધાતા;
સુંદર શ્યામ મળે થઈ છે શાતા, રાધા પ્યારી.
છે બંસીવટ જનમ મારો, તેથી મુજપર મોહ્યો કંથ તારો;
છે કોયલનાથી કંઠ સારો રાધા પ્યારી.
હું ધર્મે ઘોલે છઉં દીધી, માબાપે પાણ નથી લીધી;
મુને માનીતી પ્રભુએ કીધી, રાધા પ્યારી.
મુને મોહન મુખપર માન ઘણું, વૃંદાવનમાં હરી સંગ ફરે;
હું ત્રીકમ તનમન માંહે ધરે, રાધા પ્યારી.

CENTRAL LIBRARY

મારે પુણ્યના સુત્ર બહુ પ્રગટયા, મેં નટવર નાગર મુખથી રટયા;
ભવસાગર જીવન ફંદ મટયા, રાધા પ્યારી.

(૧૪)

પ્રથમ પ્રભુજી શું પ્રીત કીધી, અંતે સંત તેડાવો રે;
તુળસી લાવો કોઈ તિલક બનાવો, રામ ભજન સંભળાવો રે. પ્રથમ.
લાહ લાગી ત્યારે કુપ ખોદાવો, કહો કેમ અગની બુઝાશે રે;
ચોર ધન સહુ હરી ગયા પછી, દીપ કરે શું થાશે રે. પ્રથમ.
બાળપણું રમતામાં ખોયું, જોબન વાહાલી જુવતી રે;
વૃદ્ધપણે છોકરડાં વાહાલાં, પછી મુવે તે માગે મુકતી રે. પ્રથમ.
કહે પ્રીતમ પ્રભુ પુરણાનંદ ભજો, એજ પદારથ સાચું રે;
વેદ પુરાણ શાસ્ત્ર એમ બોલે, એમાં નથી કાંઈ કાચું રે. પ્રથમ.

VII. Miscellaneous *padas* about Jnān, Bhakti and Vairāgya.

(૧)

મધુસૂદન મહારાજ છો, મોટામાં મોટા;
અધમ જીવ જાણે નહીં, કરણીના ખોટા. મધુ.
માયા તમારી મહાબલી, કરે ગડબડ ગોટા;
વિરોધ પાડે ગુરુ સંતસું, કરી કરી છળ છોટા. મધુ.
સીસાબાજી જકત છે, જેવા જળ પરપોટા;
કાચો કુંભ તે ક્યાં લગી, જેવા ધુળધમોટા. મધુ.
જેને સન્મુખ છો તમો, તેને શા ટોટા;
કહે પ્રીતમ પ્રભુને ભજો, ટળે જમના સોટા. મધુ.

(૨)

રામ રટણ કર રંગમાં, અંગ આનંદ આણી;
મિથ્યા ભાષણ મૂકજો, બોલે અમૃત વાણી. રામ રટણ.
રસના તું રસવંત છે, સહુ સ્વાદને જાણે,
રામ સુધા ચાખ્યો નહીં, તો તું પશુ પ્રમાણે રામ રટણ.
શાકર દ્રાક્ષ ને શેરડી, અમૃત રસ મેવા;
અવર બીજા રસ છે ઘણા, નહીં હરિ રસ જેવા. રામ રટણ.

CENTRAL LIBRARY

શિવ વિરંચી શારદા, શ્રુતિ શાસ્ત્ર વખાણે;
કહે પ્રીતમ પ્રભુ નામનો, મહિમા મહા મુનિ જાણે. રામ રટણ.

(૩)

બડ ભાગી રે, બ્રીજની નારી. ટેક.
ધન ધન રે ગોપી ગોકુલની, પ્રેમ રસ પીનારી. બડ.
હરતાં રે ફરતાં કારજ કરતાં, નિરખે નવલ બિહારી. બડ.
તન ધન સદન તજી ભજી ભાવે, એના સ્નેહતણી બલિહારી. બડ.
જેના સ્નેહ થકી શ્યામળીએ, વૃન્દાવન ગૌ ચારી. બડ.
અદ્ભુત સુખ આપ્યું અબલાને, લીલા લેહેર વધારી. બડ.
પ્રીતમનો પ્રભુ પ્રેમ સનેહી, મોહન મંગલકારી. બડ.

(૪)

ગિરિધરલાલ તણા ગુણ ગારે. ટેક.
આ સંસાર પૂર પાણીનું, તેને તરંગે તણાયો ન જા રે. ગિરિધરલાલ.
જો રે વહ્યો તો ગયો અતિ આઘો, ન મળે ઠોર ઠેકાણું ઠારે;
માયા મહા જલ પાર મળે નહીં, એવું જાણી હરિ શરણું સાહા રે. ગિરિધરલાલ.
રાખ ભરોસો રાધાવરનો, બીજો અન્ય નથી ઉપા રે;
જન પ્રીતમ જો પ્રીત યથારથ, પ્રભુને ભજીને પાવન થા રે. ગિરિધરલાલ.

(૫)

ભજન વિના દિન જાય છે વિત્યા. ટેક.
શિર પર કાલ ફરે છે ગર્જના, મૂઢ મતિ નર શેં નથી બીહીતા. ભજન.
જો પ્રાણી પ્રતીત ન આવે, સુરત ધરી સાંભળ તું ગીતા;
તેનો સ્વાદ જડે જે કોને, અવર બીજા રસ મૂકે છીતા. ભજન.
જેને લગન લાલસું લાગી, દેહ ધરી પણ દોષ રહિતા;
કહે પ્રીતમ તે જન હરિ જેવા, જેમ સાગર એકરૂપ સરિતા. ભજન.

(૬)

ચરણ કમળનો રે, મોટો મહિમા, જેનું ધ્યાન ધરે સુર બ્રહ્મા;
નિગમ નિરંતર ગાય છે રે. ચરણ. ટેક.
જેના ચરણ સેવે રે મહા મુનિ, વહાલપણા વદે રે વ્રજ જુવતી;
સિંધુસુતા નિત્ય ગાય છે રે. ચરણ.

CENTRAL LIBRARY

ગંગા તુલસી ચરણનિવાસી, ઋદ્ધિ સિદ્ધિ કહીએ જેની દાસી;
સૌ કોઈ સેવે શ્યામને રે. ચરણ
ચરણ સરોજ સુગંધ સંજોગી, ભકત અનેક ભ્રમર રસ ભોગી;
નિમેશ તજે નહીં નામને રે. ચરણ.
પદ પર શીતલ જલ પાવન કારી, શેષ સેવે સદા ત્રિપુરારી;
અમર લોક આશા કરે રે. ચરણ.
મહિમા જાણ્યો ગૌતમ નારી, તન મન ધન કરે બલિહારી;
પ્રેમે પ્રીત હૃદય ધરી રે. ચરણ.
પદ પરસી રજ વ્રજ વૃન્દાવન, પ્રેમે પામે કોઈ પ્રેમી જન;
જેને શ્રીકૃષ્ણ કૃપા કરે રે. ચરણ
પ્રીતમનો સ્વામી શ્યામળીઓ, અલબેલો જી અટળક ઢળીઓ;
નીરખીને નયણાં ઠરે રે. ચરણ.

(૭)

જીવ વચન વિચારી બોલે, બહુ બકવાદ ન કીજે;
નિર્મલ નામ રામ રઘુવરનું, નિત્ય નિરંતર લીજે. જીવ.
શિવ વિરંચી શેષ શારદા, નિગમ પુરાણ વખાણે;
નામ અમૂલક દામ ન બેસે, કેમ જડ જીવ ન જાણે, જીવ.
ફુટે કુંભે નીર ઠરે નહીં, વૃક્ષ વેડાએ ફળ ક્યાંથી;
એમ અસત્ય ભાષણથી થાયે, હીણ તેજ તપ ત્યાંથી. જીવ.
શીબી, દધીચિ, બલિ, નૃપ દશરથ, હરિશ્ચંદ્ર, કર્ણે કહીએ;
શરીર ગયું પણ શબ્દ ન ચૂકયા, તે પૂરા નર લહીએ. જીવ.
દાતા શૂર સત્ય સહુ સદ્‌ગુણ, ભકત તણે હૃદે રહે છે;
કહે પ્રીતમ તે પ્રભુના પ્યારા, નિશ દિન હરિ હરિ કહે છે. જીવ.

(૮)

રહે રસના તું રામ ભજનમાં, હંસ દશા દિલ આણી;
કહું છું કુટિલ વચન નવ કાઢીશ, વૃથા વાયસ વાણી. રહે.
હરિ નામ નિર્મલ મુક્તાફળ, જિહ્વાએ જપીએ જાણી;
તજી અસાર સાર પય પીજે, પરહરી પરપંચ પાણી. રહે.
જેના સ્મરણથી ટળી જાએ, ગર્ભવાસની ઘાણી;
પ્રિતમ ભજન કરી લે ભાવે, નિર્ભય નામ નિશાની. રહે.

CENTRAL LIBRARY

(૯)

ગુરુ ગમ જ્ઞાન વિચારે ઘટમાં, પ્રગટી પ્રેમ ખુમારી:
ખટ અંબુજ ખોલીને જોયું, ઉઘડી અગમ અટારી. ગુરુ.
પંચ પ્રવાહ ગંગા વહે પાવન, કરને સ્નાન કરારી;
સહસ્ર પાંખડી કમલ કોશમાં, દર્શ્યો દેવ મોરારી. ગુરુ.
તત્ત્વમસી તુરીયા શુદ્ધ ચૈતન્ય, તે તે જયુંજ બલિહારી:
પ્રીતમ પર બ્રહ્મ પુરુષોત્તમ, વ્યાપક અખંડ વિહારી. ગુરુ.

(૧૦)

હરિ ગુણ ગાતાં રે, વિલંબ ન કીજીએ રે, સ્મરણ કરીએ શ્વાસ ઉચ્છ્વાસ;
આવો સમો રે, હારે ફરી ફરી નહીં મળે રે હૃદયામાં રાખે દૃઢ વિશ્વાસ. હરિ.
આજ કાલમાં રે, ચૂપે તારે ચાલવું રે, જઇને કરવો પનઘટ વાસ;
કાયા પડીને રે, થશે ઢેરી ધૂળ જયારે, ત્યારે કોય પ્રાણી નહીં પાસ. હરિ.
શરીર સમીને રે, જમી જાડી થશે રે, તું પર ઢોરાં ચરશે ઘાસ;
દામન પવન પાવક જલ પૃથ્વી રે, જયાં જે હતું ત્યાં તેનો સમાસ. હરિ.
કપટ તજીને રે, ભજ ભગવાનને રે, થશે તુજ દાસ તણો નિજ દાસ;
પ્રપંચ ટાળે રે, પ્રભુ દર્શન થશે રે, પ્રીતમ હોએ પ્રેમ પ્રકાશ. હરિ.

(૧૧)

તત્ત્વ વિચારી રે, તીરથ જે કરે રે, તેણે તારાં મનનો મેલ ધોવાય;
સજયાં દયાળે રે, સર્યું ગોમતી રે, મંજન કરતાં ચિત્ત શુદ્ધ થાય. તત્ત્વ૦
ક્ષમા ક્ષિપ્રા રે, નમ્રપણું નર્મદાને રે, ગલ્લકી શ્રીગોવિંદ ગુણ ગાન;
ગંગા ગુરુ ભક્તિ રે, સંત સંગ સરસ્વતિ રે, જમુના જાણ હરિનું ધ્યાન. તત્ત્વ૦
પ્રેમે બહુ શું રે, પ્રયાગ પરસતાં રે, પૂર્વનું પાતક પ્રલય થાય;
હૃદિયામાં રાખે રે, ઇષ્ટ ઉપાસના રે, જન્મ વાસના તેણે ટળી જાય. તત્ત્વ૦
અવગુણ મૂકી રે, ગુણનું ગ્રહણ કરે રે, સેવા સુમતિ શીળ સંતોષ;
પ્રીતમ હોતે રે, પરમારથ થકી રે, તેને તારા ટળશે દેહના દોષ. તત્ત્વ૦

(૧૨)

રણછોડ રંગીલો રે, રહ્યો હૃદયે વશી રે, રસિક શિરોમણિ રાય;
રૂપ સુધા સુખ સાગર શ્યામળો રે, દર્શન કરતાં રે દુઃખડું જાય. રણછોડ૦

રાજાનો રાજા રે, શ્રીરણછોડજી રે, દેવનો દેવ શ્રીદ્વારકાનાથ;
અખિલ લોકમાં રે, આણ જેની ફરે રે, હુકમ ના મેટે સુર નર આપ. રણછોડ૦
જીવ ચરાચર જીવે રે, જીવોને જોઇ રહે રે, જેને વશ વર્તે સંસાર;
ત્રણ ભુવનમાં રે, તપે જેના તેજથી રે, અનંત બ્રહ્માંડ તણો આધાર. રણછોડ૦
ભક્તને હેતે રે, ભૂતળ આવિયા રે, લીલા કરવા લક્ષ્મીનાથ:
પ્રેમ સનેહી રે, પ્રભુ પ્રીતમતણા રે, તન મન સોંપ્યું હરિને હાથ. રણછોડ૦

(૧૩)

સંત વિના સંસારમાં, કો હરિનો ભરમ ન જાણે રે;
શ્રીમુખ મહીમા સંતનો, પ્રભુ પૂરણ પ્રીતે વખાણે રે.
નારદ પ્રત્યે નાથજી, તે સંત તણા જશ ભાખે રે;
સંત મને વહાલા ઘણા, નીત રૂપ હૃદયામાં રાખે રે;
સંત સદા સુખધામ છે, માહરે રેવાનું નિરધાર રે;
સંતની રક્ષા કારણે, ધરે અવનીમાં અવતાર રે.
અરસ પરસ રહું એકમાં, જેમ સાકરમાં મીઠાઈ રે;
પુષ્પ મધ્યે જયમ વાસના, તેમ સંતમાં સહુ સમાઈ રે.
તરણ તેજ ન્યારૂં નહીં, કનક કુંડળ ભીન રૂપ રે;
જલ તરંગ નહીં જુજવા, એમ સંત તે માહારૂં સ્વરૂપ રે.
સંત ચરણ રજ વંદશે, તે સર્વે શિરોમણિ થાશે રે;
શિવ વિરંચિ સારદા, તે સંતતણા ગુણ ગાશે રે.
મૂલે પાણી સિંચતાં, ફલફૂલ પાંદડે ફરશે રે;
જે સંતોખે સંતને, તેહનાં સઘળાં કારજ સરશે રે.
સંત તણો મહીમા ઘણો, તે કોઇ વીરલા જન જાણે રે;
પ્રીતમ પૂરણ પ્રેમશું, પ્રભુ સંતનો સુજશ વખાણે રે.

(૧૪)

પ્રીત વિના પ્રભુ દૂર છે, તમે જો જો જુક્તા કરીને રે;
શુદ્ધ પ્રેમ જેને પ્રગટે, તે ભાવે ભેટે હરિને રે.
પ્રીત જુઓ વ્રજનારની, જેણે વશ કીધા વનમાળી રે;
તન મન સદા વિસારિયાં, લોકલાજ મરજાદા ટાળી રે.
સાચી પ્રીત એક મીનની તે નીર વિના નવ જીવે રે;
જુઓ પ્રીત પતંગની, તે દેહ દહન કરે દીવે રે.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

ચિત્ત ચોંટયું ચકોરનું ચંદ્રશું, તે પ્રીતિ પાવક પ્રાશે રે;
રવિ રહે લખ જોજને, જળ મધ્યે કમળ પ્રકાશે રે.
પય ને પાણીની પ્રીતડી, એકમેક થઇને જાય રે;
આપ બળે પય ઉગરે, તે સાચો સ્નેહ કહેવાય રે.
પ્રીત જુઓ પંખી તણી, જળ ચાતક ચંચ ન બોળે રે;
અંબુ પીએ આકાશનું, અવનીનું નીર ન ડોળે રે.
નર માદા મોતી જુઓ, સત જોજન પર વેંચાય રે;
આવી મળે તે એકઠાં, અધક્ષણું અળગાં નવ થાય રે.
પ્રીતમ એવી પ્રીતડી, ગુરુ સંતની સાથે સાચી રે;
તે પૂરણ પદ પામિયા, કાંઈ કહેણી ન રહી કાચી રે.

(૧૫)

સદ્ગુરુને શબ્દે રે, સહુ તીરથ તેહને;
પંડમાં છે પોતે રે, જિતી કરે જેહને;
ગુરુદેવ દયા કરે રે, તેહને સહુ સૂઝે;
બોલે બહુનામી રે, બીજો શું બૂઝે.
અંતરગત્ય ઇશ્વર રે, આપે અવિનાશી;
પોતાની ભૂલે રે, ભમે લખ ચોરાશી;
છે શ્રીમંત સુખિયો રે, રાંક થઈ રઝળ્યો;
માયાને સંગે રે, ત્રિવિધિ તાપે બળ્યો.
સદ્ગુરુને સેવે રે, તો નીજ રૂપ જડે;
તનમાંહે તપાસે રે, પોતે પોતાવડે;
નખશિખ લગી ન્યાળો રે, ન મળે કોઇ બીજો;
પ્રીતમ એક અદ્વીત રે, જોઈ હૃદયે રીઝો.

(૧૬)

જગતનું સુખ ઝાકળનું છે પાણી રે, જાણી લે;
વણશી જાતાં વાર નહીં સત વાણી રે, જાણી લે.
સીસાબાજી સંસારનો છે ખેલ રે, જાણી લે;
એ વિચારી અહંકાર તું મેલ રે, જાણી લે.
જોતાં જોતાં જાવું છે તતકાળ રે, જાણી લે.
રેહેટ તણી ગેડયો જેવી ઘટમાળ રે, જાણી લે.

CENTRAL LIBRARY

એક ભરાયે એક ઠાલી થાય રે, જાણી લે;
એક અવતરે એક મરીને જાય રે, જાણી લે.
પરમારથને પંથે પગલાં માંડ રે, જાણી લે;
કૂડ કપટ ને છળવિદ્યા તું છાંડ રે, જાણી લે.
પાપ પુણ્યનો ઉત્તર દેવો પડશે રે, જાણી લે;
જમ કિંકર જ્યારે આવી પડશે રે, જાણી લે.
માટે ગરવ તજી ગોવિંદ ગુણ ગાજે રે, જાણી લે;
પ્રીતમ પ્રભુને ભજીને પાવન થાજે રે, જાણી લે.

(૧૭)

હું માહરૂં તે સંસારનું છે મૂળ રે, સમજી લે;
ક્ષણ ક્ષણ ચાલે સંશે રૂપી શૂળ રે, સમજી લે.
માહરૂં તાહરૂં મટતાં ભવનો અંત રે, સમજી લે;
સૌ શાસ્ત્ર પોકારી કહે છે સંત રે, સમજી લે.
દ્રુમ તણે દૃષ્ટાંતે આ વૈરાટ રે, સમજી લે;
પત્ર પેરે આવે જાયે ઘાટ રે, સમજી લે.
કનકકુટ જમ ઘાટ ઘડીને ભાળે રે, સમજી લે;
એમ એને બ્રહ્માંડની વાર ન લાગે રે, સમજી લે.
ઇંદ્રજાળ જયમ બાજીગરનો ખેલ રે, સમજી લે;
કમર કોકડાં ગુંચાયાં ઉકેલ રે, સમજી લે.
શું સુતો છે અચેત આલસ આણી રે, સમજી લે;
આયુષ્ય તાહરૂં ઓસતણું છે પાણી રે, સમજી લે.
સંસાર સુખથી રહેજે સદા ઉદાસ રે, સમજી લે;
જયમ મધુકર ન કરે ચંપક વનવાસ રે, સમજી લે.
શ્વાસે શ્વાસે સ્મરણ કરજે સાર રે, સમજી લે;
રખે ધરતો તું દેહ તણો અહંકાર રે, સમજી લે.
હરિ નામ હીરો હૃદયામાં રાખે રે, સમજી લે;
પ્રીતમ પ્રેમે પ્રેમ સુધારસ ચાખે રે, સમજી લે.

(૧૮)

કાયા રે તાહરી કામ ન આવે, જો કરે કોટિ ઉપાય રે;
વણુશી જાતાં વાર નહીં લાગે, જો કુંદન કાપીને ખાય રે. કાયા રે.

CENTRAL LIBRARY

દેહીનાં સ્નેહી સકળ સ્વારથિયાં, અંત્યે અળગાં રહેશે રે;
એક ઘડી ઘરમાં નહીં રાખે, કાઢો કાઢો કહેશે રે. કાયા રે.
પાંચ સાત દિન કોયક સંભારશે, વળતી મૂકશે વિસારી રે;
પોતે પોતાને મારગ લાગશે, કોણ પુરુષ કોણ નારી રે. કાયા રે.
સુપનાનું ધન જેવા કીધે, કાંઈ કારજ નવ થાય રે;
પ્રીતમ પ્રભુનું ભજન કરી લે. અમુલખ અવસર જાય રે. કાયા રે.

(૧૯)

લંપટ રે તુંને લાજ ન આવી, મુરખ મંદ અભાગી રે;
શાસ્ત્રપુરાણ કહે સમજાવી, સમજણ શેષ ન લાગી રે. લંપટ રે.
શ્વાન પુંછ ને સાકુટનું મન, તે સુધું નવ થાય રે;
નીર વલોવે નવનિત ન મળે, શ્રમ કર્યો તે જાય રે. લંપટ રે.
કેસરી કુંજર કોયક કરે વશ, વશીયરને વશ લાવે રે;
ચંચળ ચોર ચપળ મન જૂઠું, કયમે કયુ હાથ ન આવે રે. લંપટ રે.
દુષ્ટ પાપીષ્ટ ઈષ્ટ નહીં એહને, જેહને દુરમત્ય ઝાઝી રે;
પ્રીતમ પ્રભુનું ભજન કરી લે, પરહયે પરપંચ બાજી રે. લંપટ રે.

(૨૦)

કાયા કલ્પદ્રુમ સમ જાણો, શોભા વરણી ન જાયે રે;
કર્મના મૂળ અનાદિ ઉંડા, ફૂલે ફળે સદાય રે. કાયા.
શત શાખા શાખા ડાળ દ્વાદશ, પત્ર છત્રીશ હજાર રે;
આશા વેલ રહે નવપલ્લવ, પુષ્પ તણો નહીં પાર રે. કાયા.
જીવ ઈશ્વર પંખી બેઉ બેઠા, એક ભોગી એક ભોગી રે;
ભોગી ભોગ ભોગતે શું જીવે, ભોગી તે અતિ રોગી રે. કાયા.
કાળ કુંજર કરે ધ્વંસ દ્રુમનો, ચૈતન્ય ચોંકી રહેને રે;
જન પ્રીતમ એહવું જાણીને, નામ અમર ફળ લેને રે. કાયા.

(૨૧)

સંત પારસ ચંદન ભાવના, કામધેનુ કલ્પદ્રુમ સાર; સમાગમ સંતનો.
પ્રેમ સમજાણો અંતર ઘણો, તરુ પારસ ત્રણ પ્રકાર; સમાગમ.
એક પારસથી પારસ બંને, એક પારસથી બંને હેમ; સમાગમ.
એક પારસ લોહ કુંદન કરે, સો વસા એમનું એમ; સમાગમ.

CENTRAL LIBRARY

એક ચંદનથી વિષ ઉતરે, એક ચંદને અગ્નિ ઓળખાય; સમાગમ.
એક તલભર તેલમાં જો પડે, ફરી તાતું ક્યારે નવ્ય થાય; સમાગમ.
સૌ ગજ શિર મોતી ન નીપજે, સઉ નાયે સતી નવ હોય; સમાગમ.
સૌ સેના શૂરી નવ જાણીએ, એવી જુગત વિચારી જોય; સમાગમ.
જ્ઞાનહીણ ગુરુ નવ કીજીએ, વાંઝ ગાય સેવ્યે શું થાય; સમાગમ.
કહે પ્રીતમ બ્રહ્મવિદ ભેટતાં, ભવ રોગ સમૂળો જાય; સમાગમ.

(૨૨)

કાયા બની રે તાહરી કારમી રે, તાહારો અમર નથી અવતાર રે;
હરિનું ધ્યાન ધરજો.
કાચો તે કુંભ જળે ભર્યો રે, તેહને ભાંગતાં કેટલી વાર રે; હરિનું.
તરુવરથી ફળ છુટીયું રે, તે ફરી ન ચોંટે ડાળ રે; હરિનું.
ગયો અવસર આવે નહીં રે, બાંધ પાણી પહેલી પાળ રે; હરિનું.
નદી યોગે નાવ જર જડી રે, માંહે બેઠા મૂઢ ગમાર રે; હરિનું.
ખોટો છે માંહે ખારુઓ રે, તે તો હોડીનો હાંકણહાર રે; હરિનું.
કર્મે વા આવી આફળે રે, માંહે મોહનાં મોજાં થાય રે; હરિનું.
તેડ ન સૂઝે તેહની રે, તેહનો કરવો કોણ ઉપાય રે; હરિનું.
સદગુરુ શબ્દ વિચારિયે રે, જો કરીએ સદા સતસંગ રે; હરિનું.
તો સહેજે પાર પામીએ, કહે પ્રીતમ પ્રગટે રંગ રે; હરિનું.

(૨૩)

મનમાં જાણે છે મરવું નથી રે, દેહને, અભિમાને બહુ ગોઠવણ કરતો ગમાર રે, દેહને
મારાં મંદિર મારાં માળીયાં રે, દેહને, કહે મારા પુત્ર વારંવાર રે, દેહને.
મારી જગ્યા રે મારી જુવતી રે, દેહને, ઉઠી ચાલવું છે આજકાલ રે, દેહને.
જમદૂત વરાતી આવશે રે, દેહને, ઉઠી ચાલવું છે આજકાલ રે, દેહને.
કાળે ગ્રહ્યા કેશ તારા રે, દેહને, તે તો કરશે ઘડીમાં ઘાત રે, દેહને.
વળતી વિચારીશ જીવડા રે, દેહને, ઘણું ઘસવા પડશે હાથ રે, દેહને.
વાત, પીત, કફ આવી કંઠ રૂંધશે રે, દેહને, નહીં આવે ઉપર લવલેશ રે, દેહને.
મનનું ધાર્યું રહેશે મનમાં રે, દેહને, પ્રાણી પામશે કષ્ટ કલેશ રે, દેહને.
કર્મે પ્રધાન છે જીવને રે, દેહને, ફળ શુભ અશુભ દેનાર રે, દેહને.
જેવાં કર્યાં તેવાં ભોગવે રે, દેહને, ધરે ઉંચ નીચ અવતાર રે, દેહને.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

પડે પશુ પંખી જાતમાં રે, દેહને, ચાર ખાણ ચોરાશી લક્ષ રે, દેહને.
દુઃખનો અંત આવે નહી રે, દેહને, કહે નિગમ પુરાણ પ્રત્યક્ષ રે, દેહને.
ગુરુ ગોવિંદ સેવ્યા નહીં રે, દેહને, કેઇ પેર કર્મનો નાશ રે, દેહને.
વાસના બીજ બળ્યું નહીં રે, દેહને, ત્યાં લગી ઉગરવાની શી આશ રે, દેહને.
મોહ માયાના મોટા મોરચા રે, દેહને, જાતરૂપ જુવતીનું જોર રે, દેહને.
કહે પ્રીતમ કોયક જિતશે રે, દેહને, જેહને સદગુરુ શબ્દ અઠોર રે, દેહને.

(૨૪)

લંપટ શે નથી લાજતો રે, કુબુદ્ધિ શું, કહીએ, તુંને સમજાવ્યો સોવાર રે, કુબુદ્ધિ.
તોયે મૂઢમતિ માને નહીં રે, કુબુદ્ધિ, ધીર પામર પશુ ગમાર રે કુબુદ્ધિ.
તારૂં ચતુરપણું પડો ચૂલમાં રે, કુબુદ્ધિ, જો પ્રભુની પેર રે, કુબુદ્ધિ.
તારી જનુની ન રહી વાંઝણી રે, કુબુદ્ધિ, શે જણતાં ન દીધું ઝેર રે, કુબુદ્ધિ.
તને નાળ વધેરતાં નાવડયું રે, કુબુદ્ધિ, શે પ્રથમ ન છેદ્યું શિશ રે, કુબુદ્ધિ.
તું લત ઘણી કોટીક પાતકી રે, કુબુદ્ધિ, જો વિસાર્યો જુગદીશ રે, કુબુદ્ધિ.
તું શીદ અપરાધી અવતર્યો રે, કુબુદ્ધિ, કરવા ભોમીને ભાર રે, કુબુદ્ધિ.
શુભ કારજ કીધું નહીં રે, કુબુદ્ધિ, તેં ભોગવ્યો ભવ સાર રે, કુબુદ્ધિ.
જમરાજા લેખું માગશે રે, કુબુદ્ધિ, શો દેશે તેને જવાબ રે, કુબુદ્ધિ
બાંધી રૂંધીને નરકમાં નાખશે રે, કુબુદ્ધિ, આવી વળગશે પ્રૌઢાં પાપ રે, કુબુદ્ધિ.

(૨૫)

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિતદારા શિશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્ય મોતી લેવા, માંહિ પડયા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઉભો જુવે તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમ પંથ પાવકની જવાલા, ભાળી પાછા ભાગે જોને;
માહી પડયા તે મહા સુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની દન નરખે જોને.

(૨૬)

જે પરમારથ પ્રીછે રે, તેને પાપ ન પર્શે;
રૂપ અનૂપમ હરિનું રે, સચરાચર દર્શે.
સૌ સામગ્રી હરિની રે, હરિનો થઈ રહેજે;
હરિને અર્પણ કરીને રે, ઉગરે તે લેજે.
સાચે રાચે રસિયું રે, પરપંચ પરહરજે;
હેતારથ હરિજનશું રે, દુરજનથી ડરજે;
હું મારૂં હૃદયથી, ટાળીને રમજે.
વિશ્વ આત્મા વિષ્ણુ રે, નિરખીને નમજે.
અસત્ય આલાપ ન કીજે રે, સત્ય વચન ઉચરજે.
પ્રીતમ પ્રેમ નિરંતર રે, પ્રભુજીશું કરજે.

(૨૭)

શું કર્યું ગીતા ગાઇને રે, તેં શું કર્યું ગીતા ગાઇને; ટેક.
ભણ્યો ગણ્યો પણ ભેદ ન જાણ્યો, ધિક પડ્યો પંડિતાઇને રે, તેં શું.
પોથી વાંચીને પરમારથ ન કીધો, કુટુંબ પોષ્યું કમાઇને રે, તેં શું.
ભાગવત ભાખ્યું હેત હૃદય ન રાખ્યું, રહ્યો આપ સ્વારથ સાઇને રે, તેં શું.
શેષને માથે મણિ છે તોય પણ, જીવે છે જીવ ખાઇને રે, તે શું.
કહે પ્રીતમ પોતાના ડહાપણથી, ગયો ચોરાશીમાં વહેંચાઇને રે, તેં શું.

(૨૮)

હરિ ભજન થકી છોટા હોય તે સઉથી મોટા થાએ;
તન તાપ ટળે, જન્મ મરણનું સંકટ સર્વે જાએ. ટેક.
શુકજીનું મુળ જુઓ શોધી, સજનો ઘાતી તે પશુરોધી;
થયા ઈશ્વર આપે અક્રોધી, હરિ ભજન થકી.
જુઓ વાલ્મીકજીની વાત ખરી, જેણે દરભસલાથી દેહ ધરી;
તેણે શત કોટી રામાયણ કરી, હરિ ભજન થકી.
જુઓ એકલ શીંગી હરણીના, વળી વ્યાસ મુની વણ પરણીના;
સુત પુરાણિક કોણ કરણીના, હરિ ભજન થકી.
દાસી સુતથી શું હીણપણું, પુણ્ય પવિત્રને ચરિત્ર ઘણું
થયા નારદમન ગોવિંદ તણું, હરિ ભજન થકી.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

જુઓ માંડવની મીડકી માતા, વશિષ્ટ વિશ્વે વિખ્યાતા;
જુઓ ચતુરાનન પંકજ જાતા, હરિ ભજન થકી.
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે તો ગંગા સરખું થઈ ફળે;
જેમ પારસ પરશે લોહ ટળે, હરિ ભજન થકી.
એમ જાત ભાત સૌની જાણી, હરિ ભજે તે હરિ તોલ પ્રાણી;
કહે પ્રીતમ ઓળખ એધાણી, હરિ ભજન થકી.

(૨૯)

હરિ હરિ રટણ કર કર તું કળિ કાળમાં, પઠણ પરબ્રહ્મશું રાખ પ્રાણી;
પરપંચ પરહરો સત્ય રૂદિયે ધરો, ચાચરો અમૃત વિમળ વાણી.
માયાના પૂરમાં વિશ્વ સહુ વહિ ગયું, નિરખવા ન રહ્યા રંક રાજા;
બ્રહ્માના દિવસમાં કીટ ગણતી કસી, ઉપજે ને ખપે જીવ ઝાઝા;
અલ્પ સુખ સારૂં શું જીવ ભૂલ્યો ભમે, શીર ઉપર રહ્યો કાલ દંત કરડી;
પામરા પલકની ખબર તુજને નથી, મૂઢશું જોઇને મૂછ મરડી.
કાલનું ચાવણું કીટથી બ્રહ્મા લગે, મોટ મહંત તો પાર ના રે પ્રીછે;
પ્રીતમ પ્રભુજીનું ભજન ભૂલેશમાં, આત્માનું જો ને કલ્યાણ ઇચ્છે.

6. Sivanand *alias* Jivaraj (*circa* 1730-1780 A. D.)

He was a Brāhmana and late in life he became a *Sannyāsi*. He is a worshipper of Siva and has composed numerous verses in praise of his God. According to some he assumed the name Jivarāj after taking *sannyās*. His songs were chiefly *Artis*, i. e. they are to be sung at the time the lamps and incense are waved in front of the image. He is said to have written under the name "Jivaraj" after taking Sannyāsa. *

1. Padas in the praise of Siva.

(૧)

સુંદર રૂપને હું શું વખાણું, જ્યાં બ્રહ્માની વાત ડોલી રે;
સુરગુરુ સરખા ચકિત થયા, ગુણ વર્ણન વાણી ભૂલી રે. સુંદર.
કયા દેવને માથે સુર ધુનિ, ચંદ્રકળા કયાં ફૂલી રે;
વિશાળ ભાળે લોચન કોને, કોણ કહીએ ત્રિશૂલી રે. સુંદર.
ભુજંગનું કુંડળ કંઠે નીલો, કોણ કહીએ મુંડમાલી રે;
અજિન ગજનું કટિએ સુંદર, હાથ કુરંગ કપાલી રે. સુંદર.
ગિરિવર તનયા વામે કોને, અંગે વિભૂતિજ ધારી રે;
શિવાનંદ પંકજ અલિવર, પ્રેમ ગુંજારવ હારી રે. સુંદર.

(૨)

જીવિતને કાં મિથ્યા કરો, વળી પુત્ર કલત્રે રાચો રે;
વહુનિ મૂકીને ધૂમને વળગો, પ્રપંચ માન્યો સાચો રે. જીવિતને.
એવું જાણપણું વળી તમને, કોણે આપ્યું જેમાં રાચો રે;
ભર્યો જલમાં ફીણ તવ લગી, સાચું મન કરી નાચો રે. જીવિતને.
વેદ ઉપનિષદ ભૂલ્યા જોઇ જોઈ, વાણી વિલાસજ કાચો રે;
સઘળાં કારજ અળગાં મૂકી, કારણને હવે જાચો રે. જીવિતને.
ભક્તિ વિના શ્રી સોમ સદાશિવ, પામ્યો કેટલે લાજવો રે;
શિવાનંદ ગુરુ ચરણ કમલથી, શિવને નામે ગાજવો રે. જીવિતને.

* See બૃહત્ કાવ્ય દોહન, VOL. V, p. 730.

CENTRAL LIBRARY

(૩)

અહિં રે આવો તો હુંજ દેખાડું, અદ્‌ભુત રૂપ ત્રિપુરારી રે;
જટાજૂટમાં સુંદરી અર્દ્ધે, અંગે શૈલકુમારી રે. અહિં રે.
ચોટલો ભમરની શેરજ દીસે, કુંડળ નાકે વાળી રે;
ચાંદલો ભાલે સુંદર ઝળકે, પેહેરણ કટિએ ફાલી રે. અહિં રે.
ત્રિય જટાવળી માથે લટકે, કુંડળ મણિ વિષધારી રે;
ચંદ્રકળા વળી લોચન પાવક, ગળે ગરલ વિહારી રે. અહિં રે.
મોતીની માલા કંઠે સોહે, અંગુઠી મુદ્રિકા સારી રે;
કટિએ મેખળા રણઝણ ઝળકે, ઝાંઝર ચરણે ભારી રે. અહિં રે.
રૂંડમાળા અતિ શોભતી હૃદયે, પાણ પિનાકનો ધારી રે;
મૃગછાલાનું અંબર કટિએ, ઘૂઘર કોકિલ વારી રે. અહિં રે.
ગિરજાશંકર પદ અંબુજને, સેવે જે નર નારી રે;
શિવાનંદ ફરી ફરીને જાચે, તે પદની બલિહારી રે. અહિં રે.

(૪)

જય જય શંકર તમ શરણું, દેવ જય શંકર તમ શરણું;
અકલ સ્વરૂપ અયોનિ સંભવ, જરા મરણ નહીં અવતરણું. જય.
જટા ત્રિનેન સરિતા સુંદર, ભાલ શશિ અમૃત ઝરણું;
નીલકંઠ સંગી વિષધર, રૂંડમાલ ઉર પર ધરણું. જય.
સન્મુખ તે નંદી ભૃંગીગણ, મૃગછાલા ગજચર્મે ધરણું;
શૈલસુતા અર્દ્ધાંગે બિરાજિત, ભક્તતણાં પાતક હરણું. જય.
વૃષભ વાહન કૈલાસવાસી, ભૂત પ્રેત સંગ પરિકરણું;
ડમરૂ ડાક કર મૃદંગ ભેરિ ધુનિ, રાગ રંગ નર્તન કરણું. જય.
ત્રિવિધ તાપ ટાળો ત્રિપુરારી, અંતે દુઃખ દારિદ્ર હરણું;
શિવાનંદ પર કૃપા કરો શંભુ, પદપંકજ અમૃત ઝરણું. જય.

(૫)

કાશી છે અવિનાશી રે, પ્રાણી જાણો કાશી છે અવિનાશી;
મુકિત વધૂ જહાં દાસી રે, પ્રાણી જાણો.
અવિમુકત વારાણસિ જેનો, અવધિ વરણા એસી; પ્રાણી.
ગિરિજાને રમણે વાસી જહાં, ગંગા વહે સુખ રાશી રે; પ્રાણી.
મણીકર્ણિકા મધ્ય વિલાસી રહો, મુકિત કરચલી ત્રાશી રે; પ્રાણી.

CENTRAL LIBRARY

શિવાનંદ.

પુત્ર કલત્ર એ તો છે ફાંસી રે, છોડ વિભવની હાંસી રે; પ્રાણી.
અનેક દેવ નિદિધ્યાસી જો, જન્મ જન્મના ભય જશે નાશી રે; પ્રાણી.
મન વિષયના થાશી રે, યાતના ભૈરવ ખાશી રે; પ્રાણી.
શિવાનંદ કહે કાશી, તે પામે દ્વિજની આશી રે; પ્રાણી.

(૬)

સુંદર કાશી નિવાસી ગંગજી, જયાં છે ગિરિજા શંભુનો રંગજી. સુંદર.
શીશ કપર્દ કુંતલ સંગજી, જાણે વેલ કનક ભુજંગજી. સુંદર.
સુરધુનિ હીરક ઝળકે દામિનીજી, મેઘ મધ્ય ચળકે દામિનીજી, સુંદર.
કેરવનાયક તિલક વિરાજેજી, ભાલે ચંદ્રક વદ્નિ છાજેજી. સુંદર.
ભૃકુટિ મદન ધનુષની તોલેજી, ચંડી ચૌદ ભુવનને ચોળેજી. સુંદર.
કર્ણે ઝાલ ઝબૂકે સારીજી, કુંડલ ફણિ મણિ શ્રી ત્રિપુરારીજી. સુંદર.
પાપણ વિકસિત કંજે સોહેજી, જાણે સપ્તરી સરોવર મોહેજી. સુંદર.
લોચન પિયુષ સરોવર જાણજી, એવું શું કરે વેદ વખાણજી. સુંદર.
નાસા ઝલકે લોચન ખંડજી, જાણે શર ચડયો કોદંડજી. સુંદર.
વદને ફણાધરનો વાસજી, જાણે કોક નદે પલાસજી. સુંદર.
શશિધર પૂર્ણકલા વદનજી, વર્ષે અમૃત ધરાધર તનજી. સુંદર.
મુકતા માલા મુંડ વિલાસીજી, જોતાં પદ પામે અવિનાશીજી. સુંદર.
અંગદ પ્રણીવર મણિકર કંજજી, જેને જોતાં અંતર રંજજી. સુંદર.
કટિએ રસના કિંકણી નાદજી, જાણે કોકિલ યુવતીનો વાદજી. સુંદર.
ચરણ સરોજ મનોજનું પૂરજી, દીઠે દુઃખનું દળ જાય દૂરજી. સુંદર.
કટિએ એણ અજિન ભગવાનજી, ગિરિજા તડિતાંબર પરિધાનજી. સુંદર.
સુંદર સુરતરંગિણી તીરજી, શિવને સેવે ત્રિવિધ સમીરજી. સુંદર.
હરને અંગે શૈલકુમારિજી, જય જય જય કરે સુરનારીજી. સુંદર.
નારદ તુંબરૂ ગાને ભારિજી, સુરવર સુમનસ વર્ષે વારિજી. સુંદર.
જલક્રીડા શ્રી ગંગાધારિજી, નિરખી સોમ શિવાનંદ વારિજી. સુંદર.

(૭)

ભસ્મે અક્ષર નાખ્યા ભૂંસી, હો ભસ્મે૦
સર્પ દંશ જેમ મોહોરો મૂકયો, સર્વે વિષ લીધું ચૂસી, હો ભસ્મે.
એક ભીલે તે ભસ્મ ચઢાવી, મોહી નાર તે આરતી લાવી,
તેનો ટળીયો તે યમનો દંડ, કથા છે રે બ્રહ્મોત્તર ખંડ. હો ભસ્મે.

CENTRAL LIBRARY

પ્રાણી મરણ કાલ છે એવા, જમદૂત આવ્યા છે લેવા,
ભસ્મ વાયે ઉડી ચઢી અંગે, જમદૂત નાઠા મન ભંગે. હો ભસ્મે.
પ્રાણી ભસ્મ ચિંતામણિ પામ્યો, તે તો દુઃખ દરિદ્રથી વામ્યો,
જેણે ભસ્મ તણી છત જાણી, તે તો દેવ અદકો પ્રાણી. હો ભસ્મે.
જેણે ભસ્મ ત્રિપુંડ્ર કીધું, તેણે વેગે કૈલાસપદ લીધું;
તેની ભવ ભાવટ ભાગી, જેને શિવ સાથે લેહે લાગી. હો ભસ્મે.
ભસ્મ ને શિવ બન્યો બ્રહ્મ, તેથી અળગાં સઘળાં કર્મ;
કહે જિવરાજ ભસ્મને સેવો, ફરી જમને જવાબ ન દેવો. હો ભસ્મે.

(૮)

મારા દુષ્ટ દુરીજન આત્મા તું, ક્યાં થયો છે મંદમતી; ટેક.
અલ્યા વિશ્વનાથ વણારસી, તું તો કહીં પામીશ ભાગીરથી;
અવસાન કંઈ એક આવશે અલ્યા, તેનો તો મુને નિશ્ચે નથી. મારા.
અલ્યા મોહ જાળ માયાથી તું ન ડરાયો, હવે શ્વેત થયો ને અવધ ઘટી;
કાળ કાળ શું કરે કાયર અલ્યા, પળકમાં જઈશ લટી. મારા.
ઘેલા થાને શૂરો કહાં ભમે ભૂલ્યો, જળબિંદુ જેમ જાય ફટી;
શિવ સેવકનો દાસ કહે, ભરથાર કાલે જેમ સતી. મારા.

(૯)

જય જય શંભૂ જય જય શંકર, જય જય રુદ્ર મહેશા;
અમર વિદ્યાધર મુનિજન કિન્નર, જય જય કરત સુરેશા. જય જય.
ભાલ સુધાકર જય કરુણાકર, જય જય ત્ર્યંબક વિશ્વેશા;
કાળ વિદારણ અધમ ઉદ્ધારણ, જય જય સ્મરહર દેવેશા. જય જય.
જય ગંગાધર પશુપતિ ભવહર, જય જય તું ભુવનેશા;
જય ત્રિલોચન જય ભવમોચન, જય પુરહર ગિરિજેશા. જય જય.
જય જટાધર જય ઉમયાવર, જય ઘનસાર પ્રકાશા;
જય જય ભસ્મ વિભૂષણ, જય જય પૂર્ણ શિવાનંદ દાસા. જય જય.

(૧૦)

હર શંભૂ શિવ હર ગૌરીશા; શિવ ચંદ્રશેખર ગૌરીશા.
હર હર મૌલિ જટાધર; ગૌ૦ શિવ વસન ગજાંબર; ગૌ૦

CENTRAL LIBRARY

હર હર ત્રિપુરવિનાશી; ગૌ૦ શિવ ગરલ વિકાશી; ગૌ૦
હર હર નગપતિવાસી; ગૌ૦ શિવ નૃત્યવિલાસી; ગૌ૦
હર હર ધનુષ પિનાકી; ગૌ૦ શિવ કુંડલ વાસુકિ; ગૌ૦
હર હર રૂંડમાલી; ગૌ૦ શિવ ઉરગ વિશાલી; ગૌ૦
હર હર બ્રહ્મ કપાલી; ગૌ૦ શિવ કરુણા શાલી; ગૌ૦
હર હર ગંગાધારી; ગૌ૦ શિવ તાપ હારી; ગૌ૦
હર હર ચંદ્ર વરણા; ગૌ૦ શિવ અંગે અપર્ણા; ગૌ૦
હર હર શિવહર મંગલ; ગૌ૦ શિવ ભક્ત વત્સલ; ગૌ૦
હર હર ભુજંગી ભૂષણ; ગૌ૦ શિવ ભસ્મ વિભૂષણ; ગૌ૦
હર હર અનંગ દાહક; ગૌ૦ શિવ અચ્યુત શાપક; ગૌ૦
હર હર સુરવર નાયક; ગૌ૦ શિવ મુકતી દાયક; ગૌ૦
હર હર સુત ગજાનન; ગૌ૦ શિવ નંદી વાહન; ગૌ૦
હર હર દેવદેવા; ગૌ૦ શિવ શિવ મહાદેવા; ગૌ૦
હર હર શંભુ ત્રિલોચન; ગૌ૦ શિવ ભવ દુઃખ મોચન; ગૌ૦
હર હર આનંદ કંદ; ગૌ૦ શિવ રસિક શિવાનંદ; ગૌ૦

(૧૧)

શિવ શિવ હર હર ગૌરી રમણું,
ગૌરી રમણું ગિરિજા રમણું. શિવ શિવ.
અમર તરંગિણી રુચિરા ભરણું,
ભાલ સુધાકર અમૃત ઝરણું. શિવ શિવ.
ભુજંગ વરાધિપ કુંડલ કરણું,
હિમિગિરિતનયા કૃત કર ગ્રહણું. શિવ શિવ.
પશુપતિ શંકર ભવ ભય હરણું,
સુર પ્રથમાધિપ વંદિત ચરણું. શિવ શિવ.
ભજ મન શંકર પદયુગ શરણું,
શિવાનંદ કે ભવ જલ તરણું. શિવશિવ.

(૧૨)

કોમલ વચને શિવપદ વારી, હો ભવસિંધુ ભારી. હું તો કોમલ વચને. ટેક
માયા જલ અગાધ જલાકુલ, વિષય મનોરથ નારી;
પંચ વિષય અહિ વિષજ્વાલા, વાસના વિચિત્ર વિશાલી. કોમલ વચને.

CENTRAL LIBRARY

ગણેશસ્તુતિ.

ભવ અનલને તાપે તપાયો, શિશ ગંગાજલ ધારી;
ભજ તું પ્રાણી સોમ સદાશિવ, સાહે છે ત્રિપુરારી. કોમલ વચને.
અધમ ઉદ્ધારણ નર્ક નિવારણ, ચંદ્રશેખર સુખકારી;
કહે શિવાનંદ શિવ ભજ વહેલો, શંભુ છે ભવ હારી. કોમલ વચને.

II Praise of Ganpati.

જય દેવ જય દેવ, જય જય ગજ વદના, જય મૂષિક વહના,
આરતી ઓવારૂં, આરતી ઓવારૂં, સુંદર કટિ રસના. જય૦
હર હર શંભુ વધુ કમળાસન, વિષ્ણુ શશિ શમદા;
ચરણ કમળ મદ જીવન, મત્તાલિપ્રમદા. જય૦
હરહર જય ચામિકર, કુંડળમંડિત, શ્રવણે એક રદના;
જય કુંભસ્થળ શોભિત વરકર, પુષ્કર ધૃત ભુવના. જય૦
જય જય કોટિ સુધાકર, સીતલ જય ફરસી ધરના;
સુધ બુધ સુંદર ઉત્તર દક્ષિણ, જય જય વર વદના. જય૦
હર હર જય ભુજંગિત શોભિત, અહિવર ઉપવિત ધરના;
જય જય ભગવતિમાન શશીધર, સિંદૂર તનુ રચના. જય૦
પૂરવ છેદન નિરગત પુર રિપુ, પૂજિત પદ સદના;
જય પુરભંજન પ્રમુદિત સુર વધૂ, જય જય કૃત ભુવના. જય૦
હર હર જય નીરજ મુખ વધુ, પદ્માકર ધવલિત ત્રિદશના;
જય ભય મધુમણિ હીરક ખંચિત, કિંકિણી કટિ રસના. જય૦
હર હર જય શરણાગત વત્સલ, પાશ્રી જય નિરજ નયના;
જય લંબોદર મોદિક વર કર, પુષ્કળ ધૃત ભુવના. જય૦
હર હર સિંદુર ચર્ચિત અંગે, સકલ કર જય પાશી લલના;
ત્રિદશ વધુકર ચામર વિજિત, દૂરિ કર સમના. જય૦
હર હર જય જય ખંડ નિશાપતિ, ભાલે જય લોચન જ્વલના;
જય જય ભક્ત મનોરથ પૂરણ, શિવાનંદ શરણા. જય૦

III. Praise of Siva's Bull.

(૧)

પ્રથમે વૃષભ પુજા શિવ દ્વાર;
પૂજકના મનોરથ પુરે, પ્રસન્ન કરે ત્રિપુરાર. પ્રથમે. ટેક.

CENTRAL LIBRARY

શિવાનંદ

હિમગિરિ સરખો ગૌર અંગે, શૃંગે નિલમણિ સાર;
કંઠે ઘંટા રત્ન પલાણે, ચામર શોભા અપાર. પ્રથમે.
ચારે પાયે ઘુઘર ઘમકે, નેપૂરનો ઝમકાર;
શિવાનંદ પ્રભુ વાહન પૂજા, નાના કુસુમને ભાર. પ્રથમે.

(૨)

શિલાદિનંદન ઠાયો શંકર દ્વાર;
રત્ન ખચિત કર વેત્ર જ સોહે, સુર મુકુટ ધરાવનહાર. શિલાદિ.
અયુત દિનમણિ અંબર સોહે, ઐસો તનુ અતિસાર;
જાકે શિરપર છત્ર બિરાજે, ભક્તના તાપ નિવાર. શિલાદિ.
સુરવર જાકે ચણે કમળપર, છોરત મુકુટ શૃંગાર;
રીઝત તાપર તત્ક્ષણ શિવ ગણ, નિરખત વે ત્રિપુરાર શિલાદિ.
જાકો મહિમા નિગમ વખાણે, ડર પાવત જાસોં કાળ;
શિવાનંદ પ્રભૂ નિકટ બરતિ, સોઉ ઉતારે પાર. શિલાદિ.

IV. Praise of Girijā.

(૧)

માતા વેણી વિશાલે શોભતાં, તે તો ભુજંગ કેરી યુવતી રે,
માતાજી કરુણા વિલોકય નિહાળીએ રે. ટેક.
માતા ભાલે સુધાકરની રેખ, તે તો કાલ ગજાંકુશ પેખ રે. મા.
માની ભ્રુકુટી દીવે માનીએ, તે તો કોકનદ અલિ જાણીએ. મા.
માને કરણે કુંડલ શોભતાં, તે તો વેલ કુસુમજ ફરતાં રે. મા.
માતા પાંપણની અતિ સુંદરતા, તે તો સૃષ્ટિ સંહારની કરતા રે. મા.
માતા લોચન કંજ વિરામ, તે તો શંભુને વસવાનો ધામ રે. મા.
માતા નાસિકા સુંદર ઝળકે, તે તો હારે મૌકિતક લળકે રે. મા.
માતા અરુણ અધર દંત સાર, કંજે કર્ણિકા કેસર ભાર રે. મા.
માતા વદન આનંદ કંદ, જહાં શંભુ થયા મતિ મંદ રે. મા.
માતા કંઠ શંકર અનુમંત, તે તો શિશ કમલનું વંત રે. મા.
માતા હૃદય મંડલ સૌભાગ્ય, તે તો પૂરણ જળનું તડાગ રે. મા.
માના યુગ્મ બાહુ રસાળ, તે તો સરોવર તટ વિશાળ રે. મા.
માતા પયોધર જગતને પોષે, તે તો સરોવર સરસિજ કોષે રે. મા.

CENTRAL LIBRARY

માતાસ્તુતિના પદો.

માતા ત્રિવલી ઉદર વખાણીએ, તે તો ત્રિગુણ શકિત પ્રમાણીએ રે. મા.
માતા ગંભીર નાભિનો કૂપ, શંભુ થયા સ્મર ભૂપ રે. મા.
માતા કટિ નિતંબને રંગ, તે તો અચલ મૃગાધિપ સંગ રે. મા.
માતા ઉરુ કદલીનો દંડ, તે તો ગિરિવર ગજની શુંડ રે. મા.
માતા સૌંદર્યની તરંગીણી રે, તે તો જંઘા યુગ તાં સરીણી રે. મા.
માતા પદ અંબુજની રુચિરતા, તે તો જોબન ભૂલોક સુરતા રે. મા.
માતા વિવિધ અંબર તનુ સાજે, તેણે ભુવન ચતુર્દશ લાજે રે. મા.
માતા નવરંગ ભૂષણ અંગ. તે તો શર્દ શશિ ઉડ સંગ રે. મા.
માતા જડને બુદ્ધિની દાતા, તેનો શિવાનંદ ગુણ ગાતા રે. મા.

(૨)

આવો સઘળાં ગરબે રમીયે, આસો નિશા ઘણી સારી રે;
સારદ ઘનમાં દામિની સોહે, એમ કેલાસે નારી રે. આવો.
શૃંગાર સજીને સુર વધૂ આવી, દુર્ગા શ્રી ત્રિપુરારી રે.
શંભુવધૂ મધ્ય નાયકા સોહે, મંડલ સુંદર નારી રે. આવો.
ભારતિ કરમાં રણઝણ વાજે, વીણા સંગીતે ભારી રે;
વીરનંદીને હાથે મરદલ, મેઘ ગંભીરતા ઝાલી રે. આવો.
સુરવર વદને વેણુ વજાડે, પદ્મા કરમાં તાળી રે;
ગરબે રમતાં દેવી પદને, શિવાનંદ ઘણું વારી રે. આવો.

V. Vasant-Pūjā.

(૧)

કુસુમાકર શ્રી ઋતુરાજનું, રૂપ અનોપમ ભાસે;
તારકાસુરથી સુરપતિ બીનો, અનેક ઉપાય બિમાસે. કુસુ.
વદન ચંદ્ર વિવણને દેખી, સુરગુરુ વચન પ્રકાશે;
શંભુ કુમારથી તારકાસુરનું, મરણ કિન્નર ગાશે. કુસુ.
સુર ગુરુના પદ પંકજ વંદે, મઘવાનું ભય નાસે;
શંભુ સમાધિના ભંગને કરવા, મનસિજ મનમાં ભાસે. કુસુ.
મનમાં સંભારતાં મનસિજ આવ્યો, સુરપતિચણે નિવાસે;
કારણ કોણ સંભાર્યો કિંકર, આજ્ઞા દીજે દાસે. કુસુ.
શંભુ તપના ભંગને કરવા, સંભાર્યો તું આશે;
શિવાનંદ પ્રભુના તપને ભાંજું, સાહે વસંત જપાશે. કુસુ.

CENTRAL LIBRARY

(૨)

સુરપતિ શીશને શીશ ચડાવી, મત્તમદન મદમાતો;
સંગ વસંત સખાને લઇને, રસભર રંગે રાતો.
કુંજ નિકુંજ મુકુલ બકુલ, ફૂલ્યાં વન વન ફૂલ;
અલિકુલ સંકુલ મુકુલ સરોવર, સારસ હંસ સમૂલ. સુર.
લતા ચઢીને દેહેલી ઊભો, શિલાદિ નંદન દ્વારે;
મદન લીલા ગણ સંગને જોઈ, નાશ અંગુલીયે વારે; સુર.
ગિરિરાજકુમારી કુસુમાભરણે, પ્રેમે પૂર્ણે નિહાળે;
શિવાનંદ પ્રભૂ પ્રેમે નિરખી, અતિશે મનમાં મહાલે. સુર.

(૩)

રસભર લોચન મોચન ભવનો, પ્રેમે પૂર્ણે નિહાળે,
કુસુમાંજલિ શિવકંજે આપી નિરખે શિવ વાહાલે. રસ૦
મન્મથ મઘવાના કામને કાજે, પંચસર કર ઝાલે;
શર કોદંડ ચડાવી મેલ્યો પ્રેયો પતંગ જમ કાળે રસ૦
ઉત્સગે મનને દેખી શંભૂજી, પોતે પૃષ્ઠ નિહાળે;
શિવાનંદ પ્રભૂ મન્મથ જોતાં, પ્રગટયો ધનંજય ભાલે. રસ૦

(૪)

શિવ નિરખો નેન રસાલ, ઋતુરાજ બને શિવ
કમલ શીશે હંસ બિરાજે, ગરજત મેઘ વિશાલ. ઋતુરાજ. ટેક.
જાકે શિશ કલાનિધિ સોહે, રુચિર બાસ શોભાલ;
કરુણા સરિત માન ઉલટી હિતમાં, ઝીલે કેલિ મરાલ; ઋતુરાજ.
જ્વલન લોચનપર હું વારે, દિનમણિ કોટિ પ્રકાશ;
સ્વર્ગે તરંગિણી બિચમેં સોહે, માનુ કોક નદકી ભાસ. ઋતુરાજ.
તુંહિ માયલંજા સન્મુખ ખેલે, બિધિબિધિ બસંત બિલાશ;
શારદ ઘનમાં દામિનિ દમકે, વિજયા જયા કર પાશ. ઋતુરાજ.
પ્રાગ મચ્યો જય શબ્દ ઉચ્યો, સુરગણ કિન્નર સાથ;
અખિલ પરત શિવાનંદ પ્રભૂપર, બરખે ઘન જિઉ પાઠ. ઋતુરાજ.

CENTRAL LIBRARY

7. Narbheram (1768-1852 A. D.)

He was one of the very popular singers of Gujarāt. He passed the whole of his life as a humble devotee of Krishna. He was specially attached to the famous temple of Ranchhod at Dākor. He has written small poems in praise of his *ishtadeva* and in them he has occasionally described incidents of his life. They are quaint in their naive simplicity and remind us of the guileless Mehta. His most famous verses refer to Bodāno, the great Rajput devotee of Gujarāt, who (it is said) by the power of his devotion caused the famous image of Krishna at Dwarkā to come over to Dākor in the heart of Gujarāt. This image is worshipped by thousands at Dākor every full-moon day. From the day Ranchhodji was established at Dākor, Bodāno "was able to twirl his moustaches like a hero, he having done a most patriotic deed —spiritually, of course." Hence these verses are named **બોડાણાની મૂછના પદો.** They are indeed delightful reading. In fact Narbheram reminds us focibly of the simple whole-hearted faith of the great Mehta and because of that holds a firm place in the heart of Gujarāt.

I. From **બોડાણાની મૂછના પદો.**

(૧)

જીવિત ધન્ય તમારૂં રે, બોડાણા કાંઈ બાકી નથી,
કર્યું તમે અજવાળું રે, લાવ્યા ઘેર લક્ષ્મીપતિ. ટેક.
મહાપ્રયત્ન જ્યારે મનુષ્ય કરે ત્યારે, તારે પોતાની જાત;
ધન્ય જીવિત ધન્ય જનની તારી, તારી સફળ ગુજરાત;
મુજ જીવ્હાયે રે, કરૂણા કરો એક રતિ. જીવિત.
તીરથ અડસટ ચરણ છે, અને નેત્રેથી ઝરેછ અમી,
તે અમી જુએ જન જીવ્હાયે, હવે પછી રહી શાની કમી;
જે જીવ જાણે રે, તેને છે એને નામે ગતિ. જીવિત.

ઇકોતેર કોટિ કુળ તમારાં, તાર્યાં પવિત્ર કર્યો સર્વે દેશ
મૂછ ઉગી તે એક બોડાણા તુજને, બાકી સર્વને કાલા કેશ;
વખાણી શકું નહિ રે, કોણ ગજું અલ્પમતિ. જીવિત.
કહે નરભો છોટાલાલ પ્રતાપે, ખાધી શુંઠ ભૂતલ તુજ માત,
મહે બોડાણા એક તુંજ છે, લાવ્યો ચૌદ લોકનો નાથ;
વેગળે જવાત નહિ રે, મુજ અપરાધીવતી. જીવિત.

(૨)

મેં તો ભાળી વિશ્વમાં રે, બોડાણા મૂછ તારે મુખે;
બાકી વિશ્વ સર્વ નીચું રે, વધારે વાળ વેલું સુખે. ટેક.
મૂછ વધારે છે મુખની ઉપર, નહિ સ્મરણ નહિ ધ્યાન,
વીશ ને બાર તે વિષયમાં કાઢે, પણ લેશ ધરે નહિ ધ્યાન;
તેનું જીવિત તો રે, જાણજો ઉંચલે દુઃખે. મેં તો.
ધન્ય ધન્ય બોડાણા એક તુજને, જે વશ કર્યો જદુરાઈ,
સ્વર્ગે મૃત્યુ પાતાળ ત્રિલોકે, તેં જીતની જોડી બજાઈ;
શિવ શેષ સરખા રે, જેનું તો નવ ધ્યાન ચૂકે. મેં તો.
કેહ નરભો છોટાલાલ પ્રતાપે, રટે કૃષ્ણ તેને તો મૂછ,
નહિ સ્મરણ તીર્થ નહિ કીધું, તેને શ્વાન પશુનાં પુચ્છ;
ઉગે છે એવાં રે, પાષાણ પડયો જનની કૂખે. મેં તો.

(૩)

કેશવ મને કોહને રે, પૂછવાને મન મારૂં;
શાં સુકૃત્યથી રે, નીરખે મુખ તમારૂં. ટેક.
અજ ઇશ ને સુરપતિ સરખા, સ્વપ્ને સ્પર્શી ન થાય;
તે મુખ નીરખે પશુ પંખી ને પ્રાણી, નૃત્ય કરે વળી ગાય.
ધન્ય ધન્ય સહુને રે, ભાગ્ય બોડાણાં બહુ સારૂં. કેશવ.
ચરણામૃત પ્રસાદીને માટે, બ્રહ્મા મીન થયાતા જોય,
એવું અમૂલ્ય દુર્લભ દેવતાને, જે સેહજે નિરખે સર્વ કોય;
માટે મનુષ્ય દેહ રે, ફરી ફરી વિચારૂં. કેશવ.
એહ સુખ આપ્યું છે બોડાણે, સર્વ માટે વાવી સુખવેલ,
કેહ નરભો ગુરૂચરણ પ્રતાપે, નીરખી રંગની રેલ;
છબીલા તારે છાગે રે, તન મન ધન વારૂં. કેશવ.

CENTRAL LIBRARY

(૪)

બોડાણા મુખ તારે રે, ઉગી મૂછ મેં ભાળી
ગુજરાત સર્વેને રે, કરાવી કોટિ દીવાળી. ટેક.
મચ્છ કચ્છ વરાહ રૂપ ધર્યું તું, તે છે એ જદુવીર,
વિશ્વંભર મંથ્યો સાગર કર્યો, થાપી ધરા કરીને સ્થિર;
છે બ્રહ્માદિકના રે લાવ્યા વેદ વાળી. બોડાણા.
નૃસિંહ વામન પરશુરામજી, જેણે કર ફરશી ગ્રહી,
તે જ્યોત ડાકોર મંદિરે દીઠી, કયમ તરીને શકું કહી;
શું ગાઉં એક જીભે રે, રહું રૂપને ન્યાળી. બોડાણા.
દશરથનંદન તન વસુદેવના, જનકસુતાના પતિ,
વૃષભાનકુમારી વિહારી, વખાણું શી મારી મતિ;
પુત્ર કૌશલ્યાના રે યશોદાના વનમાળી. બોડાણા.
બુધ કલ્કિ દશ ચૌદની આદે, તેનો મર્મ ન જાણે કોય,
રણછોડજીનાં ભૂષણ અધિદૈવત, ભૂતળે ઉતારે સોય;
છોટાલાલ પ્રતાપે રે, નરભે પ્રીતે ચરણ ઝાલી. બોડાણા.

(૫)

ધન્ય ધન્ય બોડાણા રે, ઉગી મુખ મૂછ તને,
દેવ બ્રહ્માની આઘે રે, સમર્થ એથી ભાખ્યો મને; ટેક.
ભૂતલમાં જ્યારે ભાર થયો હતો, મૂળ દશમની વાત,
ગાયને રૂપે ધરાએ ધાઇને આગે, જઈ હરીને કરી ફરિયાદ;
દૈત્ય દુઃખ દેછે રે, ઘણું ઘણું રજની દિને. ધન્ય.
શંકર વિરંચિત દેવ તેત્રિસકોડ તે, સર્વે કો ભેળા થયા,
ગાય રૂપે ધરા આગળ કરીને, ક્ષીરસાગરમાં ગયા;
ત્યાં તો કરી પછી સ્તુતિ રે સર્વે જોડી ભુજને. ધન્ય.
ઘણા દિન સ્તુતિ કરી જ્યારે, ત્યારે હરિ બોલ્યા એકવાર,
યમુનાતટ દેવકી ઘર આવું, હરવા ભૂતળનો ભાર;
એટલી તો વાણી રે, કહીતી મધુસૂદને ધન્ય.
તેડવા ગયાતા દેવો સર્વે, તેત્રીસ કોડ વિધિ ઇંદ્ર શરણ,
એકલો બોડાણો હરિને લાવ્યો, માટે વખાણી મૂછ અઢારે વરણ;
રટ નરભા ગુરુ સ્થિર રે, પછે બનનારી બને. ધન્ય.

CENTRAL LIBRARY

(૬)

પોઢયાતા ક્ષીરસાગરે રે, વળી પ્રભુ પ્રાગવડે;
તે દીઠા ડાકોરમાં રે, હવે શીદ હું દેહ અડે. ટેક.
એણી રીતે હરી સુખમાં સૂતા, ને વિશ્વમાં વધિયો ભાર,
ધર્મે કર્મે દૈત્યે ઉચ્છેદ કીધાં, દેવો ગયા કરતા પોકાર;
ધરા ગૌ રૂપે રે, પ્રભુને ચરણે પડે. પો૦
તેત્રીસ કોડ દેવો સ્તુતિ કરે છે, ફરી ફરી વારંવાર,
આકાશવાણી વિષ્ણુએ ઈમ ભાખી, ધરશું અમો અવતાર;
જન મારાને રે, દુષ્ટ દૈત્યો નડે. પો૦
પુત્ર કહાવ્યા દેવકી જશોદા, કંઈ દૈત્ય લગાડયા લંક,
કેશ ગ્રહીને કેશવે કંસ પટકયો, પછે અનંતકોટિ અસંખ્ય;
દહાડી દાન ઘાટે રે, લુંટે મહીડું ને લઢે. પો૦
ભાર ઉતારવા માટે ભારત રચ્યું, હરિ બેઠા તમાશો જોય,
અઢાર અક્ષૌહિણી દળ અટવાયું, તેનો મર્મ ન જાણે કોય;
હણ્યા હાથે વિરલા રે, બારોબાર ઘાટ ઘડે. પો૦
હરિ અંધારામાંહી વિશ્વ બૂડયું છે, જે હરિ હોય કે નો હોય,
ગુરુચરણ પ્રતાપથી નરભો કહે જે, હોય હોય ને હોય;
જેણે નવ જાણ્યા રે, તેહના ભવ બેઠા ભડે પો૦

(૭)

રાજા બલિ ને હરિશ્ચંદ્ર રે, પરાક્રમ તારૂં તેથી ખરૂં;
માટે મૂછનો કણીકો રે, તારે તો મારે હૃદયે ધરૂં. ટેક.
બ્રહ્મા સૂરજ વળી ઇંદ્ર ત્રીજા, બલિ હરિશ્ચંદ્ર પાંચમા સાર,
તે સર્વેથી સવાયો બોડાણો, ચાસણીવા અધિક નિરધાર;
અરથ જડે જેને રે, આપે હરિ જેને હરૂં. રાજા૦
એણી વાતે ગાડું ઘાંચમાં પડિયું, અરથ જડે નીકશે,
ડાહ્યા વિચક્ષણ વિચારી જોજો, વધઘટનો નીવેડો થશે;
મૂરખને તો શું છે રે, વિચક્ષણને વળગ્યું વરૂ. રાજા૦
રાજા ચતુર નર તે તો બોળો, વિચારો ગલિ કૂંચી સમેત,
જ્ઞાનની દૃષ્ટિએ જોશો તો જડશે, જે પર હરિનું હેત;
અરથ જડે તેને રે, મૂરખ બોલે અરૂપરૂ. રાજા૦

મૂછ બોડાણાનીનો એક કણીકો, તે રાખું હૃદયા સાથ,
ધન્ય જીવિત ને ધન્ય તારી જનની, ધન્ય ધન્ય હરિ કીધા હાથ
છોટાલાલ પ્રતાપે રે, નરભો હરિ સામો સરે. રાજા૦

(૮)

બલિ સરખા બોડાણા રે, જીવ્હા મુજ બોલે જરી;
ક્ષણમાં કરે કડકારે, ને વેગળી નાંખું પરી. ટેક.
બલિને બાર કોઈ જોવું ન પામે, એટલી મોટી ચૂક,
બોડાણાને ઘેર વિષ્ણુ રહ્યા છે, તે વિશ્વ જુવે સુખે મુખ;
જુઓ એ સવાઇ રે, બોડાણાની અદકી જરી. બલિ૦
બલિ રાજા એકલાની સામગ્રી, યાગશક્તિ ઘરજોગ,
રડછોડજીને સામગ્રી ક્ષણ ક્ષણમાં, ને ભાત ભાતના ભોગ;
પરવાર ન આવે રે, બીડી મુખ માંય ધરી. બલિ૦
શણગાર આવે સાઠ હજાર કેરો, તે મૂકી કરતા સરત.
ધરાવીને બીજો શણગાર આવે, ત્યારે પહેલો ઉતારે તરત;
એણી રીતે શણગાર રે, ધરે છે હરિ ફરી ફરી. બલિ૦
ત્રણ ડગલાં કેરી આંટીમાં આવ્યા, પૂરે ન થાય હૃદે ધરો,
આંટી વિના બોડાણાજીએ, દેહ આપે કુરબાન કર્યો;
તે માટે એ સવાયો રે, જુઓ તોલ વજન કરી. બલિ૦
ખરી વાતે કાંઈ ખાર ન કરવો, વેદ વદે ઋષી નેક,
જન નરભો ગુરૂચરણ પ્રતાપે, કરે પુત્ર પિતાનો ન્યાય એક;
એણી રીતે ચાલું રે, સુખે ભવ જાઉં તરી. બલિ૦

(૯)

રાજા હરિશ્ચન્દ્ર કરતાં રે, બોડાણો કયમ મોટો કર્યો;
કોઈ કેહશો ઈમ મુખથી રે, નાનો મોટો શાને કર્યો ?
હરિશ્ચન્દ્ર કરતાં બોડાણા સવાયા, ચાસણીવા અધિક વિશેષ,
ચાસણી અધિક ને ઓછો જો ભાખું, તો લાજે ગુરુનો ટેક;
માટે તોલ વજને રે, નિવેડો કાઢી કરવો ખરો. રાજા.
હરિશ્ચન્દ્ર રાજાએ પુરી એક પોતાની, તારી કીટ પતંગ નિર્ધાર,
બોડાણો ગુજરાત તારવા બેઠો, ગામ ગણતા નાવે પાર;
માટે એ સવાયો રે, મુક્તિભંડાર નર્યો. રાજા.

હરિશ્ચન્દ્ર રાજાએ ના નવ ભાખી, જે કર્યો કોટિ ઉપાય,
સવાભારનું દાન તો આપ્યું, બોડાણાને પ્રગટ શ્રી રણછોડરાય;
જેને થાય ઝાંખી રે, તેને તો નવ મૂકે પરો. રાજા.
દ્રવ્યના દાતાર ઘણા ભૂતળમાં, કેહતાં પાર ન પામું અનેક,
કૃષ્ણ પહરજ કેરો જે દાતા, તે એવો દેખાડો કોઈ એક;
તેને મરદ ભાખું રે, મારા મુખમાંથી ખરો. રાજા.
બોડાણે જીવ અનેક તાર્યા, શું વર્ણવું નથી નેક,
જય રણછોડ જય રણછોડ કહી, ઝંખી ઉઠે છે અનેક;
ગુરુને પ્રતાપે રે, નરભાનું દુઃખ નાથ હરો. રાજા.

(૧૦)

મૂછ બોડાણાના સરખી રે, ભૂતળમાં બીજાને નથી;
બીજા બોડાણાના સરખા રે, જાણું રંનાદે પતિ. ટેક.
રંનાદેના સ્વામી સૂરજ જાણો, જેને નમે સર્વ લોક,
તેની બરાબર બોડાણો કહો છો, જેને જાણે વિરલા કોક;
કયમ કરી કહો છો રે, જેમાં ફેર એવો અતિ. મૂછ.
સૂરજ વડે ભૂતળ અજવાળું, નિશ્ચય રેણી જૂદી ગણાય,
ધ્યાન સ્મરણ સૂરજને પ્રતાપે, સંધ્યા તર્પણ નિત્ય થાય;
પ્રતાપ જેનો એવો રે, સરખા કયમ કહો છો કથી. મૂછ.
સૂરજ દેવનું પ્રાક્રમ કેવું, અજવાળું કરે છે ખંધે,
રણછોડજીનો દાસ બોડાણો કહિયે, ચાસણીવા તો અધિક વધે;
નિશ્ચય કરી જાણશે રે, જૂઠું તો કયાંય ભાખ્યું નથી. મૂછ.
સાતમા પદમાં તો સંદેહ છે એનો, શોધજો કરી વિવેક,
કહે નરભો ગુરુચરણ પ્રતાપે, મારે બોડાણાનો ટેક;
નમું એક એને રે, મારી તો છે એવી રતિ. મૂછ.

(૧૧)

મૂછ ઉગી બોડાણા રે, ભૂતળમાં તુજને ભાળું;
એક તારી સમોવડ રે, સૂરજને ન્યાળું. ટેક.
કશ્યપ ઋષિના પુત્ર સૂરજે રે, દિવસે અજવાળું કર્યું,
ધન્ય બોડાણા દિવસ ને રેણી, અજ્ઞાન તિમિરને હર્યું;
તે કરતાં રહ્યું જેને રે, તે જેને તેને હૃદે તાળું. મૂછ.

CENTRAL LIBRARY

વસંત ઋતુ જ્યારે ખીલી રહે રે, વૃક્ષ સર્વે પ્રકટાશે આપ,
કેરડા એકને પત્ર ન આવે, ત્યારે તે વૃક્ષનાં પૂરણ પાપ;
વાંક નહિ વસંતનો રે, એનું કરમ કાળું. મૂછ.
શૂન્ય છીપ તે ઉપર ન આવે, તે માટે વંઝા ગણાય,
"ચાલો ડાકોર, ચાલો ડાકોર" કહી, ભક્ત પુકારી ગાય;
તોય જે કો નાવે રે, તેને સાનું અજવાળું. મૂછ.
સૂરજ ભૂતળ કરે અજવાળું, અંધ ઘૂવડનું તિમિર ન જાય,
એમ બોડાણે તો કર્યું અજવાળું, પણ શઠને અવગુણ થાય;
કહે છે નરભો રે, પ્રીતે હરિચરણ ઝાલું. મૂછ.

(૧૨)

ડાહાપણ વિધિવાલુ રે, ભાત ભાત ઘાટ ઘડે;
મૂછ બોડાણાજી કેરી રે, બ્રહ્માને પાર ન જડે. ટેક.
ક્યહાં વિધિ ને ક્યહાં બોડાણો, કહો શો ફેર છે અપરપાર,
વિધિ કરતાં બોડાણાજી છે ડાહ્યા, તે શું કહું વારંવાર;
વિધિથી ડાહ્યા તો રે, એ વાતનો નવ સંદેહ અડે. ડાહા.
ચાર મુખે વિધિ વેદ રટે છે, તે કરતાં અહરનિશ ગાન,
તેત્રીશ કોડ દેવ ઇંદ્રની આદે, તે સર્વતણું છે માન;
દેવ સરિખા રે, બ્રહ્માજીને પાયે પડે. ડાહા.
પદ ચૌદે મેં સંદેહ ગાયો, ડાહ્યા વિચક્ષણ કરે જો વિચાર,
શોધીને જો જો હું તો શાણાને કહું છું, ત્યાં થકી જડશે સાર;
અરિષ્યાના જીવન રે, તે નર તો નિશ્ચય નડે. ડાહા.
મનુષ્યદેહ પામી હરિજશ નવ ગાયા, નહિ કિર્તન નહિ ધ્યાન,
કહે નરભો છોટાલાલ પ્રતાપે, હરિ કથા સુણી નહિ કાન;
તેવી મનુષ્યદેહ રે, જાણજો બેઠી ભણે. ડાહા.

(૧૩)

વિધિથી ડાહ્યા રે, બોડાણા બહુ ભારી;
મૂછ વખાણવા સમરથ રે, નથી કાંઈ મતિ મારી. ટેક.
વિધિમાં વિધિપણું જો હોય જરી, એ વત્સગોપ હરે કુણકાજ,
એક હરિનાં બહુધા રૂપ બનિયાં, તે પોતે શ્રી વ્રજરાજ;
વત્સગોપ સર્વે રે, થયા પોતે ગિરિધારી. વિધિ.

દશ દિવસ સુધી એમ ચલાવ્યું, પ્રીતે પ્રેમને રહ્યો જડી,
માતા બાળક વત્સ કોઈ ન જાણે, એની કળ કોને નવ પડી;
પછી આવ્યા વિધિ રે, સોંપ્યાં સર્વ હારી. વિધિ.
ગુનેગાર થયા વિષ્ણુ કેરા, ઓશિયાળા માનભંગ,
મુકતના મણિ બ્રહ્માજી ખડિયા, આવી શિવ સમારે અંગ;
એવું થાય શાને રે, તે બે જાણે મુરારી. વિધિ.
ચરણામૃત પ્રસાદીને માટે, બ્રહ્મા મીન થયા દીન રંક,
નાણ્યું ચરણામૃત નાવી પ્રસાદી, હરિ હૃદયે દાઝયાનો ડંખ;
પછે કહે બ્રહ્મા રે, હવે મેં જખ મારી. વિધિ.
જે ચરણામૃત જે પ્રસાદી, નાવી બ્રહ્માને ખરે,
તે ચરણામૃત તે પ્રસાદી, ગુજરાતને સેહલ કરે;
પછે હાથ નાંખું રે, મુછ પર ખુંખારી. વિધિ.
વિધિએ જાણ્યું કાં મુને વે શાપે, ઓશિયાળા અતિશે થયા,
કહે નરભો ગુરુચરણ પ્રતાપે, કાચે તાંતણે બાંધ્યા ગયા;
તે માટે બોડાણો રે, બે બે હાથે બલિહારી. વિધિ.

(૧૪)

મૂછ બોડાણા કેરી રે, કોય ન શકે કળી;
વર્ણન નવ થાય રે, એવી તો વાંકડી વળી. ટેક.
ઉંધે મસ્તક જઠરાગ્નિમાં, પ્રાણી સર્વને સંકટ થાય,
ઘણીક સ્તુતિ તો કરે શ્રીકૃષ્ણજીની, છોડો છોડો જદુરાય;
તે પળ ક્ષણનો રે, જાણે ખરી તારી પળી. મૂછ.
બોડાણો ડાહ્યો બ્રહ્મા ઇંદ્ર કરતાં, હનૂમાન સરખો એ ખરો,
માખણ થકી બોડાણાજી સુંવાળા, એવો અર્થ નિવેડો કરો;
બોડાણાજી ઉપર રે, મન મુજ રહ્યું છે હળી. મૂછ.
બે ત્રણ પદ જ્યારે પૂરાં થશે, ત્યારે અર્થ સંભવશે વાત,
ગુરુચરણ પ્રતાપે કરીને, નમે નરભો જોડી જોડી હાથ;
મનુષ્યદેહ બોડાણાની રે, ભલી ભલી સફળ ફળી. મૂછ.

(૧૫)

બોડાણો ડાહ્યો ડાહ્યો રે, ઇંદ્રરાય કરતાં ડાહ્યો;
તેને માટે મૂછમાંથી રે, કણીકાનો જય ગાયો. ટેક.

CENTRAL LIBRARY

બોડાણાની મૂછના પદો.

પ્રથમ વિષ્ણુએ સાગર મથિયો, કાઢયાં રત્ન બે અને બાર,
જેને ઘટે તેને તેવાંજ આપ્યાં, ઇંદ્રને આપ્યાં ચાર;
સમર્થ એવા રે, જે નિરંજન રાયો. બોડાણા.
નરકાસુરે ઇંદ્રરાજાનું લીધું, છત્ર ચમર કુંડળ સાથ,
ત્યારે ઇંદ્ર ત્રાહ્ય ત્રાહ્ય કરતાં, હરિને કરી ફરિયાદ;
પૂછે હરિ મારો રે, જે ભૂમિ તણો જાયો. બોડાણા.
સત્યભામા પટરાણી રિસાવ્યાં, લાવો પારિજાતક મુજ ધામ,
ગરુડ પાસે વૃક્ષ ઉપડાવ્યો, ત્યારે શાને કર્યો સંગ્રામ;
નાખ્યું રાજી થઇને રે, પાછળથી બહુ પસ્તાયો. બોડાણા.
બોડાણાને વિષ્ણુએ એમ ભાખ્યું જે, વહેલ મારે કાજે લાવ,
રથ માફા ને હાથી ઘોડા છે, ત્યારે તેમાં બેશી મુજ ઘર આવ;
નવ કહ્યું એવું રે, તે સર્વેથી સવાયો. બોડાણા.
બોડાણે રીઝાવ્યા તેમ રીઝયા, વરત્યું હરિનું મન,
કહે નરભો ગુરુચરણ પ્રતાપે, રાખ્યા રાખ્યા હરિ ભુવન;
જીવ ગુજરાતનો રે, અભય પદવી પાયો. બોડાણા.

(૧૬)

પૂરી મૂછ બોડાણા રે, નથી રહી લેશ મણા;
નમ્રતા કોમળતા રે, માખણથી સુંવાળા ઘણા. ટેક.
માખણથકી જ્યારે સુંવાળા ઝાઝા, એની વાતનો સંદેહ ખરો,
એણી વાતે ગાડું ઘાંચમાં પડિયું, પદ છઠ્ઠું સમાસ કરો;
પછી કાંઈ કેહજો રે, વિચાર કરી તેહ તણા. પૂરી.
મૂરખ નરને માઠું લાગશે, નહિ કરે પ્રમાણ,
આપ આપની ઇચ્છાએ જે બળશે, ઓલવે તેને બીજો કોણ?
અર્થ જડે તેને રે, જે હોય શાણા ઘણા. પૂરી.
રખે જાણો જે બોડાણો મનુષ્ય છે, શું કહું વારંવાર,
બ્રહ્મા સરિખા વળી ઇંદ્રની આદે, સર્વતણો સરદાર;
વશ કર્યો વાહલો રે, જેને નમે રાંક રાણા. પૂરી.
જન નરભેરામ ગાય છે પ્રીતે, જોડીને પરછંદ,
મનુષ્ય બોડાણાને જીહ્વા જે બોલે, તો ક્ષણમાં કરે શતખંડ;
રાખ્યો રાખ્યો ભુવન રે, જેને રટે સહસ્રફણા. પૂરી.

(૧૭)

માખણથી સુંવાળા રે, તે બોડાણા મેં ભાળ્યા;
માટે મૂછને વખાણી રે, સંદેહ સર્વે ટાળ્યા. ટેક.
માખણ સરખા બોડાણા કહું તો, કયમ કહેવાય જરી,
માખણ સમોવડ મુખેથી કહતાં, જીહ્વા ખંચાયે ખરી;
ગુર્જરજીવ સહુને રે, નરક જતાં ખાળ્યા. માખણ.
કયહાં કઠિનતા માખણ કેરી, કયાં બોડાણાની નરમાશ,
માખણ બોડાણા વચ્ચે ફેર કહે તો, કયાં જમીન ને કયાં આકાશ;
શત્રુ મિત્ર સહુને રે, પ્રીત કરી પાળ્યા. માખણ.
પારસમણિ ગુણ બોડાણા કેરો, જયમ ધાતુ સર્વે હેમ થાય,
ચાર વર્ણે ઉંચ નીચ સહુને, તે ભેટે જદુરાય;
અવગુણ કોના રે, તે નજરે નવ ન્યાળ્યા. માખણ.
માખણ હોય તો ઓગળે, જયારે અડકે આપને તાપ,
પારકે તાપે બોડાણાજી ઓગળિયા, તે જપ્યા અહરનિશ જાપ;
પ્રાણી સર્વેને રે, સુખ વાટે સહુ વાળ્યા. માખણ.
પારકું સંકટ હરવાને માટે, કરી મંજલ દિવસ ને રાત,
કહે નરભો ગુરુચરણ પ્રતાપે, બાંધી પ્રીત પ્રભુની સાથ;
પરમારથ સારૂ રે, તમે ગર્વ મદ ગાળ્યા. માખણ.

(૧૮)

ધન્ય ધન્ય બોડાણા રે, અંજનીતન સરખા તમો;
વર્ણન મૂછ કરતાં રે, પાર તો ન પામું અમો. ટેક.
કુંજરતનયાતણું દૂધ જેવું, એવું તારી માનું દૂધ,
શત જોજન તે તો સાગર તલપ્યા, લાવ્યા સીતાની શુધ;
તમો લાવ્યા ઘેરજ રે, જે નર ન કોને નમ્યો. ધન્ય.
અંજની પુત્રે તો ગળ્યા સૂરજને, તે દેવ નમ્યા સર્વે પાય,
અવગુણ ગુર્જરના બોડાણા ગળિયો, તે માટે જશ લખાય,
ગુજરાત સારૂ રે, તું સંકટ સર્વે ખમ્યો. ધન્ય.
અંજની પુત્રે તો લંકા પ્રજાળી, ઘર ઘર અગ્નિપ્રવેશ,
પાપ ગુર્જરના બોડાણે પ્રજાળ્યાં, તે શોધી શોધીને એક લેશ;
પાપ સર્વેને રે, તું દમી દમીને દમ્યો. ધન્ય.

હનુમાનદશે તો રાવણ રોળ્યો, રીસ ધરીને વિશેષ,
બોડાણાદશે તો કંસ પછાડ્યો, ગ્રહી ભુજમાં કેશ;
ગુરુના પ્રતાપે રે, નરભો હરિચરણ નમ્યો. ધન્ય.

(૧૯)

બ્રહ્મા ઇંદ્ર કરતાં રે, બોડાણો કયમ મોટો કહ્યો;
વિચારીને જાણે રે, તેને મન સંશય ગયો. ટેક.
બ્રહ્મા ઇંદ્ર તમો બેઉને કહું છું, ખરી વાતે ન કરશો ખાર,
બેહુના બાપ કરતાં બોડાણો મોટો, મોટો મોટો વાર હજાર;
જેણે નવ જાણ્યું રે, તે નર વેહતો ગયો. બ્રહ્મા.
પ્રાગવડને પાને સૂઇ રહ્યાતા, એ તે બ્રહ્મેંદ્રના તાત,
બલિને બારણે જુઓ જાચવા ગયાતા, ખરી કે ખોટી વાત?
જાચ્યાં ડગલાં ત્રણજ રે, એટલામાં કીધો ભયો. બ્રહ્મા.
સર્વથકી કયમ પૃથ્વી મોટી, સાયર એથી મોટો કેવાય,
તે સાયર અગસ્ત્યે પાન કીધો, તેથી મોટું આકાશ લેવાય;
તેથી મોટા વિષ્ણુ રે, તે તો એને રૂંવે રહ્યો. બ્રહ્મા.
પારખું હોય તે તો નાણાને પરખે, જ્ઞાની પરખે પરદેશ,
જ્ઞાનની દૃષ્ટિવાળો માંય ખેલે, બાહર નેત્રવાળા દેખે દેશ;
ગુરુથી જન નરભો રે, બોડાણાને માટે લહ્યો. બ્રહ્મા.

(૨૦)

મૂછ બોડાણા કેરી રે, રીઝું પાછો વખાણીને;
ઉત્તર મને આપો રે, હરિ હેત આણીને. ટેક.
અંતઃકરણમાંથી આવે ઉમળકો, પૂછવાને હરજી વાત,
તમારી કળા બીજો ન જાણે, તેને માટે પૂછું છું નાત;
માનીતો તો કરવા રે, તમો કોય મોહ રાણીને. મૂછ.
રાય રણછોડ નથી કેહતા કોઇને, જે આવો ને જાઓ લેશ,
માસે માસે માણકહારી કીધી, કયમ કરો છો સર્વ વેશ;
તે તો કહો મુજને રે, શું કરશો દેશ તાણીને. મૂછ.
કોઇ પ્રદક્ષિણા માંઘલી કરતા, કો બહાર ફરે છે આણી હેત,
કોઈ ગોટીમલે કોઈ દંડવતે, તે સર્વ કહો સંકેત;
મુજને તો ભાસ્યું રે, ધન્ય એ કમાણીને; મૂછ.

પદ પાંચમામાં સંદેહ છે એનો, તે સુણતાં પ્રગટે પ્રેમ.
કહે નરભો ગુરુચરણ પ્રતાપે, બોધ્યો ધ્યાન સ્મરણ ને નેમ;
હૃદે રૂપ રાખો રે, હરિ યાદ જાણીને. મૂછ.

(૨૧)

રાય રણછોડ કહે છે રે, પૂરણ પ્રેમ કરી;
ભુજા તો બેઉ જોડી રે, સુણો દાસ ચિત્ત ધરી. ટેક.
દાસ બોડાણાને વશ થયો છું, હું તે જાણજો સદા કાળ,
મૂછ બોડાણાના મુખ પર ઉગી, બીજાને ઉગ્યા કાલા વાળ;
વાચા બોડાણાની રે, હું તો નવ લોપું જરી રાય.
અમે તો કોને વશ થાઉં નહિ કયારે, રિદ્ધિ સિદ્ધિનો પડદો રહ્યો,
તુલસીનો આધીન તુલસી વશ, એને તે માટે હું વશ થયો;
બોડાણા કહે તે કરવું રે, બીજા વાત મુકી પરી. રાય.
બોડાણો ગુજરાત તારવા બેઠો, તે દેશ ભેગો કરે,
બોડાણો કરે વાત તે મારે કરવી, તે તો બ્રહ્માથી ફરી ન ફરે;
બોડાણાનો જે વેરી રે, તે તો મારો પેહલો અરિ. રાય.
સાલોકય સાન્નિધ્ય સાકાર સરખા, સાયુજય કૌસ્તુભમાં વાસ,
ચાર પદારથ શો તું બોડાણો, પૂરે છે સર્વની આશ;
કૌસ્તુભમાં વાસે રે, તે મેં ના ન થાય જરી. રાય.
ધ્વજા ધર્મની બાંધી બોડાણે, ચોપાઇ તે ફુરકાય,
કહે નરભો છોટાલાલ પ્રતાપે, તેણે દેશ આવે ને જાય;
તેડે છે ધ્વજા સહુને રે, ચોપાઇ આવો આવો કરી. રાય.

(૨૨)

ભૂતળ નવખંડ રે, જો કાગળ કરીને લખે;
કરણીકો એક મૂછનો રે, તે વરણી ન શેષ શકે.
સાત આકાશ ને સાતે પાતાળે, તે ચૌદનું એક ગણાય,
જમણા પાસાની અડધી મૂછમાં, એવાં કોટિ વહી જાય:
એવી મૂછ તારી રે, કયમ કહું એક મુખે. ભૂતળ.
બોડાણે જાણ્યું મુજ પ્રજા આળસુ, તે કયમ જવાશે જરી,
મુક્તિસદાવ્રત આંગણે મુકું, તો મૂછ મારી ખરી.
તે એવું જાણીને રે, તુલસીને કરમાં રખે. ભૂતળ.

મહેનત કરી છે બોડાણાજીએ કેવી, પૈસાનું તોલું દઇયું,
એણી રીતે દ્રવ્ય કોટિ તે, ગુજરાતને મફત મળ્યું;
વાવરે પુત્ર થઇને રે, જ્યારે તાત રળિયા દુઃખે. ભૂતળ.
ધન્ય બોડાણા ધન્ય બુદ્ધિ તમારી, બસે ચોપાઈ ભૂમિ ભરી,
લાકડ પાકડને પાણી જ્યાં સોંઘું, ત્યાં પધરાવિયા હરી;
તે ધ્વજા ધર્મની રે, ફરકે છે ગગન પરે. ભૂતળ.
મુખારવિંદ જોવા આવે પુનમિયા, મુક્તિ થાય થાય ને થાય,
ડગલે ડગલે અશ્વમેધ છે, તે મેં વરણ્યો કયમ જાય;
ગુરુથી કહે છે રે, નરભો પોતાને મુખે. ભૂતળ.

(૨૩)

મૂછ બોડાણા રે, મુખ તારે ખરી;
ગુજરાત તારવા રે, તુલસી તેં કરમાં ધરી * ટેક.
ધન્ય બોડાણા ધન્ય મંજલ તારી, ધન્ય તારી માત,
ધન્ય ઓબલો એક તારી મૂછનો, નાંખ્યો મૂછ પર હાથ;
જકરરાની બોલી રે, તમે પરમાણ કરી. મૂછ.
ધન્ય બોડાણા ધન્ય ધીરજ તમારી, ધન્ય તમારો વિશ્વાસ,
ધન્ય સ્મરણ ધન્ય સાધન તમારૂં, ધન્ય જે રહ્યા તારી પાસ;
ધન્ય ડાકોરને રે, સોંપ્યા જેને ચરણો ભરી. મૂછ.
ધન્ય બોડાણા ધન્ય ટેક તારો, ધન્ય છે તારી સેવ,
કોટિ બ્રહ્માંડનો કર્ત્તા જે કહાવે, વશ કીધો દેવનો દેવ.
હાજર છે તારે રે, હાર્યાદોર્યા હરિ. મૂછ.
કહે નરભો ગુરૂચરણ પ્રતાપે, શું કહું વારંવાર,
સહસ્રફણાથકી શેષ તે હારે, જશ કહતાં ન પામું પાર;
મુજ રંક મુખે રે, જીહ્વા છે અલ્પ જરી. મૂછ.

(૨૪)

મૂછ બોડાણાકેરી રે, હશે પૂરો તો ગાશે;
બીજો તો ચાંચ બોળે રે, માથાવનો તે થાશે. ટેક.

---

* This refers to the story that owing to their deep devotion Bodāno and his wife grew Tulsi on their hands. (Cf, the stigmata of St. Francis of Assisi.)

અધકચરા કો જીવ અધૂરા, તે રખે ભરો માંય ચાંચ,
ઈર્ષ્યાવાળા જીવ ઝાઝા ભૂતળ, તેની વસમી કરડી આંચ;
ઉત્તર શો દેશો રે, રખે રોહ પદ પાસે. મૂછ.
પૂરો હોય તો પદ સર્વે શોધીને, ઈર્ષ્યાને ઝલાવે કાન,
માથાવનો તો માથામાં મારે, અધવચરો બાપડું બાન;
માનભંગ થઇને રે, પછે પદથી નાસે. મૂછ.
મૂછ બોડાણાની ગાતે ને સુણતે, વાધે શૂરાને શૂર,
ધ્યાની પુરૂષને તો ધ્યાનજ વાધે, વાધે રૂપ ને નૂર;
જ્ઞાનીને તો જ્ઞાનજ રે, પ્રગટ જ્યોત પ્રકાશે. મૂછ.
સાઠ્ય પદ છપ્પા ને દોહરા, ગાયા આણી ઉમળકો હેત,
એક કણીકાના સોમા ભાગની, મૂછ કહી સંકેત;
ગુરુથી કહે છે નરભો રે, અજ્ઞાનતિમિર ત્રાસે. મૂછ.

(૨૫)

પ્રમાણ પૃથ્વીમાં રે, બોડાણા મૂછ તારી;
ઉગી એક તુજને રે, લાવ્યો ઘેર ગિરિધારી. ટેક.
મૂછ ઉગી તે તારી પ્રમાણ થઈ છે, જેને ભરી કૃષ્ણશું ફાળ,
બાકી સર્વે જીવ વિશ્વ સર્વના, તે વૃથા વધારે વાળ;
અચો સહે છે અમથો રે, જે ગયો અવસર હારી. પ્રમાણ.
અખંડ ભભૂતને અંગ લગાવે, સેવે ધૂણી પાણી વન,
ધ્યાન સ્મરણ ને સાધન કરતાં, પણ નાવે તેને સ્વપન;
તે તારે મંદિરીએ રે, રહ્યા હરિ હિતકારી. પ્રમાણ.
શુકવ્યાસજી લાવ્યા પુરાણ અઢારે, જેમાં અમૃત બહુ પેર,
એમ બોડાણો એક મરદ થયો તે, ગોલોક વસાવ્યું ઘેર,
મુખ નિરખતાં રે, તરે ભવ સંસારી. પ્રમાણ.
જયમ ભગીરથ સ્વર્ગે ભુવનથી, લાવ્યો ગંગા પહોંચાડી હામ,
કહે નરભેરામ ગુરુ પ્રતાપે, લાવ્યા બોડાણા ગુજરાતે રામ;
એ સર્વે સરખા રે, વિષ્ણુના ઉપકારી. પ્રમાણ.

(૨૬)

ઉગ્યા સૂરજ સુવર્ણના રે, બોડાણા પ્રતાપ તારો;
માટે મૂછને વખાણી રે, જે આવ્યો છે આરો. ટેક.

CENTRAL LIBRARY

બોડાણાની મૂછના પદો.

તમો હરિજન હરિ સરિખા, તમો દાતારના દાતાર,
તમો જોગી ને તમો મુનિ મેં જાણ્યા, હરિરસના પાનાર;
ગુજરાત સહુને રે, પાઈ અમૃતની ધારો. ઉગ્યા.
એ રસ રહે જો મારા હૃદયમાં, ઠરેથી જાચું વારંવાર,
મળે વૈભવ સુખ ઇંદ્ર સરિખું, એ રસ નિશ્ચય સાર;
જુગ જાય કોટિ રે, જો અપરંપારો. ઉગ્યો.
મસ્તક મુકુટ ને કુંડળ કાને, વળી મુક્તાફળ ઉર હાર,
પીતાંબર પટકા ને જામા, તે રહેજો હૃદે સદાકાળ;
વાસ કરો વહાલા રે, હૃદયમાં માસ બારો. ઉગ્યા.
ધન્ય બોડાણા ધન્ય મૂછ તારી, ને ધન્ય જીવિત ધન્ય અંગ,
દેવને દુલ્લભ તે મુજને ક્યાંથી, આળસુને ઘેર ગંગ.
ગુરુને પ્રતાપે રે, નરભા તુંહિ તુંહિ ઉચ્ચારો. ઉગ્યા.

(૨૭)

બોડાણા મૂછ તારી રે, દ્વાપર યુગમાં થઇ;
પ્રકાશ રવિ ચંદ્રનો રે, જ્યાં લગી જ્યોત ગઈ. ટેક.
ત્યાં લગી જશ તારો વ્યાપ્યો, વિશ્વ જાણે છે સહુ,
જડ ચૈતન્ય સહિત નથી અજાણ્યું, કયમ કરી જીભે કહું;
મતિ છે મુજ થોડી રે, તે કયમ કરી શકું કહી. બોડાણા.
સ્થાવર જંગમ જીવ ભૂતળના, મુકિત મુકિત કેહતા મરે,
ધર્મ લાભ કામ મુકિત આદે, કેશવ તુજ ચરણ ધરે;
ન્યૂન કશી તારે રે, અષ્ટમાં સિદ્ધ આપે રહી. બોડાણા.
એ છે હરિ ને એ છે શંકર ભોળો, એ છે દશરથસુત કીરતાર,
ઘનશ્યામ થઈ વૃષ્ટિ કરે છે, એણે દેહ ધરી દશ વાર;
હરિજન સારૂ રે, કામ સુધાર્યાં જઇ. બોડાણા.
તે હરિને મેં તો નયણે નીરખ્યા, મેહલો બોડાણા જોગ,
કહે નરભેરામ ગુરુપ્રતાપે, ઉઠયા આનંદ કેરા ઓઘ;
હૃદય ફૂલ્યું પ્રફુલ્લ રે, દીવાળી તો લાખો લહી. બોડાણા.

(૨૮)

તપ તીરથ વ્રત સર્વે રે, બોડાણા કાંઇ બાકી નથી;
માટે મૂછ તારી રે, વખાણું શું મારી મતિ. ટેક.

તમે તમારો શેર પ્રમાણ પમાડો, માટે કહું તમને ધન્ય,
બાકી મૂરખ નર વિશ્વ સર્વેના, મિથ્યા વણસાડે છે અંન.
જન્મ્યા છે શાના રે, જપ્યા નહિ જે સીતાપતિ. તપ.
જે મુખથી રામકૃષ્ણ કહે નહિ, તે મુખ પર પડો ધૂળ,
નામ ન દીજે પરછાયો ન લીજે, રહી નિરંતર ધૂળની ધૂળ;
સંગ કર્યાથી રે, વણશી જાય જ્ઞાનગતિ. તપ.
દુર્જન શીદ દેહ ધરે છે, કરવા ભૂતળને ભાર,
અન્ન જમે ને ઉંઘે હાશ કરીને, તે નરને મારો પેંજાર;
લેશે લેખું કેશવ રે, ભરિને એક રતિ રતિ. તપ.
એવા નરને માથે ગાળ છે માટે, બોડાણા રતિરસ આપ,
મુખથી કહે નરભો ઝાઝું શું કહું, ભવ ભવનાં બંધન કાપ;
જશ કહે નરભો રે, ગુરુના પ્રતાપ વતી. તપ.

(૨૯)

ભર્યો સાગરમાંથી રે, પંખી ચાંચ ભરી જશે,
એમ તમને નહિ અડકે રે, મુજ રંકનું કામ થશે. ટેક.
શાં શાં વખાણ કરૂં તારી મૂછના, મુજ મુખ રસના એક,
રટે છે વિધિ રૂદ્ર શારદા જેને, રટે છે વળી શેષ;
તેને રાખ્યો ભુવને રે, મન મારૂં મળવા ધસે. ભર્યો.
એક દીવે દીવા લાખો કરે, પણ તેજ તલખંડ ન થાય,
મંદિર મંદિર પહોંચે અજવાળું, ઇમ તમારૂં તેજ ન જાય;
કર્ત્તા સર્વેના રે, તે રહે છે તારે વિષે, ભર્યો.
એક રવિ પ્રગટે છે ગગનમાં, પ્રતિબિંબ જળહળ હોય,
તેને તેજે રવિ ઝાંખો પડે નહિ, એમ હાણ તમારી નહિ હોય;
થોડે ઘણું માનો રે, શું થાયે ઝાઝું ભસ્યે. ભર્યો.
એ રસ ટાળી વસ્તુ બીજી જો માગું તો, ફટ કહી દેજો ગાળ,
શું કરૂં વૈભવ સર્વે છે જૂઠો, એણે વેપારે ભરવી છે ફાળ.
તમો ગુરુ એકજ રે, જાણો છો જુગ દશે દિશે. ભર્યો.
વર્ણન મુખથી કરી શકું નહિ, ગુરુ ગોવિંદ છો એક,
આંક વાળી ગઇ વિધાતા એવો, લખ્યો લલાટે ભુંડો લેખ;
ગુરુચરણથી રે, નરભો નવ રીઝે કશે ?. ભર્યો.

CENTRAL LIBRARY

(૩૦)

મૂછ ઉગી બોડણા રે, મુખ તમારે સાહી;
વર્ણન મૂછનાં કરતાં રે, પાર શેષ પામે નહિ. ટેક.
શેષ સરિખાએ વર્ણન ન થાયે, એ વાત સાંભળતાં હાસ
એણી વાતનો સંદેહ ભાગશે, જ્યારે પદ આઠમું કરસો સમાસ;
વિચારીને જો જો રે, નહિ તો એમાં જાશો વહી. મૂછ.
હૃદયમાં તો વાસ કરીને, જો વસે રણછોડરાય,
બ્રહ્મતનયા જીવ્હાગ્રેથી ન ખસે, તે જશ અહર્નિશ ગાય;
ત્યારે કણીકો રે, કોઇ દિને પૂરો થઇ મૂછ.
બ્રહ્મા કમળતાગ જોવા ગયા હતા, ત્યાં જુગ વીત્યા એકવીશ હજાર,
વિધિ વિચારીને પાછા વળ્યા તો, ન લાધ્યો કમળનો પાર:
સોમો ભાગ એવો રે, જશખ્યાત કેહતી રહી. મૂછ.
એણી રીતે વિધિ પાછા વળ્યા હતા, થાકયા થાકયા અતિશે છેક,
સો ભાગમાંથી પાછો વળ્યો છું, થાકી થાકીને મૂકયો ટેક;
એવી મુછ તારી રે, કયમ કરી શકું કહી. મૂછ.
મારાં તો હથિયાર મુજને વાગે, એ માગું રણછોડ,
પૂરા કણીકાનાં વર્ણન કરતાં, જન નરભાના પૂરો કોડ;
માખણ તો કાઢયું રે, મંથન કરીને મહી. મૂછ.

(૩૧)

વખાણવાને લાયક રે, મૂછ તો પાંચ ખરી;
બીજી મૂછ હળવી રે, કોઇ ઘણી કો જરી. ટેક.
મેહેતો બોડાજી ને પુંડરિક ત્રીજો, ચોથો શુક જતી,
પાંચમો મૂછ તો કોની વખાણું, લાવ્યો ગંગા ભાગીરથી;
વિશ્વ સર્વને રે, મૂકયો ઉપકાર કરી. વખાણ.
સુણસે તેને તો સંદેહ આવશે, જે બીજી મૂછ શે તુલ્ય,
કોઇ હીરો પચીશ પચાશે, સહસ્રમાં હીરો કોઇ અમૂલ્ય;
ફેર એટલો રે, જો જો હૃદયમાં ધરી. વખાણ.
મેહેતેજીએ કહી કહીને રાખ્યો, જે લક્ષ્મીનો નાથ,
બોડાણો પ્રત્યક્ષ પ્રભુ ઘેર લાવ્યો, તેણે તારી સકળ ગુજરાત;
પ્રત્યક્ષ પ્રભુને રે, નીરખે સહુ નયણા ભરી. વખાણ.

શ્રીમદ્ભાગવત શુકજીએ મૂકયું, કેવળ અમૃત પાન,
પુંડરિકે લક્ષ્મીવર ઘેર રાખ્યા, તે ઘરે દક્ષિણ સહુ ધ્યાન;
ધન્ય મૂછ તેની રે, જેણે ભૂવને રાખ્યા હરિ. વખાણુ.
સ્વર્ગભુવન થકી ગંગાને લાવ્યા, ભૂતળે ભાગીરથી,
એ પાંચ મૂછનાં વખાણુ કરવા, પોહોચે નહિ મારી મતિ.
સ્પર્શીને ગંગા રે, તે ભવ જાયે તરી. વખાણુ.
વિશ્વ સર્વમાં પ્રાણી સર્વ કો, જેને હરિ મળવાના કોડ,
નિશ્ચય કરી તમે સહુ કોઈ નીરખો, તે ડાકોરમાં રણછોડ;
ગુરુચરણથી રે, નરભો રહ્યો નિશ્ચય કરી. વખાણુ.

(૩૨)

ઉગી મૂછ ખોડાણા રે, ભૂતળ એક તું છે ખરો;
બીજા તો મૂછ ઉપર રે, નાખે ભુજ જૂઠો ઠર્યો. ટેક.
પંચાશ કોડની માંહે છે ડાકોર, હરિ મંદિર છે જ્યાંય,
ન માને તો ચોવાઈ ભરી, આવો હરિ મંદિર છે ત્યાંય;
જે તેને ગયો ચરણે રે, તે તો નર જઇને ભળ્યો. ઉગી.
કચ્છપ આગે રવિવારને દિવસ, મધ્યાન્હ પહેલી ઘટી ચાર,
માત ને પિતા બ્રહ્મચર્યેજ છે જેનાં, તેને હરિ કરે છે ઉરમાળ;
આભાસ તો થાશે રે, નહિ તો પૂછી નિશ્ચય કરો ઉગી.
સાધુ પુરુષને તો સત્ય એ ભાસ્યું, દુર્જનને નહિ ભાવ,
કહે નરભેરામ ગુરુચરણ પ્રતાપે, નાઠો દેહમાંથી તાવ;
સાકર કહે કડવી રે, જેની દેહમાં તાવ ભર્યો. ઉગી.

(૩૩)

સાયર કયમ લાંઘે રે, વહે તે ચકલી ચાંચવતી;
મૂછ વખાણવા સમરથ રે, નથી કાંઇ મારી મતિ. ટેક.
સો વરસ સુધી ચકલી ચાંચો તે, ભરે સાયરની માંય,
રાત દિવસ એક લેશ ન જંપે, પણ કાંનો ન મૂકે કયાંય;
એવી મૂછ તારી રે, તે વર્ણવી એક રતિ. સાયર.
મેઘનાં બિંદુ કંઈ માપ્યામાં નાવે, એવી મૂછની ખ્યાત,
પંખી ઉડે તો આકાશ થકી હારે, પછે વિરામ પામ્યાની વાત;
ઉડે એક એક રે, જેની હોય જેવી ગતિ. સાયર.

CENTRAL LIBRARY

બોડાણાની મૂછના પદો.

સાઠય સાઠય છપ્પા ને દોહરા, એ રીતે જશ લખ્યો,
એક કણીકાના સોમા ભાગનાં, વખાણ હું તો કરી ન શકયો;
પાર કયમ પામું રે, જેને વશ લક્ષ્મીપતિ. સાયર.
મજલ કરનાર આખર હારે, નાવે ભૂમિનો પાર,
મૂછ બોડાણાનીનાં વખાણ કરતાં, હાર્યો હાર્યો નરભો વાર હજાર;
ગુરુને પ્રતાપે રે, જેવી મારી બુદ્ધિ હતી. સાયર.

(૩૪)

મૂછ બોડાણાકેરી રે, વિશ્વ બાધું ભાળો;
રખે જાણો કહ્યું નરભે રે, બોલ્યો છે એ છોગાળો. ટેક.
અંજનીપુત્ર સરિખો બોડાણો, સંશય ધરો નહિ કાંય,
નવ ને તેર પદ ત્યાગ કરીને, ત્રેવીશમા પદ માંય;
ચતુર તે બોલ્યો રે, સંદેહ તો નથી ટાળ્યો. મૂછ.
પાંગળો તે પર્વત ઓળંગે, જેને પ્રસન્ન જદુરાય,
તરણાનો મેરુ મેરુનું તરણું, બિંદુમાં સિંધુ સમાય;
સમરથ એવો રે, એક કોરે ડાકોરવાળો. મૂછ.
કોઈ કેહશો જે કૃપા નિર્ધનને, કેમ કરી જદુરાય,
ધનવંતનો ખપ જો કરે ત્યારે, વિદુર ઘેર શીદ જાય;
અમૃતથી અધિક રે, ભાજીમાં રાજી ગોપાળો. મૂછ.
વિપ્ર સુદામાને કૃપા કરી હતી, તે હજુ સંભારે લોક,
નિર્ધન નરસૈયાની હુંડી સ્વીકારી, ગણી ગણીને આપ્યા થોક;
નિર્ધન સારૂ રે, ધસ્યો અણવર પાળો, મૂછ.
કંસની દાસી ત્રણ વાંકની કુબ્જાના, પૂર્યા મનોરથ કોડ,
સોળ સહસ્ર અષ્ટ ત્યાગ કરીને, કૃપા કરી રણછોડ;
કરી પટરાણી રે, એવો રે કાનડ કાળો. મૂછ.
ત્રણ વાંક ને દાસી રૂપ જે ચોથું, ચારે વાંક સમાયાં આપ,
નવ લક્ષ વાંક નર નરભાના મોટા, તે ધણીએ કર્યાં જ્યારે માફ;
કહે છે જન નરભો રે, પ્રીતે હરિ ચરણ ઝાળો. મૂછ.

II. Love and devotion.

નથી નિપજતો પ્રેમ, વાડીમાં પાણી પાતાં,
નથી નિપજતો પ્રેમ, તેલ ચોળ્યાંથી તાતાં;

CENTRAL LIBRARY

નથી મળતો કાંઈ પ્રેમ, ગાંધી દોશીને હાટે,
નથી મળતો કાંઇ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે;
નથી મળતો પ્રેમ તપાસતાં, ગુજરી ગામો ગામની,
કહે નરભો પ્રેમ પૂરો મળે, કૃપા હોય શ્રીરામની.

મળ્યો પ્રેમ વ્રજનાર, મગન થઇ મનમાં ફૂલી,
કહાન કહાન કહિ ફરી, ભાન ગઈ દેહનું ભૂલી;
પ્રેમિ વિદુરની નાર, નાહતાં નાગી ધાઈ;
એ લક્ષણ પ્રેમનું, જઈ ભેટી જદુરાઈ;
તે ગર્ભને કાઢી નાંખતી, છોડાં મુખે ધરાય છે,
કહે નરભો પ્રેમનું પારખું, છબિલો છોડાં ખાય છે.

જ્યારે પ્રગટ્યો પ્રેમ, તુલસીના દળથી રાજી,
જ્યારે પ્રગટ્યો પ્રેમ, ખાધી ખિચડી ને ભાજી;
જેને પ્રગટ્યો પ્રેમ, પ્રેમને તે નર જાણે,
જેને પ્રગટ્યો પ્રેમ, તેહને વેદ વખાણે;
મનમાં જો પ્રેમ પ્રગટ થયો, એક રતીભર જેહને,
કહે નરભેરામ ગુરુથકી, નિત્ય બલિહારી તેહને.

કરીને યજ્ઞ અનેક, વ્રત વિધિ બહુ પાળે,
વળી આપે ગોદાન, હાડ હિમાળે ગાળે;
ગીત વેદનાં ગાય, તિર્થ પણ બહુ ફરિ આવે,
દધી દૂધ ઘૃત ખાંડ, વિપ્ર પોષે મન ભાવે;
એવાં સુકૃત કીધાં ઘણાં, શું આપુ જીભે ગણી,
કહે નરભેરામ એ સર્વથી, જ્ઞાન દાન શિરોમણી.

ખારાં જળનો જીવ, મિઠા જળમાંહી મરે છે,
મિસરી મીઠી ઘણી, ગધાના પ્રાણ હરે છે;
સિંહણુકેરૂં દૂધ, કનકને પાત્રે જામે,
બીજી ધાતુ બહુ, માંહી વિરામ ન પામે;
છે એમ હરિ રસ આકરો, પ્રેમીને દિલ બહુ કરે,
કહે નરભેરામ ગુરુથકી, દુરજનને વિસ્મય કરે.

નથી મૃત્તિકામાં પ્રભુ, નથી પિત્તળમાં પેઠો,
કનકની મૂર્ત્તિ કરે, નથી ઇશ્વર મહિ બેઠો;

CENTRAL LIBRARY

પ્રેમ અને ભક્તિ.

નથી ઘોરોમાં પીર, નથી જૈનોને દેરે,
અસલ જુવે નહિ કોય, સક્ત નકલોને ઢેરે;
છે રામ નામ અક્ષર અસલ, બીજું નકલ કહેવાય છે,
કહે નરભેરામ ગુરુથકી, પ્રેમે પ્રગટ જ થાય છે.

શાસ્ત્ર પુરાણો વેદ, કમાવા કારણ શીખે,
આઠ પહોર દિન રાત, જઇને ઝિકણું ઝીકે;
વાણી મધુરી વદે, મોરના જેવી કહિયે
સર્પ વિછીને ખાયે, ઝેર એવું છે હૈયે;
જો રામ રટણ કાંઈ નહિ કર્યું, તે ગવાર છે તેડિયા,
કહે નરભો ખરને લાભ શો, મિસરી ભર કે મેડિયા.

જુવતી જળને કાજ, જુવો પનઘટ પર જાએ,
જેને જેવો અર્થ, તેટલું તે જઈ લાવે;
ભાણે ભર્યાં પકવાન, ભૂખ સમ ભોગ કરે છે;
હદ આવી જે વાર, હાથ આડા જ ધરે છે;
ભાગવત પકવાન પણ ભટ કહે, અક્ષર એક જેથી પળે,
કહે નરભેરામ ગુરુથકી, સત્ય વસ્તુ તેને મળે.

પ્રજાપતિની ઘોડિ, રાંડ શિદ દુરીજન જાયો.
પેટ ભરે કરી વિષય, એહમાં શું એ કમાયો;
નિદ્રા મૈથુન આહાર માંહિ, તું શું થયો રાજી,
એ પ્રાણી સર્વેને, વિચારી જોને પાજી;
જો રામ રટણ કાંઈ નવ કર્યું, અંતે કારજ શાં સર્યાં,
કહે નરભો પેટ સર્વે ભરે, ગધા બિલાડાં કૂતરાં.

મેગળ નિસરી બહાર, ચાલતો મહાસુખ માણે,
નહિ શત્રુ નહિ મિત્ર, વિશ્વને સરખું જાણે;
પૂંઠે ભસે બહુ શ્વાન, કેટલાં બેસી રહે છે,
મેગળને મન નાહીં, માન અપમાન જ દે છે;
એમ હરિજન મેગળ રૂપ છે, જેને હરિનું ધ્યાન છે,
કહે નરભેરામ ગુરુથકી, દુરિજન સઘળા શ્વાન છે.

ભઠ્ઠ પડ્યો અવતાર, જેની પરનારે પ્રીતી,
ભઠ્ઠ પડ્યો અવતાર, જેહની ચાલ અનીતી;

CENTRAL LIBRARY

ભઠ્ઠ પડ્યો અવતાર, હરિ ગુણ ગાતાં લાજે,
ભઠ્ઠ પડ્યો અવતાર, પરાયાં સુખ જોઈ દાઝે;
વળિ ભઠ્ઠ પડ્યો અવતાર, જે મોઢો મોટમ માનને,
કહે નરભેરામ રટ્યા નહીં, શીદ વણસાડ્યું ધાનને.

ધાન ખાધું તે ધૂળ, નહીં વહાલા રઘુરાય,
ધાન ખાધું તે ધૂળ, વળી જે વિષયી થાય;
ધાન ખાધું તે ધૂળ, પાપ કરી પેટ ભરે છે,
ધાન ખાધું તે ધૂળ, ઘાત વિશ્વાસ કરે છે;
સામાનું સુખ જોઇ દાઝતો, નરકે જશે નિદાન રે,
કહે નરભો ફટ ગધેડીના, શિદ વણસાડ્યું ધાન રે.

કર જોડી કહું કૃષ્ણ, સાંભળો અક્ષર મારો,
મનુષ્ય દેહ દઈ ભલે, શીદ બ્રાહ્મણ અવતાર્યો;
અણસમજુને એમ, જન્મ બ્રાહ્મણનો મોટો,
મુજને ભાસે એમ, જન્મ બ્રહ્મણનો ખોટો;
જે જમે ઊધાર સાથે થયું, તેનો ધરે છું શોક રે,
કહે નરભો હાથ ધરી સહુ, સાધન સોંપ્યું લોક રે.

કોઈ કહેશે રે એમ, હાથ તો શિદને ધરિયે,
હાથ ધર્યે જીવાય, નહીં તો પેટ ન ભરિયે;
ધરિયે નહીં જો હાથ, નવલાં કેમ ફરાય,
હાથ ધર્યા પ્રતાપ, ટાઢ તડકો તે જાય;
જે હાથ ધર્યા વણ મ્હેનતે, જીવવું તે તો ઠીક છે,
જન નરભે તો નિશ્ચય કર્યું, હાથ ધર્યામાં ધીક છે.

વગર મહેનતે ખાય, પારકા માગી મેવા,
વગર મહેનતે ખાય, હરાયા સાંઢો જેવા;
જીવે પારકું ખાઇ, એહ અવતાર ન સારો,
જોતો નથી વિચારી, લાભ લૂટાયે મારો;
જે માલ પારકો ખાઇને, મૂર્ખ હૈયે હરખાય છે,
કહે નરભો લાભ બધો ખુવે, નાગો શું લૂટાય છે.

ખાતરવિન ભૂમિમાં, સહસ્ર મણ બાજરી વાવી,
ખાર બધું ખાઈ ગયો, પાછી પાશેર ન આવી;

CENTRAL LIBRARY

હરિસ્તુતિ.

વિવેક સમજ્યો નહીં, પાત્ર કુપાત્ર ન જોયું,
ખાધું તેને ના પચ્યું, ખવરાવ્યું તેણે ના ખોયું;
સઘળી ભૂમિ સરખી નથી, કઈ છાયા કઈ તાપની,
કહે નરભો કુપાત્ર થાય તો, દસુંદ આવે પાપની.

જાચક જીવન ધીક, વગર મહેનત જે જીવે,
જન જાચકે થાય, જુવો દેખાડું દીવે;
માગે સાકર ગોળ, તનુજને ટપલી મારે,
જાચકને નોતરી, જમાડે ઘીની ધારે;
જાચક તો તે નથી જાણતો, જન અતિશે થાય છે,
કહે છે નરભો મોટમપણે, લાખો જર લૂટાય છે.

III. In praise of Hari.

(૧)

લેને લેને લહાવ, જીવન જોતાં નહીં જડે;
જોતાં નહીં જડે રે, જીવને ખોળ્યો નહીં મળે. લેને લેને.
કસ્તૂરી ને કેવડો, લઇ તેલમાં તળે;
આવો રુડો મનખો મેહેલી, ભૂતમાં ભમે. લેને લેને.
મોતિ સરખો દાણો લઇને, ઘંટીમાં દળે;
બાવળીઆનું બીજ વાવે, આંબો નહીં ફળે. લેને લેને.
સંત બોલાવે બોલતો નથી, અભિમાનમાં ફરે;
મારી ધક્કે આગળ કરશે, વેઠે ભાર ભરે. લેને લેને.
માયા તને મીઠી લાગે, ગોળથી ગળી;
નરભેરામના સાથમાં તો, કુળ નહીં મળે. લેને લેને.

(૨)

મીઠડલી તારી મોરલીમાં, જે મોહે છે માહાવા;
ગોકુલીયાની નારી. ટેક.
ઝુરે છે કાં રેહેવું, મુને જે કહે તે સહેવું;
મારે દુખડું કોણ આગળ કહેવું. મીઠલડી.
મારે સાસુની સુળી, અને માથે મુકો પુળી;
એને જમડા લેશે સુમુળી. મીઠલડી.
વાહાલો નરભેરામના સ્વામી, અંતરનો અંતર જ પામી;
હું તો પૂરણ પદ મહા પામી. મીઠલડી.

CENTRAL LIBRARY

(૩)

સખી શું રે થયું વ્રજ નારને જો;
મહી સાટે વેચે છે મોરારને જો.
ગોપી પ્રેમ મગનમાં નિસરી જો;
સારી દેહની દશા ગઇ વિસરી જો.
ગોપી ત્રણ ભોવન નથી સારતી જો;
શેરીએ શેરીએ મ્હાલે પોકારતી જો.
અને કારણ થયું કંઇ વાટમાં જો;
બહુ નામી બિરાજે એના પાટમાં જો.
નરભેરામના સ્વામીના સાથમાં જો;
અમે છિયે હરિના હરિ અમ હાથમાં જો.

IV. Ranchhod, the tax-collector.

સરસ્વતિ વસો જીભે રે, વેહવાર વાતે વઢવું છે;
ખાંતીલે નહાવું ખાળ્યું રે, તાતની હડિયે ચઢવું છે. ટેક.
ગોમતિ નાહવાનું નાણું જો આપું ત્યારે, શાની તમારે મારે પ્રીત;
પિતા થઇ પુત્ર પાસે નાણું માગો છો, કહો કિયા તે દેશની રીત;
માફો કે ઉત્તર આપો રે, ત્યાં સુધી અડવું છે. સર.
કેટલું નાણું આપ્યું દુરવાસાજી, બળદ્વારથી આવ્યા જદુવીર;
તેમના પ્રેમ તમે જાણ્યા સુવણૈના, બીજાના જાણ્યા કથીર ?
વિચારી જુવો વાહાલા રે, પછી પાયે પડવું છે. સર.
કંચન દ્વારિકા પિતાને દેખાડી, છાપ મોકલી નાથ;
શું જોઈ મોકલી શું જોઈ ખોળી, તે વહાલા કહો મને વાત;
ગુરુથી કહે છે નરભો રે, એ ઓઘડ કડવું છે. સર.

[This was recited when the tax-collectors at the bathing *ghāt* on the Gomti a-ked him to pay the customary pilgrim-tax. He was allowed a free bath in return.]

નાણું આપે નરભો રે, વાવરજો છોગાળા
ગાંઠ બાંધજો તાણી રે, ઘોળી ધજાવાળા. ટેક.

CENTRAL LIBRARY

લુંટાયા વિષે.

કપટી કેશવ જાણત તો શાને, આવત પચાશ જોજન;
સાંભળ્યું શ્રવણે સાધુને છાપે છે, માટે મળવા ધર્યું મન;
દરશન થીને રે, દૂર કરી પાળા, નાણું૦
ભેષ દેખીને અજર નથી કરતા, છાપ આપો છો હરી;
પાઘડિ ભાળી છાપ ખાળી છબીલા, પરીક્ષા તો એવી કરી;
સમસ્યા લેજો સમજી રે, જે કહિ કાનડ કાળા. નાણું૦
હારો છો જનથી નથી હરવતા, માટે હરી હઠ મેલ;
કહે નરભો છોટાલાલ પ્રતાપે, નથી એ તલમાં તેલ;
લેવાનું મુજ પાસે રે, હરી હરી જપ માળા. નાણું૦

V. The highway robbery.

[This is autobiographical. He was robbed once on the way but the villagers of Pansorā subscribed and gave him many times the amount lost.]

ઘરમે ઘોળા નિત્યે ગાઇએ, ડાકોરવાળો ડાહ્યો વાલા;
આંબા તળેથી બે જન ઉઠયા, બ્રાહ્મણ દેખી ધાયો વાલા.
ઉભો રે અહ્યા બ્રાહ્મણ તું તો, ત્યારે લાગી બીક વાલા;
જુગત કરિને જોડો લીધો, ઠાકોર રે છે ઠીક વાલા.
ભાંજ આપને ભાંજ આપને, એવું આવી કહે છે વાલા;
અચરજ સરખું મુજને ભાસ્યું, લૂગડાં તો ઝટ લે છે વાલા.
પાઘડીને પહેલી લીધી, માથું કરિયું બોડું વાલા;
હીંડી હાલી ડાકોર આવ્યા, પાસે નોતું ઘોડું વાલા.
દોટીમાં શું એવું કહિને, પછેડી પણ લીધી વાલા;
જૂનાં લઇને નવાં આપશે, કૃપા હરિયે કીધી વાલા.
જે જોઇએ તે માગી લ્યોને, ના કહ્યાનો નેમ વાલા;
હાથ પગને દોરિ તુંબડી, રહિ છે કૂશળ ખેમ વાલા.
ચોખાનીનો કડકો પેર્યો, સર્વે દાન કરીને વાલા;
ઉમળકો આણીને સોંપ્યું, નરભે તો હરિને વાલા.
જૂનાં પૂનાં વસ્તર મારાં, લાજ રહિ તે માટે વાલા;
રામ કૃષ્ણ ગોવિંદ કરતા, ચાલ્યા ઉભી વાટે વાલા.
લોક મળે તે એવું પૂછે, કેહ બ્રાહ્મણ ક્યાં લૂટયો વાલા;
જૂઠું મુખમાં સાજી છે તો, છોગાળોજી રૂઠ્યો વાલા.

CENTRAL LIBRARY

નહાને ભડકે દીવાળી ને, મોટે ભડકે હોળી વાલા;
જન નરભાનાં વસ્તર લીધાં, લોક કહે છે કોળી વાલા.
પણસોરા ને ચોરે આવ્યા, ખબર કરી છે ખાંતે વાલા;
બ્રાહ્મણ પટેલ દેશાઈ કહે, ભગત રહો નીરાંતે વાલા.
દ્વારકા દેશાઈને જોરે, ભાઈએ કરિયું જોર વાલા;
ઘો રણુશિંગું વહાર કરોને, ઝાલી લાવો ચોર વાલા.
નરભો કહે એવું નવ કરવું, સમજાવ્યો નીરવાંણ વાલા;
નિત્યે પુન્યમે મારે જાવું, ખોરયો મારા પ્રાણ વાલા.
પછેડી તો તુતે મગાવી, હાથ ભરીને લીધી વાલા;
જૂનાં લઇને નવાં આપ્યાં, કૃપા હરિયે કીધી વાલા.
બે ચાર દીવસ જો રહો તો, બાજરી લખાય વાલા;
જન નરભાને હેતે રાખ્યો, ગુણ હરીના ગાય વાલા.
પાંચે દીવસ કિરતન કરિયાં, બાજર થૈ મણ બાર વાલા;
વેડયાનાં મન દૂખાયાં, નરભે મેલ્યો પાર વાલા.

VI. The day of departure.

[This was the last poem composed by him on his death-bed.]

ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે, અમદાવાદ શહેરની પાસ રે. ગો,
સહુ રૈયતની નજર છે સારી રે, ભાવે ભજે છે શ્રીગીરધારી રે;
મને કિરપા કરી રે મોરારી, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.
સહુ હરિજન વૈષ્ણવ આવ્યા રે, તે તો મારા રૂદયમાં ભાવ્યા રે;
સાથે લક્ષ્મીજીને લાવ્યા, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.
તું તો ઓડાણાનો અવતાર રે, ગૂણ ગાયા નોતા નીરધાર રે;
તમે મોકલિયો સંસાર, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.
જે કો શીખે સુણે ને ગાશે રે, સંસારમાં સુખિયો થાશે રે;
અંતે વૈકુંઠધામમાં જાશે, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.
જે કોઈ હોય હરીના જંન રે, નિશ્ચય કરે રામ ભજંન રે;
સહુ સોંપીને તન મન ધંન, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.
સંવત ઓગણિસે આઠ સાર રે, પોષ શૂદિ આઠમ ભોમવાર રે;
ત્યારે નરભે કર્યો છે જુહાર, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.
રૂડા રાસના રંગમાં ખેલો રે, બીજી ઉપાધિ સર્વે ભેલો રે;
જે શ્રીકૃષ્ણ નરભાનો છેલો, ગોમતિપૂર વડપોળમાં છે વાસ રે. ગો.

8. Govindram (1781–1814 A. D.)

Govindrām was a Brāhmana of Broach district. He has written many verses upon the manners and customs of his time. His vein is satirical and he is vividly sensible of the defects of the people around him He has also sung of the Mehta's life and of several incidents from the Puranās.

I. From કલિજુગનો ધર્મ.

1. The fall of four castes.

ભાઇઓ સાંભળો શાણા જન કલિજુગ આવ્યો જી રે;
જેહ પાંડવને શ્રીકૃષ્ણે, કહિ સંભળાવ્યો રે. કલિજુગ.
બ્રાહ્મણ ક્ષત્રિ, વૈશ્ય ને શૂદ્ર, ચારે વર્ણે કહાવે જી રે;
તે સર્વે નિજ નિજ ધર્મે લોપી, આડે મારગે જાવે રે. કલિજુગ.
પ્રથમ કલિજુગના બ્રાહ્મણનાં, લક્ષણ કહી સંભળાવું જી રે;
તે કેડે બીજા સર્વેનાં, લક્ષણ ગાઇ બતાવું રે. કલિજુગ.
ઉત્તમ જાતિ માણસ થઇને, કરશે મદિરા પાન જી રે;
ભૈરવ આદિ દેવને ભજશે, નહિ ભજે ભગવાન રે. કલિજુગ.
વેદ વિદ્યા અભ્યાસ તજીને, કરશે નીચની સેવા જી રે;
નવ કર્યાનાં કારજ કરશે, લાજ તજી ધન લેવા રે. કલિજુગ.
ગાયત્રી સંધ્યા પરહરશે, કૃષિ કર્મે તે કરશે જી રે;
બ્રાહ્મણી ખેતર ભાત લઈ જાશે, તે ખાઇને પેટ ભરશે રે. કલિજુગ.
માજમ મઝર લસણ પલાંડુ, ખાશે ખાંતે ખાંતે જી રે;
ભાંગ અફીણ ઘુંટીને પીશે, કરશે ફેલ બહુ ભાંતે રે. કલિજુગ.
કન્યાઓના પૈસા લેશે, દેશ પ્રદેશે દેશે જી રે;
શાસ્ત્ર પુરાણને ભણવાં મેલી, વૈદાં કરી ધન લેશે રે. કલિજુગ.
સુરા આમિષ મદ્ય મેલાવી, ઓસડ સહુને દેશે જી રે;
જિહ્વા રસમાં લોભાઈ, અંત્યજનાં અન્ન લેશે રે. કલિજુગ.
બ્રાહ્મણ જાતિ પોતે થઇને, નીચ ગુરુ અનુસરશે જી રે;
અસત્ય ગુરુનો ઉપદેશ લેઇને, નિયમ ધર્મે પરહરશે રે. કલિજુગ.
બ્રહ્મજ્ઞાન કથી તપ તીરથ વ્રત, ધ્યાન ભજન તજી દેશે જી રે;
વેદ પુરાણ અવતાર હરિની, મૂર્તિ મિથ્યા કરશે રે. કલિજુગ.

ચોરે ચકલે બેસી દ્વિજ વર, નારી કથાઓ ગાશે જી રે;
કોસ બોખનાં પાણી પીશે, બીજાને પણ પાશે રે. કલિજુગ.
વટલ્યાની આશંકા મેલી, ચલમો પીશે તાણી જી રે;
પરમેશ્વરનો ડર નહિ રાખે, બોલશે મિથ્યા વાણી રે. કલિજુગ.
શમ દમ તપ શાંતિ શૌચાદિક, એ બ્રાહ્મણના ધર્મ જી રે;
તેનો ત્યાગ કરીને દ્વિજ વર, કરશે કૂડાં કર્મ રે. કલિજુગ.
એવાં અનંત અયોગ્ય કર્મ છે, કેટલાંક કહી સંભળાવું જી રે;
કલિના દ્વિજનાં લક્ષણ કહેતાં, અંતરમાંહી લજાવું રે. કલિજુગ.
ક્ષત્રાતન ધીરજ ડહાપણ ને, યુદ્ધ થકી નવ ભાગે જી રે;
ગૌ બ્રાહ્મણ સાધુ સેવામાં, ક્ષત્રી નિત્ય અનુરાગે રે. કલિજુગ.
તે સર્વે ત્યાગી ને ક્ષત્રી, કરશે પાપ અનેક જી રે,
તેમ જ દાન પુણ્ય હરિ ભક્તિ, ત્યાગી દેશે છેક રે. કલિજુગ.
જીવ દયા કરવી ક્ષત્રીને, તે કરશે જીવ હિંસા જી રે;
ચોરી ચાડી ખાતર પાડી, ભેળા કરશે પૈસા રે. કલિજુગ.
ભેડા ઉપર છાંટો પડતાં, ઢોર નર્કમાં જાશે જી રે;
તે દારૂને ક્ષત્રી પીશે, બીજાને પણ પાશે રે. કલિજુગ.
રાજા ને રાજાના ચાકર, લાંચ લોકની ખાશે જી રે;
જૂઠી જૂઠી સાખ્યો પૂરી, અવળા ન્યાય તોળાશે રે. કલિજુગ.
ચાડિયા તે તો ચતુર કહેવાશે, રૂડા જન દંડાશે જી રે;
હરામીથી સહુ હારશે, સાધુ જન પીડાશે રે. કલિજુગ.
પાપ કર્મમાં બુડયા રહેશે, ધર્મ લેશે નહિ પાળે જી રે;
સત્પુરુષની વાત નહિ માને, ચડશે અવળે ચાળે રે. કલિજુગ.
વાણિયા આદિ વૈશ્ય કહાવે, તે પણ નિજ ધર્મ લોપી જી રે;
પર નારી રત પાપી ગુરુને, રહેશે તન મન સોંપી રે કલિજુગ.
સાચા ધર્મને ખોટા કહેશે, ખોટાને સત્ય ગાશે જી રે;
ઉત્તમ જાતી નાતરૂં કરશે, નહિ ખપે તેનું ખાશે રે. કલિજુગ.
કેટલાંક માણસ દિકરીઓને, બાલપણામાં હણશે જી રે,
પરણાવ્યાનું દામ ખરચ્યાની, દાઝે પાપ નહિ ગણશે રે. કલિજુગ.
વાણિયા તે તો ચોરી કરાવશે, નહિ પાળે ધર્મ લેશ જી રે;
ઉપરથી તો રુડા રાખશે, વૈષ્ણવ કેરા વેશ રે. કલિજુગ.
કૂડાં રાખશે કાટલાં ઘરમાં, લોકને ઠગવા સારૂ જી રે;
ઓછું દેશે અધિક લેશે, કરે કર્મ નઠારૂં રે. કલિજુગ.

CENTRAL LIBRARY

કન્યા કેરે દામ ન લેવું, તેનું ફળ છે મોટું જી રે;
તે કન્યાના પૈસા લેશે, કરશે કર્મ બહુ ખોટું રે. કલિજુગ.
કૃષ્ણ નામનું માહાત્મ્ય ગાઇને, છીનાળાં બહુ કરશે જી રે;
પ્રગટ પ્રભુની નિંદા કરશે, અસદ્ ગુરુ અનુસરશે રે. કલિજુગ.
કેટલાક વણિક કર્મને સત્ય કહી, નાસ્તિક મત અનુસરશે જી રે;
ભવતારણ ભગવાન તજીને, પાપ કર્મ બહુ કરશે રે. કલિજુગ.
તેમજ શૂદ્ર પણ કલિજુગમાં, કરશે નિંદિત કર્મ જી રે;
દગા ઘાત છળ બળ બહુ કરશે, નહિ પાળે શુભ ધર્મ રે. કલિજુગાં
ચોરીને હિંસા બહુ કરશે, કરશે મદિરાપાન જી રે;
ભૂતળ ભરવાડા ભુવા ધુણાવશે, નહિ ભજે ભગવાન રે. કલિજુગ.
શૂદ્ર જાતિ માણસ કહાવે તે, ગુરુ થઈ જગ ફરશે જી રે;
એક બ્રહ્મની વાતો કરશે, પર નારી સંગ કરશે રે. કલિજુગ.
અસત્પુરુષ ગુરુ થઈ જગ ફરશે, કાન ફૂંકી ધન લેશે જી રે;
વેદ પુરાણ શાસ્ત્ર હરિ મૂર્તિ, સૌને ખોટાં કહેશે રે. કલિજુગ.

2. The position of the mother-in-law.

સાસુની શિખામણ વહુઓ, અંતરમાં નહીં ધારે જી રે;
માતાને વહુ નિત્ય દબાવશે, તોયે પુત્ર નહિ વારે રે. કલિજુગ.
દિકરા પણ વહુની પક્ષ લેઇને, માત પિતાને લડશે જી રે;
માત પિતા ઓશિયાળાં થઇને, ખૂણે બેઠાં રડશે રે. કલિજુગ.
વાંકા વાંકા વેણ કહેશે, સાસુ ને વહુ આવી જી રે;
દિકરા તો જોઈ રાજી થાશે, મા ઉપર રીશ લાવી રે. કલિજુગ.
માતાને ઉદર દુઃખ દેતો, ઉંધે શિર રહ્યો ઝૂલી જી રે;
પાળી પોષી મોટો કરશે, તે ગુણ જાશે ભૂલી રે. નલિજુગ.
સાસુકેરાં વેણ ઉપર, વહુ વેણ બહુ લાવે જી રે;
દિકરા સાંભળી રાજી થાશે, સાસુ નણદી રીશાવે રે. કલિજુગ.
મર્મ વચન સાસુ તે વહુને, કહેશે તું શું લાવી જી રે;
તારા બાપની છત હું જાણું, સર્વે દેઉં બતાવી રે. કલિજુગ.
લોકોનું લુંડાપણું કરતો, પેટ પરાણે ભરતો જી રે;
અન્ન વસ્ત્રને અર્થ તારો, બાપ તો વલખાં કરતો રે. કલિજુગ.
એવાં વાંકાં વેણ વહુને, સાસુ કહેશે બળતાં જી રે;
ત્યારે વહુ સાસુને સુણાવશે, પતિને કહેશે વળતાં રે. કલિજુગ.

તારે પાલવ હું ક્યાં આવી, નિત્ય નિત્ય મહેણા ખાવા જી રે;
તારો બાપ નઠારો તુંને, શિદ આવ્યો પરણાવા રે. કલિજુગ.
ધણીને વહુઓ ધોકે મારશે, પરનર દેખી રાજી જી રે;
નારી પતિને શિખામણ દેશે, તેને કહેશે પાજી રે. કલિજુગ.
પરણ્યા ધણીનો ત્યાગ કરીને, પરનર સંગ લપટાશે જી રે;
પતિવ્રતાનો ધર્મ નહિ પાળે, એવી નારીઓ થાશે રે. કલિજુગ.
વહુને સારૂં લગાડવા કાજે, જેમ કહે તેમ કરશે જી રે;
નારી વશ થઈ કામ સઉ કરશે, નફટ થઇને કરશે રે. કલિજુગ.
ધણીયાણીનાં ધોશે વસ્ત્રો, હાથે રાંધશે હાલી જી રે;
બેન બનેવી બારણું ન દેખે, પસલી લેશે સાળી રે. કલિજુગ.
સસરા સાળાને ત્રેવડશે, ભાઇઓ સાથે વેર જી રે;
બેન ભાણેજ ઘેર આવશે તો, લાગશે કડવાં ઝેર રે. કલિજુગ.

II. The Moslem Vaisnav.

[The man mentioned here, Alikhān Pathān, was one of the first 84 converts to Vaishnavism.]

નંદગામ પાસે વસાણું, લક્ષ્મીજીનું ગામ,
તેમાં રહેતા પઠાણ અલિખાં, ભજતા સુંદર શ્યામ;
ભજતા સુંદર શ્યામ મોરારી, પ્રગટ મૂર્તિ ઊરમાં ધારી,
ગોવિન્દ કહે હરિના ગુણ વખાણું, નંદ ગામ પાસે વસાણું,
અલિખાં પઠાણ રાખતા સુરતી, શ્રીવિઠ્ઠલ કરતા વાત,
ચોરાસી વૈષ્ણવ તે પાસે, આવી બેસતા સાક્ષાત;
આવી બેસતા સાક્ષાત તે જ્યારે, પોથી છુટે પઠાણ આવે ત્યારે,
ગોવિંદ કહે વચન ન ભુલે ઊરથી, અલીખાં પઠાણ રાખતા સુરતી.
અલિખાં પઠાણ એવા હુતા, જેને વાલા વલ્લભ બાળ,
શ્રીવિઠ્ઠલની પધરામણી હુતિ, ને વિચમાં આવી ખાળ;
વિચમાં આવી ખાળ આડી, ને ગલીમાં ન ચાલે ગાડી,
ગોવિંદરામ લાંબા થઈ સુતા, અલિખાં પઠાણ એવા હુતા.

III. The Hukkā.

કલિજુગમાં હોકા વાણિયે ધર્યો, ભરી બજારે જાય,
જગતમાં ડુબારણા મોઢામાં ઘાલે, તોય જરાય ન લજાય;

CENTRAL LIBRARY

હુક્કા વિષે.

તોય જરાય ન લજાય તે જ્યારે, ધર્મે મેલી અધર્મમાં ચાલ્યા ત્યારે,
ગોવિંદ કલ્પતરુના નરિયા વરયા, કલિજુગમાં હુક્કા વાણિયે ધર્યા.

રાખ્યા હજુરી સૌને ચાકર, મોટા માણસ ને ભૂપ,
સવારમાં ઉઠતાં સાંભરે, નીરખે એનું રૂપ;
નીરખે એનું રૂપ તે દહાડી, જેમ પખાળે છોકરાની માડી,
ગોવિંદ હોકો સૌનો ઠાકર, રાખ્યા હજુરી સૌને ચાકર.

દેહમાં પાપ તો ડુંગલે ઘાલ્યું, કંઈક બગાડયા ભેખ,
બજર વાવી ને કરમ કરે, જીવ મરે અનેક;
જીવ મરે અનેક તે જાણી, ધુંવાડા સારૂ ઉંધી કમાણી,
આંધળું થાણું એમને એમ ચાલ્યું, દેહમાં પાપ તો ડુંગલે ઘાલ્યું.

નરક તો કર્યું છે વ્યસની કાજે, તેનો ડાહ્યાને ડર નોય,
ડાહ્યો કરે જે વ્યસનીની સોબત, તો પડે નરકમાં સોય;
પડે નરકમાં સોય તે પડે, ડાહ્યો દેખી દૂરથી ડરે,
ગોવિંદ વ્યસન ડાહ્યે ન છાજે, નરક તો કર્યું છે વ્યસની કાજે.

9. Udayaratna (*circa* 1690-1740 A. D.)

He was a Jaina who wrote in the early part of the 18th century. He has written miscellaneous verses on the various virtues. He has also written a fairly long poem on the virtues of men and a small poem of advice to women.

I. The nine hedges.

શ્રીગુરુને ચરણે નમી, સમરિ સરસ્વતી માય;
નવ વિધિ શીલની વાડનો, ઉત્તમ કહું ઉપાય.

(૧)

પહેલી તે વાડે હોજી, વીર જિનવરે કહ્યો,
સેવો હો સેવો વસ્તિ વિચારીનેજી;
સ્ત્રી પશુ પન્નગ હોજી, વાસો વસે જિહાં,
ત્યાં નહિ રહેવું શીલવ્રતધારીનેજી.
જેમ તરુ ડાળે હોજી, વસતો વાનરો,
મનમાંહિ બીહે જે રખે ભૂયે પડુંજી;
માંજર દેખી હોજી, પંજર માંહેથી,
પોપટ ચેતે રે રખે દેટે ચડુંજી.
જેમ સિંહલંકી હોજી, સુંદરી શિર ધરીજી,
જલનું બેડું જુગતે જાળવેજી;
તેમ મુનિ મનને હોજી, રાખે ગોપવી,
નારીને નિરખી ચિત્ત નવ ચાળવેજી.
જેહાં હોવે વાસો હોજી, સહજે માંજરનો,
જોખમ લાગે તિહાં મૂષકની જાતનેજી;
તેમ બ્રહ્મચારી હોજી, નારીની સંગતે,
હારી રહે શીલ સિદ્ધાંતનેજી.

એક વાડ વિઘટે વિષય પ્રગટે, શંકા કંખા નીપજે;
તીવ્ર કામે ધાતુ બગડે, રોગ બહુવિધ ઊપજે.
મન માંહી વિષય વ્યાપે, મન વિષયસું રહે મળી;
ઉદયરત્ન કહે તે કારણે, નવ વાડ રાખો નિર્મળી.

CENTRAL LIBRARY

નવ વિધિ શીલની વાડ.

(૨)

સુરપતિ સેવિત ત્રિભુવન ધણી, અજ્ઞાન તિમિર હર દિનમણી;
શીલરત્ન યતના નિતંતે, ભાખી વાડ બીજી ભગવંતે.

ભગવંત ભાખે સંગ શાખે, શીયલ સુરતરુ રાખવા;
મુક્તિ મહાફળ હેતુ અદ્ભુત, ચારિત્રનો રસ ચાખવા.
મીઠે તે વચને માનીશું, કથા ન કરે કામની;
વાડ વિધિસું જેહ પાળે, બલિહારી તસ નામની.
વાત વ્રતને ઘાતકારી, પવન જયમ તરુપાતને;
વાત કરતાં વિષય વ્યાપે, તે માટે તજે વાતને.
લિંબુ દેખી દૂરથી જયમ, ખટાશે ડાઢો ગળે;
ગગન ગર્જારવ સુણીને, હડકવા જયમ ઉછળે.
તેમ વ્રતિનાં ચિત્ત વિણસે, વેણ સુંદરીનાં સુણી;
કથા તજે તે કારણે, એમ પ્રકાશે ત્રિભુવનધણી.

(૩)

ત્રીજી વાડે રે ત્રિભુવન રાજિયો રે, એણી પેરે હે ઉપદેશ;
આસન છાંડો રે સાધુજી નારીનું રે, મૂકે લગે સુવિશેષ.
હું બલિહારી રે જાઉં તેહને રે, ધન્ય ધન્ય તેહની માત;
શીલ સુરંગે રે રંગણી રાચ્યું રે, જેની સાતે હો ધાત.
શયનાસન રે પાટ ને પાટલા રે, જ્યાં જ્યાં બેસે હો નાર;
બે ઘડી લગે રે ત્યાં બેસે નહીં રે, શીલવ્રત રાખણહાર.
કોહલાં કેરી રે ગંધ સંયોગથી રે, જયમ જાય કણકનો વાઉ;
ત્યમ અબળાનું રે આસન સેવતાં રે, વિણસે શીલ સુરંગણ પાઉ.

(૪)

ચોથી વાડે ચેતજો હો રાજ, ઇણીપેરે ભાખે શ્રીજિન ભૂપ રે; સંવેગી સુધા સાધુજી.
નયનકમલ વિકાશીને હો રાજ, રખે નિરખો રમણી રૂપ રે; સંવેગી.
રૂપ જોતાં રઢ લાગશે હો રાજ, હેલા ઉલસે અનંગ રે; સંવેગી.
મનમાંહીં લાગશે મોહની હો રાજ, ત્યારે હોશે વ્રતનો ભંગ રે; સંવેગી.
દિનકર સામું દેખતાં હો રાજ, જગમાં નયણે ઘટે જયમ તેજ રે; સંવેગી.
ત્યમ તરુણી તનુ પેખતાં હો રાજ, હીણ થાય શીયલ સુહેજ રે; સંવેગી.

(૫)

પાંચમી વાડ પરમેશ્વરે, વખાણી વારુ;
સાંભળજો શ્રોતા તમે, ધર્મી વ્રતધારુ.
કુડ તટપર કામની, રમે જિહાં રાગે;
સ્વર કંકણાદિકને સુણી, તિહાં મન્મથ જાગે.
તિહાં વસવું બ્રહ્મચારીને ન કહ્યું વિત રાગે;
વાડ ભાગી શીલ–રત્નને, જિહાં લંછન લાગે.
અગ્નિ પાસ જેમ ઓગળે, ભાજન માંહિ ભરિયાં;
લાખ ને મિણ જાએ ગળી, ન રહે રસ ધરિયા.
ત્યમ હાવભાવ નારીતણાં, હાંસુ ને રુદન;
સાંભળતાં શીલ વીઘરે, મન વેધે મદન.

(૬)

છઠ્ઠી વાડે છેલ છબીલો ગુણ રત્નને ગાઢો ભર્યોજી;
સિદ્ધાર્થ રાયકુળે નગીનો, વીરજીણંદ એમ ઉચર્યોજી.
અવતીપણે જે જે આગે, કામક્રીડા બહુ વિધ કરીજી;
વ્રત લેઇને વિલસિત પહેલાં, રખે સંભારો દિલ ધરીજી.
અગ્નિ ભર્યો ઉપરે પૂળો, મેહ્યો જયમ જવાલા વમેજી;
વરસ દિવસે જયમ વિષધરનું, શંકાએ વિષ સંક્રમેજી.
વિષય સુખ વિલસિત પહીલાં, ત્યમ શીલવંત ન સંભારતોજી;
વ્યાકુળ થઇને શીલ વિરાધે, પછે થાય મન ઓરતોજી.

(૭)

સાતમી વાડે વીર પયંપે, સુણો સંયમના રાગી હો;
શીયલ રયના હો ધોરી, સુધા સાધૂ વૈરાગી. ટેક.
મુજ આણાં કરીને બ્રહ્મચારી, વિષય રસના ત્યાગી હો; શીયલ.
સરસ આહાર તજજો સહજે, વિગય થોડી વાવરજો હો; શીયલ.
મોદક આહારે મન્મથ કોપે, તેજનો પરિહરજો હો; શીયલ.
સન્નિપાતે જયમ ઘૃત સંયોગે, અધિક કરે ઉછાળા હો; શીયલ.
પાંચે ઇંદ્રિય ત્યમ રસ પોષે, ચારિત્રમાં કરે ચાળા હો; શીયલ.

(૮)

ત્રિશિલાસુત હો ત્રિગડે બેશી એમ, આઠમી વાડ વખાણે દીલની;
અતિ માત્રા હો આહાર તજો અણગાર, લાલચ રાખો સંયમ શીલની.

CENTRAL LIBRARY

નવ વિધિ શીલની વાડ.

અતિ આહારે હો આવે ઉંઘ અપાર, સ્વપ્નમાંહિ કરે શીલની વિરાધના;
વળી તેણે હો થાય મદવતી દેહ, સંયમ નવિ થાયે આરાધના.
જયમ શેરના હો માપ માંહી બશેર, ઓરીને ઉપર દીજે ઢાકણું,
ફાટે તોલડી હો ખીચડી ખેરુ થાય, ત્યમ અતિ માત્રાએ વ્રત ભગડે ઘણું.

(૯)

નવમી વાડે નિવારજો રે, સાધુજી શણગાર;
શરીર શોભાએ શોભે નહીં રે, અવનીતલ અણગાર.
ઇમ ઉપદેશે વીરજી રે, મુનિવર ધરજો રે મન;
શીખામણ એક માહરી રે, કરજો શીલ યતન.
સ્નાન વિલેપન વાસના રે, ઉત્તમ વસ્ત્ર અપાર;
તેલ તંબોલ આદિ તજો રે, ઉદ્ઘટ વેષ સપ્રાર.
ધોઇને ધરણી ધર્યું રે, જયમ રત્ન હાર્યું કુંભાર;
ત્યમ શીલ રત્નને હારશો રે, જો કરશો શણગાર.

શિક્ષા.

એકલી નારી સાથે, મારગે ન જાવું હો વળી વાટે વાત ન કીજિએ;
એક સેજે નર દોય, શીલવંત ન સૂવું હો, સહેજે ગાળ ન દીજિએ.
ન સુવાડે નિજ પાસ, સાડા છ વરસની હો, પુત્રીને પણ હેજમાં;
સાત વરસ ઉપરાંત, સુતને પણ ન સુવાડે હો, શીયલવંતી સેજમાં.
ભાંગે શીયલ જે કોઈ, સજ્જન જાણો હો, અદકું પાપ નથી ઇશું;
કરતાં વિષય સંભોગ, સમૂર્છીમ પંચેંદ્રિય હો, હણાય ઘણું કહિએ કિશું.
ઇમ જાણી નર નારી, શીયલની સંદહણા હો, સૂધી મનમાં ધારજો;
એ દુર્ગતિનું મૂળ, અબ્રહ્મ સેવાથી હો, જાતાં મનને વારજો.
તપગચ્છ ગયણ દિણંદ, વાંચ્છિત ફળદાતા હો, શ્રીહિરરત્ન સૂરીશરુ;
નામી તાસ પસાય, વાડ વખાણી હો, શીલની એહ મનોહરુ.
ખંભાત રહી ચોમાસ, સત્તરસે ત્રેસઠાં હો, શ્રાવણ વદ બીજ બુધ્ધે વાર;
ઉદયરત્ન કરજોડ, શીલ જે પાળે હો, તેહને જાઉં ભામણે, નમું નમું સોવાર.

II. Advice to women

એક અનૂપમ શીખામણ ખરી, સમજી લેજો રે સઘળી સુંદરી.
સુંદરી સેજે હૃદય હેજે, પરસંગે નવિ બેસિયે;
ચિત્તથકી ચુકી લાજ મૂકી, પરમંદિર નવિ પેશિયે.

CENTRAL LIBRARY

બહુ ઘેર હિંડે નારિ નિલેજ, શાસ્ત્ર પણ તજવી કહી;
જમ પ્રેત દૃષ્ટે પડયું ભાજન, જમવું પણ જુગતું નહીં.

પરશું મસ નવિ બોલીયે, દંત દેખાડી રે ગુંઝ નહિ રે ખોલિયે.
ગુંઝ ઘરનો પરની આગળ, કહો કેમ પ્રકાશીયે;
વળી વાત જે વિપરીત ભાખે, તેથી દૂરે નાશીયે.
અસુર સવારે અને ગોચર, એકલાં નવ જાઇયે;
સહ સાતકારે કામ કરતાં, સહજે શીળ ગમાઇયે.

નટ વિટ નરશું રે નયણ ન જોડીયે, મારગ જાતાં રે આધું ઓઢીયે.
આધું ઓઢીયે વાત કરતાં, ઘણું જ રુડાં શોભીયે;
સાસુ અને માના જાણ્યાવિણ, પલક પાસ ન થોભીયે.
સુખ દુઃખ સરજ્યું પામિયે, પણ કુલચાર ન મૂકીયે,
પરવશે વસતા પ્રાણ તોપણ, શીળથી નવી ચૂકીયે.

વ્યસનીની સાથે રે, વાત ન કીજીએ, હાથોહાથે રે તાળી ન લીજીએ.
તાળી ન લીજે નજર ન દીજે, ચંચળ ચાલે ન ચાલીયે;
વિષય બુધ્ધે વસ્તુ કેની, હાથે પણ નવિ ઝાલિયે.
કોટિ કંદર્પ રૂપ સુંદર, પુરુષ પેખી ન મોહિયે;
તણખલાને ગણો તોલે, ફરિ પાછો નવ જોઇએ.

પુરુષ પરાયો રે વળી ન વખાણીયે, વૃદ્ધ તે પિતા સરીખો જાણીયે.
જાણિયે પિયુવિણ પુરુષ સઘળા, સહોદર સમોવડે;
પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઈ તડોવડે.
કુરૂપ કુષ્ટિ કૂબડો ને, દુષ્ટ દુર્બલ નિર્ગુણો;
ભરથાર પામી ભામિની તમે, ઇંદ્રથી અદકો ગણો.

અમર કુમારે રે તજિ સુરસુંદરી, પવન કુમારે રે અંજની પરિહરી.
પરિહરી સીતા રામે વનમાં, નળે દમયંતી વળી;
મહાસતી નિર્મળ કષ્ટ પડયે, શિળથી તે નવિ ચળી.
કસોટીયે જિમ સુવર્ણ કસતાં, કંતશું વિછડે તહી;
તન મન વચને સત્ય રાખે, સતી તે જાણો સહી.

રૂપ દેખાડી રે પુરુષ ન પાડીએ, નિલેજ થઇને રે મન ન બિગાડીએ.
મન ન બિગાડીયે પુરુષપરનું, જોગ જોતાં નવિ મળે;
કલંક માથે ચડે કુડાં, સગાં સહુ દૂર ટળે.

CENTRAL LIBRARY

નવ વિધિ શીલની વાડ.

અણુસરજ્યો ઉચ્ચાટ થયે, પ્રાણ તિહાં લાગી રહે;
આ લોક પામે આપદા, પરલોકે બહુ પીડા સહે.

રામને રૂપે રે સૂર્પણખા મોહી, કામ ન સિધ્યું અને ઇજ્જત ખોઈ.
ઇજ્જત ખોઈ દેખી અભિયા, શેઠ સુદર્શન નવિ ચળ્યો;
ભરથાર આગળ પડી ભુંડી, અપવાદ સઘળે ઉછળ્યો.
કામની બુધ્ધે કામિનીએ, વંકચુલી વાહ્યો ઘણું;
પણ શીળથી ચૂક્યો નહી, દષ્ટાંત એમ કહેતાં ભણું.

શીળ પ્રભાવે રે, જુઓ સોલે સતી, ત્રિભુવનમાંહી તે થઈ છતી.
છતી થઈ જે શીળ રાખ્યું, કલ્પના કીધી નહી;
તે નામ તેહનાં જગત જાણે, વિશ્વમાં ઉગી રહી.
વિવિધ રત્ને જડીત ભૂષણ, રૂપ સુંદર કિન્નરી;
પણ શીળ વણ શોભે નહીં, તે સત્ય ગણજો સુંદરી.

શીળે સુરનર સઉ સેવા કરે, નવે વાડું રે નિર્મળ જે ધરે.
ધરે નિર્મળ શીળ ઉજ્જવલ, તાસ કિરતી જળહળે;
મન કામના તે સિદ્ધિ પામે, અષ્ટભય દૂરે ટળે.
ધન્ય ધન્ય તે જાણો ધરા, જ્યાં શિયળ ચોખું આદરે;
આનંદના તે ઓઘ પામે, ઉદયરત્ન જશ વિસ્તરે.

10. Ratno (*circa* 1720-1770 A. D.)

He was a poor man, a dyer by caste. But he has written some beautiful verses about the lament of the Gopis at the absence of Krishna through the twelve months of the year. A critic has said of his poetry that "its verses are shimmering like jewels"– એની કવીતા રત્ન જેવી ઝબકારો મારી રહી છે.*

From ઓદ્ધવજીના મહિના.

ચૈત્રે ચતુરા સંચરી, ઉભી જમુનાને તીર;
પંથ ન્યાળતી પ્રેમદા, રડતાં ભીંજે ચીર.
ચૈત્ર માસનો ચાંદલો, રૂડી નિર્મળ રાત;
સ્વપનામાં સ્વામી રમી ગયા, હૃદે થઈ રળિયાત.
જાગીને જોતાં દીસે નહીં, કાળ પડી છે પેટ;
બોલાવ્યા બોલે નહીં, નાશી પેઠા રે નેટ.
કોમળ કર ધરિ દીવડો, ચતુરા ન્યાળે ચોપાસ;
ખોળતાં ખુટી રે રાતડી, ન મળ્યા શ્રી અવિનાશ.
પાછલી રાત પરોઢિયું, ઉઠી પ્રાતઃકાળ;
જોશીડા જોશ સંભાળજે, આ શું આળપંપાળ.
સૂખ સ્વપ્નાનું સાંભરે, ભીતર ભડકા રે થાય;
રત્નાના સ્વામી રે શામળા, આવી મળે તો ઓલાય. ઓધવજીરે.

વૈશાખે આવ્યો રે સખી, વહી ગયા ખટમાસ;
હજી સંદેશો નાવિયો, કાગળની શી આશ.
વૈશાખ વાયા રે વાયલો, પાકયાં દાડમ દ્રાખ;
પાકી તે રાયણ આંબલી, ગળી આંબાની સાખ.
લુકનાં લહેરાં લાગે ઘણાં, બહાર નવ નીસરાય;
ધરતી ધખે ને રવિ તપે, કોમળ મુખ કરમાય.
ફુલડાંની સેજ સમારિયે, બહેકે ચંપો ને જાય;
વહાલાજી કેરે વીંઝણે, કેને ઢોળું રે વાય.
માંગ સમારૂં રે મોતીએ, સેંથે ભરૂં રે સિંદુર;
નાથજી લહાવો લીજિયે, જોબન જાય ભરપૂર.

---

* બૃ. કા. દો. ગ્રંથ ૧, પૃ. ૬૯૮.

CENTRAL LIBRARY

ઓધવજીના મહિના

ગ્રીષ્મ ઋતુ અતિ દોહેલી, વ્હાલા વિચારો મન;
રત્નાના સ્વામી રે શામળા, સોંપ્યું તન મન ધન. ઓધવજીરે.

જેઠે જોડી સોગઠી, પાસા લીધા હાથ;
જાણ્યું પડશે પાધરા, અવળા પડિયા નાથ.
જેઠ લગી જોઈ વાટડી, કોઈ આવે ને જાય;
કાગળ કટકો મળ્યો નહીં, લખવા જાદવરાય.
મરવું તે મુખથી કેમ કહું, મરણ હરિને હાથ;
પ્રીતમ ગત મૃત્યુ થઈ રહી, જાણે વૈકુંઠ નાથ.
સગપણ સાચું સૌ કહે, પ્રીત પીતળ કોક;
એરે ઉખાણો સાચો મળ્યો, ભલા સલાવ્યા લોક.
દોષ અમારાં અદષ્ટનો, વાલાજીનો શો વાંક;
સુખ દુઃખ સરજ્યું દેહને, મારી વિધાતાએ ટાંક.
ચતુર થઈ નવ ચૂકિયે, જાણો અબળાનો ધર્મ;
રત્નાના સ્વામી રે શામળા, વળતી બેસશે કર્મ. ઓધવજીરે.

અસાડ આવ્યો હે સખી, કેમ કરી કાઢું દન;
નાથ નમેરા થઈ રહ્યા, હૃદે પડિયાં રે રતન.
અસાડો રે ઘન ઉલટયો, માગ્યા વરસે રે મેહ;
વીજલડી ચમકાર કરે, વ્હાલે દીધો રે છેહ.
મોરના સોર સોહામણા, દાદુર બોલે રે જોર;
કોયલડી ટોકા કરે, નાવ્યા નંદકિશોર.
રાત અંધારિ ઊડે આગિયા, દેખી ઝબકે રે મન;
દીવડો દીસે બિહામણો, નાવ્યા જગના જીવન.
લીલા ચરણા અવનિએ ધર્યાં, તરુવર ગેરગંભીર;
પંખીડે માળા રે ઘાલિયા, જ્યાં ત્યાં ભરિયાં રે નીર.
જોગીડા પણ પંથ પરહરી, બેઠા એક આસન;
રત્નાના સ્વામી રે શામળા, આવો જગના જીવન. ઓધવજીરે.

શ્રાવણ માસે સજ થઈ, દરપણ ન્યાળે અંગ;
તતક્ષણ તે ધરણી ઢળી, જાણે ડશ્યો ભુજંગ.
શ્રાવણ માસ સોહામણો, હિણ્ડોળાના રે ઢંગ;
હિંચે તે ગોરી રાધિકા, ઘણું પીડે અનંગ.

CENTRAL LIBRARY

રતનો.

સખિરે સાહેલી સૌ મળી, જમુના નાવા રે જાય;
કેસરી તિલક સોહામણાં, કોમળ રગ્યા રે પાય.
ગૌરી પૂજે સાહેલડી, કરમાં પુષ્પની માળ;
બીજા રે કરમાં કુંકાવટી, મુખે શ્રીગોપાળ.
ચાર પહોર જાગરણ કરે, ગોરી ગરબા રે ગાય;
રાત થોડી ને રમત ઘણી, રખે વહાણું રે વાય.
શ્રાવણે પાકયો આંબલો, કોને કરિયે ભેટ;
રત્નાના સ્વામી રે શામળા, આડો જમુનાનો ખેટ. ઓધવજીરે.

ભાદરવે ભવન પાંચમે, ખલકે હિંદોળાખાટ;
પુષ્પને પંખે પદ્મિણી, જુવે વ્હાલાની વાટ.
ભાદરવો ભરપૂરમાં, ભલું જણાયે જોર;
ગગન વિશે કરે કાટકા, નાવ્યા નંદકિશોર.
ઉત્તર દેશથી ઉલટયો, થયો અંધાર ઘોર;
વીજલડી ચમકા કરે, નાવ્યા નંદકિશોર.
પંચરંગના આભમાં, મોટા તાણ્યા રે મચ્છ;
ચંપક વરણી રે રાધિકા, ચીર ભીંજાયે સ્વચ્છ.
નદિએ નીર ભર્યાં ઘણાં, નવ દીસે ઉતાર;
વેરણ જમુના પૂરે ચઢી, પીયુડો પેલે રે પાર.
બાજ્ય બધું સુખ દેહનું, જેનો નાથ નઠોર;
રત્નાના સ્વામી રે શામળા, બળતી બોલું છું જોર. ઓધવજીરે.

11. Jivram Bhatt (*circa* 1720-1770 A. D)

He has written a long poem called જીવરાજ શેઠની મુસાફરી an allegorical poem describing the voyage of the soul (જીવરાજ શેઠ) through the sea of life. He wrote it in imitation of the વિવેક વણઝારો of Premānand.

The voyage of Mr. Soul (જીવરાજ શેઠની મુસાફરી).

[A comparison with Bunyan's Pilgrim's Progress would be quite instructive.]

શિવરાજ શેઠ પુત્ર જીવરાજને,
મોકલે વિદેશમાં કહી સુકાજને;
જાઓ મૃત્યુ લોકમાં ગુમાસ્તા લેઇને,
માલ વોરજોજી પુત્ર શુદ્ધ જોઇને.
સાથ રાખજો દલાલ સંત કોઇને,
લેવરાવશે સુમાલ સારો જોઇને;
આગવો સુસંગ લેઈ રાખજો કને,
ધીરશો મા કામ ક્રોધ લોભ ચોરને.
મૂકજો કુસંગ ફાંસિયાતણી પુરી,
આવશે અપાર મોહિની નદી ખરી;
બેસજો વૈરાગ્ય નાવમાં ફરી ફરી,
ચાલજો સુવાટ પેલી પાર ઊતરી.
વિકટ છે અવાટ બીજી વાટ ચૂકશો,
જાણુ દેશ રહિ જશે અજાણુમાં જશો;
વિષય ધૂર્ત મધ્ય જાળમાંહિ ફૂલશો,
કામરૂપ દંભ ત્યાં વિવેક ભૂલશો.
પરખ્યા વિના પ્રપંચ માલ વોરશો,
કોઈ ધીરશે નહીં વિદેશ શું કરશો;
તો ત્રસાળે ખોટ દેખી પોક મૂકશો,
લાભ કાળ વહિ જશે દેવાળું ફુંકશો.
દેશ દેશ કાઢજો દુકાનો ધર્મની,
છાંડજો પ્રપંચ વાત ક્રૂર કર્મની;

ધારશો ન કણે વાત વિષય ઘાતની,
કાવજો ભલાઈ આપ સારી વાતની.
યત્ન રાખજો શરીર વાટ ઘાટમાં,
તાપમાં ન ચાલશો કુકમે સાથમાં;
જ્ઞાન યોગ ભક્તિ માલ જો તને ગમે,
ખોટ લાભ પૂછજો ને વોરજો તમે.
એટલી વિવેક વાત ચિત્ત રાખશો,
તો ભવાટવી તરી સ્વપુર આવશો;
એક વાર સર્વે વસ્તુ લેઈ આવશો,
તો પ્રદેશ પરહરી સ્વધામ બેસશો.
શીખ લેઈ શેઠજી પ્રદેશ સંચર્યા,
નાત જાત નગર લોક સર્વને મળ્યા;
નગર શેઠ પુત્ર જીવારાજ નીકળ્યા,
રામ રામ જેગોપાળ શબ્દ કહી વળ્યા.
જીણે મૂકીને નવા પોશાક પેરિયા,
દેખતાં પિતાએ નેત્ર નીર ખેરિયાં;
ત્યાં કુટુંબ નાત લોક તો રહી ગયા,
જીવરાજ શેઠ ત્યાં થકી વિદા થયા.
શહેર બહાર સર્વે સાથ એકઠો થયો,
શિવરામ શેઠ ત્યાં વળાવવા ગયો;
પુત્રને વળાવી શિવરાજ ત્યાં રહ્યો,
જીવરાજ ત્યાં થકી વિદેશમાં ગયો.
જીવરાજ વ્યસનના તરંગમાં ઝડયો,
મનોવેગ તુર્ત મૃત્યુલોકમાં પડયો;
કર્મયોગ ત્યાં ભવાબ્ધિ પાર ના જડયો,
ઘણિકવાર જીવરાજ તીર્થે આથડયો.
દૈવયોગ એક દેહ નાવ સાંપડયું,
દ્વારસમ ઉર્ધ કાળ શિલ્પિનું ઘડયું
પંચ પાટિયાં પ્રપંચ લોહનું જડયું,
જે ભવાબ્ધિ નીલ પંકજળમાં પડયું.
સ્ત્રી જુવાન એક બેઠી દીઠી નાવમાં,
બુદ્ધિ આગળી સ્વરૂપ હાવભાવમાં;

CENTRAL LIBRARY

જીવરાજ શેઠની મુસાફરી.

મંદ હાસ ચતુર છે વિચાર વેણમાં,
મધુરી વાણીમાં અને મૃગાક્ષિ નેણમાં.
શેઠ પાસ આવી વાત પૂછી સાનમાં,
કોણ માત તાત કોણ નાત જાતમાં;
કોણ નામ ઠામ વાસ કોણ દેશમાં,
કેમ છો ઉદાસિ આ વિચિત્ર વેશમાં.
સ્વસ્થ ચિત્તે શેઠજી કહે વિચારિ વાત,
કોટિ લક્ષ જન્મ કોટિ લક્ષ માત તાત;
કોટિ લક્ષ નામ કોટિ લક્ષ નાત જાત,
મૂળ નામ એક છે સુણો પિતાની વાત.
શિવરાજ છે વિદેહી નગર શેઠિયો,
પુત્ર તેમનો હું જીવરાજ વેઠિયો;
ઉદ્યમાર્થે અર્થે મૃત્યુલોક આવિયો,
ભૂલમાં હું આ ભવાબ્ધિ મધ્ય ભટકયો.
પાર ન જડયો હું દેખતો જ આંધળો,
ભૂલમાં ભમ્યો હું ચાલતો જ પાંગળો;
જાત નાત તાતથી થયો હું વેગળો,
તાત છે સમીપ તેમને હું ના મળ્યો.
આશરા વિના ગયો ઘણો હું આકળો,
વાટ ઠામ તું મળી થયો હું મોકળો;
ઘણિક નાર મેં કરી તથાપિ એકલો,
દુઃખ સોચના થકી થયો હું દુબળો.
નવ મટે થનાર વાત કર્મની લખી,
આજ દુઃખ વિસર્યું થયો ઘણો સુખી;
ગુહ્ય વાત મેં કહી તને ન ઓળખી,
મેં કહ્યું તને તમે મને કહો સખી.
તે નિવૃત્તિ નાર શેઠને કહે કથી,
ઓળખો મને પવિત્ર માત તાતથી;
મન પિતા સુબુદ્ધિ ને કુબુદ્ધિ માતથી,
ત્રણ બેન નીપની બને ન મૂળથી.
મન પિતાનું હેત ઝાઝું મા કુબુદ્ધિથી,
મારિ મા સગી સુબુદ્ધિ તેથકી નથી;

હું નિવૃત્તિને તમે સ્વયંવરે હરી,
શેઠ જે વિદેહ નામ શહેર જઈ વરી.
માત તાત પાસ હું નિવૃત્તિને ધરી,
નાથ મૃત્યુલોકમાં ગયા તમે ફરી;
ત્યાં ગયા પછી પ્રવૃત્તિ ભ્રાંતિને વર્યા,
તેમનું સ્વરૂપ જોઇને તમે ઠર્યા.
લંપટિ કુબુદ્ધિ સાસુનાં કહ્યાગરા,
મૂળથી ખરી સુબુદ્ધિ સાસુ વિસર્યાં;
તવ સુબુદ્ધિ માત મારિ પાસે આવિયાં,
માત દિકરી વિદેહ શહેરમાં રહ્યાં.
શિવરાજ સ્વસુર આશરે સુખી થયા,
સ્વસુર સાસુનાં પવિત્ર ચરણ સેવિયાં;
ત્યાં તમારિ શાંતિ મા રડી રડી મરે,
શિવરાજ તાત તે ઉદાસમાં ફરે.
દેહ વસ્તુ સાક્ષિરૂપ ગર્વ ના ધરે,
રોજગાર ના કરી વૈરાગ્ય આદરે;
સમર્પણ ધર્યું હશે નવું ન સંઘરે,
આગળી કમાઈ સંતને મુખે ધરે.
ગૃણથી અતીત પંથ એકલો ફરે,
ખાય ના પિયે ના પુત્ર પુત્ર ઉચરે;
એકવાર હું નિવૃત્તિ ઘેર આવિયા,
સ્વસુરજી અમારિ પાસ ગળગળા થયા.
કહે વહુજી તમ પતિ વિદેશમાં ગયા,
કોટિ કલ્પ વહિ ગયા હજુ ન આવિયા;
કયમ થયું હશે મળ્યા શું વિષયિ ફાંશિયા,
કામ ક્રોધ લોભ તસ્કરે શું લુટિયા.
કે શું લેવું દેવું અધિક નૂન્યથી રહ્યા,
કે કુસંગ ધૂર્ત સંગથી વહી ગયા;
જા વહુ નિવૃત્તિ બાપ મૃત્યુલોકમે,
વૃદ્ધ આ મુનીમ સુસંગ સાથ લો તમે.
સાથ લો દયા સખીથી વાટ નિર્ગમે,
તું ગયા વિના ન થાય અર્થ આ સમે;

CENTRAL LIBRARY

જીવરાજ શેઠની મુસાફરી.

લેઈ આજ્ઞા થયાં સવાર તે સમે,
આ દયા સખી સુસંગ સાથ બે અમે.
મૃત્યુલોક આવિયાં ભવાબ્ધિ તીરમે,
દેશ દેશ ખોળિયા મળ્યા નહીં તમે;
ઘણીકવાર ખોળિ ખોળિ થાકિયાં અમે,
ઠાલું નાવ દેખિયું ભવાબ્ધિ નાળમે.
પૂછિયું ન કોઇને હું બેઠી આ સમે,
તેટલે જ શેઠ દૃષ્ટિએ પડ્યા તમે;
ઓળખું તમોને મને ન ઓળખી તમે,
શીદ ઓળખો ગરીબ નાર છું અમે.
હું વિના અનેક નાર ઇશ્કિને ગમે,
આજ કાળ ભ્રાંતિ નારમાં રમો તમે;
ક્યાં ગઈ પ્રવૃત્તિ વ્હાલી નાર આ સમે,
માત તાત વિસર્યાં પ્રવૃત્તિ નારમે.
હું નિવૃત્તિ વીસરી ભલી જ ભ્રાંતિમે,
આવડા અજાણ શેઠ કયમ થયા તમે;
અમ જેવી દયાની વાત કાનમાં ધરો,
મુનિમ વૃદ્ધ આ સુસંગનું કહ્યું કરો.
પૂર્વે નાર હું નિવૃત્તિ ચિત્તમાં ધરો,
શિવરાજ શાંતિ માની સેવના કરો;
ભ્રાંતિ પ્રવૃત્તિ નારિ વેગળી કરો,
તો ભવાબ્ધિ આ શરીર નાવથી તરો.
ઘાટ ઘાટ ફેરવો સુમાલથી ભરો,
વસ્તુ સારી લેઇને સ્વદેશ સંચરો;
છેલું છેલું શેઠજી ચડો શરીર વ્હાણ,
હું નિવૃત્તિ નાર હાથમાં ગ્રહું સુકાણ.
આગુવા ભલા દયા સુસંગ છે પ્રમાણ,
પૂર્વદેશ જાતાં વાટ રોકનાર કોણ;
જીવરાજજી થયા પ્રસન્ન ચિત્તથી,
હાથ સાહી નારને ચડ્યા સુમાનથી.
પંચ માસનું કળેલ વ્હાણ નાળથી,
હાલતું થયું તથાપિ નીકળતું નથી;

CENTRAL LIBRARY

જીવરાજ ફેરવે ઘણું ઘણું મથી,
નાળ સાંકડેથિ લાગ લાગતો નથી.
તે સમે અનેક બંદગી કરે કથી,
કાઢ વ્હાણુ કાઢ વ્હાણુ નાથ નાળથી;
વ્હાણુ નીકળ્યા પછી છ માસ દૂધ પીશ,
ચાર પાંચ વર્ષે પાઘડી વિના ફરીશ.
વર્ષે એક બે મુનિવૃત્તને ધરીશ,
કાઢ વ્હાણુ કાઢ વ્હાણુ હે કૃપાળ ઈશ;
મુનિમ વૃદ્ધ આ સુસંગનું કહ્યું કરીશ,
મનસ્વસુરથકી સુબુદ્ધિ સાસુ મેળવીશ.
સ્ત્રી નિવૃત્તિ સંગ પત્નીવ્રત આચરીશ,
શિવરાજ શાંતિ માનિ સેવના કરીશ;
આ દયા સખીની વાત કાનમાં ધરીશ,
મનસ્વસુરથકી કુબુદ્ધિ સાસુ પરહરીશ.
ભ્રાંતિ ને પ્રવૃત્તિ નાર વેગળી કરીશ,
આજથી પરાંગનાને દૂરથી તજીશ;
એકવાર વ્હાણુ સાથ બહાર નીકળીશ,
તો ફરીથી રોજગાર વ્હાણુનો તજીશ.
દૂરથકી કુસંગ ફાંશિયાથકી ડરીશ,
કામ ક્રોધ લોભ ચોર વેગળા કરીશ;
એ પ્રકારે જીવરાજ બંદગી કરે,
સ્ત્રી નિવૃત્તિ સાથ ભક્તિ ભાવને ધરે.
તે સમે પ્રસૂતિ કાળ વાયુ સંચરે,
દેહ વ્હાણુ નાળમાં અહીં તહીં ફરે;
નાળમાં નવેક માસ એકલું ખડ્યું,
સૂતિકા પ્રચંડ વાયુ ડોલમાં પડ્યું.
ત્યાંથકી મહા ભવાબ્ધિ પૂરમાં પડ્યું,
મોકલું થયું અનેક ખડકે આથડ્યું;
પૂર્વના ગુમાસ્તા શીવરાજના હતા,
એ નવાણુ શેઠજીની ખબર પૂછતા.
જીવરાજ કહે હું ઓળખું છું લે જતાં,
નિર્વિકારને લેઈ વિકાર મૂકતાં;

CENTRAL LIBRARY

જીવરાજ શેઠની મુસાફરી.

ગુહ્ય અર્થ સમજીયા વિવેકિ રિઝિયા,
દેહ સાધના કરી વિદેહમાં ગયા.
બુદ્ધિહીન મૂર્ખ લોક તે ન સમજિયા,
વિષય તુચ્છ લોભથી ભવાબ્ધિમાં વહ્યા;
એ કથા રહી પછી વિચાર શા થયા,
મૃત્યુલોક વાયુ જેટલે જ લાગિયા.
કેટલેક માસ વહાણ ચાલતું કરે,
બાર વર્ષ બાળપણમાં જઇ ફરે;
તે પછી પલાણ જોબન અશ્વનું કરે,
નવનવા પોશાક ખાન પાન શું ભરે.
કારમો કુસંગ મિત્ર સાથે સંચરે,
તેવિ વાત ચિત્ત કર્ણે દેશમાં કરે;
ભ્રાંતિ ને પ્રવૃત્તિ નારિ ચિત્તમાં વસે,
મનસ્વસુર કુબુદ્ધિ સાસુથી ઘણું હશે.
વહાણ ફેરવે જુવાનિ અશ્વ ખેલવે,
ઘાટ ઘાટથી પ્રપંચ દ્રવ્ય મેળવે;
દેશ દેશમાં નવી દુકાન ખૂપવે,
ત્યાં મુનિમ છે ઘણા હીસાબ ચૂકવે.
નાત શેઠ પારકી લડાઈ શીજવે,
કારમું કુટુંબ માત તાત રીઝવે;
મુખ્ય સાહુકાર લાખે લેખું લેખવે,
અન્યની હુંડિ પાછી નવ ફરે.
દેશપાળ હાથમાં દિવાન જઈ નમે,
અમલનો છકેલો સર્વ લોકને દમે;
કીર્ત્તિ લોભિયાની વાત આપને ગમે,
દ્રવ્યને મદેથી સાધુ સંતને દમે.
ઉદ્યમે અજાણ પલક નિર્ગમે વૃથા,
ધર્મે વાસના ન થાય કૃષ્ણની કથા;
દામ સાહેબીનું અભિમાન સર્વથા,
સ્વાર્થમાં ખુશાલ પરમાર્થમાં વૃથા.
નવનવી મિઠાઈ દૂધ ફરશું જમે,
રંગ મહેલમાં પ્રવૃત્તિ નારીશું રમે;

લોભ લાભ પુત્ર પાસ લઇને ભમે,
ભાવહીન આપ કીર્તિ સર્વથા ગમે.
જરકશી પોશાક કીનખાબ ખોળિયાં,
પામરી રુમાલ રંગચોળ મોળિયાં.
વેઢ વાંકડાં અમુલ્ય કણે ચોકડાં,
હીમરુ ગલેચા શેઠ ગાદિએ પડયા.
રંગ તાન નાચ થાય છે ખડા ખડા,
થયા ભાઈ સાહેબ તો અમલથી બડા;
ઘેર તાયફા અખંડ નાચતા વડા,
પ્રેમથી વેંચાય રોજ પાનના પડા.
ચૌદ માળની હવેલી ખુબ બંગલા,
હીંચકા પલંગ ત્યાં સુવણે સાંકળ્યા;
ભાગ્ય પાંશરેથિ સર્વ વૈભવો મળ્યા,
વાંકડું થતાંજ વૈભવેથકી ટળ્યા.
દૈવ કોપતાં જ દેશપાળ કોપિયો,
સેજ વાંકમાં અનંત માલ લૂટિયો;
દેશ દેશની દુકાન સર્વ અટકિયો,
માલ ખોટ જોઈ જીવરાજ પટકિયો.
ઉઘરાણિ બંધ કરજ તો ખરૂં થયું,
કોઈ ધીરનાર નહીં કામ ડુબીયું;
કરજદારે ઘેરિયો દીવાળું ફુકિયું,
એ પ્રકારે પાપ દ્રવ્ય વ્યસ્ત થઇ ગયું.
હાય દૈવ હાય દૈવ કાંઈ નવ રહ્યું,
છપન ઉપર ભેરતાન ભુંગળું ગયું;
નાત શેઠ તે હવે ન કો કરે કહ્યું,
બ્રહ્મભોજય દાન પુન્ય કાંઈ ના થયું.
ભાગતી દશાયે તોલ ભાગતો ગયો,
મહા દરિદ્રતામાં આહાર ચોગણો થયો,
બહુ ખરાબદસ્ત કારભાર ના રહ્યા,
માન હીન બાપડો ફરે વહ્યો વહ્યો.
એ સ્થિતિમાં જુવાની ઘોડિ ગુજરી,
સ્ત્રી પ્રવૃત્તિએ જણી ખરાબી દીકરી;

CENTRAL LIBRARY

જીવરાજ શેઠની મુસાફરી.

લોભ લાભ પુત્ર તે સમે ગયા મરી,
દુઃખમાંહી સાંભર્યો જ શ્રીહરી.
કાળ પેંગડેથી વૃદ્ધ ઘોડલે ચડ્યો,
ટેક લાકડી લગામ શ્વેત કાઠડો;
વેગહીન ચાલતો તે જો કદી પડ્યો,
માર ચાબખાનિ ચોપથી કરે ખડો.
કાળનું ભરેલ દેહવ્હાણ પૂરિયું,
આ ભવાબ્ધિ તીર નામ નર્મદા ગયું;
ચક્રપાણ ઓરસંધ ઘાટ છીપીયું,
શ્રીકુબેર સોમનાથ ભેટવું થયું.
તીર્થવાસી વિષ્ણુ ભક્તને મળ્યો જઇ,
તેમને સમાગમે કથા રુચી થઈ;
તે સમે સુસંગ મિત્ર તે મળ્યો જહીં,
ભેટતાં પ્રવૃત્તિ ભ્રાંતિ વેગળી રહી.
વરણ વેષ ફેરવ્યો નવો ધર્યો તહીં,
વૃદ્ધ જયેષ્ઠ જોઈ લાજપૂરમાં વહી;
તે વહ્યા પછી પટંતરો રહ્યો નહીં,
તે પછી સુસંગ મિત્ર ઓળખ્યો સહી.
ઓળખ્યા પછી ફરી વળ્યો હસીધસી,
ભેદ ભાંગતાં પ્રવૃત્તિ ભ્રાંતિ ગઈ ખશી;
પૂર્વની વિવેક વાતચિત્તમાં વસી,
સાંભરી નિવૃત્તિ નારને થયો ખુશી.
મિત્ર મેળવો નિવૃત્તિ નાર આ સમે,
શીવરાજ શાંતિ માત ભેટવો તમે;
દેહમાંથી લઈ જશો વિદેહમાં કયમે,
તો તમારો પાડ ખુબ માનશું અમે.
એ પ્રકારે જીવરાજની ફરી મતી,
તે સમે સુસંગ તે થયો દયા પતી;
સૂણિ બોધ જીવરાજને થઈ ગતી,
બ્રહ્મભાવથી જડી પ્રકાશ પદ્ધતી.
મનસ્વસુર સુબુદ્ધિ સાસુ એકઠાં કર્યાં,
પૂર્વની નિવૃત્તિ રાણી ચિત્તમાં ધર્યાં;

કોટિ વર્ષના વિયોગ રુશણાં હર્યાં,
અસલનું મળ્યું કુટુંબ દુઃખ વિસર્યાં.
નિવૃત્તિ નાર સંગ પ્રિતડી થઈ ઘણી,
જીવરાજ વશ કર્યો નિવૃત્તિયે ઘણી;
પ્રથમ ભક્તિ દીકરી નિવૃત્તિયે જણી,
જીવરાજ વશ શેઠને ગઇ વધામણી.
તે સમે આનંદી ચિત્ત શેઠનું થયું,
કાંઈ ન રાખિયું કને સહુ સમર્પીયું;
નવ પ્રકાર ભક્તિનું સ્વરૂપ સાધિયું,
તે સ્વરૂપ જોઈ પ્રેમરૂપ વાધિયું.
પ્રેમનો ભરેલ શેઠ નાચતો ફરે,
રોમહર્ષ થાય ગાય ગદગદ સ્વરે;
પાય ઘુઘરા સતાર વાજતા ફરે,
સપ્તસ્વર ભલાથી તાન ગાન ઉચરે.
ભક્તિ પાંચ વર્ષની થતાં પિતા ડરે,
સ્ત્રી નિવૃત્તિથી વૈરાગ્ય પુત્ર અવતરે;
હર્ષનો ભર્યો વધાઈ મસ્તકે ધરે,
વણ સુસંગ વાત ચિત્ત કાંઇ ન કરે.
જ્ઞાન પુત્ર તે પછી થયો નિવૃત્તિને,
ગઈ વધામણી વિવેક શેઠની કને;
સમર્પણ કર્યું સહુ તદા વિવેકને,
વિધિ નિષેધના વિવેકની થઇ બને.
જ્ઞાન ને વૈરાગ્ય પુત્ર હાથમાં ધરે,
સ્ત્રી નિવૃત્તિ ભક્તિ પુત્રી સાથ સંચરે;
યોગમાર્ગમાં સુસંગ આગુવો કરે,
લિંગ દેહ ત્યાગિને વિદેહ પરવરે.
ત્યાં સ્વધર્મમાં ગયા પછી ધસ્યો વળી,
જીવરાજ શીવરાજમાં ગયો મળી;
પર શાંતિ–માત આવિ તે સમે વળી,
શોક મોહ જન્મમરણની પિડા ટળી.
જીવરામ–ભટ્ટ નામ ગામ ધોળકું,
ટોળક દીજત બામણોલનું પખું;

CENTRAL LIBRARY

તે નરે વિવેક વાત જોઇને લખ્યું,
આ અધ્યાત્મ દીપ જીવ શીવ પારખું.
આ વળી નવીન ગ્રંથથી વિચારજો,
ઘણીક વાતનો પટંતરો ખુલી જજો;
લિંગદેહ જીવને વણિક પ્રમાણજો,
શેઠ ને વણિક વિષે ન ભેદ આણજો.
ધામ વૈકુંઠ પૂર્વે જે દેશ જાણજો,
શીવરાજ નામ વિષ્ણુ દેહ માનજો;
જીવરાજ તેજ લિંગ દેહ માનજો,
શાંતિ માત તેજ મુક્તિ દેહ જાણજો.
મન મળે કુબુદ્ધિ માત મલીન થાય,
મન મલિનમાં પ્રવૃત્તિ ભ્રાંતિ જે ભરાય;
તે પ્રવૃત્તિ ભ્રાંતિથી કુકર્મે કાંઈ કરાય,
ને કુકર્મે બાંધિ જીવ દેહમાં ભરાય.
ભ્રાંતિ તામસીથિ ભ્રમણતા અજાણ થાય,
રજોગુણી પ્રવૃત્તિથી વિચારમાં પડાય;
મન મળે સુબુદ્ધિમાં ન મલીન થાય,
નિર્મળી નિવૃત્તિ શુદ્ધ સાત્વિકી જણાય.
પ્રથમ મુખ્ય મુખ્ય તીર્થ સેવના હજો,
તીર્થ સેવતાં કથાતણી રુચી થજો;
કથા રુચી થતાં સુસંગ મિત્ર ભેટજો,
મિત્ર ભેટતાં પ્રવૃત્તિ ભ્રાંતિ છાંડજો.
પ્રવૃત્તિ ભ્રાંતિ નિવૃત્તિ ચિત્ત રાખશો,
નિવૃત્તિ ચિત્ત રાખે ભક્તિ સ્વાદ ચાખશો;
ભક્તિને નવે પ્રકારમાં રમાડજો,
તે રમાડતાં પ્રભૂથી પ્રેમ આણજો.
પ્રેમ આણતાં વૈરાગ્ય તુર્તે ભાવશે,
તે સમે પ્રપંચ વાત તુચ્છ લાગશે;
જ્ઞાન આવતે વૈરાગ્યમાં ઠશી જશે,
તે સમે વિવેક સત્યાર્થનો થશે.
વિધિ નિષેધના બધા અનિત્ય જાણશો,
તે સમે સમાધિ યોગ માર્ગે ઝાલશો;

CENTRAL LIBRARY

યોગમાર્ગે ગાલી લિંગ દેહ ત્યાગશો,
લિંગ દેહ ત્યાગે જીવ શીવ થઈ જશો.
સંવત અઢાર પડવો પોષ માસનો,
આ નવીન ગ્રંથ પૂર્ણ તે સમે બન્યો;
હું કવિ અજાણ દોષ હ્રસ્વ દીર્ઘનો,
જાણતો નથી સુધારજો કવિજનો.

12 Madhavdas (*circa* 1690-1740 A. D.)

His father's name was Sundardās and he was born at Surat. He worked at a very long version of the દશમ સ્કંધ (the Tenth Book of the Srimad Bhāgvata). A copy of the whole in the poet's own writing is said to be in a temple at Rāj-piplā. He was a very minor poet and has very little force in his verses. But his language is straightforward and simple and his spelling unexceptionable.

1 Rukmini's letter

સ્વસ્તિ શ્રી દ્વારાવતી દેશ, જ્યાંહાં વસે છે શ્રી દેવેશ;
રાય રણછોડ પ્રજાપ્રતિપાલ, દીન નાથ તમ્હો દેવ દયાળ.
કુંદન પુરનો ભીમકરાય, તેહેની હું રુક્મિણી કન્યાય;
કર જોડીને કરૂં પ્રણામ, મહારા અંતરજામી સ્વામ.
ગુણસાગર સુણીયો જેહ, માહારા ચિત્તમાં વસીયો તેહ;
કરુણાસાગર સારંગપાણ, માહારૂં મન તમ ચર્ણે જાણ.
તાહરૂં રૂપ જેણે નિર્ખ્યું હશે, તેહને ચિત્ત નવ બીજું વસે;
તાહરા ગુણની એહેવી રીત, અન્ય પદાર્થસું નહિ પ્રીત.
એહેવી કવણ હશે જે નાર, તમને મેહેલીને મોરાર;
અન્ય પુરુષસું પ્રીત કરે, તેહેનો સ્વામી શું ઉગરે?
આત્મ સમર્પણ મેં તુંને કર્યું, તવ ચર્ણે મુજ ચિત્ત જ ધર્યું;
પણ રખે સિંહનો ભાગ શીઆલ, ઇચ્છા કરતાં દેવ દયાળ.
પૂર્વે કીધાં હોયે દાન, નિયમ વ્રત પુણ્ય નિદાન;
તો કરજો પ્રભુ અંગીકાર, હું દાસી તાહારી નિર્ધાર.
અહીં જરાસંધ સાથે શિશુપાલ, તેડ્યા અવર બહુ મહીપાલ;
તાહારા દેખી રાજા જેહ, આવી અનેક મહ્યા છે તેહ.
તેહનાં મુખ કરવાને ભંગ, વેગે વાહાર કરો શ્રીરંગ;
હરિ આસંકા લેઇને નાર, પ્રભુ કરશો મન એહ વિચાર.
સ્વેચ્છા સ્વયંવર કન્યા વરે, તે કાંઈ વાત નથી આસરે;
માત પિતા પ્રભુ ઇચ્છા ધરે, એક અગ્ર બાંધવ પરહરે.
તમ્હો કહેશો હરણ કેઈ પેર થાય, તેહેનો તમ્હને કહું ઉપાય;
અમ કુળ કન્યાનો ધર્મ એહ, નગર બાહાર અંબિકા છે જેહ.

પ્રથમ જઈ તેહની પૂજા કરે, વળતી કન્યા વરને વરે;
લગ્ન દિવસ આડે દિન એક, અંબિકા પૂજન હોયે વિશેક.
તે વેળા તમ્હો આવી નાથ, દાસીતણો પ્રભુ ગ્રહેજો હાથ;
જો તમ્હો કરશો પ્રભુ પ્રમાદ, તો મેં એહ વિચર્યું આદ્ય.
એકશત જન્મે કરી દેહ તજું, પણ હું પ્રભુકેરા ચણે ભજું;
એહવું જાણી દીન દયાળ, શીઘ્ર થઈ માહારી કરો સંભાળ.
જો પ્રભુ ચિત્ત નહીં આણો વાત, તો નીજ કરવી આત્મજ ઘાત;
વળી લોક વિષે હસારત થાશે, ભક્ત વત્સલ બિરદ તમ્હારૂં જાશે.
એહેવું પત્ર સુણીને જદુરાય, હવે નિશ્ચે દ્વિજ મેં કરવી સહાય;
સુણતાં રુદે આનંદ પામીયા, બાવન અધ્યાય પૂરા થયા.

2. The dream bridegroom.

ઉમિયાનો વર ઓખા લેઈ, આવી નીજ મંદિર માંહાં સહી;
સાથે સખી તણો નહિ પાર, આનંદ પામી બાણકુમાર.
નિશદિન સ્વામીનું ચિંતન કરે, સ્વપ્ન દિવસ તે રુદયે ધરે;
એવે તે દિવસ આવ્યો નિર્ધાર, વિવિધ પેરે કીધા શણગાર.
મધ્યરાત્ર જવ દારુણ થઈ, સ્વપ્ન વિશે પીયુ પામી સહી;
ક્રીડા કીધી વિવિધ પ્રકાર, મહા સુખ પામી ઓખા નાર.
પ્રદ્યુમ્નનો સુત અનિરુદ્ધ જેહ, સુર શિરોમણિ ભણીએ તેહ;
મુગટ શિશ ને કુંડળ કાન, દિવ્ય વસ્ત્ર કીધાં પરિધાન.
મુકતાફળનો કંઠે હાર, કટી કીંકણીનો ઝમકાર,
શોભા સુંદરનો નહિ પાર, મહા સુભટ તે પરમ ઉદાર.
જઇ બેઠો ઓખાની સેજ, કોટી સૂર્યે કેરૂં જાણે તેજ;
સ્વપ્ન વિષે તેહેસુ ક્રીડા કરી, કુમારવ્રત ભાંગ્યું સુંદરી.
અનિરુદ્ધ કુંવર ઉઠી જાય, સ્વપ્ન વિષે તેનો ભુજ સહાય;
એમ કરતાં જાગી સુંદરી, જોતાં માંહ સુદ્ધબુદ્ધ વિસરી.
સ્વપ્નતણો નવ દીઠો કંથ, પામી પ્રેમદા શોક અનંત;
વિહ્વલ ચિત્ત અબળાનું થયું, કુમારવ્રત ભુજ ભાંગી ગયું.
તે માટે બહુ વ્યાકુળ થઇ, દેહતણી ચૈતન્યતા ગઇ;
સ્વપ્નતણું સુખ સાંભરી ચંત, બાણસુતા થઇ મૂર્છાવંત.
અહો દૈવ તેં એ કાં કર્યું, મારે આજ કાંઈ નવ ઉગર્યું;
સ્વપ્નતણું સુખ મ્હારૂં ગયું, મહા દુઃખ મુજને પ્રગટ થયું.

CENTRAL LIBRARY

ઓખાનું સ્વપ્ન.

સ્વપ્ને પામી ભર્તાર, ઓખા જાગી રે;
દીઠો નહિ તાંહાં કંથ, રોવા લાગી રે.
ગદગદ કંઠે કામિની, આંસુ ઢાળે રે;
ચકીત થઈ ચોહોપાસ, પિયુને નિહાળે રે.
ચિત્રલેખા ચતુરસુજાણ, કૌભાંડ કુમારી રે;
વળી સખી જનનો નહિ પાર, સ્વરૂપ તે સુંદરી રે.
જઇ પૂછે સઘળી નાર, તું કાં દુઃખ આણે રે;
બાઈ બાણાસુર તાત, તે તુજ પરણાવે રે.
તમ્હે ! બાળક અતિશય કુમારી, શોક નવ ધરવો રે;
મનની કહે મુને વાત, તો ઉદ્યમ કરવો રે.
ઓખા કહે સુણો, મુજને વર પાર્વતી રે;
હું પામી સ્વપ્ને ભર્તાર, ક્રીડા કરતી રે.
માહારૂં ભાગ્યું કન્યાવ્રત, જાગી તો ન દેખું રે;
હાવે કયમ મલશે તે કંથ, કહે કયમ પેખું રે.
મ્હારે પૂર્વ જન્મનું પાપ, મેં અધર્મ કીધા રે;
નવ કીધાં જપ તપ દાન, તે અપયશ લીધા રે.
મેં ફોડી સરોવર પાળ, કે બાળ વછોયાં રે;
કીધો વિવાહ મલતો ભંગ, ને સર્વ સુખ ખોયાં રે.
વળી કુડાં ચઢાવ્યાં આળ, લેઈ રણ નાખ્યા રે;
કે મેં કુડી પૂરી સાખ, કે સાધુ સંતાપ્યા રે.
પરધન કીધું હરણ, કે થાપણ રાખી રે;
મુજ દૈવ દીધો દંડ, દુઃખ સાગર નાખી રે.
પિયુ પામી સ્વપ્ન મુઝાર, તે લીધો ઉળાલી રે;
ત્રેહે અનળ પ્રગટ્યો અંગ, દેહ પ્રજાળી રે.
કો ધૂર્ત્ત ચોર્યું ચિત્ત, તે નિર્ગુણ નેહી રે;
ફરી પામીશ કવણ પ્રકાર, કહો વિધિ કેઇ રે.
ચિત્રલેખા તું મુજ માત, હું તો દુઃખે ભારી રે;
મુજ મેલવ મારો કંથ, સદા સુખકારી રે.

સ્વપ્ન વિષે મેળવ મુજ કંથને, સુખકારી તે આવી ગયો;
સખી પિયુડા વિના મ્હારો, દેહ આજ પરવશ સહી થયો.
એણી પેરે બોલી ઓખા નાર, ચિત્રલેખા મારા પ્રાણાધાર;
તુજથી સહી થાશે કાજ, કરો સહાય સખી મારી આજ.

સ્વપ્ન વિષે સુખ પામી ઘણું, તમ આગળ કેઇ પેરે ભણું,
પ્રત્યક્ષ આવી બેઠો સેજ, શ્યામ ગૌર શશી સુંદર તેજ.
મણિ મુગટ કુંડળ કાન, પીત વસ્ત્ર કીધાં પરિધાન;
મણિ રત્ન મુકતાફળ માળ, સુંદર ચપળ નયન વિશાળ.
ભ્રકુટી ભમર તે સુંદર ભાળ, મૃગમદ ચંદન તિલક વિશાળ;
અમૃત વદતો વાણી મુખ, સ્વપ્ન વિષે બહુ આવ્યું સુખ.
મનોહર તેજતણો નહિ પાર, જાણે કામતણો અવતાર;
તેહેના રૂપ ગુણ ન લહું, એક રસના કેઈ પેરે કહું.
તે વર આણી આપો આજ, સખી જન માહારી રાખો લાજ;
નહિતર માહારા જાશે પ્રાણ, ચિત્રલેખા તવ બોલી વાણ.
અરે બાઇ તેનું શું જાણે નામ, કોહોનો પુત્ર વસે કોણ ગામ;
ઉમિયાવર મિથ્યા નવ થાય, જાણ્યા વિના શો કરૂં ઉપાય.
વસમો ગઢ શોણીતપુર ગામ, રક્ષા કરે જેહેની સુંદરશ્યામ;
મહા બળીઓ બાણાસુર રાય, સૈન્ય તણી સંખ્યા નવ થાય.
આંહાં આવી કીધું જેણે કામ, મહા બળીઓ દીસે સંગ્રામ;
વિસમ વાત કયમ સાધી જાય, તવ ઓખા તેને લાગી પાય.
ગ્રામ નામ તેહનું જાણું નહિ, દીઠે તેહેને ઓળખું સહી;
મેળવ મુને સ્વપ્ન ભર્તાર, ચિત્રલેખા મુજ પ્રાણ ઉગાર;
જો નવ મેળવે મારો કંથ, તો સહી આણીશ દેહનો અંત;
એહેવું કહી પછે અબળા રોઇ, આળોટે અવની પર સોઇ.
ચિત્રલેખા તવ ચતુરસુજાણ, પછે વિચારી મુખ બોલી વાણ;
કહું ધીરજ રાખ રે માહારી માત, વિચારવા સરખી છે વાત.
પછે દિવસ સપ્તની અવધજ કરી, શોધી કાઢું ઉપાય આચરી;
તાહારે દુઃખે મુજને દુઃખ ઘણું, કરવું કાયે સખી તુજતણું.
ઉપાય મેં કરવો નિર્ધાર, સકળ પ્રાપ્ત કર્મને અનુસાર;
ઓખા કહે મુજ છે વિશ્વાસ, તુજ વિના નહિ પોંચે મુજ આશ.
ચિત્રલેખા તું માહારી માત, અવધ દિવસ તે આવ્યા સાત;
પણ હું માગું છું મૂકી માન, મુજને આપો જીવતદાન.

CENTRAL LIBRARY

The Nineteenth Century
up to the death of Dayārām (A. D. 1852)

1. Dhīro Bhakta
2. Nirānt Bhakta
3. Bāpu Saheb Gāikwād
4. Premānanda Swāmi
5. Bhojo Bhakta
6. Manohar Swāmi
7. Girdhar
8. Ranchod Bhakta
9. Haribhatt
10. Mitho
11. Purushottam
12. Ratandās
13. Rughnāthdās
14. Krishnārām
15. Butio Bhakta
16. Shāntidās
17. Rāvo Bhagat
18. Brahmānand
19. Muktānand
20. Nishkulānand
21. Manjukesānand
22. Devānand
23. Dayārām

1. Dhiro Bhagat (1753-1825 A. D.)

He was a Bhāt by caste, a native of Godhara in Baroda and had the misfortune to marry his widowed aunt (માસી) who was very sharp tempered. He who owned some property and had besides the privilege from a petty chieftain of collecting a charge of half-a-rupee for each wedding* in his district. Thus he was in fairly affluent circumstances. He was not educated in the regular way but he came early into contact with a holy man who taught him to read and write and fed his hungry soul with spiritual knowledge. His *guru* laid special stress on *jnāna* and all the works of Dhiro emphasise this point. He never knew Sanskrit and but little Hindi; still his innate sense and sturdy common sense made him a wonderful exponent of the intricacies of the path of knowledge (the *Jnāna-mārga*). His verses called કાફીઓ expound his philosophy in a popular style after the manner of Akho. But his language is more felicitious and he has none of the bitter sting of his great predecessor. He was a gentle, modest, persuasive soul deeply devoted to and grateful to his *guru* and not a cynic. "He does not use the lash and tear the skin like Akho."† Hence his *kafis* have attained even a higher popularity than the *chhappās* of Akho.

Dhiro had an original method of broadcasting his poems in those days when the printing press was yet unknown. He used to roll up his verses in hollow bamboos or in gourds and when he went to have his bath in the Māhi river he floated them down the stream.

His chief works are, રણયજ્ઞ; સ્વરૂપની કાફીઓ; મતવાદી; આત્મબોધ; જ્ઞાનકક્કો; યોગમાર્ગ; પ્રશ્નોત્તર માલિકા; અવલાવણી;

* Known by the name of તોરણ ઘોડા.

† Jhaveri, op. cit. p. 174.

besides a number of *padas*, *garbis* and *dhols*. His *kāfis* have been unsurpassed in Gujarāti literature.

His language is simple and easy, his meaning is never obscure, his style is vigorous—doubtless inherited from his Bhāt ancestry—and he has plenty of humour about him.

I. જ્ઞાન કક્કો.

કક્કા કૃષ્ણતણી ભક્તિ કરીએ, સાચા સ્વામીનું ધ્યાન હૃદે ધરીએ;
ખખ્ખા ખાર વિખવાદને તજીએ, ભાવે ભૂધરજીના ગુણ ભજીએ.
ગગ્ગા ગુરુજી કેરી સેવા કરીએ, જ્ઞાન બુદ્ધ આપે તે પૂંઠે ફરીએ;
ઘઘ્ઘા ઘેલી બુદ્ધિને નવ રાખીએ, શ્રીરામ શ્રીરામ જીભે જપીએ.
ચચ્ચા ચતુરાઈ ચિત્તમહિ રાખીએ, હિણી બુદ્ધિ હૈયેથી કાઢી નાંખીએ;
છછ્છા છંદ ભણતાં નવ છપીએ, અહોરાત્રિ પ્રભુ પ્રભુ તે જપીએ.
જજ્જા જોબનને જાળવી ચાલીએ, નિત્ય રામતણા રંગમાં મહાલીએ;
ઝઝ્ઝા ઝાઝેરી જીભ નકો કરીએ, વહાલાસું વિરોધ કદી ના લડીએ.
ટટ્ટા ટેક સ્વામી તે સેવીએ, જેના આધારથી જુગમાં જીવીએ;
ઠઠ્ઠા ઠોઠ થકી વેગળા ખસીએ, જ્ઞાન ગીતા સુણવા સામા ધસીએ.
ડડ્ડા ડહાપણ દિલમાં લીજીએ, પ્રભુનો રસ રૂડો પ્રેમે પીજીએ;
ઢઢ્ઢા ઢીલ હવે તો નવ રાખીએ, ફરી ફરી મનુષ્યા દેહ ક્યાહાં ચાખીએ.
તત્તા તસ્કર વિદ્યા તજી મૂકીએ, ચતુરા ચક્ષુમાં ન કો ચૂકીએ;
થથ્થા થોડું ઘણું પરમારથ આપીએ, અંગમાંથી અભિમાનને કાપીએ.
દદ્દા દેહને દુર્લભ જાણીએ, દીલમાં દયા તે માટે આણીએ;
ધધ્ધા ધારણ ધણી કરી ધરીએ, આશા અંતરમાં કેની ના કરીએ.
નન્ના નારાયણ નામ હૃદે ધરીએ, સત્ સંગત સાધુતણી કરીએ;
પપ્પા પાપ કરતાં થકી બ્હીજીએ, સાચી વાત સંસારમાં કીજીએ.
ફફ્ફા ફેલીની સંગ ફલા કરીએ, તો નિશ્ચે વણ મોતે માર્યા મરીએ;
બબ્બા બળ વિના જોર ના કરીએ, વિચારી વિચારી ડગલાં ભરીએ.
ભભ્ભા ભાર પોતાનો રાખી રહીએ, જ્યાં વીતી હોય ત્યાં જાળવી જઇએ;
મમ્મા મદ મોહ મત્સરને મારીએ, રામનું નામ કદી ન વિસારીએ.
રર્રા રામતણા રંગમાં રહીએ, પરનારી ગુંજ કરવા ના જઇએ;
લલ્લા લખિત પદારથ લઇએ, તેમાં દોષ દયાળને શો દઇએ,

CENTRAL LIBRARY

વવ્વા વળાવો થઈ લૂટી લીજીએ, તે તો હત્યા જૂગો જૂગ ના છૂટીએ;
શશ્શા સત્ય તણાં પગલાં ભરીએ, કુડાં આળ કોઈ શિર ના ધરિએ.
ષષ્ષા ખરેખર ત્રાજુએ તોલીએ, પારકી થાપણ નવ ઓળવીએ;
સસ્સા સરોવર પાળ ન ભાંગીએ, હોડ પાડી કૂવો નવ ઓળંગીએ.
હહ્હા હરિ કેરા ગુણ ગ્રહીએ, દાસ ધીરો કહે હરિવર રાખો હઇએ.

II. જ્ઞાન બત્રીશી.

(૧)

અનુભવી આવો રે, જ્ઞાન ગતિ ગોઠનારા
ભેદ બતાવો રે, બ્રહ્મ માંહીં ભળનારા. અનુભવી.
કહો પવનનું મૂળ અમને, ક્યાંથી આવ્યું મન,
ઠીક કરી ઠેકાણું બતાવો, ક્યાં રહે છે મન પવન;
શબ્દ ક્યાંથી ઉઠે રે, ગગન માંહી ચઢનારા. અનુભવી.
નાદ બુંદનું રૂપ બતાવો, કહો ક્યાં રહે છે જીવ,
જૂજવા અર્થ કરી સમજાવો, શે સ્વરૂપે છે શિવ;
અખંડ જ્યોતિ ઝળકે રે, અભેદ બ્રહ્મ છે ન્યારા. અનુભવી.
પ્રગટ પિંડ પડયો પૃથ્વી પર, ત્યાં જીવ શિવ ક્યાં જાય,
નાદ બુંદ મન વાયુ સુદ્ધાં, એ સર્વે ક્યાં સમાય;
રીત બતાવો રે, અગમ વાતે વદનારા. અનુભવી.
અનુભવી આવો ભેદ બતાવો, વિશ્વંભર વિસ્તાર,
લંબા ચોડા કે પંચ રંગે, કરે છે કિરતાર;
ધણી ધીરાના રે, સ્વામી સરજનહારા. અનુભવી.

(૨)

માયાનો મર્મ મોટો રે, મોહોટપ પદ માયા વડે;
સમર્થ સંત શૂરા રે, પલકમાં પાર પડે. માયાનો.
હેત પ્રીત રીત ગતિ માયા કહિએ, ચાતુરી વિવેક વિચાર,
લાલણા માયા બોલણા માયા, માયા હારનો દેદાર;
શક્તિ માયાની રે, માયા તો મન રાખે ધડે. માયાનો.
ગાન ધ્યાન હરિ સ્મરણે શક્તિ, માયાતણું પ્રમાણ,
કુરાન પુરાણ વેદ ભેદ ભારે, માયા મૂળ મંડાણ;
આદ્યદેવી શક્તિ રે, ગુણવંત ઘાટે ઘડે. માયાનો.

CENTRAL LIBRARY

બ્રહ્મા માયા શંકર માયા, માયા વિષ્ણુ રૂપ,
માયા કરંદા માંકર હો માયા, માયાનું અકળ સ્વરૂપ;
જંતુ જીવ જાયજ રે, અજાણ્યા અરણ્ય મધ્ય આથડે. માયાનો.
મૂરખ કહે મેં માયા મૂકી, ત્યાગ કર્યો સંસાર,
માયા ત્યાં સુધી કાયા રહેશે, સંગે સરજનહાર;
કાયા વડે ધીરો રે, માયા વસ્તુ જડે. માયાનો.

(૩)

બ્રહ્માનંદ ભાસ્યો રે, આત્મા અનુભવ જ પોતે;
સોહમ્ સાધે સાધન રે, પ્રગટે પોતામાંથી પોતે. બ્રહ્માનંદ.
એકવીસ હજાર છસે ઉંઠે અજપા જપે, બ્રહ્મા વિષ્ણુ શિવ દેવ,
ચૌદ બ્રહ્માંડ જપે જડ ચૈતન્ય, સિદ્ધ સાધક કરે સેવ;
સુર નર સાથે રે, જે તે જ્ઞાની મુનિ ગીતે. બ્રહ્માનંદ.
રવિના તેજ વડે રવિરૂપ ભાસ્યું, મણિને તેજ મણિજ્યોત,
આત્માને તેજે આત્મા ઓળખાયો, ઉગ્યો અંતર અર્ધ ઉદ્યોત;
થયું અજવાળું રે, વસ્તુ મળી મનમાં તે. બ્રહ્માનંદ.
પંદરમી ભોમી રમે પૂરણ બ્રહ્મ, ખેલે અખંડ નિશ દન,
શૂન્ય શિખર ગઢ અનહદ ગડગડે, ઉન્મુનિએ મન મગન;
પાળ બાંધી પોતે રે, પ્રીતિ બાંધી ચિત્ત પ્રીતે. બ્રહ્માનંદ.
આળ પંપાળ કાળ મર્યો જ મટમટી, ઉલટ પલટ ચોટ્યું ચિત્ત,
જે જેમ હતું તેમનું તેમ થયું, રહ્યું આનંદ પદ અદ્વૈત;
ધીરા મરજીવા રે, અણછતા રમે અણું ઓથે. બ્રહ્માનંદ.

(૪)

જગત પિતા ગતિ અદ્વૈત રે, અકળ કળા અનિવાશી;
સભર્યાં ભર ભરીઆં રે, ચરાચર ચર વાસી. જગત.
શીશ અશમાન રવિ શશિ લોચન, શેષ પગ પાતાળ,
પૃથ્વી પિંડ નવસેં નવાણું નદી નાડી, નિર્મળ ઉદર અણૈવ ખાળ;
અઢાર ભાર રોમજ રે, નવ લખ તારી બાદલ બાશી. જગત.
તેત્રીશ ક્રોડ સુરીનર કર કહીએ, વર્ષે પાણી મકાશ,
અષ્ટ કુલ પર્વત અસત્ય આનંદ, દનવાયુ દવ નિઃશ્વાસ ઉચ્છ્વાસ;
બ્રહ્માંડ રૂપ ભાસ્યું રે, પ્રસિદ્ધ જ્યોતિ પ્રકાશી. જગત.

નાભી બ્રહ્મા પીઠમાં રુદર, એ હૃદિયા ઉભીયા નાથ,
વપન વિષ્ણુ કંઠ કૃષ્ણ જી, શ્રવણ રસની શક્તિ માત;
મહા મર્મ મોટો રે, આનંદ પદ ઉલ્લાસી. જગત.
અચલિત અકલિત ગતિ તમારી, પરાને પામે પાર,
પરમેશ્વર વિશ્વંભર ઇશ્વર, વારી વારી વાર હજાર;
ધીર ગણી ધાર રે, કાંડી કાળ કટી ફાંસી. જગત.

(૫)

આત્મા શોધ્યા વિના રે, જે જન સાધન સાધે;
સાચે પ્રભુ જૂઠાના રે, જશ કેમ જગે વાધે. આત્મા.
રવિ રવિ રટ રજની મટત નહીં, એમ તિમિર નવ જાય,
આત્મા અર્ક ઉગ્યો અંતરમાં, ત્યારે અજવાળું થાય;
ભોજન ભોજન ભાખે રે, ભાંગે ન ભૂખ વિના ખાધે. આત્મા.
મીઠા મેવા વખાણે મુખથી, તેને સ્વાદ ન આવે લગાર,
જલ જલ ઝંખે તૃષા નવ છીપે, પોકારે વાર હજાર;
અંધારે વસ્તુ શોધો રે, અજવાળાં વિના ક્યાંથી લાધે. આત્મા.
પોતાના પિંડની ખબર નવ જાણે, વાતો શીખી વાતે બાઝે,
વ્યોમ ઉપરની તો આછી બનાવે, ભીતરની નથી કેમ રાજે;
હદનો ભેદ નવ જાણે રે, બેહદ માંહે જઈ બાધે. આત્મા.
શીલ સંતોષ ને ક્ષમા ગરીબી, ગુરુ જ્ઞાન નિજ નામ,
એ કામ ક્રોધ લોભ મોહ ત્યજ ત્યારે, વીશ વસા થાએ કામ;
ધીર મરજીવા રે, તુંડી તુંડી આરાધે. આત્મા.

(૬)

આદિ અંત્ય મધ્યે રે, અખંડાનંદ આનંદા;
વિગત ગત વિગત રે, વેદા ભેદા તું જાણંદા. આદિ.
કોટિ બ્રહ્માંડ મધ્યે વ્યાપી, વિશ્વંભર સરજનહાર સંસાર,
વિરંચી, વિષ્ણુ, શિવ, સુર, શક્તિ, હુવો માંહી રમણહાર;
અલખ નિરંજન રે, કરંદા ખેલંદા. આદિ.
તું ચૈતન્ય મણિ માળા મુક્તાફળ, તે મધ્યે પોતે સૂત્રનો તાર,
જેમ જલમાં તોરંગ બુદ્બુદા, એમ વિશ્વમાં વિશ્વાધાર;
અદ્વૈત અવિનાશી રે, હાલંદા બદ બોલંદા. આદિ.

CENTRAL LIBRARY

વાવ તળાવ કૂપ સરિતા સિંધુ, પ્રગટ ઉદક એક પેખ,
દ્રુમમાં બીજ બીજમાં દ્રુમ લતા, સૂત્ર તાણો વાણો એક દેખ;
વિશ્વ વિશ્વંભર રે, જાણંદા મધ્યે માણંદા. આદિ.
એક હેમના ઘાટ જુજવા, નામ ધરાવો ધરી નેમ,
બેટો તે બાપ, બાપ તે બેટો, તદવત્ નામ ઘાટ નેમ;
ધીરા ધણીએ ખેલે રે, લેવંદા બંદા દેવંદા. આદિ.

(૭)

શરીર વિના શોધન રે, પાર કોઈ પાવે નહીં;
મલોખાં મીઠાં કાજે રે, સ્વાદ કંઇ આવે નહીં. શરીર.
થડ મૂકીને ડાળે વળગતે, ટોચે કેમ ચઢાય,
અધવચથી જો પાંખડી ટૂટે તો, પાછો આવીને પછડાય;
સંગત સમ સમજો રે, ચઢોને થડ મૂળી ગ્રહી. શરીર.
શાસ્ત્ર પુરાણના મત જુજવા, ઘણો કરે સંવાદ,
બત્રીસ ભોજન રૂડી રસોઇ બનાવે, ચાટવાને શાનો સ્વાદ;
વારીને વલોણે રે, નહીં માખણ ને મહી. શરીર.
નથી જમ્યો ને નથી જમાડયો, દીઠા વિના ચલવે જાઠ,
પારકા મોદિકનો સ્વાદ વખાણે, એ તો મિથ્યા માથાકૂટ;
વિવેક વિના વસ્તુ રે, વિચાર વિના દૂર રહી. શરીર.
અંતર્ ઘરમાં આણી ઉછાળો, નિહાળો નિરંજન નૂર,
મરજીવા એ મમૈની જાણે, ભરપૂર ભર્યો નથી દૂર;
ધોરંધર ખેલે ધીરો રે, લક્ષણવંત એ લહી. શરીર.

(૮)

સલેલ શઠ સાકુટ રે, હરિ ભજનમાં ભંગ પાડે;
તેનો સંગ તજીએ રે, બુદ્ધિ બીજાને બૂડાડે. સલેલ.
કૂડ કપટ ઘટ ભીતર ભરિયું, દંભ પાખંડ અપાર,
સો સો વાર તેને સંત સમજાવે, પણ માને નહીં લગાર;
દૂધે ધોયા કોયલા રે, ઉજળા તે કયાંથી કાઢે. સલેલ.
અમૃત પાઇને સાપ ઉછેરે, તોય તજે નહીં ઝેર,
પાલણ પોષણ નિશ દિન કરતાં, કોઈક સમે કરે કેર;
જાતિ સ્વભાવ ન જાય જ રે, પોતાનું પોતે દેખાડે. સલેલ.

હરિ ભજન જેને ભાવન નહીં, મંદિર તેનું મસાણ,
સ્મરણ પુણ્ય સમણે નવ સમજે, તે પાપી પાખંડી પશુ પ્રાણ;
ધિક્કાર તેની જનુની રે, એવાં સંતાન જે જીવાડે. સલેલ.
ગુરુજ્ઞાન લીધા વિશ્વાસઘાતી, તે કૃતઘ્ની કહેવાય,
દાસ ધીરો તેને વાસ નવ વસીએ, સંગ અનુકૂલ થાય;
અદીઠ મુખ તેનું રે, કૂવે ઉતારી વત વાઢે. સલેલ.

(૯)

ધાહ સુણી ધાજો રે, ધીંગડમલ ધીંગા ધણી;
પ્રભુનું પત પાળો રે, ભાવે ભાળો ભકતો ભણી. ધાહ.
હું પતિત તમો પતિત પાવન, હું દીન તમો દયાળ,
હું ચાકર તમો ઠાકર મારા, પ્રજાતણા પ્રતિપાળ;
સંભાળી લીજે સ્વામી રે, અંતરજામી આશા ઘણી. ધાહ.
ભૂમી અસ્માનતણો ત્રાસ બંધાણો, વાળ્યું જલ પવન અગન,
દાંડી વિરંચી વિષ્ણુ શંકર તમે, તોળ્યાં ત્રણ ભૂવન;
સ્વેદજ ઉદ્ભિજની રે, બાજી તો તારે હાથે બણી. ધાહ.
કોટી અપરાધ કોટી ગુના અમ, બક્ષો ગરીબ નીવાજ,
તું તારા બદે સામું રે જોજે, કરો કરુણા નિધિ સુખ કાજ;
લજ્જા મારી રાખો રે, મહાનત સંત ચિંતામણી. ધાહ.
ભારે ભરોંસો વિશ્વાસ વિશ્વંભર, આશા પૂરો અનાથના નાથ,
દુઃખ વિલાપ સંકટ કપટ ટાળો, હરિ હેત કરીને ઝાલો હાથ;
ધીરાની વારે ધાજો રે, તારે ને મારે પ્રીત બણી. ધાહ.

(૧૦)

ચાતુર ચિત્ત ચેલો રે, અચળ વસ્તુ ખોળી કાઢી;
ખટ અઠ બારી મેલી રે, પંદરમી બારી ઉઘાડી. ચાતુર
પંદરમી ભોમી ને પંદરમી બારી, ત્યાં દા રમે રંગીલો,
પાંચ મહેલને પાછળ મેલ્યા ત્યારે, છઠ્ઠે મેહેલ છે છબીલો;
અલબેલો એકાલો રે, ખેલંદા ખેલ ખેલાડી. ચાતુર.
ગંગા જમુના સરસ્વતી, રૂડી ત્રીવેણી તીરે રંગ રેલી,
ઇંગળા પિંગળા સુષમ્ણા ભરે પાણી, ઉન્મુનિએ આનંદ હેલી;
ઝરમર ઝરમર મોતી વરસે રે, વિના વેલી ખીલી ફૂલવાડી. ચાતુર.

CENTRAL LIBRARY

સૂનું શીખર અમર અજર નર, વિશ્વંભર જ બીરાજે,
સોમદલ કમલ ઉપર કરે લીલા ત્યાં, અનહદ છંદ વાજાં વાજે;
ગેડેડે સિંધુ ગાજે રે, ફેલ્યાં જલ પાળ ફાડી. ચાતુર.
પૃથ્વીથી પોહોળું આકાશથી ઉંચું, પ્રવિન અધર ફરે પંખી,
બે બચ્ચાં તેની બગલમાં બિરાજે, બોલે પિઉ પિઉ જ જંખી;
ધીરા મરજીવા રે, સાકર દૂધ પીએ દહાડી. ચાતુર.

(૧૧)

પ્રભુ તમ સાથે રે, નાથ મારે પ્રીત બણી;
ભાવ કરીને ભેટો રે, મુજને રાંક ગણી. પ્રભુ.
પ્રહ્લાદની તમો પ્રતિજ્ઞા પાળવા, ધરિયું નરસિંહ રૂપ,
પ્રાટયો સ્થંભ ને પ્રગટયા મુરારી, થરથર કંપે મોટો ભૂપ;
હિરણ્યકશિપુ નાંખ્યો રે, વહાલે મારે હાથે હણી. પ્રભુ.
ભરી સભામાં દ્રૌપદી આવ્યાં, તાણવા માંડયા તેના ચીર,
નવસેં નવ્વાણું વહાલે નવ નવાં પૂર્યાં, તોય ન દેખાય શરીર;
પ્રતિજ્ઞા રાખી રે, પાંડવોની નારતણી. પ્રભુ.
નરસી મેહેતાની વહાલે હુંડી શીકારી, હેતે કરી આપ્યો હાર,
શ્યામળશાહ સંતને જદપિ રે વિનવ્યા, ભેટયા વિશ્વાધાર;
રૂપૈયા રોકડા રે, ગિરિધર ભટને આપ્યા ગણી. પ્રભુ.
સુદામાનાં વહાલે સંકટ કાપ્યાં, લઇને આપી રે નવનિદ્ધ,
કંચનના વહાલે મોહોલ જ કીધા, દુજી દ્વારામતિ દીધ,
દારિદ્ર કાઢી નાંખ્યું રે, દયા જાણી રાંકતણી. પ્રભુ.
આરે વેળાની પ્રભુ અરજ અમારી, માની લઇએ મહારાજ,
શરણે આવે તેને ઉગારી લેજો, બાંહે ગ્રહ્યાની પ્રભુ લાજ;
દાસ ધીરો કહે છે રે, નાથ મારે તુંહી ધણી. પ્રભુ.

(૧૨)

પંચરંગી બંગલો રે, શોભા તેની સરસ બણી;
તેમાં તો બિરાજે રે, આપે અલખ ધણી. પંચરંગી.
એ બંગલાને દસ દરવાજા, દસ દરવાજે નિશાન,
બ્રહ્મા વિષ્ણુ અરજ કરે છે, શેષ ન પામે કંઈ જ્ઞાન;
અકલિત એવો રે, શી કહું વાતો એહતણી. પંચરંગી.

CENTRAL LIBRARY

સાચા દેવ દેવલમાં બેઠા, સદ્ગુરુસું નિશાન,
અજપા દોરી ખેંચી પકડે, લઈ ચઢયો આસમાન;
દેખો તમાસો રે, ઘટમાં રચના ઘણી. પંચરંગી.
માળા તિલકનો પાખંડ રચિયો, આપ ચિન્યો નહીં કોઈ,
જ્યાં લગી ત્રિવિધિ તાપ ટળ્યા નહીં, ભૂલ્યો ભમે છે સોઈ.
ભૂલ તારી ભાંગે રે, શુદ્ધ લે આપ તણી. પંચરંગી.
મનકું મુંડયા તનકું મુંડયાં, તેને પાયા ભેદ,
રાસ ધીરો દીલમાં પેખે, આપ નિરંજન વેદ;
પાષાણ કોણ પૂજે રે, મને મળ્યા તમો ધણી. પંચરંગી.

(૧૩)

કર્ત્તાનો પંથ કરડો રે, ઉલટી અટપટી આંટી;
શિર સાટાનો સોદો રે; ઓઘર ઘાટ ઘડી ઘાંટી. કર્ત્તાનો.
હાંસી ખેલનાં કામ ન હોયે, હિમ્મતવાળા શુરાનો એ સંગ્રામ,
સુરત નુરત સત્ય ગતિવાળા જ્ઞાની, એમાં ન કાયરનું કામ;
અગમ પાંખે ઉડે રે, અલક્ષમાં લક્ષ ચોંટી. કર્ત્તાનો.
દેખા દેખી જોગ આરાધે, તાન વિનળ મેળવે તાળ,
કઠણ દૂધ એ સિંહણ કેરૂં, પીએ સિંહણનું બાળ;
બીજો પીવા ઇચ્છે રે, મિથ્યા એ વાત ખોટી. કર્ત્તાનો.
કાચના મંદિરમાં જેમ શ્વાન જ પેઠું, દીઠો પોતાનો દેદાર,
પ્રતિબિંબ દેખીને કરી ગર્જના, ભસ્યાં શ્વાન હજાર;
અભ્યાસે અકલાણો રે, મદમાં ફરી ફરી જાય પોઠી. કર્ત્તાનો.
મન બુદ્ધિ વાણીએ મનમાં રે, ના આવે ગુરુ ગમને એ ધામ,
અખંડ અજર અમર અવિનાશી, કરવાનો છે કામ;
ધીરાના સુખ સિંધુ રે, રહ્યા છે ઘટ ઘટ ગોઠી. કર્ત્તાનો.

(૧૪)

અલખ લેહે લાગી રે, જાગીને જોયું આ ઘટમાં;
ભમણા તો ભાંગી રે, સોહાગી ભેટયા ઉલટમાં. અલખ.
અંબાડીએ ગજરાજ ગળીઓ, ઘોડાને ગળી ગયું જીણ,
વસ્ત્ર ઉપર વાડ સુકાણી, સમુદ્રને ગળી ગયું ફીણ;
શશલો તો શાણો થઇને રે, શાર્દૂલને નાંખે પટમાં. અલખ.

આંબે તો ફળ શ્રીફળ લાગ્યાં, કદલીએ કેરીઓની લુંબ,
નાગરવેલે દ્રાક્ષ બીજોરાં, એવી ખૂબી બની છે ખૂબ;
ગગન દોહ્યો ઘટમાં રે, દૂધ પીધું છદ છટમાં. અલખ.
પાવક વરસ્યા ને પાષાણ પલાળ્યા, ચોદશ થઈ ગયું પાણી,
તે પાણીમાં દેવી દેવતા ડુબ્યાં, રાજ રંકને ગયું તાણી;
બ્રહ્મા વિષ્ણુ શંકર રે, ઈન્દ્ર ડુબ્યા ઝટપટમાં. અલખ.
વિદુર વ્યાસજી ને શુકજી જેવા, આપે દાસસું ધીર,
ધણી ધીરાનો છે ધીરવંતો, એવા તો શ્યામ શરીર;
જીવન્મુક્ત થઇએ રે, મુનિ તો જન માને મઠમાં. અલખ.

(૧૫)

દુનિયાં દીવાની રે, બ્રહ્માંડ પાખંડ પૂજે;
કર્ત્તા વસે પાસે રે, બાજી કાંઈ નવ બૂજે. દુનિયાં.
જીવ નહીં એને હરિ કરી માને, પૂજે કાષ્ઠ પાષાણ,
ચૈતન્ય પુરુષને પાછળ મૂકે, એવી અંધી જગત અજાણ;
અક્કિને અજવાળે રે, પ્રસિદ્ધ મણિ નવ સુઝે. દુનિયાં.
પાષાણનું નાવ નીરમાં મૂકે, સો વાર પટકે શીશ,
કોટી ઉપાયો તરે નહિ એ તો, ડૂબે વસા વીશ;
વેળુમાં તેલ કયાંથી રે, ધાતુની ધેનુ શું દૂજે. દુનિયાં.
અંતર મેલ ભર્યો અતિ પૂરણ, નિત્ય નિર્મલ જળમાં નહાય,
મહા મણિધર પેઠા રે દરમાં તો, રાફડો ટીપે શું થાય;
ઘાયલ ગતિ ઘાયલ રે, જાણીને જ્ઞાની ઘાવ રુઝે. દુનિયાં.
સદ્ગુરુ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટી પંડમાં પેખ,
દૂર નથી નાથ નજીક નિરંજન, દિલ શુધ્ધે દેદાર દેખ;
ધુરંધર ખેલે ધીરો રે, જાહેર જગત મધ્યે ઝુઝે. દુનિયાં.

(૧૬)

પ્રગટ ખેલ ખેલું રે, દેદાર તેને દેખાડું;
મૃત સંજીવન રે, મહા મંત્ર સહેજે શીખવાડું. પ્રગટ.
વિના પાંખ ઊડી અસ્માનપર, ચણે વિના મેરુ ચડું,
નવસે નવાણું એક ઘેર આણું, સિંધુ કૂદી પાર પડું;
સાડા ત્રણ કરોડ રોમને રે, રમત રૂડી રમું. પ્રગટ.

CENTRAL LIBRARY

પાવક વરસાવી પાષાણ પલાળું, સાત વૈકુંઠને તારૂં,
જલ મધ્યે જલંધર ધીકાવું, મરે નહીં તેને મારૂં;
ચૌદને ચેતાવું રે, પંદરે રહી પાર પાડું. પ્રગટ.
કહો તો વિના અર્ક કરૂં અજવાળું, મહા નિધિમાં માણું,
શિવ વિરંચી વિષ્ણુ વિવેકે, ત્રણેને તાણી અહીં આણું;
એક સંગે આનંદ રે, ભણેલાં બેને ભૂલવાડું. પ્રગટ.
વિના બૂટીએ વૈદ બનું ધન્વંતરી, કાયા કરૂં નીરોગી,
સતજુગ દ્વાપર ત્રેતા ને કલજુગ, ચાર જુગના અમો જોગી;
ધીરા ઘર ધારણ રે, સિંધુ ગઢમાં સંતાડું. પ્રગટ.

(૧૭)

પ્રશ્ન એક પુછું રે, જ્ઞાનિ મુનિ પંડિતા;
આત્માની ઉત્પત્તિ કયાંથી રે, કોણ એના માત પિતા. પ્રશ્ન.
અતલ ઉત્સવ કીધો દાવન, હર્યા વિરંચીના વેદ,
તે વેદમાંથી શું હરી લીધું, તેનો બતાવો મુને ભેદ;
નહીં બ્રહ્મા વેદ દાનવ રે, વિવેક વદો આત્મવેત્તા. પ્રશ્ન.
હિરણ્યકશિપુ હાથે હણીઓ, નિર્ભયરૂપ નરસંઘ,
પ્રહલાદની પક્ષ કીધી પૂરણ, ઘણી તણા તો એવા ઢંગ;
વાતોની ગતી ન્યારી રે, ચતુર વિચારો ચેતા. પ્રશ્ન.
લાખા ગૃહમાં પાંડવ બળતાં, સેયડો દેખાડે સહદેવ,
બાવન મણની શીલા ખસેડી, પાર હુવા પાંડવ તતખેવ;
નહીં લાખાગૃહ પાંડવ શીલા રે, અધ્યાત્મ જ્ઞાન જૂઓ ગીતા. પ્રશ્ન.
સિંધુ બાંધી ને રામે રાવણ રોળ્યો, સેનાનો કર્યો સંહાર,
આવે જાવે દમે એકવી હજાર છસે, કોણ સ્થંભાવી રાખનાર;
સિદ્ધાંતે શોધો ધીરા રે, નહીં રામ રાવણ સીતા. પ્રશ્ન.

(૧૮)

વાડો વાળી બેઠો રે, પોતાનો પંથ કરવાને;
નવા ખેલ ઉઠાવે રે, ઉપાય ઉદર ભરવાને. વાડો વાળી.
અજાનો વાડો કુકડીનો વાડો, ગાયોનો વાડો ને ભેસુંનો વાડો,
અબંધ સ્વારી બંધમાં નાવે, મુને વાઘનો વાડો દેખાડો;
દીવસ ને દહાડો રે, અગમ ઠામ કરવાને. વાડો વાળી.

CENTRAL LIBRARY

ધીરો ભગત.

રામાનંદી ને નીમાનંદી, વલ્લભ સેજાનંદ સમજાવે,
કબીર પંથી ને તાર જ તુંબી, ભણી ભણીને ભૂલાવે;
ગુરુ થઇને ગાજે રે, પારકું ધન હરવાને. વાડો વાળી.
પ્રીત કરીને પ્રેત પૂજાવે, પિત્તળ ને પાષાણ,
વેશ્યસેવા ને કબર પૂજાવે, એમાં કોણ કરશે કલ્યાણ;
તીર્થ વ્રતે ડોલે રે, અફળાઈ મરવાને. વાડો વાળી.
સિંહરાયથી ડરે સૌ દુનિયા, સિંહને ડર નહીં કોનો સંબંધ,
સોહમ્ શબ્દ સચ્ચિદાનંદ સ્વામી, એવો અખંડ આત્મા બ્રહ્મ;
ધીર શૂર વીરા રે, આત્મધ્યાન ધરવાને. વાડો વાળી.

(૧૯)

ગુરુ વિના જ્ઞાની રે, તે તો નર અંધ ઠર્યો;
દીપક છે ઘટમાં રે, એ તે પર છાર ઠર્યો. ગુરુવિના.
ભેખ લીધો પણ ભેદ ન પાયો, મનમાં મેલ ભર્યો,
માળા તિલકનો પાખંડ રચીને, ફોકટ ફેરો ફર્યો;
ગાયો ગળ્યો સ્વાદ રે, ભોજન ભક્ત ઠર્યો. ગુરુવિના.
પૂજા કરે તેની પુઠ ન મૂકે, આવણેમાં આવર્યો,
પરનારીસું પ્રીત કરીને, આપે અધમ ઠર્યો.
નિંદા કરીને રે, ઘટ કુંભ પૂરણ ભર્યો. ગુરુવિના.
સદ્ ગુરુની સેવા તજીને, દુષ્ટનો સંગ કર્યો,
મોક્ષ અમૃત પાન તજીને, વિષય રસમાં ભર્યો;
ભમે ને ભટકે રે, પાષાણરૂપ આપે ઠર્યો. ગુરુવિના.
મારૂં મારૂં કરી માયા ન મેલે, દામ લેખન કરે,
અજાણ્યું અણચિંત્યું આવશે, તેનો ભય ન ગણે;
લાલ કહે લુંટાણો રે, બળાપો ખરા ચંતથી કરે. ગુરુવિના.

(૨૦)

ફૂલ્યો શું ફરે છે રે, ભૂલ્યો ભવ કૂપમાં પડ્યો;
મનુષ્ય દેહ રૂપી રે, ખોયો મણિ હાથે ચઢ્યો. ફૂલ્યો.
ડાહ્યો થઈ દુનિયામાં ફરે છે, તેણે શું સર્યું તારૂં કાજ,
તેં ન જાણ્યું જે જાવું પલકમાં, કેમ કરી રહેશે લાજ;
ડહાપણ તારૂં જાણ્યું રે, જ્યારે જમ હાથે ચઢ્યો. ફૂલ્યો.

CENTRAL LIBRARY

વાંકી મૂછપર વાટ જ ઉઠી, નરકની વાટે સંચર્યો,
મિથ્યા જનુનીને ભારે મારી, અહ્યા જન્મ ધર્યો ન ધર્યો;
માટે જોને જાગી રે, અવસર આવી અડ્યો. ફૂલ્યો.
શું થયું જો સંપત્તિ ઘણી મળી, મળ્યાં મોટા ઘરબાર,
નિશ્ચિત થઇને હરિ નવ ભજ્યા, ધિક્ક પડ્યો અવતાર;
ધિક્ક તારૂં જીવ્યું રે, હરિએ તને શાને ઘડ્યો. ફૂલ્યો.
મનમાં લે શિખામણ મારી, મમતા મૂક પરી,
કર સ્મરણ સરજનહારનું, જનમ સફળ લે કરી;
દાસ ધીરો કહે છે રે, સૌથી તું સરસ નીવડ્યો. ફૂલ્યો.

(૨૧)

જેને રામ રાખે રે, તેને કુણ મારી શકે;
અવર નહિ દેખું રે, બીજો કોઈ પ્રભુ પેખે. જેને.
ચાહે અમીરને ભીખ મગાવે, ને રંકને કરે રે રાય,
સ્થલને સ્થાનકે જલ ચલાવે, જલ સ્થાનક સ્થલ થાય;
તરણાનો તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે. જેને.
લીંબાડાથી બળતાં રાખ્યાં, મંત્રારીનાં બાળ,
ટિટોડીનાં ઇંડા ઉગાર્યાં, એવા છો રાજન રખવાળ;
અંત વેળા આવો રે, પ્રભુ તમે તેની તકે. જેને.
બાણ તાણીને ઉભો પારધિ, સીંચાણો કરે રે તકાવ,
પારધિને તો પગે ડશિયો, સીંચાણા શીર નહિ ઘાવ;
બાજ પડ્યો ઢેઠો રે, પંખી ઉડી ગયાં સુખે. જેને.
ગજ કાતરણિ લેઇને બેઠા, હરજી તો દીન દયાળ,
વધે ઘટે તેને કરે બરાબર, સૌની લે સંભાળ;
ધણી તો ધીરાનો રે, હરિ તો મારો હીંડે હેકે. જેને.

(૨૨)

ભરપૂર વિશ્વ ભાસે રે, બ્રહ્મજ્ઞાની કયમ ભટકે;
અનુભવ અજવાળું રે, આત્મા દૃષ્ટિ કેમ અટકે. ભરપૂર.
સ્થાવર જંગમ ને સચરાચર, પશુ પંખી જંતુ જીવ,
પોતે કરતા પોતે હરતા, સબ ઘટ દેખ્યા શીવ;
ભમણા તો ભાંગી રે, અકલ હવે લાગી લટકે. ભરપૂર.

મા મેડકિયે મણિધર માર્યો, સમુદ્ર પી ગયો મીન,
અજાએ આભને ઉદરમાં રાખ્યું, એમ ધણી પ્રજાને અધીન;
ખગે બાજ ઝડપ્યો રે, શ્વાન ભયથી સિંહ સટકે. ભરપૂર.
નાવ ઉપર નીર ચઢી ચાલ્યું, જેમ ચરુપર ચઢીઓ ચૂલ,
અશ્વાર ઉપર તુરંગ ચઢીઓ, એ તો ભારે ભૂલવણીની ભૂલ;
કાયરે ક્રોધ કીધો રે, જોદ્ધાને ઝાલીને પટકે. ભરપૂર
ધણીના ધાર્યા વિના વસ્તુ ઘડાણી, જેમ કાદવે ઘડ્યો રે કુંભાર,
કીડી કુંજરને નૃત્ય કરાવે એમ સોનાએ ઘડ્યો રે સોનાર;
ચિત્ત ચોંટી ધીરો રે, ચડ્યો તે રંગ કયમ ફટકે. ભરપૂર.

(૨૩)

હીરાની પરિક્ષા રે, ઝવેરી હોય તે જાણે;
મૂરખ મનમાં મોટા રે, અજાણે ઉતારણ આણે. હીરાના.
મગ મરી બરોબર મૂરખ જાણે, ગોળ ખાંડ એક ઘાટ,
પુષ્પની વાસના પત્ર ન જાણે, એવો જગત ભગતનો ઠાઠ;
સો વાર સમજાવું રે, પતીજ તોય નવ આણે. હીરાના.
મૂરખ હાથે હીરલો લાધ્યો, તે છાણ સાથે વેચાય,
કોઇ ઝવેરી મળ્યો તેણે ઝડપીને લીધો, તો તેની કિંમત થાય;
ગુણ ગાયે જનવર વાડી રે, પૂરણ પરમાણે. હીરાની.
ભગત થયા પણ ભેદ ન જાણ્યો, કરે તરવાનો ઉપાય,
તન જોગી મન કંચન કામની, એવે તરણે કેમ ઉતરાય;
ઘર ધંધાની ઘાણી રે, તેમાં તેલિયા તાણે. હીરાની.
જાગ જગન જપ તપ ને તીરથ, તેમાં સૌથી મોટો સત્સંગ,
સુકી ડાળ વેલ થઈ રસ પી લે, તોય અધુરો રહ્યો બાળ ભોરંગ;
ધીરા શોધ હીરા રે, રટ રાત દિવસ વહાણે. હીરાની.

(૨૪)

મન શીંકળી ગર, હરદમનાં હથીઆરાં સારણે ચઢાવીએ;
આછાં ઉતારી, મસકલો મેલાવી મેલ વડાવીએ. ટેક.
કાયા કટાર લાડિલે લુવારે ઘડ્યો, મીનાકારી કામ મોતી ચૂરે જડ્યો;
તેના ઉપર અતિશે કાટ ચઢ્યો. મન શીંકળી ગર.
તન ત્રાડીયાં કરોને સજ, શા માટે રાખો છો રે અસજ;
બનાવે લોઢું થાશે ધજ. મન શીંકળી ગર.

હો કસબી કસબ કરે સારો, ફરી ફરી નહીં આવો આવો વારો;
તું કહ્યો માનને અમારો. મન શીંકળી ગર.

(૨૫)

મન મહારાજા, મનુશા પદ પામ્યા, પણ માંહેથી શું મળ્યું;
અભિમાન અહંકાર, મદ મોહ મત્સર મમતા તનથી ના ટળ્યું. ટેક.
મનુશાપદ પામ્યા મોટું તારૂં, હરિચરણે ચિત્ત નવ ચોંટયું;
તેં તો ખરેખરૂં કીધું ખોટું. મન મહારાજા.
તમે ચતુરાઇએ ચાલો છો, તમે મૂરખ થઇને મહાલો છો;
ઘેલા ઘરમાં ખોટ ઘાલો છો. મન મહારાજા.
ભાઈ રાત દિવસ મારૂં તારૂં, કીધું સો મણ તેલે અંધારૂં;
સુખ માને શા જીવ્યા સારૂં. મન મહારાજા
વટેમારગુ મારગમાં ચાલે, કોઈ ચાલ્યા કોઈ પંથે પાળે;
કોઈક હળવા હળવા તો હાલે. મન મહારાજા.
નીરભે થઈ ભજ નારણ નારણ, ત્રિભુવન નાથ તરણ તારણ;
કહે ધીર ધરો ધણીની ધારણ. મન મહારાજા.

(૨૬)

ચંચલ મન ચોર ચાર ઘડીનાં ચાંદરણામાં ચેતો;
ક્ષણ ભંગ શરીર, ઝાકળ ઉદક ઉડી જાશે એ તો. ટેક.
તુજ બુદ્ધિને કેમ ભરમાવે, હેતે હરિ સમરણ કરીએ હાવે;
ફરી ફરી આ અવસર નહીં આવે. ચંચલ મન
જલ બુદબુદા લેજો જાણી, પલળે જેમ કાગળ ને પાણી;
તન અકે તૂરની એધાણી. ચંચલ મન.
જૂઓ રાવણ જરાસંધ જેવા, કંઇ ઉઠી ગયા એવા એવા;
કંઈ માન્યું નહીં પા ઘડી રહેવા. ચંચલ મન.
દાસ ધીરા હરિ ભજ ટૂકો, તમે ચતુર થઇને કેમ ચૂકો;
બળતામાંથી કાંઈ બૂકો. ચંચલ મન.

(૨૭)

મન મૂઢ ગમાર, મારો મણેનો તારે માથે મોટો છે;
કરો અંતર વિચાર, હરિના નામ વિના ખેલ સઘળો ખોટો છે. ટેક.

દ્રવ્ય દારા દિકરા પિતા માતા, કુટુંબ સહોદર ભગિની ભ્રાતા;
અંતકાળે કરે કોણ તારી સહાયતા. મન.
સાચી વસ્તુને જૂઠી કરી જાણોછો, તમે મિથ્યા સુખને માણો છો;
મારૂં મારૂં કરી તરીલાં તાણો છો. મન.
અડધી ઉમ્મર તો નિદ્રામાં ગઈ, અડધી ઉમર મારૂં મારૂં કરતા વહી;
એક ઘડી પ્રભુની વેઠ નવ થઈ. મન.
ઊંટ મર્કટ ગર્ધવ હતો જ્યારે, મહા દુઃખ કષ્ટ વેઠતો હતો ત્યારે;
મનુષ્યા દેહ દીધી તને કિર્તારે. મન.
પ્રેમ પ્રીતે હરી ગુણ ગાજો; તમે સદ્‌ગુરુની સંગત સહાજો;
દાસ ધીરા ધણીને મારગ ધાજો. મન.

(૨૮)

ગરડગફ ગયા, પહોંત્યાંનાં પરમાણાં કોઇએ મોકલ્યાં નહીં.
કોને ખબર નથી, ક્યાંથી આવ્યા, હવડાં ક્યાં રહેશો જઈ. ટેક.
કાળ કે ચરા મહિપતિ મહાપતિ, શૂરાપૂરા કંઈ સાધ્ય સતી;
કોટિ હિ ઉપાયે રહેવાય નહીં કોની વતી. ગરડગફ.
માથે મરણનો માર મોટો છે, જોરાવર જમની ચોટો છે;
ખરૂં જાણો છો પણ ખેલ ખોટો છે. ગરડગફ.
કંઈ ત્યાગી ને કંઈ વૈરાગી, સંન્યાસી સ્વામી મુવા ભીખ માગી;
ત્રૈલોક્યમાં તૃષ્ણા કોઇની નવ ભાગી. ગરડગફ.
કંઈ ગયા ને કંઈ વહી જાશે, કંઈ ગુણવંતા ગોથાં ખાશે;
હવે શું થયું ને શું થાશે. ગરડગફ.
એક લાખ અંશી હજાર પીર પળ્યાં, નવ લાખ ચોર્યાંશી સિદ્ધ વળ્યા;
અઠ્યાસી સહસ્ર ઋષિ ધરણી ઢળ્યા. ગરડગફ.
જીવની જાત કોઈ નવ જાણે, આપ આપણે અનુમાન માણે;
મરતાં સૂધી તરીલાં તાણે. ગરડગફ.
આદિ અંત કાળ મૂળ કોઈ લહેતું નથી, જેણે છાંયા ધરી તે કોઈ રહેતું નથી;
કહે ધીરો સાચું કોઈ કહેતું નથી. ગરડગફ.

(૨૯)

જ્ઞાની ધ્યાની ગયા, તેના જુગમાં જશ રહ્યા, પણ શોધ્યા નથી જડતા;
ડાહ્યા ચતુર સુજાણ, દેવ દાનવ માનવ, મારૂં મારૂં કરી ગયા રડતા. ટેક.

CENTRAL LIBRARY

તમે ડાહ્યા છો તો મુને દેખાડો, તમે શ્રોતા જન શોધી કાઢો;
પડયાં પત્ર તે પાછાં ડાળે ચોંટાડો. જ્ઞાની ધ્યાની.
એક લુણના પુતળી જળમાં પધરાવે, બ્રહ્માદિક તેને બોલાવે;
કહો ભાઇઓ તે પાછી ક્યાંથી આવે જ્ઞાની ધ્યાની.
એક સરિતા સિંધમાં જાશે, તેનાં જુજવાં ઉદક તે કેમ થાશે;
આતમા અનુભવ વડે ઓળખાશે. જ્ઞાની ધ્યાની.
પોતે પુણ્ય કરે તે પોતે પામે, પોતે ભક્તિ કરે પોતાનો જશ જામે;
નીર જઈ ઢળે નીચ ખામે. જ્ઞાની ધ્યાની.
જેવાં બીબાં તેવાં બીબાં બંધાયે, વડનો વડ આંબાનો આંબો થાયે;
ધીરો કહે બીજે બીજ ચાલ્યું જાયે. જ્ઞાની ધ્યાની.

(૩૦)

ભક્તિ પદ ભારે રે, મુક્તિ સદ્ગુરુ પાસે;
જગત સ્વપ્ન સુષુપ્તિ રે, તુરી પદ ઉલ્લાસે.
બ્રહ્મા વિષ્ણુને વેધી રે, શંકર ઘરથી સંચરી;
ખેચરી ભેચરી અગોચરી રે, ઉન્મુનિએ જઇ ઠરી.
ઇંગલા પિંગલા રહી અળગી રે, વળગી સુષુમ્ણા વરતી;
મહી તરવેણી ગંગા રે, જમુના સરસ્વતી.
શૂન્ય શિખર ઉપર રે, અખંડ અંતરજામી;
ભમર બગલાની રીખે રે, બીરાજે બહુ નામી.
ઉચું જોતો આકાશમાં રે, હસ્તે હૈડે બેઠા;
રોમ રોમ રમી રહ્યા રે, ચરાચર મેં દીઠા.
પરણ્યા પિયુની વારતા રે, પીઅરીએ કેમ કહીએ;
પિઉ મળ્યાનું પારખું રે, લોચનીએ લહીએ.

(૩૧)

એક લખી હૈડે હરખીને ચાલ્યાં, અગમ્ય પુરી મોઝાર રે;
સોહંગ આવે ને ઓહંગ જાયે, શોભિતા શત શણગાર રે.
સુણ સખી રે ત્યાં દીઠા મીઠા, સંગે સાહેલી શણગાર રે;
ઉન્મુનિ ઘેર અજર ઝરે અમીરસ, વરસે છે અપાર રે.
થઇ ગઈ સાજ સમાધી વાધી, ધ્રૂન અનહદ નાદ રે;
વક નાળ સુધાં ધીર મરજીવા, લે છે ત્યાં સંવાદ રે.

(૩૨)

ભાગી ગઇ ભવ બેડીઓ, ઉઘાડયાં ભ્રમ ભોવનનાં તાળાં રે;
તીમર ટળ્યાં ગુરુ અંજન જળહળ, ભાળ્યાં ભડ અજવાળાં રે.
ચંદા સૂરજનાં ઘર પાછળ, ઝળમળ જ્યોતિઓ ઝળકે રે;
ત્રિકુટિ આસન પર બેઠા તેડી, છે ઉલટાં ઉદાન સળકે રે.
ઝણ પડે વાજે ઝાલરી, ઘુઘરી નાદમાં ઘમકે રે;
વિના અર્ક અજવાળાં, ગગન વિના વિદ્યોત ચળકે રે.
વસુધા વિના સરિતા વહે સિંધુ વિના જળ જોય રે;
વાજિત્ર વિના થાયે નાદ ને, મહા જન જાણે છે કોય રે.
હરિ વિના કામ કાલો નહીં ને, જપે અજપા જાપ રે;
બહાર ભીતર રમી રહ્યા, અમર અખંડ અપાર રે.
મુંગો તે ગાળા ઘાલી ગાય, કેને એ સંવાદ કહેવાય રે;
દાસનો દાસ ધીરો સદ્‌ગુરુ ગમથી, એ ગુણ ગરવા ગાય રે.

III. Miscellaneous verses.

(૧)

ભવૈયા ભાવે ભજો બ્રહ્મ રે, ભૂતળ ખેલ ભજાડો;
નૃત્ય કરો નાયક નાયકા રે, રચો આનંદ અખાડો. ટેક.
મન નાયક ન્યાય કર નેકી, અદલ ચલાવો નાવ,
ભાત ભાત ખેલો ખેલ ખાંતે, ભલો દેખાડો ભાવ;
સોહમ્ સરતે રે, આત્મા રમાડો. ભ.
જ્ઞાન ઘુઘરા ઘણુણુ ઘમકે, રણુણુણુ રોમ રમકાર,
સણુણુણુ સુર ઝણુઝણે, ભણુણુણુ ભાણુ ભણુકાર;
ગડડ મૃદંગ ઝડ રે, લાગે ને લોટ ચોંટાડો. ભ.
ભાવ ભુંગળો ભલી પેર બોલે, ડોલે શબ્દ સુંણી દેશાંત,
તનનન તાન તાલ તંબુરા, સુરત નુરત થાય શાંત;
નિજ નામ નરઘાં રે, માન મંજીરાં વજાડો. ભ.
ધોરી લાખા વેશ લાવો મન નાયક, રિઝયો રાજા જોઈ રૂપ,
દાસ ધીર ધણી અહળક હળિયા, મોટા કોટિ બ્રહ્માંડનાં ભૂપ;
મન માની મોજ મળી રે, ધન્ય ઘડી ધન્ય દહાડો ભ.

CENTRAL LIBRARY

(૨)

હોલો હોલી કહે છે રે, પ્રભુજી મારી વ્હારે ચઢો,
બચ્ચાં મારાં માંહે રે, તળે આવી ભીલ ખડો. ટેક.
બાણ તાણીને ઉભો પારધી, ઉપર આવ્યો બાજ,
પોલારમાંથી સર્પ નિસરિયો, તેને તો સરી ગયાં કાજ;
ગરુડનો ગામી રે, હરિ બિરદદાર ખડો. હોલો.
વિનતિ સુંણી વિકુલ પરવરિયા, સાપ માંહે નિરવાણ,
બિલને ઠેસતાં પારધીના, તત્ક્ષણ લીધા પ્રાણ;
બાણ ત્યાંથી છૂટયું રે, બાજ આવી ઢેઠો પડયો. હોલો.
જૂઓ હરિ કેવા સંકટ મોચન, બચ્ચાં બચાવ્યાં કૃપાળ,
કાળું કરનારનું કરતો કાળું, એવો એ દીન દયાળ;
કાળનો કાળ કાળો રે, પ્રલ્હાદની વ્હારે ચડયો. હોલો.
કઠણ વેળાએ કારજ કરશે. ભજન કરો ભય જાય,
સ્વામી સેવાનું ફળ અમોલે, અંત સમે કરે સહાય;
થાય હરિ ઉભો રે, કદી કાળ સામો તડુકયો. હોલા.

(૩)

અઘનો નાસે ઓટલો રે, રણછોડ તમે રમો રમો,
દેવ ડાકોરનો ઠાકોર રે, મન ક્રમ વચને નમો નમો! ટેક.
ખોડાણાનું બિરદ પાળવા, ગોકુળ કરી ગુજરાત,
લાવનારને વૈકુંઠ આપી, હરિ ડાકોરના થયા નાથ;
હવે ભાવતાં ભોજન રે, જુગતે જમો જમો! અઘનો.
દ્વારામતિ પે અતિ અનુપમ, કીધું ડાકોર ગામ,
ચોદ લોકની ચળકી આણી, કીધું ચાર ધામનું ધામ;
ભગતનું ભાવ્યું રે, દયાળ દુઃખ ખમો ખમો! અઘનો.
અંગે અગણિત પહેરો આભૂષણ, હરિ જેવી ઉપજે રુચી,
વસ્ત્ર વિવિધ જરકશી ઓઢો, પ્રિય પ્રેમીજન શૂચી;
ચંદન ભાવનાં ચરચો રે, ભૂલો નહીં સમો સમો! અઘનો.
અડસઠ તીર્થના અધિપતી, હરિ નિર્ધનિયાનું ધન,
રાંકની રિદ્ધ સિદ્ધ રાજ અમારા, ત્રિકમ અપંગના તન;
ગોપીને ગુણીજન રે, ગોવિંદ ગમો ગમો! અઘનો.

અનુભવિયાનો અંતર દેવ તું, રાજ મહારાજ કૃપાળ,
કૃષ્ણ સ્વરૂપે કાળને કરડો, દામોદરજી તમે દયાળ;
સંભાળો સંત સ્વામી રે, દુષ્ટને દમો દમો! અઘનો.
અવનિ નભ અપ તેજ વાયુમાં, વ્યાપી રહ્યા રે વિશ્વેશ,
દશ દિશાને સ્થાવર જંગમ, પાતાળ માંહે પ્રવેશ;
ધીર બ્રહ્મદેશ ભૂલ્યા રે, તે ભૂતળે ભમો ભમો! અઘનો.

(૪)

કપોતની કહે છે રે, કંથ મારૂં કહ્યું કરો,
શિંચાણાનો ભય છે રે, પારધીએ બાણ ભર્યો. ટેક.
અહીંથી ઉઠી અળગા રહીએ, આ દેશ તજી ઉપદેશ,
મર્મે વચન પિયુ મારૂં રે, માનો, અસત્ય નહિ લવલેશ;
પ્રમાદ પ્રભુ મૂકો રે, રાંક વેણ હૃદે ધરો. કપોત.
કપોત કંથ કહે કાયર કામની, હોનાર પદારથ હશે,
શત્રુનું સાલ સેજમાં ટળશે, કરતાનું કહ્યું થશે;
હૃદયે હરિ રાખો રે, કૃષ્ણ કૃષ્ણ મુખે ઉચરો. કપોત.
જીવ જાયે ઘટે ઘટ ગોવિંદ, પલકે અંક પ્રમાણ,
ડગમગતા તમે દિલથી રે ટાળો, સંભારો સારંગપાણ;
ચિંતા ન રાખો રે, દિલથી ના ડરો ડરો. કપોત.
અહિ ડશ્યો પારધીને પાયે, તૂટયો બાણ તેવાર,
ઉડયું શીર શિંચાણા કેરૂં, એવા કૃષ્ણ કૃપાળુ કરતાર;
ભાવે ગુણ ભાખો રે, ભવજળ તરો તરો. કપોત.
તન તરુવર પ્રાણ પંખીડો, નિવૃત્તિ કપોતની નાર,
અહંકાર અહિ અને જરા પારધી, ક્રોધ શિંચાણો નિર્ધાર;
ધીર મુકુંદ મધુસૂદન રે, પલક ન રાખો પરો. કપોત.

(૫)

સુણ શિષ્ય શાણા રે, તારી ભાંજું ભ્રમણ મતિ
બુદ્ધિને અનુસારે રે, ગાજીને કહું જેવી ગતિ. ટેક.
જેમ કેરીથી આંબો થયો ને, આંબાથી થઇ કેરી,
મેરીએ તો મહેંજ ઘડિયો, મરદે ઘડી ભાઈ મેરી;
ન હોયે જળ જુદા રે, એકમેક વતી વતી. સુણ.

CENTRAL LIBRARY

નભચર કેરી ગતિ ન થાયે, વિના બંને બે પાંખ,
ત્રયલોક કયમ દર્શે સંતને, હોય ન જ્ઞાનની આંખ;
પક્ષ એક ખોટો રે, જૂઠ નહિ રતિ રતિ. સુણ.
જ્ઞાન કર્મેવડે મોક્ષોપાસન, નહિ એકે નિરધાર,
કર્મે મૂકી એક જ્ઞાન ગ્રહે તેણે, ઉતરે નહિ ભવપાર;
વાર વાર કહીએ રે, અમે તો સત્ય મથી મથી. સુણ.
જેમ જળનિધિ જળધરરૂપે, જળધરરૂપે જળરાજ,
ઉભય મળ્યા વિણ વૃષ્ટિ ન વરસે, થાય ન સૃષ્ટિનું કાજ;
ધીર વીર ધારો રે, એકે ક્રેય નથી નથી. સુણ.

(૬)

સિદ્ધાંત કહો સાંઈ રે, જેની મન માંહિ આંટી;
ઘુંટાય ઘટ ભીતર રે, ઘણા તે દિન કેરી ઘાંટી. ટેક.
બ્રહ્મને કહો બ્રાહ્મણ જાણે, જાણે પંડિત પુરાણી,
ન્યાયિક વ્યાકરણી વેદાંતી જાણે, કે જાણે સાંઇ કુરાની.
પુરાણી વચનો રે, જાણે કહો અમી છાંટી. સિદ્ધાંત.
વેદી જોઇએ કે ભેદી જોઇએ, જોઇએ જ્ઞાની કે અજ્ઞાની,
રાય જોઇએ કે રંક જોઇએ, કહો જોઇએ માની કે અમાની;
ધ્યાની ધણી કેરો રે, કે જોઇએ જુવતીનો માટી. સિદ્ધાંત.
વ્યાજખોર નિરખે હલાલખોર નિરખે, નિરખે રાણી કે મહારાણી,
પટેલ નિરખે કે કોઈ મે'તાજી નિરખે, નિરખે કહેજે બહુ કા'ણી,
જાણીને ઝીણું જોતાં રે, નિરખે જેની ચાલ રાંટી. સિદ્ધાંત.
ઘણા દીનો ઘુંચાઊં ઘટમાં, સંશય નિવારો નાથ,
જો સંશય મિટે નહિ મારો, હરિ લાજે મૂકયો હાથ;
સાથ સારો શોધ્યો રે, ધીરે બહુ ખાંટી ખાંટી. સિદ્ધાંત.

(૭)

જેને પિયુ મલવાનો પ્રેમ હોય તે, આવો દેશે અમારે જો;
આડે અણેવે ઊતરી, નાવડું આવે આરે જો. ટેક.
દૂર બતાવે નાથને તેને પ્રકટ પાસ દેખાડું જો;
એક સદ્ગુરુની કૃપાવડે, તેને બ્રહ્મલોક પોહોચાડું જો. જેને.

CENTRAL LIBRARY

ધીરો ભગત.

એક અચરજ મારા દેશમાં, ગીવા ને સિંહ રમે ભેળાં જો;
અવળાંનાં સવળાં થયાં, કરમદીએ લાગ્યાં ફેળાં જો. જોને.
એક સદા પુનમ મારા દેશમાં, અમાસ ભુવન નવ આવે જો;
શીત ને તાપ વ્યાપે નહીં, એક બકરો બળદને ધાવે જો. જોને.
એક અમૃત ફળ મારા મુલકમાં, તેના ભોગદારી ત્રિપુરારી જો;
ભરે વારિ દોરી ગાગર વિના, સુરતા સોહાગણ પણિયારી જો. જોને.
એક અગાડ ઝડે પરજન્ય પડે, પૃથ્વીનાં પડ રહ્યાં કોરાં જો;
પોઢયા હંસરાય ચોગાન ચોતરે, તેને અંગે ન અડકે કોરાં જો. જોને.
એક કંઠ વિના ગાય નાયકા, ને ચણે વિના તે ચાલે જો;
એક ધીર સખી પિયુ પાસ રમે, મહાનંદ સુખ મહાલે જો. જોને.

(૮)

આત્માતત્વ શોધો રે, જ્ઞાનીજન ગોતો ઘરમાં
બોલે તે નહિ બીજો રે, ઓળખી લેજો અંતરમાં. ટેક.
વિશ્વંભર દરિયો સભર ભરિયો, માંહે રવિશશિ તેજની જ્યોતિ,
શૂરાપૂરા તારા એ જળમાં ઝપલાવે, કોઈ મરજીવા લાવે મોતી;
કોઈ પહેરે પનોતિ રે, અખંડ ચુડીલો કરમાં. આત્મા.
કાગડાં બાગલાં હોલાં કાંઠે, હરિયો તો જડે નહિ આરે,
માન સરોવર માંહે મુક્તાફળ, કોઈ હંસ ચરે તેને ચારે;
ખીર ને નીર ભેળાં રે, જુજવાં કરી પીએ પળમાં. આત્મા.
સદ્ગુરુ સંગતમાં જે જન સમઝે, તેનું નિશ્ચે થાશે કાજ,
દર્પણમાં તન દરશે પોતાનું, એમ માંહેથી મળે મહારાજ;
પોતાને પોતે પરખો રે, ભરો સંભરા ભરમાં. આત્મા.
સોહં હરિ ગુરુ સુસ્થિર રૂપ તે, જંત્ર વાજિંત્ર બજાવે,
શબ્દ ઘટા વલક્ષિણી મધ્ય ડોલે, હરિનાદે નામ તે ઘર આવે;
ધીર સુખ સાગર રે, નિરખો નિજ અંતરમાં. આત્મા.

(૯)

સંત મળે સાચા રે, અગમની તે ખબર કરે;
ભાવે ભેટું તેને રે, સરવે મારૂં કાજ સરે. ટેક.

CENTRAL LIBRARY

ઉલટી સરિતા પડે ગગનપર, વિના વાદળ વરસાય,
વિના આભ વિજળી ચમકે, ગેબી ગરજના થાય;
ધીરે ધીરે વરસે રે, વરસીને અમર કરે. સંત.
તેતરડે સિંચાણો પકડ્યો, શશે સપડાવ્યો સિંહ,
કાયર ખડ્ગ કહાડીને દોડ્યો, ત્યારે શૂરે પાડી ચીહ;
મંઝારી ચૂંવે મારી રે, રૈયતશું રાજા ડરે. સંત.
વિના વાજિંત્રી વાજાં વાજે, વિના કંઠ હોય ગાન,
દો કર વિના તાળી વાજે છે, તોલ વિના જડે માન;
વિના વાડી પુષ્પ જરે, પદ્મ વિના ભ્રમર ફરે. સંત.
વિદેહની વારતા મરજીવા, માની માની હરખાય,
ગુરુ ગમવાળા સંત મળે તો, તેને લળીલળી લાગું પાય;
દાસ ધીરો કહે છે રે, ત્યારે તો મારૂં મનડું ઠરે. સંત.

(૧૦)

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મુરખ જ્યારે સુતો મરવા. ટેક.
નાનપણે ઘરધંધામાં ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય,
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
છતી બાજી હાર્યો રે, પથ્થરને નાવે બેઠો તરવા. અંતે.
અંતસમે છાપ તિલક બનાવે, ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વૈમાન;
ગુરુ જ્ઞાન નાખ્યું રે, બુદ્ધિ તારી ગઇ ચરવા. અંતે.
જુવતી નારીને પુરુષની આશા, એમ હરિ ભજે ફળ થાય,
વૃદ્ધ નારીને નહીં પુત્રની આશા, એનો એળે જન્મ વહી જાય;
હરિને બેઠો ઠગવા રે, એસી વરસે વર વરવા. અંતે.
વિશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભૂખ જાય,
હરિશું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય;
દાસ ધીરો કહે છે રે, મટયા ચોરાશી ફરવા. અંતે.

(૧૧)

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચડવું છે;
હિંમત હથિયાર બાંધી રે, સત્ય લડાઇએ લડવું છે. ટેક.

CENTRAL LIBRARY

ધીરો ભગત.

એક ઉમરાવને બાર પટાવત, એક એક નીચે ત્રીસ ત્રીસ,
એક ધણીને એક એક ધણિયાણી, એમ વિગતે સાત ને વીસ;
સો સરદારે ગઢ ઘેર્યો રે, તેને જીતી પાર પડવું છે. ખબરદાર.
પાંચ પ્યાદલ તારી પુઠે ફરે છે, ને વળી કામ ને ક્રોધ,
લોભ મોહ ને માયા મમતા, એવા જુલમી જોરાવર જોધ;
અતિ બળીષ્ટ સ્વારી રે, એ સાથે આખડવું છે. ખબરદાર.
પ્રેમપલાણ ધરી જ્ઞાનઘોડે ચઢી, સદ્‌ગુરુ શબ્દ લગામ;
શીલ સંતોષ ને ક્ષમા ખડ્ગ ધરી, ભજન ભડાકે રામ;
ધર્મ ઢાલ ઝાલી રે, નિર્ભે નિશાને ચઢવું છે. ખબરદાર.
સુરત નુરત ને ઈડા પિંગળા, સુષુમણા ગંગાસ્નાન કીજે,
મન પવનથી ગગનમંડળ ચઢી, ધીરા સુધારસ પીજે;
રાજ ઘણું રીઝે રે, ભજનવડે ભડવું છે. ખબરદાર.

(૧૨)

થાણદાર થયા રે, થાણાને રાખો ઠેકાણે;
મોજદુર્લભ દેહ નગરી રે, માંહિ બેઠો માણે. ટેક.
કૂડા પાંચ પચીશ ઠગારા, રઈયતને રંજાડે,
ચંચળ ચોર કહે માંહિ ચોરી, ભવન બહુ ભંજાડે;
ધરપત ન ધારે રે, ધરાયો નહિ ભરે ભાણે. થાણદાર.
સત્ય ધર્મ રૂપી પટાવાળા, હુકમ કરો તો બાંધી આણે,
તસ્કર સઘળાને વશ કરીને, નાખોને બંધીખાણે;
દંડ દેઇ તેને રે, ઘાલો અવળે ઘાંણે. થાણદાર.
છુપિ રહ્યા છે દોતિયા બે રુડા, તેને તું નવ જાણે,
જે જે કર્મ કરો છો પ્રતિદિન, તે લખી લેશે તે ટાણે;
દફતર દેશે ધણીને રે, હિસાબ લેશે દાણેદાણે. થાણદાર.
પાંચ પ્રકૃતિના કર શુભ બાંધી, વૃત્તિ રાખો થિર થાણે,
ધીંગો ધણી છે દાસ ધીરાનો, એને ઓળખી લેજો એંધાણે;
અવિચળ ગાદી આપે રે, આપ રૂપ પરમાણે. થાણદાર.

(૧૩)

જગજીવન મને મોહન મળિયા રે, જન્મ મણેના મારા ફેરા ટળિયા રે. ટેક.
આપે ગુરુ આપે શિષ્ય, જોયા મેં તે જગદીશ;
અંતર જામી ઈશના ઈશ, બ્રહ્મો બ્રહ્મ ભળિયા રે. જગ.

CENTRAL LIBRARY

મલચક્રથી આઘે ચઢિયા, ગનીચક્રે આવી અડિયા;
વૈકુંઠની પારે પડિયા, વિષ્ણુવેણે પળિયા રે. જગ
કૈલાસ માંહે કલ્લોલ, આત્મારામ ઝાકમઝોળ;
ત્રિવેણી માંહે જો કોલ, ફેરા મારા પ્રળિયા રે. જગ.
ખટસે એકવીશ હજાર, ઉર્ધમુખે સંધાધાર;
અખંડ ઇટની પાળ, બળવંતા બળિયા રે. જગ.
સેનશિખરપર, અમરઅજરનર, પરમ પ્રભુ વિશ્વંભર;
ધીર ધણી ધરણીધર, અઢળક ઢળિયા રે. જગ.

(૧૪)

આજ સાહેલી અમર વર પામી,
સાચો સ્વામી અંતરજામી રે; અમર.
પૂર્વની પ્રીતે પિયુડો મંદિરીએ આવ્યા,
મોટે મોટે મોતીડે વધાવ્યા રે; અમર.
જયોતે જયોતે જગજીવન જડી આવ્યા,
તેમાં રામ દૃષ્ટે પડિયા રે; અમર.
આજ આનંદ મારા અંગમાં વાધ્યો,
હારલીરો હાથે લાધ્યો રે; અમર.
સુતી જોવું તો મારી સેજમાં દીઠા,
બેઠાં જોવું તો પાસે બેઠા રે; અમર.
રાત દિવસ વસે પાસે પિયુડો,
પહેર્યો અવિચળ ચૂડો રે; અમર.
સાસુ મારી સૂક્ષ્મણા શાણી,
નણદી નિવૃત્તિ નાણી રે; અમર.
દયા દાતા દેવબાઈ દેરાણી,
પ્રેમકુંવર જેઠાણી રે; અમર.
સસરો અમારો સત્યધર્મસંગી,
પરણ્યો આત્મારામ રંગી રે; અમર.
રસ બસ કીધી રસીએ રંગરચી,
છેલ છબીલે છકાવી રે; અમર.
દાસ ધીરાના સ્વામી અઢળક ઢળિયા,
મનુષ્યના ફેરા મારા પ્રળિયા રે; અમર.

Nirant Bhagat (1770-1846 A. D.)

He was the Pātidār of a village near Baroda. He too was a worshipper of Ranchhod of Dākor, and once during his monthly visit thither he fell in with a Moslem gentleman named Miyān Sāheb who argued with him about image worship and who ultimately succeeded in convincing him that God was in his own heart and merely wandering from shrine to shrine was not of much use. This convinced the poet who thenceforth is said to have accepted him as his *guru*. His earlier verses, therefore, show a mention of image worship and a devotion to the popular Hindu gods, which his later verses speak of the formless God. His language is pure and quite simple to understand though the proportion of Urdu (i. e. Persianised) words he uses is considerable He had a following of some seventeen people of whom several were women.

Miscellaneous verses.

(૧)

અનુભવીયાંનો ઉપદેશ સમજે સમજાશે રે;
આવરણ નહીં આવે લેશ, આતમ ઓળખાશે ટેક.
દેહી રહીત દરશ્યામાં રે આવે, જેમ પ્રતિબિંબ પાણીમાં રે;
બીમ બાજ પણ પ્રદબ પાણીએ, એમ દરસે વાણીમાં રે. સમજે.
સર્વની માંહિને સર્વથી રે ન્યારો, સર્વનો પ્રેરક પોતે રે;
અળગો ને વળગ્યો સહુ સળગો, દરશે આપ તે ઉદીયો રે. સમજે.
સ્થુલ સૂક્ષ્મને કારણ કહીએ, મા કારણવે મેલી રે;
કેવલ પદને કોઈક જાણે, વિશ્વ નામની વેલી રે. સમજે.
બોલે તો બોલ્યામાં નહી, દરસી નહી દરશામાં રે;
ચાલે તે ચાલ્યામાં નાહિ, પરસી નહી પરસામાં રે. સમજે.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

તન તેનું તે તન તેને નહીં, એ અનુભવીઓના આશે રે;
નિરાંત નરખો જીવન મુક્ત છે, બંધન સઘળાં જાશે રે. સમજે.

(૨)

મન તું અળગું તે ક્યાં અથડાય, બીજે નથી બોલતો. ટેક.
તું તો જાગીને જો તારા રૂપને, ખોળી જોતાંમાં તું તો ખોવાય. બીજે.
તારે આંખે હરીને નથી દેખતો, કુદન આંખેજ કનક ઢંકાય. બીજે.
તારે ઠેકાણે હરીને ઠરવને,એવું સમજે તો મહાસુખ થાય. બીજે.
મન તું દરીયાની લેહેરો સમાન છે, લેહેરે સમતામાં સમુદ્ર દેખાય. બીજે.
કહે નિરાંત અનુભવી એ વાતે, હું તો લળી લળી લાગું રે પાય. બીજે.

(૩)

નહીં પ્રીત ને નહીં વેર રે, સર્વેને રામરામ છે
જુવો પ્રભુ પોતાને ઘેર રે, સર્વેને રામરામ છે.
તમે સાંભળો નર ને નાર રે, સ.
પ્રભુ ભજતાં ન પામીએ હાર રે. સ.
જમ જીતવાનો એ ઉપાય રે, સ.
જુવો રામનું તો નામ લેવાય રે. સ.
રામ સુતાં ને બેસતાં સંભારીયે રે, સ.
રામ ધંધો કરતાં ઉર ધારીયે રે. સ.
રામ હરતાં ને ફરતાં નવ ભૂલીયે રે, સ.
વેહેવેલી થઇને ફૂલીએ રે. સ.
રામ શેષ રટે રરંકાર રે, સ.
નવ લાગે ભોમીનો ભાર રે. સ.
રામ નામે તર્યાં પાષાણ રે, સ.
રામ નામ તે પદ નિરવાણ રે. સ.
દાસ નિરાંતના રામા રમા રે, સ.
આદી અંત તણો વિસરામ રે. સ.

(૪)

ભણી ભણીને શું ભણીએ રે ભાઈ, ભણ્યાનો કંઈ પાર નથી;
તે મૂળ વિદ્યાનું કોઈ ન સમજે, ઘણા ભણેલા મુવા મથી. ટેક.

CENTRAL LIBRARY

નીરાંત ભગત.

ચાર વેદ ખટ શાસ્ત્ર ભણીયા, વ્યાકરણ વાણી કથી થકી.
સંસ્કૃત સહુ સમજયામાં આવ્યું, મૂળમાં સમજયા વિના થતી. ભણી.
બ્રહ્મા ભાષા વેદ પ્રકાશી, હરસા હારા હારદથી;
જેથી અદકું કોણ ભણેલા, બ્રહ્મદેવ ઉદારથથી. ભણી.
વ્યાસ વાલ્મિક વૈશંપાયન રૂષી, સનક સનકાદિક નારદથી;
તે મૂળ વસ્તુ સમજયામાં ના આવી, શુકજી શેષ ને શારદથી. ભણી.
ઓંકાર આદે ભઈ સબ ઉત્પત, ઓંકાર ઉપન્યો માયાથી;
માયાના પ્રેરકને પ્રીછ્યો, સુખ ઉપજે સમજાયેથી. ભણી.
તે પરા પશ્યંતી મધે માયા ખરી, વિના ભઈ એ વાણીથી;
વાણીના પ્રેરકને પ્રીછો, યાદ કરે એધાણીથી. ભણી.
પ્રેરકથી પ્રેરકને પ્રીછો, આદ કહાં અનાદીથી;
નિરાંત નામ અનાદી ઓળખો, સદ્ગુરુના એક નાદીથી. ભણી.

(૫)

ભજો ભજો રે હરિ તે હેત કરી, હરિ વિના કોણ સગું છે તારે;
જોને વિચારી કેમ હરિને વિસારી, અવસર આવો રે આવો નહીં આવે ફરી. ભજો.
કયાંથી તમે આવ્યા ને કયાં રે જવાનું, સમજ કરોની અંતે શું રે થવાનું;
ખેરી લેજો રે વાત હું તો કહું છું ખરી. ભજો.
પાણીનો પરપોટો એવો તનનો તમાસો, પંડ પડે અંતે કાંહાં જઇને મળશો;
કાલે આવ્યો રે કાલ તું તો જાશ મરી. ભજો.
સંસાર સુખ સપનાવત લેખો, સમજી કરો ને અંતે નજરે નહીં દેખો;
મેં જાણી રે માયા મન મેલો પરી. ભજો.
ગુરુ રે ગોવિંદને મન જઈ મળશે, જનમ મરણનો ભય દુઃખ ટળશે;
જન નિરાંત નામે તો જાશો તરી. ભજો.

(૬)

ભણીને શું ફૂલ્યો રે મિથ્યા ફૂલ ફળ વિના રે,
ભણ્યા ઘણું વેદ શાસ્ત્ર ને પુરાણ;
દૂઝણીને ધેનુ રે પય પડદે રહ્યું રે,
ગોના પાલક પય કેરા અજાણ. ભ.
આશાને બાંધણીએ રે પુસ્તક બાંધિયા રે,
વિશેકે વાંચીને ભરવાં પેટ;

CENTRAL LIBRARY

વિવિધ પદો.

પેટ માટે વેઠેતા રે પારકાં પોટલાં રે,
નાંખી ના દેવાય રે મોટાંની વેઠ. ભ.
ભણીને ભણાવી રે સુણીને તે શું કર્યું રે,
ઓળખી ના જાણ્યું પોતાનું રે આપ;
વંચકને જોયો રે વાંચ્યામાં નથી આવતો રે,
આત્માના દરસ્યો વિશ્વમાં વિલાપ. ભ.
વીત વરાતું રે કહે કેમ આવશે રે,
જાગ્યા વિના જૂઠી જાણશે વાત;
વાણીનો ને વેશે રે નીત કહી શું કરો રે,
વસ્તુ વિના કોઈના નરપત થાય. ભ.
ગુરુ થયા ઉચ્ચારે ટેકર્યું જળ વિનું રે,
નીરતો નીચે ખામે ભરાય;
વેદાંતને વાંચી રે, સિદ્ધાંતને સહી કરો રે,
સર્વેનું સિદ્ધાંત દેહ કહેવાય. ભ.
દેહ રહીત દરસ્યો રે દેહમાં આતમા રે,
આતમા પરમાત્મા એક ના થાય;
સદ્‌ગુરુ શું પામી રે આપ લખાવશે રે,
નિરાંત નામે નામ ઓળખાય. ભ.

(૭)

હરિ જશ ગાતાં રે નિંદે તે તો નર નહીં રે,
જાણીએ શ્વાન સમોવડ તેહ;
નિંદક નારી જાણો જેવી કુતરી રે,
ભસવું તો જબ લગી કુશલ દેહ. હરિ.
એ કાગ શું જાણે કપુરના સ્વાદને રે,
જેને તો ભુંડી જણશનો ભોગ;
મુરખ શું જાણે રે મહિમા હરિતણો રે,
મુખમાં તો લાવે વાણીનો રોગ. હરિ.
સૂરજ તે ઊગ્યો રે ઘુવડને નહીં ગમે રે,
અંધારૂં તો ભાવે રે આઠે પોહોર;
અજ્ઞાનીને એમ રે ગાવું કંઈ નવ ગમે રે,
ઉદય ઘણું અવિદ્યાનો ઠોર. હરિ.

CENTRAL LIBRARY

શિવ ને વિરંચી રે જેના જશ વરણવે રે,
તત્વ ત્રણ ભોવનમાં વિચાર;
નિરાંતના સ્વામી રે સમરથ શ્રીહરિ રે,
પળમાં તો ઉતાર્યા ભવ પાર. હરિ.

(૮)

પરમ ધામપદ રામ નામકો, સદ્ગુરુ અલખ લગાવે રે;
નથી સમોવડ કહેવા સરખું, આપ આપ દરશાવે રે. પરમ
શેષ શારદ મુનિ નારદ રટત હૈ, શિવ સમાધી સુહાવે રે;
વેદ આદ લેઈ વરણન કરતા, વરણવ્યામાં ના આવે રે. પરમ
વણે અસરમાં તો રહ્યાં વિમાસી, નિત્ય કરમ નીરમાવે રે;
ખટ દરશન મળી ખોજ કરત હૈ, મૂળ પરમ નવ પામે રે. પરમ.
સોજન જોગી જપે અજપા, ખટરસના ગુન ગાવે રે;
ખર અખરપર નરખ નામકું, ઉલટ નિરંતર ધાવે રે. પરમ.
સોહી જનકી મેં જાઉં બલીહારી, સો મેરે મન ભાવે રે;
નિરાંત નામ નરખપદ પૂરન, સુમરન માંહી સમાવે રે. પરમ.

(૯)

રામ નામ તું રાખ રુદેમાં, કાઢ કલપના કાચી રે;
આદ અંતની મધ્યે બોલે, તે વસ્તુ છે સાચી રે. ટેક.
વિના મૂલનો એ છે વેલો, મનવાણીપર વાધ્યો રે;
અનુભવીયાંના અંતરમાંહી, વેહ નિરંતર લાધ્યો રે. રામ.
વિના પાંખનો એ છે પંખી, વણ ઇંદ્રિનો ભોગી રે;
પિતા પિંડનો એ છે પ્રાણી, વિના જોગ સંજોગી રે. રામ.
વાણીમાં આવે તે વણસે, નિરવાણી તે સાચું રે;
નામ રૂપ ને ગુણથી ન્યારૂં, તે જાહેરપદ જાચું રે. રામ.
ઉત્પત પ્રલે એમાં નાહીં, આદ અનાદી એવું રે;
નિરાંત નામ ગુરુ તરતારણ, સદા અદો દિન સેવું રે. રામ.

(૧૦)

રૂપ નહીં જેને ગુણ નહીં ને, નામ નહી છે એહેવું;
કંઇએ નહીં ને સરવસ તેનું, વૃક્ષ બીજ છે જેવું. રૂપ.

વાણી વિચારી વિવેકના પાંચે, કૈવલ્યપદ તે કહેવું;
સર્વાતીત ને સરવની માંહે છે, સ્ફાટિક સમજી લેવું. રૂપ
મનપવન નહીં તંતુ ને તેજુ, નિતપદ દરશન દેવું;
વધે ઘટે નહીં કો કાલે પદ, જેમનું તેમ તે તેવું. રૂપ.
શેષ વિરંચી શિવ સનકાદિક, સર્વે સુમર્યું વીત સેવું,
મહામંગળ પદ સદા સદોદિત, અનુભવ માંહે સમોવું. રૂપ.
સચ્ચિદાનંદ પદ સર્વેનું સાક્ષિવત, સંત ગુરુ શબ્દે અવેવું;
નિરાંતના મન રખપદ પૂરણ, અલક્ષ આપ અભેવું. રૂપ.

(૧૧)

નામ સુધારસ સાર સરસમાં, જેણે પેરે રસપ્રેમ પીધો રે;
ભૂતળ પતિપદ તેહને ના ભાવે, લાહાવો ન ઉત્તમ લીધો રે. નામ.
એ રસ મોઘા મૂલે મળે નહીં, વૈકુંઠનાથને વાહાલો રે;
અજ ઉમીઆપતિ ઇચ્છક એના, અદ્વૈત પદનો પ્યાલો રે. નામ.
પૂરણ બ્રહ્મ એ રસને પ્રીછે, નથી સમોવડ એહેવો રે;
જગતનું જીવન જેહેને કહીએ, મહાવિરલાંનો મેવો રે. નામ.
કોટિ જગન ને જપ તપ કરીએ, તોયે તોલે નવ આવે રે;
પૃથ્વી પાત્ર ને મુગતા ભરીયું, એથી અધિક નવ પાવે રે. નામ.
નામ સમોવડ કાંઇ આવે નહીં, અમુલ્ય વસ્તુ એવી રે;
સદ્ગુરુ સ્વામી કૃપા કરે તો, તાંહાથી મળીએ તેવી રે. નામ.
દુર્લભ દીઠો ને મહારસ મીઠો, સ્વાદ કહ્યો નવ જાએ રે;
નિરાંત નામ સુધારસ પીતાં, સર્વે શીર ફુલ સોહાએ રે, નામ.

(૧૨)

કૃષ્ણ કહો ને કૃષ્ણ કહો, આ અવસર છે કહેવાને;
વળતું સર્વે વણસી જાશે, રામ નામ છે રહેવાને.
ખોટે પાએ ખેલ રમ્યો છે, જગતતણો તે જાણોને;
મહાસુખવાળાં મિથ્યા થાશે, મન ભાવે તે માણોને.
રાવણ સરખા રદ મળ્યા છે, અંતકાળની આંટીમાં;
પળવારમાં પકડી લીધા, પ્રાણી જમની ઘાંટીમાં.
લખેસરી લાખો લુટાયા, કાળે નાખ્યા કુટીને;
કોડપતિનું કાંઈ ના ચાલ્યું, અંતે ગયા ઉઠીને.

એ સંકટમાં સરવે આવ્યું, બ્રહ્મા આદે નરખોને;
હરી આસરાવાળા વચે, વેદ પુરાણે પરખોને.
એવું જાણી ભજ મન પ્રાણી, ભાવ કરી ભૂધરને રે;
એ કહેવાનું રહ્યું તે કહીએ, નારી કો વા નરને રે.
હરજી સાથે હેત ઘણેરૂં, નિશદિન તાળી લાગી રે;
નિરાંત કહે નારાયણ ભજતાં, ભવની ભાવટ ભાંગી રે.

(૧૩)

મનુષા દેરીનો મહિમા છે મોટો, ગોવિંદના જશ ગવાય છે રે.
મનના મનોરથ પૂણે થાય છે.
દેવારે સરખી જાણે વાત વડી છે,
જીવનમુક્ત તો થવાય છે રે, મ.
ધન ધન વદું હું તો આ રે અવસરને,
ગુરુજી મળે તો લાવો એ લેવાય છે રે. મ.
આપમાં આપ અંતરજામીને ઓળખે,
દેવના દેવને તો દરશો દરસસાય છે રે. મ.
મન કમ વચને માગો એવું મળ્યું છે,
પૂણે પદને તો પામ્યા પમાય છે રે. મ.
મનુષ થયો ને હરી નામ ના જાણ્યું,
પશુઓને તોલે તો કહીએ કહેવાય છે રે. મ.
હરી ઓળખાશે ને ભવદુઃખ જાશે,
જન્મ મણેના તો મીટો મીટાય છે રે. મ.
ફરી ફરી અવસર આવો નહીં આવે,
નિરાંત નામને નરખો નરખાય છે રે. મ.

(૧૪)

રડ લાગી છે રસીયાના રૂપની,
બીજું કરવું તે કંઇએ ના સોહાય. રડ લા.
રૂપવંતો વસી રહ્યો રૂદીયામાં,
વાલવંતો તો વરણાવ્યો ના જાય. રડ લા.
બ્રહ્મા વેદ ભણે રે ભલી ભાતના,
શિવ સરખા તે ધ્યાનમાં ધાય. રડ લા.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

વિષ્ણુ વહાલપણુ રે નેટે ન વિસરે,
દેવ ગાંધર્વ ગુણી જન ગાય. રડ લા.
મોટા મુની તણાં રે મન મોહી રહ્યાં,
નર નારીને નિશદિન ચહાય રડ લા.
નામ રૂપને ગુણથી ન્યારૂં રહ્યું,
એવું આપોપુ ઓળખ્યું ના જાય. રડ લા.
સદ્ગુરુજી મળે તો સત સંભવે,
બીજો કરવો તે મિથ્યા ઉપાય. રડ લા.
પ્રેમવંતો પદારથ પામશે,
જેને સદ્ ગુરુજીની હોય સહાય. રડ લા.
અનુભવીયા તે નિશદિન આદરે,
નામ નરખે તે તદ્રવત થાય. રડ લા.
જન નિરાંત નરખો રે નામને,
પુણ્ય હોય તો એને પમાય. રડ લા.

(૧૫)

પોતે પોતાનો કરવો વિચાર નરખ નિરંજન નામને. ટેક.
ભૂલ્યો શીદ ભમે છે તું ભવ વિષે, નથી નામ સમોવડ સાર. નરખ.
કર જપ તપ જોગ અરાધ અરાધના, કર કરણીને કોટિ ઉપાય. નરખ.
તમોતમ તપે તન તાહરૂં, ઝાઝી જુગતીના મહેલ બંધાય. નરખ.
જે જે કરવું તે જુગતી રે જાણજો, મુક્તિ જાણે તો સરવે મૂકાય. નરખ.
પડયા હોડમાં નીસરી નવ શકે, હાંસહોડની કોઇને ના કહેવાય. નરખ.
ઉંચ નીચ કરમ હાલે હોડનાં, ઈચ્છા ઉપની તે ખીલી રૂપ. નરખ.
સંશય સ્વારથ પડવું રે જાણજો, પડયા ઘણા પંડિત જગભૂપ. નરખ.
હોડ ભાગે પહેલા રે માગમાં, સાચા સદ્ગુરૂને શરણે જાય. નરખ.
નીરખદ લખાવે રે નામને, ગુરુ બંધી છોડ કહેવાય. નરખ.
નામ નરખે તે તદ્રવત જાણવા, તેમાં ભિન્ન નહીં રે લગાર. નરખ.
જન નિરાંત એવું રે જાણીને, રહે એ નામતણો રે આધાર. નરખ.

(૧૬)

હરતાં ફરતાં ધંધો કરતાં, ધ્યાન હરીનું ધરવું રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, અધમેથી ઓસરવું રે.

CENTRAL LIBRARY

નિરાંત ભગત.

અધમેથી ઓસરવું પ્રાણી, ધર્મે ધસીને કરવું રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, આખર તારે મરવું રે.
મરવું તે તો સૌને ભાઇ, કોણ મોટો કોણ નાનો રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, માનો કે ના માનો રે.
ના માનો તો વેદ પુરાણે, પુછી જો જો પ્રાણી રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, બીજું સર્વે કેહેણી રે.
કેહેણી તે તો કહેવો પાત્ર, કહાવંતા કાન જાણે રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, નિશદિન વેદ વખાણે રે.
વેદ વખાણે જુઓ વિચારી, આતમ દ્રષ્ટે દરશો રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, શાંત સંતા તરપડશો રે.
છીપ ગ્રહ્યું સો મોતી બનીયું, ખારા જળમાં ખારૂં રે;
નિરાંત કહે નિષ્ટાનું ફળ છે, જો સમજો તો સારૂં રે.

CENTRAL LIBRARY

3. Bapu Saheb Gaikwad (1779-1843 A. D.)

He was a well connected Marātha Chieftain at the court of Baroda. He was educated like most of the better class people of his days and had learnt riding, wrestling, the use of the sword and the quarter-staff (*lāthi*). But he had even in childhood shown the tendency of frequenting temples and listening to the songs of *sādhus* there. Later on he used to enter into discussions with these wandering *sannyāsis* and thus he became the pupil first of Dhiro and next of Nirant. He had some lands at Gothdā where the former had his seat and this gave Bāpu better opportunities of hearing spiritual wisdom under him. He prided himself in having such a great man as his *guru* and on his return to Baroda he became quite a recluse and spent most of his time with wandering *sādhus* and neglected his official duties. The Mahārajā asked for an explanation but was quite satisfied on hearing some of his poems. But Bāpu went even further. He was once invited by the sweepers (*dheds*) of Baroda to perform *bhajans* before them and, following the great example of Narsinha Mehta, he went in their company and scandalised his proud Rajput kinsfolk. His father asked him to leave his house, which he joyfully did, but after a few years he was asked by his relations to come back to his family.

His poems are mostly didactic and he has a refreshing breadth of mind and vision. Many of his best poems are where he speaks of the essential unity of the Hindu and the Moslem. He was very independent in his thinking and courageous in expressing his thoughts and beliefs. Though a Marāthā by birth his Gujarāti is absolutely faultless. He has not written any long poem.

CENTRAL LIBRARY

બાપુ સાહેબ.

I. Miscellaneous *padas*.

(૧)

ભાઇ રે હરી નામની ટેક તમે ઝાલો રે;
બીજું ભૂખ્યાને ભોજન આલો રે; ભાઈ રે–ટેક.
કોટિ સાધન ના આવે નામના તોલે,
બંનેને કાંટામાં ઘાલો રે; ભા.
નામ વધે તેને શાસ્ત્ર શાખ દે છે,
જાણી જોઈ સિદ થયો છે કાલો રે; ભા.
આંબા ઉપર ચડવું ન કેરી ઉતારવી,
સીદને પ્રાંસો પાળો રે; ભા.
બીજાં સૌ સાધન પાળા જેવાં જાણજો,
નામ સમજે તે મારો વાલો રે; ભા.
આંખોને ખુંદો ને દમને રૂંધો,
કાનમાં પુમડાં ઘાલો રે; ભા.
જ્યાં જાઓ ત્યાં પત્થર ને પાણી,
લાખો ગાઉ ધરતી ચાલો રે; ભા.
આતમા ચીન્યો તે તો ટેક સાચી,
હરી સભર ભર્યો છે નથી ઠાલો રે; ભા.
સતનામ બાપુ સદ્‌ગુરુએ ઓળખવું,
તમો સંત સંગતમાં માહાલો રે; ભા.

(૨)

કાણાને કાણો કહીએ તે થાય વઢવઢવું;
ભાઇઓ સાચું કહેતાં તે લાગે કડવું રે; કાણા. ટેક.
મૂળ મરમ તમો જુઓ માટીનો,
મુસલમાન બંદનું હીંદુ કહેછે ચડવું રે; ભા.
માટોડાના ગણપતી ને કાંચડાનું ત્રાળું,
એને કાગળ વતે મઢવું મઢવું રે; ભા.
સેવા કરે છે ને જળમાં બોળે છે,
બારે મહીને એને ઘડવું રે; ભા.
ઢીંગલાની રમત તો છોકરાંને વાહાલી,
ભાગી જાય તો તરત આવે રડવું રે; ભા.

CENTRAL LIBRARY

હરી ભજનવિના ધીક એની મૂછને
મૂછ વિના મોઢું લાગે કડવું રે; ભા.
મુસલમાનને આકડી જમાનાની બીક છે,
હિંદુને ચોરાશીમાં રખડી પડવું રે; ભા.
જમનો હાથ એક છે ને ધણી જુઓ એક છે,
એક છે મરવું ને અવતરવું રે; ભા.
બાપુ કહે સત નામની સમશેર ઝાલી,
અંતે છુટે પટે થઇને લડવું લડવું રે; ભા.

(૩)

ના સમજે તે બરાબર કરે છે રે ભાઈ રે,
ના સમજે તે બરાબર કરે છે. ટેક.
છાશ ને દૂધ બંને છે ધોળાં,
ને દૂધને તો સૌ જગત લે છે રે;
દહીં વલોવીને માખણ ઘર મેલે છે,
પછી છાશને તે વેચી દે છે રે. ભા.
કેસર ને હળદર બંને છે પીળાં ને,
હળદર કેસર બરાબર કહે છે;
હળદર રૂપીઆની આઠ શેર મળે છે,
કેસર તોલાના બે વસુલે છે રે. ભા.
નિર્ગુણને શીર એ બંનેથી ન્યારો,
જ્યાં મુક્તીજી પાણી ભરે છે;
મુરખને તો ગુચવણ ઘણી પણ,
જ્ઞાનીને મન મગ્ન થઈ રહે છે રે. ભા.
સાચું એ મોતી ને જૂઠું એ મોતી,
જુઓ દરિયામાં છીપ રહે છે;
સાચું મોતી તો બાપુ નામ આવ્યું હાથમાં,
સદ્ગુરુની સાનવિના મિન કાં છે રે. ભા.

(૪)

નકટાંની વાત છે ન્યારી,
જુઓની ભાઈ નકટાંની વાત છે ન્યારી. ટેક.

CENTRAL LIBRARY

કર્તા પરમેશ્વર તેને નથી માનતો,
ને માતા છે રે મારી માડી;
હરિવર મેલીને એ તો માયાને મોહ્યો,
એનું નાક નાંખોને વાઢી રે. જુ
સાધુને મારે ને સગાં જીવાડે,
મારે પાડો ને ઉછેરે પાડી;
સ્વારથમે એણે આતમા ન ચીન્યો,
એણે ભવની ભેલાડી વાડી રે. જુ.
માત પિતાની સેવા નથી કરતો,
અને મોહો પામ્યો આણેલી લાડી;
મંતર શીખીને એતો મૂઠો મારે છે,
નથી જાણતો મૂર્ખ સાહેબની વાડી રે. જુ.
નકટા હોય તેને નકટા રે કહીએ,
એને પાપની ધજા ગાડી;
બાપુ કહે રે હરિ નામનું પારખું રે,
એની બળી મૂછો ને ધીક દાઢી રે. જુ.

(૫)

ભાઈ રે તારૂં મૂળ તપાસીને જોજો,
આત્મારામના સંગ મન મોહોજો રે. ભાઇરે. ટેક.
ચીત વસ્તર તારૂં મેલું થયું છે,
બ્રહ્મ જળમાં જઇને ધોજો;
બંધનપણું તે મેલ સરવે જાણજો,
સમજીને સંશે ખોજો રે. ભાઇરે.
માટીના ઘાટમાં શું મોહી રહ્યો છે,
ઘાટ નાનો કે મોટો હોજો;
વાંઝણી ગાયને દૂધ ક્યાંથી આવશે,
એ અનુભવી દુઝણી ગાય દોઝો રે. ભાઇરે.
હિંદુ તીરથ વ્રત કરિ કરિ થાકયા,
મુસલમાન કરે રોજો;
એ તીરથ વ્રત તારાં કરેલાં,
વણ સમજીને દોડીને ચડો સોજો રે. ભાઇરે.

CENTRAL LIBRARY

પ્રગટ દેવ હું તુજને બતાવું,
સદ્ગુરુને જઇને પૂજો;
સતનામ બાપુ એમ કરી કહે છે,
મન માને તો ખરૂં કહેજો રે. ભાઇરે.

(૬)

ટેક રાખે તેહને પદ પેહેલું,
સેહેજે થાય તે ભજન સેહેલું ટેક. ટેક.
કાશી દુવારકા હું જઈ આવ્યો,
એવું લોક કહે છે રે ઘેલું ઘેલું;
મેલું હતું લુગડું ને મેસ ઘણી ચોળી,
એ તો બમણું થયું છે મેલું મેલું રે. ટેક.
માળા ફેરવું ને નહાયાનો નીમ છે,
દરસનની ટેક ના મેહલું;
બોલતાને મુંગાનેજી વાકે ને ભૂખે મારે,
તારૂં કામ કેમ થાશે વે'લું રે. ટેક.
એવી આ છે દુનીયા ને અંધી ગાય છે,
ચાટે છે વાછરડું પેલું;
તાંબા વાસણ ને પીતળની મુરતી,
ભાન ભુલી ગયો પોતાનું કરેલું રે. ટેક.
જોની તપાસી જીવ તારા મનમેં,
આ સર્વે આતમાનું કરેલું;
બાપુ કહે વિચારી એજ નીજ નામ છે,
સત ગુરુની સાથે જડેલું રે. ટેક.

(૭)

શાંતિ પમાડે તેને તો સંત કહીએ,
તેના દાસના દાસ થઇને રહીએ રે. શાં.
વૈદ મળ્યો મળતીઓને, રોગ રહ્યો ઊભો,
ત્યારે તેની તે ગોળી સીદ ખાઇએ રે. શાં.
રાણાની ચાકરીમાં, ભૂખ રહી ઉભી,
ત્યારે તેનો તે પાડ સીદ સહીએ રે. શાં.

CENTRAL LIBRARY

વિદ્યાનું મૂળ ભણે, પુરૂં ન ભણાવે,
ત્યારે પંડયાનો માર સીદ ખાઈએ રે. શાં.
કલ્પવૃક્ષ સેવે જ્યારે દારિદ્ર ન જાય,
ત્યારે તેના તે ગુણ સીદ ગાઇએ રે. શાં.
લીધો વળાવો ને લૂટવા રે લાગ્યો,
ત્યારે તેની તે સોબતે સીદ જઇએ રે. શાં.
આપી બાંડેધરી ને પાછી માથું વાઢવે,
એવી સંગત સીદ કરીએ રે. શાં.
બાપુ કહે મારા ગુરુએ બતાવ્યું,
તે તો લાગ્યું છે મારે હઇએ રે. શાં.
બાપુ ભગત સરવે રિદ્ધિ સિદ્ધિ તેને,
એવા પુરુષને લહીએ રે. શાં.

(૮)

પંડિતે ખેલ બગાડયો,
આ જીવનો તો પંડિતે ખેલ બગાડયો;
ગુરુને દયા આવે માટે કાડયો,
આ જીવનો તો પંડિતે ખેલ બગાડયો. આ.
ધર્મ અધર્મના બે મારગ કીધા,
પાપ પુન્યનો દીધો ધોખો;
મરવા અવતરવાની બીક તને બાપડા,
મર્કટને ઘેર ઘેર નચાવ્યો. આ.
રાજ કરવાને તપ કરાવે,
પંચ તત્વ અગ્નિ લગાડયો;
સંશેરૂપી ગધેડે જીવને બેસાડી,
પછી ચોરાશી ઢોલ વગાડયો. આ.
આંધળાને લુંટવાની બીક દેખાડી,
મધ્ય રાત્રે ઉંઘેથી જગાડયો;
જાગતો હોય તો કોઇને તું પુછની,
જાણી જોઈ કુવામાં પાડયો. આ.
સીધો છે રસ્તો ને આવ્યાં ત્યાં જવું છે,
પંથવાળાએ ઘાલી છે આડી વાડો;

CENTRAL LIBRARY

સૂર્ય પ્રતિબિંબને ભીન્ન કો કહેવું,
બાપુ સતનામ સમજીને ફંદ કાઢો આ.

(૯)

ભણી ભણીને શું જાણીએ રે, ભાઈ, ભણવાનો કંઈ પાર નથી,
મૂળ વિદ્યાનું કોઈ ન જાણે, ઘણા ભણેલા મુવા મથી. ટેક.
ભણી ચાર વેદ ખટ શાસ્ત્ર જાણીએ, વ્યાકરણ વાણી કથા કથી;
સંસ્કૃત સૌ સમજવામાં આવ્યું, મૂળ ના સમજ્યા વિદ્યાથકી. ભ.
વાલ્મીક વ્યાસ વૈશંપાયન ઋષી, સનક સનાતન નારદથી;
આદ અમુલ તો નવ ઓળખાયું, શુક શેષ ને શારદથી. ભ.
બ્રહ્મા ભાસ્યા વેદ પ્રકાશી, હરીહર હાર્યા હારદથી;
તેથી ભારે કોણ ભણેલા, બ્રહ્મદેવ ઉદારથથી. ભ.
પરાપશ્યંતિ મધવા વૈખરી, વિદ્યા આદ્ય ભણી વાણીથી;
વાણીના પ્રેરકને પ્રીછો, આદ્ય કહો એધાણીથી. ભ.
ઓંકાર આદ્ય ત્રે સહ ઉતપત, કાર ઉપન્યો માયાથકી;
માયાના પ્રકારને પ્રીછો, બાપુ આદ્ય ત્રે અનાદીથી. ભ.

(૧૦)

સંશયરૂપી સ્વપ્નું રે, સદ્ગુરુ વીખવાળે;
એનું વગળ કાઢી નાંખે રે, સોની જેમ સોનું ગાળે. ટેક.
એક હસ્તીએ બકરી જનમી, બીજું જનમ્યું ઊંટ,
ઊંટની ગરદન એવી લાંબી, પોહોંચી ચારે ખૂટ;
ખૂટે બાંધેલું રહેશે રે, છૂટે તો ઉંધું વાળે. સંશય.
ઊંટ બકરીને સંજોગ થયો, એના બચ્ચાં થયાં વીશ ને સાત,
જ્ઞાની જન તો મગન થયા છે, બીજા શું જાણે વાત;
જાણેલા ભેદ ભૂલ્યા રે, બળી મુવા બકરીના બારે. સંશય.
બકરીનું જોર વાધ્યું ત્રણ લોકમાં, ઊંટને કરી નાંખી બકરી,
રાજા રંકનું કાંઈ ના ચાલ્યું, બકરી તો એવી ગૈ વકરી;
બકરીએ મારગ પાડયો રે, રખારી વિના સૌને ખાળે. સંશય.
ઊંટ બકરીને એક ચારનારે, હાથ પગ નહીં શીશ,
જ્ઞાની જન તો મગન થયા છે, અજ્ઞાનીને ચડે રીશ;
બાપુ નામ સાચું રે, મરે ના કદાપી કાળે. સંશય.

(૧૧)

સમજ્યા વિના સાધન રે, તેની નવ થાય ગતી;
હરિ નામ વિના રે, જે નર રહ્યા મૂઢ મતી. ટેક.
હરિ નામ વિના જે જે કરવું તે, ભાત ભાતના કર્મ,
સદ્ગુરુ મળે તો સંશે ટાળે, ભાગી જાય સૌ ભ્રમ;
કર્મ ગયા સૌના શીરે રે, પાયે પડે ગતી મુક્તિ. સમ.
જોગ જગન કરે તો દોષ ઘણો બેસે, લક્ષ લક્ષ જીવ મરી જાય,
એક કુળ ગુરુ તો આતમા દુખે, ત્યાં સુધી કર્મ કહેવાય;
નામ ઘણું મોટું રે, આવરણ ના આવે રતી. સમ.
દમ ના ઘુંટું ને મુખ ના રટું, સુરત નામ એક રૂપ,
નામી અનામી પોતે બન્યો છે, કોટી બ્રહ્માંડનો ભૂપ;
જાપ કયાં જપીએ રે, પોતે તો બન્યો જગપતિ. સમ.
સદ્ગુરુ મહિમાનો પાર ન આવે, અંતર કેરૂં છે મહા શૂળ,
ભૂલ હતી તે સદ્ગુરુએ ભાંગી, વસ્તુ આપી છે અમૂલ;
ગુરુ નિરાંત બાપુ કહે છે રે, પ્રગટ કરી ગુપત હતી. સમ.

(૧૨)

પાણીનો ખેલ બનાવ્યો રે, એની તો કહિએ અકલ ઘણી;
સહુથી રમનારો રે, શોભા તો એના નામ તણી. ટેક.
ખરૂં એ પાણી ને ખોટું એ પાણી, પાણી અફીણ ને ખાંડ,
એ પાણીથી થયાં નર નારી, ને એ પાણીથી ચૌદ બ્રહ્માંડ;
પાણીનું બન્યું મોતી રે, પાણીની બની હીરાકણી. પાણીનો.
પાણીની અમુલ્ય કાયા બનાવી, હાડ ચામ લોહી માંસ,
પાણીનાં રે પશુ પંખી બનાવ્યાં, પહાડ પત્થર ને ઘાસ;
પાણીના હાથી ઘોડા રે, પાણીની શાલ પામરી બણી. પાણીનો.
પાણીના રે પંચ રંગ બનાવ્યા, અઢાર ભાતના રે અંગ,
સહુથી ન્યારો મારો સાંઈ બીરાજે, તેને દેખીને થયો છું દંગ;
સંગ કીધો તેનો રે, સત્તા તો આત્માની ગણી. પાણીનો.
અક્ષરાતીતે અક્ષરબ્રહ્મ નિપજાવ્યા, ને અક્ષરથી નર થયા નાર,
ઓંકારથી ત્રણ ગુણ નિપાવ્યા, એ અઠાવીશ નિર્ધાર;
ઓગણત્રિશમા મહા વિષ્ણુ રે, ત્રિશમાં બાપુ ગાય ભણી. પાણીનો.

CENTRAL LIBRARY

(૧૩)

નામ જેણે જાણ્યું રે, તે તો વેદ ચારે ભણ્યો,
ભેદ જેણે જાણ્યો રે, તે તો ખરો તરત બણ્યો. ટેક.
બત્રીશ આભણ અંગે ધરે નારી, નાક વિના શો શણગાર,
કવિયે જો આપનું આપ ન જાણ્યું, તે કેમ કરી ઊતરે પાર;
સાર ક્યાંથી મળશે રે, ભણ્યો ખરો પણ જરાએ ન ગણ્યો. નામ.
વાંઝણી નારીને સુપનું આવ્યું છે, પુત્ર નથી રે એની પાસ,
એમ ભજન દેખાદેખી કરે છે તેની, કેમ પુરી થશે આશ;
કેને બાપ કહેશે રે, વેશ્યાયે જે પુત્ર જણ્યો. નામ.
નામ ગુણ ને રૂપ ને નાશ વળી, ચોથું પદ અવિનાશ,
એ ચોથા પદનો ભેદ જાણે તેને, કહિયે હરિ તણો દાસ;
નાશ કરી કર્મનો રે, સંશે એક પળમાં હણ્યો. નામ.
ગરીબી રાખી તમે ગુરુજીને સાહો, કરો શબ્દનો તોલ,
આપણ થકી જો અદકો મળે તો તેનો, ધારણ કરજો બોલ;
ગુરુને સંગ બાપુ રે, અનામી નામ પોતે બણ્યો. નામ.

(૧૪)

પુનમિયા તેને કહિયે રે, પૂરણ નીમ જેણે રાખ્યો;
હારે સાથે પ્રીતિ રે, અદ્વૈત પ્યાલો તેણે ચાખ્યો. ટેક.
રણ મુકાવે તેને રણછોડજિ કહિયે, સદ્ગુરુ તેનું નામ;
મરણ જનમનો સંશય મટાડે તો, વીશ વસા થયું કામ;
આત્મારામ જાણે રે, દ્વૈતભાવ કાઢી નાખ્યો. પુનમિયા.
ગુરુમતિ જળમાં સ્નાન કીધું, સાકર માખણ પ્રેમ,
સુરતા તુલસી વા'લાને ચઢાવી, એમ રાખ્યો છે નેમ;
ધન મળ્યું જુનું રે, ગુણગાગર દ્રવ્ય દાખ્યો. પુનમિયા.
દેહ દ્વારકામાં દીનોનાથ બિરાજે, હરિ નામની છે છાપ,
સદ્ગુરુદેવે કૃપા કીધી ત્યારે, ટળ્યા ત્રિવિધિના તાપ;
પાપ ગયું નાશી રે, ગુરુએ આપી જ્ઞાન આંખ્યો. પુનમિયા.
સચરાચરમાં હરી દેખાડયા, જેમ જળમાં સૂર,
વા'લા વિના કોઈ ઠામ ન ઠાલો, જ્યાં જોઉં ત્યાં ભરપૂર;
બાપુ નામ સાચું રે, ગુરુ કૃપાથિ હરિ ઝાંખ્યો. પુનમિયા.

(૧૫)

કૈવલ્યપદ સાચું રે, પંડિતા તમે ઊરમાં આણો;
જેને વડે બોલે રે, તેને તો તમે નવ જાણો. ટેક.
ખત વાંચો તો પાર ન આવે ને, વસુલ કરે વસુલ થાય,
કુરાન પુરાણ સૌ વાંચીને થાકયો આત્મા સમજે દુઃખ જાય;
સુખ થાય ઝાઝુ રે, મત મમત શીદ તાણો. કૈવલ્યપદ.
પીઉ પરદેશે ગયા ને મુકી ગયા, પોતાના ઘાટનો રંગ,
મન મનોરથ પુરો થાય જયારે, સ્વામી મળે અભંગ;
આપ નવ શોધ્યું રે, તો જ્ઞાન દિવો કીધો રાણો. કૈવલ્યપદ.
લાજ મુકીને માથે છેડારે નાખ્યો, તેને સ્વામીનો નહીં પાર,
પતિવ્રતા સ્વામીની વાતો કરેછે ત્યાં, પુત્રલીને આવે ખાર;
એક આંખવાળો રે, દુખી થાય કહેતાં કાણો. કૈવલ્યપદ.
તાંબાનો રુપૈયો કહિયે ન ચાલે, ગમે તેવી પાડો છાપ,
જડને જાચે કરજોડીને તોય, ન મટે ત્રિવિધી તાપ;
બાપુ નામ સાચું રે, સંત તમે સત્ય માણો. કૈવલ્યપદ.

(૧૬)

કુળભગતીનું શુદ્ધ સહુથી મોટું, તેમાં સમાન સહુ સારૂ ખોટું રે. કુળ—ટેક.
ચાર વેદ ભણે ગતી ના થાય;
કરે અડસટ તીરથ ગંગા નહાય;
તજે અંન સદા દુગધાય;
તોએ તેના મનતણો સંદેહ નવ જાય;
ઓળખે આતમા અખંડ; ઓળખે આતમા અખંડ;
થાય વાસનાનો ભંગ;
ત્યારે ચડે અખંડ રંગ;
જયારે મન થયું અપંગ;
ત્યારે ગુરુ ચરણમાં ચિત ચોટું ચોટું કે કુળ મોટું. કુળ.
મન શુદ્ધ એક વરતે વરતે;
ઘણા મરી ગયા સેવા પુજા કરતે;
આતમા જડે નહીં સેવા સાધન ધરતે;
ઘણા મરી ગયા એવા કરમ કરતે;

CENTRAL LIBRARY

વિવિધ પદો.

ભગમાં આવે તેને કાળ, ભગમાં આવે તેને કાળ;
ભગથી નારો તે ગોપાળ;
તેને એકુ નહીં જંજાળ;
તેને એકુ નહીં કાળ;
ભણુ એમને, પછી ગુરુ ચરણમાં લોટું લોટું કે કુળ મોટું. કુળ.
સીપાત ભગત થયો સુધ એક બ્રહ્મ લાધે;
ઝેર ચડે નહીં સાચી બૂટી ખાધે;
દેવ વશ થયા કીયા મંત્ર સાધે;
આતમા ચિત્યા થકી જ્ઞાન ઘણું વાધે;
મૂળ માટીનો આ ઘાટ, મૂળ માટીનો આ ઘાટ;
તેના બન્યા બહુ કાઠ;
તેને જુજવા માંડયાં હાટ;
તેથી થયો છે ઉચાટ,
તેને ચડી ગયો કાટ;
તેથી ફરે ચારે વાટ;
તેથી ગુરુ પ્રતાપે સંશેથી હું છુટું છુટું કે કુળ મોટું. કુળ.
ઘઉંની બને સીરો પુરી ને સેવો;
ખાંડ એક ભરે તો થાય ઘણો મેવો;
અગ્ની એક, મસાલ કંડીલ દીવો;
રંગ રૂપ નહીં તેને ઓળખી લેવો;
જાત જાત મળી જાય, જાત જાત મળી જાય;
તેની વાત નવ થાય;
પોતે પોતાનું જે ગાય;
તેને ઘણું સુખ થાય;
તે તો કંઇએ નવ જાય;
બાપુ કહે સતનામ દ્રવ્ય મળ્યું તેને, લુટું લુટું કે કુળ મોટું. કુળ.

II. Bapu's passing.

(૧)

જગતને મરણની બીક છે, આનંદ મારે મંન રે;
સાંધે સાંધો મળી ગયો, માટે ગુરુજીને ધન્ય રે. જગતને.

CENTRAL LIBRARY

સમા તે જોગ આવી મળ્યો રે, બિંદુ પડયાનો આ જોગ રે;
તાશીર આવી મળી દેહની, ઊદે થયો છે આ રોગ રે. જગતને.
બિંદુ પડે ને બીજ સુધરે રે, દેહી રહે ઘણા દંન રે;
મૂળમાંથી પાછો ખશી પડયો, ક્ષણભંગુર આ તન રે. જગતને.
એકવિશ હજાર છસે કાળ છે રે, દિન રાત કહિયે કાળ રે;
અમને રૂંધીને જો રાખશો, માથે મરણતણી ફાળ રે. જગતને
અંતઃકરણ તો ગુણમાં રે, ઇંદ્રી બ્રહ્મમાં કહેવાય રે;
પંચે તત્વ ને તનમાત્રા, તમોગુણમાં સમાય રે. જગતને.
ત્રણે ગુણ ઓંકારમાં રે, ઓંકાર માયા લીન રે;
પુરુષ પ્રકૃતિ મળી આતમા, ભેદ કર્યો ભીન ભીન રે. જગતને.
મન હતું તે મટી ગયું રે, આત્મા પરમાત્મા એક રે;
બાપુ સમાયા સતધામમાં, કોઈ સમજે વિવેક રે. જગતને.

(૨)

બાપુ પધાર્યા સતધામમાં, સૌને કહ્યા જે શ્રીરામ રે;
નામ નિરાંત નીશાનમાં, અમો જેશું ગોવિંદ ગામ રે. બાપુ.
ફુલ ખીલીને ખરી પડે રે, કારમું કાયાનું છે કામ રે;
માટે ચેતી ચોંપે ચાલવું, મુકી મમતા તમામ રે. બાપુ.
આજ આનંદ મારા અંગમાં રે, પરિબ્રહ્મ વેળા થઈ રે;
જ્ઞાન રાખીને ગર્વ ટાળજો, સત માનો સાચી કહી. રે. બાપુ.
સ્વપ્ન હતું તે સમાઈ ગયું રે, સુરતા થઈ એક તાર રે;
સરિતા સિંધુમાં ભળી ગઈ, પળમાં પામી ભરથાર રે. બાપુ.
સંવત અઢાર નવાણુંવો રે, ઉત્તમકારી આસો માસ રે;
શુદિ એકાદશી બુધ રાત્રિયે, ગયા ધામ બાપુદાસ રે.

III. *Padas* of Divine Wisdom

(૧)

સમજે સતનામ તેને તો કહીએ જ્ઞાની,
તેની મટી ગઈ વૃદ્ધિ ને હાની,
હાનિ કે, તેજ જ્ઞાની. સમજે. ટેક.
પ્રથમ સદ્ગુરુનો સતસંગ સાચો,
બીજો જે કરો તે જાણો કાચો.

CENTRAL LIBRARY

બ્રહ્મજ્ઞાનનાં પદો.

હરિનામ ભૂલ્યા એજ પડયો ખાંચો,
માટે તમો સદ્ગુરૂને નિશદિન જાચો;
એવું સમજયે આવે પાર,
મળે સાર. એક તાર,
મટે ખાર, આધાર,
નેતિ પાર, વિશ્વાધાર,
નામ રહિત લેજો માની, માની કે તેજ જ્ઞાની. સમજો.
સમજો સતનામ, પ્રથમ સદ્ગુરૂ દેવતણા દેવા,
તેની પ્રેમ કરીને કરો સેવા,
મળે મનગમતા તે મીઠા મેવા,
રૂપ રંગ નહિ તેને ઓળખી લેવા;
નહિ જાત, નહિ ભાત,
નહિ માત, નહિ તાત,
નહિ દિન, નહિ રાત,
વાણી રહિત લેવા જાણી, જાણી કે તેજ જ્ઞાની. સમજો.
ગુરૂએ જ્ઞાન બતાવ્યું શ્રી મુખ,
મારૂં મટી ગયું જન્મ મરણનું દુઃખ,
હવે ફરી આવવું નથી માતાની કૂખ,
મારી ભાગી મનકેરી ભૂખ;
ઓળખ્યું આપ,
મટયો તાપ,
નહિ પુણ્ય નહિ પાપ,
અવાપ, જડયો બાપ,
મહા પ્રલયમાં રહે તેની નિશાની, શાની કે તેજ જ્ઞાની. સમજો.
ગુરૂકૃપાથકી ગઇ માયાની ફાંશી,
મારી મટી ગઈ લક્ષ ચોરાશી,
ઘેર બેઠાં આવી જમુના ને કાશી,
એ તો છે સતલોકના રહેવાશી:
અનાદિ વસ્તુ આપું,
પાપ કાપું, છાપ છાપું,
હવે બાપુ, મટયું દાપું,
ના સમજો તે તો અભિમાની, માની કે તેજ જ્ઞાની. સમજો.

CENTRAL LIBRARY

(૨)

હરિગુણ ગાય તેને હરિ જેવા જાણો,
સમજ્યા, વિના તે મત શીદ તાણો,
તાણો કે હરિને જાણો. હરિ. ટેક.
જે કરે લાગા તેથી વા'લો ગયા આઘા,
સૂધું સમજ્યા નહિતો બળ્યા એના વાગા,
આત્મા ચીને નહિ તો મૂઆ ઢાંકયા ને નાગા,
એના મનના સંશય નથી ભાગા;
દૃષ્ટિમાં આવે તેમ રીઝાય,
તે હરિ ના કહેવાય,
તેને જે જન ધાય,
તે મૂરખ કહેવાય,
હરિનું નામ મૂકીને જે લે પાણો, પાણો કે તેણે જાણો. હરિ.
હરિને પાષાણ કહે તેજ ગાંડો,
એ તો સદા છે અખંડ ને ના થાય ખાંડો,
સમજ્યા વિના ગાય તે તો રાંડીરાંડો,
તમે સમજીને પગલાં માંડો;
હરીને જડ કહે તે જડ,
ત્યાં તો થઈ છે વઢાવઢ,
ત્યાં થઈ છે ભડાભડ,
જેણે શોધ્યું નહિ થડ,
તેનો ખર્યો કાયાગઢ,
સમજણ દીવો કર્યો રાણો, રાણો કે હરિને જાણો. હરિ.
હરિકે હુકમ બિન પત્ર નહિ હાલે,
પારો ચલાવે તે રીતે ચાલે,
રૂડો ખેલ બનાવ્યો મારે વા'લે,
હરિ જન તો મગ્ન થઈ મા'લે;
એને નેત્ર નહિ કરણ,
એને ભુજા નહિ ચરણ,
એને એક નહિ વરણ,
એને આવે નહિ મરણ,
હરિ વસ્તુ તારણ તરણ,

સાચી વાત કહું છું તેને છાણો, છાણો કે તેને જાણો. હરિ.
એ તો સમજયાનું કામ ને સાધન કરતો,
એ તો સસજયાનું કામ ને ધ્યાન ધરતો,
એ તો સમજયાનું કામ ને ભોઈ ભરતો,
એ તો સમજયાનું કામ ને ભૂખે મરતો;
સમજે સદ્ગુરુની શાન,
તેને ભાવે આત્મજ્ઞાન,
તેનું વળ્યું વાણીનું વાન,
તે તો તોડે નહિ તાન,
તેનું અખંડ થાય ધ્યાન,
બાપુ સતનામ સમજે તે તો શાણો, શાણો કે તેને જાણો. હરિ.

(૩)

અલખને ખોળી કાઢે તેને તો કહીએ જોગી,
ગમે તો બાવા થાઓ કે રહો ભોગી;
ભોગી, કે તે જોગી. અ. ટેક.
પ્રથમ તન ખોજી મન વશ રાખો,
ખોટી ખોટી વસ્તુ માંહીથી કાઢી નાખો,
સારા સારા શબ્દ સદ્ગુરુના ચાખો,
ત્યારે તું ભાગું નહિ સદા રહું આખો;
એ સંત ગાવે,
જે જન ધાવે,
હાથ આવે,
તેને ફાવે,
નામ સમજયા તે તો થયા છે અનુરોગી, રોગી, કે તેહ જોગી. અ.
ગુરૂ કૃપાથકી અખંડ વર પામી,
સહુથી ન્યારો રમે તેજ મારો સ્વામી,
કોઈ આવી ના શકે રે તેની દામી,
કોઈ કાઢી ના શકે રે તેમાં ખામી;
તે છે ખેલ,
નથી મેલ,
નથી ફેલ,
જડે સે'લ,

CENTRAL LIBRARY

નામ જોતાં, તો વસ્તુ બહુ મોંઘી, મોંઘી, કે તેહ જોગી. અ.
હવે સુરતા સખી સ્વામી સંગે ચાલી,
વહાલે મારે પ્રેમ કરીને બાંય ઝાલી,
હવે મુને વસ્તુ અમૂલક આલી,
ત્યારે ચઢી ગઈ ગાલતણી લાલી;
એક ગામ,
એક ધામ,
એક નામ,
સધર્યું કામ,
ગુરુએ વસ્તુ આપી તે તો ઉગી, ઉગી, કે તેહ જોગી. અ.
જન્મ મરણ મટે નહિ એજ સંગ ખોટો,
દમ બંધ કરો એજ વળ્યો ગોટો,
ઠેઠે ઉતરે તો જમની ખાય ચોટો,
આત્મદર્શીનો અવર નવ ભેટો;
આત્મદર્શી તેનું રાજ,
તે મહારાજ,
કરે કાજ,
રાખે લાજ,
ચલાવે ઝાઝ,
બાપુ નામ બાણ વાગ્યું, વાગ્યું, કે ઉઠયો જોગી. અ.

(૪)

ભેદ બ્રહ્મનો બતાવે તેજ ગુરુ દાતા,
બીજા સમજ્યા બિના બહુ ધાતા;
ધાતા, કે ગુરુ દાતા. ટેક
પ્રથમ અક્ષરાતીતને જાણે,
આત્મા ચીનો તે તો મન નવ તાણે,
પછી પુરુષ પ્રકૃતિને પ્રમાણે,
એવી સમજણ મનમાં આણે;
મહત્તત્વ એજ સાર,
અહંકાર, સ્વઅહંકાર,
ત્રણે ગુણ એક તાર,
તેના ચોવીસ થયા પરિવાર,

CENTRAL LIBRARY

નામ સમજ્યા તે બ્રહ્મજળ નહાતા, નહાતા કે ગુરુ દાતા. ભેદ.
તમો ગુણથી થયું છે આકાશ,
આકાશ માંહી પવનકેરો વાસ,
પવનથી તે તેજ પ્રકાશ,
જળ પૃથ્વી તે તેજતણાં દાસ;
શબ્દ સ્પર્શ,
રૂપ રસ,
અને ગંધ,
તેની જુદી જુદી વસ્ત;
એવું સમજ્યા તેના જશ થયા માતા, માતા, કે ગુરુ દાતા ભેદ.
રજોગુણથી દશ ઇંદ્રિય લહીએ,
તેનો જુજવો વિચાર ભઇ કહીએ,
એવું સમજીને મનમાં મગન થઇએ,
બહો લાગે ત્યાં તો કબુએ ના જઇએ;
શબ્દથી શ્રવણ, ને વાણી વસ્ત,
વાયુથી ત્વચા ને હસ્ત,
તેજથી ચક્ષુ ને ચરણ વસ્ત,
જળથી જીહ્યા ને ઉપસ્થ,
ધરાથી નાસિકા ને ગુદાએ થયો દસ્ત,
એવા દશે ઇંદ્રિયના દેવ તાતા, તાતા, કે ગુરુ દાતા. ભેદ.
સતો ગુણથી અંતઃકરણ ચાર,
મન બુદ્ધિ ચિત્ત ને અહંકાર,
તેનો જૂજવો કરીને વિચાર,
એવું સમજે તો તરત આવે પાર;
અઠ્ઠાવીશ તત્વનું આ સ્થૂળ,
એવું સમજ્યા વિના સહુ ધૂળ,
જેણે ખોળી કાઢયું મૂળ,
તેનું સૂધું થયું ફૂળ,
વળી મટયું સંશય શૂળ,
બાપુ સતનામ સમજ્યા તે નથી ધાતા, ધાતા કે ગુરુ દાતા. ભેદ.

(૫)

એક ભરે એક તાર મેળવો, અલખ સંગાથે મારૂ મન રાચ્યું. ટેક.

CENTRAL LIBRARY

પોલો વાંસ જેને મૂરખ કહિએ, ગાઈ ગાઇને દુખ્યું ડાચું;
તુમડું મન અડયું જ્યારે પાસે, ત્યારે ભજન પડશે સાચું. એક.
ખૂંટી માંડી નામ હરિનું, તેના પ્રતાપે તું જાચું;
સુરતા ઘોડી તાછ મેળવે, કાયા ચામડું છે કાચું. એક.
રેખ કરમની નાખી ઠોકી, સદ્ગુરુ આગળ જઈ જાચું;
કીરતારે કીરતાર મેળવો, એવી કથા નિત્ય નિત્ય વાંચું. એક.
અખંડ જોત ખોલી નવ જાણી, ઘીમાં પાણી શું સીંચું;
કહે બાપુ નકલેક નામ છે, જાણી જોઇને આંખો શું મીચું એક.

(૬)

માળાનો મર્મ નવ જાણો, આંખો મચી મણકા તાણો. ટેક.
માળા ફેરવે મનમાંહી ઠેકાણો, રામ કહે કો સમજ ટાણો;
દેહમાં દેવ તેને નહિ જાણો, જઈ કાષ્ટ પાષાણને માણો. માળા.
છાપ તિલક ને માળા રાખે, કૂડકપટ ને અસત્ય ઘણું ભાખે;
હાથમાં માળા ક્રોધ ભર્યો કાળા, એ તો નિશ્ચે ડૂબાડયાના ચાળા. માળા.
માળા ફેરવી પુત્ર દ્રવ્ય માગે, જઈ શિવના દેવલમાં લાંઘે;
જગત સુવે સદ્ગુરુ જાગે, સમજે તેને એ શબ્દ વાગે. માળા
સત્ય ગુરુ મળ્યામાં મુઝાણું, છસે એકવીશ હજાર દમમાણું;
એ તો થાય છે રાત ને વાણું, ઉન્મુનિ ઘરમાં મળે ટાણું. માળા.
માળા જાણે જનક શુક જોગી, માળાના વ્યાસ શિવ ભોગી;
બ્રહ્મમાં ભળ્યા ચોરાશીના રોગી, માળા તો ઘણી મોંઘી. માળા.
ધીર ગુરૂની માળા સંગે તાળી, ઉન્મુનિ - ઘરમાં વનમાળી;
દાસ બાપુને માળા તે આલી, મહા પ્રેમ કરીને ઝાલી. માળા.

(૭)

હુક્કો પીધો ગુરૂ દયાથકી જ્ઞાનનો જો,
દમ ખેંચ્યો ધણી તારા ધ્યાનનો જો. હુ.
તન હુક્કો ઘટ ઘટ સ્વામી બોલતો જો,
પ્રેમ જળમાં હુક્કાને ઝકોળતો જો. હુ.
પ્રથમ ચલમ ચતુરાઈ ખાસી કરી જો,
કૂડકપટ તમાકુ તેના માંહી ભરી જો. હુ.
મેળ મેર ગુરુની પ્રીતે કર્યો જો,
ચિત્ત ચીપીઓ તો બ્રહ્મ અગ્નિ ધર્યો જો. હુ.

CENTRAL LIBRARY

નેહ નરબે નારાયણકેરા નામની જે,
શોભે દામણી તે અચળ અબે ધામની જે. હુ.
ગુરુ ધીરાને હુક્કો ભરી આપિયો જે,
દાસ બાપુ પોતાનો કરી થાપિયો જે. હુ.

(૮)

સદ્ગુરુ સ્વામી, વાલમજી સમજાવી ઘેર આણ્યા છે;
મોહનવરને, મહિયરિયામાં મેં બેરખ માણ્યા છે. ટેક.
પુરુ કીધી સદ્ગુરુ સ્વામી, દૂધપાક બન્યો છે અંતરજામી;
પ્રેમના પેંડા બડા નામી, સ.
લેહ લાડુ, સાકર શબ્દતણી, મન મેદાની પુરી વણી;
જ્ઞાન ઘીમાં ઝબકોળી ઘણી, સ.
શીરો શાણપણ છે તલધારી, આરતનાં અથાણા પર વારી;
ભાજી રાજી થઈ વઘારી, સ.
સત્યની સેવો તો વાહલાને ભાવે, સૂરણ કાપ્યું તો ચોખો કાહવો;
દિલ ડહાપણને રાખો હાવો, સ.
નવ તત્વ જલેબી તરતા તાવી, સત્સંગ સાકર સારી આવી;
તે તો વાલમજીને મન ભાવી, સ.
ગુરુમતિ તમકેરો ભર્યો લોટો, સમજણનો થાળ પીરસ્યો મોટો;
એવું પીરસે તો કોણ કહે ખોટો, સ.
ભાવનો ભૂખ્યો છે આત્મા મારો, તો તો શુકન રહે મારો તારો;
તુલસી સુરતાની માંડી ધારો. સ.
બાપુ બીડું આવ્યું ખટ ઊર્મિતણું, સેવકને આનંદ થયું છે ઘણું;
સૌ મારે સમતુલ્ય મેરૂ અણું, સ.

(૯)

માયા ભક્તિને આઘનું વેર, ભક્ત ઉપર ધણીની મેહેર. ટેક.
પરણી નારી વાતો કરે છે, ભક્ત થયા ને ગાતા ફરે છે;
તમે હાથમાં ઝાલી છે માળા, ત્યારના જાણું છું હું ચાળા. માયા.
તમે સાધુ સંગત કીધી ખાસી, છૈયાં મેલીને જશો નાશી;
એમ બળતી બોલે છે રીસે, આકાશી માળા લો જગદીશે. માયા.

સાસુ કહે છે ખોટું કરો છો, વેરાગીની સંગે ફરો છો;
દુઃખ પામે એની રે બેટી, પાસ ના મળે વાલની વીંટી. માયા.
ભક્ત જક્તને આઘનું વેર, સાળોજી કરે ઘણું ઝેર;
માયા ભક્તને દુઃખ ઘણું છે, ભક્ત તો સુખદુઃખ એક ગણે છે. માયા.
દુઃખ સહે છે તે સુખને સારૂ, ઘડી એક ના ધણીને વિસારે;
પ્રેમથકી હરિગુણ ગાશ. માયા થઈ રહેશે દાસ. માયા.
ધણી મનમાં ગમે ત્યાંથી ચાલે, તેનાં માયાનું નવ ચાલે;
ભક્ત ઉપર ધણીની છે માયા, જક્ત બધે શીશ નમાયા. માયા.
જે ધણીની માનીતી છે રાણી, વેદ ત્યાં ભરતો પાણી;
મન બુદ્ધિ માયાને તોડી, સુબુદ્ધિ સ્વામી સંગે જોડી. માયા.
ધીર ગુરુજીનાં ઘર ભણી દોડી, દાસ બાપુ કહે કરજોડી;
માયા ભક્તિને આઘનું વેર, ભક્ત ઉપર ધણીની મેહેર. માયા.

(૧૦)

વા'લો મારે ઘેર આવ્યા છે હેલી રે,
સખી મેં તો કુળ મરજાદા મેલી રે.
જક્તનાં વેણ તે ઝેરના પ્યાલા રે,
ગુરુજીના શબ્દ મને લાગે વાલા રે.
સગાંને લેવું દેવું તે પડે છેટું રે,
ગુરુજીને પ્રેમ કરીને ભેટું રે.
વા'લો મને લાડ તે બહુ લડાવે રે,
બંગલાનો બેઠા બેઠા ઘાટ ઘડાવે રે.
બંગલાની કુંચી વા'લાને હાથ તાળું રે,
બાપુ કહે સત્ય નામ લાગે મને વા'લું રે.

(૧૧)

સરજનહાર હાય હાય સાધવી, લાલચ મહેલ મેલીને ચાલો રાજવી;
અહો રંગીલા રૂડા રાજવી રે, ગતિ તારી તો શી થશે? ટેક.
એક નારી અસત્ય ભાખતી, રાજવી તમને મરણ ના હોય રે;
સર્વે નારી સત્ય ભાખિયું, મરણ હોય હોય હોય રે. સર.
જેનું મુવું તે ઘરમાં રડે, બીજું બીજી કરે વાત રે;
એક ફૂટે છે મહા ક્રોધમાં, બીજી કાલા નાખે હાથ રે. સર.

એક ગયો મશાણમાં, બીજાનું ઓઘડ થાય રે;
ત્રીજાની ઘડીઓ ગણાય છે, ચોથાની ઠાઠડી બંધાય રે. સર.
દાસ બાપુને ધીરે મળ્યા, થયુ ધીરે ધીરે કામ રે;
જરણ મરણ મટી ગયું, મને મળ્યા આત્મારામ રે. સર.

IV. From બ્રહ્મબોધ.

(૧)

બેડી એક મોટી રે, તોડી નવ જે તૂટે;
લોઢાની ન ધારો રે, લાકડાની અગ્નિ લુંટે. ટેક.
ગજવેલની એ તો નથી ભાઈ, નથી એ માંહી પાષાણ,
ચર્મની બેડી અતિ કઠણ છે, જાણે કો જાણ સુજાણ;
વાત સહેલી માનો રે, છોડે તેને ઝટ છૂટે. બેડી.
એ બેડીથી ગજરાજ બંધાએ, કપોત જેવા તજે જીવ,
પશુ પંખીડાંની એ દશા છે, નરરૂપે ભૂલે શિવ;
વાત એ તો મોટી રે, કોટડીમાં માયા કૂટે. બેડી.
બિલ્લાં કુત્તાં એ બેડીમાં, ઋતુ આવ્યે કરે રાજ,
માણસ બે બેડીમાં ફસાયો, કથળ્યું તેથી એનું કાજ;
વાજ આવ્યો વહેલો રે, વળુંધ્યો ન વછૂટે. બેડી.
રાત દાહડો બેડીમાં રેહવું, નીકળવાની નવ જાગ,
ઋતુ ખતુ તો વર્ષને સોંપી, એ તો તપાસે લાગ;
બાપુ નામ ભૂલાવે રે, આશા પાશ નવ ખૂટે. બેડી.

(૨)

જુઓ ઝાડ એક ઉગ્યું રે, ફળ તેનાં લેજો કોલી;
જાળવજો જુગતે રે, ત્રાજવામાં લેજો તોલી. ટેક.
બ્રહ્મરૂપ એક વૃક્ષ બની ગયો, તેનાં મૂળ પ્રકૃતિ પુર્ષ,
પ્રકૃતિએ બે બાળક જન્મ્યા, જેને વળગ્યા તે થયા મૂર્ખ;
એવા બે બેટા રે, જન્મી જાણો ભોંય કોહળી. જુઓ.
એકનું નામ તત્વ મોટું, બીજાનું ભાઇ અહંકાર,
એ અહંકારને ત્રણ છોકરાં હુઆં, તેના નામ કહું નિરધાર;
કાન દઇ સુણજો રે, ઝટ ઝટ નાખું બોલી. જુઓ.

CENTRAL LIBRARY

બાપુ સાહેબ.

સત્વ રજ અને તમ નામ તેનાં, કહું તેનો પરિવાર,
તમે મોટાં ભૂત નિપાયાં, વિષયાદિ અવિધાર;
રજે દશ ઇંદ્રિ રે, બનાવી છાલી છોલી. જુઓ
સત્વમાંથી મન આદિક જાણો, તેના દેવતણો વિસ્તાર,
એ ભ્રમજળ છે મૃગજળ જેવું, શુદ્ધ બ્રહ્મ વૃક્ષને કરીએ ખુવાર;
ખાવા જોઇએ તે ઉછેરે રે, બાપુ વૃક્ષ મન ડોલી. જુઓ.

(૩)

ગુરુજી તમે કોહછો રે, બ્રહ્મ તારી પાસે વસ્યો;
મને નવ દીસે રે, ક્યાં વસે એ તો રસ્યો. ટેક.
માથું બ્રહ્મ કે બ્રહ્મમાં માથું, બ્રહ્મ આંખમાં કે આંખ બ્રહ્મ,
નાકમાં એ વસ્યો કે મુખમાં એ વિષે થાય મુને ભ્રમ;
સંશે નિવારો રે, ભ્રમમાંથી જાઉં ખસ્યો. ગુરુજી.
હાથમાં કે પગમાં ગુરુ, હૃદય કે છાતી માંય,
પગમાં હોય તો વળું નહિ વહેલો, બ્રહ્મ બેઠો છે ક્યાંય;
વદો ગુરુ મોટા રે, શિષ્ય જ્યારે કસણી કસ્યો. ગુરુજી.
ગુરુજી કેહ તમે શિષ્ય સાંભળો, આંમળો કાઢી આજ,
એક અવયવ નવ વાહલો બિરાજે, પાણી પેહલી બાંધું પાજ;
દૃઢ હોય ધ્યાને રે, નથી એ તો જસ્યો તસ્યો. ગુરુજી,
જેટલા ધ્યાને ધશીને જાઓ, તેટલો પાસે એહ,
રૂપ રંગ વિનાનો તદ્રૂપ થાશે, જ્યારે ધ્યાનનો ચઢશે મેહ;
બાપુ સહુ રૂપે રે, જોશો જગદીશ જશો. ગુરુજી.

(૪)

ઘડે ભર્યું પાણી રે, સૂરજ માંહી આવી પડયો;
ઘટાકાશ ભાસ્યું રે, ભાગ્યો તેની સાથે લડયો. ટેક.
ઘડામાં મારો સૂરજ હતો તે, ભાગી નાખ્યો અહયા ભૂર,
ઘડો ગયો તેની ચિંતા નથી ભાઈ, નાશી ગયો મારો સૂર;
એને ક્યાંહી દેખું રે, જુક્તિએ શેમાં જડયો. ઘડે.
એવે એક આવી કેહ રામોજી મુઓ, તેનો જીવ કયમે નવ જાય,
અતિ ઘણા દુખિયા થયા, કોઇએ કરી નહિ સાય;
દ્રવ્ય કાજે બાળ્યા રે, જીવતો ચિતામાંહી પડયો. ઘડે.

ઢોંગી ગુરુ કેહ એનો આત્મા બળ્યો ભાઈ, જીવતો મુવો અજાણ,
જ્ઞાનીને સુણી હૃદે બિચ લાગ્યું, અજ્ઞાનીનું કૂડું બાણ;
ઘટમાં ભાગ્યો સૂરજ રે, બીજો તેવો ઘટે તડયો. ઘડે.
જ્ઞાની કેહ સૂયે ન આવે જાવે, લાગ્યો એ તો ભ્રમ કોક,
મરે ન અવતરે આત્મા અહ્યા, શીદ હસાવે છે લોક;
રોક માનો મારૂં રે, બાપુ બીજો પાલો સડયો. ઘડે.

(૫)

કઠણ કમ કેહતાં રે, તુંને સાવચેત કરિયે;
સંશે જશે ભાગી રે, પછે ડરો નહિ જરિયે. ટેક.
ચકલી સમુદ્ર તરવા ધારે, એ તે બને કેઈ પેર,
એવાં પક્ષીથી તરાય એ તો તરે ધણીની મે'ર;
સાગર તરવો સાચો રે, નામ સુણી મન ડરિયે. કઠણ.
ચકલીને તો ડર લાગે, અમે સમુદ્ર કેઈ પેરે તરિયે,
પણ ગરુડને અહ્યા ભય છે તેનો, તન મન માંહિ જરિયે?
નથી તેનું કારણ રે, વધાર્યું બળ હરિયે. કઠણ.
તેમ સંસાર સાગર મૂઢને મોટો, જ્ઞાનીને મન છે ખાડ,
ગુરુકૃપા નવ હોય તો જાણજો, સાગરમાં ખડકરૂપી પા'ડ;
આડ બીજી મોટી રે, તરિયે ગુરુને વરિયે. કઠણ.
એ સાયર જે કોઈક તરેલા, તેનાં કહું એધાણ,
ચિત્ત રાખીને સુણશો તમે તો, જાણો પદ નિરવાણ;
બાપુ સત્ય બોલે રે, સરાવ્યા નવ સરિયે. કઠણ.

(૬)

ભાખો તમે જોઇ રે, સત કે અસત હશે;
બતાવો સોઇ રે, જ્ઞાન કંઈક હૃદે વસે. ટેક.
ચાટલું લઈ તમે પ્રતિબિંબ જુઓ, ખરૂં કે ખોટું એહ,
તરંગમાં અહ્યા તેહ દેખાશે, પાણી તેલ ઘીમાં જેહ;
ખરૂં કે ખોટું રે, કવિઓ કહો નવે રસે ભાખો.
જો ન સમજાય તો હું સમજાવું, ન લાગે કંઈ વાર,
અનિર્વચનીય જાણી રેહવું, કશો કરવો ન ઉચ્ચાર;
સાચું છે અમારૂં રે, સોનું જાણો કસણી કસે. ભાખો.

તેમ પરમાત્મામાં જાણો, શરીરનોજ સંબંધ,
સાચો નથી જૂઠો નથી, જેમ બેલ ને બેલનો કંધ;
એ તો વાત એવી રે, જાણો જેહ આઘો ખસે. ભાખો.
સાચું નથી જૂઠું નથી, એ માનવાની મરજાદ,
હદ બેહદની વાતો જાણે, તો તો છૂટી જાયે વાદ;
નહિ તો રેહ ઉભો રે, શ્વાન જયમ પડઘે ભસે. ભાખો.

(૭)

જળમાં અલ્યા જોજે રે, શું શું તણાઈ આવે
પથ્થર લાવે તાણી રે, કાઠ નવ ફૂટો કાવે. ટેક.
વાહણમાં બેશીને આવે જાવે, લોક તો અપરમ પાર,
બૂડી જાયે તો જાય જાનમમાં, જળને સ્નાન સૂતક છે સાર?
નથી એને કાંઈ રે, આવો જાવો જે પ્રાવે. જળમાં.
જાણો તેમ પંચભૂતનું પૂતળું, આવ્યું આત્મા સાથ,
બૂડે કે તરે એને શું લાગે, અળગો બિરાજે મારો નાથ;
બાથે ન ઝાલે રે, દેહ મૂકી જે પ્રાવે. જળમાં.
એને દુઃખ નહિ ને સુખ નહિ, અવિચળ આપે એક,
અખંડિત મારો વાહલો બિરાજે, ખરી રાખી જેણે ટેક;
વિવેક વિચારો રે, તજી ગોપી જે માવે. જળમાં.
એવી જૂદાઇ છે આત્માની સંગે, સમજે તો થાય સગાઈ,
મિથ્યા છે ખરૂં એહ ભાઈ પણ, જાણ્યે બેસો તમે નાહી;
સુખ તેથી થાશે રે, બાપુ ભળશે બ્રહ્મ લાવે. જળમાં.

(૮)

સંસારનું કારણ કિયું રે, તે તો આજ દાખું તને;
ગુરૂએ સમજાવ્યું રે, જેવું તેવું ભાઈ મને. ટેક.
કારણ સંસારનું જીવને માનો, સમજી સારી પેઠ,
અથવા તો ભાઇ ચિત્તને માનો, બીજાને વળગી વેઠ;
આવો તપાંસુ રે તમે ભાઈ મારે કને. સંસારનું.
દેહ અલ્યા એ તો હલકામાં હલકો, મુંગો કહે સંતલોક,
એને કોઇ ન કારણ ધારે, ધારે તો ધારવું ફોક;
એણે શું કીધું છે રે, આવિયો જે નિધને. સંસારનું.

આત્મા તો અવિનાશી અખંડિત, સંસારી ન કેહવાય,
હીંચકા ખાતો જીવ છે કારણે, બોલ્યા વિના ન રેહવાય;
માનો મારૂં સાચું રે, લોભ નહિ તને ધને. સંસારનું.
એ કારણ રૂપનો નાશ નથી, જડ દેહ ગયે જીવ જાય,
બીજા માંહી જઈ બેસે એ તો, જેમ ઘડા પાણીનું થાય,
બાપુ ખરી વાતો રે, સમજાયે નહિ જ્ઞાન વને. સંસારનું.

(૯)

ભ્રમજળ ભાગો રે, તો તો પામો મુક્તિને;
ભ્રમ કાઢી નાખો રે, જણાવું જુક્તિને. ટેક.
ઊંબાડિયું એક હાથ લેઇ, ફેરવે બાળ અપાર,
અગ્નિ ચક્ર નહિ પણ ચક્ર દેખાશે, મિથ્યા એ વિચાર;
ભ્રમ છે એવો રે, ભજો નવ ભુક્તિને. ભ્રમ.
તેમ ચિત્ત તારૂં જો ભ્રમમાં પડયું તો, તેની ન કરવી વાત,
ખરા ખોટાની એહ ભૂલવશે, જાત અને વળી ભાત;
સમજો શાણા રે, તજો એવી રૂક્તિને. ભ્રમ.
ખોટું જગત તે ખરૂં કરી કેહશે, ચિત્ત ભ્રમનું એ કામ,
શાણા સમજીને અડકાવે, ભુલાવે પરમધામ;
નામ જાય નાશી રે, જોઈ ચિત્ત ચુક્તિને. ભ્રમ.
ભેદ સમજયો તેને ભ્રમ ભાગ્યો, બીજાને જાગ્યો અપાર,
કોને પડી તે સમજાવે તેને, ખરૂં કહે નિરધાર;
બાપુ કોય પુણ્યે રે, પામે વય પુક્તિને. ભ્રમ.

(૧૦)

કૃષ્ણજી કાળા રે, મૂકો તમે સહુ ચાળા;
મોરલીવાળા રે, પ્રકટયા તમે ગોવાળા. ટેક.
ગોવર્ધન ધરીને, ગઉઆં રાખી, મારી નાખ્યા રિપુ વાઘ,
ગોપીની સાથે રાસજ રમિયા, ઋચા માટે નવ ડાઘ;
સાધ તમે સાચા રે, નચવી હરિ બાળા. કૃષ્ણજી.
કામ કેશીને ઠીક વિડાર્યો, ક્રોધ કંસનો કર્યો ઘાત,
લોભ બગાસુર ઠીક સૂવાડયો, માંહે અજગરને મારી લાત;
મદ નાગને નાથ્યો રે, ખરા મુરલીવાળા. કૃષ્ણજી.

CENTRAL LIBRARY

બાપુ સાહેબ.

મત્સર તૃણાવર્ત હરજી તોડયો, ગાજયું ગોકુળ ગામ,
ઉર્મિ પૂતના મારી નાખી તેણે, જુગમાં ગવાયું નામ;
બ્રહ્મભેદ જાણ્યો રે, હરજી હતા ખાળા. કૃષ્ણજી.
એવા કૃષ્ણનું વર્ણન કરતાં, તરી ગયા વેદ વ્યાસ,
બ્રહ્માનંદ ભલો રે ભજાવ્યો, ગાય શું બાપુદાસ;
નમું બ્રહ્મ રૂપે રે, કરે રસ્મે ઢાળા. કૃષ્ણજી.

4. Premanand Svami (1779-1845 A. D.)

A well known *sādhu* from Ayodhyā, named Svāmi Sahajānand came to Gujarāt towards the end of 18th century and founded an order of Sādhus both in Gujarāt and in Kathiawār. The objects of that order were to spread the cult of *Bhakti* and Krishnā worship in their original purity in place of the excesses and luxuries of the Vallabhāchāris The organisation was austere in its simplicity and military in its strict discipline. The members of the order had to vow complete renunciation of woman's company and they were never allowed to be alone outside their cloisters. They had to renounce all pleasures of the flesh and even in their food they had to mix up all the dishes together before eating. This stern discipline attracted a great many pious and earnest souls and they undertook to spread the ideas of their cult through music and poetry. Their influence upon the unruly Kāthis was distinctly for the good. Their poetry forms a school by itself and has certain features in common just as all their names have the ending-*ānand* to their names.

Premānand was the earliest poet of this order. He sings of his beloved Krishnā "as if he were a Gopi and Krishnā her lover". Hence he used the feminine soubriquet of "Prem-Sakhi". His poems are તુળસીવિવાહ, થાળ*, સ્વામી

* This describes an imaginary banquet to which the Gopi would invite Krishnā. It gives an excellent but a long (and rather indigestable) *menu*. It seems rather surprising that a man who had killed out all taste should have been able to produce the description of a banquet which an epicure would admire.

CENTRAL LIBRARY

નારાયણનો વિજોગ and beautiful *padas* about Krishnā both in Gujarāti and Hindi. He was an excellent musician and this has given his verses a special charm when they are sung.

I. From તુળસી વિવાહ.

1. The love of the Lord for Tulsi.

(૧)

સાંભળજો હરિજન થઈ સાવધાન રે;
વરણવું વૃંદાતણું આખ્યાન રે.
રાજા એક કુશદ્વિજ બડભાગી રે;
પ્રભુજીનાં ચરણ કમળ અનુરાગી રે.
કન્યા તેની તુળસી વેદવતી બેય રે;
મહાત્યાગી પતિવ્રતા અતિ તેય રે.
પેહેલો એમ કીધો બેઉએ વિચાર રે;
પતિ થાએ આપણા વિશ્વાધાર રે.
બેઠી તે તો તપ કરવાને કાજ રે;
તેના ઉપર રિઝયા શ્રી મહારાજ રે.
આગે આવી ઉભા શ્રી ઘનશ્યામ રે;
પ્રેમાનંદનો સ્વામી પુરણકામ રે.

(૨)

બોલ્યા હરિ માગો તે વર આપું રે;
બીજાં સર્વે જે દુઃખ હોય તે કાપું રે.
વેદવતી કહે તમો મારા પતિ રે;
તે તો હરિ વરિને પામી સુખ સતિ રે.
તુળસી તો ગણપતિ શ્રાપે પતિ પામે રે;
થયો એક અસુરોનો સ્વામી રે.
સાગર સુત જાલંધર તેનું નામ રે;
બલીયો બહુ માયા વિદુઃખ ધામ રે.
પતિવૃતા તુળસી તેની નારી રે;
રૂપશિલે સુંદરિ અતિ સુખકારી રે.

CENTRAL LIBRARY

તપ સત્ય ધર્મતણું એ ધામ રે;
પ્રેમાનંદ કહે દ્રઢ સતિ નિષ્કામ રે.

(૩)

તેને સત્યે પતિ તેનો તે અવધ રે;
જીત્યા તેણે ઇંદ્રાદિક દેવ સઘ રે.
એક સમે શિવ સાથે જુદ્ધ કરવા રે;
ગયો મંદમતિ શિવ પ્રાક્રમ હરવા રે.
થયો જુદ્ધ શિવ સેના સાથે ભારી રે;
જીત્યો શિવ ગણને તે અતિ અહંકારી રે.
આવ્યા શિવ કોપ કરી અભિરામ રે;
થયો તારે દારુણ અતિ સંગ્રામ રે.
થયો જુદ્ધ શિવ જાલંધરને કેવો રે;
વાણીયે તે વર્ણવ્યો નવ જાય એવો રે
તારે દૈત્યે ગાંધર્વી માયા વિસ્તારી રે;
પ્રેમાનંદ કેહ મોહ પામ્યા ત્રિપુસરી રે.

(૪)

પછે દૈત્યે શિવતણું રૂપ ધારી રે;
ગયો સતિ છલવા તે દુષ્ટ ભારી રે.
સતી જોઈ થયો તે કામાતૂર રે,
જાણ્યું સતીયે લેશે લાજ જરૂર રે.
પામ્યાં સતી તે થકી તે ઘણી ત્રાસ રે;
થયાં તરત અંતરધ્યાન અવિનાસ રે.
સતીએ તે હરિતણું ધ્યાન કીધું રે;
પ્રભુજીએ આવીને દરશન દીધું રે.
ગિરજાએ વિનતિ કીધી બહુ પેર રે;
શાંતિ આપી સધાવ્યા પ્રભુ ઘેર રે.
હરિયે તે લીધું તપસ્વીનું રૂપ રે;
બેઠા વન ધ્યાન ધરીને અનૂપ રે.
પ્રેમાનંદનો સ્વામી શ્રી મારાજ રે;
થયા જોગી વૃંદા છલવા કાજ રે.

CENTRAL LIBRARY

(૫)

વૃંદાનું વૃત્તાંત કહું તે, સાંભળજો કરિ પ્રીત;
સ્વપ્નમાં નિજ સ્વામિને, દીઠો તે અતિ વિપરીત.
તેલે નાયો નગ્ન બેઠો, પાડા ઉપર ધીર;
આભુષણ કાળા ફુલનાં, કીધાં તે ધારણ શરીર.
માંસ ખાનારા જીવે વિટાણો, દક્ષણ દિશામાં જાયે;
નિજ પુર બોળ્યું સાગરે, એમ દીઠું સ્વપ્નમાંયે.
સો છિદ્રસોતાં ઉગતાં, દીઠાં તે આદિત્ય દેવ;
તેજ રહિત મહા ભયંકર, જોઇ પામી દુઃખ તતખેવ.
વૃંદા વિચારે ચિતમાં, આવ્યું તે કષ્ટ અપાર;
પ્રેમાનંદ કહે વ્યાકુલ, કરે રુદન વારંવાર.

(૬)

શાંતિ ન પામે કયાંયે સુંદરી, ભમે વિકળ અનાથ;
ગૃહ તજી ગઈ બાગમાં, બે સખિ લઇને સાથ.
બાગમાંથી વનમાં ગઈ, ગહન વનમાં નારી;
ભ્રમણ કરે બહુ ભયે કરી, રોવે ઊંચે સ્વર પોકારી.
ત્યાં દીઠા બે વ્યાઘ્ર વદના, રાક્ષસ તે વિકરાલ;
તેને જોઈ અતિ ત્રાસ પામી, ખાશે આ તતકાળ.
ભાગી જાયે ત્યાં દીઠા મુનિ એક, શાંત પરમ દયાલ;
ચરણે પડી થર થર કંપે, રક્ષા કરો હે કૃપાલ.
શરણાગત અતિ વિકળ હોઇ, કીધો મુનિવરે હુંકાર;
પ્રેમાનંદ કહે અદશ થઈ ગયા, રાક્ષસ બેઊ તે વાર.

(૭)

કરી પ્રણતિ જોડી બે પાણી રે, વૃંદા બોલી તે મધુરી વાણી રે;
મારી રક્ષા કીધી તમે ભારી રે, મહા ભય થકી નાથ ઉગારી રે.
મારી વિનતિ છે એક દેવ રે, મને કહજો જથારથ ભેવ રે;
મારો ભરતા જાલંધર નામ રે, ગયો શિવ સાથે કરવા સંગ્રામ રે.
તે જીવે છે કે મુવો નાથ રે, મુને કેજયો જથારથ વાત રે;
એમ કેતાં કપિ બે આવ્યા રે, તેનું માથું ને ધડ બે લાવ્યા રે.
મુવો દીઠો પોતાનો સ્વામી રે, તુળસી તરત તે મૂર્છા પામી રે;
મુનિયે કમંડલનું છાંટી પાણી રે, પ્રેમાનંદ કહે ઉઠાડી દયા આણી રે.

CENTRAL LIBRARY

(૮)

ઉઠી વિલાપ કરી બહુ વાર રે, કીધો મુનિવરને નમસ્કાર રે;
કહે મુનિવરને દીનબંધુ રે, આપો પતિદાન તે કૃપા સિંધુ રે.
પતિ વિના અનાથ હું નાર રે, સ્વામિ વિના તે ધિક્ અવતાર રે;
તમે સાંભળો મુનિ સુજાણ રે, પતિ વિના ન રાખું હું પ્રાણ રે.
તમે ધર્મજ્ઞ પરમ પુનિત રે, જાણો પતિવ્રતા નારીની રીત રે;
પતિવ્રતાને વહાલું ન કોઇ રે, પ્રેમાનંદ કહે જીવે પતિ જોઈ રે.

(૯)

તમે સર્વજ્ઞ ધર્મજ્ઞ ધીર, જાણો અંતરની પરમ પ્રવિલ;
એને જીવાડો મુનિવર જ્ઞાની, મારે ઇચ્છા છે પતિને મલ્યાની.
મારી ઇચ્છા પુરો મહારાજ, આપો પ્રાણદાન મને આજ;
મને પ્રાણથી પતિ ઘણો વહાલો, મુનિ જીવતદાન તમે આલો.
તારે હસિને બોલ્યા મુનિરાયે, શીવે માર્યો તે જીવતો ન થાયે;
વૃંદા તુજપર દયા મારે અતિ, માટે જીવતો કરૂં તારો પતિ.
મુનિયે કૃપા કરી જોયું જયારે, થયો બેઠો જાલંધર તે વારે;
પ્રેમાનંદ કહે પ્રવેશ થયા હરિ, વૃંદા હસીને મલી ભુજ ભરી.

(૧૦)

હરિ સાગર સુત રૂપ થઇને, રમ્યા વૃંદા સંગે વન રહીને;
પતિ રૂપ હરિ વર સંગે, એમ થઈ વૃંદા પતિવૃત ભંગે.
એમ વૃંદા છલી હરિયે જયારે, શીવે માર્યો જાલંધર ત્યારે,
બહુ કાલ કીધો વિહાર, વૃંદા સંગે હરિયે સુખ સાર.
એક સમે હરિનું સ્વરૂપ, દીઠું વૃંદાએ પરમ અનૂપ;
શંખ ચક્ર ગદા પદ્મ હાથ, અતિ સુંદર ત્રિભુવન નાથ.
વૃંદા બોલી તિરસ્કાર કરી, કીધું નિંદિત કર્મ તે હરિ;
દીઠું શિલ પરદારા ગામી, માયાવી છું પ્રેમાનંદના સ્વામી.

(૧૧)

તમે ધર્મધુરંધર કાવો રે, સામલિયા;
સહુને ધર્મમાં રાખો રખાવો રે, સામલિયા.

CENTRAL LIBRARY

તમને ધર્મ મૂર્તિ સૌ જાણે રે, સામલિયા;
તમને નિગમ પુરાણ વખાણે રે, સામલિયા.
તમે જુગોજુગ ધરી અવતાર રે, સામલિયા;
કરો ધર્મ રક્ષણ વારંવાર રે, સામલિયા.
એવા ધર્મશીલ તમે થઇને રે, સામલિયા;
મુને છલી કપટરૂપ લઇને રે, સામલિયા.
તમે પરસ્વારથને કાજ રે, સામલિયા;
કરી કપટ લીધી મારી લાજ રે, સામલિયા.
બીજો હોય તો કરું બાળી છાર રે, સામલિયા.
તમને કાંઈ નવ થાયે કિરતાર રે, સામલિયા.
તોયે એટલો દેઉં તમને શ્રાપ રે, સામલિયા;
થઈ પથર પુજાઓ આપ રે, સામલિયા.
પ્રેમાનંદનો નાથ કહે પ્યારી રે, સામલિયા;
તું થા વૃક્ષ વૃંદા સકુમારી રે, સામલિયા.

(૧૨)

રહો રુદાયે જોગ તારે મારો રે, સુણ પ્યારી;
તુજ વિના ન રહું ક્ષણ ન્યારો રે, સુણ પ્યારી.
વૃંદા તું મુજને ઘણી વ્હાલી રે, સુણ પ્યારી;
તારે વશ થયો હું તો આલી રે, સુણ પ્યારી.
યજ્ઞ ભોગ પૂજા ઉપચાર રે, સુણ પ્યારી;
તુજ વિના ન કરે અંગીકાર રે, સુણ પ્યારી.
સુર અસુર મનુષ્ય નર નારી રે, સુણ પ્યારી;
તુજ વિના ન કરે પૂજા મારી રે, સુણ પ્યારી.
હરિયે રાજી થઈ વર દીધો રે, સુણ પ્યારી;
વૃંદાયે શ્રાપ અંગિકાર કીધો રે, સુણ પ્યારી.
એમ હરિ થયા શાલગરામ રે, સુણ પ્યારી;
તુળસિ વૃક્ષ થયા ગુણ ધામ રે, સુણ પ્યારી.
એમ વૃંદા હરિને વરિયાં રે, સુણ પ્યારી;
મન વાંચ્છિત કારજ સરીયાં રે, સુણ પ્યારી.
એમ તુળસી શાલીગ્રામ જોડ રે, સુણ પ્યારી;
પૂરો પ્રેમાનંદનાં કોડ રે, સુણ પ્યારી.

CENTRAL LIBRARY

તુળસી વિવાહ.

2. The wedding pavillion and the guests.

(૧)

વિશ્વકર્મા તે વેલેરા આવિયા, કોડે કરવારે રચના અનૂપ—સાહેલી.
રચ્યા બાગ બગીચા ને બેઠકું, ઉતારા રે અતિ સુખરૂપ—સાહેલી.
રચ્યો મંડપ અતિ રળિયામણો, હિરા માણક રે રતન જડાવ—સાહેલી.
રચ્યા અગણિત થંભ અતિ ઓપતા, નાના રંગના રે ચિત્ર બનાવ—સાહેલી.
મેલ્યા ગોખ ઝરોખા ને બારિયું, માંહે કિધલાં રે મિનાકારી કામ—સાહેલી.
છાયો મંડપ કલ્પવૃક્ષે કરી, શોભે કંચન રે કલશ અભિરામ—સાહેલી.
રંગ્યાં કેલનાં વૃક્ષો સોહામણાં, ફૂલી રહ્યાં રે કલ્પતરુ વૃંદ—સાહેલી.
ફુલ્યાં ચંપા ચંપેલી ને કેતકી, ફલ્યાં પંકજ રે ઉડે મકરંદ—સાહેલી.
શોભે કનકલતા દ્રુમ વેલિયું, શોભે સુંદર અશોક ને અંબ—સાહેલી.
ફુલ્યાં પોહોપ પારીજાતના દ્રુમ, શોભે કુંજ રે કદલી કદંબ—સાહેલી.
બાંધ્યા ચંદ્રવા સોનેરી ચિત્રના, મોટા મોતીના રે તોરણ દ્વાર—સાહેલી.
કોટી રતનના દીપક દીપતા, પ્રેમાનંદ કેરે જાણે શુક નિહાર—સાહેલી.

(૨)

રચ્યું રતન સિંહાસન સાર, તેની તે શોભા શી કહું;
જાણે ઉગ્યા તરણી અપાર, જોઇને તે જન મોહ્યાં સહુ.
નાના રંગના રતન પ્રવાલ, જડિયું હિરામણિ શોતીયે;
પન્ના પીરોજા ચુનિયું લાલ, શોભે છે ઝગમગ જ્યોતીયે
રચી ચોરી ચતુરાઈ આણી, કુંદન મણિમય શોભતી;
રચી વેદીયું પરમ અનૂપ, સુર નરના મન લોભતી.
જડ્યા કંચન કુંભ અનૂપ, કંચન ઝારિયું સુંદર;
જડ્યા પલંગ સરસ સુખરૂપ, પંચરંગ પાટી મનોહર.
જડ્યાં બાજોટિયાં બહુ ભાત, નવરંગ રતન મણિયે કરી;
રચ્યા હવન કુંડ કરિ ખાંત, ઉપમા તે નવ જાયે ઉચરી.
રચી ઓટલીયું અભિરામ, કંચન મણિમય શોભતી;
છાંટ્યાં સુગંધી જલ સુખધામ, નિરખીતે લાજે રતિપતી.
કીધા અગરુના ઉત્તમ ધૂપ, છાંટ્યાં કસ્તુરી ને કેસરી;
શોભા જોઈ મોહ્યા સુર ભૂપ, આનંદ જાય તે ઉભરી.

CENTRAL LIBRARY

ગાયે ભામનિ મંગલ ગીત, વાજાં વાજે રળીયામણાં;
પ્રેમાનંદ પ્રફુલિત ચિત, ગાય તે ગુણ ગોવિંદતણા.

(૩)

આણે મંડવે જે જે દેવ આવ્યા, નામ લેને ઓળખાવું;
આવ્યા બ્રહ્મા મૂર્તિમાન વેદ રે, હેતે કરી વધાવું.
આવ્યા વસુ આદિક બહુદેવ રે, ધન્વંતરિ વૈદરાજ;
આવ્યા ઇંદ્ર આદિક દેવ વૃંદ રે, સર્યાં સઘલાં કાજ.
આવ્યા ચંદ્ર સૂરજ ધરિ રૂપ રે, અગ્નિ વાયુ વરુણાદિ;
આવ્યા સિદ્ધ ચારણ ને ગંધર્વ રે, બાલ વૃદ્ધ તરુણાદિ.
આવ્યા લોકપાલ દિગપાલ રે, પરવત વન સાગર;
આવ્યા કામધેનુ કલ્પવૃક્ષ રે, નિધિ સિધિ નાગર.
આવ્યા ગંગાદિક નદિ વૃંદા રે, પરવત પત્ની આવિયાં;
આવ્યા શચી સહિત દેવ ત્રિય રે, સહુને મન ભાવિયાં.
આવ્યા ચંદ્ર સૂરજ અગ્નિ નારી રે, વાયુ વરુણ ભામની;
આવ્યા ઉર્વશી રંભા આદિ રે, અપસરા ગણ કામની.
આવ્યા નારિયે સહિત અગણિત રે, મોટા મોટા મહિપતિ;
આવ્યાં મેના આદિક નગનારી રે, પતિએ સહિત રતિ.
ગણ્યા સુર મુનિ દ્વિજ નરનાર રે, માંડવિયાનાં નામ;
પ્રેમાનંદ કહે ભીમકરાય, નિરખી થયા રે પુરણ કામ.

(૪)

ગંગા જમના રે સરસ્વતી, આવ્યા મૂરતિ રે માન;—તુળસિજીને રે માંડવે.
સરજૂ કાવેરી કૌશકી, રેવા તાપી રૂપવાન;—તુળસિ.
ચંદ્રભાગા ગોદાવરી, સિંધુ સહિત અપાર;—તુળસિ.
ઉરવશી રંભા ને ઘૃતાચિ, મેનકા તીલોતમા નાર;—તુળસિ.
સિદ્ધિ અણીમાદિ આવિયો, શંખ પદ્માદિનિધ;—તુળસિ.
મૂરતિ ધરી સહુ આવિયાં, પુરવા નાનાવિધ રિધ;—તુળસિ.
કામધેનુ ચિંતામણી, કલ્પવૃક્ષનાં રે વૃંદ;—તુળસિ.
મૂરતિમાન સહુ આવિયા, કરવા જનને આનંદ;—તુળસિ.
વન ને પરવત ધરી મૂરતિ, હરખે આવ્યા ધરિ રૂપ;—તુળસિ.
શુક સનકાદિક આવિયા, પ્રેમાનંદ કહે મુનિ ભૂપ;—તુળસિ.

CENTRAL LIBRARY

3. The procession.

(૧)

વરઘોડો વાલાજીનો નિસર્યો રે,
શોભા મુખે કહી નવ જાય રે–ત્રાંબાલું ઊંટે ગડગડેરે.
શોભે સુંદર વર સુરજ સરખા રે,
ઘોડલાંની ઘુમર માય રે.—ત્રાંબા.
શણગાર્યા હાથી ને ઘોડા પાલખી,
રથ માફા તે રતન જડાવ રે;—ત્રાંબા.
શોભે જનૈયા રૂડા જગદિશના રે,
હિરા માણક મોતિડે ગરકાવ રે.—ત્રાંબા.
શોભે મુનિવર દ્વિજ બેઠા હાથિયે રે,
છાયાં ગગને તે અમર વેમાન રે;—ત્રાંબા.
કરે કુસુમ વૃષ્ટિ સરવે દેવતા રે,
નાચે અપ્સરા ગાંધર્વ કરે ગાન રે.—ત્રાંબા.
ઉડે આતશબાજી બહુ આગલે રે,
બોલે જે જે બહુ છડિદાર રે;—ત્રાંબા.
છત્ર રતન જડિત શિર શોભતા રે,
રૂડા ચમર ઢલે લખ ચાર રે.—ત્રાંબા.
વાજે વાજાં આગળ બહુ ભાતનાં રે,
ગાયે માનિની ઓચ્છવ થાય રે;—ત્રાંબા.
શોભા જોઈ સુંદર ઘનશ્યામનિ રે,
પ્રેમાનંદ બલહારી જાય રે.—ત્રાંબા.

(૨)

માણકિ છે ઘોડિ ને મોતીડે જડાવ,
અલબેલાજી અસવાર રે–નિરખી નેણાં લોભાણાં;
મણીનો છે મોરડો જરીના પલાણ,
રતન જડિત કોટે હાર રે.—નિર.
રતન જડિત કલંગી શિર શોભે,
મોતીડે ગુંથી કેશવાળી રે;—નિર.
રતને જડિત સુંદર શોભે લગામ,
હરિવરના હાથમાં મેં ભાળી રે.—નિર.

CENTRAL LIBRARY

પ્રેમાનંદ સ્વામી.

પચરંગ પાટીનો જેર બંધ કશિયો,
પાગડે રતન જડ્યાં સાર રે;—નિર.
રતન જડિત ડુમચીની રે શોભા,
રતન ઝાંઝર ઝબુકાર રે.—નિર.
ચંચળ છે ઘોડી ચતુર અસવાર,
જોઇને ચકિત નરનાર રે;—નિર.
જનૈયા જુથમાં શોભે સુંદરવર,
સામળિયો સિરદાર રે.—નિર.
ઉડગણમે જેમ શોભે ઉડપતિ,
એમ શોભે અલબેલો રે;—નિર.
પ્રેમાનંદ કહે પ્રભુ આવ્યા બજારે,
સુંદર વર રંગ છેલો રે.—નિર.

(૩)

વરઘોડે બેસિ વાલો આવે રે વિહારીલાલ,
સામો મળ્યો માલિડો લઈ હાર
તોરો સરસ બન્યો રે લાલ;
જાઈ જુઈ ચમેલી ને માલતી મોગરો,
સેહરામે સુગંધ છે અપાર.—તોરો
ગુલાબના ગજરા સોહે બોલછડિના બાજુ,
ગુલછબાની છડિ લીધી હાથ;—તોરો.
કેતકીની કલગી ને કેવડાની ટોપી,
સેવતીનાં છોગાં સોહે માથ.—તોરો.
ગુલદાવદિ ગુલાલ ગેંદા ગુલમેંદી ગુલબાસ,
ચંપાની સુગંધી ચારે પાસ;—તોરો.
ફુલડાંમાં ફુલિ રહ્યો કેશરિયો વર કાનજી,
શોભા જોઇ આનંદ હરિના દાસ.—તોરો.
પોહોપ ફુલ ને પારિજાત વરસે રે વજદારકા,
સુગંધીમે સામલિયો ગરકાવ;—તોરો.
પ્રેમાનંદ નિરખી જાય વારવાર વારણે,
રૂપાળો રંગભિનો બાંકોરાવ.—તોરો.

CENTRAL LIBRARY

(૪)

રાય રે ભીમક તારૂં શહેર સાંકડું,
મારા હરિવરના હાથિડા ન માય રે;—
વિકલ વર આવે વાંકડો.
રાય રે ભીમક તારો બજાર બહુ સાંકડો,
રથ પાલખીને સાંકડ બહુ થાય રે —વિ.
રાય રે ભીમક તારા ચૌટા બહુ સાંકડા,
ચૌટે આતસબાજી નવ ઉડવાય રે—વિ.
રાય રે ભીમક તારી શેરી બહુ સાંકડી,
મારા હરિવરના જનૈયા કચરાય રે—વિ.
રાય રે ભીમક તારી મેડી બહુ સાંકડી,
મેડિયે અમર વેમાન અટકાય રે—વિ.
રાય રે ભીમક તારાં બારણાં બહુ સાંકડાં,
બારણે અસવારી ઉભી અકળાય રે—વિ.
રાય રે ભીમક તારા આંગણીયે ઉભા રયા,
ત્રિભોવન પતિપર બ્રહ્મરાય રે—વિ.
રાય રે નિરખીને નેણાં રે શીતલ થયાં,
તન મન પ્રેમાનંદ વારી જાય રે—વિ.

(૫)

ઉઠો રે ભીમકની નાર, તોરણ આવ્યા જગ આધાર;
કયારેના વર ઉભા બાર, આવડલી શી લાગી વાર.
કયારેના શું સજો શણગાર, પોંખવા સારૂં થાઓ ત્યાર;
ઉભાં થઈ છે ઘડી બે ચાર, તમને તો નહિ લાજ લગાર.
દ્વારે ઉભા ખોટી થાએ, જનૈયા ઉભા અકળાયે;
કયારની આવિ ઉભી જાન આકાશે ઉભાં વેમાન.
રોકયાં સરવે શેરિ બજાર, જનૈયાનો વારના પાર;
આજ તમારાં ઉઘડયાં ભાગ, પ્રેમાનંદ કે વર પોંખવા લાગ.

(૬)

સાસુ આવ્યાં ઉઠી હરખ રે, વરને ઘુંઘટડામાં નરખે રે;
સાસું પોખે લઈ ધુસરૂં રે, કેછે નેણાથિ ન્યારા ન કરૂં રે.

સાસુ પોંખે મુસલ લઇ રે, વરને નિરખી રાજી થઇ રે;
સાસુ પોંખે લઇ રવાયો રે, જેને વેદ પુરાણે ગાયો રે.
સાસુ પોંખે સંપટ લઇ સારીઓ રે, હરિવર નિરખી અંતર ધારિયો રે;
સાસુ પોંખે છે લઇ ત્રાક રે, હરિવર હસિયા જોઇને જરાક રે.
સાસુ ઇંડી પીડી ઉતારે રે, હરિવર નિરખીને ઉર ધારે રે;
એમ વર કેશરીયો પોંખાય રે, પ્રેમાનંદ નિરખી રાજી થાય રે.

4 The departure of the pair.

(૧)

પ્રભુજી પરણ્યા રે તુળસિ, જનને હરખ અપાર;—પ્રભુજી.
જદુપતિ સજી રે જાનને, ચાલવા થયા તૈયાર.—પ્રભુ.
ગગને દુંદુભિ ગડગડે, વરસે સુમન વરસાત;—પ્રભુ.
વિવા જોઇને જદુરાયનો, અમર થયા રળિયાત.—પ્રભુ.
શીવ બ્રહ્મા ને સુરપતિ, આવ્યા શ્રી હરિ પાસ;—પ્રભુ.
આજ્ઞા માગી મારાજની, વેમાન ઉડયાં આકાશ.—પ્રભુ.
વસુદેવ મળ્યા વેવાઇને, હરખે ભેટયા ભરિ બાથ;—પ્રભુ.
ભીમક નેણે રે નીર વહે, ઉભા જોડીને હાથ.—પ્રભુ.
ભીમક ભક્ત હરિરાયના, થયા અતિશે દલગીર;—પ્રભુ.
પ્રભુજી વિછડયાની વેદના, નેણે વહે રે નીર.—પ્રભુ.
ભીમકે કન્યા વળાવિયાં, દીધી સેના બહુ સાથ;—પ્રભુ.
રથે બેશી પ્રભુજી ચાલીયા, પ્રેમાનંદનો રે નાથ.—પ્રભુ.

(૨)

રે હરિ કેજો અમારા જઇ રામ રામ;
રામ રામ રામ રામ રે, હરિ સઉનાં તે લઇ લઇ નામ નામ.
નામ નામ નામ નામ રે, હરિ કેજો તે વિગતે સઉને;
સઉને સઉને રે, તમારી, વાલી તે રીંછડી વઉને.
વઉને વઉને રે, હરિ બીજી તમારી પટરાણીયો;
રાણીયો રાણીયો રે, તમે જયાં ત્યાંથી ગુંટીને આણીયો.
આણીયો આણીયો રે, તમે જાત ભાત કોઇની ન ગણી;
ન ગણી ન ગણી રે લાવ્યા રીંછડી રૂપાળી રૂપની મણી.

CENTRAL LIBRARY

તુળસી વિવાહ.

નિમણી નિમણી રે, હરિ ભાભી તમારી ઓળખી ખરી;
ખિખરી ખિખરી રે, એને હળમાં તાણીને ઢુંકી કરી.
કિકરી કિકરી રે, હરિ બેહેન તમારી બહુ ગુણ ભરી;
ગુણ ભરી ગુણ ભરી રે, એ તો જોગી સાથે ચાલી નીસરી.
નિસરી નિસરી રે, તમારી પ્રઇને તો જાય બલિહારિયે;
હારિયે હારિયે રે, એક પુત્ર તો જાયો કુંવારીયે.
વારિયે વારિયે રે, બિજાં નામ લેતાં સહુ ચાઇએ;
ચાઇયે ચાઇયે રે, સમજી મનમાને મન હરખાઇએ.
ખાઇયે ખાઇયે રે, હરિ કુલ તમારૂં અતિ પાવન;
પાવન પાવન રે, સર્વે પાપના પુજન સાવન.
સાવન સાવન રે, એવા ગુણ તમારા ગાયે સાંભળે;
સાંભળે સાંભળે રે, પ્રેમાનંદ કહે પાપ તેનાં બળે.

(૩)

તુળસી પરણીને પ્રભુ ચાલીયા, બેસી રથમાંયે શ્યામ રે;
કુંવરીને માયે બેસારીયાં, વામ લાગે તે સુખ ધામ રે
વાજાં વાગે બહુ ભાતનાં, ગાયે માનિની ગીત રે;
ભીમક વળાવાને નિસર્યાં, પ્રભુજી સાથે બહુ પ્રીત રે.
ગદ ગદ થઈ વાણિ ઉચરે, રૂડા ભીમક ભૂપ રે;
નાથ વિસરજો મા મુજને, સુખ નિધિ સુખ રૂપ રે.
દાસ જાણીને સંભારજો, અવગુણ કરજો માફ રે;
અખંડ રેજો રે મારા ઉરમાં, ટાળો ત્રિવિધિના તાપ રે.
જાન વળાવી પાછા વળ્યા, ભીમકરાય નરદેવ રે;
જનમ સુફલ કરિ લીધલો, ભલી કીધી છે સેવ રે.
પ્રભુજી વેગે પધારીયા, આવ્યા નિજ તે ધામ રે;
ગાજતે વાજતે મંદિરમાં પ્રભુ, આવ્યાં પુરણ કામ રે.
આવીને તોરણ ઉભા રહ્યા, પોંખ્યા માતાએ પ્રીતે રે;
એકિ બેકિ રમ્યા વરલાડલી, જાદવરાય જીતે રે.
ગણપતિ પુજી પાય લાગીયા, વર કન્યાની જોડ રે;
લાડો લાડી છોડે દોરડા, પુરો પ્રેમાનંદનાં કોડ રે.

(૪)

દોરડો નવ છુટે હો હરિવર દોરડો નવ છુટે
એ તો ધનુષ નહિ જે તુટે હો.—હરિ.

તમે સીદને આકલા થાઓ હો;—હરિ.
પિતા વસુદેવને બોલાવો હો.—હરિ.
એ તો કન્યાના કરનું કારણ હો;—હરિ.
નથી ખાવું મહી ને માંખણ હો.—હરિ.
એ તો કન્યાના કરનો સોહાગ હો;—હરિ.
નથી નાથવો કાલી નાગ હો.—હરિ.
એ દોરડો છુટશે જ્યારે હો;—હરિ.
આવશે બળભદ્ર વિર તે વારે હો.—હરિ.
તમે શીદને થાઓ હેરાન હો;—હરિ.
લાગો વહુને પગે મેલો માન હો—હરિ.
બોલે લાડીના પક્ષની નારી હો;—હરિ.
જાયે પ્રેમાનંદ બલિહારી હો.—હરિ.

II. Miscellaneous *Padas*.

(૧)

ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણા આધાર, જોઇને જીવું છું.
તન મન ધન તમ ઉપરે, લે વારૂં વાર હજાર. જોઇને.
સુંદર મુર્તિ મોહની, મારા મનમાં ખુંચી રાજ; જોઈને.
તમવિના મુને કામ બીજું, કાંઈ ન સુજે કાજ. જોઈને.
પાપણપર આંટો દઈ, તમે બાંધી પાઘ અનૂપ; જોઇને.
કોટી કંદર્પ વારણે, લે વારૂં એવું રૂપ. જોઇને.
ભાળ તિલક શોભા ઘણી, જાણે ભ્રકુટી કામણ બાણ. જોઈને.
કમળ નયણ કટાક્ષમાં, મારા તાણી લો છો પ્રાણ. જોઇને.
મધુર મધુર હસવું જોઇને. વાધે પ્રેમ અપાર; જોઇને.
ત્રિભુવનમાં એવી કોણ છે, જે વશ નવ થાયે નાર. જોઇને.
વામ કરણમાં શ્યામ છે, તિલ નિરખ્યા જેવો નીત; જોઇને.
તિલ જોઈ જમણા ગાલમાં, વાધે પ્રેમાનંદને પ્રીત. જોઇને.

(૨)

શી કહું શોભા અંગની, જોઈ લોચનીયાં લોભાય; ચિતડું ચોરે છે.
નિરખી નાશા કિરની, મારા ભવના પાતિક જાય. ચિ.

અધર પ્રવાળાંની ઓપમાં, જાણી કુંદ કળી સમ દાંત; ચિ.
ચિબુક તણી શોભા ઘણી, કંબુ કંઠ જેવાની ખાંત. ચિ.
વક્ષ સ્થળ વાલું ઘણું, મુને મળતાં વાધે પ્રીત; ચિ.
આજાનબાહુ ઉર ધરી, આવો મળીએ મોહન મીત, ચિ.
ઉદરમાં ત્રીવળી પડે, ઉંડી નાભી નીત્તમ જેય; ચિ.
શ્યામ કટિ સોહામણી, ઉરમાહી રિયું મન મોય. ચિ.
જાનુ જુગલ છબિ જોઇને, મારો સુફળ થયો અવતાર; ચિ.
પેંડિ પેની નીરખતા, મારો દૂર થયો સંસાર. ચિ.
સોલે ચિન્હે જુકત છે, એવી જુગલ ચરણની જોડ; ચિ.
અખંડ રહો આવી ઉરમાં, પૂરો પ્રેમાનંદના કોડ. ચિ.

(૩)

હું તો વારી રે ગિરિધરલાલ, મોળીડે તારે રે;
આવી અટકયા છો અલબેલ, ચિતડે મારે રે.
તમે રાજી થઇને મહારાજ, મારે ઘેર આવો રે;
હું તો તલખું તમારે કાજ, હસિને બોલાવો રે.
મારે મંદિરિયું મહારાજ, પાવન કરવા રે;
આવો અલબેલા આધાર, ચિત મારૂં હરવા રે.
તમે આવતાં અલબેલ, બીક મા આણો રે;
મારે મંદિરિયે મહારાજ, ગમતું માણો રે.
તારૂં મુખડું જોવા નાથ, થઈ છું ઘેલી રે;
આવો પ્રેમાનંદના પ્રાણ, છોગલાં મેલી રે.

(૪)

આવો રસિયા રાજીવ નેણ, નંદના લાલા રે;
મારા પ્રાણ તણા છો પ્રાણ, મુજને વાલા રે.
મારે સુખ સંપત સુખ ધામ, નામ તમારૂં રે;
તારા નામ ઉપર વ્રજરાજ, સરવસ વારૂં રે.
મારે જોગ સમાધિ ધ્યાન, દરશન તારૂં રે;
તારા મુખપર શ્યામ શરીર, તનમન વારૂં રે.
તારાં લટકાં ઉપર લાલ, જાઉં હું તો ઘોળી રે;
મુને લટકાં જેવા માવ, લીધી ખોળી રે.

CENTRAL LIBRARY

વાલા આવા ને આવા શ્યામ, રહો દ્રગ આગે રે;
નિજ સેવક પ્રેમાનંદ, એ વર માગે રે.

(૫)

મારી પ્રીતિ પ્રાણ આધાર, તમ સંગ લાગી રે;
મેં તો અસત્ય જગતથી નાથ, આશા ત્યાગી રે.
એક તમે તમારા જંન, તે મને પ્યારા રે;
મારા જીવલડાથી નાથ, ન રહો ન્યારા રે.
વ્હાલા તમથી વિમુખ નર નાર, પશુવત દીસે રે;
તમ વિના તે બીજે ક્યાંય, મન નવ ઠીસે રે.
વાલા કલ્પતરુ તમે, શ્યામસુંદર છેલા રે;
ચિંતામણિ ચતુર સુજાણ, છો અલબેલા રે.
બીજું તમ વિના શ્યામ, સિન્ધુ ખારો રે;
મારે પ્રેમાનંદના નાથ, ભરોસો તારો રે.

(૬)

નહીં મેલું રે સુંદર શ્યામ, કુંજબિહારી રે;
હું તો દામ વિનાની નાથ, દાસી તમારી રે.
તમે ગુણવંત સુખના ધામ, સારંગપાણી રે;
હું તો હાથે તમારે નાથ—જી વેચાણી રે.
જેમ રાખો તેમ રહું નાથ, એક પગે ઊભી રે;
નહીં વરતું કોઈ દિન નાથ, તમને દૂભી રે.
તારાં ચરણતણી રજ શ્યામ, થઇને ચાલું રે;
કહો તો વ્રત રાખું વ્રજરાજ, તમને વ્હાલું રે.
જે કહેવું ઘટે તે કાન, મુજને કહેજો રે;
વ્હાલા પ્રેમાનંદપર નાથ, રાજી રહેજો રે.

(૭)

ગીરધારી આવો રે મારે ઘેર ગાજતા,
મારો વાલોજી છે શોભાના તો ધામજો;
શોભા તે જોઇને સુંદર શામની,
દુખડાં મારાં ભાગી ગયાં નહિ નામજો. ગીર.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

માથે ને મુગટ રે હરીને ફુલનો,
ફુલડાંના કાંઈ પેર્યાં છે સુંદર હારજો;
ઝીણી ને પછેડી રે શોભે ફુલની,
જોઇને મોહિ છે નાગર નારજો. ગીર.
કેસર ને ચંદન રે અંગલેપન કર્યાં,
ચાંદલીયામાં ચોખાની છે ભાતજો;
બાજુ છે કાજુ રે તોરા લટકતા,
ખાંતીલાને છે જોયાની ખાંતજો. ગીર.
સખા તે શોભે રે સૌ ગોવાળીયા,
ગાતા આવો હળવા હળવા ગીતજો;
પ્રેમાનંદનો સ્વામી સુંદર શામળો,
ચોરી લે છે નરનારીનાં ચીતજો. ગીર

(૮)

શેરડીએ આવ્યો રે સુંદર શામળો,
જોતા આવે નગરની બજારજો;
ઉંચી ને અટારી આવે આગળે,
જોવે વહાલો તેને વારંવારજો. શેર.
નાગરીયું આવીને ઉભી ગોખમાં,
જોઇને મોહી છે શોભા ધામજો;
સાન કરી સમજાવે સુંદર શામને,
મળવાને વાપ્યો છે અતિ કામજો. શેર.
કામકળામાં સુંદરવર પ્રવીણ છે,
વહાલોજી છે અતિ ગુણવાનજો;
ફુલ દડો ઉછાળીને આકાશમાં,
સણુઝાવી છે નેણાં કેરી સાનજો. શેર.
કોઇને હા કહી કોઇને ના કહે હેતમાં,
હસતા હસતા આવ્યા મારે ઘેરજો;
પ્રેમાનંદના સ્વામી આજ અદલક દળ્યા,
કીધી કીધી મુજ ઉપર ઘણી મહેરજો. શેર.

CENTRAL LIBRARY

(૯)

છેલ વર છોગાળા રે, છોગાળા, મરમાળા નેણાના ચાળા રે. છેલ.
આંખડલી કામણગારી, જાઉં મોહન મુખપર વારી રે. છેલ.
મુખડાંની મીઠી વાણી, હું તો લાવણ્યમાં લોભાણી રે. છેલ.
મેં તો રૂપ તમારૂં જોયું, જોઇને મન મારૂં મોહ્યું રે. છેલ.
પ્રેમાનંદ કહે તન મન વારૂં, જીવનજી ઉરમાં ધારૂં રે. છેલ.

(૧૦)

સખી આજ મોહન દીઠા રે, શેરીયે આવતા રે;
મોરલીમાં ગીત મધુરાં રે, ચાલ્યા આવે ગાવતા રે.
આવે વહાલો હસતા ને રમતા રે, ગોવાળાના સાથમાં રે;
ઉછળતા આવે મોહન રે, ફુલ દડો હાથમાં રે.
રંગડાનો રાતો ને માતો રે, ચાલ્યો આવે શોખમાં રે;
રસીયો જોવાને કાજે રે, ઉભી છું ગોખમાં રે.
મોહનજીનું મુખડું જોયું રે, ઘુંઘટની ઓટમાં રે;
જોઇને ઘાયલ થઈ છું રે, નેણાં કેરી ચોટમાં રે.
હૈયાપર હાર જ લેહકે રે, રહ્યું મન મોહીને રે;
બેહની પ્રેમ સખીના નાથને રે, રહી છું જોઇને રે.

(૧૧)

સખી અલબેલે વહાલે રે, કામણ મને કીધલાં રે;
મોરલીમાં મંત્ર ભણી રે, મન મારાં લીધલાં રે.
મોહનજીએ મોહની નાંખી રે, મીઠાં મીઠાં વેણની રે;
કાળજડું કોરીને પેઠી રે, ચપળતા નેણની રે.
સખી જલ ભરવા ગઈતી રે, જમુનાના ઘાટમાં રે;
અચાનક આવીને મળીયા રે, ભુજ ભરી વાટમાં રે.
તે દહાડાથી ઘેલડી કીધી રે, નંદને ગોવાળીયે રે;
બેહની મુને વશ કરી લીધી રે, મોહન વનમાળીયે રે.
મન મારૂં ઝંખીને રહ્યું રે, ક્યારે દેખું નંદનો લાલો રે;
હવે બેહની પ્રેમ સખીને રે, ક્યારે બોલાવશે વહાલો રે.

(૧૨)

સખી મને પ્રીત બંધાણી રે, કોડીલા કાનમાં રે;
નેણામાં વાસજ કીધો રે, શામલીયા વાનમાં રે.

CENTRAL LIBRARY

અધર રસ પાનજ કરવા રે, વશ થયા નાથને રે;
પ્રેમે ઉર ઉપર ધરવા રે, ભુજ દંડ હાથને રે;
સખી મુને લાલચ લાગી રે, વહાલાના અંગમાં રે;
ઘેલી થઈ વળવળું, નટવરના ઢંગમાં રે.
શિવ સનકાદિક જેવા રે, ઓળખતા ફરે છે રે;
તે રસ લોચન મારા રે, સખી નિત્ય પાન કરે છે રે.
મોટા મોટા મહા મુનિના રે, ધ્યાનમાં મોહન નાવે રે;
કૃપા કરી પ્રેમ સખીને રે, વહાલો નિત્ય લાડ લડાવે રે.

(૧૩)

ધર્મકુંવર શ્રી કૃષ્ણજી, તમે ભકત પતિ ભગવાન; એ વર માગું છું.
દયાનિધી તમો દાસને, અતિ આપો છો એ દાન. એ વર.
નિર્વિકલ્પ ઉત્તમ અતિ, એવું નિશ્ચે નાથ તમારૂં; એ વર.
અલબેલા તમ આગળે, હું અરજ કરૂં એ સારૂં. એ વર.
માહાત્મ જ્ઞાન સહિત હરિ, એવિ એકાંતિક ભકિત; એ વર.
ચિત્ત રહો તમ ચરણમાં, બીજે રહો સદા વિરકિત. એ વર.
માગુ તમારૂં ભકતપણું, હરિ એમાં કોઈ પ્રકાર; એ વર.
દોષ ન રહે કોઈ જાતનો, એ આપો ધર્મ કુમાર. એ વર.
તમારા કોઇ ભકતનો, મારે દ્રોહ કયારે નવ થાય; એ વર.
સંગ એકાંતિક ભકતનો, મુને નિત આપો મુનિરાય. એ વર.
દાસ તમારા દાસનો, મુને રાખો નાથ હજૂર; એ વર.
પ્રેમાનંદની વિનતિ, સાંભળજો શ્યામ જરૂર, એ વર,

III. સહજાનંદ વિજોગ

[This is a very fine specimen of an elegy. It was written upon the death of Swāmi Sahajānand. When it was recited the whole audience wept to hear it.]

(૧)

સજની શ્રીજી મુજને સાંભરિયા રે, હૈડે હરખ રહ્યો ઉભરાય;
નેણે આંસુની ધાર વહે રે, વિરહે મનડું વ્યાકુળ થાય. સજની.

CENTRAL LIBRARY

પ્રેમાનંદ સ્વામી.

સુંદર મૂરતિ શ્રી મહારાજની રે, સુંદર કમળ સરીખાં નેણ,
સુંદર કરતી લટકાં હાથના રે, સુંદર અમૃત સરખાં વેણ. સજની
શી કહું શોભા અંગો અંગ તણિ રે, નિરખી લાજે કોટિક કામ;
હસતા હસતા હેત વધારતા રે, એવા સુખ નિધિ શ્રીઘનશ્યામ. સજની
સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયા કોઇવાર;
ગુચ્છ કલગી તોરો ખોસતા રે, ગજરા બાજુ ગુલાબી હાર. સજની
એ છબી જોવા તલખે આંખડી રે, મધુરા વચન સાંભળવા કાન;
એ હરિ મળવાને હૈડું તપે રે, પ્રેમાનંદના જીવનપ્રાણ. સજની.

(૨)

મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે, ચિંતવન કરવા ચિત્ત આતૂર;
તરુણ મનોહર મૂર્તિ નાથની રે, રાજીવ લોચન જોબન પૂર, મનડું.
સોળે ચિહ્ન સહિત અતિ શોભતા રે, સુંદર ચરણકમળની જોડ;
હળવિ રહીને હેતે ચાંપતી રે, ક્યારે હવે પૂરશે મનનાં કોડ મનડું.
પિંડી જાનુ નિત્યે નિરખતી રે, રૂડિ સાથળ ચિહ્ન સહિત;
શ્યામ કટિ જોઉં જાદવરાયની રે નિત નિત નૌતમ ઉપજે પ્રિત. મનડું.
ઊંડી નાભિ કમળ સરીખડી રે, ત્રિવલ્લી નિરખી ઉદર માંય;
છાતી ઉપડતી અતિ ઓપતિ રે, હવે ક્યારે ભુજગ્રહી બાથ ભરાય. મનડું.
મુખની શોભા જોઈ મહારાજની રે, લાજે પંકજ પૂરણ ચંદ;
નાસા નેણ ભ્રૂકુટી જોઇ ભાળને રે, જાઉં બલિહારી પ્રેમાનંદ. મનડું.

(૩)

સજની નીમખ ન વિસરે, નાથજી રે, નિત્ય નવા તરુણપણાના ખેલ;
આ ઓસરિયે આવી બેસતા રે, આ ઢોલિડે નટવર છેલ. સજની.
આ તકિયે તે વાંસો મેલતા રે, માળા આ ફેરવતા શ્યામ;
ગાતા ગોટિડાના સાથમાં રે, ઘેરે સાદે પૂરણ કામ. સજની.
આ મોજડિયું ન્હાલો પેરતા રે, આ છડી લેતા કર વર માંય;
આ પાદુકા પેરી આવતા રે, મારે મંદિર મુનિના રાય. સજની.
આ ફળીયામાં ઘોડા ફેરવતા રે, માણકી મતવાલી મહારાજ;
સંતની સભા કરી ત્યાં બેસતા રે, શ્રીહરિ સુરનર મુનિ શિરતાજ. સજની
કિરતન મુનિવરને ગવરાવતા રે, ભેળા ગાતા સહેજાનંદ;
એવા ધરમ કુંવર હરિ ઉપરે રે, તન મન વારી પ્રેમાનંદ. સજની.

CENTRAL LIBRARY

(૪)

લટકાં લટકાળા ઘનશ્યામનાં રે, ખટકે ઉડા અંતર માંય;
પ્રીત કરી મુજને બોલાવતા રે, તે સંભારી બહુ દુઃખ થાય. લટકાં.
આ સજ્યા તે શ્રી મહારાજ તણી રે. આ બાજુ બેસતા લાલ;
આ ઠેકાણે નાતા નટવરજી રે, લુતા અંગ કર લઈ રૂમાલ. લટકાં.
આ ઠેકાણે જમવા બેસતા રે, જમતા વિધવિધનાં પકવાન;
સુંદર શાક કરી વંતાકનાં રે, જમીને દેતા પ્રસાદી કાન. લટકાં.
આ ખળખળિયે નહાતા નાથજી રે, નાહીને હરિજન મુનિ લઈ સાથ;
આવતા માણેકચોકમાં મલપતા રે, પુરજન થતાં જોઈ સનાથ. લટકાં.
વાલો બેસતા જઈ ફુલ બાગમાં રે, પેરતા ગજરા ગુલાબિ હાર;
જેમ સાંભરે તેમ થાય વેદના રે, પ્રેમાનંદના પ્રાણ આધાર. લટકાં.

5. Bhojo Bhagat* (1785-1850 A. D.)

An illiterate poor peasant born in the village of Gālol near Jetpur in Kāthiāwar was destined to leave an indelible mark on the hearts of the Gujarāti people. Illiterate he remained throughout his life, for he never was able to read or to write a single line himself but he had the divine gift of song in him which poured out in an unceasing stream from his heart. His songs were taken down and preserved by the loving devotion of his disciples. Here again we see as so often in the history of Gujarāti Literature, that the heart of Gujarāt is touched by devotion and sincerity, not by mere intellect. Bhojo has had the proud distinction of having his songs sung by the wandering street beggar thrumming the single string of his intrument, as also by the high class Brāhmana scholar in his study.

He was taken in hand by a *sannyasi* when quite a boy and taken over to Girnār. The grand forest scenery of Girnar made a lasting impression on the boy's mind and the wise ascetic turned his devotion from Nature to Nature's God. He seems to have been married at a subsequent period but he found that his wife wanted too many things which the poor man was unable (and also unwilling) to supply. So he sent her back to her own home. † He then became a complete recluse and retired to Fatehpur a small place near Amreli. There he drew the adverse notice of an officer of the Gāekawād but convinced him of his good faith by the

---

* There is another poet of the same name who has written a ચંદ્રહાસાખ્યાન probably in the second quarter of the 19th century (see જૂ. કા. હે., ૮, પૃ. ૬૮૧–૭૦૫ also its Int., p. 76.)

† *Brihat Kāvya Dohan*, viii, Int , p. 70.

CENTRAL LIBRARY

impromptu composition of his famous 150 *Chābkhās* or "Whips".

These "Whips" were the lashes with which he flogged the world around him. He was unsparing in his exposure of cant and hypocrisy. He is specially strong against the yellow-robed fraternity of sturdy beggars. His *Chābkhās* are as famous as the *Kāfis* of Dhiro. He also composed some beautiful songs which are known and sung in every household of Gujarat. Indeed so popular have they become that there is no Gujarāti who has not heard them sung. There is only one long poem of his the સેલૈયા આખ્યાન

Bhojo's style is certainly not "classical". He spoke the village dialect, but his words full of true poetic fire and coming straight and true from a courageous heart grip the heart of the reader.

1 The Cry of Draupadi [One of the most popular of Bhojo's Songs]

નાથ મોરી અરજ સુણો અવિનાશી,
હું તો જનમ જનમ તોરી દાસી. નાથ.
સતી સભામાં શ્યામ સંભારે; ત્રિકમ તોરે સંગ રાચી;
પારખુ પળમાં દેજો પાતળીયા, નહિ તો હવે થશે હાંશી. નાથ.
આ સમય તો અર્જુન જેવા, તે પણ રહ્યા છે તપાશી;
ભીમસેન બેઠા ભૂમિ ખોતરવા, પીઠ ફેરવી ગયા પાછી. નાથ.
પાંડવ તો પૃથ્વીને હાર્યા, હસ્તિનાપુર તણા વાસી;
અબળા નારી એમ પોકારી, જીવન તમને હું જાચી. નાથ.
ભીડ પડી હવે આવો ભૂદરજી, વનિતા કહે વ્રજવાશી;
ભોજો ભક્ત કહે ભક્ત વત્સલ, પ્રેમતણો છે પ્યાસી. નાથ.

પત રાખો પાંચાળી પોકારી, ના મોહી જાનત કે નોધારી; નાથ.
દુર્યોધન આ દુઃખ પહાયે, કલપત રાજ કુમારી;
કેશ પકડ કર લાયે સભામેં, જૈસે નિર્મળ કોઇ નારી. નાથ.

CENTRAL LIBRARY

ભોજો ભગત.

ભીમ ને દ્રોણ કરણ સબ બૈઠે, કૌરવ અંધ કચેરી;
સબકી મતિ હરિ ઐસી મીલે, કોણે ન વાત વિચારી. નાથ.
ઉઠે ભૂત રૂપ પર આયે, અંબર લેત ઉતારી;
ખેંચત ચીર વીર સબ દેખત, નવ મતિ શ્યામ સંભારી. નાથ.
અર્જુન, ભીમ, નકુળ ને સહદેવ, રહ્યા છે હિંમત હારી;
વિશ્વનાથ વિલંબ ન કીજે, અબ મોય લીયોની ઉગારી. નાથ.
વનિતાના વચન વજ્રસમ લાગે, ગરુડે ચડયા ગિરધારી;
ધાયે નાથ અનાથ કી વ્હારે, ભંજન ભવ દુઃખ તારી. નાથ.

II. From the ચાબખા.

(૧)

દેસિ સંતતણી લાવીરે, ભેળાં ફરે ખાવા ને ખાવી.—ટેક.
મોટાં કપાળે ટિલાં કરે ને, વળી ટોપી પટકાવી;
કંઠો ને ખલતો માળા ગળામાં, કાને મુદ્રા લટકાવી રે. દેસિ.
સંત સેવામાં સુખ ઘણું ને, કરે સેવા મન ભાવી;
તન મન ધન સોંપો એ સંતને, પ્રીતીયો લગાવી રે. દેસિ.
એવું ને એવું જ્ઞાન દિયે, બહુ હેતે બોલાવી;
ભોજો ભગત કહે રાખ્યા ચાહુમાં, ભેખે ભરમાવી રે. દેસિ.

(૨)

ભેખ તો ભાવર થકી ભુંડારે, મેલા અંતરમાં ઊંડા.—ટેક.
ટકો પૈસો ટેલ ગામ ગામ નાંખે, વળી ખેતર ખેતર ફુંડા;
જેની વાંસે ધાય તેનો કેડો ન મેલે, જેમ કટકનાં લુંડા રે. ભેખ.
ત્રાંખિયા સારૂ ત્રાગું કરે ને, વળી કામ ક્રોધના ઉંડા;
ધન ધુતવા દેશ દેશમાં ફરે, જેમ મલકમાં મુંડા રે. ભેખ.
ગામ બધાની ચાકરી કરે ને, ઘેર રાખે અગન કુંડા;
ભોજો ભગત કહે કર્મની કોટી, પાપ તણા જુંડા રે. ભેખ.

(૩)

જોઇ લો જગતમાં બાવા રે, ધર્યાં ભેખ ધુતિને ખાવા;—ટેક
જ્યાં ગ્રેમદા ઘણી પાણી ભરે, ત્યાં જાય નિત નિત નાવા;

રાંડી છાંડી નારનો નર ઘર ન હોય ત્યારે, બાવો બેસે ગાવા રે. જોઇ લો.
લોકનાં છોકરાંને તેડી રમાડે, વળી પરાણે પ્રીત થાવા;
ગૃહસ્થની સ્ત્રી રીસાઈ જાય ત્યારે, બાવોજી જાય મનાવા રે. જોઇ લો.
રૂપ કરે ને બાવો ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા;
ભોજો ભગત કહે ભાવેસું સેવે એને, જમપુરીએ જાવા રે. જોઇ લો.

(૪)

ભરમાવી દુનિયાં ભોળી રે, બાવો ચાલ્યો ભભુતી ચોળી.—ટેક.
દોરા ધાગા ને વળી ચીઠ્ઠી કરીને, આપે ગણુકારૂ ગોળી;
જીવને હણતાં દયા ન આણે, જેમ ભીલ કાપર કોળી રે. ભરમાવી.
નિત નિત દર્શન નીમ ધરાવે, ઘેર આવે ત્રિયા ટોળી;
માઈ માઈ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળી રે. ભરમાવી.
સઘળા શિષ્યને ભેળાં કરી ખાય, ખીર ખાંડ ને પોળી;
ભોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યો બોળી રે. ભરમાવી.

(૫)

મૂરખો રળી રળી કમાણો રે, માંથે મેલશે મોટો પાણો.—ટેક.
ધાઈ ધુતીને ધન ભેળું કીધું, કોટિધ્વજ કહેવાણો;
પુણ્યને નામે પા જો ન વાપર્યો, અધવચથી લૂટાણો રે. મૂરખો.
ભર્યો કોઠાર તારા ધર્યો રહેશે, નહિ આવે સાથે એક દાણો;
મસાણની રાખમાં રોળાઇ ગયા કંઈક, કોણ રંક ને કોણ રાણો રે. મૂરખો.
મંદિર માળિયાં મેલી કરીને, નીચે જઈ ઠેરાણો;
ભોજો ભગત કહે મુવા પુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણો રે. મૂરખો.

(૬)

મૂરખો માની રહ્યો મારૂં રે, તેમાં કાંઇયે નથી તારૂં.—ટેક.
સાત સાયર જેની ચોકી કરતા, ખરતું નીર ખારૂં;
ચૌદ ચોકડીનું રાજ્ય ચાલ્યું ગયું, રાવણાદિક વાળું રે. મૂરખો.
દુઃખને તો કોઈ દેખે નહીં, ને સુખ લાગે સારૂં;
વેળા વેળાની છાંયડી તારી, વળી જાશે વારૂં રે. મૂરખો.
હરિ ભજનમાં હેત જ રાખો, સ્મરણ કરો સારૂં;
ભોજો ભગત કહે રાખો હૃદયમાં, પ્રભુનું ભજન પ્યારૂં રે. મૂરખો.

CENTRAL LIBRARY

(૭)

ભક્તિ શિશતણું સાટું રે, આગળ વસમી છે વાટ.—ટેક.
એક દિવસ તો આવી બની, રાજા મૂરધ્વજને માથે;
કાશિએ જઇને કરવત મુકાવ્યું, હરિજનને હાથે રે. ભક્તિ.
સત્યને કાજે ત્રણે વેચાયાં, રોહિદાસ ને રાણી;
ઋષિને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણી રે. ભક્તિ.
પેરો પટોળાં પ્રેમના રે તમે, શૂરવીર થઈ ચાલો;
ભોજો ભગત કહે ગુરુ પરતાપે, આમરાપર માલો રે. ભક્તિ.

(૮)

દુનિયા દીવાની કહેવાશે રે, ભુંડી ભિતોમાં ભટકાશે.—ટેક.
પાપ જ્યારે એનું પ્રગટ થશે ત્યારે, ભૂવા જતિ ઘેર જાશે;
ધુણી ધુણી એની ડોક જ દુઃખશે, ને લેનારો લેઈ ખાશે રે. દુનિયા.
સ્વર્ગમાં નથી સૂપડું ને, નથી ખાંડણિયો ને ઘંટી;
દુધ ચોખાના જમનારા તમે, કેમ કરી જમશો બંટી રે. દુનિયા.
ઢોંગ કરીને ધુતવાને આવે ત્યારે, હાથ બતાવા સૌ જાશે;
ક્યારે આના કર્મનું પાનું રે ફરશે, અને ક્યારે પુત્ર જ થાશે રે. દુનિયા.
કીમિયાગર કોઈ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત કહે ભ્રમણમાં ભમતા, ગાંઠની મૂડિ ગમાશે રે. દુનિયા.

(૯)

ફેરવો મન તણી માળા રે, મુકોની તમે જગતના ચાળા. ટેક
ભલા ઘોડીયા જ્યારે ભેટશે, ત્યારે નહીં પોહોચે પાળા;
સાચા જુઠાનાં પારખાં લેશે, ઓલા તાતી તરવારવાળા રે. ફેરવો.
ઉત્તમ કુળમાં અવતર્યા, કરમે લખ્યા કાળા;
જીવને જમડા લઇ જશે, એલા મોટા દંતુશરવાળા રે. ફેરવો.
મન માળાનો મર્મ ન જાણે, અખેડ અનુભવવાળા;
ભોજો ભગત કહે નિશ્ચે કર્યાથી, અવિચળ રહ્યા હુતારા રે. ફેરવો.

III Miscellaneous Verses.

(૧)

ભાઇ તું દેહી રે ધરીને કાંઇ દેની;
કર તું પુણ્ય કરાવને પરને, તો રસનાએ લાભજ લેની. ભાઇ.

CENTRAL LIBRARY

કોટડિયે નાણાં કરી મર બેસે, ધર્મ વિના ધન તો શોભે નહિ;
સોળે શણગાર સજે મરની સુંદરી, પણ નાક વિના નારી શોભે ન હ. ભાઈ.
રાજા દંડે કાં ચોર લેઈ જાશે, વળતું બાળી દેશે વન્હિ;
કાંક ધર્યું ધરતીમાં રહેશે, સાંત મા તારૂં કાંઈ છેની. ભાઇ.
જોબનના પૂરમાં જાશ તણાણો, રાંક દાવે થઈ રહેની;
ભોજો ભક્ત કેહ ગુરુપ્રતાપે તો, કૃષ્ણ કૃષ્ણ મુખ કેહેની. ભાઇ.

(૨)

અબ તો ભજન કરના મન ભાઇ;
કુટુમ્બ કબીલો તારે કામ નહિ આવે, એક સાચી રામ સગાઇ. અ.
મૂર્ખે જીવે ધન ભેળું કીધું, કાંસી ભરિયું પર સાહી;
પા દમડી તારે સંગ નહિ ચાલે, હાથ ઘસંતો જાઇ અ.
કામ ક્રોધ મદ મોહમાં મોહ્યો, ચઢી રે કર્મેકેરી કાઈ;
મદે ઘણા તેરે આ રે મુલકમાં, લુંટી લેશે રે લુગાઈ. અ.
આ તન તેરો કાલ ઉડી જાયગો, જેસે વંટોળિયો વાઈ;
અબકા દાયો ફરિ નહિ આવે, પછે મન પછીતાઈ. અ.
સર્વ તીર્થ સદ્ગુરુજીને ચરણે, લે નિત્ય ગંગાજળ નાહી;
કાળનો ત્રાસ કદી નહિ લાગે, આ તન અનભે થાઈ. અ.
શું સૂતો તું ચેત અભાગી, આ દેશ તે ઉત્તમ પાઇ;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, એક લેની ગોવિંદગુણ ગાઇ. અ.

(૩)

સંતો દિયા રે અગમપર ડેરા;
પિયા પિયાલા જેણે પ્રેમરસકેરા, નાથકું નિરખ્યા નેરા. સંતો.
પ્રીત લગી પરમેશ્વર સાથે, વરીને ચૂકવિયા વેરા;
નરતે ને સરતે નજરે આવ્યા, મટયારે અસંખ્ય અંધેરા. સંતો
કોય ગતિમાં કળારે બતાવી, નાભિકમળકેરી કરિયા;
ધરકું લઇને અધર પર ધરિયા, મૂળ વિચારીને મળિયા. સંતો.
અનહદ રૂપ અખંડ અપારા, મન રે માન્યા તિહાં મેરા;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, ફરી નહિ ફરીએ ફેરા. સંતો

CENTRAL LIBRARY

(૪)

નવલક્ષ તારા ઉગે અપારા, ભાણ પ્રગટે કોટિ હજારા રે;
સદ્ગુરુ વિના કેદી તિમિર ન ત્રાસે, મટે નહિ મનકા વિકારા રે.
રહ્યા છો રસમાં, મેલશે વશમાં, આગળ વસમા છે આરા રે;
સ્મરણ કરશે તે તરીને ઉતરશે, બૂડી મરશે નર નોધારા રે.
દુનિયા દિવાની જેણે લિયા સુખ માની, સમજ્યા નહિ શુદ્ધ વિચારા રે;
લાગી માયા જીવે જન્મ ગુમાયા, ભેદ ન પાયા ને ભવ હાર્યા રે.
ચરણ ગ્રાહશે તે સુખ સહાશે, મટી જાશે જમકર મારા રે;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, ભલા ઉતરશે ભવપારા રે.

(૫)

અંતરમાંથી જેણે ઓળખ્યા અવિનાશી, જાણી રહ્યા જીવનિયું જાત્યું રે;
સુખ રે સંસારનાં સર્વે સમાણા, ભૂલી ગયા સર્વે ભાત્યું રે
નામ હરિ લીધું ને દાણ જ દીધું, લાખ ચોરાશી ચૂક્યું ખાતું રે;
ધરી જન્મ જાગી જન જોયું, મણે તણીઉ મટી ગયું ઘાતું રે.
ગુણ ને અવગુણ આવે નહિ વાકુ, ઠીક સમજ્યા થઈ રહ્યું સ્વાંત્યું રે;
ઉત્તમ ને અધમમાં બ્રહ્મ તુંને ભાળ્યો, ભાગી ગયું મનનીઉ ભાંત્યું રે.
સેજે સમાણું મન સુખ થયું સજની, વિના વિચારે કરતું વાતું રે;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, બાંધી બેસાર્યું જુગમાં જાતું રે.

(૬)

રામ દિવાન કર્યું છપે છાના, જેને હુવા પાદશાઈ પરવાના રે;
રાજા રાજ કરે જુગ જીતી, ન્યાયની પાંતિયે નર નાના રે.
નર પડવું ને નોહતી સામર્થી, જો કરે તો જાય બિદે ખાના રે;
મારે ગદા તો ચૌદે ભુવન ભાંગે, તો કૌરવ કર્યું કરે ગુમાના રે.
સાગર ન ચળે ને વાસુકી ન હલે, જો રે હલે તો કરે ખેલ ખાના રે;
ભક્ત આણ્ય એમ માની રહ્યા સજની, આણે નહિ મન અભિમાના રે.
મર્મે મુક્તિનો સેહજે સમજ્યા, ભીતર નથી દિલ ભરમાના રે;
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, ઠીક દિલ ઠેરાના રે.

CENTRAL LIBRARY

(૭)

આંટી ઘુંટી સર્વે છૂટી, કર્મે ધર્મકા નહિ કરતા રે;
સ્વપ્નના સુખથી આશે અળગા, ધ્યાન હરિ કેરૂં ધરતા રે.
ચોઇ દિશેથી સુરતી ચલાવી, તરવેણીમાં જઈ તરતા રે;
રોમે રોમે મેરા પિયુજીને સ્પર્શ્યાં, પંચ મર્યેથી પરવારતા રે.
પ્રેમ પ્રીત ને નરહરિ નરખ્યા, તારવિયા તનકા તોતા રે;
આણી અગર પર સુરતી ચઢાવી, જીવન જુગતાશુ જોતા રે.
જેમ છે તેમ સમજી કરીને, જાય અચલસે ગુંતા રે;
રસ્તામાં એક રાહ ચલાવ્યો, જઈ ખરા ખેલસે ખુંતા રે.
તખ્ત ચઢીને દેખ્યા તમાશા, અમર હોઈ તો નહિ મરતા રે;
અમૃતધારા ત્યાં કને ઉલ્લસે, ફૂલરૂપ થઈ ફરતા રે.
ગંગા જમના ને સરસ્વતી નાહ્યા, સુપ્નાં ઘર જઈ સૂતા રે,
ભોજો ભ્રમ ભીતરથો ભાંગ્યો, પ્રેમના પદને જઈ પૂરતા રે.

(૮)

ભક્તિ ભક્તિ સહુ કોઈ કહે છે, ભેદ ભક્તિનો જન કોક ભાળે રે;
શબ્દ વિચારી કોઈ સન્મુખ ચાલે, મહાવચન મનથી પાળે રે.
સ્વાતિનું બિંદુ જેમ શીપ ઝીલત હે, મહા જુક્તાઈનું મોતી કાવે રે;
સેવક શબ્દ પાળે સદ્ગુરુના તો, અસંખ્ય જુગ અમર થાવે રે.
પતિવ્રતા જેમ પિછે પિયુને, અખંડબ્રહ્મ એમાં ભાળે રે;
એક મને ને એક વૃતિએ, એક દશામાં મન ગાળે રે.
દિયા દાન જેણે તુલસીપત્રસે, મન ન જાણે મેરી માયા રે;
સોપ્યાં હોય શીશ સદ્ગુરુજીને શરણે, કયું સાચવશે કૂડી કાયા રે.
ભોજો ભગત કહે ગુરુપ્રતાપે, હરિ ભજતાં કદી નહિ હારે રે;
તન ધન જોબન જાય સમૂળું, તોય સેવક ધર્મને સંભાળે રે.

(૯)

હતી મારે હૈડે રે, હરજીની હામ ઘણી,
ભાગી હવે ભ્રમણા રે, તૃષ્ણા તન તણી.
કોમળ કાયા કમળદળ લોચન, અકળ અજીતરૂપ,
નેણે નરખ્યા નાથને રે, ચિતવ્યું જેનું સ્વરૂપ;
પામી પરબ્રહ્મને રે, ધનધન ધામ ધણી. હતી.

CENTRAL LIBRARY

સંતુને સંગતે પિયુજીને પામી, સમજી સદ્‌ગુરુકી સાન,
મનના મનોરથ માહારા પૂર્યા, વહાલે દીધું ભક્તિનું દાન;
અક્ષય ધન આપ્યું રે, મોહન મુક્તામણિ. હતી.
લાજ મર્યાદામાં હું રે લેવાણી, તેં મારી છોડાવી શર્મ,
ગુણ ને અવગુણ અંગથી અળસાવ્યા, વાહલે મને સમજાવી મર્મ;
ચર્ણે સદ્‌ગુરુને રે, રહેશું હવે હું પદ હણી. હતી.
ભમણા ભાંગી વાહલે ભેદ બતાવ્યો, બીજી લાલચ નહિ રે લગાર,
પ્રેમ સુધારસ પ્રેમશું પીધો, વાહલે ઉતાર્યો ભવપાર;
સુખડાંની શી કહું રે, મુખથકી વાત ભણી. હતી.
પતિતપાવન કહું છું રે તમને, અધમતણા રે ઉદ્ધાર,
ભોજો ભક્ત કહે ગુરુપ્રતાપે, હવે વહેલી કરજો વાહાર;
રામચર્ણે રાખો રે, છું હું ત્રિકમ દાસી તમ તણી. હતી.

(૧૦)

સંતો નિર્ગુણકી ગત ન્યારી.
સમસ્યા હે સદ્‌ગુરુકી જે સમજે, તે થાય સુખકારી. સંતો.
અડસઠ તીરથ કરી ઘેર આવે, ઓહીરે અનુકા યારી;
પ્રીત વિના પાલવ તજી બેસે, તોય મળે નહિ રે મુરારી. સંતો.
જોગી જતિ ને તપસી સંન્યાસી, રહ્યા છે ધ્યાનમાં ધારી;
ફલ મિઠાં કેને હાથ ન આવે, પછે રહ્યા છે હૈયેસે હારી. સંતો.
સાત પાતાળ એકવીશ બ્રહ્મા, રહ્યા સર્વે રામ ઉચારી;
સદ્‌ગુરુના પ્રતાપ વિના ભાઈ, ભેદ સમજવો ભારી. સંતો.
ભોજો ભકત કહે ગુરુપ્રતાપે, સૂઈરી છે સંસારી;
જાગ્યા સો નર જગમેં જીત્યા, એક પ્રેમ પિયુ ગતિ ન્યારી. સંતો

(૧૧)

સંતો મૂળરે ગ્રાહે તો ફળ પાયે.
તરણિ તત્વ પ્રેમ પ્રકાસ્યો, તો તેજમાં તેજ મળી જાયે. સંતો.
ઉંચાં ઉંચાં તરવર ગગનમેં, ફળે હે પંખિયાં વેગળું રે;
કંઈ કંઈ પક્ષી વલુંધી ગયાં, ફળ મિઠેરાં દૂરે. સંતો.
મૂળ ગ્રહ્યું તવ ક્યા ભયા, ચઢનકી ગત નાહીં;
પરખ્યા પણ સ્પરશ્યા નહીં, હોંસ રહી મન માંહી. સંતો.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

મૂળ ગ્રહ્યું મોટે મુનિવરે, જે સદ્ગુરુ ચરણ ચત્ત લાયે;
ભીલડી ભાવે આપે ચાલી આયે, જે મોટમ માન ગમાયે. સંતો.
ઇંદ્રકુ ઇન્દ્રાસન આપ્યો, બ્રહ્માએ બ્રહ્મ રચાયું;
સંત સમરથે સાગર પીધો, લઇરે ન્યાયે વસાયું. સંતો.
અમર વરસે ને સરોવર છલિયાં નરપતિ નીર ભરી નાયે;
ભોજો ભક્ત કહે ગુરુપ્રતાપે, અમર પટો લખાયે. સંતો.

(૧૨)

ગર્ભમાં ગુણ ગોવિંદના ગાતો, નિત્ય તું લેતો નામ;
ઉદરમાંથી આવીઓ હવે, કરે છે કુડાં કામ;
આત્મઘાતી આપનું બોલ્યું રે, રતન લઇ રામમાં રોપ્યું રે.
આવ્યો ત્યારે શી સિદ્ધિ લાવ્યો તો, જાશે પાછો વળી જોઈ;
હું ને મારૂં કરી હારી ગયો, તેં કરી કમાણી ખોઈ;
ફોકટ જીવ શું રહ્યો ફૂલી રે, ગયો દુખમાં ડૂલી રે.
મારૂં ને તારૂં મેલી દિયો ને, મ કરો તાણમતાણ;
કુટુંબ ટોળું થઈ ફૂટશે, તારી દેહી જાશે સ્મશાન;
માટી ભેલી માટી મળશે રે, કર્યાં ભોગવવાં પડશે રે.
નામ ધર્યું તે નિશ્ચે ટળશે, નથી રહેવાનું કાંઈ;
ભોજો ભક્ત કહે ભલો થઈ, જીવ સમજની મનમાંહી;
ગુરુજીને ચરણે જાવે રે, ઝપાટો જમનો નાવે રે.

(૧૩)

અભિમાને જીવ ચાલતા, ઉંચકી તેને ગળી ગ્રહ્યો કાળ;
પૃથ્વી ઉપર પડી ગયા, કંઈ મોટા મોટા મહીપાળ;
રહ્યાતા જગ માહલીરે, એની ગઈ કાઠડી કાળી રે.
રાજા હતા તે રંક થયા, રંકનો ન રહ્યો ઢંગ;
લાગે છે પણ જાણતા નથી, ટાળી દેશે તરવંક;
માનવીઓ માનને મેલોરે, આગળ ઘી ધરચ છે પેલો રે.
રાજા રાણા કંઈ રે લેવાણા; શાહ છત્રપતિ સોત;
ચક્રવે રાજ સંસારમાં કરતા, તેને આવી ગયું મોત;
માનવિઓ મન વિચારો રે હાથે કરી હવે કાં હારો રે

મહીપતિને કંઈ મેલીને ગયા, ધર્યાં રહ્યા ધન માલ;
જમ ઝપેટીને લેઈ ગયા, પછે હુવા બુરા હાલ;
ફરી નહિ આવે સંસારી રે, માથે મોટી ડાંગ છે ભારી રે.
કૌરવ રાવણ કંસ સરિખા, કેતા ગયા લક્ષ કોડ;
ક્ષણમાત્રમાં સર્વે ખુંચ્યા, સેજ તળાઈ છોડ;
નથી રહેવું નિશ્ચે જાણોરે, ભાઇઓ મન ભુલ મ આણો રે.
લેખુ લેશે તિલ રાઇ રતિનું, નથી પોયાનું રાજ;
ભોજો ભક્ત કહે ભજન કર તો, મેલેયું કરે મહારાજ;
ચોરાશીનું ચૂકવે ખાતું રે, મટી જાય મરણની ધાતુ રે.

(૧૪)

પ્રલ્હાદ ઉપર પિતા કોપ્યો, નિશ્ચે કરે તારો નાશ;
સ્થંભ ધખાવ્યો લોહતણો, તોય નવ મેલ્યો વિશ્વાસ;
ભલા કેમ ભક્તિ મૂકે રે, આવ્યો અવસર કિમ ચૂકે રે.
મોરધ્વજને ત્યાં મહારાજ આવ્યા, જાચવાને જગદીશ;
સુતને મારી તાણવા લાગ્યા, કરવત મેલ્યાં શીશ;
દેખો સતવાદી શૂરા રે, પામ્યા પરબ્રહ્મને પૂરા રે.
વિશ્વામિત્રે વચન માગ્યું, જાણે મૂકાવ્યું સાચ;
હરિશ્ચંદ્ર વેચાવા હાલિયો, રાણી તારા રોહિદાસ;
છત્રપતિ દુખડાં સહ્યો રે વના જઈ નીચના વહ્યો રે,
પાંચે પાંડવ મહાભડ યોધા, સર્વે જાણે સંત;
સતી તણાં ચિર તાણીયાં, તોય ન બોલ્યા બળવંત;
સોયે કૌરવ સામટા કોપ્યા રે, વડા વચન ન લોપ્યા રે.
કોઢી થઇ આવીયા રે, કરણ પાસે કીરતાર;
કરણ કાયા સમર્પતે રે, વિકલ ન લાગી વાર;
અભ્યાગત રમાયા રે, કૂડી લેખી કાયા ને માયા રે.
સાડાત્રણ ડગલાં પૃથ્વી માગી, નરપતિ ભોમિને આળ;
વામનમાં વ્યોમ ગયો મળી, બળિ ચંપાણો પાતાળ;
ચણે લઇને શિશને નામ્યો, પ્રભુ બાર કોડસે પામ્યો રે.
હંસકેતુ રાજા હઠે ભરાણો, લેવા સુધન્વાની લાજ;
તેલ કઢામાં તર્ત નાંખ્યો, તોય મેલ્યા નહિ મહારાજ;
સાચે મને શ્યામ સંભાર્યો રે, તાતા તેલમાંથી તાર્યોરે.

CENTRAL LIBRARY

સમનને ઘરે સંત આવ્યા, ઘરમાં નહોતું અન્ન;
સમન ચોરીએ સંચર્યો, જેણે ત્યાગ ન કીધું તંન;
સંત સારૂ શિશ કપાવ્યું રે, આણી અણહુતુ આપ્યું રે.
સંધ્યાવતીને સતી નારી, સત્યવાદી સગાળ;
સેલાઈઆનું શિશ કાપ્યું, જેયો ઉજ્જગર બાળ;
એવી કરી સંતુની સેવા રે, બાવિંદ આવ્યા ખબરૂં લેવા રે.
ભોજો ભક્ત કહે ગુરુપ્રતાપે, એવી મોટાની ટેક;
સત્યવાદી સત્ય છોડે નહિ, મર અવગુણ હોય અનેક;
એવાને નરભે નાતું રે, જેની રહી છે જગમાં વાતું રે.

(૧૫)

કાચબો કહે છે કાચબીને, તું રાખની ધારણ ધીર;
આપણને ઉગારશે વ્હાલો, જુગતેશુ જદુવીર;
ચિંતા મેલી શરણે આવો રે, મરવા તુંને નહિ દિયે માવો રે.
વારતી'તી તે સમે તેં શા વાસ્તે, મારૂં કંથ ન માન્યું કહેણ;
કાળ આવ્યો કોણ રાખશે, તમે નીચાં ઢાળો નેણ;
પ્રભુ તારો ન આવિયો પ્રાણી રે, માથે આવી મોત નિશાની રે.
અબળાને ઇતબાર ન આવે, કોટિ કરોને ઉપાય;
કહ્યું ન માને કોઇનું રે, એ તો ગાયું પોતાનું ગાય;
એવી વિશ્વાસ વ્હોણી રે, પ્રથમ તો મૃત્યુની પોણી રે.
કાચબી કહે છે ક્યાં છે તારો, રાખણહારો રામ;
હરિ નથી કેના હાથમાંરે, તમે શું બોલો છો શ્યામ;
મરવા ટાણે મતિ મૂઝાણી રે, ત્રુટયા પછી ઝાલવું તાણી રે.
ત્રિકમજી લણ લોકમાં મારે, તારો છે ઇતબાર;
અટક પડી હરિ આવજો રે, મારા આત્માના ઉદ્ધાર;
છોગાળા વાત છે છેલી રે, થાજો બુડથલના બેલી રે.
કાચબી કહે છે કોણ ઉગારે, જાતો રહ્યો જગદીશ;
ચારે દિશાએ સળગી ગયું રે, તેમાં રીઓ વીચોવીચ;
જેનો વિશ્વાસ છે તારે રે, તેનો ઇતબાર નહિ મારે રે.
બળતી હોડ તો બેસને, મારી પીઠ પર રાખું પ્રાણ;
નિંદા કરો છો નાથની રે, એ તો મારે છે મુજને બાણ,
વ્હાલો મારો આવશે વ્હારે રે, ચોર્યાંશીથી મને ઉગારે રે.

CENTRAL LIBRARY

ભોજો ભગત.

કાચબી કહે કિરતાર ન આવ્યો, આવ્યો આપણો અંત;
પ્રાણ ગયા પછી પહોંચશે રે, તમે તે શું બાંધો મર તંત;
આમાંથી જો આજ ઉગરિયેરે, તો તો બહાર પગ ન ભરિયેરે.
વિકલજી મારી વિનતિ સુણી, શામળા લેજો સાર;
લીહ લોપાશે લોકમાં રે, બીજી વાંસે કોની વ્હાર;
હરિ મારી હાંસી થાશે રે, પ્રભુ તારી પતીત જાશેરે.
કેશવજીને કરૂણા આવી, મોકલ્યા મેઘ મલ્હાર;
આ ધરણમાંથી ઉગારીઓ, આવી કાચબાને કીરતાર;
ભોજો ભક્ત ભણે ભરોસો જેને રે, વિક્રમ તારશે તેને રે.

IV. From ચબોલા.*

(૧)

ભાવ રાખ માથે ભારે છે, ભક્તિ તણો તું છેડો રે;
નિઠતો નો સાંઈ સાંચો છે, જો ચાલે તો અમર રે'.
જો ચેતું તો સુખે પાળ; જમકિંકરને પાછા વાળ;
જો સૂઇ રહેશે આત્મારામ, ભેળઈ જાશે બાધું ગામ.
આ કળિયુગમાં લાગે બીક, તેમાં રહેવું ઠીકા ઠીક;
જમકિંકરની ભારે વાત, ભેળી શેર ઉપજાવે ઘાત.
જે કોઈ નર પગથિએ ચઢે, હડશેલે તો પાછા પડે;
એ દૈત્યોનું બળ છે બહુ, ભવસાગરમાં રિયા છે સહુ.
કોઈ કોઈ આવી આકળ્યા, થયું ધીંગાણું ઘરાર;
દૈત્યા લાગ્યા ઠોલવા, તેને બરછીયુંના માર.
બાંધવા હતા તે તલરિયા, શત્રુ ભાગ્યા ચાર;
ભોજો ભક્ત કહે ગુરુપ્રતાપે, પછી વરત્યો જે જે કાર.

(૨)

આ કલિયુગમાં એવું થયું, માન મોટાનું ઘટી ગયું,
સુરિવર મુનિવર બેઠા ખાય, કાયર ઉઠી રણમાં જાય.

---

* These are special village songs. The language is fully the village dialect.

CENTRAL LIBRARY

ચબોલા.

કીડી બેઠી કટકાયું કરે, બાણ લઇને બેઘા ફરે;
બાણના બળિયા દિસે બહુ, તેની વાત તે માને સહુ.
કામ ક્રોધ મદ મોહ ને દામ, જેસેં કાઉકુ કીધું કામ;
હાથ ન રહે ને હડી કરે, મરતાસું ભેળા તે મરે.
ચાર યુગમાં પોતે ફરે, ચકવે રાજ સંસારમાં કરે;
લોંડા રાજા ન ગાંઠે કોય, પલમાં નગરી ભેળી જોય.
દશ દરવાજા હાથે દઈ, ગઢ કોટમાં સુતા જઈ;
ભારે શેર ભૂલવણી માંડી, સંસાર રહ્યો ઘુંચઈ.
અંધા નર આફળે, જયાં જાય ત્યાં આડો કોટ;
ભોજો ભક્ત કહે ગુરુપ્રતાપે, નર નિકળ્યા કોડયુંમાં કોક.

(૩)

હેત વિના નવ હાલિયે જેમ, ગોકીર ચઢીયું ગામ;
પડતો પૂરાનો પૂગશે, સન્મુખ લડવાને શ્યામ.
કાઢીને રણમાં કોપિઆ, નહિ રહ્યાનું કામ;
મલ્લ હોય તો મૂક, નહિ કાયરનું કામ.
શત્રુ હતા તે સંહારિયા, ભય ભાગી જાય;
ચોકી કાપી શામની, જઈ અમરાપુર વાતું વંચાય.
રમનારા રમશે ખરી, નિત્યના ખેલ માંય;
ભાવ હશે તો સહુ ભાળશે, સાચાની સાખ પુરાય.
જેણે બાંધી નાથસુ, એ જગોજગ જાણ;
જે નર બેઠા પાટિએ, ઉડયા જાય વહાણ.
રામ આગળ રતિ જેટલો, વાંતરિએ વરતાય;
ટેભો નાવે વિક્રમા, કેમ કરી સાજો થાય.
શરીર જેનું સાજું નહિ, પૂણે લાગ્યા ઘાય;
એને માથે આવી બની, રહ્યો રણ મુંઝાય.
કર કાઢી કટકા કર્યા, ચરણ વિના કેમ ચલાય;
ભોજોભક્ત કહે ગુરુપ્રતાપે, તેનર વિમાનમાં ઢુંકા જાય.

(૪)

હેતે ને પ્રીતે હાલવું, નર રહેવું હુંશિયાર;
ખુલિયુંતણા ખેલ કરવાને, ઝુંઝવું વણ હથિયાર.

ઘેન ધારણ ને ત્યાગવું, રહેવું એકલું યાર;
માંડતાં પગને મોરશે, ચીર કરશે ચાર
એવિયું વાતો વસમિયું, ખેલ ખાંડાંની ધાર;
ત્યાં તરતે ને સુરતે ચાલવું, ઘડી ન લગાડવી વાર.
મોટો માર્ગ સહી કર્યો, તલખે તલખે તૈયાર;
પંથેથી પૃથ્વી આવી રહ્યા, આગળ વિચારનો ખાડ.
પ્રાણ એના નહિ પાતળા, જગોજગ જાડો;
ત્યાં મહામતિ મુંઝાઇ રહ્યા, એવો અઘાટ ઘાટ આડો.
ત્યાં જીવતા કેમ જઈ શકે, મુવેલ ઉડયા જાય;
ઝીણી રેતીમાં ગડા નવ ભળે, રજમાં રજ સમાય.
વણસ્થળ નર ઉડયા જાય, એને નહિ આભનું એંધાણ;
ઘણે થોડે દહાડે નર ઘેર ગયા, ઓળખી પોતાનું પ્રાણ.
ચૌદમું ધામ જઈ સહી કર્યું, જીવને મહા સુખ થાય;
ગહી ટેક ને આસન રચ્યાં, સત્યમાં તમ સમાય.
હાસેથી જે નર હાલિયા, એના મનની વૃત્તિ જોય;
ભોજોભક્ત કહે ગુરુપ્રતાપે, હવે કળિયુગમાં લાખે કોય.

(૫)

નેજે આવ્યો જેને નામનો, હાલશે ધણી હજુર;
અભાગી સામા જઈ મળ્યા, તનમાં વાગ્યાં તુર.
નર આકાર ત્યાં નહીં, નહીં રૂપ અરૂ રંગ રે;
નહીં પુરુષતણો પ્રવેશ, નહીં નારીનો સંગ રે.
અટકળમાં આવે નહીં, લેખુ નહીં લગાર;
વાણીએ કેમ કરી વર્ણવું, વાતું પરા ને પાર.
પરા ને પારથી પ્રીછિએ, જો સદ્‌ગુરુ ભેદ બતાવે;
સોહં જપો તમે સુમણા, તો અગમ તણી ગમ આવે.
ચારો કરતાં તે થકે મુવાં, સદા હોય રહી સાલ;
રવિ પ્રકટયો રેણી તણો, કેમ કરી લોપાશે કાળ.
રેણી ને કરણી પૂગે નહીં, નહીં ધર્મ ને નેમ;
પહોચી ગયા પરબ્રહ્મને, હોય રહ્યા કુશળ ક્ષેમ.
નવ તેરી નગરી વસે, ત્યાં તરવેણી તીર;
અમર ધણીને આશરે, જઈ નાહ્યા નીરમળ નીર.

મંડયા રહો મેદાનમાં, હવે લગન લઈ આવો;
રણકાર રંગ મોહોલમાં, જઈ પિઉકી સેજ બિછાવો.
એ તો સંત નિર્મળ નીરખશે, શૂન્ય શિખરપર શ્યામ;
અદ્ભુત અવિનાશી ઓળખ્યા પછે, રોમે પ્રકટયા રામ.
સ્થિરતાવાળા થડથડે, જન ન ચાલે જોર;
તન તુરિયાના તિર્થપર, પોતે માંકો શૂર.
મહાત્મ્ય તો મરજીવા માણસે, ખેલે છે અપરંપાર;
નુર તે ચઢી નિશાન બજાવે, નિરખેગા નિરખત હાર.
વણ વાદળે વિજ ચમકે, ઘન ધારે ઘન આયો;
આપે પ્રકટયો આપમાં, નયણે નૂર વરસાયો.
કયારે કૃતાર્થી અહયા, નક્ષત્ર મે આયા;
બરછીથી બીન્યો નથી, જઈ છોટ અણિકી ખાયા.
નાદ ધુનિ વાગી રહી, પૂરણ પરચા પાયા;
ઉલટા ગુરુ ગમસે ખેલી, જઈ શૂન્યમેં ડંકા બજાયા.
વળગ્યા નહિ કોઈ વાતને, રામસે રાજી રહ્યા;
ભોજો ભક્ત કહે ગુરુપ્રતાપે, એ નર નિરભે થયા.

V. સેલૈયા આખ્યાન.

(૧)

હરિ ગુણ સંતને સમરિયે ને વળી, ચોથા ગણપતિ દેવ રે,
રિદ્ધિ સિદ્ધિ ને લક્ષ લાભ આપે, તેની સૌ પેલી કરીએ સેવ રે.
ગાવા તે ગુણ હરિ ભક્તના, જેને સત્યે સ્તંભ્યો આસમાન રે;
સત્ય વિના કદી હરિ ના રીઝે, મરને પઢે વેદ પુરાણ રે.
સગાળ શેઠ ને સંખ્યાવતી, જો જો નેમવંતી નરનાર રે;
એક સાધુ જમાડી પછી પોતાને જમવું, એવા અહોનિશ ધર્મે ઉદાર રે.
એક સમયે એને અટક પડીને, મેઘ મંડાણો મુશળધાર રે;
પર્જન્ય ઉઠયો દિન આઠ સુધી, તોયે સત ન છોડે શાહુકાર રે.
વરશીને રહ્યો ત્યારે વાણોતર તેડાવ્યા, તમે દેખોને દોદશ ધાઇ રે;
અભ્યાગત વિના મારે અન્ન ન ખપે, તેનો કરોને કોક ઉપાઇ રે.
વાણોતર ચાલ્યા ગોતવા, જોયું નગર ને હરિદ્વાર રે;
તળાવ ને પાળે એક તપસ્વી દીઠો, તેને આવીને કહ્યા સમાચાર રે.

CENTRAL LIBRARY

ભોજો ભગત.

સગાળ શેઠને સત્ય મુકાવાને, કોઢી થયા કિરતાર રે;
આવી દેવળમાં ઉતર્યા, જેણે શરીર કર્યું છે બેજાર રે.
શેઠ તે કાને સાંભળી દોડયા, અણ વણા ઉજાઈ રે;
પ્રદક્ષિણા કરી પાય લાગ્યા, એને હૈડે હરખ ન માઈ રે.
દુર્ગંધ આવે ને ભૂત નાશે, વળી મળે તેમાં ખાય નેક રે;
તોય ન ડગે મન શેઠનું ભાઈ, એવી મોટાઈની ટેક રે.
તેના ચરણ ધોઈ ચરણામૃત લીધાં, મારાં સિધ્યાં તે સર્વે કાજ રે;
કરજોડીને પછી કહેવાને લાગ્યો, મારે મંદિરે પધારો મહારાજ રે.
સત્યવાદીએ સાહેબને ઓળખ્યા, એનો માનવી શું જાણે મર્મ રે;
ભોજાના સ્વામી મારે ભુવન પધારો, મારી રાખો લાજ ને શર્મ રે.

(૨)

અતિત વાણી ઉચરે તમે સુણો, શ્રીમંત મારી વાત રે;
મારી કાયા મારે હાથ નથી, મુને પીડા કરે છે ઉત્પાત રે.
રથે રેવંત જોતરૂં, મહી-ગાદી નખાવું ગોપાળ રે;
તેડીને બેસારૂં તમને ત્રિકમા, તમે દયા કરો દીન દયાળ રે.
સાધુ કહે છે શેઠને, ઘોડા-વહેલનું નહિ તમારે કામ રે;
અભ્યાગતને રહેવું એકલું, તમો મા લેજો મારૂં નામ રે.
પ્રભુનું મંગાવું પાજરૂં અહીં, ઝાઝાં કરાવું જતન રે;
પવન ન લાગે એવા પડદા બંધાવું, રાખે રાંક જેમ હાથ રતન રે.
અભ્યાગત એણી પેરે બોલિયા, હું તો આવું નગર મોઝાર રે;
તારી નારી આવે તેડવા, નિકર બેઠોછું હું તો મારે બાર રે.
મન ગમતું આવું અમો માગીને લેશું, તેમાં જાશે તમારો ભર્મ રે;
સભંગી સાધુને સોત્ય નહિ ઝાઝી, ભાઈ કઠણ અમારૂં ખટ કર્મ રે.
હરખેથી હરિજન ચાલિયો, ને આવ્યો પોતાને ઘેર રે;
પત્નીને લાગ્યો પૂછવા આપણે, શી કરવી એની પેર રે.
સતી કહે છે સ્વામી મારા, તમે ઢીલ ન કરશો લગાર રે;
તત્ક્ષણ જઇએ આપણ તેડવા, એ તો માનવી નહિ છે મોરાર રે.
સામૈયું લઇને સન્મુખ ચાલ્યાં, ગયાં પૂર્વ જન્મનાં પાપ રે;
ભોજાનાં સ્વામીને ભેટતાં, એના ટળી ગયા ત્રિવિધના તાપ રે.

(૩)

કનક હિંડોળી ને કરડીઓ માંડી, જુગતે બેસાર્યા જદુવીર રે;
સંધ્યાવતીએ જ્યારે શિરપર લીધા, ત્યારે ભીજાણાં સતીના ચીર રે.
નગરના લોક ટોળે મળ્યા, વળી જોવાને વાણે અઢાર રે;
અન્યો અન્ય વાણી ઉચરે, માંહિ હાંશી કરે છે હજાર રે.
ઉના જળ મેલીને સ્નાન કરાવ્યાં, વળી પોઢાડયા પલંગ બીછાઈ રે;
ચંદન ચર્ચે, હરિના ચરણ તળાંસે, વળી વિંજણે ઢોળે વાઈ રે.
પ્રેમે કરી પરસાદ નિપાયા, મીઠા મેવા ને પકવાન રે;
હાથ જોડીને આગળ હરિજન ઉભા, તમે આરોગો મારા શામ રે.
અન્ને કરી દેહ મારો અગ્નિ કરે છે, મારે છે માટી કેરો આહાર રે;
ઉત્તમ વરણ તમે એ કેમ કરશો, મારે એજ મોટો છે વિચાર રે.
કસાઈ વાડેથી તરત મંગાવ્યું, જેણે મેલી લોકની લાજ રે;
ભાગ્ય મોટાં હરિ ભુવન પધાર્યા, ધન્ય ધન્ય દાડો મારે આજ રે.
અનેક રૂપ અમે અહોનિશ કરીએ, તે વળી રહીએ વન માંહી રે;
અઘોર પંથને એક હાર માણસનો, વિના બીજું ન ખપે મારે કાંઇ રે.
નર ને નારી મળી એકઠાં, હવે શો તે કરવો ઉપાય રે;
પ્રભુજી જોવાને આવ્યા પારખાં, જો ના કહિએ તો સત્ય જાય રે.
પુત્રને ચાલી પૂછવા ગયો, નિશાળે શેઠ શગાળ રે;
સુતને કહે છે એક સાધુ આવ્યો છે, કરવા તમારો દેહ કાળ રે.
સેલૈયો કહે સત્ય કયમ મેલીએરે, મરને જડાં મૂળથી જાય રે;
ભોજો કહે સત્યવાદી ભાયડા રે, એ તો અટક પડે ઓળખાય રે.

(૪)

પિતાજી કાયા તો રે અંતે પડવાની, બોલ્યો બુદ્ધિ ઉજાગર બાળ રે;
સાધુને હાથે મારૂં મૃત્યુ સુધરશે, ટળશે જન્મ મરણની જંજાળ રે.
આજે મોરધ્વજે, પિતા, અંગને વહેરાવ્યું, કર્ણે દીધું કાયાનું દાન રે;
શિબિ રાજાની માટી છાબે તોળાણી, ત્યારે રીઝયા શ્રીભગવાન રે.
હરિશ્ચન્દ્રને માથે, પિતા, હેલ પાણીની, એવો દેવે દીધો તો દંડ રે;
સત્યવાદી બંદા કદી સત્ય ન છોડે, મરની ભાંગી પડે બ્રહ્માંડ રે.
હીંમત રાખો પિતા, હાર ન પામો, તમે જુઓ મોટાના મર્મ રે;
પરમાર્થે સારૂં આગળ પ્રાણ હોમ્યાતા, તોય છોડયા નોતા સત્યધર્મ રે.

CENTRAL LIBRARY

ભોજો ભગત.

દધીચી ઋષિને જાચ્યા દેવતા, જેના હાડનું કરવા વજ્ર રે;
કુહુવાડે અંગ તે માંડયું કાપવા, તોય બોલ્યા બુદ્ધિ સાગર તર્ત રે.
શિર મળશે પણ આવો સમય નહિ મળે, ઘેર મોહન થયા મેમાન રે;
અવસર આવ્યે પાછાંપગલાં ન ભરિએ, કરીયે તનમનધન કુરબાન રે.
એવો પડકારો જ્યારે પિતાને કીધો, ત્યારે હરિજન થયા હુશિયાર રે;
પુત્રના વેણ શ્રવણે ધરીને, એની છાતીમાં પડી ગયા સાર રે.
ચક્રીથી પિંડો જેમ સર્વી ઉતારે, એમ સેલૈયે કાપ્યું શીશ રે;
આગળ જઇને અર્પણ કર્યું, ત્યારે જોઈ રહ્યા જગદીશ રે.
બહુનામી કહેછે બાઇને રે, તમે શોળે સજો શણગાર રે;
ગાતાં ને વાતાં શબને સુધારો, રખે રોતાં તમે લગાર રે
કળપિત દાન હું તો કોઈનું નથી લેતો, મારે આગુની છે એવી ટેવ રે;
ભોજાના સ્વામી કહે છે ભાવે કરીને, હવે તૈયાર કરોની તતખેવ રે.

(૫)

સતીએ તે કાજળ સારિયાં નેણે, ખાંડવા બેઠાં તેણીવાર રે;
હાલરડાં ગાતાં બાઇ હરખેથી, તમે ભોજન કરો નંદકુમાર રે.
સાર હતું તે તમે શિકે ચઢાવ્યું, આ કાયા આણો છો મારી કામ રે;
ભૂખે મુવાની ભાળી ભક્તિ તમારી, મને મેલી આવો મારે ઠામ રે.
ખાંડણિયામાં માથું વ્હાલે ખંડાવ્યું, કહેવા લાગ્યા વેણ કઠણ રે;
સુરપતિ તાપ તેનો સહી ન શકયો, ભાગ્યો ઇન્દ્ર મેલી ઇન્દ્રાસન રે.
જમવાને ટાણે જોગીશ્વર બોલ્યા, તમે સાંભળો મોરી માઇ રે;
વાંઝિયાનું અન્ન ખાવું વરજીત છે, એમ શ્રુતિ કહે છે સમજાઇ રે.
દેવને કહે છે એક રમત દેખાડું, હવે માડી થાજે મહેરબાન રે;
તુંને આવી ટેવ મુકાવું, તે કૃષ્ણ ઝુલાવું કાન રે.
પંચ માસનો ગર્ભ અમારે, અમે વાંઝિયાં નથી મોરા નાથ રે;
સતીએ ઉદર જ્યારે ચીરવા માંડયું, ત્યારે હરિએ પકડયા હાથ રે.
ધન્ય ધન્ય સત્યવાદી તમે ધર્મ રાખ્યો, જોયું મરજીવું તમારે મન રે;
સુતને વેધીને મારે સન્માન કીધું, એમ શ્રીમુખ બોલ્યા વચન રે.
માગ માગ સત્યવાદી તને શું આપું, એમ કહે છે કરુણા નિધાન રે;
આવી કસણી ન દેજો રે કોઇને, સ્વામી એ માગું વરદાન રે.
પરબ્રહ્મ પોતે પ્રગટ થયા, જેનો વેદ ન પામે પાર રે;
સેલૈયાને સજીવન કીધો, ત્યારે વરતાણો જે જે કાર રે.

CENTRAL LIBRARY

સેલૈયા આખ્યાન.

સેલૈયા આખ્યાન તમે સાંભળો, એવી રીતે રિઝયાતા રામ રે;
ભોજો ભક્ત એમ બોલિયા, જેનું નવ ખંડમાં રાખ્યું નામ રે.

VI. The final scene.

[These two songs are among the most popular of Bhojo's songs.]

(૧)

પ્રાણીઆ ભજી લેને કીરતાર, આ તો સ્વપનું છે સંસાર.
ધન દોલત ને માલ ખજાના પુત્ર અને પરિવાર,
એમાંથી જાઇશ તું એકલો, પછે ખાશે જમના માર રે. પ્રાણીઆ.
ઉચી મેડી અજબ ઝરુખા, ગોખતણો નહિ પાર,
કોડધ્વજ ને લક્ષપતિ, તેનાં બાંધ્યાં રહ્યાં ઘરબાર રે. પ્રાણીઆ.
ઉપર ફુલડાં ફરફરે ને, ઉઠે શ્રીફળ ચાર,
ઠીક કરીને એને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર રે. પ્રાણીઆ.
સેજ તળાયું વિના સુતો નહિ, જીવ હુન્નર કરતો હજાર,
ખોરી ખોરીને ખૂબ જળાયો, જેમ લોઢું ગાળે લુવાર રે. પ્રાણીઆ.
સ્મશાન જઇ ચેહે ખડકીને, માથે છે કાષ્ટનો ભાર,
અગ્નિ મેલીને ઉભાં રહ્યાં, અને નિશ્ચય ઝરે અંગાર રે. પ્રાણીઆ.
સ્નાન કરીને ચાલી નીકળ્યાં, નર ને વળી નાર,
ભોજો ભગત કહે દશ દી રોઇને, પછે મેલ્યો વિસાર રે. પ્રાણીઆ.

(૨)

જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ન રાખે ભાઇ.
બાપ કહેછે બેટો અમારો, માતા મંગળ ગાઈ,
બેની કહેછે બંધવ અમારો, ભીડ પડે ત્યારે ભાઈ રે. જીવને.
લીપ્યું ને ગુંપ્યું આંગણું, ને કાઢયા રે વેળા થાઈ,
અડશો મા તમે અભડાશો, એમ લોક કરે ચતુરાઈ રે. જીવને.
ઘરની નારી ઘડી ના મૂકે, અંતે અળગી રહી,
ભોજો ભગત કહે કંથ વળાવી, તરત બીજાને ગઇ રે. જીવને.

6. Manohar Svami (1788–1845 A. D.)

A Nagar Brahmana from Junagadh, he emigrated to Bhavnagar and later in life became an ascetic (1838 A. D.) taking on the name of Sachchidānand. He had a most distinguished pupil in Gourishanker Udayshanker Ojhā the great minister of Bavnagar. Manohar Svāmi was a distinguished scholar both of Sanskrit and Persian and he is said to have approached the Upanishads through their Persian translations made in the reign of Akbar. He was more a philosopher and a cultured observer of human nature than a mere sectarian. He was strongly opposed to the Vallabhāchāri tenets* and also against image worship, pilgrimages and frequenting temples for show. He has written commentaries on the *Bhagavad Gitā* and on the *Rāmā Gitā*. His verses teach that a one should look inwards and try to find the true inner Self (સ્વરૂપ, lit. "one's own shape," he has termed it). Then one would 'disappear within himself" and be free. His chief poetical works are મનોહર કાવ્ય (a collection of miscellaneous verses), સનત સુજાતીય આખ્યાન and બંદાનું આખ્યાન. He has besides written a Gujarati grammar.

From મનોહર કાવ્ય.

(૧)

એક અખંડિત નરહરિરાય, તે જાણ્યાવણ દ્વૈત જણાય; ટેક.
ચક્ષુ એક રૂપ જોવાને, શ્રવણે શબ્દ સુણાય;
રસનાયે સહુકો રસ જાણે, ઘ્રાણે ગંધ જણાય. એક.
વાચા એકવડે સહુ બોલે, સ્પર્શે ત્વચાયે થાય;

* There is a work by him named વલ્લભ મત ખંડન.

CENTRAL LIBRARY

કરથી કામ કરે સહુ કોઈ, પગથી પંથ પલાય. એક.
ઉપસ્થથી આનંદ કરાયે, ત્યાગ ગુદે મલ થાય;
મનથી સહુ સંકલ્પ કરે, બુદ્ધિયે સકળ જણાય. એક.
જ્ઞાતા જ્ઞાન જ્ઞેય વૃત્તિથી, જ્ઞાન વિષયનું થાય:
કર્ત્તા ક્રિયા કર્મવૃત્તિયે, લૌકિક કાયે કરાય. એક.
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ અવસ્થા, સહુને સમ કહેવાય;
ચૈતન એક સકલ ઘટ વ્યાપક, પ્રકટ શ્રુતિ એમ ગાય. એક.
ચારે આહાર સકળને સરખા, પાંચ કોશ કહેવાય;
અણજાણે પોતામાં જાણી, અહંકારે બંધાય. એક.
જયમ રવિ એક માત્ર જળનાં બહુ, તેમાં બહુ દેખાય;
જયમ જલ લહેર ચપલતા માંહે, ચંદ્ર ચપલ દરસાય. એક.
ત્યમ બહુ લિંગભેદમાં પોતે, પણ બહુ રૂપ જણાય;
વ્યાપક રૂપ અનંત અગોચર, કોઈ થકી ન કળાય. એક.
પુત્ર વિત્ત લોકાદિક કેરી, આશાયે અથડાય;
કર્મ કરે બહુ તે પામ્યા ને, ત્યમ ત્યમ પાપ જમાય. એક.
ધ્યાતા ધ્યાન ધ્યેયવૃત્તિયે, કોટિ દેવને ધ્યાય;
સાધે લોક ભ્રાંતિ બહુ વાધે, ભુવન ભુવન ભટકાય. એક.
તપ તીરથ વ્રત સ્નાન દાન જપ, વિધવિધ કરે ઉપાય;
હૃદય ગ્રંથીનો ભેદ ન જાણે, અવળાં ઓસડ ખાય. એક.
દેહાદિકમાં હું મારાથી, ત્રિધા ભેદ દઢ થાય;
આપ સજાતિ વિજાતિ સ્વગત, રૂપે બહુ રૂપ જણાય. એક.
કામી ક્રોધી લોભી કોઇ, દાતા દીન જણાય;
કોઇ રાગી કોઈ ત્યાગી કોઇ, સુખી દુઃખી દેખાય. એક.
કોઈ પંડિત કોઈ જાણ્યા જેવી, છળીયા બલીયા થાય;
કોઈ ઘરબારી કોઈ ભીખારી, કઈ નાચે કઇ ગાય. એક.
કોઈ પાખંડે પંથ ચલાવે, પ્રભુ થઈને પૂજાય;
શિષ્ય તણો સંશય નવ ટાળે, ધૂતીને ધન ખાય. એક.
દેહાકૃતિને બ્રહ્મ કરાવે, ચૈતન નવ લહેવાય;
અંધ અંધની પાછળ ચાલે, ઉભય કુવામાં જાય. એક.
દઢ વિશ્વાસ ધરીને જે કોઇ, સદ્ગુરુ શરણે જાય;
તેનાં સંશય તકે વિપર્યેય, હૃદય ગ્રંથી ભેદાય. એક.

CENTRAL LIBRARY

મનોહર સ્વામી.

સચ્ચિદાનંદરૂપ લહીને, નિજપદમાં લય થાય;
મનોહર જન્મમરણ ભય ભાગે, સંશય દૂર પલાય. એક.

(૨)

જેને કૃષ્ણ વચન વિશ્વાસ, તેને ન રહે યમનો ત્રાસ. ટેક.
વિશ્વેશ્વરનાં વચન વિચારે, વર્તે બારે માસ;
વાક્ય વિરુદ્ધ ન બોલે મુખથી, કરે સંતમાં વાસ. જેને.
કામ ક્રોધ તૃષ્ણાદિક ક્રેશો, કરે હૃદયથી નાશ:
શીલ દયા સંતોષાદિકની, ખરી જમાવે રાશ. જેને.
નિરાધાર આધાર સર્વેનો, તે હરિનો વિશ્વાસ;
તેને ભજે યજે ધ્યાયે નિત્ય, અન્ય ન રાખે આશ. જેને.
સાધનવંત થઇ નિત્ય સાધે, એક રૂપ અવિનાશ;
ભેદ રહિત નિજરૂપ જણાયે, ચિદાકાશ સુખરાશ. જેને.
કૃષ્ણ કૃપાથી નિશદિન તેને, બ્રહ્માનંદ વિલાસ:
મનોહર મુક્ત જગતમાં વિચરે, છૂટે માયાપાશ. જેને.

(૩)

કપટી પાપ આપતો, હીંડે ઠારોઠાર. ટેક.
ચપટી ચોખા લઇ ફરે, સર્વ દેવને દ્વાર;
કરજોડીને વીનવે, મારાં પાપ નીવાર. કપટી.
એકાંતે પૂજા કરે, ગંધ પુષ્પ બહુ પેર;
કાલો થઇને કરગરે, જાણે આણે મેહેર. કપટી.
નીચો થઇ પાયે નમે, બહુ નાચે બહુ ગાય;
આંખો વિંચે પ્રેમથી, મન માગે ન ધરાય. કપટી.
કામ ક્રોધ ઉરમાં અમિત, ધનમાન માટે બહુ ધાય;
ચોરી ચાડી કપટ છલ, જયમ ત્યમ કરીને કમાય. કપટી.
મન જાણે કહેવાથકી, પાપ થાય છે નાશ,
પાપ મૂલ પસરી પડયાં, રૂંધ્યું હૃદયાકાશ. કપટી.
પાપતણાં તો મૂલ છે, કામાદિક મન મેલ;
ત્યાંસુધી નહીં સાંભળે, દેવ ગણે છે ફેલ. કપટી.
પાપ ટાળવા ચાહે તો, કામાદિકને ટાળ;
સત્ય દયા સંતોષની, આડી કરની પાળ. કપટી.

નિર્મળ થઈ હરિ ભજન કર, રાખી દૃઢ વિશ્વાસ;
મનોહર સઘ મૂકાવશે, કાપી પાતક પાશ. કપટી.

(૪)

મૂરખ પાપ ટાળવા, વીણે વગઘાં કોડ. ટેક.
કાશીમાં પટ્ માસ જઈ, રેહેવા રાખે કોડ;
નિત્ય જઈ નાહે ગોમતી, સેવે શ્રીરણછોડ. મૂરખ.
ભવ બાંધો ભટકયા કરે, અડસઠ તીરથ નાહાય;
પગલે પગલે પાપનો, અધિક ઉમેરો થાય. મૂરખ.
ગોમય માટી લેપશું, માથવટા બહુ નાહાય;
ચડચડ બોલે ચાંબડી, કડકડ જાડાં થાય. મૂરખ.
પંચાગ્નિ સાધન કરે, ઉલટી ત્વચા દઝાય;
ધૂમ્રપાન તપ આદરે, મુખમાં ધૂમ ભરાય. મૂરખ.
કૃચ્છ્રાદિક બહુ વ્રત કરે, તેથી તન સૂકાય;
લાલચ ધારા ચાલતી, તે પલ નવ મૂકાય. મૂરખ.
દેવ વિવિધ વિધિ વીનવે, પૂજા કરે અખંડ;
દશે આંગળાં દાંત દઇ, પાય પડે જયમ દંડ. મૂરખ.
ઓણિપર ધાયે અતિ ઘણો, ન લહે પાતક મૂળ;
ખીલો ડાંભે કયમ મટે, અશ્વ ઉદરનું શૂલ. મૂરખ.
શત સંવત્સર તૂંબડી, જલમાં ડબકાં ખાય;
અંતર ધોયાવણ કદી, કટુતાઈ નવ જાય. મૂરખ.
ત્યમ અંતરથી પાપનું, મૂળ કર્યો વણ દૂર;
કાય કલેશ વૃથા કરે, મમતાતણા મજૂર. મૂરખ.
કામાદિક મનથી તજે, સત્યાદિકને સાહે;
અંતરયામી ઈશનું, ધ્યાન ધરે મનમાંહે. મૂરખ.
ભેદ રહિત હરિને ભજે, સઘળે હરિ દરશાય;
તો સાધન સરવે ફળે, પાતક દૂર પલાય. મૂરખ.
દેહ અહંમતિ વીસરે, શુદ્ધ સ્વરૂપ પમાય;
મનોહર માયા ઝાંઝવાં, દેખત મિથ્યા થાય. મૂરખ.

(૫)

કાંઇ નહિ મારે નાથ, હું તે શું સમરૂં. ટેક.

CENTRAL LIBRARY

મનોહર સ્વામી.

આગના સ્વરુપ માંહે, આપોપુ અરપૂ. કાંઇ નહિ.
ત્રિગુણાત્મક મૂલ, શક્તિ પ્રકૃતિ તમારી;
તેથી ગુણ ભેદ રૂપ, સૃષ્ટી વિસ્તારી. કાંઇ નહિ.
પૃથિવ્યાદિ ભૂતતણી, વિકૃતિ અનંતા;
દ્રવ્યાદિક સકલ વ્યર્થે, મારૂં હુંમંતા. કાંઈ નહિ.
ઉભય દેહ ભૌતિક, છે મારૂં નહિ એકે;
તે વડે સંબધી ગણું, સત્ય નહિ વિવેકે. કાંઇ નહિ.
વિશ્વ વિષે વ્યાપક, ચિદ્રૂપ છે તમારૂં;
સ્થાવર જંગમમાં, કોઈ તેથી નહિ બહારૂં. કાંઇ નહિ.
મારૂં તો અજ્ઞાન, એક તેથી હું મારૂં;
દેહાદિકમાંહે હું તું, નાહક નઠારૂં. કાંઇ નહિ.
નાથ કૃપા સિંધુ વિષે, તે સકલ ગમાવ્યું;
ભેદ રહિત ચૈતન ઘન, હૃદયમાં જમાવ્યું. કાંઈ નહિ.
અનંત અભેદ એક, તમને નિત્ય ગાઊં;
મનોહર ભૂલેથી ભેદ, ઢુંકડો ન જાઊં. કાંઈ નહિ.

(૬)

સ્વસ્વરૂપ જાણ્યાવણ, શીદ સ્વામી ખોલે;
છીપે નહિ તરશ, કદિ પગે નીર ડોલે. સ્વસ્વરૂપ.
ત્રણ અવસ્થાથી પર, પ્રકાશ કલા સોલે;
ચૈતન કહે વેદ તેને, જડમાં કાં ઝોલે. સ્વસ્વરૂપ.
અરૂપી તું રૂપી નાથ, નિત્ય ઉઠી ખોલે;
અસુત પર સુતાનાં, જયમ માગાં બહુ ઝોલે. સ્વસ્વરૂપ.
પરમાણું રૂપ કદી, જીવને તું માને;
તેને તો દેહ જેવું, નથી સુણ્યું કાને. સ્વસ્વરૂપ.
દેહસમ ચૈતન કહીએ, તો નાહાનું મોહોટું;
દેહ થયે વધે ઘટે, અંતે થાય ખોટું. સ્વસ્વરૂપ.
તેમાટે ચૈતન છે, વ્યાપક પ્રમાણ;
ઉપાધીને દૂર કરી, એમ જોએ જાણ. સ્વસ્વરૂપ.
બુદ્ધિથી પર સ્વસ્વરૂપ, કૃષ્ણજી બતાવે;
ઉલટું જડમાંહે જોઈ, વિષ કાં પકાવે. સ્વસ્વરૂપ.

શુદ્ધ સ્વામી વ્યાપક છે, સેવક સોપાધી;
તે તજયાવિના ન મટે, અંતરાય વ્યાધિ. સ્વસ્વરૂપ.
સ્વસ્વરૂપ શોધ્યા વણ, કોટિ કલ્પ સુધી;
સ્વામી ન સચ્ચિદાનંદ, બ્રહ્મ પામે બુદ્ધિ. સ્વસ્વરૂપ.

(૭)

પ્રેમથી ભજી લે આજ, ચિદ્ઘન સુખકારી. ટેક.
કાલ કળી કોણ શકે, ઘડી પલ પીયારી. પ્રેમથી.
સ્વર્ગાદિક ભોગતણી, કામના વિસારી;
જડ વૃત્તિ દૂર કીજે, મનમાંથી મારી. પ્રેમથી.
વિશ્વ વિષે વ્યાપક છે, સાક્ષિપણું ધારી;
જેની ચિદ્શક્તિયે છે, જાણ મતિ તારી. પ્રેમથી.
તે હરિ નિર્લેપ સદા, શુદ્ધ નિર્વિકારી;
બુદ્ધિ પર વિરાજમાન, નિત્ય લે ધારી. પ્રેમથી.
ચૈતનમય વૃત્તિ એક, અખંડ સમારી;
પામ તું સચ્ચિદાનંદ, બ્રહ્મ ભય નિવારી. પ્રેમથી.

(૮)

પરથમ વરણાશ્રમ ધર્મે પાળતાં, કીધાં જપ વ્રત દાન અનેક.
જીવ્યું ધન તેહનું.
તેથી હરિ ભક્તિ ઉપર ઊપની, જાણ્યો સાચો સ્વામી એક. જી.
તેણે તીવ્ર વૈરાગ પ્રગટ થયો, ગઈ ભોગ વાસના દૂર, જી.
જડ ચૈતન શુદ્ધ વિવેકથી, જાણ્યા જૂજવા જયમ તમ સૂર. જી.
દશ ઇંદ્રિયો જેણે વશ કરી, જીત્યાં મન બુદ્ધિ ચિત અહંકાર; જી.
ઉપરતી પામ્યું મન સર્વદા, ન કરે કાંઈ વિષય વિચાર. જી.
સુખથી ઉછરંગ ન મન ધરે, ભય દુઃખથી ન પામે લગાર; જી.
વિશ્વાસ ગુરુ વેદાંતનો, દૃઢ કરી ચિત રાખે ઠાર. જી.
નિજ રૂપ જાણવા ચિત રહે, એકાગ્રપણે દિન રાત; જી.
એક મોક્ષની ઇચ્છા મન વિષે, બીજી કાંઈ ગમે નહીં વાત. જી.
સેવે શ્રી ગુરુ દેવને હેતેશું, કરે નિકટ એકાંતે વાસ; જી.
કરે શ્રવણ મનન વેદાંતનું, નિશિવાસર એજ અભ્યાસ. જી.
મહાવાક્ય વિચારતાં મૂડીયે, રહ્યું ચૈતન સર્વાવાસ; જી.

CENTRAL LIBRARY

મનોહર સ્વામી.

જીવ ઇશ ઉપાધિને પરહરી, નિજ રૂપ લહ્યું ટળ્યો દાસ. જી.
પાંચકોશના પડદા ટાળીયા, પામ્યો જલહલ જ્યોત પ્રકાશ; જી.
પાંચ ભૂતનાં પૂતળાં પરહરાં, જાણ્યો સૂત્રાત્મા સુખ રાશ. જી.
ધ્યાતા ધ્યાન ધ્યેય વૃત્તિ પરહરી, રહ્યો ધ્યેય નિરંતર આપ; જી.
ગુણ ત્રણના દેવની એકતા, જાણ્યો બ્રહ્મ પ્રણવનો જાપ. જી.
પુણ્ય પાપનાં ત્રાજવાં ત્રોડીયાં, મેલ્યો વધઘટનો વેપાર; જી.
કર્મકાંડનાં કાટલાં પરહર્યાં, પામ્યો જ્ઞાન અખૂટ ભંડાર. જી.
ખટ શાસ્ત્રના ખોટા રાજવી, કાહાડયા કરતા કૂડા વાદ; જી.
થાણું બેઠું વેદાંત ભૂપાલનું, ઉઠ્યો અનહદ નોબત નાદ. જી.
હીડે જ્ઞાન ગગનમાં મલપતો, છૂટ્યો મોહ માયાનો પાસ; જી.
તુરીયા પદમાં વરતે સદા; અજ્ઞાન થઈ ગયું નાશ. જી.
સંસારસમુદ્રને શોષીયો, સુખ સાગર લહેર અપાર; જી.
વસે અડસઠ તીરથ અંગમાં, દેવ ઓચરે જયજયકાર. જી.
પરાપાર તે વરતે પ્રેમમાં, મુખે બોલે બોલ અમૂલ; જી.
અણસમજુનાં આળ ગણે નહીં, જેમ કરીવર ઊપર ફૂલ. જી.
જેનો કાળ તે કીંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણા જલ ત્રલોક; જી.
તેને ચરણે તે શીશ નમાવતાં, ટળે વિવિધ તાપ ઉર શોક. જી.
દાસી આશા પિશાચી થઇ રહી, કામ ક્રોધ તે કેદી લોક; જી.
ભાસે બ્રહ્મ કલોલ તે સર્વદા, ચાર ખાણ ને ચૌદે લોક. જી.
દુઃખરૂપ તે સુખ સાગર થયું, થયો દ્વૈત વૃત્તિનો નાશ; જી
રવિમાં જયમ તમ ભાસે નહીં, ભાસે સઘળે તે પૂર્ણ પ્રકાશ. જી.
દીસે દેહવંત જડબુદ્ધિને, પોતે ત્રણ દેહને પાર; જી.
દીસે ખાતા પીતા બોલતા, નિત્યે છે નિરંજન નિરાકાર. જી.
જાણે સંત સલોણા તેહને, જેને હોયે છેલો અવતાર; જી.
જગ પાવનકર તે અવતર્યા, અન્ય માત ઉદરનો ભાર. જી.
તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઇયે નવ થાય; જી.
રિદ્ધિ સિદ્ધિ તે દાસિયો થઈ રહી, બ્રહ્માનંદ હૃદે ન સમાય. જી.
જાણે એક અખંડિત બ્રહ્મને, નવ દેખે તે માયા ગોલ; જી.
સચ્ચિદાનંદ બ્રહ્મ રૂપે સદા, કરે આનંદ મોજ કલ્લોલ. જી.

(૯)

અર્જુન સાથે બોલ્યા હરિ એમ રે, મિત્ર સુણો વાણી રે;
હું છઉં વ્યાપક અનંત ને અપાર, મૂઢ શકે નહીં જાણી રે.

આદિ મધ્ય અંત સૃષ્ટીથી નિર્લેપ રે, શુદ્ધ હું વિરાજું રે;
બ્રહ્માદિક સર્વે દેવ થકી પૂર્વે રે, એક રૂપે છાજું રે.
સર્વે તણા આદિ મધ્ય અંત રૂપ રે, એકલો હું જાણું રે;
કોઈ નથી હુંથી ભિન્ન જગમાંહિ રે, અણુ ને પરમાણુ રે.
હું તો સદાયે અસંગ જડ ભૂત થકી, શુદ્ધપણે વર્તું રે;
છઉં અકર્ત્તા સ્વરૂપ નિજ શક્તિ વડે, જડને કરૂં પ્રરતું રે.
સંત જનને સ્વરૂપ ઉપદેશ રે, દુષ્ટ નાશ કરવા રે;
ઈચ્છા શક્તિયે ધરૂં તે નર વેશ રે, નરમાં વિચરવા રે.
તેથી ચોર પામી દાવ મુજ નામ થકી, પૂતલાં બનાવે રે;
જુઠા ગ્રંથ કરી પંથ રચી ફંદ, ભોળા લોકને ભુલાવે રે.
અમે માંડયું નથી કોઇએ ગામ રે, મંદિર અમારૂં રે;
અમો કેહેતા નથી જે વંશ વારસને, માને તેને તારૂં રે.
સર્વે લોક છે સમાન મારે, કોઈ નથી પારકું પોતાનું રે;
સર્વે તણો ઈશ વ્યાપક છઉં એક રે, નથી કેહેતો છાનું રે.
હુંને વ્યાપક સ્વરૂપ જે અનન્યપણે, ભજે તે તો મારા રે;
સચ્ચિદાનંદ બ્રહ્મરૂપ જાણ રે, લોકથી તે ન્યારા રે.

(૧૦)

એક છે એક છે એક છે રે, પ્રભુ આદ્ય મધ્ય અંતે એક છે. ટેક.
આદ્ય અંત પૃથ્વીના મધ્યે ઘાટ દીસે, નામ રૂપ માત્ર તે અનેક છે રે. પ્રભુ.
તેમ એક ચૈતન ઘટ ઘટ વ્યાપક, ભેદ વિના અટલો વિવેક છે રે. પ્રભુ.
ભૂમી વિકારી માટે ભિન્ન ભિન્ન થાયે, ચૈતન અવિકારી છેક છે રે. પ્રભુ.
અવની રૂપી ને ચૈતન અરૂપી, જેમ વસ્તુ નભમાં હરેક છે રે. પ્રભુ.
દેહાહંમતીથી અનેક જીવો, જાણે છે એ જ અવિવેક છે રે. પ્રભુ.
તેથી શુભાશુભ સુખ દુઃખ માને, કામ ક્રોધ મોહાદી વિશેક છે રે. પ્રભુ.
તે માટે ગુરુ શરણે રહીને, સાધન સાધ્યાની જેને ટેક છે રે. પ્રભુ.
તે સચ્ચિદાનંદ બ્રહ્મ લહી જાણે, ભેદ જેવાં તોલાં કામે ભેક છે રે. પ્રભુ.

(૧૧)

કામની કામની કામની રે, કાયા નરની તો છે મોટા કામની. ટેક.
જો જડ વૃત્તિ નહીં તજે તો ત્યાં, કીમત છે ફૂટી બદામની રે. કાયા
તે માટે સદ્ગુરુ શરણે રહી, સાધન યુક્તિને પામની રે. કાયા.

CENTRAL LIBRARY

વૈરાગાદિક સિદ્ધ કરીને, રાખ વૃત્તિ ચિદ્ઘન ધામની રે. કાયા.
જે સમ વ્યાપક અનંત અગોચર, દૂર કરણ જડ કામની રે. કાયા.
સચ્ચિદાનંદ બ્રહ્મમય થઇને, જનમ મરણ ભય વામની રે. કાયા.

(૧૨)

આવીયો આવીયો આવીયો રે, નર દેહ તારે તરવાનો આવીયો. ટેક.
જાગ્યો ત્યાં લગે જડનો રે ગડબડ, બાકીનો સૂઇને ગમાવીયો રે. નર.
ખૂટશે આયુષ ક્ષણ ક્ષણ જાતાં, કોડ ગણું હઇશ કદી લાવીયો રે. નર.
લખ ચોરાશીમાં રઝળીશ જો કદી, કાળે અચાનક ચાવીયો રે. નર.
તે માટે તું શરણ જા તેને, જે ગુરુ વેદ પ્રરમાવીયો રે. નર.
સચ્ચિદાનંદ બ્રહ્મ અખંડ ભજીને, છૂટીશ માયાથી તો તું ફાવીયો રે. નર.

(૧૩)

જોજો જોજો રે, આ ઉંધમતિ જન અપાર; જોજો જોજો રે.
સાચ જુઠ તણો કશો મન ન વિચાર;
અંધ ધંધ જાયે ચાલ્યા આંધળાની લાર. જોજો.
કૃષ્ણની પ્રમાણ વાણી સુણે નહીં લગાર;
ભાંડ ભાટ વેષધારીતણો, એતબાર. જોજો.
અમકાથી છે આબરૂ ને લાજ મારી સાર;
પ્રભુથી વિમુખ એમ માને ગમાર. જોજો.
વેર તણાં નામ માથે ધરે નિરધાર;
તંત્ર ને પુરાણ માને સાખી બેસુમાર. જોજો.
શૂદ્ર તણા ગુરુ ભાઈ જનોઇનો ભાર;
નાહક ઉપાડે તેની લાજ નહીં લગાર. જોજો.
આચારજ રહિત આપા પંથીયો અપાર;
કાખમાં વેદાંત ઘાલી ફરે બારેબાર. જોજો.
કોળી નાળી લાવી માંડે પૂતળાંની હાર;
ઇશ માની શીશ નામે મૂંઢના સરદાર. જોજો.
ચોરે ઠગ છીનાલ જાર તણો બહુ દ્વાર;
દેવઘર માની બેસે મુડિયાંની હાર. જોજો.
શોભા વિના દેખે ત્યાંથી તર્ત ભાગે બહાર;
ઘણી શોભા સાંભળે ત્યાં દોડે લારોલાર. જોજો.

આંખ્યો લાલ કરી બેસે બાહાર ચોળી છાર;
જાત જાણ્યા વિના જઈ સેવે જાણ હજાર. જોજો.
મનમાંથી નામ દેવ તીર્થનાં અપાર;
પેટ માટે પાડી ખોસે ઝંડા ઠારોઠાર. જોજો.
જૂઠમાં ઠગાયે ભૂલી ઈશ આપનાર;
પત્થર પૂજારીને માને કામના કરનાર. જોજો.
ગંગા આવ્યાં ખાડમાં કહે વાટનો જાનાર;
તેને માને પણ ન માને વેદનો પોકાર. જોજો.
એવાંતણાં વ્રત કરે ને ફૂટે બહુ પ્રકાર;
રાંડ્યાં મોહોટાં જોતાં થાકે તોયે નાવે પાર. જોજો.
લીંબડામાં મોહો જેવો છે દેવનો આકાર;
એવું સુણી જોવાને બહુ રઝળે નરનાર. જોજો.
કૃષ્ણ કહે કર્મે છે સકામ તો અસાર;
તોયે શોભા માનતામાં ખોએ ઘરબાર. જોજો.
લોકમાં પૂજાવા ખમે ભુખ દુઃખ માર;
ગુરુ ખોળી ઇશ જાણ્યા તણો નહી પ્યાર. જોજો
પત્થર માંડે ઉકરડાને કાહાડવાને બાહાર;
લોક હનુમાન માને જાણતાં ધરાર. જોજો.
ત્યાગી આવે ગામમાં તો ઉતરવા નહીં ઠાર;
ઢોંગીને સામૈયે જાવા હોકારા હોકાર. જોજો.
મંત્રે પૂજે ત્યાં ન લાગે પગે ઘરની નાર;
પાળીયો શણગારે ત્યાં ખાયે ધક્કા માર. જોજો.
કોરાં બાણ પાસે આવે નહીં કોઈ જોનાર;
કાચ મોહોરાં બાંધે આવે લોકના અંબાર. જોજો.
જીભે કહે હું સાધુ બ્રાહ્મણ તપસી યતિ સાર;
તેજ માને પણ ન જાણે ચોર શાહુકાર. જોજો.
છતે હુંતે હાથ ઓડે ભીખારાં અપાર;
દાનપાત્ર જાણી તેને આપે ફાંફામાર. જોજો.
પીતલને જે પૂજે તેને પૂજે બહુ પ્રકાર;
સાચો પ્રભુ ચિંધે તેથી કરે મારામાર. જોજો.
વિદ્યાવંત તીર્થતણો શપ્રાંનો નહીં ભાર;
પાણી પાહાડા ખોળ્યા કરે અભણ ને ભણનાર. જોજો.

ખાડે પેસે બેસે કોઇ પાથરી તરવાર;
ગંજેરુ ભંગેરુ તેને માને સિદ્ધ મદાર. જોજો.
અમકી પાસે લાલજી આવ્યા છાપો દીધી ચાર;
અમકી દોલત દીકરા આપે ધૂણે ખોડીયાર. જોજો.
અમકો હુંતો પુનમ ઉપર જાતરાનો જનાર;
ડાકોરનાથે કરજ આપ્યું રૂપેયા છો બાર. જોજો.
એવી વાતો સાંભળી તેને માને રેઢીયાર;
સંભારે નહીં વિશ્વતણો પતિ પાલનાર. જોજો.
પંથને પાખંડ એમ મૂઢનાં અપાર;
પ્રભુથી વિમુખ નીચ ગતિ આપનાર. જોજો.
તેથી પાછો ફરી ખોળે ગુરુ તારનાર;
દેહાદિક વિષયતણો તજે અહંકાર. જોજો.
ગુરુ વેદ થકી જાણે સાક્ષી નાથ સાર;
ત્રણ દેહ તજી પોતે પહોંચે પરાપાર. જોજો.
જાણ્યા સુધી ત્યાગ ભક્તિયુત કરે વિચાર;
પામે તે સચ્ચિદાનંદ બ્રહ્મ ભય નિવાર. જોજો.

(૧૪)

જોજો જોજો રે, આ અજબ જગ બનાવનાર. ટેક.
ઇચ્છા માત્ર માયામાંથી પ્રગટે અહંકાર;
તેથી શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ સાર. જોજો.
તેનું પંચીકરણ બને, ભૂતો થાય તૈયાર;
આકાશાદિક પૃથ્વી સુધી પાંચે નિરાધાર. જોજો.
ભૂમીથી બહુ ઔષધી ને તેથી તન અપાર;
લખચોરાશી જાતતણા ખોલે સૂત્રકાર. જોજો.
પાયા વિના ચૌદ લોક અધર ધરણહાર;
દેવો પ્રગટ કીધા તે તો ફરે નિરધાર. જોજો.
ભૂમી જોતાં કાંઈ ન દીસે ગુણ છે બહુ પ્રકાર;
રસ ગંધાદિક નીપજે તેને જાણતાં નાવે પાર. જોજો.
મીઠા મોળા ખાટા તીખા તૂરા કટુ ખાર,
એકક્કાના ભેદને જાણતાં બુદ્ધિ પામે હાર. જોજો.

રક્તશ્વેતાદિક રંગ એકક્કા જગમાં બેસુમાર;
તેમજ પાણિ ને તેજાદિકના ગુણ ન કો લહેનાર. જોજો.
પાંચ ભૂતોના દેહો દીસે મોહોટો ચમતકાર;
ચામે મઢેલા જુજવા ઘાટના કોણ કળી શકનાર. જોજો.
પવન તણા થંભથી ચલાવે કારબાર;
પ્રાણાપાન વ્યાનોદાન સમાન મદાર. જોજો.
આકાશાદિક ભૂત તણો સત્વ ભાગ સાર;
તેથી મન બુદ્ધિ કરે ચિત્ત ને અહંકાર. જોજો.
શ્રોત્ર ત્વચા ચક્ષુ ને રસના ને ઘ્રાણ બાહાર;
આકાશાદિક તણી જ્ઞાન ઇંદ્રિ જાણનાર. જોજો.
વાગાદિક પાંચ ઇંદ્રિ કામ કરનાર;
નભાદિકથી પ્રગટ કરે રજોનો વિચાર. જોજો.
સ્થૂલ સૂક્ષ્મ કારણ છે દેહ ત્રિપ્રકાર;
તેના ચૈતન્ય આડા નાંખ્યા પડદા ભુવનાર. જોજો.
પોતે માંહે ને બાહાર બિરાજે ભિન્ન નથાયે લગાર;
કોઈ કરી ન શકે એવાં સર્વે કામ કરે દિલદાર. જોજો.
વંધ્યાપુત્ર જેવો અસંભવતો પરિવાર;
શબ્દાદિકથી કરે એવો બીજા કોનો ભાર. જોજો.
કરતે સતે નિત્ય અકર્ત્તા લેપ ન પામે લગાર;
ચૈતન્ય આનંદરૂપ છે વ્યાપક જેનો પાર ન વાર. જોજો.
પડદામાં હું મારૂં માની જે કરે વ્યવહાર;
કર્મે તણે આધીન ગણી તેને ફેરવે આપ મુઝાર. જોજો.
ગુરુ શરણે રહી ત્રણે પડદા દૂર કરી જોનાર;
પુરુષને નિજરૂપ જણાવી ટાળે અંધકાર. જોજો.
જે સચ્ચિદાનંદ બ્રહ્મને જાણ્યા તણો રાખે પ્યાર;
તેને થઈ ગુરુ રૂપ જણાવી સાક્ષી કરે ઉદ્ધાર. જોજો.

(૧૫)

જોજો જોજો રે, આ સત્ય સમજનો પ્રકાર. ટેક.
અહં અભિમાની કરી મતીને મદાર;
જ્ઞાનેંદ્રીને સંગે સકલ વિષય જાણનાર. જોજો.

તે મન સાથે મળી કરે સર્વ કર્મ સાર;
કર્મેન્દ્રિ દ્વારાયે તેથી ચાલે વ્યવહાર. જોજો.
માટે યજ્ઞ તીર્થ દાન સેવાદિ ઉપચાર;
કર્મ વિદ્યા સકલ જેની ઇંદ્રિયો સરદાર. જોજો.
તે સત્વ રજ તમ ભેદેથી ભિન્ન પ્રકાર;
તેમાં સાત્વિકને કરે છે કૃષ્ણ અંગીકાર. જોજો.
વિદ્યા વધે એવા યજ્ઞદાનાદિક સેવાદિ આચાર;
ઇશ્વરાર્પણ બુદ્ધિયે કરે સાત્વિકો કરનાર. જોજો.
ઐહિક આમુષ્મિક ફળ શોભા પોરસ પ્રત્યુપકાર;
માટે કરે તે રજોગુણી કર્ત્તા દુઃખભાગી નિરધાર. જોજો.
તામસી કામ અંધારા આળસ ને મગરુરી મુઝાર;
જે વિપરિત કરે તે તમોગુણી અજ્ઞતા પામે અપાર. જોજો.
વરણાશ્રમનાં કામ જરૂરી સાત્વિક જાણે ભાર;
સદ્ગુરુ ને સત્શાસ્ત્રની સંગતતણો ઘણો પ્યાર. જોજો.
રજોગુણી દુઃખરૂપ ધંધામાં માને સુખ અપાર;
તમોગુણીનાં સઘળાં કારજ અંધારે અંધાર. જોજો.
બીજી છે ઉપાસન વિદ્યા લિંગ તેનું કરનાર;
ધ્યાન જાણ્યે તે સિદ્ધ થાયે માટે સાધવો પ્રત્યાહાર. જોજો.
તે ન થયે પ્રાણાયામાદિક યોગ કરે નિરધાર;
એ વિદ્યા તો આવડે જો ગુરુ સિદ્ધ છે શીખનાર. જોજો.
સાત્વિક સાધે વ્યાપક કાં તો સાત્વિક મુર્ત્તિ સાર;
રજોગુણી તો રજોગુણી દેવનું ધ્યાન હૃદે ધરનાર. જોજો.
તમોગુણી છે ભૈરવ ભૂત પિશાચનો ચિંતવનાર;
ત્રણેના ધ્યાનાદિક માંહે છે મોટો ફેરફાર. જોજો.
રજોગુણી ને તમોગુણી બંને તે તે લોક મુઝાર;
સાધનનું ફળ ભોગવે તો પણ પાછો ઠારનો ઠાર. જોજો.
સત્વગુણી શુદ્ધ સત્વને જીતી પોહોંચે પરાપાર;
બ્રહ્મલોકે કાં આ જગ માંહે સઘ પામે ઉદ્ધાર. જોજો.
એ વિદ્યા તો સદ્ગુરુ જાણે અન્ય ન જાણણહાર;
તે વણ પેટભરાનાં પાંપળાં જગમાં બેશુમાર. જોજો.
ત્રીજી વિદ્યા મોક્ષનું કારણ બંનેમાં નહીં સાર;
પણ તે સાત્વિક લોકજ પામે અન્યે નહીં અધિકાર. જોજો.

માટે નર તન પામીને સાત્વિક વૃત્તિને ન વીસાર;
સચ્ચિદાનંદ બ્રહ્મને માથે નિશ્ચે ધણી તું ધાર. જોજો.

(૧૬)

જે જન જાગ્યા, ઘોર અવિદ્યા ઘેન તજી જગમાંહે;
નિજ રૂપ લહ્યું, ભેદ ભાવના મનમાં નાવે ક્યાંહે–ટેક.
તેને સઘળે આતમરામ સદા, મનમાં ભય પ્રગટ ન થાય કદા;
હરખે નિરખે નિજ રૂપ મુદા, જે જન.
દુખરૂપ જગત સુખરૂપ થયું, જડ વૃત્તિ વિલાસ સમાઇ ગયું;
ચૈતનઘન પૂરણ શેષ રહ્યું. જે જન.
જાગૃતમાં અળગ રહે કરતે, સ્વપ્નામાં નવ ભૂલે ફરતે;
સુષુપ્તિમાં સાક્ષીપણે વરતે, જે જન.
ત્રય જીવતણા ત્રય ઇશતણા, ષટ્ ભેદ નિરંતર દૂર ગણ્યા;
એવો ચૈતન રૂપી વેદ ભણ્યા, જે જન.
જડ બુદ્ધિ તે તેને નવ જાણે, જે મોહ્યા તન યૌવન નાણે;
કોઇ વરતે વિરલા એધાણે, જે જન.
તે નર તન ધારી બ્રહ્મ ખરે, જેના શરણાગત ભવસિંધુ તરે;
સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વરૂપ કરે, જે જન.

(૧૭)

નહીં તન સરખો, તું તો તું હરિ તન સરખો કાં ખોળે:
તેથી લાભ કશો, વણ દીઠે મન કલ્પિત ડાહાપણ ડોહોળે–ટેક.
આ તન જડ પ્રગટ પડયું રહે છે, શ્રુતિ લિંગ શરીરને જડ કહેછે;
જે સ્થૂલ દેહ સઘળા વહે છે, નહિ.
લખ ચોરાશી તનમાંહે ફરે, જ્યાં જેવું તેવું ત્યાં વિચરે;
તે તો સ્વર્ગે મહી પાતાલ ફરે, નહિ.
તું તો સ્વસ્વરૂપનો અજ્ઞાની, તેથી લીંગ દેહમાં હું માની;
બંધાણો બુદ્ધિ કરી નાહાની, નહિ.
તેથી કર્તા ભોક્તા થઇને ફરે, ગુણ દોષ પરાયા શીશ ધરે;
હું કોણ વિચાર ન એવો કરે, નહિ.
વિશ્વાનર હિરણ્યગર્ભ નામી, ત્રીજા ઇશ્વર પ્રલય પાર ગામી;
તારી ત્રણ અવસ્થાના સ્વામી, નહિ.

CENTRAL LIBRARY

મનોહર સ્વામી

વિશ્વાદિકને તેમાં લીન કરી, ત્રણ ભેદ તજી જે એક હરી:
તેમાં મગ્ન થઈ રહે ધ્યાન ધરી, નહિ.
એમ કરી ન શકે તો એક ગણી, જગકર્ત્તા પાલણહાર ધણી;
જગ વ્યાપકનો રહે દાસ બની, નહિ.
કર સર્વ કર્મ અર્પણ તેને, જે એમ ભજી શક નહિ એને;
એમ કહે છે શ્રુતિ છે ખપ જેને, નહિ.
કર્ત્તાને ભૂલી તનધારી, ભજતાં ગતિ નીચ થશે તારી;
નરતન અમૂલ જાઈશ હારી, નહિ.
ચેતન થઈ રાખછ જડ સાંહાંમી, એવી વૃત્તિ મૂઢતા કાં પામી;
ભજ સચ્ચિદાનંદ બ્રહ્મ સ્વામી, નહિ.

(૧૮)

કર્મે કરીને તરી કયમ શકનાર, અંધા હો–ટેક.
રાત દિવસ બહુ પાપ કરીને, આપી શકીશ મૂઠી જાર; અં. હો. ક.
સ્નાનાદિક આચાર સકલમાં, બહુ અભિમાનનો છે ભાર. અં. હો. ક.
વેદ પ્રમાણ કાંઈ કરી નથી શકતો, ઉલટો બને છે ગુનેગાર, અં. હો. ક.
નાશવત ફળ ઝટ જાયે ખૂટી, પાછો તે ઠારનો ઠાર. અં. હો. ક.
તજ અભિમાન શરીરાદિકનું, પ્રભુ ચરણે ચિત્ત ધાર; અં. હો. ક.
તેનો થઇ રહે જે છે કરતા, જગતનો પાલણહાર. અં. હો. ક.
ચાકરને નહિ જોખમ ઘડનું, ધણી થયે ગેરુનો માર; અં. હો. ક.
સચ્ચિદાનંદ બ્રહ્મ એક વૃત્તિયે, રાત દિવસ તું સંભાર. અં. હો. ક.

(૧૯)

સજ્જન ચેતનનાથ તજીને, પ્રતિમા શાને ધારી રે;
એ શું કરશે કામ તમારાં, મનમાં જુવોની વિચારી રે સ.–ટેક.
તે નર કહે પ્રતિમાએ પૂર્વે, કાજ ઘણાંનાં સારયાં રે;
તે વણ કયમ આશ્રયે ગણીને, સેવક થાય અમારાં રે. સ.
એક મૂર્ત્તિયે દૂધ જ પીધું, એકે આપ્યો હાર રે;
એક મૂર્ત્તિના વાઘ ફાટા, ફરતાં માલણ લાર રે. સ.
એક મૂર્ત્તિયે રીસ ચડાવી, ઠેલ્યો ભોજન થાલ રે;
એક મૂર્ત્તિ મોટી તોળાણી, સોને સવા વાલરે રે. સ.

ચમતકાર અગણિત પ્રતિમાના, જગત સુણે છે કાને રે;
લાખો દેવી જીવ અમારી, આપેલ મૂર્ત્તિ માને રે. સ.
સિદ્ધાંતી કહે આજ અચેતન, મૂર્ત્તિ પ્રગટ જણાય રે;
આગળ પીતલ ખાતું પીતું, એ કયમ સત્ય મનાય રે. સ.
ખરૂં હોય તો આજ બતાવો, ખાલી ન ગાલ ફૂલાવો રે;
દેખી પેખી કાં ભૂલો છો, પરને કાં ભરમાવો રે. સ.
તે કહે આજ કોઇને એવો, નહીં ભાવ વિશવાસ રે;
નહીં કાં આજ મૂર્ત્તિ પણ બોલે, જમે અન્નના ગ્રાસ રે. સ.
સિદ્ધાંતી કહે ભાવ વિના કાં, જૂઠા પંથ ચલાવે રે;
ભોળા જીવોને ભરમાવી, કાં ચાળા ચૂંથાવો રે. સ.
ધન્ય ધન્ય આચારજ ધન્ય, દેવી જીવ તમારા કહીયે રે;
જેને ભાવ ભક્તિ વિશવાસજ, ખરેખરો નથી હૈયે રે. સ.
આચારજને ભાવ નહીં ત્યારે, સેવકને હોય શાને રે;
વણ સામાને ગામ નોતરે, શું પામે શોભાને રે. સ.
સમજવાના ભાવે ફલ આપે, કાષ્ટ પૂતળી નારી રે;
ભાવે કીધે પુત્ર જણીને, વંશ ન શકે વધારી રે. સ.
લાખો માણસ મૂર્ત્તિ પૂજે, એકેની નવ બોલે રે;
લાખે એક ન બોલે એવો, મારગ મૂરખ ખોળે રે. સ.
અમકે મૃતક ગાય દોહી હતી, એવી સાંભળી વાત રે;
કોઇ ન મુરદાં કરી એકઠાં, પૂજે દિન ને રાત રે. સ.
કોક સિદ્ધિયે ભીંત ચલાવી, કો પ્રતિમા કો પાહાડ રે;
કોક સિદ્ધિ પ્રતિમામાં મૂકે, કોક નચાવે ઝાડ રે. સ.
તેથી પ્રતિમાદિક જડ વસ્તુ, ચેતન કદી ન થાય રે;
દુગે દ્વાર દાંતે નવ તૂટે, મૂવા પછે ગજરાય રે. સ.
ધ્યાન ધારણા પ્રાણાયામ ન, આસનનો ઉપદેશ રે;
ફક્ત ઢીંગલાં શણગાર્યાથી, વિદ્યા નાવે લેશ રે. સ.
સમજ સિદ્ધની તેની પાસે, તેની સાથે જાય રે;
સાપ ગયે ઢરડાને વળગે, કદી ન સાપ ઝલાય રે. સ.
ત્યમ પ્રતિમાને વળગી પડયાથી, સિદ્ધ કલા ન પમાય રે;
એવી અલ્પ સિદ્ધિથી, જગદીશ્વર પણ કેમ થવાય રે. સ.
પેદા કરનારની સિદ્ધિ, પ્રગટ જગત દેખાય રે;
દેવ દનુજ નર તિર્યેક જલચર, અગણિત મૂર્ત્તિ થાય રે. સ.

CENTRAL LIBRARY

સૂર્ય પ્રકાશ કરે સૃષ્ટિને, ચંદ્ર સકલને પોષે રે;
મેઘ જગતમાં વરસે અગ્નિ, બાલે વાયુ શોષે રે. સ.
એક કાળમાં અગણિત કામ, કરે દેવાદિક સર્વે રે;
તે આગળ નર પ્રતિમાની તૃણ, સિદ્ધિનો શો ગર્વે રે. સ.
સૂર્યાદિકના કાલ વિષે બહુ, નર પ્રતિમા પલટાય રે;
સૂર્યાદિકનો સ્વામી ઈશ્વર, પ્રતિમા કયમ કહેવાય રે. સ.
ચમતકાર અગણિત દેવાદિક, જેવડીયે દેખાડે રે;
તે વ્યાપક ચિદ્રૂપ તજીને, પ્રતિમા શીદ રમાડે રે. સ.
અમિત શક્તિ ઈશ્વર ઘટ ઘટમાં, તેને તો નથી જોતો રે;
પત્થરને ચૈતન કરવાનો, ધંધો ક્યાંથી ગોતો રે. સ.
પામી શકે તો પામ હરીને, ઘટમાં પ્રગટ બિરાજે રે;
ગીતામાંહે ચાલ કહી છે, તેજ જાણવા કાજે રે. સ.
કૃષ્ણ વચન ઉપર મેહેનત, કરી શકતો નથી લગારે રે;
પીતલમાંથી પ્રભુ બતાવું, એવાં ડીંગ કાં મારે રે. સ.
નિજ મમત્વ તજી ગુરુ શરણે રહી, ચૈતન સરવાવાસ રે;
તે સચ્ચિદાનંદ બ્રહ્મ લહીને, કાપો ભવના પાશ રે. સ.

(૨૦)

ચોરઠગોર ન ચાલી શકે ભાઈ, શાહ રાહમાં એક ઘડી;
ઉદાંઢલ મારગ તે ઝાલે, પર ધન ઊપર મરે પડી. ચોરઠગોર.
શૂરા જન ચિદઘન પ્રભુ પામે, પ્રગટ જગતમાં ઢાલ ખડી;
કાયર કામાદિકની ઠેશે, દોડતા જાય દડી દડી. ચોરઠગોર.
માયા ઘેન ભર્યો શું કરશે, ખાશી ચોકી ખડી ખડી;
પિપિલિકાનો પગ ન ટકે ત્યાં, શું જાણે પગડીબુ ચડી. ચોરઠગોર.
કાચ કીડીયાં જોવા સારુ, ધક્કા ખાયે ચાર ઘડી;
બ્રહ્માદિક સુખ કરી વેગળું, અંતરમાં કયમ શકે ગડી. ચોરઠગોર.
લોક રીઝવા માંડ માંડતાં, નવરા થાય ન એક ઘડી;
મન બુદ્ધિ પર સ્વામી પાસે, તે શું પોટી શકે પડી. ચોરઠગોર.
ભક્ત સચ્ચિદાનંદ બ્રહ્મના, બેસે માયા પાર ચડી;
બીજા વિષય ભૂખ ભડભડતા, નાના યોની પડી પડી. ચોરઠગોર.

(૨૧)

તે છે નાથ અમારો, જે પર નાથ ન બીજો કોએ રે;
જેની સત્તાએ જડ ઝૂલે, મૂઢ વિચારી જોએ રે. તે છે.

જે કર્ત્તા પાલક સંહરતા, આપ અકર્ત્તા સોએ રે;
સર્વ તણો જે જ્ઞાતા, જેનો જ્ઞાતા અન્ય ન હોએ રે. તે છે.
નહીં સમાન ન સાહક જેને, આપે એક ન દોએ રે;
જે અપાર જગમાં પણ વ્યાપક, વારે ન વાયુ ન તોએ રે. તે છે.
ત્રણ ઈષણા ત્યાગ કરીને, પામે દ્વિજવર કોએ રે;
રાજા રાજ તજે જે માટે, તું કાં વેષ વગોએ રે. તે છે.
તન ગોળીમાં પ્રણવ નેતરે, પ્રણવ રવાઇ પરોએ રે;
તો સચ્ચિદાનંદ બ્રહ્મ લહે જો, ચંચલ ચિત્ત વલોએ રે. તે છે.

(૨૨)

જે પૃથિવીમાં વ્યાપી રહી, ઔષધિ આદિક રૂપે થઇ;
અગણિત ઘાટ બનાવે ખરો, તે પ્રભુ મુજને પાવન કરો.
જે જલમાં વ્યાપી મહી ધરે, ભૂ ભેળો થઈ સૃષ્ટી કરે;
જલ રૂપે સઘળે પરવર્યો, તે પ્રભુ.
તેજ વિષે વ્યાપ્યો નિરધાર. ભૂતલનું જે કારણ સાર;
એ રૂપે સહુમાં વિસતર્યો, તે પ્રભુ.
વાયુ વિષે જે વ્યાપક સાર, જેનો નભમાં છે વિસ્તાર;
પ્રાણ થઈ જગમાં સાંચર્યો, તે પ્રભુ.
જે રવિમાં રહી કરે પ્રકાશ, ચંદ્ર વિષે વર્તે સુખ રાશ;
જે ગ્રહગણમાં સમ રસ ભર્યો, તે પ્રભુ.
મેઘ વિષે રહી વૃષ્ટી કરે, વિદ્યુત રૂપ ચમકે ખરે;
દિક્પતિમાં દિક્‌માં પાંશરો, તે પ્રભુ.
દેવ યજ્ઞ વેદોમાં રહી, કર્મે તણાં ફળ આપે સહી;
તેથી યજ્ઞ પુરુષ જે કર્યો, તે પ્રભુ.
ચક્ષુ વિષે રહી દેખે રૂપ, શ્રવણ વિષે લહે શબ્દ અનૂપ;
વાચામાં બોલે ફરપરો, તે પ્રભુ.
સ્પર્શે ત્વચામાં જાણે જેહ, રસનામાં રહી રસ લે તેહ;
મનમાં મન રૂપે આકરો, તે પ્રભુ.
બુદ્ધિ વિષે રહી જાણે સર્વ, અહંકારમાં પોષે ગર્વ;
સર્વ વિષે ને સહુથી નરો, તે પ્રભુ.
ચૌદ લોકમાં વ્યાપક સદા, કોઈ જગો લેપાય ન કદા;
જયમ આકાશ ન લેપે ઘરો, તે પ્રભુ.

સચ્ચિદાનંદ બ્રહ્મ અવિનાશ, જે સર્વત્ર અલુપ્ત પ્રકાશ;
તરશ અવિદ્યા નાશક ધરે, તે પ્રભુ.

(૨૩)

તું તારૂં ન કામ વિસાર, તુંને વારૂં વીરા છે. ટેક.
ચારે આહાર લહે સહુ રે, પામર જીવ અપાર;
પેટ ભરાઇનાં પાંપળાં રે, પશુ જાણે નર ને નાર. તુંને.
પોતાને ભૂલી ફરે રે, જગમાં બેસુમાર;
તે જાણ્યાને આપીયો રે, તુંને નર રતનનો અવતાર. તુંને.
તેજ વિદ્યાને જાણવા, વેદો મોકલીયા છે ચાર;
સદ્ગુરુમાં પ્રગટી કરીને, છે પોતે શીખવનાર. તુંને.
એ તારૂં છે કામ માટે, તેને મનમાં તું વિચાર;
વૈરાગાદિક સાધને રે, તું કામાદિકને માર. તુંને.
સદ્ગુરુથી બ્રહ્મ સાંભળી તેને, શાંતપણે કર ધાર;
માયિક ફલનો સંગ તજીને, કર સઘળો વ્યવહાર. તુંને.
કાળ શીંચાણો ચોર છે રે, માટે ચોંપથી રાખી પ્યાર;
જો સચ્ચિદાનંદ બ્રહ્મને રે, તો તું સાત પેઢીને તાર. તુંને.

(૨૪)

સંતો આવો અમારડા દેશમાં જો;
શાને ભટકો છો કોગટીયા વેશમાં જો. સંતો.
જ્યાં શોક રોગ મૃત્યુનો ભય નહીં કદા જો;
બ્રહ્માનંદ સુખ વરતી રહ્યું સર્વદા જો. સંતો.
કાયા કલેશ દોડ ધૂપ ન કરવો પડે જો;
જ્યાં જોઇએ ત્યાં સ્વામી સનમુખ જડે જો. સંતો.
બાધા વિઘ્નમાં બિરાજે નાથ અમતણો જો;
રક્ષા કરવા નિજ જનની ચંચલ ઘણો જો. સંતો.
જેની બ્રહ્માદિક દેવતા આશા કરે જો;
કામ ક્રોધ ચોર દૂરથી નાઠા ફરે જો. સંતો.
એ છે સદા ચૌદ લોક વિષે જાગતો જો;
જાણ્યા પછી કદી થાય નહીં અણછતો જો. સંતો.
મહાવ્રત તપ યજ્ઞ દાન આદરે જો;
તેથી નાથજી કબૂલ કદી નવ કરે જો. સંતો.

સત્ય ધ્યાનથી જણાવે નિજરૂપને જો;
વણ ધ્યાન ન જણાવે મોટા ભૂપને જો. સંતો.
એવા દેશમાં જો આવ્યાની આશા કરો જો;
સદ્ગુરુજીને શીશ ચરણે ધરો જો. સંતો.
ગુરુ વચનેથી સાધન આદરો જો;
એ તો સઘ નિજદેશ પમાડે ખરો જો. સંતો.
સચ્ચિદાનંદ બ્રહ્મ ધ્યાન પામશો જો;
તેથી જનમ મરણ ભય વામશો જો. સંતો.

(૨૫)

પરમગુરુ પરમેશ્વર સ્વામી, કરતા ભરતા હર બહુ નામી;
ચૈતન રૂપ પ્રકામ નિરંતર, વ્યાપક એક કૃપાકર શંકર.
તમ વડિયે રવિ આદિક મંડળ, તમથી વિધિ હરિ શિવ આખંડલ;
દશદિક્પતિ વસુ તમથી રાજે, તમથી રુદ્રાદિત્યો છાજે.
ઇંદ્રાદિ દેવ વિષય રહે તમથી, આજ્ઞા લોપ કરાય ન યમથી;
લોક ચતુર્દશ અળગ રમાડે, નિજ જનને નિજરૂપ પમાડે.
ચૈતન ભિન્ન ન તમથી લાધે, વિમુખ થયે નર ભટકે બાધે;
હું મન વચન કરમથી શરણે, આવિ નમ્યો પ્રભુ અંતઃકરણે.
પાહિ પાહિ ભવતાપ નિવારક, સાત્વિક મતિ દીજે તમહારક;
રાજી હો ત્યમ રાખો જગમાં, પણ મતિ રાખો સદ્ગુરુ પગમાં.
નાથ સ્વરૂપ ન ચૂકું ઘડીયે, શ્વાસો શ્વાસ જપું તમ વડીયે;
ક્ષુદ્ર સ્વરૂપથકી મન ફેરો, ધો વિશ્વાસ ચિદાનંદ ઠેરો.
વ્યાપક રાખું મનમાં ધારી, અન્ય ન વાદ કરે મતિ મહારી;
નાથ પ્રતાપ વધારો તનમાં, વાસ સદા આપો સજ્જનમાં.
જડ બુદ્ધિને જોર કરીજે, અભયદાન નિજ જનને દીજે;
પાપમતિ મનમાંહથી કહાડો, કામાદિકને શાંતિ પમાડો
દૃઢ વૈરાગ વિવેક વધારો, શમ દમ ઉપરતિ આપી સધારો;
સહન શક્તિ શ્રદ્ધા પ્રભુ દીજે, સમાધાન સ્વરૂપમાં કીજે.
શુદ્ધ મુમુક્ષુપણું પ્રભુ આપો, મૂલ અવિદ્યા બંધન કાપો;
ઘટમાં નાથ સ્વરૂપ નિહાળું, પ્રેમામૃતથી હૃદય પખાળું.
જ્યાં જાઉં ત્યાં તમને દેખું, જડ ઘાટો મનમાંહે ન પેખું;
ચૈતન આનંદ ઘનમાં ભમતો, દિન પ્રતિ રાખો સુખમાં રમતો.

CENTRAL LIBRARY

મનોહર સ્વામી.

કૃપા કટાક્ષ ન સ્વપ્ને ભાળું, રિઝ મોઝ દેતાજ નિહાળું;
સર્વ સૌમ્ય શક્તિથી પેખો, મુજને અંગીકૃત કરી લેખો.
ઘટઘટથી ભર પ્રેમ નિહાળો, જે જે વચન કહું તે પાળો;
જ્યાં જ્યાં મુજને ગમન કરાવો, ત્યાં ત્યાંથી શુભ લાભ અપાવો.
ઉત્તમ ચાલ અહરનિશ આપો, સમજણ દઈને ક્લેશજ કાપો;
જે જે પ્રેરક પ્રેરો અમને, તે તે ઉત્તમ દોષ ન તમને.
રાજી ત્યમ જયમ આપ ચલાવો, જગપતિ પર નહીં કોઇનો દાવો;
પણ નિજજન તો કરુણા માગે, મુશકલ કાંઈ નહીં તે આગે
નાથ કૃપાથી આનંદ પામું, ભેદમતિની ભ્રાંતિ વામું;
સર્વ સિદ્ધિ મુજ આગળ સ્વામી, રાખો અનુચરવત શિર નામિ.
જય જય અશરણશરણ દયાકર, ઈચ્છા માત્ર વિરાટ અભર ભર;
જય જય નિદ્રા રહિત ઉજાગર, અમિત કોટી શશિ ગુણસાગર.
જય જય જ્ઞાન સ્વરૂપ પ્રકાશી, જય જય અતિવ્યાપક અવિનાશી;
જય જય અનિર્વાચ્ય રહિતોપમ, જય જય નિત્ય પ્રકાશ અલગતમ.
જય જય પૂર્ણ પ્રકાશ અભયકર, જય હૃત્કમલનિવાસ કુમતિહર;
જય જય ઈશાધીશ સનાતન, જય સચ્ચિદાનંદ બ્રહ્મ સનાતન

CENTRAL LIBRARY

7. Girdhar (1787-1852 A. D.)

He was the son of a petty village official in the Baroda State. He was a Vaisya (Bania) by caste. He came under the Vaishnava influence and he wrote poems on the Krishna cult and also a number of long works dealing with Epic and the Purāna stories. He was out on a long pilgrimage with a certain Rangilāl Mahārāj and he was refused permission to visit a certain Vallabhāchārya shrine. He took this deeply to heart and died a few days later literally broken hearted. Girdhar's earlier poems are in Hindi. His main works in Gujarāti are તુળસી વિવાહ; રાજસૂય યજ્ઞ; ગોકુળ લીલા; રાધાજીના વિરહના બારમાસ; અશ્વમેધ; કૃષ્ણ લીલા (or મથુરા લીલા); and રામાયણ. The last mentioned is the most famous of his works. On the whole he is one of the second rate poets, though his place is probably first among them He knew some Sanskrit though he was not by any means a scholar in that language. But in Hindi he was an accomplished writer using it as fluently as his own mother-tongue All his life he had lived single with an elder sister. The latter on one occasion insisted upon his marrying a girl of their caste. His wife died after about seven years, leaving the poet free to follow his natural bent of worshiping Krishna and singing *Bhajans*. He had a great horror of hypocrisy. Once a man who had turned a *sādhu* but had reverted to luxuries and was leading a more or less sexual existence roused his ire and contempt. He thereupon composed the following impromptu lines in Hindi and handed it over to the person who had aroused those feelings in him.

तजके संसार सार छांड़के व्यवहार भज्यो,
मायासे निकसि फिर माया मन धारी है ;
पहिले कीच धोय पीछे कीच बीच रह्यो बोय,
तीनो पन खोय बनी बात ले बिगारी है ।

CENTRAL LIBRARY

निपट प्रभुको कहाय नारी निरख रह्यो लुभाय,
कंचनसु हित बढ़ाय प्रभुता बिस्तारी है ;
करके फकीरी और अमीरीकी चाह रक्खे,
तो आगे तुं गढ़रीके* पघड़ी क्यों उतारी है ॥

He is very modest in strong contrast to his great contemporary Dayārām and he invariably gives all praises to Hari for his work :

જેમ કાષ્ટની પુતળી ક્રિયા કરે તે સૂત્રધાર આધારજી;
એમ સકળ જીવ હરિની સત્તાએ વરતે છે અનુસારજી.

Girdhar was undoubtedly much influnced by Premānand and Sāmal and very considerably by his great contemporary Dayārām Indeed so great was Dayārām's fame at that period that many of the minor poets of that time regarded it as a point of honour to write poems in imitation of Dayārām ‡

I. Miscellaneous verses.

1. The poet's modesty. (from the રાજસૂય યજ્ઞ)

એહ કથા સંપૂરણ કીધી, કરુણા શ્રી ગોવિંદજી;
નાટક રાગ ગદ્ય ભેદ ન જાણું, પિંગળ કેરા છંદજી.
ઝડ ઝમક લઘુ દીર્ઘ માત્રા, વર્ણે ભાવ બહુ રંગજી;
તે મહાનુભાવ સંભાળી લેજો, કરશો નહિ પદ ભંગજી.
અપંગ ઓળંગે ગિરિવર, મુંગો વાણી બોલે સોયજી;
પરમાનંદ કૃપા કરે જ્યારે, તો મૂરખ પંડિત હોયજી.

---

* "Thou offspring of a she-ass"—Guj. ગધેડીના. (From J. D. Modi's, *Girdhar* in the "Sayāji Sāhityamālā." To this excellent book I am indebted for many of the *padas* and lines quoted here.)

‡ There is the well-known case of Haribhatt (see Dayārām's life in the *Brihat Kāvya Dohan,* Vol. V.)

CENTRAL LIBRARY

હરિ ગુરુસંતની પરમ કૃપાથી, કીધું એ આખ્યાનજી;
કવિજન કોઇ એ ખોડ મા દેશો, પંડિત બુદ્ધિમાનજી.
જેવા તેવા પણ હરિના ગુણ છે. કલ્યાણ કરતા સારજી;
અવળું સવળું બીજ પડે પણ, ઉગે પૃથ્વી મોઝારજી.

2† Acrostic (in Hindi).

विधि वाहन सो कोन, कोन पुनि स्वर्ग निवासी ।
मन्मथ रिपु धनु कोन, कोन त्रियप्रिय अविनासी ॥
कद्रु सुत पुर कवन, कवन शिव सुत गुरु कहावे ।
बिम्ब रिपु पति कोन, कोन गुन चन्दन भावे ॥
कवन मणि लोह कंचन करत, वात शीत जगको हरन ।
गिरिधर इत उत छांड भज, राम नाम तारन तरन ॥

[The answer is: म-रा-ल, ब्र-म-र, पि-ना-क, क-म-ल, पा-ता-ल, सु-र-ज, ध-न-द, शी-त-ल, पा-र-स, ब्र-न-ल, the middle letters giving the final foot of the verse.]

3. The Soul and the Eternal.

સમજણ સાચી રે સદ્ગુરુ સંતની રે,
ખાકી બીજું સર્વે આળ પંપાળ;
જપ તપ જોગ રે અનેક ઉપાસના રે,
તોયે શીર ચોટ ના મૂકે કાળ. સમજણ.
મત સહુ ભાસે રે ભીન્ન પુરાણ રે,
જુદી વળી શાસ્ત્ર તણી ત્યાં પેર;
વિવેકી વિજ્ઞાની રે જો ઝાઝા મળે રે,
ત્યારે તેવી સુરત મળે એક ઘેર. સમજણ.
સદ્ગુરુ વિના રે સમજણ નવ પડે રે,
નવ જાય જીવ દશાનો ભમ;

† The verses marked † are unpublished elsewhere but given by Modi (op. cit.) I have included this Hindi verse here as a remarkably good example of an acrostic.

CENTRAL LIBRARY

દ્વૈતને જાણી રે જડ થઇને રહ્યો રે,
તેને નવ ભાસે અદ્વૈત બ્રહ્મ. સમજણ.
પારસને પરસે રે લોહ કંચન થશે રે,
મધ્યમ જલ તે ગંગા થાય.
સદ્ગુરુ સાચા રે આપ રૂપે કરે રે,
ત્યારે આપનું રૂપ લખાય. સમજણ.
એહવું વિચારી રે સેવો ગુરુ સંતને રે,
મૂકી સહુ દેહતણું અભિમાન;
પાર નવ પામે રે ગિરધર ગુણ કથી રે,
કોઇએ એનું નવ થાય ઉનમાન. સમજણ.

4.† The love-born maid to Krishna.

ઓલેરા આવો કહું વાતલડી રે, જીવન મહારા;
તમો કયાં રમ્યાતા રાતલડી રે, પ્રીતમ પ્યારા.
વાહલા રે મારા કોણ મલીતી એવી નારી;
પૂરવની પ્રીત વિસારી રે, જીવન.
વાહલા રે મારા આડું આડું શું રે બોલો;
અંતરની આંટી ખોલો રે, જીવન.
વાહલા રે મારા નિર્લજ થઇને અમે ભજીએ;
સુંદર વરને કયમ તજીએ રે, જીવન.
વાહલા રે મારા ભક્ત વચ્છલ બિરદ પાળો;
દાસ ગિરધરનો કર ઝાલો રે, જીવન.

5.† The divine flute.

વૃંદાવનમાં વાંસળી વાગી રે, મા મુને કંઈ કંઈ થાય છે.
વાંસળી સુણીને મારી પાંસળી ઘુમાય છે,
ચિતડામાં ચટપટી લાગી રે. મા મુને.
હું સૂતીતી ભર નિદ્રામાં, તે ઓચિંતી ઝબકીને જાગી,
મન મારૂં ગયું મોહન પાસે, દેહતણી ગતિ ભાગી રે. મા મુને.
કામ કાજ મુને કાંઈ નવ સુઝે, શુદ્ધ પ્રેમ મતિ લાગી,
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ પાર થઈ, આનંદ રસ અનુરાગી રે. મા મુને
નાદતણી ધુનિ શ્રવણે સુણતાં, વિશ્વની વાસના ત્યાગી,
ગિરધર પ્રભુ ઉત્કંઠા પ્રગટી, મળવાને શ્યામ સોહાગી રે. મા મુને.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

I. From શ્રીકૃષ્ણલીલા—ગોકુળલીલા.

1. The Eternal Lord.

જય જય સત્ય સ્વરૂપ, સત્ય સંકલ્પ વ્રતધારી;
ત્રણ કાળ તું સત્ય, સત્યથી મળે મોરારી.
અવિચળ આત્મારામ, અવિગત અંતરજામી;
અખીલ વિશ્વ આધાર, અમો શરણાંગત સ્વામી.
જુગ જુગમાં ધરો તનુ, ધર્મનું રક્ષણ કરવા;
દુષ્ટતણો સંહાર, ભાર ભૂતળનો હરવા
નાવ રૂપ તવ ચરણ તણો જે આશ્રે કરતા:
દુઃખ સાગર સંસાર, વછપ દઈવિ તે તરતા.
ભક્તિ વિના ભગવાન, રૂપ તાહારૂં નવ જાણે;
મુક્ત થયો જન પડે, ભાવ જે બીજે આણે.
અનેક જન્મ ગુણ કર્મે, હરી તારાં છે પાવન;
ભજતાને તું ભજે, રોગ દુઃખ શોક નશાવન.
સગુણ રૂપ સાકાર થકી તુજને સહુ જાણે;
નિરગુણ ને નિર્દોષ, નિયંતા કરી પરમાણે.
મન વાણીથી પર, યોગ્ય અનુમાનજ કરવા;
ભક્ત કાજ તનુ ધરો દુષ્ટ દુરીજન સંહરવા.
જય જય જગન્નિવાસ, જગતગુરુ અંતરજામી;
આદિ રૂપ ઇંદિરાપતિ, પ્રભુ ગરુડાગામી.
નમો સચ્ચિદાનંદ, શ્યામ સુંદર વનમાલી,
પરમાનંદ મુકંદ, અભય બ્રદ નહિ તુજ ટાલી.
તુજ પદપંકજ તજી, અન્ય ઉપાસન કરતા;
લખ ચોરાશી માંહે, જન્મ પુનરપિ અવતરતા.
તારૂં સત્વ શરીર, સંત જન સત્વે સેવે;
સત્વ રૂપ તે થાય, કર્યું નિશ્ચે મુનિ દેવે.
નામ રૂપ ગુણ જન્મ, મનોહર મંગલકારી:
ચિંતવતો અનુદિન, તરે ભવને સંસારી.
મીન કમઠ વરાહ, નરહરિ ભૃગુપતિ વામન;
રામચંદ્ર અવતાર, ધર્મે હિત શોક નશાવન.

CENTRAL LIBRARY

પુણે મનોરથ કરો, ધરો પદ પાવન ભૂતલ;
જે પદ અંકુશ વજ્ર, ધ્વજા આદિ અંબુજ દલ.
જે પદ જલ સુરધુની, થઈ જગ પાવન કરવા;
તે પદ કરો પ્રકાશ, દાસનાં સંકટ હરવા.
ધરાપતિ ધીપતિ, રમાપતિ રાજીવલોચન;
ગિરાપતિ ગોપતિ, સર્વ ગતિ ગર્વ વિમોચન.
જદુ કુળને છે ધન્ય, અજન્મા જન્મજ ધરશો;
મદન મનોહર છબી, અગોચર ગોચર કરશો;
વિશ્વરૂપ વિશ્વેશ, વિશ્વભૂષણ વિશ્વંભર;
આદિ મૂળ અવ્યકત, અનાદિ કારણ ઈશ્વર
ધન્ય ધન્ય દેવકી, સમોવડ નહિ કો માતા;
હરિ ઈશ્વર ભગવાન, ધર્યા ઉદરે સુખદાતા.
જેના ઉદરમાં વિશ્વ વ્યાપક અવકાશ રેહે છે;
તે પ્રભુને તમો ધર્યા, દેવ મુની સહુ કેહે છે.
કંસનો ભય મા હશો, એ આશિર્વાદ અમારો;
જદુકુળને દેવને, પાળશે પુત્ર તમારો.
એક ક્ષણ જોશે એજ, હરિ હરદે જેહેને;
તે જન નિર્ભય થાય, કાળનો ભય નહિ તેહેને.
એ હવા દીનદયાળ, શરણજન સંકટ હરતા;
જય જય શ્રી જદુવીર, અનુગ્રેહે નીચે કરતા.
જયતિ જયતિ જય કરી, સ્તુતિ પાવન નિર્ઝર ઘણી.
હવે પ્રગટ ગિરધર પ્રભુ, જગજીવન જદુકુળ મણી.

2. **The birth of Krishna and His escape across the Jamuna.**

હવે દાસીને પુછે છે કંસ ભુપાલજી, દેવકીને કયારે પ્રસવશે બાલજી;
કિંકરી બોલી વળતી વાણજી, આજ કાલમાં થશે જાણજી.

સમે થયો હવે પ્રસવનો, સુણી કંસ ચમકયો મન;
એ પુત્ર અષ્ટમો કાળ મારો, શું કરે હવે જતન.
પછે બંદોબસ્ત કર્યો ઘણો, તે કારાગૃહ મોઝાર;
કહ્યું રક્ષકને સાવધાન રેહેજો, કર ધરી હથીઆર.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

પછે એમ કરતાં સમય આવ્યો, શ્રીકૃષ્ણ જન્મ રસાળ;
ત્યારે સર્વ ગુણ સંપન્ન, મંગલ ઉદે પામ્યો કાળ.
નભમાસ સુંદર કૃષ્ણ અષ્ટમી, રોહીણી બુધવાર;
મૃગોદય વેળા વિમળ શુભ, ગ્રહ શાંતિકાર.
દશદિશા ઉજ્વલ ગગનમાં, ચાલે ત્રિગુણધીર સમીર;
અગ્નિહોત્ર અગ્નિ પ્રજ્વલિત થયાં, નદી નિર્મલ નીર.
જયારે અજન્મા પામ્યા જન્મ, થયા સ્વર્ગે દુંદુભિ નાદ;
ગાંધર્વ ચારણ અપ્સરા, ગુણગાન સ્વર ધુની બાદ.
ત્યારે પુષ્પવૃષ્ટિ દેવ કરતા, ગાજે મધુર ધુની ઘન;
મંદવૃષ્ટિ વિદ્યુત ચમકે, આનંદ ઉમગ્યો મન.
જયારે પુર્વ દિશાયે પ્રકાશ ઉજ્વલ, પામ્યો ઉદય નિશેન્દ્ર;
દેવકી ઉદર આકાશ ઉદ્યો, શ્રી કૃષ્ણ પૂરણ ચંદ્ર.
અર્ધ રાત્રીને સમે ત્યાં, પગટયા શ્રી ગોપાળ;
કારાગૃહ ઉદ્યોતન અદ્ભુત, તેજ રૂપ વિશાળ.
થઈ પ્રગટ મૂર્તિ તરૂણવય, તન શ્યામ સુંદર વેશ;
વનમાલ મુક્તા ભગુલતા, મણિ મુગટ કુંડળ દેશ.
ચતુર બાહુ ચક્ર અંબુજ ધર, ગદા ગ્રહી પાણ;
કંકણ અંગદ મુદ્રિકા, શ્રી વચ્છ કૌસ્તુભ જાણ.
તડિત નિંદક પીતપટ, કટી મેખલા રણકાર;
યજ્ઞોપવિત ઉતરી અમરપદ, નેપૂરનો ઝણકાર.
કમળ લોચન કર્મ મોચન, સર્વ અંગશુ દેશ;
કૃપા રસમય મધૂર સ્મિતયુત, મદન મોહન વેશ.
વર્ષ ષોડશતણી મૂર્તિ, પૂરણ સોળ કળાય;
ધ્વજા અંકુશ વજ્ર આદે, ચિહ્ન ષોડશ પાય.
સંતને દેખાડવા પથ, ઊર્ધ્વ રેખા સાર;
પદ્મતણું આસ્પદજ થાય, પદ્મ છે નિરધાર.
અભિમાની મદમાતંગ, મન આકર્ષવા અંકુશ;
ઘટ ચિહ્ન ધર્યું ભક્ત જનને, પાન અર્થે પીયુશ.
પાપ પર્વત ફોડવાને, વજ્ર ચિહ્ન અનંત;
પદનાવ ધ્વજ સંસાર સાગર, તારવાને સંત.
ચક્ર ચિહ્ન હણે સદા, ભક્તના દ્વેષી જેહ;
કામાદી સુભડ સંઘારવાને, ધનુષ રેખા એહ.

CENTRAL LIBRARY

ગિરધર.

ઇત્યાદિ ષોડશ ચિહ્ન, પદમાં ધ્યાન મંગલ રૂપ;
વસુદેવ દેવકીએ તદા, તે દીઠું રૂપ અનૂપ.
કૃષ્ણ અવતારને નિહાળી, વસુદેવ હરખ અનલ્પ;
વિપ્રને દશ સહસ્ર ગોનો, કર્યો ત્યાં સંકલ્પ.
વસુદેવજીએ ઓળખ્યા, સાક્ષાત શ્રી ભગવાન;
પુત્રભાવ તજી કરે સ્તુતિ, બ્રહ્મભાવ સમાન.
સાક્ષાત તું ભગવાન છે, પ્રકૃતિ પુરુષથી દૂર;
આનંદ અનુભવ અગમ્ય તું, વ્યાપી રહ્યો ભરપૂર.
મન વાણી ઇંદ્રિય પ્રવર્તક, વળી પ્રકાશક તુંય;
વેદ કેહે જે અગોચર, પ્રત્યક્ષ દેખું હુંય.
આ વિશ્વ તારૂં રૂપ છે, તે રહ્યો એમાં સત્ય;
અન્વયથકો વ્યતિરેક રહીને, કરાવે છે કૃત્ય.
તું કારજ મધ્યે અખંડિત, થઈ રહ્યો કારણ જાણ;
પણ કારજવત ઇંદ્રિએ, નવ ગ્રેહેવાય તું નિર્વાણ.
તારો સૃષ્ટમાં પ્રવેશ નહી, તો ગર્ભમાં શો લાગ;
આનંદ રૂપે પ્રગટીયો તું, મારૂં મોટું ભાગ.
તું લોકને પાળવા ઉજ્વલ, ધરે સત્વર શરીર;
સરજવાને રજો ગુણથી, રક્ત વરણે વીર.
કૃષ્ણ વરણે તમો ગુણમય, કરવાને સંહાર;
તું ચૌદ લોકનો રાય તે, મુજ ઘેર ધર્યો અવતાર.
તે જાણશે જો કંસ તો, આવશે ધરી હથીયાર;
તુંજ અત્ર બાંધવ હણ્યા, માટે કરો કાંઇ વિચાર.
એવું કહી વસુદેવજી, છાના રહ્યા નિરવાણ;
પછે દેવકીજી સ્તુતિ કરતાં, જુગલ સંપુટ પાન.

કરજોડીને સ્તુતિ કરતાં, દેવકીજી તેણી વાર રે;
તે સુણતાં પાપી થાય પાવન, પામે પદારથ ચાર રે.

બોલ્યાં દેવકીજી તેણી વાર, કરજોડી કર્યો નમસ્કાર;
જે કાંઇ વસ્તુ કેહે છે વેદ, અવ્યક્ત ચૈતન્ય બ્રહ્મ અભેદ.
નિર્ગુણ નિર્વિકાર નિર્વિશેષ, સત્તા માત્ર કારણ નિરદેશ;
ઇંદ્રિયાતીત અદૃશ્ય નિરાકાર, તે તું આજ થયો છું સાકાર.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

મારી પાસે ઉભો છે સમીપ, ઓળખ્યો વિષ્ણુ અધ્યાત્મનો દીપ;
દ્વિપરાર્ધ જયારે વહી જાય, ત્યારે બ્રહ્માતણો લય થાય.
માહાભુત સુક્ષ્મ મધે સોય, વ્યક્ત અવ્યક્તમાં લય હોય;
તે સમે ઉગરે છે તું એક, અવધી ભુત અખંડ વિવેક.
નિમેષ આદિ સંવત્સર કાલ, તે તું તારી લીલાએ વિશાળ.
કરે કાલશું ક્રીડા નિદાન, જેનું નામજ કેહે છે ઈશાન.
તું કલ્યાણનું ધામ વિકર્ણે, તે હું છું હરિ તારે શર્ણે;
વિશ્વરૂપજ કહીએ જેહ, કયમ ઉદરમાં સમાયો તેહ.
માટે હાંસી કરશે મુને જન, આ તનુ કરો સંકોચન;
એમ સુણીને બોલ્યા શ્રીકૃષ્ણ, સુણો દેવકી કહું છું પ્રશ્ન.
ધર્યું રૂપ ચતુર્ભુજ જેહ, તેનું કારણ કહું છું એહ;
સ્વયંભૂ મનવંતર માંહે, પૂર્વ જન્મ તમારો ત્યાંહે.
તે સમે પૃશ્ની નામ તમારૂં, વસુદેવનું જન્મ વિસ્તારૂં;
સુતપા એવું નામજ સૂત્ર, પ્રજાપતી બ્રહ્માના પુત્ર.
પૃશ્ની સુતપા સ્ત્રી ભરથાર, સત્યવંત ને શીલ આચાર;
બ્રહ્માએ કહ્યું જે સૃષ્ટી કરો, ત્યારે તમોએ તપ આચર્યો.
જીત્યાં મન ઇંદ્રિ ને પ્રાણ, ઘોર તપ આદરૂં નિરવાણ;
ફળ પત્ર યવન કર્યો આહાર, દેવનાં વર્ષ બાર હજાર.
મારે વિષે જોઈ નિર્મલ મન, આ શરીરે થયો હું પ્રસંન;
મેં કહ્યું વર માગો વરિષ્ટ, હું છું વરદાયકનો ઇષ્ટ.
તમો કહ્યું થાયે અભિરામ, તમ જેવો પુત્ર સુંદર શ્યામ;
નહોતી પ્રજા તમારે એવ, માટે પુત્રજ માગ્યો દેવ.
મારી માયાએ વાહ્યાં એહ, માટે મોક્ષ ન માગ્યો તેહ;
પછે હું ગયો અસ્તુ કહી, ગયા કેટલા દિન એમ વહી.
મેં વિચાર્યું હું સરખો તન, નવ દીઠો ચૌદ ભૂવન;
પ્રગટયો પુત્ર હું ત્યાં અભિરામ, પૃશ્ની ગર્ભે ધરિયું નામ.
બીજો જન્મ તમારો અનૂપ, થયાં અદિતી કશ્યપ રૂપ;
મેં ધર્યો વામન અવતાર, હરવાને ભૂતલનો ભાર.
ત્રીજો જન્મ આ છે અભિરામ, વસુદેવ ને દેવકી નામ;
મેં ધર્યો કૃષ્ણ અવતાર, હરવાને ભૂમિનો ભાર.
પૂર્વ સ્મૃતી થાવા અનૂપ, મેં દેખાડયું મારૂં રૂપ;
બ્રહ્મ ભાવે વા પુત્રજ દેહ, તમો રાખજો મુજમાં સ્નેહ.

CENTRAL LIBRARY

ગિરધર.

મુને ચિંતવતાં નિરવાણ, નિશ્ચે થાશે તમારૂં કલ્યાણ;
હવે હું થાઉં છું શિશુરૂપ, કહું તે કરજો વાત અનૂપ.
મુને આ ઘડીએ આણીવાર, લેઇ જાઓ ગોકુળ મોઝાર;
જસોદાની શય્યા માંહે, ગુપ્ત મુકજો મુજને ત્યાંહે.
ત્યાં કન્યા જન્મી છે એને, વળતા લેઇને આવજો તેને;
હવે નવ કરશો કાંઈ વાર, થાશે સફળ મનોરથ સાર.
એવું કહી પછે શ્રી ભગવાન, થયા પ્રાકૃત બાળ સમાન;
માતા આશ્રયે પામી એવ, થયા તત્પર શ્રી વસુદેવ.
લે છે આનક દુંદભી તન, ઘણું સાધવી સોયે મન;
દેવકી રહ્યાં હૃદયે ચાંપી, પુત્ર આપતાં કાયા કાંપી.
મારા શ્યામ સલુણા તન, ક્યારે પામીશ તુજ દરશન;
વારે વારે ઓવારણાં લેતી, નિજ સ્વામીને કર સુત દેતી.
પુત્ર લઇ ચાલ્યા વસુદેવ, દ્વાર ઉઘડીયાં તતખેવ;
સુતા રક્ષક નિદ્રા પામી, નગ્ર લોકની ચેષ્ટા વિરામી.
લોહોમય સાંકળ ભોગળ જેહ, આફણીયે ઉઘડીયાં તેહ;
પોળ ઉઘડી ત્યાં તતખેવ, ચાલ્યા રાજપથે વસુદેવ.
રાત પાછલી ગાજે ઘન, સૂક્ષ્મ બિંદુ સ્રવે પરજન્ય;
શેષ નાગે હરિપર તત્ર, કર્યું સહસ્ર ફણાનું છત્ર.
જમુના જળ વેહે ભરપૂર, માંહે ભમરા પડતા ભૂર;
વસુદેવ કરે છે વિચાર, હવે કેમ જવાશે પાર.
બેહુ કરમાં લેઇને બાળ, ઊંચા રાખિયા શ્રી ગોપાળ;
હરિ ઈશ્વર જે માહા ભાગ, જમુના જળ પરશો પાગ.
બેહુ પાસે થઈ ગયું પાણી, દીધો મારગ સ્વામી જાણી;
રામને જયમ સાગરે કીધો, ત્યમ જમુનાએ મારગ દીધો.
પછી હરખી ચાલ્યા વસુદેવ, આવ્યા નંદભવન તતખેવ;
તે સમે જસોદાને નેટ, અવતરી યોગમાયા પેટ.
ઘણું યોગ નિદ્રાએ ઘેરાણી, નથી જાણતી નંદજીની રાણી;
દ્વાર ઉઘડીયાં તેણી વાર, ગયા વસુદેવ ઘર મોઝાર.
મુકયા શય્યામાં બાળમુકંદ, સુતા લેઇને ચાલ્યા આનંદ;
મુકી ચિંતામણી લે કથીર, એવું કીધું વસુદેવ વીર.
કન્યા લેઈ ચાલ્યા તે વાર, આફણીયે તે દેવાયાં દ્વાર;
જમુના ઉતરીને તતખેવ, કારાગૃહમાં આવ્યા વસુદેવ.

CENTRAL LIBRARY

હતું ત્યમ થયું તેણી વાર, ભીડાયાં પોળ મંદિર દ્વાર;
તાળાં સાંકળ ભોગળ જેહ, એની મેળે દેવાયાં તેહ.
દેવકીજીની શય્યા માંહે, કન્યા લાવીને મુકી ત્યાંહે;
પાછી બેડી જડાઇ પાય, એવી અકળ ઈશ્વરની કળાય.

કળા ઇશ્વરની અકળ છે, તે નવ જાણે કો જન રે;
કેહે દાસ ગિરધર ગોકુળ માંહે, પધાર્યા શ્રી ભગવન રે.

3. The child Krishna and Mahādeva.

સુણો સહુ ભાવ ધરીને, શ્રોતા બુધવાનજી;
શ્રી કૃષ્ણ કથારસ અમૃત, પ્રીતે કરો પાનજી.
ત્યારે ત્રણ વરસના થયા મોટા બલરામજી;
જુગલ સંવત્સર કેરા હરિ ઘનશ્યામજી.
ગોકુલમાં ગમતી લીલા કરે છે ગોવંદજી;
નંદને આંગણે રમતા શ્રી બાલમુકંદજી.
કરતા હરિ હળધર બંને તો બાલચરિત્રજી;
ગોપના બાળક સરખા છે પુણ્ય પવિત્રજી.
જસોદાજી પુંઠે ફરે ગોપી ઘણી સંગમાં;
કુંવરનાં કૌતક જોતી રસીયો રમે રંગમાં.
પંખી આકાશમાં ઉડે છાયા તેની ઝાલતા;
વત્સનું પુચ્છ ગ્રહીને પુંઠે હરિ ચાલતા.
કોમલ પદ ઝાંઝર ઝમકે ઘુઘરી ગાજતી;
કનકનો કંદોરો કટીએ કિંકણી વાજતી.
જડીત હીરા મણી માણક સોહે કર સાંકળાં;
બાજુબંધ પોહોંચી મુદ્રિકા કુંડલ લલકે ભલાં.
ગલુબંધ ગુંથણી આલો માંહે જડીયા મણી;
હૃદે પર ચોકી ચલકે માલા મોતી તણી.
હાલરૂ હીમે જડયું સિંહ નખ શોભતો;
દૃષ્ટાનો જંત્રજ ઘાલ્યો મુનિ મન લોભતો.
કાછડી પીલી પેહેરી કસબની કોર છે;
ટોપી શિર ઉપર ઝળકે તેમાં મણી મોર છે.
નખશીખ રૂપની શોભા શી કહું વખાણીને;
નેત્રને જીભ્હા નથી ચક્ષુ નથી વાણીને.

CENTRAL LIBRARY

ગિરધર.

એવા પ્રભુ આંગણે રમતા સખાના સંગમાં;
હીરામણી ચુનીઓ ચલકે આભૂષણ અંગમાં.
પડતાં સુકુમાર સિકતામાં પગલાં પરબ્રહ્મનાં;
સમજાય ન અટપટાં વાયક બોલે મહા મર્મનાં.
સખીનો સાથ મળીને નચાવે નાથને;
કરચપટી વજાડે ગાયે ગુણ ગાથને.
સ્નેહ ધરીને શામા લેતી ઓવારણાં;
ચતુરા ચુંબન દેતી લાડ કરતી ઘણાં.
કૃષ્ણને કેડે ચઢાવી મંદિર લેઈ જાય છે;
માખણ ને મીસરી આપે તે મોહન ખાય છે.
જસોદાજી સાદ કરે છે તોયે નથી આવતા;
જોર કરી ઝાલે ત્યારે રસીઓજી રીસાવતા.
સંતાય છે શાણા થઇને મુખડે બોલે નહી;
જસોમતી રોહિણી બન્યો શોધે સુતને સહી.
રાત દિન રક્ષા કરે રખે પશુ મારતો;
રખે કાંઇ કંટક વાજે રખે વૃશ્ચિક વિડારતો.
રખે સુત અગ્નિમાં દાઝે આયુધ રખે અડે;
રખે જળમાંહે જાતો રખે રખડી પડે.
એવું જાણી જત્ન કરતી જનુની બે મળી;
અલૌકીક લીલા એવી કોણે ન જાયે કળી.
ત્રિકમજી તોતલું બોલે જેહની વેદ વાણ છે;
વિશ્વના આત્મા પોતે અંતરના જાણ છે.
તે પ્રભુ બાળક સાથે કાલું કાલું બોલતા;
વ્રજની વીથીની માંહે ફરે છે ડોલતા.
એક દિન અદ્‌ભુત લીલા કરી શ્રીકૃષ્ણજી;
સુણો સહુ ભાવ ધરીને કહું તે પ્રશ્નજી.
પ્રાતઃ સમે ઉઠયા પોતે શય્યામાંથી શ્યામલો;
માતા પાસે ખાવા માગે પુઠળ ભમતો ભલો.
જસોદાયે જુકતે કરી બેસાડયા બે જણા;
માખણ ને રોટી આપી મેવા મુકયા ઘણા.
તેણે સમે શંભુ પધાર્યા નંદજીને આંગણે;
બારણે આવીને ઉભા આનંદ અતિ ઘણે.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

જોગીને વેશે વિશ્વંભર વિભૂતિ અંગમાં;
શેલી શિંગી પાવડી કરમાં ઝોળી લીધી સંગમાં.
જટા શિર ઉપર ઝલકે ભૂષણ ભુજંગનાં;
ગળે રુદ્રમાલા ઘાલી ચર્મ છે કુરંગનાં.
શ્રીકૃષ્ણનાં દરશન કરવા ઇચ્છા થઈ ઈશને;
તે માટે ગોકુલ પધાર્યા જોવા જગદીશને.
જસોદા જોગી જાણી ભિક્ષા લેઇ આવિયાં;
માતાએ બે કર જોડીને શીશ નમાવિયાં.
માહાદેવજી બોલ્યા વાણી એ ભિક્ષા લેઉ નહી;
દેખાડો પુત્ર તમારો જોવા હું આવ્યો સહી.
ભડકી ગયાં ભામિની ભોવન ભોલી ભુલી ભાનને;
ભયંકર ભવને દેખી કેહે છે ભગવાનને.
અરે ભાઈ જોગી આવ્યો છે જશો ન બારણે;
આજ કહ્યું કરજે માહારૂ જાઉ તારે વારણે.
કપટી એ કામણ કરશે ભય લાગ્યો છે મુને;
ભોળવશે ભુરકી નાંખી તેડી જશે તુને.
જોગીનું નામ સુણીને ચાલ્યા જદુનાથજી;
જસોદાએ જોર કરીને ઝાલ્યા બેહુ હાથજી.
માતા મુને જોવા દેની જોગીના રૂપને;
જસોદા જાવા નથી દેતી અદ્ભુત અનૂપને.
ત્યારે બીજું રૂપ દેખાડયું હરિ માયાપતિ;
જસોદા તેને મુકી બીજાને ગ્રેહેવા જતી.
એવે ત્રીજું રૂપજ દીઠું જોઈ તેને ઝાલતી;
જસોદા વિસ્મય થઇને ચોહોદિશ ચાલતી.
હરિ થયા અનેક રૂપે જોઈ તે વિસ્મે થઈ;
જસોદા કોહોને ઝાલે દિગ્મૂઢ થઈ રહી.
ત્યારે હરિ બારણે આવ્યા દીઠા ત્રિપુરારજી;
રૂપ જોઈ રીઝયા શંભુ કીધો નમસ્કારજી.
આશીશ અવિચલ દીધી હરખ્યા મહાદેવજી;
તે મૂર્તિ ધ્યાનમાં રાખી ગયા તતખેવજી.
એવાં નિત્ય ચરિત્ર કરતા નંદકિશોરજી;
નંદના આંગણા માંહે રમે ચિત્તચોરજી.

CENTRAL LIBRARY

પંખીનાં રૂપ ધરીને દેવ સહુ આવતા;
જુવે નિત્ય નેત્ર ભરીને મોહન મનભાવતા.
ધન્ય નંદ ને જસોદા ગોપી ને ગોવાલજી;
હરીને ઘણાં લાડ લડાવે કરે પ્રતિપાલજી.
એવી હરિલીલા અદ્ભુત પાર નવ થાયજી;
બ્રહ્મા શિવ શેષ ને નારદ નિત્ય પ્રીતે ગાયજી.
જે કો શિખે સુણે ભાવે પોઢોચે તેની આશજી;
કરજોડી વિનતી કરે ગિરધર દાસજી

4. The knot.

એક ગોપી ગોકુલમાં રહે, મહા વઢકણી ને અધીર;
અભિમાન મનમાં અતિ ઘણું, તે વિચાર્યું બલવીર.
એક સમે સુતી ગોપિકા, શય્યામાં સ્વામી સાથ;
તેના મંદિરમાં મધ્યનિશાયે, આવ્યા ગોકુલનાથ.
કંઇ કૌતક કરવા કેશવજીએ, વિચાર્યું મનમાંહે;
નથી આપતી મહી માખણ મુજને, કરૂં શિક્ષા આંહે.
પછે વેણી તે વનિતા તણી, પુરૂષની દાઢી સાથ;
ગોવિંદે પાડી ગાંઠ ઘાઢી, પોતે ગ્રહી નિજ હાથ.
એવું કરી શ્રીકૃષ્ણજી, આવ્યા મંદિર માંહે;
થયો પ્રાતઃ જાગ્યાં દંપતી, ઘણો કલેશ કરતાં ત્યાંહે.
કામની કહે મુજ કેશ મુકો, તાણો છો શા માટ;
ત્યારે ગોપ કહે ઘેલી થઇ, મુજ ડાઢીનો વળ્યો ડાટ.
ગોપિ કહે તમો ગાંઠ પાડી, કહે ગોપ તારૂં કામ;
વઢવાઢ વઢતાં બે જણાં, જોવા મળ્યું સહુ ગામ.
તે છોડતાં છુટે નહીં, સહુ હાર્યા નરનાર;
સર્વે મળી કહે કેશને, છેદન કરો નિરધાર.
કામની કહે મુજ કેશનો, એક વાલ નવ છેદાય;
અપશુકન થાય અતિઘણા, સૌભાગ્ય મારૂં જાય.
પુરૂષ કહે નવ કાપશો, મુજ ચીબુક કેરા કેશ;
પુરૂષત્વ જાયે મહારૂં, થાય ત્રંદલ કેરો વેશ.
એમ પરસ્પર ઝઘડો કરે, કો ન માને નર નાર:
સહુ લોક કહે ચાલો તમો, નંદરાયને દરબાર.

ત્યારે નંદરાયની ચાવડીયે, આવ્યો સર્વે સાથ;
નંદને કહે ન્યાય ચુકવો, ત્યારે હસ્યા ગોકુલનાથ.
એટલે ત્યાં આવ્યા હરિ, હલધર સખા છે સંગ;
ગોવિંદ કહે હું ગાંઠ છોડું, જુવે સર્વે ઉમંગ.
જેમ ગ્રંથી જડ ચેતન તણી, પડી અનાદી અજ્ઞાન;
તે સદ્ગુરુ ક્ષણમાંહે છોડે, શિષ્યને દેઈ જ્ઞાન.
એમ ગાંઠ શ્રી ગોપાળજીયે, તરત છોડી ત્યાંહે;
નર નારી પામ્યાં લાજ, વળતાં ગયાં મંદિર માંહે.

5. **Krishna opens His Mouth.**

સુણો સહુ ભાવ ધરીને રે, જશો ભવ સિંધુ તરીને રે;
પાવન શ્રી કૃષ્ણ ચરિત્રજ રે, ગાશે તે તો થાશે પવિત્રજ રે.
ગોકુલમાંહે નિત્ય દીવાળી રે, રમે વ્રજમાં વનમાલી રે;
જશોદાજી લાડ લડાવે રે, ગોપી ઘણાં આળ ચઢાવે રે.
ટોળે મળી વ્રજની નારી રે, માતાજીને કહે છે પોકારી રે;
જશોદાજી કહાન તમારો રે, એણે કેડો લીધો અમારો રે.
મંદિર સૂનાં દેખી ઉઘાડે રે, મહી માખણને વણસાડે રે;
પોતે ખાય અન્યને આપે રે, અહરનિશ અમને સંતાપે રે.
ઘરમાંહે માકલડાં ઘાલે રે, મંદિરમાં મગન થઈ માહાલે રે;
સુતાં બાળકને જગાડે રે, મેલ્યું મૂક્યું ખોળી કાઢે રે.
નાહાસે અમને દેખીને ડરતો રે, આઘે જઇને ઠીસરાં કરતો રે;
ધવડાવે વાછરડાં છોડી ક, નાશી જાય બાંહે મરોડી રે.
ઢોળે મહી ગોરસ ફોડી રે, વળતાં સિકાં નાંખે ત્રોડી રે.
એવું અમો ક્યાં લગી સહીયે રે, બીજા કોણ આગળ જે કહીયે રે.
એ થાય તેવાં જો થઇયે રે, નિકર ગોકુલમાંથી જઇયે રે?
માતા સાચી માનજો વાણી રે, સાંખુ છું મોટાનો જાણી રે.
ઘરમાં હું તો ઘેરે હરિને રે, બાલું જ્યારે જોર કરીને રે;
ત્યારે મીઠું બોલે મોરારી રે, નથી રહેતી રીસ અમારી રે.
એવું એવું બોલવું સારૂં રે, શીતળ થાય મનડું અમારૂં રે;
બોલ્યાં ગોપીજન એવું જ્યારે રે, માતા મનમાંહે વિચારે રે.
લક્ષણ એવાં લાલનાં જાણી રે, જશોદાજી બોલ્યાં વાણી રે;
શું કરે બાઈ સુત એ મારો રે, કરે છે બીગાડ તમારો રે.

CENTRAL LIBRARY

ગિરધર.

આપું મારા ઘરમાંથી તેટલું રે, પુત્રે બગાડયું હોય જેટલું રે;
પડી એને ટેવજ એવી રે, કરૂં હવે કહો ગતિ કેવી રે.
કહ્યું નથી કરતો મારૂં રે, થાકી હું તો કેટલું વારૂં રે;
મળે કોઈ વિપ્ર ભણેલો રે, જયોતિષનો જાણ ગણેલો રે.
પુછું તેને કાહાનાની કરણી રે, દશા છે કેવી કહે વરણી રે;
અથવા કરૂં વ્રત વિધિ સારો રે, ડાહ્યો થાય પુત્રજ જો મારો રે.
ગોપી સર્વે બોલી ત્યારે રે, કરવું હોય વ્રત જો તમારે રે;
ચતુર્થિ સંકટ સુખદાતા રે, કરો વ્રત વિધિયે માતા રે.
ડાહ્યો થશે પુત્ર તમારો રે, ગણપતિ ગુણ આપશે સારો રે;
એટલે આવી સંકટ ચતુર્થિ રે, આરંભ કરો સુત અર્થિ રે
કર્યું વ્રત વિધિયે માતા રે, પૂજયા ગણપતિ ગુણદાતા રે;
આપ્યાં દાન દ્વિજને સારાં રે, કરજોડીને વચન ઉચાર્યાં રે.
દેજો ગણપતિ સુખકારી રે, બુદ્ધિ મુજ પુત્રને સારી રે;
થઈ એમ કરતાં રજની રે, બોલાવી બે ચારેક સજની રે.
કર્યો સવામણનો લાડુ રે, શાકરમાંહે ઘી છે ઘાડુ રે;
રસોડામાં રીતે કરીને રે, મુકયા લાડુ પાત્ર ભરીને રે.
ત્યારે બોલ્યા શ્યામ સોહાગી રે, માતા મુને ભુખજ લાગી રે;
લાડુ એક આપો મુજને રે, માતાજી હું શું કહું તુજને રે.
હવડાં આપોની ખાવા રે, તુને હું તો નહીં દેઉ જાવા રે;
જે પૂરણ પ્રભુ વિશ્વમાં વસીયો રે, એવું કહીને રોતો રસીયો રે.
ઉછંગમાં પુત્રને લીધો રે, લાડુનો વાયદો કીધો રે;
ગણપતીની પૂજા કરીયે રે, નૈવેદ તે આગળ ધરીયે રે.
પછે લાડુ આપીશ તુજને રે, નિવરતી થાવા દેની મુજને રે;
એવું કહીને બારણે આવ્યાં રે, સામગ્રી સરવે લાવ્યાં રે.
માતા મંદિરમાં પ્રરતી રે, વિવેકે પૂજા વિધિ કરતી રે;
બેઠા રસોડામાં રસીયો રે, મનમાં ઘણો ક્રોધજ વસીયો રે.
વીરાટ વપુના સંગમાં રે, વસી રહ્યા સુર સહુ અંગમાં રે;
અધિષ્ટાન સત્તા એની રે, જેણે કરી પ્રભુતા તેની રે.
એવા વિશ્વરૂપને મુકી રે, ભજે અન્ય ચિત્તમાંહે ચુકી રે;
ઉપનિષદ વેદ વખાણે રે, પરમતત્વ જોગી જાણે રે.
માતા નથી જાણતી એને રે, બીજાનો ભરોસો જેને રે;
હું વિશ્વંભર વિશ્વનો દાતા રે, ઓળખતી નથી મુને માતા રે.

CENTRAL LIBRARY

ગોપીજનવલ્લભ ગરવે રે, આરોગ્યા લાડુ સરવે રે,
પાત્ર સહુ ઠાલુ કરીને રે, બેઠા પછે મુખ ધરીને રે
સામગ્રી સહુ કરમાં લીધી રે, પૂર્ણાહુતિ વ્રતની કીધી રે;
પૂજા કરી શિશ નમાવ્યાં રે, નૈવેદ લેવાને સૌ ત્યાં આવ્યાં રે.
ઠાલી થાલ દીઠી જયારે રે, માતાજી વિસ્મે થયાં ત્યારે રે;
રીસે કરી પુત્રને પુછે રે, લાડુ ગયા કારણ શું છે રે.
જનુનીને કહે જગનાયક રે, મૂષક ચઢી આવ્યા વિનાયક રે;
મોદકના એ ગજમુખ ભોગી રે, ગયા હવડાં સર્વ આરોગી રે.
માતાયે તે વાત ન માની રે, કુટે છે કુંવરપર છાની રે;
જાણું છું હું લક્ષણ તારાં રે, વગોણાં કરે છે તું મારા રે.
જોઇએ મુખ દેખાડ તારૂં રે, લાલ નથી લાગતું આ સારૂં રે;
રોતા હરિ કહે સુણો માય રે, સહુ લાડુ મેં કેમ ખવાય રે.
કદાપી હું ખાઉં તો કડકો રે, તેમાં શા માટે ભડકો રે?
તેથી મન માને તમારૂં રે, માતા જુઓ મુખડું મારૂં રે.
હરિએ મુખ દેખાડયું જયારે રે, જસોદાજી જોતાં ત્યારે રે;
મુખમાં દીઠું વિશ્વ ચરાચર રે, ગિરિ વન સરીતા ને સાગર રે.
આખું બ્રહ્માંડ દેખાડયું રે, પૃથ્વી જલ તેજ ને વાયુ રે;
ઘણા દીઠા ગણપતી ફરતા રે, સ્તુતિ શ્રીકૃષ્ણની કરતા રે.
તે જોઈ ગભરાયાં માતા રે, મીચ્યાં લોચન સુખદાતા રે;
વળતી પાછી આંખ ઉઘાડી રે, મોહન કહે ખાવા આપે માડી રે.
જનુની જુવે છે ઘરેલું રે, દીઠા લાડુ પાત્ર ભરેલું રે;
તેડી સહુ સાથને અંબા રે, જસોદાજી બેઠાં જંબા રે.
હરિ બેઠા નંદની સાથે રે, ભોજન કર્યું ગોકુલનાથે રે;
કરી એવી લીલા મોરારી રે, સુણે જે કો નર ને નારી રે.

6. The Soul should stand naked before God.

શ્રી શુકજી બોલ્યા સુણ રાજનજી, હરિ ચરિત્ર સુધારસ અતિ પાવનજી,
કેશવ કરતા લીલા અનંતજી, એવે આવી ઋતુ હેમંતજી.

હેમંત ઋતુનો માસ અઘહન, પ્રથમ જે કહેવાય;
માહા પવિત્ર વ્રત કાત્યાયનીકેરૂં, કરતી ગોપ કન્યાય.

CENTRAL LIBRARY

ગિરધર.

કુમારિકા ગોપની તનયા, રૂપ ગુણ સકુમાર;
અરુણોદય વેળા ઉઠતી, પાળતી નિયમ અપાર.
ટોળે મળીને જાય સરવે, ગાય મંગળ ગીત;
તમારી તનયા વિશે કરતી, સ્નાન વિધિ જલશીત.
સિકતાતણી મૂર્તિ કરી, પૂજતી વિધિ પરમાણ;
પ્રથમ આવાહન કરે, દેવીતણું નિરવાણ.
ગંધ અક્ષત પુષ્પ પલ્લવ, નવાંકુર ફલ જેહ;
ધૂપ દીપ નૈવેદ અર્પી, સ્તુતિ કરતી તેહ.
હે મહામાયા કાત્યાયની, માહા યોગિની અભિરામ;
વર આપો નંદકુમાર અમને, કરો પૂરણ કામ.
નિત્ય પૂજીને એમ પ્રાર્થે, દેવીને ગોપ કુમાર;
પછે ઘેર આવીને કરે, હવિષ્યાન્ન ભોજ આહાર.
એ પ્રકારે નિત્ય પૂજતી, માગતી વર કન્યાય;
એક માસ લગી વ્રત કરે, ઉત્તમ થયા વિધિ મહિમાય.
પછે છેલે દિવસે વ્રજ વિશે, ત્યાં હવો પ્રાતઃકાલ;
આપાપણા મંદિર વિષેથી, ઊઠી સરવે બાલ.
એક એકનો ઉઠાડતી, કરે સાદ લેઇને નામ;
પૂજા સામગ્રી કરગ્રહી સહુ, મળી એકજ ઠામ.
પછે ગીત મંગલગાન કરતી, આવી જમુનાં તીર;
ઉપકંઠ વસ્ત્ર ઉતારીને, ગઈ નાવા નિરમલ નીર
એક એકના કર ઝાલીને, હરખે પ્રવેશી ત્યાંહે;
ગોપાલિકા જલમાં રમે, મન રહ્યું મોહન માંહે.
શ્રી કૃષ્ણ યોગેશ્વરેશ્વર, ભગવાન માયા ઈશ;
તેની કામના કરવા સફળ, ત્યાં પધાર્યા જગદીશ.
સહુ કર્મે કેરા ફળ પ્રદાતા, હરિ પૂરણ કામ;
નિજ મિત્ર સાથે લેઇને, પ્રભુ પધાર્યા તે ઠામ.
મંદહાસ્ય કરી હરિએ હર્યાં, તે કુમારીકાનાં ચીર;
કદંબ વૃક્ષે વસ્ત્ર લેઇને, ચઢયા હલધર વીર.
પછે સ્નાન કરીને ગોપકન્યા, નીકળી સહુ બાહાર;
જુવે તો નિજ ચીર લેઈ, તરૂ ચઢયા નંદકુમાર.
પાછી ગઈ જલ વિશે વનિતા, પામી મન લજ્જાય;
તે સમે બોલ્યા શ્રી હરિ, મુખ મધુર હસ્તા જાય.

CENTRAL LIBRARY

અહો અબલા આંહાં આવી, લ્યો તમારાં ચીર;
કાંઇ હાસ્ય હું કરતો નથી, સત્ય માનજો ધર ધીર.
તમો કન્યાવ્રતવતી, માટે નવ કરૂં હેલન;
એ અસત્ય હું નથી બોલતો, તે સત્ય જાણો મન.
માટે અંકેકી આવી તમારાં, વસ્ત્ર લ્યો સકુમાર;
એવાં વચન વિકલનાં સુણીને, કરતી મન વિચાર.
સહુ પ્રેમસાગરમાં પડી, સુણી હરિનું હાસ્યવચન;
એક એક સામુ જોઇને, મુસકાય છે ઘણું મન.
આકંઠ લગી જલમાં રહી, કાંપતી શીતલ વાર;
આનંદ મનમાં છે ઘણો, પણ આવે લાજ અપાર.
પછે મુગ્ધા બોલી વચન ત્યાં, હે કૃષ્ણ ન કરો આલ;
અમો ઓળખુ વ્રજ વિશે, સુંદર નંદસુત ગોપાલ.
અંબર અમારાં આપીયે, કાપીયે શીત વ્રથાય;
અમો સહુ તમારી દાસીયો, જે કેહેશો તે કરૂં ન્યાય.
તે મધ્ય મધ્યા બોલતી, આપો અમારાં ચીર;
નૃપ કંસને કેહેશું અમો, નહી રેહે તમારૂં હીર.
એવાં વચન સુણી શ્રીકૃષ્ણ, બોલ્યા સુણો ગોપકુમાર;
તમો દાસી છો તે માટે, માહારૂ કહ્યું કરો નિરધાર.
આંહાં આવીને લ્યો પટ તમારાં, તજો અન્ય વિચાર;
એવું સુણી પછે સહુ ગોપકન્યા, નીકળી જલ બાહાર.
એમ કંપીત ગાત્ર ગોરી, આવી જ્યાં જગદીશ;
અવાચ્ય સ્થાનક કર ધરી, ઉભી નમાવી શીશ.
શુદ્ધભાવ તેનો જોઇને, પછે આનંદ્યા અવિનાશ;
તેની પ્રેમપરીક્ષા અર્થે ભાવી, વળતા વદે વચન પ્રકાશ.
તમે વ્રત કર્યું કાત્યાયની, દેવી તણું અવિધાર;
કયમ વસ્ત્ર તજી જલ વિશે, નાહ્યાં નગ્ન થઈ નિરધાર.
અપરાધ એ મોટો થયો, નવગણો દોષ વિચાર;
તે માટે કરજોડી તમો, કરો સુરજને નમસ્કાર.
હરિ વચન સાચું માન્યું, વ્રત પુરણ કરવા કાજ;
કરજોડીને નમતી હવી, તજી મન વિશેથી લાજ.
વ્રત સકલનું ફલ છે હરિ, જયમ પ્રસન્ન થાયે ઈશ;
તે માટે નમતી લાજ તજી, કરજોડીને તે દીશ.

CENTRAL LIBRARY

ત્યારે દામોદરને દયા આવી, વસ્ત્ર આપ્યાં ત્યાંહે;
તે પેહેરાં સર્વે સુંદરી, ઘણું હરખતી મનમાંહે.
નાથને નીરખે નેહશુ થઈ, સજલ કરતી હાસ્ય;
નવ ચરણ ચાલે ત્યાં થકી, પડી પ્રેમ કેરે પાશ.
તેના મન તણો અભિલાષ જાણી, બોલ્યા સુંદર શામ;
ઈચ્છા તમારે જે હશે, તે થશે પૂર્ણ કામ.
વળી મુને મળતાં કામના, કયમ રહે મનમાં એહ;
શામા સુણો તે પ્રશ્ન કેરો, નીવરતુ સંદેહ.
જેણે આરોપ્યું મન મુજ વીશે, ચિત થયું સ્વરૂપાકાર;
તેનાં કર્મ તે નિષ્કામ છે, વાસના રહીત વિકાર.
જયમ શેકયો કણ અવની વિશે, નવ ઉગે તે નિરવાણ;
એમ કોઈ પ્રકારે મુજ વિશે, એક વૃત્તિ અર્પે જાણ.
માટે જાઓ અબળા ઘેર હવે, પ્રસન થઈ અભિરામ;
શરદની રજની વિશે, હું કરીશ પૂરણ કામ.
તે સાંભળી થઇ હરખયુત, ફરી નમી હરિને ત્યાંહે;
નથી જવાનું મન તોય પણ, કષ્ટે ગઈ વ્રજમાંહે.

7. The Gopis lose Krishna.

આવ્યું અબલાને અભિમાન, થયા શ્રી હરિ અંતરધ્યાન;
ના દીઠા જવ અચ્યુત આપ, કરતી વનિતા વિવિધ વિલાપ.
હરિનો જે ગમન વિલાસ, વળી પ્રેમ સહિત મૃદુ હાસ;
અવિલોકન લલિત વિહાર, માર ચેષ્ટિત વચન ઉચ્ચાર.
તેણે આકર્ષ્યું જેનું મન, જોતી વિહ્વલ જુવતી જન;
સંભારે ઘણું કૃષ્ણ ચરિત્ર, મન મળવા મોહન મિત્ર.
તન્મય સહુ કરતી વિહાર, મનમાં થઇ કૃષ્ણાકાર;
ટોળે મળીને તારુણી જોતી, ગાતી હરિગુણ વિરહ સમોતી.
હરિને શોધતી ઉન્મત મન, વનિતા વિહ્વલ ફરતી વન;
તરુને પુછતી વ્રજનાર, જેમાં છે હરિ અંતર બાહાર.
જેમ વ્યાપક છે આકાશ, તેમ સર્વત્ર શ્રી અવિનાશ;
માટે તારુણી તરુને પુછે, તન્મય થઈ તેમાં આશ્રયે શું છે.

અહો અશ્વત્થ વટના વૃક્ષ, સુણો તાલ તમાલ ને પ્લક્ષ;
તમો દીઠા છે પ્રતક્ષ, એ નંદકિશોરને રે.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

એ અમારા ચિત્તનો ચોર, સ્મિત અવલોકન અંકોર;
સ્નેહપાશે બાંધ્યાં કરી જોર, એ મન હરી ગયો રે.
હે અશોક કુરુબગ નાગ, સુણ ચંપક તરુ પુન્નાગ;
તમો જાતા દીઠા માહાભાગ, એ હલધર વીરને રે.
હે તુલસી તું કલ્યાણી, હરિવલ્લભ તુજને જાણી;
શ્યામ સંગે માહાસુખ માણી, સુગંધવતી થઈ રે.
અહો તુલસી જે વલ્લભ તારો, કાંઈ દીઠો એ નાથ અમારો;
તારો હાર હૃદેપર ધાર્યો, તે અમને મુકી ગયો રે.
સુણ માલતી મલ્લિકા જાય, જાતાં દીઠો છે જદુરાય;
કરસ્પર્શે તણે મહીમાય, કુસુમ ફુલી રહ્યાં રે.
અહો પૃથ્વી તેં શું તપ કીધું, પદપાવન તુજપર દીધું;
હરિને પદ સંગે સુખ લીધું, રોમાંચિત થઈ રહ્યાં રે.
વળી એ થકી અદકું પુણ્ય, પામી હરિનાં પગલાં ત્રણ્ય;
પૂર્વે આદિ વરાહે ધન્ય, ધારી મુખમાં તુને રે.
માટે તું ગત જાણે એની, તેનો મારગ અમને કેહેની;
પદ અંકિત થઇ છું જેની, ઊપર થઇને ગયા રે.
અહો હરણી જુથ સમુદાય, અમો લાગુ તમારે પાય;
એક સુંદરીશું જદુરાય, જાતાં દીઠા તમો રે.
એ ગયો અમારૂં મન લેતો, તમારે નયને સુખ દેતો;
માટે ચારે દિશાયે સુચેતો, ચંચળ થઇને જુવો રે.
હરિયે પેહેરી છે મુચકંદ માલ, તે જાણીને બોલી એક બાલ;
એનો પરિમલ આવે રસાલ, માટે મળશે ખરો રે.
અહો ફલવંતા તરુ સાર, ઘણુ નીચા નમ્યા ફલભાર;
ગ્રહ્યો હરિયે તવ નમસ્કાર, માટે લતાયો લલી રે.
માટે તમો કંઈ જાતો દીઠો, એવો નંદકુંવર મન મીઠો;
બલીભદ્ર અનુજ થાય તે દીઠો, અમને મુકી ગયો રે.
એક બાહુ પ્રિયાને સ્કંદ, બીજે ફેરવતો અરવિંદ
એવો ગુણસાગર ગોવિંદ, ગયો દુઃખ દેઇને રે.
સખી પુછે છે વનની વેલી, મોટું ભાગ્ય એનું સાહેલી;
નિજતરુ પતિનો સંગ મેલી, રેહેતી નથી રે.
તોય કેશવ કર નખ સ્પર્શે, એને મન ઉપનો અતિ હર્ષ;
તન પુલક થયાં ઉત્કર્ષે, હરીના સંગથી રે.

ગિરધર.

શોધ્યું સકલ તે વન વિચિત્ર, તોય નવ મળ્યો માધવ મિત્ર.
પછે કૃષ્ણના સરખું ચરિત્ર, કરે વ્રજ સુંદરી રે.

સકલ વન શોધીયુ રે, નવ મળ્યા નટવર નંદકુમાર;
ટોળે મળી તારુણી રે, તનમન થૈ છે કૃષ્ણાકાર.
બાલપણા તણી રે, હરીની લીલા પુણ્ય પવિત્ર;
પરસ્પર સહુ મળી રે, કામની કરતી કૃષ્ણચરિત્ર.
એક થઈ પુતના રે, એક થઈ કૃષ્ણ કરે સ્તનપાન;
એક શકટ થઈ રે, પદનો પ્રાહાર કરે ભગવાન.
તૃણાવર્ત થઈ તદા રે, ચઢીને ચાલી બાલમુકંદ;
ચેષ્ટા તદવત્ કરે રે, કો ગુણ ગાતી અતિ આનંદ.
એક અચ્યુત થઈ રે. બીજી બાલા થઈ બલરામ;
અન્ય ગોવાલ થઈ રે, વચ્છાસુર હણિયો તે ઠામ.
બકાસુર આવિયો રે, ચીર્યો ચંચુ ચઢી તેણી વાર;
સુરભિને બોલાવતી રે, વેણુ નાદ કરે વ્રજનાર.
મઘવા મદ મોડતી રે, વૃષ્ટિ નિવારણ કરતી ત્યાંહે;
ગોવર્ધન કર ધરી રે, કહે સહુ આવો આ ગિરિ માંહે.
ભય નવ પામશો રે. વ્રજવાસીની કરે રક્ષાય;
ગોધન પ્રતિ પાલતી રે, કરતી ઇંદ્રને અતિ શિક્ષાય.
કૃષ્ણ થઈ કામિની રે, કરતી નિગ્રહ કાલીનાગ;
નાગપત્ની થઈ રે, હરિની સ્તુતિ કરતી માહાભાગ.
ગૌ ગોપ ઉગારતી રે, કરતી દાવાનલનું પાન;
ઉલુખલ બાંધતી રે, પાડતી યમલાર્જુન તે સ્થાન.
એમ બાલલીલા કરી રે, વ્રજવનિતા થઈ આતુર મન;
વળી ફરતી બેઢેબાકલી રે, પુછતી તરુ વેલી ને વન.
વનિતા વિલપે ઘણી રે. પુછતી હીંડે કમલાકંથ;
એવે દીઠા અવનીયે રે, પિઉનાં પગલાં પડિયાં પંથ.
એક એકને દેખાડતી રે, જુવો સખી આ પ્રીતમપદ ચિહ્ન;
અંકુશ ધ્વજ મધ્ય છે રે, એ આદે રેખા અવિછિન્ન.
ત્યાંથી આગળ જતાં રે, પ્રિયાના પગલાં પૃથ્વી મોઝાર;
હરિપદ સંગમાં રે, દીઠાં સુંદર અતિ સકુમાર.

તે જોઇ દુઃખ પામતી રે, બોલી કોપ કરીને મન;
આ પદ કો વધૂ તણાં રે, સાથે લઈ ચાલ્યા ભગવન.
એક કર કામિની તણો રે, હરિને કંઠ ભરાવ્યો જાણ;
જેમ કર કરિણી તણો રે, કરી ચર અવલંબે નિરવાણ.
એણે ઈશ આરાધીયા રે, તે માટે ગોવિંદ ગયા તેડી સાથ;
એને સુખ આપ્યું ઘણું રે, આપણને તજી નિરદે નાથ.
અરે બાઇ એ મોટો હરિ રે, એની પદ રજને છે ધન;
બ્રહ્મા શિવ ને રમા રે, શિશ ધરે પદરજ પાવન.
તે પ્રભુની અધર સુધા રે, એણે પાન કર્યું છે નિશંક;
તે મનમાં પીડે ઘણું રે, જેવો વિષધર કેરો ડંક.
વળી આગળ જતાં રે, કેડે છે નારી કરી ઉનમાન;
આ ઠેકાણે અલી રે, સ્કંધ ચઢાવી શ્રી ભગવાન.
પગલાં નથી પેખતા રે, પ્રિયાનાં પૃથ્વી નવ પરસાય;
જાણ્યું જદુનાથજી રે, એના કોમલ પંકજ પાય.
તૃણ અંકુર ખુચશે રે, માટે સ્કંધ ચઢાવી શ્યામ;
માનવતી ઘણું રે, વશ કરીઆ એણે પૂરણ કામ.
પ્રભુપદ પ્રિયા ભારથી રે, જેને કલીયા પૃથ્વી માંહે;
અહો કૃષ્ણ કામી થયો રે, ક્ષણું એક ઉતારી છે આંહે.
ચરણ ઉંચા કરી રે, કુસુમ લતા ગ્રેહેવાને નાથ;
અરધાં ઘી દેખાય છે રે, અરપ્યાં પુષ્પ પ્રિયાને હાથ.
કેશ કામની તણે રે, પ્રભુયે પુષ્પ ભર્યાં આદાર;
આ જેની એધાણ છે રે, ભામીનીને ભીડી પદ મોઝાર.
શુકજી બોલીયા રે, સાંભળ હે પરિક્ષત રાજન;
વિકલના વિરહથી રે, વિયોગ વિલગે ગોપીજન.

તે સુંદરીને સાથે તેડી, રમતા આત્મારામ;
એ કામીજનની રીત દેખાડે, શ્રી કૃષ્ણ અખંડીત ધામ.
જે કામીજનને કષ્ટ પમાડે, સ્ત્રીનો દુષ્ટ સ્વભાવ;
વળી નરની નિર્લજ્જતા, દરસાવે એમાં બન્યો ભાવ.
સર્વ ગોપીને મુકી માધવ, જેને લીધી સંગ;
તે ત્રિયને અભિમાનજ આવ્યું, જે હરિ રમીયા રંગ.

CENTRAL LIBRARY

સર્વે સખીમાં હું સરખી, ગુણરૂપે નથી કો અન્ય;
સર્વને મુકી તેડી મુજને, ભજીયા શ્રી ભગવન.
તે માનુની માન કરીને, બોલી હરિની સાથ વચન;
મેં ચલાતું નથી તે મુજને, સ્કંધે લ્યો સ્વામીન.
તે સુંદરી કેરાં વચણ સુણી, હરિ બેઠા પૃથ્વી મોઝાર;
તમો શ્રમ પામ્યાં માટે બેસો, મુજ સ્કંધ ઉપર હે નાર.
સ્વાધીન પતિપણું અદકું જાણી, આણું મન અભિમાન;
બેસવા ગઇ તે બાલા ત્યારે, હરિ હવા અંતરધ્યાન.
અચ્યુતને અણદેખી અબલા, મન પામી પરિતાપ;
હે માહાભુજ હે નાથ રમણ, એમ કહીને કરતી વિલાપ.
હું દાસી તમારા ચરણતણી, મુને દર્શન દો ગિરિધારી;
એવે સમે શોધતી હરિને, ત્યાં આવી સહુ નારી.
સર્વે સુંદરીએ પુછું તેહને, બોલી માહા દુઃખવાન;
અરે બાઈ મને મુકી ગયા, મેં આણ્યું મન અભિમાન.
પછે તે શામાને સાથે તેડી, દીધી ધીરજ ધીર;
સહુ શોધ કરતી શામા, વનમાં હલધરજીનો વીર.
પછે વન સઘન અંધકારજ આવ્યું, જાહાં નહી ચંદ્ર પ્રકાશ;
ત્યારે તારુણી ત્યાંથકી પાછી વળી, થઇ શામા સર્વ નિરાશ.
ગોવિંદના ગુણ ગાતી પુનરપિ, આવી જમુનાં તીર;
મોહન મિત્ર મળ્યા નહી ત્યારે, મુકી મનની ધીર.
ગ્રહ સમંધ ભુલી ગઈ ભામા, કૃષ્ણને અરપ્યું ચિત્ત;
શ્રુતિ સાખે કરી નીમેળ હરિનું, ગાતી ગોપિકા ગીત.

યમુના કેરે તીર, ટોળે મળી સહુ તારુણી;
મનમાં રાખી ધીર, સ્તુતિ કરતી શ્રી કૃષ્ણની.

તવ જન્મે કરી જીત્યુ વ્રજપુર, કમલા રહી કરી વાસ;
સહુ વ્રજજનને સુખીયાં કીધાં, અમો દુઃખિત તમારાં દાસ.
એક તમો આધાર અમારે, પીડો શું અવિનાશ;
કરુણા કીજીએ રે, દરશન દીજે દીન દયાલ. ટેક.
શરદ કમલના કોશ સરીખું, તવ મુખ સુંદર શોભે,
તે નેત્ર કટાક્ષે વેધ્યાં અમને, અમો હણાયાં લોભે;
દાસીનો વધ ન ઘટે કરવો, વર આપો તન થોભે. કરુણા.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

વિખ જલ વ્યાલ અસુરથી રાખ્યાં, કષ્ટ નિવારણ કીધું,
વર્ષા મારુત તડિત અનલથી, વ્રજ ઉગારી લીધું;
એમ ઘણીવાર તમો રક્ષા કીધી, અંતે શું દુઃખ દીધું. કરુણા.

નથી જશોમતી નંદતણા નિશ્ચે, તમો અખિલના અંતરજામી,
વિધિયે પ્રાર્થ્યા વિશ્વ રક્ષા ને, પૃથ્વી પુણ્યે પામી;
ત્યારે ઉદે થયા છો જાદવકુલમાં, તમો અમારા સ્વામી. કરુણા.

તવ પદરજ અમૃત સેવંતાં, સંસૃતી ભયને વામે,
હે કાંત તમારા હસ્તકમલથી, સકલ કામના પામે;
અમ શિશ ધરો તે કર કમલનો, જે કર ગ્રહ્યો અભિરામે. કરુણા.

વ્રજજનની આરત હરતા, તું યોષિતનો પ્રિયે પ્રાણ,
નિજ જનનો અહંકાર હરે, હરિ ભજ અમને નિરવાણ;
અમાં કિંકરીયોને દર્શાઓ, પ્રભુ મુખપંકજ પરમાણ. કરુણા.

પ્રણત જીવનાં પાતિક ટાળે, શ્રી નિવાસનું ધામ,
ગોની પુંઠલ ફરતા જે પદ, ફણી ફણાર્પિત ઠામ;
તે પદ અમ કઠિણ કુચે, પરશીને તાપ સમાવો શ્યામ. કરુણા.

તુજ મધુર ગિરાના વદ્યુ વાક્ય સુણી, બુધજન મોહ પામે,
નેત્ર કટાક્ષે વેધી વનિતા, વ્યાકુલ કીધી કામે,
પ્રભુ અધરામૃતનું પાન કરાવો, વ્રેહની વેદના વામે. કરુણા.

તમારી કથામૃત તપ્ત જીવતે, જીવન સરખી ગણતા,
મોટા કવિજન સેવે એવું, કલિનું કલ્મષ હણતા;
શ્રવણે મંગલ શ્રીને આપે, ભુવીમાં ભુરિજન ભણતા. કરુણા.

હાસ્ય પ્રેમ ઈક્ષણથી અમને, વિરહ અધિક ઉપજાવે,
મંગલકારી ધ્યાન રૂપનું, રહસ્ય સુખ દરસાવે;
તે સ્મૃતિ મન ક્ષોભ પમાડે, એવા કપટી કહાવે. કરુણા.

ગોચારણ ગોવિંદ પધારો, વ્રજથી જ્યારે વનમાં,
શીલ તૃણાકુર કોમલ પદમાં, ખૂંચે તીક્ષ્ણ તનમાં;
હે કાંત તમારા પદની પીડા, થાય અમારા મનમાં. કરુણા.

દિન અંતે ગૌ ચારી આવો, વ્રજમાં વિકલ જ્યારે,
અલકાવલી આવ્રત વનરુહ મુખ, ગોરજ ધુસરતા રે;
તે શોભા દેખીને પ્રગટે, મનમથ મન અમારે. કરુણા.

CENTRAL LIBRARY

ગિરધર.

પ્રભુત કામદાયક પદ્માર્ચિત, ધરણી મંડન કહાવો,
જેનું ધ્યાન ધરતાં જનપર, ન રહે દુઃખનો દાવો;
તે પદપંકજ અમ ઉર અર્પીને, સ્મર પરિતાપ સમાઓ. કરુણા.

સુરત વધારે શોક નસાવે, તવ અધરામૃત એવું,
જે મુખ મોરલી ચુંબિતસ્વર મધુ, એથી અવર સુખ કેહેવું;
તે અધર સુધા આપી અમને, કરો કામ વિગત મન તેહેવું. કરુણા.

દિવસે વનમાં વિચરો અમને, એક ઘડી જુગ સરખી,
અલકાવલી આવ્રત મુખપંકજ, આવતા રહુ નરખી;
જડ બ્રહ્માયે પલક કરી વીચ્ય, અંતર પ્રીત્ય નરખી. કરુણા.

ભ્રાત પતિ સુત આજ્ઞા મુકી, અમો આવ્યાં તુજ પાસે,
વેણુગીત થકી મન મોહ્યાં, અંતર સુખની આશે;
હે કપટિ નિશા વિશે નારીને, કોણ તજે અતિ ત્રાસે. કરુણા.

સુરત સમેનાં વચન વિચાર્યે, મનમથ ઉપજે મનમે,
હાસ્યવદનથી અતિ સુખ ઉપજે, પ્રેમે અવિલોકનમે;
હૃદય વિશાલ તણી શોભા જોઇ, તાપ ન થાયે તનમે. કરુણા.

વ્રજવાસીનું વ્રજિન ટાલવા, જગમંગલ સુખકારી,
રતિ સુખ ઔષધ આપી અમને, હરો મનસિજ રુજભારી;
નિજ જનનું દુખ હરવા કારણ, અવતરીયા મોરારિ. કરુણા.

કોમલ ચરણાંબુજ હરિ તારા, અમ ઉર ધરતાં જયારે,
કઠિણ પયોધર સ્પર્શે કરતા, પદમાં ખુચે ત્યારે;
તે પદ તૃણ અંકુરપર ધરતા, એ દુઃખ મન અમારે. કરુણા.

હે ગોવિંદ ચરિત્ર તમારૂં, આપે અવિચલ ધામ;
અમે અબલા કાંઇએ ન જાણું, મંદમતી અભિરામ;
કૃપા કરીને દરશન દીજે, કીજે પૂરણ કામ. કરુણા.

શ્રી ભાગવતમાં દશમ સ્કંધે, રાસલીલા કેહેવાય,
અંતર ધ્યાન પછી વળતી, ગીત ગોપિકા ગાય;
વીશ શ્લોકે વિસ્તરીયો જે, એકત્રીશમો અધ્યાય. કરુણા.

એવું ગીત ગોપિકાયે ગાયું ત્યારે, પ્રસન થયા ગોવિંદ;
તે માનુનીયોની મંડળી મધ્યે, પ્રગટયા ગોકુલચંદ,
ગિરિધારી પ્રભુને દેખી, અબલા પામી આનંદ. કરુણા.

CENTRAL LIBRARY

8. Ranchod Bhakta.

He was alive in 1804 A.D. He has written about Krishna and Rādhā, about Bodāno and a lot of small poems on *bhakti*. His verses are easy to understand and appeal directly to the ordinary man.

I. From રાધા વિવાહ.

રમે રાધિકા રંગથી રૂપ રાતી, કરે કામિની કેલ જોબનમાતી;
સહુ સુંદરી એકઠી કામ પામી, મળ્યો મોહનો સુંદરીનો જ સ્વામી.

વર રે વિકૂલ કન્યા રાધિકા. ટેક.
ગેડી દડે રમે કાનજી, રમતા ચાલ્યા જિવન;
દડો લીધો છે દામોદરે, રમવા જગજિવન. વર રે.
દડો દામોદરે નાંખીયો, પોંચ્યો રાધાની પાસ,
મોહને વળતો માગીયો, આણી મનમાં હુલાસ. વર રે.
હરખે રાધા લેઇ આવીયાં, દડો પોતાને હાથ;
સ્નેહ કરી પછી સોંપીયો, બોલ્યા દીનો રે નાથ. વર રે.
આવો અહીંયાં રે રાધિકા, રમીયે તે રંગે રાસ;
હાથ પકડી તેડીયાં, રાધા થયાં હુલ્લાસ. વર રે.
કૃષ્ણ સંગે બેઠાં રાધિકા, શોભી બન્નેની જોડ;
તે સમે શોભા શી વરણવું, નહીં ખાંપણ કે ખોડ. વર રે.
બોલ મેળાપ જ ત્યાં થયો, લીધાં શ્રીફળ હાથ;
પીઠી તે પ્રભુજીને ચડે, બેઠા રે દીનોનાથ. વર રે.
વનને વિષે રે ઓચ્છવ થયો, ગોરડી મળી સહુ ગાય;
વર તમે થાવ રે વિકૂલા, કન્યા રાધિકા થાય. વર રે.
આંખ આંજી અબળા મળી, રીઝયા શ્રીનંદલાલ;
ગાળો તે દે સઉ ગોપિકા, એ તો ગાયનો ગોવાળ. વર રે.
એક કદમને રે છાંયડે, કરીને તે જ કાર;
પેર કરી પરણાવવા, હર્ખે વાધ્યો અપાર. વર રે.
હસ્ત મેળાપ કીધો હરિ, ગીત ગોપિકા ગાય;
છાસ પીનારો એ છોકરો, રૂડી રાધા ચોરી જાય. વર રે.

CENTRAL LIBRARY

સહુ સુંદરી ગાય છે શમે તોડી, શું જાણે ગોવાળો વળી જાન જોડી;
કહે ગોપિયો કેહમાં બુદ્ધિ થોડી, જુવો ઓઢણી લેઇને માથે ઓઢી.

ચતુરાએ ચોરી રચી, કીધી સઘળી રે રીત;
મંગળ ફેરા ત્યાં ફર્યાં, કરી પૂરણ પ્રીત. વર રે.
ગોવાળીયા સહુ આવીયા, પાસે બેઠાજી તર્ત;
હાસ્ય વિનોદ જ સહુ કરે, અગ્નિમાં હોમ્યાં ઘૃત. વર રે.
સતી રે શિરોમણિ રાધિકા, બીડી લીધી રે હાથ;
લેઇને મેલી મુખમાં પ્રીતે, ઠગીયા તે દીનોનાથ. વર રે.
આજ્ઞા માગે વ્રજ દેવની, પેર્યાં કંકણ હાથ;
છોડયા ને છોડો દોરડા, તેડાવો નંદ તાત. વર રે.
પરણીને ઉઠયાં રાધિકા, ગયાં પોતાને ઘેર;
માતાએ આવી જાણીને, પૂછી પુત્રીને ખેર. વર રે.
ઘેર આવ્યાં છે રાધિકા, કોઈ જાણે ન વાત;
ઘુંઘટ રાધાએ કર ગ્રહ્યો, પૂછે કીર્ત્તિજી માત. વર રે.
કાં લાજે તું દીકરી, શાને ઘુંઘટ ખેંચે વળી;
અસુર કાં તુંને હવું, સૈયર સૌ તુંને હળીમળી. વર રે
સાસુ તે મારી જશોમતી, સસરો તે નંદરાજ;
કૃષ્ણજી કંથ કોડામણો, પરણી હું તેને આજ. વર રે.
આડોશી પાડોશી સઉ મળ્યાં, તાલી લે છે રે હાથ;
કોઇયે ન અડશો રાધાને, પરણી કાળાને સાથ. વર રે.
કાળો કાળો કરશો નહીં, કાળો છે ત્રિભુવન નાથ;
ભવોભવ મારે એ હજો, ગ્રહ્યો હરજીએ હાથ. વર રે.
ધન્ય ધન્ય ગોકુળ ગામને, ધન્ય વૃન્દા રે વન;
ધન્ય રે આહિરની ગોપિકા, નિરખ્યા જગજીવન વર રે.
જે રે ગાય ને જે સાંભળે, તેનો વૈકુંઠ વાસ;
વિવાહ ગાયો રાધેકૃષ્ણનો, કહે રણછોડદાસ. વર રે.

II. From રણછોડજીનો ગરબો.

1. The image brought to Dākor.

ધન્ય બોડાણા ધીરજ તારી, ધન્ય ધન્ય તારી માત રે;
પાતળિયો પોતાનો કીધો, હેતે લીધા હાથ.

સિત્તેર વર્ષે સેવા કરી, શ્યામળિયો સમજાવાય રે;
ડાકોરથી તો દ્વારકા માંહે, વર્ષે બે ત્રણ ફેરા ખાય.
કરમાં તુલસી વાવીને જઈ, ચતુર્ભુજને ચઢાવી રે;
પ્રભુજી તો પ્રસન્ન થયા ને, દીલમાં દયા આવી.
અલબેલો બોલ્યા એમ મુખથી, બોડાણાની સાથ રે;
એકાંતે આવીને કહ્યું તે, કોઇએ ન જાણે વાત.
ઘણા દિવસ તેં મારે કાજે, મહા મોટું કષ્ટ કીધું રે;
વપુ તારૂં વૃદ્ધ થયું તે, જોઈ મારૂં મન બીધું.
તે માટે હું તારી સાથે, આવું તારે ગામ રે;
તારે ચરણે નથી ચલાતું, તે માટે તજવું ધામ.
કહ્યું મારૂં માની કાલે, જા તું ડાકોર ગામ રે;
ડામણું લાવ તું વાત ન ફૂટે, મનમાં રાખી હામ.
બોડાણો કહે બાપજી હું, ડામણું ક્યાંથી લાવું રે;
મારે ઘેર તો નથી મહારાજ, કેમ કરીને આવું.
મોહનજી કહે માંગી લાવો, જેવી તેવી વેહેલ રે;
જાત જોયાનું કામ નથી, બે જોડી લાવો બેલ.
બોડાણાને વચન જ આપી, વિદાય કીધો મળતી રે;
વનમાલી કહે તારે માટે, વાત આવી છે વળતી.
વારૂં કહીને વિઠ્ઠલજીને, ચરણે પડયો કર જોડ રે;
લજ્જા મારી લટકાળા તમો, રાખજો જે રણછોડ.
અતિ આતુરતા અંગમાં તેના, આવ્યો ડાકોર ગામ;
પાડોશી પ્રત્યે કહી માંગ્યું, તમ સરખું છે કામ.
ઉપકાર માનું તમતણો જો, આપો બળદ ને વેહેલ રે;
જાવું દ્વારકામાં છેલ્લો ફેરો, ત્રિમકજીની ટેલ.
પુરવાસી પાડોશી કહે ભાઇ, જેવી તેવી મળશે રે;
જેમ તેમ કરીને જોડી જાઓ, ભાગ્ય તમારૂં ફળશે.
એવું સાંભળીને ઉઠયો પોતે, વારૂં કહી વેહેલ જોડી રે;
વેલા કરતા વનમાલીના, મંદિર પાછળ છોડી.
ગુગળી સહુકો હસવા લાગ્યા, કૌતુક સરખી વાત રે;
બોડાણો તો આગે આવ્યો, લેઈ જવાને નાથ.
વેહેલ ને બે બળદ જોતાં, હસ્યા મુખ મચકોડી રે;
ત્રિભુવનમાં નહિ મળે ભાઈ, આવી બેલની જોડી.

બોડાણો કહે હસો ભાઇઓ, હસવા સરખી વાત રે;
ઈશ્વર ઇચ્છા કોઈ ન જાણે, કેવું થશે પ્રભાત.
સંધ્યા થઈ ને શયન કરાવ્યું, રણછોડને રંગ ભેર રે;
અડધી રાતે ઉઠયા પોતે, પ્રીતમ કરીને પ્રેર.
તાળાં તોડયાં ભુંગળ ભાંગી, આવ્યા મંદિર બહાર રે;
બોડાણાની પાસ આવી, પ્રેમે કર્યો પોકાર.
જાગ જાગ તું ઝટપટ કરીને, વિકલ કહે વેલ જોડ રે;
બોડાણો ઝબકીને જાગ્યો, દીઠા શ્રીરણછોડ.
ગદ્ ગદ્ કંઠે ગળગળું બોલે, થરથર ધ્રુજે અંગ રે;
ગોવિંદજી હવે ગત શી થાશે, તમો રાખજો રંગ
બળદ પુંછ મરડી મારૂં પણ, ચાલે નહિ લગાર રે;
પ્રાત સમે તો પકડશે મુને, મારશે બહુ વિધ માર.
જગજીવન કહે જેમ તેમ કરીને, ઝાંપા સૂધી કહાડ રે;
હાંકીશ પછી હું હેત કરીને, માનીશ તારો પાડ.
જેમ તેમ કરતાં ઝાંપા સૂધી, પાછલી રાતે પહોંતા રે;
રાશ પરોણો પોતે લીધો, બોડાણો માંહે સૂતા.
વેગે વેહેલ ઉડાડી પોતે, અંત્રીક્ષથી અલબેલે રે;
ઉમરેઠ ને ડાકોરની વચ્ચે, લાવીને તો મેલે;
બોડાણાને કહે જગજીવન, જાગી જોને વાટ રે;
પ્રાત થયો ઉઠ આળસ મેલી, જો આવ્યો કંઈ ઘાટ.
આંખ ઉઘાડી ઉંચું જોયું, બોડાણો તેણી વાર રે;
શ્યામળિયા સીમાડો મારા, ગામતણો નિરધાર.

2. Weighing the image.

બે વચને ત્યાંથી બલવંત બોલ્યા, હું હવે નહીં આવું રે;
મુજ બરાબર સોનું લઇને, કરો તમે મન ભાવ્યું.
લાલચમાં લપટાઇ સર્વે, લોભમાં લેવાયા રે;
સરકાર સર્વે પંચ મળીને, તાંસ તીરે લાવ્યા.
સામા સામું લખ્યું લઇને, બોડાણો એમ બોલ્યા રે;
એકાંતે અલબેલા સાથે, પ્રીતે પડદો ખોલ્યો.
મહારાજ મુજ પાસે નથી, વાલ કેરી વિંટી રે;
સોનું જોઇએ શ્યામ બરોબર, ચિત્તમાં ચિંતા પેઠી.

CENTRAL LIBRARY

અન્નદેવની સ્તુતિ.

ગોવિંદજી કહે ઘેર જઇને, ગંગાબાઇને પૂછો રે;
સવા વાલની વાળી છે તે, લાવો કાં તમે ધ્રુજો.
ઘેર આવીને ગંગાબાઇને, વાત કહી વિસ્તારી રે;
વાળી લેઈ વનમાલી તેડે, ગોવિંદની ગત ન્યારી.
તરત લેઈને તીરે આવ્યા, વાળી રાખી પાસ રે;
લજ્જા રાખજો લટકાળા હું, ચરણકમળની દાસ.
વડની ડાળે ત્રાજું બાંધી, ત્રિકમજીને તોળ્યા રે;
વાળી નમી ને વાલમ કસ્યા, તવ જે જે સહુકો બોલ્યા.
ઝાંખા થઇને જગજીવનને, ગુગળી ગાળો દે છે રે;
કાળા તુજમાં કપટ ભર્યું છે, જૂઠ ઘણેરૂં રહે છે.
બાળપણે તે મામો માર્યો, મથુરા નગરી માંય રે;
આજ લગી અમને અથડાવ્યા, હવે જઇએ ક્યાંય.
પ્રભુ કહે પાછા ફરો જાઓ, દ્વારકા મોઝાર રે;
સ્વરૂપ મારૂં સેવત્રીમાં છે, તે કહાડજો બહાર.

III. Prayer to અન્નદેવ.

તમને આરાધું અન્નદેવ, પ્રથમ કરૂં તમારી સેવ. ટેક.
સવા પહોરે સૂતાં ઉઠે, બકોર કરતાં બાળ;
માતા પાસે ખાવા માંગે, પ્રથમ પ્રાતઃકાળ. તમને.
પહોર દહાડામાં આવી મળે તો, કાયા કરે કહ્લોલ;
માણસ થાય છે મરવા જેવું, ઘડી થાય જો સોળ. તમને.
વાત કરતાં વહી પડે છે, ભણતાં જાય છે ભૂલી;
આંખડિએ અંધારાં આવે, કાયા થઈ જાય લૂલી. તમને.
પંદર દિને એકાદશી આવે, વ્રતતણો મહિમાય;
રાત પડે ને સ્વપનું લાગે, વહાણું ક્યારે વાય. તમને.
બળિયામાં જે બળિયો કહાવે, જે છે સઉથી બળિયો;
તે જો પામે ત્રીજે પહોરે, ધૂળ થઇને ઢળિયો. તમને.
તેત્રિશ કોટી દેવ મળીને, સહુકો તમને પૂજે;
કહે રણછોડ અન્નદેવ મળે તો, સર્વે વાતો સૂજે. તમને.

IV. Miscellaneous verses.

(૧)

જાવા નહિ દઉં, શું છે તમારૂં જોર;
ઘેરીને ઘર ભીતર રાખે, નવલ નંદકીશોર. જાવા.
ઘણા દિવસની ગુન્હામત લેઇશું રે,
છો માહારા ચિતડાના ચોર. જાવા.
પૂજા તમારી ખુશમાં કરીશું રે,
કરીશું પાધરા દોર. જાવા.
રણછોડના સ્વામી સંગે રમતાં હો,
છોજી મારા કાળજડાની કોર. જાવા.

(૨)

પ્રેમી જન પીએ રે અમૃત રસને રે,
જઈ જઈ વૃંદાવન મોઝાર. પ્રેમી.
સુરનર બ્રહ્મા રે પુરુષ પામે નહિ રે,
નિત્ય નિત્ય ઝીલે એ વ્રજની નાર. પ્રેમી.
રાધા ને માધવ રે વળગ્યાં બેલડી રે,
શ્રી વૃંદાવનમાં થઈ રહ્યો થેઈકાર. પ્રેમી.
ઓપીને ઓપી રે ગોવિંદજીની ગોઠડી રે,
ત્યાં હરિ રાસ રમવાને જાય. પ્રેમી.
કોણ કોણ રીઝે રે કયાં રંગમાં રે,
રણછોડ રીઝી હરિ ગુણ ગાય. પ્રેમી.

(૩)

કોઈ શોધ લાવે મારા નાથની, તેને નવનિધે આપું,
મોતીડે વધાવું તેહને, કષ્ટ કોડેથી કાપું. ટેક.
સખી કોઈ સમજાવીને, ઘેર તેડીને લાવે,
કઠણ હૈયાના કાનજી, સંદેશો ન કા'વે. કોઈ.
કોઈ ગુણવંતી ગોરડી, પ્રીતમજીને પૂછે,
શા માટે રીસાઈ ગયા, તેનું કારણ શું છે. કોઈ.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

મુજને મુકીને જોગી થયા, કે કોઈએ ભરમાવ્યા,
કોને ભરૂસે મૂકી ગયા, હજી ઘેર ન આવ્યા. કોઈ.
કાંઈ સમજણ પડતી નથી, હું નિત્ય ઉદાસી,
વસમું લાગે મને વિકલા, મથુરાના રે વાસી. કોઈ.
અનેક અપરાધ ક્ષમા કીજીયે, કહું છું શિર નામી,
વાલમ વે'લા આવજો, રણછોડના સ્વામી. કોઈ.

(૪)

ફૂલના તકીયા ને ફૂલની ગાદીઓ,
ફૂલનાં કીજીયે બીછામણાં રે. મારે પ્રભુજી પધારીયા.
આરતી ઉતારીયે ને તનમન વારીયે,
ભાવે તે લીજો ભામણાં રે. મારે પ્રભુજી.
કુંકુમ કેરા છાંટા દેવરાવીયે,
મોતીડે ચોક પૂરાવીયે રે. મારે પ્રભુજી.
હઇડે હરખું ને નયણે નરખું,
નહીં તે ત્યાં લજામણાં રે. મારે પ્રભુજી.
માતા પિતા સુખ સંસારનાં,
અવર કીજો અળખામણાં રે. મારે પ્રભુજી.
રણછોડના સ્વામી સંગે રમતાં,
મટી ગયાં દુઃખ દામણાં રે. મારે પ્રભુજી.

(૫)

અજ્ઞાનીના ઊંઘા રે, આ તો તેં શું રે કર્યું;
મારા સાળા મૂર્ખા રે બુદ્ધિ તારી ક્યાં બળી,
હરિ હીરો મેલીને વોહોર્યો સંસાર. અજ્ઞાનીના.
હઈડું તારૂં ફૂટયું રે, આંખે આંધળો થયો રે,
વિસારીને બેઠો તું દિન દયાળ;
ગપોડાને હાંકે રે, બાધા ગામના રે,
માથે ના ભમતો દીઠો કાળ. અજ્ઞાનીના.
મનુષ્યા દેહ મોંઘી રે, મેળવી તેં ધૂળમાં રે,
હસ્યા ઉપર ઘાલી હામ.

CENTRAL LIBRARY

રણછોડ ભગત.

જણતીને વેળા રે, સર્પ આડો સેં ન આવીયો રે,
તારી માની કૂખે ન દીધો ડામ. અજ્ઞાનીના.
સગા ને સમ્બન્ધી રે, બેઠાં તુને બોળવા રે,
તરવા ત્રિકમ નામ સંભાળ;
ચટકુંને લાગ્યું રે, ઝટપટ જગની રે,
કહેવું તુંને ગાફલ રહ્યો ગુમાર. અજ્ઞાનીના.
ડહાપણીયું તેં ડોહ્યું રે, સ્વાર્થ સંસારનું રે,
પરમાર્થની ન જાણી પેર;
રણછોડ કહે છે રે, રાંડના તું ચેતજે રે,
વહ્યો તું ભવસાગરની લહેર. અજ્ઞાનીના.

(૬)

આજ દીવાળી સરખું રે દીસે, હરિ માહારા હૈડામાં રે હીસે;
છૂટી ખાણ ચાર એક વિશ, તો સાંભળ સહિયર વારતા રે.
આંગણે મોતીના ચોક પૂરાવું, દ્વારે કુંમ કુંમ છડા દેવડાવું;
જલદ ઝળહળ તોરણ બંધાવું, તો મોહન મંદિર મહાલતા રે.
તુરત ભરી ભરી સન્મુખ જોતી, નયણામાં નરહરને પ્રોતી;
ખાંણુડી મણી માણેક મોતી, તો ખોતી ભવ સંસારને રે.
અસનપણમાં હું કાંએ ન લહેતી, પ્રત્યક્ષ પ્રભુને પરોક્ષ જ કહેતી;
સાચી સહીયરોના શબ્દ ન સહેતી, તો વહેતી બાલ વિહારમાં રે.
બાલપણાની બાલી રે વૃત્તિ, સરખી સહિયરોમાં હરતી ને ફરતી;
ડાહ્યાં ડગલાં ડહાપણમાં ભરતી, તો ચહેન કર્યાં મારા અંગના રે.
મહાસુખ પામી શામળિયાની સાથે, હાવે નહિ બીહું લોકડીઆંની વાતે;
ઢોલ વગાડી થયું વિખ્યાતે, તો સુખ પામી શામળિયાના સંગમાં રે.
જગનની વધન રહી નહિ મારે, સંસાર સાગર ઉતરી પારે;
જન્મ સફળ થયો અવતારે, તો ગર્ભની વેદના વામતાં રે.
રણછોડના સ્વામીની સંગે રમતાં, ભાગી રે ભ્રાંત બ્રહ્માંડમાં ભમતાં;
જયાંથી ઉપન્યાં તાંહાં જઈ શમતાં, તો પુરુષોત્તમને પહોંચતાં રે.

9. Haribhatt (*circa* 1829 A. D.)

He was a resident of Baroda. He has written about Krishna and his doings. Some of his smaller verses are quite good and favourites.

(૧)

માતા જશોદા બોલાવે જમવા લાલને,
ચાલો લાડકવાયા લાગું તમને પાય;
તેમ તેમ રીસાઇને રંગ રસિયોજી આવે નહીં,
પાછળ દોડે તેમ તેમ નટવર નાશી જાય; માતા જ.
કાળા કેમ સંતાપે મુજને ઘરમાં કામ છે,
વાટ જુવે છે કાના બેશી રહ્યા બળવીર;
તમને શીખામણ દેવું છું તે કેમ નથી લાગતી,
શા માટે શામળિયા ભરો નેત્રમાં નીર; માતા જ.
આવા ઢંગ ધુતારા જે કોઈ તુજમાં જાણશે,
ત્યારે પરણ્યાની શી થાશે હરિજી પેર;
કોઈ કન્યા નહિ આપે કાના કહું છું તુજને,
રાખો ડહાપણ ચાલો રાડ તજીને ઘેર; માતા જ.
હવે નહિ મારૂં મારા સમ મુજને છે બાપના,
હું તો હારી તુજથી તું જીત્યો જગદીશ;
શું કરૂં લાડકવાયો એકનો એક છે નંદને,
શું કરૂં સાંખિ રહું છું બાકી ચઢે છે રીશ; માતા જ.
જેમ તેમ સમજાવી લઈ ચાલ્યાં સુંદર શ્યામને,
કટિયે બેસાડીને ચુંબન કીધું ગાળ;
મુખડાં નરખી હરખી રંગમાં રીઝયાં ઘણું,
લાવી મુખડાં આગળ મુકી કનકની થાળ; માતા જ.
માંહે પકવાનો પીરશાં છે ભલી ભલી ભાતનાં,
માંહે ખાજાં જલેબી બરફી બૂરા ખાંડ;
પેંડા પુરી કચોરી પડસૂલીની પાતળી,
લો લો મારા સમ એમ મુખથી કેતાં માંડ; માતા જ.

CENTRAL LIBRARY

હરિભટ.

ઘેબર સૂતરફેણી આણી અતિશે ઊજળી,
બીજા નાના વિધના પવિત્ર કીધા પાક;
અતિ આનંદે જમાડે માતા લાલને,
તળ્યાં તાતાં લાવી તરત મૂક્યાં શાક; માતા જ.
મેસુર મગદળ તે લાવ્યાં માતા જશોમતી,
સક્કરપારો શીરો તેમાં શાકર બહુ;
મારા અલબેલા હો લાલાજી શે નથી બોલતા;
મારા સમ જો હવે કશું તને નહિ કહું; માતા જ.
મારા સમ જો તુજથી વાલું કોઈ નથી,
મારી આંખડીયેથી રખે વેગળા થાઓ;
મારાં આંગણીયાં રૂડાં દીસે છે તમવડે,
સમ ખાધા શામળિયા હવે ન આઘા જાઓ; માતા જ.
પ્રેમે આરોગી ઊઠયા તે હરિ બળદેવજી,
માતા જશોદાને આનંદ અંગ ન માય;
આપે રમકડાં રઢીયાળાં રીઝી રંગના,
ઊભો દાસ હરિભટ ઢોળે પ્રભુને વાય; માતા જ.

(૨)

હાંરે મને ઠગીને ગયો ગિરધારી હો માડી,
હવે શી ગત થાશે હમારી રે, માડી.
મારી પુઠે ત્રેહ ઘણો લાગ્યો રે માડી,
એ તો અંતર અનુભવ વાગ્યો રે હો માડી. ઠગીને.
સાસરીયાં કહેશે ઘેલી રે માડી,
મેળવ કાનુડો વહેલી વહેલી હો માડી. ઠગીને.
એવું ઘટતું નથી એને રે માડી,
પીડા સમેની વાતો કહું કોને હો માડી. ઠગીને.
એ તો નંદ ધૂતારો ઠગારો રે માડી.
એને હર્ષ હૈયે છે હમારો રે માડી. ઠગીને.
હાંરે મારૂં ચિત્તડું પરવશ કીધું રે માડી,
એણે પોતાનાં કરી દુઃખ દીધું હો માડી. ઠગીને.
એક કાગળ લખો કોઈ સાથે રે માડી,
હરિભટના હરિને સાહો હાથે રે માડી. ઠગીને.

CENTRAL LIBRARY

(૩)

જમનાને તીર મારો વા'લો, જીવણ રે,
જીવણ જોવાને ચાલો રે. જમનાને.
આજે મળ્યો એકાંત છબીલો,
ભરજોબન એને આલો રે. જમનાને.
ફરી ફરી લાગ આવો નહિ આવે,
માટે મનુષ્ય દેહમાં મ્હાલો રે. જમનાને.
હરિભટનો હરિ રસ પ્રીતે એને ધીરે,
એને ઘેરીને ઘરમાં ઘાલો રે. જમનાને.

(૪)

ધરને ધ્યાન નરસિંગનું રે, ફરી કાલે આ દેહ;
અવસર રૂડો જાય છે, કર શામળાસુ સ્નેહ. ધરને.
માયા જુઠીના ફંદામાં રે, જીવ શાને લલચાય;
અંત સમે જાવું એકલા, ત્યારે નહિ કરે કો સાથ. ધરને.
પ્રહ્લાદ કારણ પ્રકટીયા રે, સ્તંભમાંથી અવિનાશ;
દુષ્ટ વિડારી શ્રી હરિ, હસ્તગ્રહી ભીડયો રુદે દાસ. ધરને.
કાચી કાયા કારમી રે, તેહનું શું ધરે ગુમાન;
મોહ મદમાં માતો ફરે, તજી ભક્તિ રૂપી ભાન. ધરને.
સગાં સહુ સંસારમાં રે, તેહમાં નથી કોય;
સ્મશાન સુધી પહોંચાડશે, કહેશે બાંધો એવું હોય. ધરને.
ધ્રુવ પ્રહ્લાદ ચેતી ગયા રે, જ્યારે સાધ્યો ભક્તિ યોગ;
એકાદશી કરવી પડે, અંગે પીડે, જીવને વ્યાપે રોગ. ધરને.
પંચ એ તત્વનું પુતળું રે, તેહનો કર તું વિચાર;
મન ઇંદ્રિ અહંકારને, સ્થિર કરી લે ગમાર. ધરને
આત્મામાં અનહદ રૂપને રે, ચિત્ત ચક્ષુએ તું ભાળ;
કૃષ્ણ ચિંતામણિ ગ્રહી, અઘ ફોજ સહુ ટાળ. ધરને.
હરિભટ એહવું ચેતજો રે, જતાં નહિ લાગે વાર;
કાચો કુંભ કુંભારનો, મોજ માણો દિન ચાર. ધરને.

CENTRAL LIBRARY

(૫)

શની રીસ આવડલી આવી રે, હેનું કારણ કેહેની બતાવી રે;
તું તો કેમ બેઠી છે રીસાવી રે, રાધે કહ્યું માનની તું મારે રે. ટેક.
રવિ પ્રકટ થશે ઘડી બેમાં રે, પછે દિવસ જશે કેમ વેહમાં રે;
તું તો એની વિચારી રુદેમાં. રાધે કહ્યું.
સો મને મનસૂબો આવે રે, તેનું કારણ કેમ ન બતાવે રે;
કે'તાં આવીને, શીશ નમાવે. રાધે કહ્યું.
ભોમ આસન શાને કરે છું રે, આવડું દુઃખ શેને ધરે છું રે;
નેત્ર નીર તે શેનું ભરે છું. રાધે કહ્યું.
બુધ કાહાં ગઈ છે તારી રે, બેઠી પીઉ સંગે રીસ ધારી રે;
એ તો બંનેને દુઃખકારી. રાધે કહ્યું.
ગુરુ થઇ સઉને શીખ દેતી રે, હાવે કેમ થઈ બેઠી હલેતી રે;
તેનું કારણ કેમ નથી કે'તી. રાધે કહ્યું.
શું કરશે મુજને બોલાવી રે, સખી મુગટે તે મનને ભાવી રે;
દીધું માનુનીનું મૂલ વધારી. રાધે કહ્યું.
સખી કહે તું સાંભળ હેલી રે, એ તો તારે પ્રતિબિંબ ઘે'લી રે;
ચાલ કે'તાં બતાવું સાહેલી. રાધે કહ્યું.
સાત વાર તે માનવી તારે રે, સુણતામાં થાએ પવિત્ર રે;
હરિભટના સ્વામીની લીલા વિચિત્ર. રાધે કહ્યું.

10. Mitho (Samvat 1895).

He was from Limbdi, he has composed some beautiful verses. He has also written on Krishnalilā.

(૧)

હરિકે ભજન વિના જાય છે જુવાની, જરા આવે છાની છાની. હરી.
કંકુ જેસી કાયા તેરી, પોથી જેસી પેઠી રે વાલા;
મુવા કેડે બાળી દેશે, ઉડી જાશે વાણી હરી.
માયા ધંધો મેલી કરી, થાને પુરા જ્ઞાની રે વાલા;
ધન જોબન તેરો જાણજે, અંજલીકો પાની. હરી.
હેતે પ્રીતે હરીને ભજી લે, પ્રેમ દયા આણ રે વાલા;
મળ્યો છે મીઠાના સ્વામી, નથી એ વાત છાની. હરી.

(૨)

જાણ જાણ તું જીવ અભાગી જાણ,
આ અવસર નહિ આવે ફરી ફરી;
વાસી વાસી લખ ચોરાશી ખાણ,
મોંઘો મનખો પામ્યો મરી મરી.
પશુ હતો ત્યારે મુખે ચરતો ચાર,
તડકા ટાઢ સહેતો તું ઘણી;
ખાતો ખાતો બહુ બહુ વિધના માર,
પીડા પામ્યો ભૂખ તૃષાતણી.
પંખી હતો ત્યારે જેમ તેમ ભરતો પેટ,
ઝાઝા માળા કરતો ઝાડમાં;
ઊંડા ઓળંગતો બહુ જળ ફેરા બેટ,
હવે તું લટકાં શિખ્યો લાડમાં.
વન વગડે તું ઊંઘતો કઈ ઝાડ,
ઊંધે મસ્તક રહેતો ઝુલતો;
કાયા ઉપર કે પડતા ઠહોવાડ,
ફટ અજ્ઞાની એ શું ભૂલતો.
મચ્છ કચ્છ ને કીડીતણા કુળમાંહિ,
નીતમ લીલા કરતો નારકી;

CENTRAL LIBRARY

મીઠો.

પામ્યો પામ્યો રાજ સિંહાસન આંહિ,
હેદળ ગેદળ પેદળ પાલખી.
ભાઈ તું તારા તે દિનનો સંભાર,
ગુણ ઓશિંગળ થાને ઘેલડા;
કહે મીઠો તું જીતીને શું હાર,
પ્રીતે હરિગુણ ગાને પેલડા.

(૩)

જાણી રે પ્રીતમ વા'લા, જાણી તારી જાતલડી. ટેક.
મનના મીઠા દિલના ફૂડા, હૈયે રાખો કાતલડી. જાણી રે.
આવી મલી કુબ્જા નારી, રંગે રમ્યા રાતલડી. જાણી રે.
આછી તો પટોલી લાવ્યા, ઝાણી સોડે ભાતલડી. જાણી રે.
મંદિરીયામાં દીવડો મેલી, જોતી તારી વાટલડી. જાણી રે.
મલ્યો તો મીઠાનો સ્વામી, ભાગી મારી ભાંતલડી. જાણી રે.

(૪)

શું કરશો જઈને વનમાં, હરિ વસે છે હરિના જનમાં. ટેક.
હરિ રામ સહિત છે, માન રહિત છે મનમાં. હરિ વસે.
તે જનને તમો હરિ કરી જાણો, તે જુઓ તમારા તનમાં. હરિ વસે.
તે સાચું બોલો ને સાચું રે ચાલો, રહો રહો ભવ ભજનમાં. હરિ વસે.
ભેખ ધરી ધરી શું ભટકો છો, નહિ નહિ દેહ દમનમાં. હરિ વસે.
તપ તીર્થ વ્રત દાન આચરો, દશ વાર નાહો એક દનમાં. હરિ વસે.
દાસ મીઠાનો સ્વામી પ્રેમતણે વશ, તે નહિ નહિ જોગ જગનમાં. હરિ વસે.

(૫)

જાય છે જુવાની રે, હરિનું ભજન રે કરો;
આજની આજ જરા, આવે છે છાની છાની રે; હરિનું.
કુંકુમ જેવી કાયા તારી, પોથી જેસી પાણી રે;
મુઆ પછી બાલી દેશે ઉડી જશે વાંની રે હરિનું.
વેદનાં વચન એમ કે' છે, નથી વાત નહાની રે;
મીઠાં એવું સમજી લેજે, લેજે માની માની રે. હરિનું.

11. Purushottam.

He was a resident of Broach District and a pupil of Nirānt. He has written rather voluminously—about a thousand *chappās* called *Nāri-bodh* and lots of miscellaneous verses.

I. ઉપદેશના છપ્પા.

સરસ્વતીને કરૂં પ્રણામ, નામ ગણપતીનું લીજે;
લીજે શ્રીહરિ નામ, ગુરુ આરાધન કીજે;
સમરી શ્રી ગુરુદેવ, સેવ ગુરુજીની કીજે;
કરો ગુરુની સેવ, પછીથી ભોજન લીજે;
જસદેવ્યા જસદેયણા, સમરો સારદા સરસ્વતી;
પરસોત્તમ કવિજન કહે, તે દો માતા મુજને મતી.

અંબે આરાસુરી માત, અન્ન અન્નપૂર્ણા દેવી;
વિશ્વ વિષે વિખ્યાત, આદ્ય શક્તિ છે એવી;
બહુચર ખાળી વેશ, લેશ અવગુણ નહી જે;
એમાં પાર ન પામે શેષ, સત્યપણું છે સહી જે;
કવિ પરસોત્તમ સાચું કહે, માયા ને મમતા તજે;
અંબે આરાસુરી માત, અન્નપૂર્ણા દેવીને ભજે.

જે કરે પ્રીત પરનાર, માર ઝાઝો તે ખાયે;
મુરખ ના કરે વિચાર, મુવા પછી નરકે જાયે;
નારીમાં રહે મન, રાત દીવસ ના ઊંઘે;
આપે દોલત ધન, તેની તે પાછળ લુંઘે;
એ મુવા પેહેલે નર્કે પડયો, જેણે પ્રીત કરી પરનારની;
પરસોત્તમ કવિજન કહે, માટે મુરખ મન વિચારની.

પુરુષ પેહેલી જે ખાય, તેને ફુવડજ કહીજે;
રઝલવા કારણ જાય, તેહને મારજ દીજે;
કરે અઘટતું કામ, શિખામણ જે ના માને;
ઠરી ના બેસે ઠામ, ખાય નિત છાંને છાંને;
જે નારી આહવું કરે, તે ડાકણ કહેવાય છે;
પરસોત્તમ સાચું કેહે, તે અંતે મારજ ખાય છે.

CENTRAL LIBRARY

પુરુષોત્તમ.

નવ નહાય જે નાર, ગંદુ ઘરમાં જે રાખે;
વળી રાખે જે ખાર, મુખથી કુવચન ભાખે;
ઘણી માથામાં લિખ, ચાંચડ માંકડને ભારે;
કદી ના માને શિખ, પાપ મનમાં ના વિચારે;
તે સ્ત્રી કહિએ પાપણી, જે ઠામ બેસી નવ ઠરે;
પરસોત્તમ સાચું કહે, જે નાર સાચાં જૂઠાં કરે.

જે કરે સાચને જૂઠ, જૂઠ બોલી જે નારી;
મરાવે ધણીને મૂઠ, ચાલે ધણીથી આડી:
કરાવે વશ ભરથાર, જોગી જતીની પાસે;
જઈ બેસે તે નાર, જોગી જતી આવાસે:
પછી ચલણ કરે પોતાતણું, કંઈ વિચાર મનમાં નવ ધરે;
પરસોત્તમ સાચું કહે, જે નિજ ધણીને વશ કરે.

કર મૂરખ સતસંગ, જડ તારી મુકી દે;
લાગે તુજને રંગ, ગુરુ અભે પદ દીજે;
કર સંતનો સંગ, ઢંક મૂકી દે તારા;
માયાને તું મોહી, ભોગવે છે સુતદારા;
તે પરપંચને દૂર કર, અભિમાન અળગું કરી;
ગુરુપ્રતાપે પરસોત્તમ કહે, ભેદ પ્રપંચને પરહરી.

ભજ મૂરખ ભગવાન, માન કહ્યું તું મારૂં;
મેલ મૂરખ અભિમાન, મૂકી દે તારૂં મારૂં;
માટે ભજને રામ, કામ ને ક્રોધ તજીને;
લઇ હરિનું નામ, જ્ઞાન શણગાર સજીને;
માટે રટણ કર રામનું, પરપંચ સરવે પરહરી;
ગુરુ પ્રતાપે પરસોત્તમ કહે, મોહ માયાને દૂર કરી.

ઈખરવાં ઠોરાંનું ગામ, ધરમ પાળે હિંદૂનો;
વિશ્વનાથ બ્રાહ્મણનું નામ, કરે રઘવાચો સૂનો;
વટલાયો દશ ફેર, નાર લેઇને નાઠો;
પછી આવ્યા ઇખેર, લોકને લાગ્યો મીઠો;
નાત બહાર મેલ્યો એહને, એણે વેર કીધું રજપૂત શું;
પરસોત્તમ કવિ જનતણો, લઈ ગયો છે એક વસુ.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

II. Miscellaneous verses.

(૧)

સાંભળ મુરખ મારી વાત, સત્ય વચન કહું સાક્ષાત,
ગુણ ગાય જો તું હરિ તણા, તો તારામાં ન રહે મણા;
માટે સાંભળ મારી વાત, સત્ય વચન કહું સાક્ષાત.
બીજી સાંભળ મારી વાત, કોણ છે તારી જાત ને ભાત,
બ્રાહ્મણ થઇને ભણતો નથી, મુરખ ગઈ તારી કાં ગતિ;
માટે મેં કહી તુજને વાત, કોણ છે તારી જાત ને ભાત.
ત્રીજી વાત સાંભળ રે નર, વગર ભણેલો જગમાં ખર,
માણસને તો એક વચન, ગદ્ધાનું કઠણજ મન;
માટે સાંભળજો તું નર, વગર ભણેલો જગમાં ખર.
ચોથી વાતનો સુણજો મર્મ, મૂકી દેજો હીણું કર્મ,
માતા પિતા ને ગુરુની સેવ, કર સેવા માનીને દેવ;
માટે વાતનો સુણજો મર્મ, મૂકી દેજો હીણું કર્મ.
કવિએ કરજોડી કહ્યું, મારૂં કહેલું મનમાં લહ્યું,
મેસરાડમાં મારો છે વાસ, પ્રભુ તણો પરસોતમદાસ;
માટે સુણી જે રીસજ કરે, તે નર તો નરકે સંચરે.

(૨)

આત્મારામની આરતી, કરૂં જ્ઞાનનો દીપ રે;
પ્રકાશ થયો રે ત્રણ લોકમાં, નવખંડ સપ્ત દ્વીપ રે. આત્મા.
નાભીકમળનું કોડીઉં રે, પુર્યું પ્રેમનું ઘૃત રે;
પંચપ્રાણની બત્તી કરૂં, કપુર કલ્પના સમસ્ત રે. આત્મા.
જળહળ જ્યોત ઝળકી રહી, ગયું અજ્ઞાન અંધાર રે;
સ્થૂળ સૂક્ષ્મ કારણ સમાઇ ગયાં, મહાકારણ કિરતાર રે. આત્મા.
આરતિ કરીને લઉં ઓવારણાં, નિરખું નયનમાં નયન રે;
સચરાચર દ્રષ્ટે પડયો, નહીં બોલવાને વેણ રે. આત્મા.
નિરંતર અંતર નહીં, નિરંતર નિરાકાર રે;
પુરુષોત્તમ પુરી રહ્યા, આત્મારામ આધાર રે. આત્મા.

12. Ratandas.

He is a minor poet but his poem on *Chelaiyā* is well-known.

ચેલૈયાનું ચરિત્ર.

કવિ—શેઠ સગાળશા સાધુને સેવે, વાણીઆ પાળે વ્રત,
નાવ્યા સાધુ ને રહ્યા અપવાસી, ત્યાં બાવોજી આવ્યા તરત;
કૃષ્ણજી ઠોડીઆ થઇને રે, રૂપ અતીતનું થઈને રે.
ચંગાવતીએ ચર્ણામૃત લીધાં, નવરાવીને નાથ,
પલંગ ઉપર પધરાવીને, આગળ જોડયા બે હાથ;
ખાંતે ભોજન ખીરનાં કીધાં રે, પીરસીને આગળ દીધાં રે.
સાધુ—ખીર ને રોટલી જમતા નથી ને, નથી અન્નનો અહાર,
તમે મહાજન અમો માંસના અહારી, એમ બોલ્યા કીરતાર;
વચન ન બોલ્યા બાધું રે, સમજીને લ્યોને સાધુ રે.
કવિ—કસાઈવાડે તો મહાજન ચાલ્યા, સંતાડી લાવ્યા માંસ,
ચંગાવતીએ તો રસોઈ કીધી, જમાડવાને મહારાજ;
વાસર ઢોળે નર ને નારી રે, જમોને દેવ મોરારિ રે.
સાધુ—માટી તો માણસની જોઇએ, અન્ય માટીનો ન પ્યાર,
અઘોર પંથ અમે કહેવાઇએ, ખેલું ખાંડાની ધાર;
કવિ— વાણીઆ વ્રતજ પ્રળશે રે, અવિનાશી આવી મળશે રે.
સગાળ—માગ્યું વેચાથી માણસ ન મળે, મન કરોને વિચાર,
ચંગાવતી તો એમ કહે છે, ચેલૈયાને સંહાર;
વાતું તો થાશે વશેકે રે, કરીએ શ્રીલાલને લેખે રે.
મહેતાજી—ભણતર મુકીને ભાગ ચેલૈયા, માન મારી પરતીત,
મા બાપ તારાં મારશે તુંને, આંગણે આવ્યો અતીત;
ધુતારો ધુતી જોશે રે, પ્રરી પસ્તાવો થાશે રે.
ચેલૈયા—એ શું બોલ્યા સ્વામી હમારા, માવતર મુકયાં કેમ જાય,
નવ મહીના જેણે ઉદરે રાખ્યો, ગુણ ઓશીંગણ થાય;
ભક્તિ મારા શીશને સાટે રે, શું થાશે મૃત્યુક માટે રે.
હું રે ભાગું તો ભોમીજ ભાગે, ભોરીંગ ન ઝીલે ભાર,
મેરુ પર્વત તો ડોલવા લાગે, આકાશનો આધાર;
મેરામણ માજા મૂકે રે, ચેલૈયા સત્ય ન ચૂકે રે.

CENTRAL LIBRARY

કવિ—શીખ માગીને ચાલ્યો ચેલૈયો, આવ્યો પોતાને દ્વાર,
માતાજી મુખનાં વારણા લીએ, નીસાસે ભરાય નાર;
આવતો ઉરમાં લીધો રે, પોઢાણ પલંગે દીધો રે.
ચેલૈયા—કરવું હોય તો કરી લ્યો માતાજી, શીદ નાંખો નિશ્વાસ,
સફળ મનખો ચેલૈયાનો, સાધુ ભક્ષે જેનું માંસ;
આજનો ધનધન દાહાડો રે, જુગતે દીનાનાથ જમાડો રે.
કવિ—માત પિતાએ મળી કરીને, છેદું ચેલૈયાનું શીશ,
અણઘટતું તો એણેજ કીધું, જમાડવા જુગદીશ;
મચાવ્યો ખેલ અકારો રે, પ્રભુ મારાં પારણાં કરો રે.
સાધુ—નાથ કહે મારી નજરે કરો રે, સાચું તમારૂં સત્ય,
મસ્તક ઉપર માયા લગાડી, એમ અવિનાશી કહે તરત;
તપસી સત્યને તાવે રે, રૂદીયામાં સંદેહ નાવે રે.
ખાંડણું ખાંડો ગાઓ મુખેથી, પેહેરો અવનવાં ચીર,
આંખડીયે તમે આંસુ ન આણો, મનથી મુકો નવ ધીર;
સત્યવાદી સાચાં સતી રે, એમ કહે જૂનો જતિ રે.
કવિ—ખાંડણીઆમાં પછે મસ્તક ખાંડયું, મળી પિતા ને માય,
આંખડીએ જેણે આંસુ ન આણ્યાં, હરખે હાલરડાં ગાય;
ભોજનીયાં ભાવતાં કીધાં રે, પીરસીને આગળ દીધાં રે,
સાધુ—સતવાદી તમે સતિયા સાચા, અટક અમારે એહ,
વાંઝીયાનું ભોજન જમતા નથી, એમ અવિનાશી કેહ;
મળી તમે નર ને નારી રે, વાત જૂઓ ને વિચારી રે.
કવિ—સગાળશાને મનમાં ચોરી, બીજું ન મળે બાળ,
ભગવાન અહીંથી ભુખ્યા જાય તો, નિશ્ચે ખુટયો કાળ;
બંદગી તો સંતની કરીએ રે, નીકર વણ માર્યાં મરિયે રે
સગાળ—શેઠ સગાળશા કહે છે અમારે, પૂર્વે જનમનું પાપ,
ગો, સ્ત્રીયા મારેલ, ગુરુ સંતાપેલ, મારેલ મા ને બાપ;
ડુંગરડે દવ લગાડયો રે, તેં તો મારો ખેલ બગાડયો રે.
ચંગાવતી—ચંગાવતી કહે છે અમારે, પાંચ મહિનાનું ઓધાન,
ભલે પધાર્યાં સ્વામી અમારા, આજ અમારે ભોવન;
ધણી હરિ તુજને મેં ધાર્યો રે, તમે મારો ખેલ બગાડયો રે.
કવિ—ચંગાવતીએ તો છરી લઇને, પાળી મારી પેટ,
અચાનક આવી હાથ ધરિયા, જોઈ પ્રભુએ ઝાઝી ટેક;

CENTRAL LIBRARY

સાધુ— ભલી સતી ભક્તિ તમારી રે, માગ કહે મુક્તિ મુરારિ રે.
કવિ—ચેલૈયાને સજીવન કીધો, બેઠો રમે છે બહાર,
સદાય રાખો ચર્ણે તમારે, છોજી દીનદયાળ;
ભૂધર દેજો ભક્તિ તમારી રે, માગું હું તો મુક્તિ મારી રે.
ભણતો ગણતો આવ્યો ચેલૈયો, લાગ્યો નાથને પાય,
માતાયે મોતીડે વધાવ્યો, હઇડે હરખ ન માય;
દાતારે તો દરશન દીધાં રે, લાહાવા લાખેણા લીધા રે.
સગાળ શેઠ ને ચંગાવતીએ, લીધું હરિ ભજવાનું નીમ,
ગુરુપ્રતાપે ભણે રતનદાસ, કહોને છોડું કીમ;
મોહનને મળવા માટે રે, જાવું વૈકુંઠના વાટે રે.

CENTRAL LIBRARY

13. Rughanathdas.

His *garbis* are favourites even today among the women of Gujarāt.

I. Miscellaneous verses.

(૧)

મથુરાનો મારગ મ્હેલ રે, મોહન અલબેલા;
તારે મારગ ચાલ્યો જાય રે, છેલા છોગાળા.
મારા મહીનાં ફૂટશે માટ રે, મોહન અલબેલા;
મારી સાસુડી જોશે વાટ રે, છેલા છોગાળા.
મારી માયાની લટ છૂટશે, મોહન અલબેલા;
મારો નવશેરો હાર તૂટશે, છેલા છોગાળા.
કપટ છે કંસનું રાજ રે, મોહન અલબેલા;
સામળિયા જાશે લાજ રે, છેલા છોગાળા.
પાતળિયા પ્રાણજીવન પ્રાણ રે, મોહન અલબેલા;
રુઘનાથના સ્વામી શ્યામ રે, છેલા છોગાળા.

(૨)

અલબેલી અબલા નાર રે, દાણ હું તો નહીં મેલું;
જા કંસને કર પોકાર રે, પાલવ નહીં છોડું.
તારો કંસ શું કરશે આજ રે, દાણ હું તો નહીં મેલું;
ફોડું માટ ને તોડું હાર રે, પાલવ નહીં છોડું.
મહી માંખણ ખાશે સાથ રે, દાણ હું તો નહીં મેલું;
વહારે લાવજે તેડી તુજ નાથ રે, પાલવ નહીં છોડું.
શૂરી પૂરી એ સુંદર નાર રે, દાણ હું તો નહીં મેલું;
વઢવાડ કરવા પર પ્યાર રે, પાલવ નહીં છોડું.
ગોપી જાઓ દેઇને દાણ રે, દાણ હું તો નહીં મેલું;
રુઘનાથના સ્વામિ શ્યામ રે, પાલવ નહીં છોડું.

(૩)

તમે રે નંદજી ગોકુળ સાંચરો રે,
ઉતરવા જમનાજીના ઘાટ એ;

CENTRAL LIBRARY

અમારી માને નહિ કોય ગોઠતું રે,
જસોદા જોતાં કોશે વાટ જો. તમો.
ન કરે માતપિતા તે તમે કર્યા રે,
અમને બહુ લડાવ્યાં લાડ જો;
નાહાનેથી મોટાં અમને કર્યા રે,
તમારા શા શા માનું પાડ જો. તમે.
માહારી પંચરંગી જે લાકડી રે,
વાગતી વાંસલડી રસાળ જો;
સંભાળીને તે તમે મૂકજો રે,
રખે લઈ જતા તે ગોવાળ જો. તમે.
માહારી સેહેલી ગોરી ગાવડી રે,
તે તમે હાથ ફેરવીને દોહજો જો;
સ્વામી રુઘનાથનો કહે છે નંદને રે,
અમપર કિરપા દૃષ્ટે જોજો જો. તમે.

(૪)

નયણે નીર ને નંદજી બોલિયા રે,
મુજથી એકલડાં ન જવાય જો;
વાટડી જોતાં ને રોતાં હશે રે,
કાહાનજી તમારી તે માય જો. નયણે.
હું તો વારીશ મારા મનને રે,
તમારી માનાં મન કયમ રેશે જો;
માટે ગોવિંદ ગોકુળ આવજો રે,
પરલોક મેહેણુલિયાં દેશે જો. નયણે.
હવે કોણ વૃંદાવન ગૌ ચારશે રે,
કહો કોણ જાણશે માહારી પેર જો;
હસતાં વાહાણુલિયે કોણ ઉઠશે રે,
સાંજ રે કોણ આવશે ઘેર જો. નયણે.
કુંવર વણ કોને લાડ લડાવશું રે,
કોને વળગાડીશું દામી જો;
કોને જમાડીને જમશું અમે રે,
કોહોને રુઘનાથના સ્વામી જો. નયણે.

CENTRAL LIBRARY

(૫)

મેલો પાલવ પાલો થા રે, નંદના ગોવાળા;
તારે મારગ ચાલ્યો જા રે, મુખ મોરલીવાલા.
તું તો નાશીને ગોકુળ આવ્યો રે, નંદના ગોવાળા;
તું તો જશોદાનો બાળક કહાવ્યો રે, મુખ મોરલીવાળા.
તું તો નવલાખ ચારે ગાય રે, નંદના ગોવાળા;
તું તો ચોરીને માખણ ખાય રે, મુખ મોરલીવાળા.
પ્રેમ જીવન પ્રાણના પ્રાણ રે, નંદના ગોવાળા;
રુઘનાથના સ્વામી શ્યામ રે, મુખ મોરલીવાળા.

(૬)

તમે અજાણ્યા હમે જાણીયે રે, મારો પાલવડો નવ તાણીએ રે;
તમે સમજી લો મનમાંહી રે, શામળીઆ વ્હાલા રે'ની વેગળા રે. ટેક.

નારી શું સમજાવે, તું મુજને રે, હું તો નહીં જવા દઉં તુજને રે;
તારી મરડીને રાખીશ બાંહી રે, મહીયારી રાધા દોની દાણ શું રે. ટેક.

અલ્યા બાંહી શું મોડે સામળા રે, તારા કરના ઉતારીશ આમળા રે;
કપરે છે કંસનું રાજ રે, શામળીયા.
નારી કંસ થકી શું થાય છે રે, એવા કંઈ રે આવ્યા કંઈ જાય છે રે;
તારા ઉરનો ઉતારીશ હાર રે, મહીયારી.
અલ્યા હાર હૈડાનો ટૂટશે રે, મારા માથાની લટ છૂટશે રે;
મારી સાસુડી દેશે ગાળ રે, શામળીયા.
નારી આળ ને ગાળ કોને ચડે રે, જેનું લેણું હોય તે તો લડે રે;
તારા ઘરમાં નથી કંઈ કામ રે, મહીયારી.
અલ્યા કામ શું કહીએ વીઠલા રે, મેં તો તુજ સરખા બહુ દીઠલા રે;
મેલો મેલોની મારો હાથ રે, શામળીયા.
નારી હાથ ન મેલું તાહરો રે, આ બ્રીજમાં અમલ છે માહરો રે;
હવે દાણ મેલ્યાં કેમ જાય રે, મહીયારી.
અલ્યા દાણી ક્યારે તું કાવીઓ રે, મુકી મથુરા ને ગોકુળ આવીઓ રે;
ચારે નંદ ગોવાળાની ગાયો રે, શામળીઆ.
નારી ગાય ચારે શું થાય છે રે, આપણ બેહુના કારજ થાય છે રે.
એમ મેણલીઆં નવ હોય રે, મહીયારી.

તમે મનમાં ન આણો મેણા રે, એ તો માણસને લાગે ઘણાં રે;
તમે લંપટને નહીં લાજ રે, શામળીઆ.
એવી લાજ ધરે છે સૂનરી રે, ત્યારે મહી વેચવા શીદ નીસરી રે;
શીદ આવી હમારી વાટે રે, મહીયારી.
હમે અહિયાં તો દાહાડી આવતાં રે, હમે જતાં તે દાણ ચુકવતાં રે;
આજે રોકી રુઘનાથના સ્વામ રે, શામળીઆ.

II ઓધવજીનો સંદેશો.

(૧)

ઓધવજી આવ્યા રે વેગે વ્રજમાં,
મથૂરાથી મોકલીયા છે એમ જો;
વાલાને વાલાં રે વ્રજ આહિરડાં,
ગોપિ જનનો જેવા કારણ પ્રેમ જો. ઓ.
ગોકુળની શોભા રે સુંદર શી કહું,
નેહે આવ્યા નંદજીને ભોવન જો;
પુરુષોત્તમ જાણીને મળિયાં પ્રેમશું,
પ્રીત કરીને કરાવીયાં ભોજન જો. ઓ.
કુશળતા પૂછી રે વાસુદેવની,
કુંવરનાં સંભારી સઘળાં કામ જો;
જશોદા રૂવે ને સુખડાં સાંભરે,
સૌ કો કહે કેમ નાવ્યા સુંદર શ્યામ જો. ઓ.
વાંસળીયો ને વલોણાં વાગે ઘણાં,
ઘેર ઘેર ગાય ગોકુળીયામાં ગીત જો;
આ મંગળ કીધા રે દશ દિશાતણાં,
ત્રણ લોકમાં કરે છે પુણ્ય નિત્ય જો. એ
આંગણીયે આવી રે સરવે ગોપીઓ,
રથ કાંઈ છૂટયો દીઠો નંદને દ્વાર જો;
અધર્મી અક્રૂર ફરી આવ્યો હશે,
એજ ઘોડા ને એજ દીસે અસ્વાર જો. ઓ.

CENTRAL LIBRARY

ઓધવજીનો સંદેશો.

આપણા સ્વામીને એ તેડી ગયો,
ત્યાં જઈ એણે મરાવ્યો છે કંસ જો;
પ્રાણ લેઇને પાછો કેમ આવ્યો હશે,
માસીસો કરવાને લેશે માસ જો. ઓ.
જમનાજીમાં નાહિને એટલે આવિયા,
જુવતિયે તો જાણ્યા શ્રીભગવાન જો;
રુઘનાથના સ્વામીના સેવક ઓળખ્યા,
અરસ પરસ ત્યાં દીધાં ઝાઝાં માન જો. ઓ.

(૨)

ઓધવજી અમ સાથે રસીયો રૂશણે,
રીસાયા કેમ કહોને દીલની વાત જો;
આંટી ને ઘૂંટી તો નવ અમે જાણીએ,
મોહનજીના મનમાં મોટી ઘાત જો. ઓ.
લક્ષણ સૌ જાણ્યાં રે લોભી લાલનાં,
ગુણવંત છે પણ ગાયોનો ગોવાળ જો;
આહિરડો શું સમજે રસની રીતમાં,
કાનુડો કાંઈ કુડાં ચઢાવે આળ જો. ઓ.
જીવન સંગે રમવા જોબન જાળ્યાં,
બાળપણામાં ખાંતે કરતાં ખેલ જો;
મનડાંની વાતો રે સૌ મનમાં રહી,
મેલી ગયા કાંઈ દુઃખડાં કેરી હેલ જો. ઓ.
વચને અમને વાલ્યાં રે એ વિઠ્ઠલે,
જાતાં જાતાં જૂઠો દીધો કોલ જો;
છોકરડા સરખે રે અમને છેતર્યાં,
તજી ગયો એ તસ્કરનો શો તોલ જો. ઓ.
મહિયરિયે જાઉં તો મુજને ખીજવે,
સાસરિયામાં સાસુનો સંતાપ જો;
નહાની તે નણદલ રે બાળે બોલડે,
પૂરણ લાગ્યાં પાડોશણનાં પાપ જો. ઓ.
દુઃખડાંની વેળાયે રે સુખડાં સાંભરે,
અંત સમે તો કોય ન આવે કામ જો;

CENTRAL LIBRARY

રુઘનાથદાસ.

સગપણ તો સોનું રે પીતળ પ્રીતડી,
વાલપણામાં વેર કરી ગયા શ્યામ જો. ઓ.
દયા નવ આવી રે દિલથી ઉતર્યા,
દાસીનો તો દોષ ન જાણ્યો કાંય જો;
પરમેશ્વર જાણીને પ્રીતે પૂજતાં,
હરિજીને અમે હાથે કરતાં છાંય જો. ઓ.
ભણકારા વાગે છે ભોજન પીરસતાં,
જમણ કરીને જોઇયે હરિની વાટ જો;
સાસુજી પૂછે રે વહુ તમે સાંભળો,
રસોઈ કરતાં આવડો શો ઉચાટ જો. ઓ.
અવગુણ ને ગુણ શા રે અબળા રાંકના,
વાંક ઘણો પણ વનિતા સંગ શું વેર જો;
રુઘનાથના સ્વામીને કહેજો એટલું,
ઘણી થઈ હવે પ્રભુ પધારો ઘેર જો. ઓ.

(૩)

ઓધવજી માધવ રે મેલી કેમ ગયા,
કહોને વીરા શો છે અમારો વાંક જો;
નમેરા થયા રે નંદના લાલજી,
રણ વગડામાં રોતાં મૂકયાં રાંક જો. ઓ
ધીરજની વાતો રે ઘરથી સાંભળો,
પહેલી પ્રીતે હર્યાં અમારા પ્રાણ જો;
કાળજડાં છેદ્યાં રે ભીતર ભેદિયાં,
મરમ કરીને માર્યા મોહનાં બાણ જો. ઓ.
ખાધાં ને પીધાં રે ખરચ્યાં વાપર્યાં,
એને અમારે આણવેચી મીરાત જો;
લજ્જા તો લોપી રે દુરિજન લોકની,
મોહન માટે તજ્યાં કુટુંબ ને જાત જો. ઓ.
વલોણું વલોવતી હું તો ત્યાં જઈ,
કહેતી હું તો જાગો જશોદા માત જો;
મહિડાંને મશે મળતી મહારાજને,
તેને મશે કરતી વળી હું તો વાત જો. ઓ.

CENTRAL LIBRARY

પરભાતે પાણી રે જમુના હું જતી,
શેરડિયોમાં સામા મળતા શ્યામ જે;
અલબેલો કરતો અમશું અતીઘણા,
જૂઠા ઝગડા જેતું બાધું ગામ જે. ઓ.
ઉઘાડો રમતો રે મારે આંગણે,
છોકરડામાં માગી પીતો છાશ જે;
માખણને મશે રે મચકે નાચતો;
અલબેલાની મોટી અમને આશ જે. ઓ.
મેળાવો કરતો રે ઝાઝાં માંકડાં,
સૂના ઘરમાં જઇને કરતો સાન જે;
બાળકડાં બીજા એ અવસર આવતાં,
દહીં ગોરસડાં પાતો સઉને કાન જે. ઓ.
મોભારે ચડતો રે માખણ ચોરવા,
રાડ લેઇને કરતો રસની રેલ જે;
લાખેણી લીલા રે એવી લાલની,
ખાંત કરીને કરતો નવલા ખેલ જે. ઓ.
વીસરી વાતો રે કીજે કેટલી,
સાંભરતામાં થાય ઘણો સંતાપ જે;
રુઘનાથના સ્વામીને સરવે સાંભરે,
તમે તમારૂં જુવો વિચારી આપ જે. ઓ.

(૪)

ઓધવજી સંદેશો કહેજો શ્યામને,
મારા સમ જે મૂકી મનનો મેલ જે;
કાનુડો કપટી રે આવડો કેમ થયો,
છળ કરીને છેતરિયે નહિ છેલ જે. ઓ.
આટલા દિવસ રે આવું નવ જાણતી,
ઘરથી ન જાણ્યા ધૂતારાના ઢંગ જે;
પાણીડા પીને રે ઘર શું પૂછિયે,
બાળપણામાં કીધો એશું સંગ જે. ઓ.
અણતેડ્યાં જાતાં રે નંદને આંગણે,
વણ કરાવ્યાં કરતાં ઘરનાં કામ જે;

એવે રે મિશે જઇ મળતાં માવને,
પલકે પલકે કરતી હું પરણામ જો. ઓ.
દીવડીયા મિશે રે દૂરથકી આવતી,
વડો કરીને વળતી વારંવાર જો;
મોહનનાં મુખનાં રે લેતી મીઠડાં,
જશોદા મુજને કહેતાં નિલેજ નાર જો. ઓ.
માડીથી છાના રે મેવા લાવતાં,
વાટકડીમાં દોતાં ગોરી ગાય જો;
દુધ ને દહિયે રે હરિને સિંચતાં,
મેં જાણ્યું જે જીવન મોટા થાય જો. ઓ.
વેરીડાં કીધાં રે વ્રજનાં લોકને,
વાલા કીધા ગોપી ગિરિધર લાલ જો;
ફુલડિયે પાંખડિયે હું નહિ ડૂબતી,
કેમ વીસાર્યું વિઠ્ઠલજીયે વ્હાલ જો. ઓ.
જમાડી જમતાં રે, જીવન પ્રાણને,
પવન કરીને પોઢાડતી પર્યંક જો;
એવાં રે સુખડાં તો સુપને વહી ગયાં,
વેરી વિધાતાયે અવળા લખિયા અંક જો. ઓ.
આભૂષણ ધરતાં રે હરિને અતિ ઘણાં,
મોર મુગટ ને કુંડળ ઝળકે કાન જો;
રાજની રીતિએ મોહન માલતાં,
નિત્ય નિત્ય નિરખી જોતી નવલે વાન જો. ઓ.
વાસીદું વાળતાં ધરતી માતનું,
રખે રજ ઉડે રસિયાને અંગ જો;
આંખડલી આગળથી હરિ નવ મૂકતી,
શા માટે હરિ તજયો અમારો સંગ જો. ઓ.
દુઃખડાંની વાતો રે કયાં જઈ દાખવું,
કહીયે છીયે પણ કહ્યું ન માને કોય જો;
કુવાની છાંયડી તે કુવામાં સમે,
તસ્કરની મા કોઠીમાં પેશી રોય જો. ઓ.
અમારા અવગુણ રે, હરિના ગુણ ઘણા,
જોઈ નવ કરીયે વડા સંઘાતે વેર જો;

CENTRAL LIBRARY

રઘનાથના સ્વામીને કહેજો એટલું,
મળવા આવો મનમાં રાખી મહેર જો. ઓ.

(૫)

ઓધવજી અબળા તે સાંધન શું કરે,
વાલા વિના તો વ્રેહની પ્રગટી આગ જો;
સંદેશો લાવ્યા રે ભુંડા જોગનો,
નથી ખમાતો દાઝયા ઉપર ડાગ જો. ઓ.
જોગીડાં થઇયે તો જગમાં લાજીયે,
ભોગીડાં કયમ ધરીયે ભગવો ભેખ જો;
વિશ્વાસે વસું છું વાલમ આવશે,
અંગ માંહીથી ઉપની રંગની રેખ જો. ઓ.
જંગમની જુગતી તો સર્વે જાણીયે,
સમીપ રહે પણ શરીરનો નહિ સંગ જો;
એકાંતે વસવું રે એક જ આસને,
ભેદ પડે તો પડે ભજનમાં ભંગ જો. ઓ.
ફકીરી સાધ્યાનું તો ફળ પામીયે,
દમન તજીને દિલ કરીયે દરવેશ જો;
દેવને દેખે રે દિલ દેદારમાં,
પોકારીયે શું પ્રભુ નથી પરદેશ જો. ઓ.
સંન્યાસી થઇએ તો સખદુઃખ સાંભરે,
વસ્ત્ર તજીને વનમાં કરીયે વાસ જો;
પૂરણ પ્રીત વિના તો પ્રભુજી નહિ મળે,
દેહ દમનમાં દુઃખડાં બારે માસ જો. ઓ.
જૈની તો જાણે રે જયાં ત્યાં જીવને,
જતિ ખરા જે જાણે જીવની જાત જો;
અલબેલો મેલીને નહિ થાઉં આરજા,
ભુલું નહીં કાંઈ દેખીને વળી ભાત જો. ઓ.
બ્રાહ્મણ તે જાણે રે સાચા બ્રહ્મને,
વિપ્ર વિવેકી વેદ તણો લે સાર જો;
ઋષિપની રીઝી રે હરિના રંગમાં,
પ્રેમ કરીને પૂજયા નંદકુમાર જો. ઓ.

CENTRAL LIBRARY

રુઘનાથદાસ.

ખટદર્શનવાળાને તો દુઃખડાં ખરાં,
બાંધ્યું મારૂં મોહન સાથે મન જો;
જ્ઞાન ગૂઢારથ તો મનમાં ગમતું નથી,
સુંદર વરને સોંપ્યાં તન મન ધન જો. ઓ.
આ સારૂં જાણો તો શે નથી રાખતા,
જપ તપ સાધન જગત માંહીનું કામ જો;
વહેરાતથા વિના તો વસ્તુ નહીં મળે,
મધુકર એનો તો ન્યારો છે ઠામ જો. ઓ.
હરિ પાસે હતું તે અમને આપીયું,
અમ પાસેથી ભરી પ્રેમની પોઠ જો;
રુઘનાથના સ્વામીને કહેજો એટલું,
હેત હતું તે આવ્યું હૈયા હોઠ જો. ઓ.

14. Krishnaram.

He is famous for his description of the Kaliyuga કળિકાળનું વર્ણન in which he mercilessly criticises all the manners and customs of his day. He has also written શિક્ષા વચન.

I. શિક્ષા વચન.

માને તો શાસ્ત્રની શિક્ષાને માનજે,
લોક લવને રખે મન માને;
સાંભળે તો ગીતા ભાગવત સાંભળે,
કુટિલોની કથની નવ ધરીશ કાને; માને.
રાચે તો શ્રી રમાનાથના રંગથી,
રાગ રોષે રખે રંગ રાચે;
નાચે તો સદ્‌ગુરૂ નચવે તેમ નાચજે,
નારી નેડે રખે નચવ્યો નાચે; માને.
ગાય તો ગાજે ગુણ ગિરિવરધારીના,
ગ્રામ્યનાં ગીત રખે ગર્થી ગાતો;
જાય તો જાજે નિત્ય સંતના સંગમાં,
જડધીયોની રખે જકમાં જાતો; માને.
જાગે તો રાત્રિ એકાદશી જાગજે,
ભાંડ જેવા રખે રાત્રિ જાગે;
માગે તો ભક્તિ ભગવંતની માગજે,
મળનાં ભર્યાં રખે મનુષ્ય માગે; માને.
જો જમે તો જમ નાથ નૈવેદ્યને,
સૂતકીનું રખે અન્ન જમતો;
જો દમે તો દમે ઇંદ્રિયો ધર્મથી,
દામલોભે રખે દીન દમતો; માને.
ભોગ મૂકે તો વૈરાગથી મૂકજે,
મુરદા માટે રખે શોક પાળે;
જો કરે વ્રત તો કરજે એકાદશી,
વેરે લાંઘી રખે પેટ બાળે; માને.
નાય તો નાજે ભાગીરથી નર્મદા,
નારી નરકે રખે નિત્ય નાતો;

ખાય તો ખાજે ખવરાવી સત્પાત્રને,
પિંડ પોષી રખે પુષ્ટ થાતો; માને.
પૂજે તો પ્રેમીજન વિપ્રને પૂજજે,
પાખંડીને રખે પ્રીતે પૂજે;
ધ્રૂજે તો તો પારકા ઋણથકી ધ્રૂજજે,
લોકને અપજશે શાને ધ્રૂજે; માને.
મારે તો શાંતિથી ક્રોધને મારજે,
ક્રોધથી તું રખે કોઇને મારે;
હારે તો હરિ માટે સરવશ હારજે,
ધુત ખેલી રખે વસ્તુ હારે; માને.
સેવે તો મા–ઉમાનાથને સેવજે,
તું રખે શિવ હરિ ભિન્ન જાણે;
અવગુણ સમજે તો આપના સમજજે,
અન્યનો દોષ રખે ઉર આણે; માને.
દેખે તો સરવમાં કૃષ્ણને દેખજે,
દુઃખને સુખ રખે સત્ય દેખે;
લેખે તો લક્ષ્મીના પતિનું લેખજે,
મારૂં કીધું રખે લક્ષે લેખે; માને.
લાજ રાખે તો અધર્મની રાખજે,
દાસ થાતાં રખે લેશ લાજે;
ગાજે તો કૃષ્ણ ગોપાળ કહી ગાજજે,
આપ વરણન કરી શાને ગાજે; માને.
થરકે તો નિજ પાપથી નિત્ય થરકજે;
દામ તનુ હાનિ જાણી શું થરકે;
જો પડે તો પડ હરિ પ્રેમના પાસમાં,
આશ પાશે પડયો જઇશ નરકે; માને.
ધોવે તો ધોજે તું માંહીલા મનને,
ઝાઝા જળથી રખે અંગ ધોતો;
સાધે તો સચ્ચિદાનંદને સાધજે,
વિષય સાધી રખે વપુ વગોતો; માને.
ઝીલે તો ઝીલજે જ્ઞાન ગંગા વિષે,
વિષય વૈતરણીમાં શીદ ઝીલે;

CENTRAL LIBRARY

ખીલે તો ખીલજે કરણેધારી કથા,
ખળની વાતે રખે ખાંતે ખીલે; માને.
આપે તો ધન ભાગવતતણું આપજે,
વિપ્ર સત્પાત્રને ગુપ્ત હાથે;
જો તજે તો તજે કળબળ કર્મની,
નાથ માધવજીને રાખિ માથે. માને.
ભોગે તો ભોગ આસક્તિ વણ ભોગજે,
હોમે તો હોમજે વિપ્ર મુખમાં;
જો ધરે દિક્ષા તો શૈવિ કે વૈષ્ણવી,
અરે તજિને હરે કેહેજે દુઃખમાં. માને.
શોકે તો વિષ્ણુથી વિમુખાયે શોકજે,
હરખે તો હરિજન જોઈ હરખે;
ચૂકે તો ચૂકજે વ્યસન વિષ ભક્ષવું,
પરખે તો પાત્ર સત્પાત્ર પરખે. માને.
ઝૂરે તો જેયુ આયુંને ઝૂરજે,
જો ઠરે તો ગુરુ વચને ઠરજે;
કૃષ્ણારામે કહ્યું વેદ સાર તે,
સાચે ભાવે રમાવરને વરજે. માને.

II. From કળિકાળનું વર્ણન.

1. The Brāhmana of this age.

ઉત્તમ ચારે વરણ ઉત્તમતાને મૂકી;
કરે અધર્માચરણ, ચિંતન હરિનું ચૂકી.
વાડવ વિદ્યાવાન થઇ, પણ ઘર ઘર ડોલે;
શૂદ્રતણાં સનમાન નહિ, પણ આશિષ બોલે.
વિદ્યા ભણીને વાદ, પંડિત કરે પરસ્પર;
શિશ્નોદરના સ્વાદ, ફરે શોધંતા સત્વર.
વાંચે જઈ વેદાંત, કણ લોભે કંઈ ઘરમાં;
સમજે નહિ સિદ્ધાંત, ભટકે ભવસાગરમાં.
વિપ્ર પરસ્પર વેર, કામ કારણે કરતા;
જરને માટે ઝેર, મમતામાં નિત્ય મરતા.

વિદ્વત થઇને વ્યાજ, ગરીબ જનનું ગમિયું;
કરે અઘટતાં કાજ, ભાંતે મનડું ભમિયું.
શાસ્ત્રતણી નહિ સાન, વામ મારગે ચાલે;
કરીને મદિરાપાન, મોટા થઇને મ્હાલે.
મારણ મોહન જાર, ઉચાટન આરાધે;
ઉત્તમ થઈ અભિચાર, સુવરણ માટે સાધે.
ઉર્ણી અડદ ઉપાન, મધુ મહિષી ને મહિનું;
દારુણ લે છે દાન, કાળ સમે કઈ કઇનું.
શૂદ્રાદિકને ઘેર, શાસ્ત્ર શિખાડે જઇને;
પરમ ધર્મની પેર, વિપ્રતણી ગઈ વહિને.
એકાદશીનું અન્ન, બ્રાહ્મણને પણ ભાવે;
ધણીને નોય જે ધન, ઘર ઘરેણું વેચાવે.
મસ લઘુશંકા લીંટ, દેખતાં જ્યાં જ્યાં દીસે;
એ ઠેકાણે ઇંટ, માંડી પત્રાળી પીરસે.
રામા કરે રૂદન, હાથ વાળતી હઇયે;
આરોગે ત્યાં અન્ન, કોણ કોણને કહિયે.
રડતા રાજદ્વાર, પંડિત થઇને પક્કા;
દેવડીએ છડીદાર, સહિ લે તેના ધક્કા.
તો પણ નાવે લાજ, કિંકર મૂકે કાઢી;
વર્ષાસનને કાજ, દરબારે જાય દહાડી.
નાત નાતની નિત્ય, બદી કરે બડબડતા;
વર્ષા ઉષ્ણ ને શીત, વેઠી વાટે વઢતા.

* * * * *

તજી સ્નાન સંધ્યાય, ભાવે ભાખ્યું ભમવું;
ચિત્તમાં નિત્ય ચહાય, પૂર્વજયાનું જમવું.
વાટે વાટે વ્યાસ, થઇને માણ વજાડે;
પાંચે બેઠા પાસ, તેહ તાળિયો પાડે.
શ્રુતિ સ્મૃતિની વાત, કાળ જીવ ઈશ્વરની;
જાણે નહિ કાંઈ જાત, રાગ તાળ કે સ્વરની.
પિંગળ રીતે છંદ, કવિતા કરી ન જાણે;
પોતા તણા પ્રબંધ, રચી રાગડા તાણે.

CENTRAL LIBRARY

નાતરીયાની વાત, કેરી ને રેટીડા;
ગાતાં શ્યામા સાથ, કરે કટાક્ષે ક્રીડા.
અંગુળીયે અંગૂઠ, બંધી ગાય ઉછળતા;
મોટા થાય તો મૂઢ, બીજા મરે છે બળતા.
જજમાનોથી રીશ, કરીને દાપું લેતા;
નહિતર ફાડી શીષ, રુધિરે હાથ દેતા.
કઈ ધન કાજે થાય, વોહોરાના વાણોતર;
કઈ કાસદીયે જાય, કઈ ભીખતા ઘર ઘર.
કઈક નાંખતા ટેલ, કઈ વીંટણીયો વાટે;
કઈક હાંકતા બેલ, શકટ ભરીને ઇટે.
કઈક કરતા રાસ, નારી રૂપ થઈ નાચે;
મશકરીયોથી હાસ, કઈક કરાવે સાચે.
કઈક પાણી ભરનાર, કઈક રસોઈ કરતા;
કઈ હોય નાદાર, કઈક કરોડે ફરતા.
કઈ લે ભરીને દામ, સરપણ શકટ ઇજારે;
કઈ શેઠોનાં કામ, બેઠા કરે બજારે.
એક નાતમાં નાત, કળીયે બીજી ક્રીધી;
ગૃહસ્થ ભિક્ષુક જાત, દીકરીયો નવ દીધી.
નમસ્કારની રીત, તજી સલામો કરતા;
પરનાતિની પ્રીત, મનમાં કદી ન ધરતા.
વાડવ થયા વકીલ, ઘરઘર ફેરા ઠાકર;
દિવ્ય વધારે દિલ, યવનતણા થઈ ચાકર.
ફારશીયોના હરફ, વસ્યા વિપ્રની વાણે;
ગજલ રેખતા તરફ, ગમતા દીઠા ગાણે.
દીકરીયોના દામ હૃદયે લાગ્યા રસીયા;
કરે કારમાં કામ. કેશ ધરે કાનસીયા.
બેસે બનીને બેશ, ચકલે ડંમર હાંકે;
અરધ ઉરાડે કેશ, તારુણીયોને તાકે.
કઇકે ક્રીધાં કામ, વેળા જોઇને વંઠી;
નીચ જનોને નામ, આપી બાંધે કંઠી.
કઈક પૂજતા પીર, અવલોકે જઈ ઓરસ;
પયમાં નાંખી નીર, કઇ વેચતા ગોરસ.

કઈ પરણેલી નાર, પ્રહાર કરે ત્યાં પેખી;
કઈ કરે વ્યભિચાર, દાર પારકી દેખી.
સાઠે વર્ષે સાન, કઈક મૂકી ઘરેણું,
વારુ થઈ વિદ્વાન, ફરી ફરીને પરણે.
નાથે કાઢયો નરક, પોતે પાછો પેસે;
ગદ્ધાઈમાં ગરક, બાધા થઇને બેસે.
વાડવ ઉપર વેર, આવડું તે કયમ આણ્યું;
કળિએ કીધો ફેર, કારણ કાંઈ નવ જાણ્યું.
ભલા તમે ભગવાન, હરિ ઉઠાવો હાની;
ગોવિંદ આપો જ્ઞાન, મુખ્ય બ્રાહ્મણને માની.

2 Sturdy beggars.

વેદ થયા વાળંદ, શાસ્ત્ર-વાત સંતાણી;
સઇયદ કરી સણંદ, પાય મંત્રીને પાણી.
બ્રાહ્મણ વિના અનંત, ગૃહસ્થ થઇને ભીખે;
શેરી શેરીયે સંત, ટેલ નાંખવી શીખે.
વૈરાગી ગોસાંઈ, શસ્ત્ર અંગપર ધરતા;
મારે માંહોમાંઈ, મમતા માની મરતા.
અંતરમાં અભિમાન, બાનું હરિનું બનીને;
દ્વિજનું મોડે માન, બ્રાહ્મણ પાસે ભણીને.
ઉલટી વરણ અઢાર, વૈરાગીને વેષે;
ગામ ગામને બહાર, બાવા થઇને બેસે.
કરીને ચારે ધામ, પૂજા કરે પૂજારી;
દેવતણાં લેઈ દામ, નીકળી જાય લે નારી.
દેઈ બ્રાહ્મણને ધન, ભારે વિદ્યા ભણતા;
વળતા વ્યાસાસન, બેસે સિદ્ધ જ બણતા.
તિલક છાપ ને માળ, ધરીને કરથી ખેંચે;
કણીક ચોખા દાળ, કઈના લાવી વેચે.
કરમાં લે નહિ દામ, મોટમ રાખે માઝા.
લઈ પુસ્તકનું નામ, જર લે કઈના ઝાઝા.
માંડીને ઘરબાર, લોટ માગતા વહાણે;
લાવી લાકડાં ચાર, જમી આવે જ્યાં જાણે.

CENTRAL LIBRARY

કળિકાળનું વર્ણન.

વિઠ્ઠલજીનો વેષ, હીંડે વિકળ વગોતા;
મુંડાવીને કેશ, જરને હીંડે જોતા.
ફકીર થઇને ફળ, ભાલાનું કર પકડે;
પૈસા લે કરી બળ, રાંક જનોને રગડે.
ગૌ બ્રાહ્મણને ત્રાસ, વધતો દિનથી વાધે;
રૂડી વસ્તુની આશ, સાલે સાતે સાધે.
અંબુ વરસે અલ્પ, તે પણ નહીં મુખ માગ્યું;
સત્ય રહ્યું છે સ્વલ્પ, તે પણ જાવા લાગ્યું.

15. Butio Bhakta.

A minor poet with a distinctly Vedantic outlook on life, he has written some really good verses.

(૧)

એવા કોઇ અનુભવી રે, કરે દ્વૈતનો સંહાર;
અગ્નિ બાળે જેમ કાષ્ટને, ટાળે જાતવણે વ્યવહાર. એવા.
જબ લગી ધુમા નીકસે, એવું કઠણપણું હોય આપ;
પણ ધુમર ગાટ ચઢી ગયો, પછી ત્યાં નહીં થાય ઉથાપ. એવા.
માખી ત્યાં બેસે નહીં, તેને તાપે ટળીને જાય;
ત્રણ ભુવન તેના તેજમાં, તેને રૂપ નવ રહેવાય. એવા.
હું ટળે અહંતા ટળે, આવે આત્મ અનુભવ જ્ઞાન;
દૃષ્ટા તેનો ન રહે બુટીઆ, એ તો સમજ્યા કેરી સાન. એવા.

(૨)

એવું જેને ઉપજ્યું રે, તેને ભાઈ ના રહ્યું કેહેવાનું કાંય;
ભણવું ગણવું ને શીખવું રે, સરવે આવ્યું તેના માંહ્ય. એવું.
જેમ શાકર કેરી પુતળી, વેરાટ રૂપે થાય;
પણ સઘળી સોંસરી રસભરી, પછી ગોઠે ત્યાંથી ખાય. એવું.
એકા એકી જાન્હવી, તેના ઘણા છે ઘાટ;
પણ પીતાંમાં પાતક ટળે, જ્યાં નાહે ત્યાં નિરાંત. એવું.
જેમ દેવી કેશે ગરબડો, તેનાં બારાં બોહોતેર થાય;
પણ મધ્યે દીપક એક છે પણ, તે દ્વારે દ્વારે દેખાય. એવું
ભક્ત ભગવંત એક છે, તે સમજે સંશય જાય;
કહે બુટો જેમનું તેમ છે તે, એ તો ઘણું કહેથી શું થાય. એવું.

(૩)

જીવ શિવ એક છે રે, જો તને જડે જીવની રે જાત;
પોતાને રંગ પાસ લાગ્યો રે, જેમ બીબે પાડી ભાત. જીવ.
બીબાં પ્રત્યે બીબું દરશે, ને તેમાં તારો વ્યાપ;
પણ બોલે તે બીજો નહીં, એમ જો સામો દે જવાબ. જીવ.
અનેક મુખે જે ભણે, તેને મુખે મુખે પ્રકાશ;
પણ એક દીવો અંતર ધર્યો, તેનો રોમે રોમે વાસ. જીવ.

CENTRAL LIBRARY

ઇંદ્રિ નાહીં ઉપવાડ નાહીં, નાહીં હર્ષ શોક ને કામ;
પણ શરે નાહીં ત્યાં ચોર શાનો, એ તો અખિલ બ્રહ્મનું ધામ. જીવ.
સ્વપ્ન માંહે દેહ દરશે, ને જાગ્યા પુંઠે જાય;
નહીં તેને શાને નડવું, તમે રહો અનુભવ માંહ્ય. જીવ.
ભક્ત ને ભગવંત એક છે, તેની વેદ પુરે શાખ;
બુટા તું આપોપે મળીને, નિશ્ચે કરીને નાખ. જીવ.

(૪)

બોલવું તે એવું રે, જે ન બોલવું. બોલે બીજો થાય;
વણ બોલે સમજે નહીં, બોલે સંશય જાય. બોલવું.
દેહ દશાનું રે જોએ બોલવું, તેનો કહીએ રે બોલ;
જીવ ટળીને રે પોખે સિદ્ધાંતને રે, તે તો જાણો બોલ અબોલ. બોલવું.
જગત મિથ્યા કહીએ રે, ઉપજે એમ સઘળે મેલ;
રૂપ અરૂપ તો નથી રે, નહીં ત્યાં ખેલ ને અખેલ. બોલવું.
અર્થ કરે તે અનર્થ ન ગ્રહે રે, વાધે ત્યાં અહંકાર;
મહાપુરુષ એમ બોલે નહીં રે, બોલે અનુભવી અર્થ વિચાર. બોલવું.
સંજ્ઞા કરે સદ્ગુરુ બુટીઆ રે, જ્ઞાન સુત તે જાણ;
એક નીપજે તે નીપજે નહીં રે, પવનની પેરે વાહાણ. બોલવું.

(૫)

જ્યાં સુધી જીવની જાણ જાણી નહીં,
ત્યાં સુધી તાણ બે તાણ રહે છે;
આદિ મધ્ય ને અંત એક આત્મા,
વસ્તુ સાચી એ વેદાંત કહે છે. જ્યાં.
જાત જાણ્યા વિના મત પંથ બહુ થયા,
અટકી રહ્યાં આંધળાં આપ ભુલ્યાં;
વાદ વિવાદમાં હરિ ન આવે હાથમાં,
મન મેરુ ઝાલવા જાય પણ પાય લુલા. જ્યાં.
જાત જાણ્યા વિના યોગ સાધન કરે,
પરહરે કામ ધન ધામ ચુકે;
હઠ કરી આદરે પરથી પાછા ફરે,
વૈભોગ ના ભોગવે ભક્તિ ચુકે. જ્યાં.

બુટીઆ ભક્ત.

આપના આપમાં આપ ભુલી ગયો,
જીવને જાય તો કમે ગાંઠે;
શબ્દના ઠાઠમાં વાત સુઝી નહીં,
આવવું જવવું એજ માટે. જયાં.
જાત જાણ્યા પછી જેમ મૃત્યુ ટળે,
પાળો ગળી પાણીમાં પાછો ન આવે;
બ્રહ્મવેત્તા ગુરુ જેને મળે બુટીઆ,
નર દેહી એજ અભયપદ પામે. જયાં

16. Shantidas.

He has written some delightful *garbis* about Krishna.

કાનુડાની બાળલીલા.

(૧)

કોઇએ દીઠડો કાન કોડામણો રે, સખી જોને દીઠડો કાન કોડામણો. ટેક.
છેલ છબીલો ને છોગાવાળો, રુડો ને ખૂબ રળિયામણો રે; કોઇએ.
મહિ છળવાની વાલો બુદ્ધિ નિપાવે, શામળિયો સોહામણો રે; કોઇએ.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, પોતે થઈ ગયો વામણો રે; કોઇએ.

(૨)

જુઠડાને કયાં ઝાલું, જુવોને સખી જુઠડાને કયાં ઝાલું.—ટેક.
વચન મોહનનાં લાગે છે મીઠડાં, કેવું બોલે છે કાલું કાલું; જુવો.
એકવાર વાલોજી ઓરા આવે તો, ઘેરીને ઘરમાં ઘાલું. જુવો.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, એથકી બીતી હું ચાલું. જુવો.

(૩)

કોઈ કન્યા નહિ આપે, કુંવરને, કોઈ કન્યા નહિ આપે—ટેક.
સારાં ન લક્ષણ કુંવરજીકેરાં, નિત ઉઠીને સંતાપે; કુંવરને.
રૂડો તે વર શોધીને કાઢયો, રાધિકાજીને બાપે; કુંવરને.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, કુંવારો રહેશે એને પાપે; કુંવરને.

(૪)

કાનુડો કાળજાની કોર છે, બેની મારો કાનુડો કાળજાની કોર છે.—ટેક.
અટપટી પાઘ ને કેસરિયો વાઘો, માથે કળાયલ મોર છે; બેની.
વૃંદાવનમાં વાલે વાંસળી વજાડી, મોરલીનો સ્વર જોર છે; બેની.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, ગોપી સંગ પાધરો દોર છે; બેની.

(૫)

કાનુડે કામણ કીધલાં, ઓ બેની કાનુડે કામણ કીધલાં.—ટેક.
કામિનીયોનાં કાળજાં કોરવા, બાણ જ માર્યાં સીધલાં; ઓ બેની.
લવિંગ સોપારી ને પાનનાં બીડલાં, અમને કાંઈ એક દીધલાં; ઓ.
શુંય કર્યું ને વાલો શું વળિ કરશે એવું જાણીને બહુ બીધલાં; ઓ.
શાંતિદાસનો પ્રભુ રસિક શિરોમણિ, આંખે અમીરસ પીધલાં; ઓ.

(૬)

જને ગોવાલણી જૂઠી, અહીંથકી જને ગોવાલણી જૂઠી.—ટેક
મહી વેચવાને તું કાલે આવીતી, આંગળીયે પેરીને અંગુઠી; અહીં.
જૂઠા બોલ તું શાને બોલે છે, મહીની મટુકી ક્યારે ફૂટી; અહીં
હસતાં આળ ચઢાવે રે બેઠી, મારૂં ગેડી ને કરૂં ઠૂંઠી; અહીં.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, માલ તારામાં નથી મૂંઠી; અહીં.

(૭)

મનડાં વ્યાકુળ હરિ આવતાં, જોને બેની મનડાં વ્યાકુળ હરિ આવતાં.—ટેક.
પારણિયાં પરશાળે મૂકયાં છે, બાળક મૂકયાં છે ધાવતાં; જોને.
સાદ કરતા સામા મળીયા સ્વામિ, પેલાં ભોજન પાવતાં; જોને.
વલોણું તાણતાં બાઝતા મોહન, માખણ ખાતાં ઘી તાવતાં જોને.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, હરખે હરિ ગુણ ગાવતાં; જોને.

(૮)

મન માને ત્યાં જાઓછોજી, તમારૂં મન માને ત્યાં જાઓછો.—ટેક.
આવાં રૂડાં ભોજન મેલીને, ઠોદરાને શીદ ખાઓછોજી; તમારૂં
આવાં રૂડાં તીરથ મેલીને, ખાબોચીયામાં શીદ ન્હાઓછોજી; તમારૂં.
નાના હતા ત્યારે ઢોરાં ચરાવતા, હમણાં મોટેરા થાઓછોજી; તમારૂં.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, અમને વાયદા વાઓછોજી; તમારૂં.

(૯)

વારો જશોદા માવડી, કુંવરને વારો જશોદા માવડી.—ટેક.
વાછડાં છોડીને વાલો વનમાં પધારે, હાથ ગેડી ને પગે પાવડી; કુંવરને.
નિત્યનિત્ય ઉઠી વાલો વનમાં સધારે, ગોવિંદ ચરાવે ગાવડી; કુંવરને.
મોળીયું મરડીને બાંધે મારો વાલો, બાંધણી એ કેઈ પેરે આવડી; કુંવરને.
કોણ જાણે શું ખાઇને જનમીયો, કાંધે છે ભાતની કાવડી; કુંવરને.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, શીખ શી દેઈ મૂકી આવડી; કુંવરને.

(૧૦)

જળ ભરવાને કેમ જાઉં, જશોદા મા જળ ભરવાને કેમ જાઉં.—ટેક.
વાટે જતાં વાલો પાણી માગે છે, માણસમાં કેમ પાઉં; જશોદા.
નાથજી નિલેજ થઇને બેઠા, હું ય નિલેજ કેમ થાઉં; જશોદા.
સોના રૂપાનો મારો ઘાટઘડુલો, ઊદાંણી રત્ન જડાઉં; જશોદા.

CENTRAL LIBRARY

કાનુડાની બાળલીલા.

આણી તીરે ગંગા ને પેલી તીરે જમુના, વચે સરસ્વતી નાઊં; જશોદા.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, હરખે હરિ ગુણ ગાઊં; જશોદા

(૧૧)

આવો મારે ઘેર માણવા, હોજી રાજ આવો મારે ઘેર માણવા.—ટેક.
સરવેથી સારૂં ગોરસ મારૂં, હીરને તાંતણે તાણવા; હોજી.
સૌ સૌને ઘર ધંધે લાગ્યાં, પુરુષનાં વચન પ્રમાણવા; હોજી.
કહેશે તેને ઉત્તર દેઈશું, ઉત્તર બીજેથી નથી આણવા; હોજી.
પાતળીયાજી મારે ઘેર પધારો, નથી બેઠું કોઈ જાણવા; હોજી.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, મારે તારા ગુણ વખાણવા; હોજી.

(૧૨)

ક્યારે મળશે કહાન, જોશીડા જોશ જુઓની.—ટેક.
સાત સોપારી ને પાનનું બીડું, જાઊં રે જોશીડાને ધામ; જોશીડા.
દુઃખે તારે હમે દુબળાં રે, જાણે પાકું પાન; જોશીડા.
દુઃખડું તો રે ડુંગર થઈ બેઠું, સુખડું સ્વર્ગે સમાન; જોશીડા.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, ગેરી રહ્યો સારૂં ગામ; જોશીડા.

(૧૩)

માછીડા રે હોળી હલકાર, મન છે મળવાનું.—ટેક.
તારી રે હોડીએ હીરલા જડાવું, ફરતી મુકાવું ઘુઘરમાળ; મન.
સુનાંબી દઉંગી ને રૂપાંબી દઉંગી, દઉંગી ગલનકો હાર; મન.
આણી તીરે ગંગા ને પેલી તીરે જમના, બીચમે ખડો રે નંદલાલ; મન.
મન કરે મછુવો ને તન કરે તછુઓ, જીવ મુકું રે રખવાળ; મન.
શાંતિદાસના પ્રભુ રસિક શિરોમણિ, કૃષ્ણજી ઉતારે પેલે પાર; મન.

(૧૪)

પરમેશ્વરના નામથી, તમે પાવન થાઓ, હાંહાં રે તમે.
ભક્ત તણે આધીન છે, વેચે તો વેચાઓ, હાંહાં રે વેચે.
શુદ્ધ મને સેવીએ તો, સનમુખ થાયે, હાંહાં રે સન.
વાહવા તાકીએ નાથને, તે કેમ વવાએ, હાંહાં રે તે કેમ.
પ્રેમતણું છે પારખું, પ્રીત શે ન જાણો, હાહા રે પ્રીત.
મધુકર મોટો તે થકી, પરિમલને માને, હાંહાં રે પરિ.

અંતરગતને જાણે છે, એ અંતરજામી, હાંહાં રે એ.
એથી શું સંતાડીએ, એ છે બહુનામી, હાંહાં રે એતો.
ભાવનો ભુખો ભૂધરો, હેત હોય ત્યાં જાયે, હાંહાં રે હેત.
કહે શાંતિ રૂડું ગણો, રણછોડને ગાયે, હાંહાં રે રણ.

(૧૫)

રમે રમાડે રામજી, ગત કોઇ ન જાણે, હાંહાં રે ગત.
લોકજગત પોતે કરે, જોગી થઇને માને, હાંહાં રે જોગી.
જોગી જન તો કવી ન જાએ, કીરતારને રૂપે, હાંહાં રે કીર.
વળતે વેદ પુરાણમાં, જાએ નહીં ઠે'વે, હાંહાં રે જાએ.
સુરીનર શોધે શ્યામને, શુધ લેતા જાગે, હાંહાં રે શુધ.
પ્રેમ વિના પુરુષોત્તમ મારે, ખોળે નહીં લાધે, હાંહાં રે ખોળે.
ગોકુળની નાર બ્રીજમાં, નાચે ને ગાયે, હાંહાં રે નાચે.
હેત મુકીને હરિ એકલો, અળગો નહીં થાયે, હાંહાં રે અળગો.
પ્રેમ પ્રીત હઇડે ધરી, એની આગળ નાચો, હાંહાં રે એની.
કહે શાંતિ રૂડુ ગણો તો, ગોવિંદ ગુણ જાચો, હાંહાં રે ગોવિં.

(૧૬)

કાંઈ જશોદા મારી માડી જો, મુને નથી વીસરતી દહાડી જો;
મોહન કહે મથુરા માંહે જો, મને ગમતું નથી કંઈ આંહે જો.
મા કરીને મુજને ધુકતી જો, મારા મુખમાં માખણ મુકતી જો;
મા મેં તુને સઘળી સંતાપી જો, તેં તો સરસ સુખડી આપી જો.
તારે હેત હઈડામાં સાલે જો, મારે નઇણે નીર બહુ ચાલે જો;
મન વિના તે મથુરામાં માલું જો, તારે હેતે તે હાલું ચાલું જો,
મારે મનડું રહ્યું છે તુજમાં જો, તે ધ્યાન ધર્યું છે મુજમાં જો;
શીખામણ સઘળી દેતી જો, મને વહાલપણે ઊર લેતી જો.
હું ક્યાં જનમ્યો ક્યાં આવ્યો જો, જશોદાએ લાડ લડાવ્યો જો;
એ તો શાંતિદાસ તમારો જો, તેને સંસાર ભવથી તારો જો.

17. Ravo Bhakta.

He was a very obscure person who is known to have written only one poem invoking Amba (the Mother) to save his sinking ship. The allegory is very well brought out and the poem is deservedly popular.

બેડો બાઈ બુડતો તારો રે, અંબે આઈ પાર ઉતારો રે. ટેક.
આ બેપે હું તો ઘણું કમાયો, ભર્યો અનગેલ માલ;
મધ્ય દરીયે તોફાન લાગ્યું, શા રે થાશે હેવાલ. બેડો.
ખલાશીયો તો ખડખડ કરે છે, મહા જુલમ મનમાય;
માલધણી વીમાશી રહ્યો છે, ડોલ્યું દરીયામાય. બેડો.
મધ્ય દરીયે ડોલ્યું માતાજી, વ્હાણને નથી વિશ્રામ;
એક નામનો આશરો તારો, કરો સેવકનાં કામ. બેડો.
ઊંચું જોઊં તો આભ માતાજી, નીચું જોઊં તો નીર;
બાળાશક્તિ મારી બૂમ સાંભળજો, સાજું રાખોને શરીર. બેડો.
કુવાયરાની લેહેરો લાગી, ને મોજાતણી શી વાત;
અપશુકનીઆ વેળા આવે છે, ધાઓ ધાઓ અંબે માત. બેડો.
હાથેથી હવે નેજા છૂટયા, શઢ પણ ડંડા તોડ;
અંત સમાની આ વેળા થઇ હવે, મોટે ભાલે છે મોડ. બેડો.
ડુંગરીયે તો દવ લગાડેલા, પૂર્વે કીધેલો પાપ;
એક પહોરથી સ્તુતિ કરે છું, આવોને આપો આપ. બેડો.
અરધું વહાણ મેં અરપણ કીધું, સાક્ષી ઊંચો આભ;
આ અવસર આરાસુરી આવો, નથી ખાવો મારે લાભ. બેડો.
જગ જનેતા સ્તુતિ સુણી થયાં, વાઘ ઉપર અસવાર;
ઝાઝ ઉપર થઈ ત્રિશુળ ઝાપટયું, તાર્યું તે જળ મોઝાર. બેડો.
વહેવારીયો તો અચરજ પામ્યો, આવ્યું મનમાં વહાલ,
કરજોડી રાવો ભક્ત ભણે છે, અરપી દીધો બધો માલ. બેડો.

18 Brahmanand.

He was of humble origin but he composed voluminously. Over 8000 *padas* and various works have been attributed to him. He was a Bhāt (a bard) by caste and bore the name of Lādu Bārot before he became a Sannyāsi of the Swāminārāyan order which was founded early in the 19th century by Swāmi Sāhajānand. He composed verses extempore and won great honour from the Maharaja of Baroda and even from the Moslem Nawab of Junāgadh. His verses have an easy flow and fine clear imagery. He died in 1849 A. D.

I From કૃષ્ણ કીર્તન

(૧)

મારે મનડું પમાડયું મોહ, વંસીને તાને રે;
મુને ગરક કરી ગુલતાન, કોડીલે કાને રે.
મુને સરવે સૈયરમે સામ, સુહાગણ કીધી રે,
વાલે હસી દેખાડી હેત, બાંહી ગ્રહી લીધી રે.
સરવે પુરી પ્રાણ આધાર, હૈડાની હામુ રે;
આજ મેહેર કરી માહારાજ, જોયું મુજ સામુ રે.
વાલે હેતે ગ્રાહ્યો હાથ, લીધી હરિયે તાળી રે;
મારે જગપતિ માથે જોડ, બણી કૃપાળી રે.
અતિ હરખ ભર્યો ન સમાય, આનંદ અંગે રે;
મારે રમતાં જામ્યો રંગ, સામળીયા સંગે રે.
હું તો મગન થઇ મસ્તાન, ખાંત્યે ખેલું રે;
બાંધ્યું બ્રહ્માનંદના નાથ, સંગાથે બેલું રે.

(૨)

મોહન પધારો મનની આંટી મેલી રે, હો મન ગમતા;
સુખ પામે મુખ જોઇને સરવ સાહેલી, રસીયા રંગ રમતા.
તમ વિના તે મંદિર ખાવા ધાય રે; હો મન ગમતા.
રજનિમે એકલડા કેમ રેવાય. રસીયા રંગ રમતા.
આલિંગન લીધા વિના દાઝે અંગ રે; હો મન ગમતા.
રસીયાજી આવો તો વાધે રંગ. રસીયા રંગ રમતા.

CENTRAL LIBRARY

આવો તો આલિંગન આપડ લીજે રે; હો મન ગમતા.
કાન કુંવર મારા મનનું ગમતું કીજે. રસીયા રંગ રમતા.
એકાંતે દલડાની વાતુ કીવે રે; હો મન ગમતા.
રસ બસ થઈને ભેળાં આપડ રૈયે. રસીયા રંગ રમતા.
ભેળા રહ્યા વિના ભુખડલી નવ ભાંગે રે; હો મન ગમતા.
તમ વિના તે ગોકુળ સુનું લાગે. રસીયા રંગ રમતા.
ગોકુળીયાની નાર તણા આધાર રે; હો મન ગમતા.
વાલમજી આવોને આણી વાર. રસીયા રંગ રમતા.
કરુણાસિંધુ કરો કૃપા હવે કહાન રે; હો મન ગમતા.
બ્રહ્માનંદને દીજે દરશન દાન. રસીયા રંગ રમતા.

(૩)

ચારી આવો ગાવડલી મારી, ટકો દઉં રીત તણો ત્યારી ટેક.
મલાજો રાખુંછું કેહતી, અમારે હાથ નથી રેહતી;
તમ વિના દોહવા નથી દેતી, ચારી.
સાચું બોલું ખાઇને સમને, આવે છે મારવા અમને;
ટાઢી થાય દેખીને તમને, ચારી.
હેતે તમે પેલી હેળાવી, છાની નથી વાત કહું છું આવી;
હવે નહિ પુરે બટકાવી, ચારી.
જો અતિજી વાહલા થાશો, બારે જાઈ દોઈ કોઇને પાશો;
તો ગિરધરજી ગાળુ ખાશો, ચારી.
આંગુ ખડ નીકેત્યાં જઇને, ચારી લાવો પાણીડું પઇને;
વાહલા બ્રહ્માનંદના સીધા થઇને, ચારી.

(૪)

કે વર્યો મેં તો રંગભર વાલાને, કે લટકાળા નંદલાલાને રે. વર્યો.
કે કીધું મેં તો નિશ્ચે વિચારી કે દુરીજન થાકયા મુને વારી;
કે ધાર્યો એક વર ગિરધારી, રે વર્યો.
કે જે મરણ સૂરાની લગની, કે ઉડે જેમ બાણ બાણ અગની;
કે પેની ન ધરે પાછી પગની, રે વર્યો.
કે સતી જેમ પાછી નવ ભાલે, કે તન કેરા સુખને ટાળે;
કે અગનીમેં અંગ પરજાળે રે વર્યો.

કે શૂરો કાયર થાય ડરી, કે સતી ઘર આવે પાછી ફરી;
કે માત પીતામે તેને ખોટ ખરી, રે વર્યો.
કે બ્રહ્માનંદ એમ જોયું પેલું, કે દેખીને નવ થાવું ઘેલું;
કે કામ કઠણ છે નહી સેલું રે. વર્યો.

II From જ્ઞાનભક્તિનાં પદો

(૧)

પ્રાણી નર દેહ સુંદર પામી રે, ભજ નરરે નારાયણ સ્વામી; પ્રાણ—ટેક.
સાચા સંત ને શરણે તું રેજે રે, દયા આણીને અન જળ દેજે રે;
તારો જનમ સુફળ કરી લેજે, પ્રાણી.
ભવતારણ જગપતિ ભેટી રે, મેલ લોકની લાજ સમેટી રે;
બાંધ પ્રેમ તણી કસી પેટી પ્રાણી.
સાચા સંતનો સંગ કરીને રે, દઢ અંતર ધીરજ ધરીને રે;
ભજ પ્રગટ પ્રમાણ હરીને, પ્રાણી.
લાગુ જમનું વાંસે તારે લારુ રે, આવી લેશે સાંજ સવારુ રે;
માટે કર તારા જીવનું સારૂ, પ્રાણી.
મેણું અનંત જનમનું ઉતારો રે, હવે જીતી બાજી મત હારો રે;
બ્રહ્માનંદનું કયું હેડે ધારી, પ્રાણી.

(૨)

સર્વે જૂઠું રે, સર્વે જૂઠું સગું, કુટુંબ શરીર,
જગપતિ સાચા જાણજે; સ.
અંતે ન કરે રે, અંતે ન કરે, તારી કોઈ ભીર,
ભાર વૃથા નવ તાણજે; સ.
જમ જડશે રે જમ જડશે, પગે લોહજંજીર,
માર જોઈ સુખ માણજે; સ.
તારે આગે રે, તારે આગે, ઊઠિ ગયા રે અમીર,
રહ્યા ન રાજા રાણજે; સ.
બ્રહ્માનંદ કહે રે, બ્રહ્માનંદ કહે, ધારી અંતર ધીર,
ભજને ભરૂસો આણજે; સ.

CENTRAL LIBRARY

(૩)

દાટયો રહેને ચોર દેવના, શું મુખ લઇને બોલે જી;
સ્વારથ કારણ શ્વાનની પેરે ઘર ઘર ફરતો ડોલે જી.
આતમ સાધન કાંઈ ન કીધું, માયામાં ભરમાણો જી;
લોક કુટંબની લાજે લાગ્યો, સઘળેથી લુટાણો જી.
પિંડને અરથે પાપ કરતાં, પાછું ફરી ન જોયું જી;
કોડી બદલે ગાફલ કુબુદ્ધિ, રામ રતન ધન ખોયું જી.
વિષય વિકાર હૈયામાં ધાર્યા, વિસાર્યા મોરારી જી;
મૂરખ તેં આ દશ મહિનામે, જનની ભારે મારી જી.
સંતપુરુષની સોબત ન ગમે, ભાંડ ભવાઇમાં રાજી જી;
બ્રહ્માનંદ કહે નર તન પામી, હાર્યો જીતી બાજી જી.

(૪)

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગે જી;
અસંખ્ય ગયા ધન સંપતિ મેલી, તારી નજરો આગે જી.
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગાં ઘાલે જી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢે ચાલે જી.
જેમ ઊંદરડે દારૂ પીધો, મસ્તાનો થઈ ડોલે જી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ તેમ મુખથી બોલે જી.
મનમાં જાણે મૂજ સરિખો. રસિયો કોઈ નહિ રાગી જી;
બહારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગી જી.
આજ કાલમાં હું તું કરતાં જમડા પકડી જાશે જી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશે જી.

(૫)

બાળાપણ તેં જીવ અજ્ઞાની, ખબર વિનાનું ખોયું જી;
સારૂં ભુંડું કાંઈ ન સુજયું રમતમાંહિ મન મોહ્યું જી.
જુવાનપણું જુવતીમાં ખોયું, ધનને અરથે ધાયો જી;
મનમાં સમજે મૂજ સરીખો, નથી જગતમાં ડાહ્યો જી.
વૃદ્ધપણામાં ચિંતા વાધી, હાથ પાય નવ ચાલે જી;
ઘરનાં માણસ કહ્યું ન માને, તે દુખ અંતર સાલે જી

ભાળે નહિ રોગે ભેળાણો, પડિયો લાંબો થઇને જી;
જમના કિંકર ગરદન ઝાલી, ચાલ્યા જોરે લઇને જી.
કાલો આવ્યો ભૂલો વુઢયો, કાંઇ ન લઈ ગયો સાથે જી;
બ્રહ્માનંદ કહે જમપુરિ કેરૂં, મહા દુઃખ લીધું માથે જી.

(૬)

હરિજન સાચા રે, જે ઉરમાં હિંમત રાખે;
વિપતે વરચી રે, કદિ દીનવચન નવ ભાખે.
જગનું સુખ દુઃખ રે, માયિક મિથ્યા કરિ જાણે;
તન ધન જાતાં રે, અંતરમાં શોક ન આણે.
પર ઉપકારી રે, જન પ્રેમ નિયમમાં પૂરા;
દેહિક દુઃખમાં રે, દાઝે નહિ સાધુ શૂરા.
હરિને સમરે રે, અહોનિશ ઉમંગ ભરિયા;
સર્વ તજીને રે, નટ નાગર વાલા કરિયા.
બ્રહ્માનંદ કહે રે, એવા હરિજનની બલિહારી;
મસ્તક જાતાં રે, નવ મેલે ટેક વિચારી.

(૭)

ટેક ન મેલે રે, તે મરદ ખરા જગમાંહી;
ત્રિવિધિ તાપે રે, કદિ અંતર ડોલે નાંહી.
નિધડક વદને રે, દૃઢ ધીરજ મનમાં ધારી;
કાળ કરમની રે, શંકા દેવે વિસારી.
મોડું વેહેલું રે, નિશ્ચે કરિ એક દિન મરવું;
જગસુખ સારૂ રે, કદિ કાયર મન નવ કરવું.
અંતર પાડી રે, સમજીને સવળી આંટી;
માથું જાતાં રે, મેલે નહિ તે નર માંટી.
કોઈની શંકા રે, મનમાં નવ ધારે;
બ્રહ્માનંદના રે, વાલાને પળ ન વિસારે.

(૮)

જે હોય હીમત રે, નરને ઉરમાંહે ભારી;
દૃઢતા જોઇને રે, તેની મદદ કરે મોરારિ.

CENTRAL LIBRARY

બીક તજીને રે, નિત હિંમત સોતો બોલે;
મસ્તક માયા રે, સર્વ તરણ જેવું તોલે
કેસરી સિંહને રે, જેમ શંક મળે નહિ મનમાં;
એકાએકી રે, નિર્ભે થઈ વિચરે વનમાં.
પંડે છોટો રે, મોટા મેગળને મારે;
હિંમત વિનાનો રે, હાથી તે જોઇને હારે.
બ્રહ્માનંદ કહે રે, એમ સમજે તે જન શૂરા;
તન કરી નાંખે રે, ગુરુ વચને ચૂરાચૂરા.

(૯)

પેટ કટારી રે, પેઠેરીને સનમુખ ચાલ્યા;
પાછા ન વળે રે, કોઇના તે ન રહે ઝાલ્યા.
સામા સામા રે, ઝેડે ભાલા અણિયાળા;
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાલા.
સાચા શૂરા રે, જેના વેરી ઘાવ વખાણે;
જીવત જાઠું રે, મરવું તે મંગળ જાણે.
તેની પેરે રે, હરિજન પણ જોઇએ તીખા;
અંતર શત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા.
માથું જતાં રે, મુખનું પાણી નવ જાવે;
બ્રહ્માનંદ કહે રે, તે સંત હરિને મન ભાવે.

III જ્ઞાન લોચન.

(૧)

પ્રગટ પ્રમાણ હરિને, ભજ મન પ્રગટ પ્રમાણ હરિને;
કામ ક્રોધ મદ લોભ તજીને, દૃઢ ઉર ટેક ધરીને. ભજ.
ગર્ભવાસનું સંકટ પ્રાણી, જાઈશ માં વિસરીને;
કુબુદ્ધિ કૂડ કપટ પરહરજે, ભરજે પાય ડરીને. ભજ
માલ મુલક સર્વે મેલીને, જાવું જરૂર મરીને;
જાઈશ મા જમડાની આગે, ઝાઝો ભાર ભરીને. ભજ.
ભવ દુઃખ ટળે મટે સર્વ ભ્રમણા, સંતનો સંગ કરીને;
બ્રહ્માનંદ કહે આવો અવસર, નહીં પામીશ ફરીને. ભજ.

(૨)

નારાયણ સુખકારી, ભજી લે નારાયણ સુખકારી;
સાધુ જનની માન શિખામણ, વિષય વિકાર વિસારી. ભજી લે.
માત પિતા સખ બાંધવ મેડી, નહિ તારાં સુત નારી;
જમને દ્વાર એકીલા જાવું, કરજે કરમ વિચારી. ભજી લે.
રાજા રંક ગુણીજન પંડિત, ખેડુત ને વેપારી;
સગાં કુટુંબી સહિત સૌને, લેઈ જાએ જમ મારી. ભજી લે.
ભરત ખંડમાં દેહ મનુષ્યનો, મળે નહીં વારંવારી;
બ્રહ્માનંદ કહે થાને સુખિયો, સત્ય વચન ઉર ધારી. ભજી લે.

(૩)

અલખ પુરુષ અવિનાશી, ભજી લે અલખ પુરુષ અવિનાશી;
કરમ કટે તારાં અનંત જનમનાં, ફંદ માટે ચોર્યાશી. ભજી લે.
સગું કુટુંબી સુત ને નારી, માતા મામો ને માશી;
અંતે ભેળું કોય ન આવે, અંતર દેખ તપાસી. ભજી લે.
ઘરમાં બેઠો ગાળો બોલે, દેખી તીરથવાસી;
પરધન હરે કરે નિત્ય કુબુદ્ધિ, પર નારીની હાંસી. ભજી લે.
મારૂં મારૂં કરતો મૂરખ, મેલી ધન મરી જાશી;
બ્રહ્માનંદ કહે હજી સમરી લે, રસિક શ્યામ સુખ રાશી. ભજી લે.

(૪)

પ્રગટ હરિ ભજ પ્રાણી, સમજીને પ્રગટ હરિ ભજ પ્રાણી;
પાપ દ્રોહ પરિત્યાગ કરીને, દયા ધર્મ ઉર આણી. સમ.
પરધન પરસ્ત્રી મદ માટી, નર તણી નિશાણી;
તે પાપે કરી અવશ્ય પીલાઈશ, ઘાલી જમડા ઘાણી. સમ.
સમજ્યા વિના ન બોલીશ કોઈ દિન, મુખથી મિથ્યા વાણી;
મમતા કેરો માથે મૂરખ, ભાર મા લેજે તાણી. સમ.
એળે દેહ અમુલખ ખોયો, કીધી ધૂળ કમાણી;
બ્રહ્માનંદ કહે તત્પર થઈ ભજ, જગપતિ સાચા જાણી. સમ.

CENTRAL LIBRARY

IV. From શૃંગારના પદો.

(૧)

છેલા ચાલંતા ગજ ચાલ, આવો મારે આંગણે;
હું તો મોહિ છું મોહનલાલ, તોરે ફુલડાંતણે. ટેક
પ્રીતમ પેર્યો પ્રેમથી, તમે સોનેરી સુરવાળ;
જરકસિયા જામાતણી, મારા ચિતડામાં ખુંતી ચાળ. આવો.
રૂપાળો રતને જડ્યો, રાજુ શોભે કમર કટાર;
ગુણીયલ ગજમોતીતણો, રાજે હૈડા ઉપર હાર. આવો.
સુંદર મુખ સોહામણું, જોઈ લાજે શશિયર કોડ,
બ્રહ્માનંદના વાલમા, તારા મોળિડાનો અજબ મરોડ. આવો.

(૨)

આંખડલિ શરદ સરોજ, રસિલા લાલની;
દેખિ મનડું પામે મોહ, તિલક છબિ ભાલની.
નાસા સુંદર દીપ સમાન, અતિ શોભી રઈ;
મુખ નિરખીને શશિયર જોત, ગગનમાં ઝાંખી થઈ.
લીધી લટકાળ નંદલાલ, કે હાથ કબાણને;
એની ચટક રંગીલી ચાલ, હરે મન પ્રાણને.
કાજુ મોતિડે જડિત કટાર, કમર કશી લીધલો;
નિરખી બ્રહ્માનંદ કહે જન્મ, સુફલ મારો કીધલો.

(૩)

લટકાળા તારે લટકે રે, લેરખડા હું લોભાણી;
વાંસલડી કેરે કટકે રે, ચિતડાને લીધું તાણી.
છોગલિયું તારે છેલા રે, આવી અટકયું અંતરમાં;
વણદીઠે રંગના રેલા રે, બેઠી અકળાઊં ઘરમાં.
રાતી આંખલડીની રેખું રે, મનડામે ખુંતી મારે;
ડોલરીઆ હું નવ દેખું રે, જંપ નથી થાતો જયારે.
મરમાળી મૂર્તિ તારી રે, વાલમ મારે ચિત્ત ચડી;
બ્રહ્માનંદના હાર હજારી રે, કેમ કરી મેલું એક ઘડી.

(૪)

ચાલો ચાલો સૈયરનો સાથ, વૃન્દાવન જઇએ રે;
સખી છેલ છબીલાને સંગ, હળી મળી ગાઇએ રે.
વહાલો જુવે છે આપણી વાટ, ઉભા છે વનમાં રે;
સખી આપણે સાથ એકાંત, મળ્યાનું છે મનમાં રે.
વ્હાલે મોરલી લીધી છે હાથ, વજાડે છે ઘેરી રે;
આવી ઉભા છે જમુનાને તીર, પીતાંબર પેરી રે.
વાલે પેર્યા છે ફુલડાંના હાર, બાંધ્યા છે બાજુ રે;
એને હલેકે છે કાનો માંઈ, કુંડલિયા કાજુ રે.
વાલે મૃગલાં પમાર્યા મોહ, બંસીને નાદે રે;
હરિ ગાય છે સુંદર ગીત, મધુરે સાદે રે.
હરિને હેતે કરીને હાથ, ઝાલ્યાનો હેવા રે;
સખી બ્રહ્માનંદનો નાથ, રમવા જેવા રે.

V. Devotion to God.

(૧)

પ્રભુ સાથે કરને રે નર તું પ્રીતડી રે,
મેલિ દેને મોહ મત્સર અભિમાન રે;
દિન ઝાઝા રહેવું નથી રે આ દેહમાં રે,
હૈયાફુટા શાને થાય છે હેરાન રે. પ્રભુ.
સમજીને શરણું તું લેને સાચા સતનું રે,
જાય તારા અનંત જનમનો રોગ રે;
દુલેભ મનુષ્યજનમ ભરત ખંડમાં રે,
વારે વારે એવો મળે નહિ જોગ રે. પ્રભુ.
સમજી વિચારીને જોને તું કોણ છે રે,
ક્યાંથી તું આવ્યો ને જઈશ કેને ઘેર રે;
ચાર તે દિવસ રે રહેવું આ સંસારમાં રે,
અમૃત તજીને ખાય છે ઝેર રે. પ્રભુ
મમતાને માંડી રે માયા લગી ખુતીયો રે,
મારે મારે કરી રહ્યો મંદ રે,

CENTRAL LIBRARY

કહેને તારૂં હરિ વિના રે સગું કોણ છે રે,
માટે સત્ય કહે છે બ્રહ્માનંદ રે. પ્રભુ.

(૨)

શરણું તું તો લેને રે સુંદર શ્યામનું રે,
તજી તેને મુરખ ઠાલી તાણ રે.
વારિને વલોવે રે ઘૃત નવ નીકળે રે,
તેવું છે આ જગનું ડહાપણ જાણ રે. શરણું.
કુબુદ્ધિને મેલીને રે જતન કર જીવનું રે,
જોને તારી ઉમર બુડી જાય રે;
પ્રભુના ભજન રે વિના તને પ્રાણીયા રે,
કોઈ દિન સુખ સુપને નહીં થાય રે. શરણું.
મોટેરો થઇને રે ફરે અભિમાનમાં રે,
જાણે હું જીવાડું પરિવાર રે;
શકટને હેઠે રે શ્વાન જેમ ચાલતું રે,
માને સર્વે પોતાને શિર ભાર રે. શરણું.
ભરણ ને પોષણ રે સહુનું હરિ કરે રે,
સુખ દુઃખ સઉનું હરિને હાથ રે;
એવું તું જાણીને રે તજી અહંકારને રે,
ભજી લેને બ્રહ્માનંદનો નાથ રે. શરણું.

(૩)

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું રે; સગ–ટેક.
રે સાથે પ્રીતે ટાળી રે ભાગ્યું મન મિથ્યા ભાળી;
છે વરવા જેવા એક વનમાળી: રે સગ.
રે થીર નહીં આવરદા થોડી, રે તુચ્છ જાણીને આશા તોડી;
મેં જગના જીવન સાથે જોડી; રે સગ.
રે ફોગટ ફેરા નવ ફરિયે, રે પરઘર પાણી શું ભરિયે;
જો વરિયે તો નટવરને વરિયે; રે સગ.
રે ભૂધર ભેટ્યા ભય ભાગો, રે સૌ સાથે તોડ્યો ધાગો;
એ રસિક રંગીલાથી રંગ લાગો; રે સગ.
રે એવું જાણીને સગપણ કીધું, રે મેણું તો શિર ઉપર લીધું;
બ્રહ્માનંદનું કારજ સીધું; રે સગ.

(૪)

રે લગની તો હરિવરથી લાગી, મેં તન ધનની આશા ત્યાગી રે; લગની. ટેક.
રે વાત કહું સુણ સાહેલી, રે બળિયોજી કીધા બેલી;
માથું પેલું પાસંગમાં મેલી; રે લગની.
રે ન ડરે હું લોકતણી લાજે, રે શિર ઉપર ગિરિધર ગાજે;
આ દેહ ધર્યો નટવર કાજે; રે લગની.
રે શિરપર જો બીજો ધારે, રે તો બગડે જીવતર મારે;
હું જીતી બાજી તે કેમ હારે; લગની રે.
રે હરિ વિના બીજાને વરવું, રે ગજ તજી ખર ચડીને ફરવું;
રે જીવ્યાથી રૂડું મરવું; રે લગની.
રે મરજાદા જગની મેટી, રે બાંધી પ્રેમતણી પેટી;
બ્રહ્માનંદનો વહાલો ભેટી; રે લગની.

(૫)

રે શિર સાટે નટવરને વરિયે, રે પાછાં તે પગલાં નવ ભરિયે; રે શિર.–ટેક.
રે અંતર દૃષ્ટિ કરી ખોળ્યું, રે ડહાપણ ઝાઝું નવ ડોળ્યું;
એ હરિ સારૂ માથું ગોળ્યું; રે શિર.
રે સમજ્યા વિના નવ નિસરીયે, રે રણ મધ્યે જઇને નવ ડરીયે;
ત્યાં મુખ પાણી રાખી મરીયે; રે શિર.
રે પ્રથમ ચડે શૂરો થઇને, રે ભાગો પાછો રણમાં જઇને;
તે શું જીવે ભુંડું મુખ લઇને; રે શિર.
રે પેલું જ મનમાં ત્રેવડીયે, રે ઠોરે વારે જુદ્ધે નવ ચડીયે;
જો ચડીયે તો કટકા થઈ પડીયે; રે શિર.
રે રંગ સહિત હરિને રટીયે, રે હાક વાગે પાછા નવ હઠીયે;
બ્રહ્માનંદ કહે તાં મરી મટીયે; રે શિર.

(૬)

રે ધરિયા અંતર ગિરિધારી, શું કરશે ઘોળ્યા હવે સંસારી, રે ધરિયા.–ટેક.
રે હું કોઈની ન રહું ઝાલી, રે વહાલાને ઘાવા મ્હાલી;
રે શિર કરમાં લઇને ચાલી; રે ધરિયા.
રે જેમ ગજ જાય બજારે ખશી, રે શ્વાન મરે બહુ ભસી,
તે હાથીને નહીં શંકા કશી; રે ધરિયા.

રે બળવા ગઈ જે સતી સાચી, રે રોમ રોમ પીયા સંગ રાચી;
તે પડમાં જાય ન વળે પાછી; રે ધરિયા.
રે જે પડથી પાછી આવે, રે લાજ તજી મન લલચાવે;
તે સતી મટી કુત્તી કહાવે; રે ધરિયા.
રે બ્રહ્માનંદ એમ વિચારી, રે બીક સર્વે કાઢી બારી;
રે મળીયા મોહન સુખકારી; રે ધરિયા.

VI. દાણલીલા.

ગોરસ લઇને ગોપીકા, ચાલી વેચવા કાજે;
આડો ઉભો આવીને, વચમાં વ્રજ રાજે.
મટુકી લીધી માથડે, ચલી મહીવાલી;
ઓચીંતાના આવીઆ, વનમાં વનમાલી.
મારગ રોકયો માવજી, આડા ઉભા છે આવી;

કૃષ્ણ—આવ ઓરી મહીઆરડી, એમ કહીને બોલાવી;
મહીડું તારૂં એમ લુટશું, ઉભી રહીને મહીઆરી;
સાચું જાણો સુંદરી, લેશું રીત હમારી.
ગોપી—જાવા દોને જાદવા, વાટે રોકો મા વહેતા;
અમે મલાજે રાખીએ, તમ સામું રે કહેતાં.
સમજયા વીના નવ ઝાલીયે, પરનારીનો છેડો;
બ્રહ્માનંદ કહે રહો વેગળા, મેલી દોને રે કેડો.

કૃષ્ણ—કેડો અમે કેમ મેલીયે, રીત લાગે તે લેશું;
દાન લીધા વિના સુંદરી, જાવા કેમ કરી દેશું.
દહાડી ચોરી મારી દાણ, તું જાતીતી રે છાની;
જોબન ધનનાં જોરથી, થઈ છાં મસ્તાની.
આજ મળી છાં એકલી, મહીડું નહીં મેલું;
દાણ અમારૂં ચોરતાં, શું જાણ્યું તું પેલું.
ગોપી—કોરે રહોને કાનજી, જોયા જેવું રે થાશે;
રહીએ રાજાના રાજમાં, લુંટી નહી લેવાશે.
મુખડું સંભાળીને બોલીયે, માં કરો જોરાજોરી;
દીઠા વીના નવ નાખીયે, કોઈ ઉપર ચોરી.

દુરીજન લોકો દેખશે, થાશે નામ શુંલુ;
બ્રહ્માનંદ કહે વાલમજી, મહી ટાંક નહી આલું.

કૃષ્ણ—ટાંક લેવું નથી માહેરે, મટુકી લેવી બાધી;
ઉભી રહી અલબેલડી, આજ ખેલતાં લાધી.
તું તો કેને નથી નુંનતી, મછરાલી મનમાં;
ઉપર પ્રગટ દેખાય છે, હલકાઈ તારા તનમાં.
બીક દેખાડછ કંસની, તું ભરાણી છાં બલમાં;
કુડા રે બોલી કામની, બોલે છે રે છલમાં.
ગોપી—રોહ રોહ હું તમને ઓળખું, હમણાં થયા છાં દાણી;
એવું બોલો છાં આકરે, કાના શું તમે જાણી.
હમને તે હલકા દીઠડા, તમે લક્ષણના ભારી;
રસીઆજી નવ રોકીએ, વનમાં પરનારી.
કુડા રે બોલી હું કામની, તમે સાચનું ગાડું;
બ્રહ્માનંદ કેહે વઢવા જેવું, શીદ બોલો છો આડું.

કૃષ્ણ—આડું તો કાંઈ નથી બોલતા, દાણ દેને તું મારે;
નહી તો વીખાશે વાટમાં, મહી માટલું તારે.
ગરવ ભરી તું ગુજરી, જોબનની તું માતી;
દહાડી દહાડી સૌ દેખતા, દાણ ચોરીને જાતી.
કેહેજે જઈ તું કંસને, દાણ લાગે તે દઇને,
મોવડ આવે માનુની, વેહેલું દલ લઇને.
ગોપી—કરીયે નહી ઝાઝી કાનજી, પરનારીની હાંસી;
બલ તો તમારૂં જાણીએ, આવ્યાં છાં નાશી.
દહાડી અમે અહીં ચાલીએ, દાણ કે દિન દીધું;
ખોશો માં ઠાલી આખરૂ, કહીએ છઇએ સીધું.
લાડકવાયા લાલજી, એલફેલ ન બોલો;
બ્રહ્માનંદ કહે જોરાવરી, શીદ બાઝતા ડોલો.

કૃષ્ણ—મુજને અચંબો થાય છે, તું દીઠામાં છોટી;
સાચુ બોલ કોણે શીખવી, આવી વાતું રે મોટી.
મહીની મટુંકી ઉતારીને, આહીઆં આવ જે ઓરી.
નાની વયમાં નાર તું, શીખી દાણની ચોરી;

આવું રે રૂડું આજથી, તુંમાં લક્ષણ ભારી;
માન ઉતારીશ માનની, ધીરી રેહેને ધુતારી.
ગોપી—નાર રૂપાળી જોઇને, ઘેલા થાવ મા લાલા;
મોઘી છે રે માવજી, મહીની ગોળી વા'લા.
ધુતી કહી તેં મુજને, તમે મેણલું દીધું;
કોહોને તમારૂં કાનજી, અમે ધુતી શું લીધું.
લાજ ખોશો લાલજી, તમે માણસમાં ભારી;
બ્રહ્માનંદ કહે અમે જાણતા, તમને બ્રહ્મચારી.

કૃષ્ણ—મન મસ્તાની માનુની, ડાપણમાં ડોલું,
મુજને તે મોહ પમાડવા, મીઠું મીઠું રે બોલું.
ડાપણનું શું કામ છે, દાણ દેને તું મારૂં;
નહી તો આ ઘડીએ ફુટશે, મહી માટલું તારૂં.
એકલી વનમાં આથડે, છાં કેની રે છોડી;
રૂપ ઘણું તારા અંગમાં, લજ્જાની રે થોડી.
ગોપી—કોણ છો છોરા કુડીઆ, એવું બોલે છે આડી;
આવી રે વાતું તુજને, અહયા કોણે શીખાડી.
રહું છું રાજાનાં રાજમાં, મુજને કોણજ લુટે;
સમજીને રેહેજો વેગળો, મટુકી નહી ફુટે.
તું તો દાણી આવ્યો વાટનો, અમે સાંભળ્યું નોહોતું;
બ્રહ્માનંદ કહે ઘર નંદનું, જાશો ઓસરી સોતું.

કૃષ્ણ—બહુબોલી થા માં બોલકી, હું તો તુજને કહું છું;
માનુની તારા મેણલા, કહી વારનો સહું છું.
દોર ઘણો દરબારનો, મનમાં મહીઆરી;
ઠગ વિદ્યા તુજમાં ઘણી, તારી આંખ ઠગારી.
બાર વરસની બાલકી, ચોરીમાં બહુ શુરી;
કાયું નથી કોઈ વાતનું, લક્ષણમાં રે પુરી.
ગોપી—નાના રે સરખા નંદન, છેટે રેજો રે છોરા;
છેલ થયો તને જાણીયો, ઘાલ્યા ફુલનાં તોરા.
કુડા રે બોલા કાનુડા, હુંથી વેગળો રહેજો;
તુજ સરખી કોય નિલેજ, તેને જઇને કહેજો.

CENTRAL LIBRARY

ઉભા રહો અલબેલડા, તુંને કરશું રાજી;
બ્રહ્માનંદ કહે મહી નહી મળે, જડશે ગાળું ઝાઝી.

કવિ—છેલ છબીલો સાંભળી, વ્રજ વનિતાની વાણી;
રીશ ચડી વ્રજરાજને, મસ્તાની જાણી.
જોર કરીને જાદવે, મહી મટુકી ઉતારી;
મોહનજીએ મહી લૂંટયું, જોઈ રહી મહીઆરી.
કોડીલે વર કાનજી, મન ગમતું રે કીધું;
મહીની મટુકી માહેથી, પોતે પુરણ પીધું.
પાયું પછે સખા સાથને, મનુવાર કરીને;
ભેળા થઈ ગોવાળીએ, પીધું પેટ ભરીને.
બીજું તે ઢોળી નાંખીયું, મહી મટુકી રે ફોડી;
ફાડી તે નવરંગ ચુંદરી, વળી ખાવડી મરોડી.
મનમાં રીશાણી માનુની, કાંઈ દાવ નહી લાગે,
બ્રહ્માનંદ કહે રાવે ગઈ, જશોદાની આગે.

19. Muktanand (1761–1824 A. D.)

He was a leader of a group of Swāminārāyan Sādhus and held an important position in his order. He turned Sādhu at an early age and served his Guru faithfully He wrote the *Uddhava Gitā* which contains splendid verses of devotion (*bhakti*) and the *Sati-Gitā*. The latter describes in minute detail the charactristics of a chaste woman during and after the lifetime of her husband and also describes a wicked woman. His definition of a widow (*vidhavā*) is very wide. Under this term he understands every woman who is not directly attached to a husband. This work is a good mirror of the state of society in those days and is, therefore, quite interesting. Besides these two he has written several thousands of *padas*. His language is extremely simple, even homely, and yet it is powerful and appropriate.

I. Miscellaneous *Padas*.

(૧)

હું તો છું ઘણા નગરની નાર, તો એ તમારી રે;
તમે ગુણ સાગર ગોપાલ, દેવ મુરારી રે.
મને કરી કૃતારથ કાન, શ્યામ સુહાગી રે;
મારે ભવની ભાવટ આજ, સર્વે ભાંગી રે.
મારે અમૃત પુઠ્યા મેઘ, થૈ અનુરાગી રે;
મારે તમ સંગ ત્રીભુવન રાય, લગની લાગી રે.
મારા પુણ્યતણો નહીં પાર, તમ સંગ મળતાં રે;
મુક્તાનંદ કહે મહારાજ, અંતર ટળતાં રે.

(૨)

વાલા સુંદરશ્યામ સુજાણ, મારે ઘેર આવો રે;
મારા પ્રાણતણા આધાર, મન ઘણું ભાવો રે.

તારી વાંસલડી વ્રજરાજ, ચિતડું ચોરે રે;
તારા નયણાં નંદકુમાર, કાળજડું કોરે રે.
તારી ઘુઘરડીનો ઘોર, ઘમ ઘમ બોલે રે;
તે સુણતાં સુંદર શ્યામ, મન મારૂં ડોલે રે.
તારા ઝાંઝરનો ઝમકાર, અતી સુખકારી રે;
તારી છબી પર સુંદર શ્યામ, જાઉં બલીહારી રે.
વાલા ઉરે મુક્તાફળ હાર, સુંદર છાજે રે;
તેને નીરખી કોટિક કામ, શોભા લાજે રે.
વાલા એ છબી ઉરમાં નાથ, નિશદિન રેજો રે;
મુક્તાનંદ કહે મહારાજ, દર્શન દેજો રે.

(૩)

તમે મેર કરી મહારાજ, સામું જોયું રે;
તે દિનથી સુંદરશ્યામ, મને મારૂં મોયું રે.
મારી પશુ પંખીની પેર, તે તમે ટાળી રે;
મને કરુણાની દૃષ્ટે કહાન, રહો છો ભાળી રે.
મારા અવગુણીઆ આ વાર, મન નવ ધરતા રે;
રહો છો અધિક અધિક અલબેલ, કરુણા કરતા રે.
તારા ગુણ જોઈ ગિરધરલાલ, મનમાં હું હરખી રે;
હું તો જીવું છું જગદાધાર, તમને નીરખી રે.
મારે તમ થકી જગમાં કોઈ, નથી બીજું પ્યારૂં રે;
વાલા તન મન ધન ને પ્રાણ, તમપર વારૂં રે.
મારે મંદીર આવી માવ, મહા સુખ દેતા રે;
મુક્તાનંદ કહે મહારાજ, મન હરી લેતા રે.

(૪)

લગની લાગી રે, મારે લગની લાગી;
સખી શ્યામળિયા સંગાથે, મારે લગની લાગી. ટેક.
મીઠે સ્વરે મોહનજીની, મોરલી વાગી;
સાંભળતામાં ચટકી લાગી, ઝબકી જાગી. લગ.
વૃંદાવનની વાટે ચાલી, કુળલજ્જા ત્યાગી.
વાંસલડી વજાડતાં જોયા; શ્યામ સોહાગી. લગ.

રસિયા સંગે રમતાં સર્વે, બ્રહ્મણા ભાંગી;
મેં તો અખંડ સોહાગ લીધો, મૂખડે માગી લગ.
મુક્તાનંદ કે' પલ એક ન્યારો, નહીં મેલું વાલો;
શિરને સાટે ક્યાંથી મળે, નંદનો લાલો. લગ.

(૫)

ગિરધારી રે, સખી ગિરધારી. ટેક.
મારે નિરભે અખૂટ નાણું, ગિરધારી રે.
ખરચ્યું ન ખુટે, એને ચોર ન લુટે;
દામની પેઠે એ, ગાંઠે બાંધ્યું ન છુટે. ગિરધારી.
અણગણ નાણું સંચે અંતે, નિરધનીઆ જાય;
તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાય. ગિરધારી.
સંપત વિપત સર્વે, સ્વપ્નું જાણું;
હરિનાં ચરણની સેવા, પૂરણ ભાગ્ય પરમાણું. ગિરધારી.
મુક્તાનંદ કહે મોહનવરને, ઉરમાં ધારી;
હવે દુઃખને દારીદ્ર થકી, થઈ હું ન્યારી. ગિરધારી.

(૬)

સુખ પામી રે, સખી સુખ પામી;
હું તો શ્યામળીયાને શરણે જાતાં સુખ પામી. ટેક.
શણાગતને પાળે સદા, બહુ નામી;
મારે હરિનો ઉપર હાથ, કશી ન રહી ખામી. સુખ.
તપ ને તીરથ મેં તો, કાંઈ ન કીધું;
મારે ઘેર બેઠાં શ્યામ, થકી કારજ સીધું. સુખ.
સંસારીનું સુખડું જુઠું, આવે ને જાયે;
હરિનો અખંડ સોહાગ, કેદિ કાળ ન ખાયે. સુખ.
મુક્તાનંદ કહે હરિજન કેરી, ગતી છે ન્યારી;
તેને દેહ દરસી દેખે, પોતા જેવા સંસારી. સુખ.

(૭)

આજની ઘડી રે, ધન આજની ઘડી;
મારે પ્રભુજી પધાર્યા, ધન આજની ઘડી. ટેક.

જેની નિત્યે વાટ જોતાં, જરૂખે ચડી;
તે તો અમપર આવ્યા, કરતા અમૃત ઝડી. આજ.
પીયુજી પધાર્યા, એવી ખબર જડી;
ઉમંગેસું ઉઠી હું તો, તજી આ ખડી. આજ.
મારા મનમાં લોકડીયાની, નાવે લાજડી;
હરિને જોઈ જોઈ જીવું, એવી ટેવ પડી. આજ.
મુક્તાનંદ કહે મોહન સાથે, લાગી પ્રીતડી;
તેને સ્વપ્ના જેવો સંસાર, ન શકે નડી આજ.

(૮)

હરિ ગુણ ગાતાં, દુરીજનીયાનો ધડક ન મનમાં ધારિયે;
શીરને સાટે સાસ ઉસાસે, સુંદર વર સંભારિયે. ટેક.
જે સાચું સ્મરણ આદરે, તેનો મૂરખ માણસ દ્રોહ કરે;
તે ઉલટો નિજ શીર ભાર ભરે, હરિ ગુણ ગાતાં.
જે સુરજ સામી રજ નાંખે, તે ઉલટી આવી પડે આંખે;
રવિ રોષ રાગ મન નવ રાખે, હરિ ગુણ ગાતાં.
એમ સમજી મન દઢ રાખીયે, મુખ કાયરતા નવ ભાખીયે;
તન પ્રભુપર વારી નાંખીએ, હરિ ગુણ ગાતાં.
તન મન ધન હરિ ચરણે ધરે, તેને સુંદર શ્યામ સહાય કરે;
કહે મુક્તાનંદ તારે ને તરે, હરિ ગુણ ગાતાં

(૯)

સર્વે માન તજી, શ્યામળીયા સંગાથે મન દઢ બાંધીયે;
તજી લોક લજ્યા સાધુજન સંગાથે પ્રીતિ સાંધીયે. ટેક.
જે સાધુજનનો સંગ કરે, તેના કામાદિક સંતાપ હરે;
તેનું મન લઈ મોહન ચરણે ધરે, સર્વે માન તજી.
એમ હરિ ભજતાં મોટમ પામે, તેનાં જન્મ મરણનાં દુઃખ વામે;
ફરી મન ન ચઢે બીજે ભામે, સર્વે માન તજી.
ધ્રુવઆદિ અચળ થયા હરિ સેવી, તેની શિખામણ મન ધારી લેવી;
ભક્તિ પણ કરવી તે જેવી, સર્વે માન તજી.
દુરિજનના સંગથી દૂર રહીયે, હરિજનનો અવગુણ નવ લઇયે;
મુક્તાનંદ દાસના દાસ થઇયે, સર્વે માન તજી.

CENTRAL LIBRARY

(૧૦)

તન ધન જાતાં, હરિજન હોય, તે હરિ ભક્તિથી નવ ચળે;
જેમ નાર સતી, સર્વે મમતા છોડી પતિ સંગે બળે. ટેક.
જુવો પ્રહ્લાદે પણ નવ છોડયું, નિજ તાતતણું સગપણ તોડયું;
દઢ કરી મોહનસંગ મન જોડયું, તન ધન જાતાં.
જુવો હરીશ્ચંદ્રે હરિ નવ તજ્યા, પરઘેર વેચાઈ પ્રભુને ભજ્યા;
ત્યારે મોહન મનમાં રીજ્યા, તન ધન જાતાં.
જુવો બળિનું મન નવ હારીયું, ગુરુ વચન હૃદે નવ ધારીયું;
તન મન ધન પ્રભુપર વારીયું, તન ધન જાતાં.
એવી દઢતા ધારે તે સુખીયા, તે ઠોય કાળે નવ હોય દુઃખીયા;
કહે મુક્તાનંદ તે મહા સુખિયા, તન ધન જાતાં.

(૧૧)

હરિજન થઇને, હાણુ વરધ સુખ દુઃખ મનમાં નવ ધારીયે;
ટાળ્યા નવ ટળે, ઘટ સાથે ઘડીયા હિંમત નવ હારીયે. ટેક.
જુવો ધ્રુવજી મહા દુઃખીયા કાવ્યા, તે સુખ દુઃખ મનમાં નવ લાવ્યા.
ત્યારે મોહનના મનમાં ભાવ્યા, હરિજન થઇને.
જુવો વસુદેવ દેવકી બંધ રહ્યાં, બહુ કાળે બંધન દૂર થયાં;
હરિ પુત્ર તોય મહા દુઃખ સહ્યાં, હરિજન થઇને.
જુવો પાંડવ હરિને અતિ પ્યારા, જેથી પલ એક નાથ ન રે ન્યારા;
તે વન ભટકયા લઈ સંગ દારા, હરિજન થઇને.
એમ સમજી હરખ શોક તજીયે, થઈ એકમના પ્રભુને ભજીયે;
કહે મુક્તાનંદ હરિને ભજીયે, હરિજન થઇને.

(૧૨)

નર નારાયણ કેહતા રે, કે કેમ તું લાજે છે;
તારા શીરપર વેરી રે, કે જમડા ગાજે છે.
જમ દૂત જોરાવર રે, કે લેશે તારા પ્રાણ હરી,
તારાં સગાં ને સબંધી રે, કે રેહશે હાય હાય કરી.
જેને કાજ કરે છે રે, કે કુકર્મ અતિ ભારી;
તે તો સંગ ન ચાલે રે, કે નવ જોબન નારી.

જશો પાપ પોતાને રે, કે નરકમાં જમ સંગે;
પીશે લોહી તે તારૂં રે, કે ચીરી ચીરી સર્વ અંગે.
એવું સમજી વિચારી રે, કે શ્રી હરિને ભજજો;
મુક્તાનંદ સત્ય કેહછે રે, કે સરવે કુકર્મ તજજો.

(૧૩)

બદ્રીનાથને સેવો રે, કે કુમત્યને દુર કરી;
એ છે સર્વના સ્વામી રે, કે પ્રગટ પ્રમાણ હરિ.
જેનું ધ્યાન ધરે છે રે, કે મહામુનિ શુક જેવા;
જેના પદ પંકજની રે, કે કરે કમળા સેવા.
એવા નરનારાયણ રે, કે ભજે તેનાં કષ્ટ હરે;
એને ઈષ્ટ જે જાણે રે, કે તે તો કુળ સહિત તરે.
વહાલો નિજ તપનું ફળ રે, કે સૌને આપે છે;
ધરી રૂપ અલૌકિક રે, કે ભવ દુઃખ કાપે છે.
એવા પ્રગટ પુરુષને રે, કે ભજે ભમણા ત્યાગી;
મુક્તાનંદ હરિ ભજીને રે, કે થાઓ સર્વે બડભાગી.

(૧૪)

નર નારાયણ ભજજો રે, કે શુદ્ધ થઈ નર નારી;
સાચા સંતની વાણી રે, કે લેજો ઉરમાં ધારી
ખર શબ્દ સરીખી રે, કે દુરીજનની વાણી;
તેને ઉરમાં ન ધરજો રે, કે દુઃખદાયક જાણી.
કામી ક્રોધી ને લોભી રે, કે લંપટ જે ભમરા;
તેને સત્ય ન ગણશો રે, કે તે તો જમદુત ખરા.
કહી સત્ય શીખામણ રે, કે તે તો નિંદા કેહ છે;
તે તો જમપુર કેરાં રે, કે દારુણ દુખ સેહ છે.
સત્ય અસત્યને સમજી રે, કે ભાવે હરિ ભજન કરો;
મુક્તાનંદ કહે નારાયણ રે, કે નામે ભવસિંધુ તરો.

(૧૫)

અનુભવી આનંદમાં, બ્રહ્મ રસના ભોગી રે;
જીવન મુક્ત જોગીયા, અંતર અરોગી રે. અનુ.
જે શીખે ને સાંભળે, ત્રિપુટીને તાને રે;
મનનું કૃત્ય તે મન લગી, અસત્ય માને રે. અનુ.

જ્યાં લગી વિસ્તર્યો, મૃગતૃષ્ણા પ્રાણી રે;
તેમાં મોહ ન પામે મહામુનિ, સ્વપનું પ્રમાણી રે. અનુ.
જે વડે આ જક્ત છે, તેને કોઈ ન જાણે રે;
મુક્તાનંદ કેહ ગુરુ મુખી, તે સુખડાં માણે રે. અનુ.

(૧૬)

અનુભવીને આપદા, અંતરથી ભાગી રે;
અંતરજામી ઓળખ્યા, ત્યાં લગની લાગી રે. અનુ.
ઉરમી ને ત્રણ ઈષણા, અહંતાને ત્યાગી રે;
જક્ત જીવન જોઇને, ત્યાં બુધી જાગી રે. અનુ.
ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે;
તેથી અનુભવી અળગા રહે, ત્રય તાપ આગી રે. અનુ.
અષ્ટ સિદ્ધિ નવ નિધિ તે, નિર્માલ ત્યાગી રે;
મુક્તાનંદ કેહ ગુરુ મુખી, રહે રામ રાગી રે. અનુ.

(૧૭)

અનુભવીને અંતરે, રહે રામ વાસે રે,
તે બોલે તે સાંભળે, દૃષ્ટિ પ્રકાશે રે. અનુ.
જ્યાં જુવે ત્યાં રામજી, બીજું ન ભાશે રે;
ભાત દેખી ભુલે નહી, અનુભવ ઉજાશે રે. અનુ.
કેશરી કેરા ગંધથી, કરી કોટ ત્રાશે રે;
આતમાના ઉદ્યોતથી, આજ્ઞાન નાસે રે. અનુ.
હું ટલ્યે હરિ ઢુકડા, તેટલાય દાસે રે;
મુક્તાનંદ મહા સંતને, પ્રભુ પ્રગટ પાસે રે. અનુ.

(૧૮)

અનુભવી આનંદમાં, ગોવિંદ ગાયે રે;
પ્રીત કરી પરિબ્રહ્મસું, ભવમાં ન આવે રે. અનુ.
મરજીવાને મારગે, જન કોઈક જાયે રે;
પેહલું પરઠે મોત તે, મુક્તાફળ લાહે રે. અનુ.
વેગે વહેતા વારિમાં, પ્રતિબિંબ ન ભાસે રે;
તેમ ડગમગે દિલ જહાં લગી, નવ બ્રહ્મ પ્રકાશે રે. અનુ.
બ્રહ્મરૂપ થઈ બ્રહ્મને, જોવે તે જાણે રે;
એવા જીવન મુક્ત જનના, ગુણ દેવ વખાણે રે. અનુ.

CENTRAL LIBRARY

કાયા માયા કૂડ છે, જેમ વ્યોમ છાયા રે;
મુક્તાનંદ ગુરુ મુખીમાં, પદ સમાયા રે. અનુ.

II. From સતીગીતા.

1. Who is a vidhavā ?

શુભ કુળ શુભ ગુણ રૂપ ઉદારજી, જોઈ યોગ્ય વર કરે નિરધારજી.
વિધિવત રીતે આપે તાતજી, તે તો સુવાસણ ત્રિય સાક્ષાતજી.

સુવાસણીથી ઇતર નારી, તે વિધવા કહેવાય;
તેનાં લક્ષણ કહું હવે, જેમ શ્રુતિ સ્મૃતિ ગાય.
જ્ઞાન વૈરાગ્ય કે ભક્તિને બળે, ન બળી પતિ સંગ જોય;
ધર્મે પાળ્યાને બળે, ન બળી પતિ સંગ કોય.
સુંદર સુતનું બળ ચઢી, પતિ સંગ ન બળી હોય;
એ રીતે તન નવ તજે, વિધવા કહાવે સોય.
જે વનિતા વૈરાગ્યવંતી, વિષય થકી ઉદાસ;
શ્રીહરિને નિજ પતિ ગણે, ત્યાગે અન્ય સુખની આશ.
પ્રાકૃત નર અતિ તુચ્છ જાણી, ન પરણી જે નાર;
તે પણ વિધવા જાણવી, જે થવા ઇચ્છે ભવ પાર.
જે વનિતાને તપ જ વહાલું, દૃઢ મતિ નિષ્કામ;
બાળપણાથી હરિ ભજે, ઉર ધરે પ્રભુ સુખ ધામ.
તે સર્વે વનિતાઓ વિધવા, સંન્યાસી સમ એહ;
મુક્તાનંદ કહે માનની સર્વે, સાંભળો ધરી નેહ.

2. The devotion of a true wife.

(૧)

એક સુતવાનને સુત સંગ પ્રીતજી, જેમ હરિજન રહે હરિસું વિનીતજી;
એક નેત્રવાનને નેત્રમાં હેતજી, જેમ તરસ્યાને જળમાં સ્નેહજી.

સ્નેહ જળમાં તૃષાવંતને, ભૂખ્યાને અન્નમાં પ્યાર;
કામીને પરનારસું, રહેશે જેમ અપાર.
ચોરને પર ધન વિષે, રહે પ્રીત સહેજે જેમ;
દુષ્ટ નારને જાર સંગે, જેમ છે પ્રેમનું નેમ.

CENTRAL LIBRARY

પંડિતને જેમ શાસ્ત્રમાં, રહે સહેજ સ્વભાવે હેત;
વેપારી વેપારનો કરે, ઉદ્યમ પ્રેમ સમેત.
એજ રીતે પ્રીતિ નિરંતર, સતીને રહે પતિ સંગ;
મન રહે નિજ પતિ વિષે, અતિ રાચે પતિને રંગ.
પતિવ્રતા વિનતાતણા, કહું ધર્મ પર્મ ઉદાર;
સતીને સેવ્યા જોગ છે, જેણે લહે પતિત ભવ પાર.
પતિવ્રતા વનિતાઓને, પતિ તેજ ઈશ્વર રૂપ;
પતિને સેવે ભક્તિથી, જાણી ઈશ્વર અનૂપ
પ્રભાતે ઉઠી નાહીને, રાખે તે સુંદર સાજ;
મુક્તાનંદ કહે પતિવ્રતા, નવ લોપે પતિની લાજ.

(૨)

સતી ન કલંક ધરે કોઇને શીશજી, કોયસું ન વઢે કરી બહુ રીસજી;
પતિવ્રતા નારીને પતિ એ દેવજી, સતી શુદ્ધ મને કરે પતિ સેવજી.

શુદ્ધ મને કરી સેવે પતિને, ન લોપે વચન લગાર;
પતિનો અવગુણ એક ન ધારે, રાખે પૂરણ પ્યાર.
નપુંસક રોગી દરિદ્રી, વૃદ્ધ બુદ્ધિનો હીન;
પતિ સમર્થ કે રંક જેવો, સતી સેવે થઈ દીન.
પતિને હરખે હરખ જેને, પતિને કલેશે કલેશ;
સંપત વિપત એક સરખી, ધર્મ ન તજે લેશ.
ઘૃત લવણ ને તેલ આદિ, જ્યારે તે ઘરમાં ન હોય;
સતી એ દુઃખની વારતા, પતિ આગળ ન કરે તોય.
જે જે કામ કર્યાં થકી, પતિને તે પરિશ્રમ થાય;
પતિવ્રતા તે કામ સારુ, પતિની પાસ ન જાય.
બહારથી જ્યારે પિયુ પધારે, દેખી હરખ અપાર;
વેગ આસન જલ દઈ, કરે પાન બીડી તૈયાર.
વીંઝણો લઈ વાસર નાખે, પગ દાબે કરી પ્રીત;
મુક્તાનંદ કહે પતિવ્રતાની, એજ ઉત્તમ રીત.

(૩)

મધુર વચણ કહે પર્મ રસાળજી, જે સુણી ખેદ ટળે તત્કાળજી;
ભક્તિ સહિત જોડે બેઉ હાથજી, પ્રેમે ભરી બોલે પિયુ સાથજી.

પ્રેમે ભરી પિયુ સાથ બોલે, પતિજ જેને દેવ;
પતિ ગુરુ પતિ ધર્મપાલક, તીર્થ વ્રત પતિ સેવ.
તે માટે સતી નારને, રાખવું પતિનું માન;
સતીને પતિનું કોય પ્રકારે, ન કરવું અપમાન.
દેવ મનુષ્ય ગાંધર્વ વિષે, બહુ આભણયુક્ત જુવાન;
રૂપવંત ધનવંતને સતી, દેખે નર્ક સમાન.
પતિની કેડે વતેવું, જેમ ઓછાયો દેહ સાથ;
એમ કહી વિવાહમાં, દ્વિજ ઝલાવે પતિ હાથ.
પતિ આજ્ઞા લઈ કરી, સતી કરે વ્રત ઉપવાસ;
નિત્ય નિમિત્ત સૌ કર્મ જે, તે પતિને વચને પ્રકાશ.
કહ્યા એ સર્વ નિયમમાં, જો ભંગ કોઇનો થાય;
સતી એ પાપ નિવારવા, કરે વેગે તેજ ઉપાય.
પ્રભાતે જાગવા આદિક, નિયમ સતીના જેહ;
મુક્તાનંદ કહે દઢ કરી, નિત્ય રાખે સાધવી તેહ.

(૪)

સતી નારને પતિ સંગ પ્યાર રે,
પતી સેવા ન ચૂકે લગાર રે;
નિજ ધર્મે રાખે દઢ તેહ રે,
તેમાં ભૂલે ખંડિત થાય જેહ રે.
તેનો એક એક કરે ઉપવાસ રે,
ત્યાગે પતિવ્રતા તન સુખ આશ રે;
સતી સુર ને સંતની રીત રે,
સૌથી ન્યારી ને પરમ પુનીત રે.
સતી પતિ સંગ બળવાને જાય રે,
પાછી ભાગે તો ભ્રષ્ટ કહેવાય રે;
શૂરો રણમાં જઈ પાછો ભાગે રે,
તેના કુળને તે લાંછન લાગે રે.
ત્યાગી થઈ ને વિષયમાં લોભાય રે,
તે તો શ્વાનથી નીચ કહેવાય રે;
મુક્તાનંદ કહે સતી એમ જાણી રે,
રાખે નિજ ધર્મ પરમ શયાણી રે.

CENTRAL LIBRARY

3. A true wife is a true saviour.

(૧)

સતી તન રોમ સંખ્યા નિરધારજી, તેટલી કોડના દશ હજારજી;
રમે પતિ સંગ સ્વર્ગમાં સોયજી, મહા સુખ પામે વિઘ્ન ન કોયજી.

મહાસુખ પતિસંગે ભોગવે, નિત્ય ગોવિંદના ગુણ ગાય;
એવી મહા સતી પતિવ્રતાનો, મહિમા કહ્યો ન જાય.
ધન્ય તે માત ને તાત સતીનાં, ધન્ય પતિગુણવંત;
જેને ઘેર એ પતિવ્રતા, નિત્ય ભજે શ્રીભગવંત
સો જન્મનાં પુણ્યનો, સંચય તે જેહને હોય;
તેને ઘેર એવી પતિવ્રતા, એવી સુભાગી નારી સોય.
માત તાત ને પતિતણી, ત્રણ ત્રણ પેઢી જેહ;
પતિવ્રતાના પુણ્યથી, પામે સ્વર્ગનું સુખ તેહ.
અકારજ કરનાર જે, વળી પતિત શુભ ગુણહીણ;
એવા પતિને સતિ ઉદ્ધારે, પોતાને તારે પ્રવીણ.
સૂરજ ચંદ્ર ને વાયુ સતીને, સ્પર્શે કરે ધરી ત્રાસ;
શુદ્ધ થવા સતીને પરસે, અન્ય નહીં ઉર આશ.
તીર્થ જે પૃથિવી વિષે, તેનો સતિને ચર્ણે વાસ;
મુક્તાનંદ કહે પતિવ્રતાનો, સૌથી પરમ પ્રકાશ.

(૨)

સુર મુનિ સિદ્ધ તપસ્વી જેહજી, સૌનું તેજ સતી તન વસાયજી;
સતીની ચરણરજનો મહિમાયજી, જેણે સર્વ ભૂમિ શુદ્ધ થાયજી.

થાય ભોમી શુદ્ધ સર્વે, ચરણરજ પ્રતાપ;
પાપી કરે પ્રણામ સતીને, તેનાં જાય સૌ પાપ.
સતી પોતાને તેજે બાળે, ત્રિલોકી તત્કાળ;
પતિવ્રતા મહા પુણ્યવંતી, જેનું તેજ વિશાળ.
અરુંધતી સાવિત્રી સરખી, પતિવ્રતા બળવાન;
સત્યરૂપા કમલા સતી સમ, ભજે શ્રીભગવાન.
શાંડિલી, મેના, સુનીતિ, તે સરખી સતી સોય;
સંજ્ઞા, સ્વાહા, લોપામુદ્રા, એવી તે વિરલી કોય.

કહી જે નારી પતિવ્રતા, તેના ત્રણ પ્રકારના ભેદ;
ઉત્તમ મધ્યમ ને કનિષ્ઠ, વખાણે નિત્ય વેદ.
ત્રણને મધ્યે કનિષ્ઠા તે, પાળે સતિના ધર્મ.
પતિથી ઇચ્છે કામ સુખને, દેખાડે બહુ મર્મ.
શૃંગાર કરી સમિશ્ર જે, કરે હાવભાવ અપાર;
મુક્તાનંદ પતિને ગમે, સતિ કરે તે જ પ્રકાર

(૩)

રૂપ ને ગુણ પર નરનાં જોઇજી, તે સંગ મન રહે મોહીજી;
મન વશ કરતાં હારી જાયજી, દેહે કે વચને ભ્રષ્ટ ન થાયજી.

વચન દેહને શુદ્ધ રાખે, મન નિકળ થઇ જાય;
એવાં લક્ષણ જેહનાં તે, સતી કનિષ્ઠ કહેવાય
મધ્યમ સતી ધર્મે સર્વે, રાખે દૃઢ કરી સોય;
પતિ સેવ્યામાં પ્રેમ અતિશે, તન સુખ ન ગમે કોય.
પોતાના પતિથી અધિક, ધન રૂપ ગુણ કરી જેહ;
જુવાન નરને જોઇને, સર્વે અંગે ન ચળે તેહ.
દૈવ જોગથી દેશ કાળ ને, ક્રિયા સંગ મળે તે વાર;
મને કે દેહે પરપુરુષ સંગ, પામે નારી વિકાર.
તે વિના અન્ય પુરુષનો, સ્વપનામાં સંગ ન લેશ;
ક્યાંય ન મન ડગવા દીયે, રાખે ધીરજ ધર્મે વિશેષ.
પતિ થકી પણ કામ સુખને, કદીયે ન ઇચ્છે એહ;
પતિનું આપેલ પતિવ્રતા, સુખ ભોગવે કરી સ્નેહ.
કહ્યાં એ લક્ષણ જેહનાં, તે મધ્યમના આચાર;
મુક્તાનંદ કહે મધ્યમ સતી, ન તજે ધર્મે લગાર.

(૪)

ઉત્તમ પતિવ્રતા તેહનું નામજી, પ્રથમ કહ્યા તે ધર્મનું ધામજી;
સર્વે ધર્મે સેવે કરી પ્યારજી, પતિવ્રતા ન ચળે ધર્મેથી લગારજી.

ન ચળે લગારે ધર્મેથી, એ ઉત્તમ સતીની રીત;
પોતાના પતિને તજી, સતીને ન અન્યસું પ્રીત.
ધન જોબન ગુણ રૂપવંતો, દેખી પુરુષ સુવેશ,
મન કર્મ વચને પતિવ્રતા, નવ ચળે ધર્મેથી લેશ.

CENTRAL LIBRARY

દેશ કાલાદિક વિષમ આવે, તોય ન મન ચળી જાય;
પતિવ્રતાને અન્યપુરુષનો, મનમાં ઘાટ ન થાય.
સન્નિપાતાદિક રોગ અથવા, કેફનો કરનાર;
સતીને અન્ય સંગ નિજ પતિની, ભ્રાંતિ ન થાય લગાર.
પ્રેમ ભરી સેવા કરે, પતિથી ન ઇચ્છે કામ;
નિજ ધર્મમાં અતિ રુચિ, પતિ સેવામાં સુખ ધામ.
આગ્રહે કરી પ્રેમે કરી, પતિ કામ સુખ કરે દાન;
ભાવ વિના તે ભોગવે, તેને જાણે કષ્ટ સમાન.
જે લીંબુ ભક્ષણ કરે, તેણે ચણા કેમ ચવાય;
મુક્તાનંદ કહે ઉત્તમ સતીને, એમ વિષય ભોગવાય.

(૫)

સતી સેવે છે પતિને એવી રીતે રે
ધરે ઉરમાં હરિને અતિ પ્રીતે રે;
દેહ પોતાનો ને પારકો છે જેહ રે,
સતી નર્ક સમાન ગણે તેહ રે.
ભજે કમલાપતિને કરી પ્રીત રે,
જાણી અતિશે ઉત્તમ રસ રીત રે;
સતી સેવે છે પતિને ગ્રહી લાજ રે,
તે તો કૃષ્ણને રીઝાડવાને કાજ રે.
પતિ પરણી લાવે જો અન્ય નાર રે,
સતિ ન કરે શોક લગાર રે;
સામું રાજી રહે થાય તેની દાસી રે
ભજે અંતરે અખંડ અવિનાશી રે.
એવી ઉત્તમ સતી જે જગમાંહી રે,
અતિ દુર્લભ ખોળી ન જડે ક્યાંઇ રે;
મુક્તાનંદ કહે પતિવ્રતા સોય રે,
પાપ દૃષ્ટિએ ન દેખી શકે કોય રે.

4. The true woman's prayer.

(૧)

રસીયા વર રણછોડ છોગાળા, સાંભળો વિનતિ અમારી રે;
મર્માળા મુને જાણી પોતાની, હાથ ગ્રહો ગિરધારી રે.

મનમોહન મેં મન કર્મે વચને, તન મન તમને દીધું રે;
સમજી વિચારી શ્યામળીઆ વહાલા, બીજું તે વિષે સમ કીધું રે.
ચાત્રકના સરખી સુખકારી, ટેક ધરી તમ સંગે રે;
અવરે પુરુષની આશ તજીને, રાચતી તમારે રંગે રે.
નાથ હું નહીં કોઈની ઓશીયાળી, તમ જેવા પતિ પામી રે;
છેલા તમારાં છોગાલાં ઉપર, મોહી રહી બહુ નામી રે.
ચરણકમલની સેવા દઈને, નાથ કરો નિજ દાસી રે;
રંગ ભીના મારે મંદિરીએ, અખંડ રહો અવિનાશી રે.
કર જોડી મેં તો કીધી વિનતિ, મન ધારો શ્રીમોરારિ રે;
મુક્તાનંદના શ્યામ મનોહર, અમને છે આશા તમારી રે.

(૨)

ગોવિંદ માધવ દીનદયાળજી, શ્રીપતિ દીનબંધુ પ્રતિપાળજી;
મન ને નયનના આનંદ ધામજી, દિવ્ય મૂર્ત્તિ પ્રભુ સુંદર શ્યામજી.

દિવ્ય મૂર્ત્તિ શ્યામ સુંદર, ઇંદ્ર નીલમણિ શ્યામ;
તે સરખી મૂર્ત્તિ મનોહર, અધિક શોભા ધામ.
શ્રીરુક્મિણી પતિ મુજને, જાણજો નિજ દાસ;
રક્ષણ કરજો શ્રીહરિ, નિત્ય આપી નિકટ નિવાસ.
કંસાદિક દુષ્ટના દમતલ, અખિલ જગના ઈશ;
કમળ શંખ ને ચક્રધારી, શોભો છો જગદીશ.
પ્રણતપાલ દયાલ છો, વળી ગદાધર ગોવિંદ;
શ્રીદ્વારામતી ઇંદ્ર છો, વળી પૂરણ કામ સ્વચ્છંદ.
શ્રીરુક્મિણીના રમણ અમને, પાળો પર્મે દયાળ;
અતિ સમર્થ આનંદ મૂર્ત્તિ, કાળના પણ કાળ.
શરદ પૂનમ ચંદ્ર સરખું, વદન પંકજ જેહ;
મંદ હાસ્ય સહિત શોભે, અતિ મનોહર તેહ.
ભૂને ભાર સ્વરૂપ જે, નૃપસેનના હણનાર;
મુક્તાનંદના નાથ અમને, પાળો પ્રાણ આધાર.

(૩)

આનંદ કંદ જદુનંદન ધીરજી, શેષના બંધુ પરમ ગંભીરજી;
પાળજો અમને પ્રાણ આધારજી, શ્રીરુક્મિણી પતિ સુખદાતારજી.

શ્રીરુક્મિણીના પતિ સુખદાતા, પ્રભુ પ્રદ્યુમ્નના તાત;
સભા સુધર્મા ઇંદ્રની, તેમાં બેસતલ સાક્ષાત.
સત્યભામા રીઝાવવા, પારિજાતક લાવણહાર;
સોળ હજારે સુંદરીના, એક તમે ભર્તાર.
શ્રીરુક્મિણી રમણ અમને, પાળો જન પ્રતિપાળ;
શરણાગત વત્સલ સદા તમે, કહાવો દીનદયાળ.
પોતાના પાંડવ ગણી, તેનું તે કરવા હિત;
અર્જુનના થયા સારથી, હણ્યા કૌરવ કર્ણે સમેત.
દ્રૌપદીનું જય વાંચ્છિત, કલ્પતરુ તે કાજ;
ગરુડધ્વજ સારંગપાણિ શ્રીરાજાધિરાજ.
શ્રીરુક્મિણી રમણ અમને, પાળો ગુણ ભંડાર;
ઇંદ્રાદિકને વંદન કરવા, જોગ છો કીરતાર.
ધર્મના મારગ તણી, તમે સેતુના રચનાર;
મુક્તાનંદના નાથ તારા, ગુણ અનંત અપાર.

(૪)

રૂડા દ્વિજને દઈ બહુ દાનજી, મગ્ન કરો છો કૃપાનિધાનજી;
હરે મુરારે શ્રીભગવાનજી, નારદાદિ મુનિ કરે ગુણ ગાનજી.

શ્રીનારદ આદે મુનિ જેના, તે ગુણ નિત્ય ગાય;
શ્રીરુક્મિણી વર અમારી, કરજો નાથ સહાય.
કરુણાના સાગર સદા, વળી કરતલ ભવ જલ પાર;
પતિત પાવન નામ જેનું, મુક્તિના દાતાર.
છો નર દેવ શિરોમણિ, વળી ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ;
શ્રીરુક્મિણી રમણ અમને, પાળો દીનદયાળ.
સંસાર દુઃખથી ખેદ પામી, શરણ આવે જંત;
તેની રક્ષાને વિષે તમે, ઉદ્યમ યુક્ત અનંત.
ઉદ્ધવને વિષે અર્પિયું, તમે નિર્મળ જે નિજ જ્ઞાન;
અનંત જન ઉદ્ધારવા, કર્યા પરમારથ ભગવાન.
નાનાવિધ અવતાર ધારી, પાળ્યા સાધુ લોક;
શ્રીરુક્મિણી રમણ અમને, કરજો સદા અશોક.
મન કર્મે વચને માહરૂં, હવે માન્યું તમસું મન;
મુક્તાનંદના નાથ મારૂં, તમ અર્થે આ તન.

CENTRAL LIBRARY

(૫)

મુજને ભય આ લોક પરલોકજી, તમે સમર્થ નિવારણ ભય શોકજી;
તે માટે પતિ શબ્દ છે જેહજી, તમમાં સાચો છે પ્રભુ તેહજી

સત્ય છે પતિ શબ્દ તમમાં, એમ જાણીને શ્યામ,
મેં તમને નિજપતિ કર્યા, સમજી સદા સુખ ધામ.
તપ અચૈન સાધન વડે, આરાધી તમને કોય;
તમ વિના અન્ય પતિ વરે, અતિ ભૂલી વનિતા સોય.
તમારી માયા વિષે, અતિ મોહ પામી નાર;
ડર આ લોક પરલોકમાં, ન ટળે તેણે એક લગાર.
તે માટે મેં તપ વ્રતાદિક, ધર્મ પાળ્યા જેહ;
તે તમને રીઝાડવા, તેમાં તે નહીં સંદેહ.
તે માટે તમે રાજી થઇને, મારો મનોરથ નાથ;
સંપૂરણ કરો શ્રીહરિ, રાખો સદા નિજ સાથ.

III. From ઉદ્ધવગીતા.

1. Uddhava describes to Jasodā and Nanda the glory of Hari

(૧)

સુણો નંદજી કહું એક વાત, તમે જાણ્યા હરિ સાક્ષાત;
તેણું પ્રિત અપાર તમારે, તમે વંદવાજોગ અમારે.
તમે વિશ્વ સકળને છો વંદ્ય, પુત્ર જેના પ્રગટ ગોવિંદ;
એવું જાણીને આનંદ પામી, ભજો કૃષ્ણ ચરાચર સ્વામી.
એ તો વિશ્વનું બીજ છે ઇશ, જાણો રામકૃષ્ણ જગદીશ;
સૌમાં વ્યાપક સૌથી ન્યારા, સરવેશ્વર પુત્ર તમારા.
એમ અંતસમે મન ધારી, ત્યાગે જે સમજી વિચારી;
તેના કર્મ સરવ બળી જાય, બ્રહ્મરૂપ તે મુક્ત કહેવાય
એવા નારાયણ નર જાત, જગકારણ જગવિખ્યાત;
તમને પ્રીત અખંડ તે માંહી, હવે કહ્યું રહ્યું નથી કાંઈ.
વ્હેલા આવશે કૃષ્ણ મોરારિ, તમને મળવા તે મહાસુખકારી;
ભગવાન જદુપતિ જેહ, નિશ્ચે આવશે નહિ સંદેહ.

CENTRAL LIBRARY

મામો કંસ મંડપ મધ્યે મારી, તમને જે જે કહ્યું ગિરિધારી;
તે તે સત્ય કરશે બહુ નામી, વ્હાલો મુક્તાનંદનો સ્વામી.

(૨)

સુણો નંદ જસોદા માત, તમે દેખશો હરિ સાક્ષાત;
એનો સર્વના ઉરમાં નિવાસ, જેમ કાષ્ઠમાં અનળપ્રકાશ
વ્હાલો વેરી પ્રભુને ન કોય, સમદૃષ્ટિ જગત ગુરુ સોય.
એને ઉત્તમ અધમ ન કોય, ભક્તિવાન વ્હાલાં જન સોય.
એને નહીં કોઈ માત ને તાત, નહિ ભારજા પુત્ર ને ભ્રાત;
એને પોતાનું પર ન કહેવાય, નહિ દેહ જનમ કલપાય.
ઊંચ નીચ મધ્યમ તનમાંઈ, એને કર્મ ન સંભવે કાંઈ;
તોય સંતનિ રક્ષાને કાજ, શુભ ચરિત્ર કરે વ્રજરાજ.
સત્વ રજ તમ ગુણ કહેવાય, એને ભોગવી નવ્ય બંધાય;
ખેલે ગુણમાં ને નિર્ગુણ જેહ, ત્રજે પામે હરે જગતેહ.
એવા સમર્થ કૃષ્ણ મોરારિ, જેને ભજને ટળે ભ્રમ ભારી;
નિરલેપ નિરંજન જેહ, થયા કૃષ્ણસ્વરૂપે તેહ.
એનો મહિમા છે અનંત અપાર, કેતાં શેષજી પામે ન પાર;
કૃષ્ણ નિર્ગુણ અંતરજામી, એ છે મુક્તાનંદના સ્વામી.

(૩)

નંદરાય સુણો નિર્ગુણ મોહન, કૃષ્ણદેવ સુખકારી રે;
પુત્ર નહિ પુરુષોત્તમ કેના, લેજો વાત વિચારી રે. નંદ.
સર્વોત્તમ એ પુત્ર સહુના, માત પિતા એ જાણો રે;
સર્વમાં પૂરા સર્વથી ન્યારા, પ્રગટયા શ્રીકૃષ્ણ પ્રમાણો રે. નંદ.
અનંત બ્રહ્માંડના એ જ છે કર્તા, પુરુષોત્તમ પરિબ્રહ્મ રે;
કૃષ્ણ વિના કર્તા નથી બીજો, એ જ અલૌકિક કર્મ રે. નંદ.
ચૈતનરૂપ સામળીયો વ્હાલો, વેદ વદે એમ વાણી રે;
મુક્તાનંદના નાથને સેવો, જન સુખાકારી જાણી રે. નંદ

2. The Gopis remember Krishna's deeds.

(૧)

ચરિત્ર સંભારીરે, કપટી કૃષ્ણનાં રે,
તનડામાં વાધે છે તાપ અપાર;

CENTRAL LIBRARY

ઓધવ એ સાથે રે, અમે કીધી પ્રીતડી રે,
તે તો વીરા સહેવા દુઃખનો ભાર. ચ.
પેલી અણે કીધી રે, પ્રીત અતિ ઘણી રે,
જે જે અમે કેતાં તે કરતા કામ;
દોણું ને વલોણું રે, કરતા કાનજી રે,
હવે નવ પૂછે અમારૂં નામ. ચ.
કુડી કુડી પ્રીતિ રે, ઉપરથી આવડે રે,
અમે એ ન જાણું ભોળાજન;
નેહડો લગાડી, મેલી મથુરા ગયો રે,
તેને દુઃખે દાઝે અમારાં તન. ચ
વેરીડો વસ્યો છે રે, અમારા મૂળમાં રે
કોને વીરા ધીરજ કેમ ધરાય;
મુક્તાનંદ કહે છે રે, લગાડી મોહની રે,
વાહલા વિના વ્રેહના દવ ન બુઝાય. ચ.

(૨)

ઉધા ચરિત્ર સામળીયાનાં જેહ, અમને વિસરે નહીં પળ તેહ;
રમતા રસિયો ગોવાલુંને સંગ, અંગે ચરચતા બહુ વિધ રંગ.
વાલો પ્રેમશું વેણુ બજાવે, તેને સંગ ગોવાળિયા ગાવે;
કયારે ભમરસંગી કરે ગાન, સંગ મેલે ગોવાલિયા તાન.
કયારે કોકિલની પેરે બોલે, સુણિ શબ્દ ગોવાલિયા ડોલે;
કયારે હંસગતે હરિ ચાલે, સખા સંગ મનોહર મ્હાલે.
કયારે બકની પેઠે ધરે ધ્યાન, કયારે નાચે મયૂર સમાન;
કયારે પંખીની છાયાને ભાળી, દોડે તે સંગે શ્રી વનમાળી.
ખેચે પુછ વાનરનાં બે ભાઈ, તેને સંગ ચડે તરુ ધાઈ;
કાઢે કુટાલિયું કપિ સાંમી, કપિ સંગ કુદે બહુ નામી.
કયારે જળમાં તે દાદુર સાથ, કુદે અનંત ભુવનકેરા નાથ;
કયારે ડરપે ઓછાયાથી આપ, કયારે દેશે પડછંદાને શાપ.
એમ ખેલે ગોવાળુમાં કહાન, જેનું બ્રહ્માદિક ધરે છે ધ્યાન;
મુક્તાનંદના હરિનો વિહાર, વીરા ખટકે છે વારંવાર.

(૩)

ઓધા ચરિત્ર સામળિયાનાં જોઈ, રહે મુનિવરનાં મન મોહી;
બાળલીલા કરે બહુનામી, એ છે બ્રહ્માદિકના સ્વામી

CENTRAL LIBRARY

રમે શ્યામ ગોવાળને સંગ, બહુ વેશ બનાવે શ્રીરંગ;
ક્યારે કહાન રાજા બની આવે, સહુ ઉપર હુકમ ચલાવે.
ક્યારે ગુણિજન થઈ હરિ ગાય, ક્યારે નાર બાકરિયું થાય;
ક્યારે વનફલ લે સૌ હાથ, લડે સામ સામા ભરે બાથ
ક્યારે મલયુદ્ધ માંડે ગોવાલ, લડે સામ સામા દઈ તાળ;
ક્યારે વૃષભ થઈ મારે તાડ, લડે સામ સામા કરિ ચાડ.
ક્યારે ભેરુ થઈ બેઉ ભાઈ, ચડે એક બીજાપર ધાઈ.;
રમે બાળની પેર ગોવિંદ, સરવેશ્વર કૃષ્ણ સ્વછંદ.
બ્રહ્મા ભુલ્યા ચરિત્રને ભાળી, હરે વાછડાં ગોપ સંભાળી;
સર્વે રૂપ થયા સુખકારી, નાંખ્યો બ્રહ્માનો ગર્વ ઉતારી.
બ્રહ્મા દીન થઇ પાછા આવ્યા, વહેલા વછ ગોવાળિયા લાવ્યા;
મુક્તાનંદ કહે વારંવાર, કીધું બ્રહ્માજીયે સ્તવન અપાર.

3 The Gopi's yearning addressed to the bee.

(૧)

એક સુંદરી દ્રવંતી ભારી, હરિને મળવા ઇચ્છે સકુમારી;
એના ઉરમાં અખંડ હરિ ધ્યાન, કરતો દીઠો ભ્રમર શુભ ગાન.
કલ્પી કૃષ્ણનો દૂતે ભંગ, બોલી ઓધવશું સુધ અંગ;
પ્રેમે પરવશ ગોપિકા ભારી, બોલી ઉનમત થઈ વ્રજનારી.
કપટી કૃષ્ણના દૂત કઠોર, જાણ્યો ભ્રમર તુને ચિત્તચોર;
ચિત્તચોર કાનુડાને સંગ. તારા તનમાં ચડ્યો તેનો રંગ.
મારી શોકયના ઉરપર સારી, માળા રગડી છે કૃષ્ણમોરારિ;
તેના કુચનું કુકુમ જેહ, તારા મુખપર દીસે છે તેહ.
અમને અડકીશ મા તું ભાઈ, રેને વેગળો આવે શું ધાઈ;
રાતું વદન દેખાડવા કાજ, તુંને મોકલ્યો શ્રીમહારાજ.
અમને રીઝવવાને તું ભંગ, શાણે ચરણે નમે છે સુરંગ;
જેને તે વનિતાને મનાવ્યો, જેને રંગે રંગાણો તું આવ્યો.
જાદવની સભામાં શું ધીર, હસ્યા જોગ તમે બેહુ વીર;
મુક્તાનંદના સ્વામીને પાસ, ઘણું થાતું હશે ઉપહાસ.

(૨)

વીરા અધર સુધા એકવાર, અમને પાઓ પ્રીતમ કરી પ્યાર;
નાંખી મોહને મોહની જાળ, પછે ત્યાગ કર્યો તતકાળ.

સુણો ભ્રમર તમારી એ રીત, પહેલી બાંધો કુસુમ સંગ પ્રીત;
માણી મકરંદ ત્યાગો છો તેહ, એવો ભંગ તમારો સ્નેહ.
તારી પેરે છે નંદનો લાલ, અમને ભોળવી કીધાં બેહાલ;
માણી કુસુમની પેરય મોરારિ, પછે ત્યાગ કરી વ્રજનારી.
મારા મનમાં વિચારૂં છું એમ, એને કમળા વરી હશે કેમ;
સુણી કપટીનાં વચન રસાળ, પામી મોહ પડી હશે જાળ.
સુણ મધુકર કહું સમજાવી, ગા મા જદુપતિના ગુણ આવી;
અમે સર્વે વિજોગિણી બાળા, જાણું જુના છે કૃષ્ણજી કાળા.
શાને ગાન કરે બહુ વાર, જાણ્યા કપટી છે નંદકુમાર;
તેની આગે તું ગાવાને જોગ, જેના ટાળ્યા મોહન કુચરોગ.
મનવાંછિત આપશે તેહ, તેમાં લેશ નહીં સંદેહ;
મુક્તાનંદના નાથની પ્યારી, તારૂં કરશે તે કામ વિચારી.

(૩)

કહેશો મધુકર જો તમે એમ, તમે અવળું બોલો છો કેમ;
મુને મેલ્યો મનાવાને કાજ, તમને ઈચ્છે ઘણું મહારાજ.
એવું કહેશો મા અમને તો ભાત, અમે જાણિયે કૃષ્ણની વાત;
એનું રુચિર કપટ ભર્યું હાસ, એ છે વનિતાને બાંધવા પાશ.
એના નયનાની શોભાને જોઈ, નારી માત્રનું મન રહે મોહી;
ચૌદલોકમાં વનિતા છે જેહ, એને દુર્લભ કોણ છે તેહ.
સેવે ચરણ રમા કરી પ્રીત, રહે હાજર કરતી વિનીત;
અમે શી ગણતીમાં ત્યાં ભાત, કહો છો શિદ મનાવાની વાત.
જાણી દીન દયા કરે જ્યારે, એનું દર્શન પામીએ ત્યારે;
એનું ઉત્તમશ્લોક છે નામ, પાળે રંકને સુંદર શ્યામ.
બોલી અપર ભ્રમર શું રીસાઈ, આવ્યો મથુરાં જઇને તું ભાઈ;
મેલી ચરણ રહે વેગલો વીર, તારૂં કૃષ્ણના જેવું શરીર.
શિખ્યો કપટ તું કૃષ્ણને પાસ, કપટી સરખો તું કપટીનો દાસ;
મુક્તાનંદના સ્વામિની રીત, તુને આવડી પરમ પુનિત.

(૪)

બોલિ બોલિ કરી ઘણો રોષ, કહિયે ક્યાં લગી કૃષ્ણના દોષ;
એને અર્થે અમે તજી લાજ, ત્યાં ગયા પુત્ર પતિ સુખ સાજ.

કાળે ઉરમાં ન આણી તે વાત, મ્હેલી મથુરાં ગયો કરી ઘાત;
એવો હરિનો સ્વભાવ સદાય, તે શું કેમ કરી પ્રીત કરાય.
માર્યો વાળિ પારધીની પેર, હણતાં મનમાં ન આણી મેહેર;
જતિ થઇને વસ્યો વન જયારે, બાંધી શીશ જટા શુભ ત્યારે.
રહેતો વનમાં તે વલ્કલ ધારી, એને વરવા આવી એક નારી;
કીધી નાક કાન વિના તેહ, એશું કેમ કરી થાય સ્નેહ.
બની વામન ને બળિદ્વાર, કીધો વેદ તણો ઉચ્ચાર;
બળિરાય સુણી શુભ વાણી, આવ્યો સન્મુખ જોડીને પાણિ.
કીધું પ્રેમ સહિત સનમાન, મૂખે માગ્યું તે આપીયું દાન;
દેતાં દાન બાંધ્યો બળિરાય, એનાં છળ વર્ણવ્યાં નવ જાય.
એનું અન્ન જમી ચાંપ્યો પાતાળ, એવા બંધુ તમારા દયાળ;
મુક્તાનંદના સ્વામીની વાત, કરતાં ડરીયે છૈયે ઘણું ભાત.

(૫)

મધુકર વાત મોહનવર કેરી, જાદુગરી જોર રે;
નરનારી એને ગાય સુણે તે, ત્યાગે સંસારનો નોર રે.
કૃષ્ણ કથા જેણે પ્રેમે સાંભળી, તે તો તજી કુટુંબ પરિવાર રે;
પરમહંસ થઈ વનમાં વસીયા, જાણે છે સૌ સંસાર રે.
શુક નારદ સનકાદિક એના, ગુણનું કરે નિત ગાન રે;
ધન દોલત ઘરબાર ન એને, ભમતા ફરે રાનો રાન રે.
એવું અમે જાણીયે તોય એના ગુણ, મુખ થકી ન મેલાય રે;
પાણી પીને ઘર અમે પૂછયું, હવે એનો શો ઉપાય રે.
જે કોય જગમાં એને અનુસરશે, તેના તે ભવાડા ગાય રે;
મુક્તાનંદના નાથને સેવી, જગ છતરાયાં થાય રે.

4. The bee returns.

ગોપી રુદન કરે છે અપાર રે, આવ્યો મધુકર બીજી વાર રે;
બોલી મધુકરસું કરી પ્યાર રે, ફરી મૂકયો શું નંદકુમાર રે.
અમને માનવા જોગ છો વીર રે, વર માગો તે દેશું સુધીર રે;
જેના ઉરમાં છે શ્રીનો નિવાસ રે, અમને તેડી ચાલો તેની પાસ રે.
એને નારી વિના ન રેવાય રે, રાખે ઉર વિષે શ્રીને સદાય રે;
એને નારી તણો નહિ પાર રે, અમને એક એનો જ આધાર રે.

વીરા મથુરા પુરીમાં મોરારિ રે, કોને સુખિયા છે શ્રીગિરિધારી રે;
ક્યારે કરે છે ગોકુલીયાની વાત રે, પ્રેમે સંભારી માત ને તાત રે.
ક્યારે ગોપ ગોવાળ સંભારી રે, રાજી થાય છે કુંજવિહારી રે;
અમને જાણી અનન્ય નિજ દાસી રે, ક્યારે સંભારે શ્રીઅવિનાશી રે.
ભુજ અગર સુગંધિ ગોપાળ રે, ક્યારે શિરપર ધરશે કૃપાળ રે;
અમને મારી ગયો વ્રેહનાં બાણ રે, વીરા કેમ કરી રાખીયે પ્રાણ રે.
વ્રેહની પીડયું ત્યાગશું પ્રાણ રે, તેનો દોષ તમને સુજાણ રે;
નહિ તો તેડો વીરા સૌને સાથ રે, જ્યાં મુક્તાનંદનો નાથ રે.

5. The sports of the Gopis with Krishna.

(૧)

સુણો ઓદ્ધવજી વળી વાત રે, જેમ રમીયા મોહન સાક્ષાત રે;
કરી શોભતા સૌ શણગાર રે, અમૃતસમ હસવે લગાર રે.
હરિને માન દીયે ઘણું ગોપી રે, અંગોઅંગ રહી સર્વે ઓપી રે;
પામી પ્રભુ થકી સુખડું અપાર રે, ગોપી હરિગુણ ગાય ઉદાર રે.
કીધો ગોપીયોનો અંગસંગ રે, માળા મર્દન થઈ ચડયો રંગ રે;
કુચ કુંકુમ રંગે મોરારિ રે, શોભે રસીયોજી નવલ વિહારી રે.
હરિની માળાના ગંધશું પ્યાર રે ઝુકી ભ્રમર કરે છે ગુંજાર રે;
તેને લાગું સુગંધિમાં તાન રે, કરે ગાંધર્વજી પેઠે ગાન રે.
સૌનો થાક નિવારવા કાજ રે, ચાલ્યા માનિની સહિત મહારાજ રે;
સંગે આવે ભ્રમર ગુણ ગાતા રે, પોતા જમુનામધ્યે જગ ત્રાતા રે.
મત હસ્તી ગજકેરે સંગ રે, તેમ જળમાં પેઠા શ્રીરંગ રે;
નાહ્યા કામિનીને સંગે કાન રે, ઘણું શોભે વાલો ભીને વાન રે.
સીચે હસી હસી માનિની નીર રે, જળક્રીડા કરે બળવીર રે;
મુક્તાનંદનો પ્રીતમ ન્હાય રે, કરે પુષ્પવૃષ્ટિ સુરરાય રે.

(૨)

એમ ઓદ્ધવજી અમ સાથે રે, જળક્રીડા કરી જદુનાથે રે;
બોલે દેવતા જય જય વાણી રે, ખેલે જમુનામાં સારંગપાણિ રે.
સદા આત્મારામ મોરારિ રે, ગોપી સંગ રમે સુખકારી રે;
મત્ત હસ્તીની પેરે મહારાજ રે, નાહ્યા જમુનામાં નિજ જન કાજ રે.

પછે જળ થકી નિસર્યાં બહાર રે, સંગે ટોળે વળી સર્વ નાર રે
માથે ભમર કરે ગુણ ગાન રે, શોભે જુવતીમાં શ્રીભગવાન રે.
વન ઉપવન જળ થળ માંઇ રે, ન રહ્યું ક્રીડા વિના સ્થળ કયાંઇ રે;
જયાં જયાં પુષ્પ સુગંધી અપાર રે, ત્યાં ત્યાં રમીયા શ્રીનંદકુમાર રે.
ફર્યા કુંજ કુંજ પ્રત્યે કહાન રે, કરે જુવતી જુથ ગુણગાન રે;
ફર્યા શેલ નદીતટ શામ રે, કર્યા જુવતી પૂરણ કામ રે.
સંગે જુવતીને ભૃંગનાં વૃંદ રે, મધ્યે શોભે મોહન વ્રજચંદ રે;
જેમ હસ્તી હાથણીયુંને સંગ રે, તેમ ગોપી મધ્યે શ્રીરંગ રે.
જેવો કીધો શ્રીકૃષ્ણે વિહાર રે, કહેતા ન બને અનોપમ સાર રે;
મુક્તાનંદના વ્હાલામાં લેશ રે, તોય કામે ન કિધો પ્રવેશ રે.

(૩)

ઓધવજી એમ રાસ રમ્યા વાલો, કોડીલો મોહન મતવાલો. ઓ.
શરદની રાત ઘણી સારી, પૂરણ શશી શોભે સુખકારી;
રમ્યા એવી રજનીમાં ગિરધારી. ઓ.
સદા સત્ય સંકલ્પ બહુનામી, કામનીયુંને સંગે નિષ્કામી;
એવા તો એ એક જગ સ્વામી. ઓ.
શરદ રાતે રસિકતણી રીતે, મોહ્યાં ગોપી બંસીને ગીતે;
રમ્યા તેશું પાતળીયો પ્રીતે. ઓ.
કાયર કરી રમતાં વ્રજનારી, રાખ્યું વીયે પોતામાં ધારી;
રહ્યા વનિતા સંગ બ્રહ્મચારી. ઓ.
એવું તો એકજથી થાયે, નારી સંગ રહી નવ લોભાયે;
તેણે એને નેતિ નિગમ ગાયે. ઓ.
અકલ કેના જાય નહિ કળીયા, અલૌકિક સામર્થ અતિ બળીયા;
મુક્તાનંદનો વ્હાલો છળીયા. ઓ.

6. The true union of the Lover and the Gopis

(૧)

ગોપી સાંભળી હરિ સંદેશ, જાણ્યો સૌમાં હરિનો આવેશ;
સૌના આતમા કૃષ્ણ મોરારિ, સૌથી ન્યારા છે શ્રીગિરિધારી.
એવુંજ જાણી શ્રીહરનું સ્વરૂપ, સર્વે સમજ્યું મર્મ અનૂપ;
વ્રેહનો તાપ શમ્યો સર્વે જયારે, પ્રેમે પૂજ્યા ઓધવજીને ત્યારે.

પ્રેમે ઓધવજી બહુ માસ, કીધો ગોકુળગામ નિવાસ;
હરવા ગોપીનો શોક અપાર, ગાય કૃષ્ણકથા શ્રુતિ સાર.
સૌનો શોક હર્યો કરી વાત, જેમ આવે મોહન સાક્ષાત;
પ્રેમે હરિગુણ ઓધવ ગાયે, દિનરજની તે ક્ષણ સમ થાયે.
હરિભક્ત ઓધવ સુખધામ, રહ્યા જેટલા દિન નંદગામ;
જાણ્યા ક્ષણ સમ તે વ્રજવાસી, એવી કૃષ્ણકથા તે પ્રકાશી.
હરિનાં રમણ તણાં સ્થળ જોઇ, ગોપી સહિત ઉદ્ધવ જુવે તેહ;
જ્યાં જ્યાં કીધો શ્રીકૃષ્ણે વિહાર, ગોપી સમજાવે કરી પ્યાર.
નીરખી નિર્મળ જમુનાનું વારી, ગિરિગોવર્ધન સુખકારી;
નીરખી વૃંદાવન નવરંગ, સુણે ઓધવ સર્વે સંગ.
નીરખી કંદરા પર્વત કેરી, ગાય ગોપીયું લીલા ઘણેરી;
મુક્તાનંદ કહે વાલાનો વિહાર, તે તે સ્થળ જણાવે બહુવાર.

(૨)

નીરખી કુસુમિત વૃક્ષ ઉદાર, ગાય ઉદ્ધવ હરિગુણ સાર;
આપે વ્રજવનિતાને આનંદ, હરિનું ભજન કરાવે સ્વછંદ.
એમ ઉદ્ધવ વ્રજજન સંગે, ગાય હરિગુણ અધિક ઉમંગે;
દેખી રમણનાં સ્થળ વ્રજનારી, વ્રેહમાં વ્યાકુળ હરિને સંભારી.
થયો અંતર કૃષ્ણ આવેશ, પ્રેમે મગન ન તન સુધ લેશ;
દેખી ગોપીનો પ્રેમ અપાર, વંદે ઉદ્ધવ વારંવાર.
ગોપી અધિક કૃતારથ જાણી, પછે બોલીયા ઉદ્ધવ વાણી;
તન ધારી છે ભૂપર જોઇ, ગોપી તુલ્ય નહિ કોઈ તેહ.
પરમાતમા કૃષ્ણ શ્રીરંગ, દ્રઢપ્રીત કરી તેને પ્રસંગ;
એવી પ્રીત ઇચ્છે સર્વે સંત, ઇચ્છે મુક્ત મુમુક્ષુ પ્રજંત.
અમે ભક્ત ઇચ્છું એવી પ્રીત, પ્રેમી ભક્ત છે પરમ પુનીત;
બ્રહ્મજન્મ ત્રિવિધ જગ જોય, પ્રેમીભક્તથી શ્રેષ્ટ ન સોય.
એને અંતરે પ્રેમ ખુમારી, વંદ્ય જોગ સર્વે વ્રજનારી;
મુક્તાનંદના નાથને પ્યારી, શ્રુતિતુલ્ય એ ગોપકુમારી.

(૩)

ક્યાં એ વનચરી નાર ગમાર, વ્યભિચારિણી દુષ્ટ આચાર;
ક્યાં એ કૃષ્ણમાં ભાવ આરૂઢ, શ્રુતિસાર સર્વેને એ ગૂઢ.

CENTRAL LIBRARY

ભાવે ઈશ્વરને ભજે જેહ, અતિ થાય કૃતારથ તેહ;
કરે અમૃતપાન જે કોય, થાય અમર આરોગી સોય.
ગોપી પામી જે હરિનો પ્રસાદ, સૌને દુર્લભ તે રસ સ્વાદ;
હરિના ઉરમાં છે કમળાનો વાસ, તેને એ સુખની ઘણી આસ.
પદ્મ જેવી સુગંધે સુવાસી, સુરવનિતા એ સુખની છે પ્યાસી;
રમા આદિને દુર્લભ એહ, જેહ કાજ દમે બહુ દેહ.
એવો હરિનો પ્રસાદ ઉદાર, અન્ય કયાં થકી પામે ગમાર.
રીઝયા રાસમાં અંતરજામી, ગોપી તે સુખ હરિ થકી પામી.
હરિના ભૂજ ધરી કંઠમાં ગોપી, પ્રેમે શામ સંગે રહી ઓપી;
રમ્યાં ગોપી જે હરિ સંગ રાસ, એ છે દુર્લભ બ્રહ્મવિલાસ.
વ્રજનારીનું ભાગ્ય અપાર, જેને રીઝયા પ્રગટ કિરતાર;
મુક્તાનંદનો નાથ વિહારી, પ્રેમે ભોગવ્યા ભવોભવ હારી.

(૪)

વળી બોલીયા ઓધવ વાણી, ઉરભાવ અલૌકીક આણી;
વ્રજનારીની પગરજ એહ, વૃંદાવન વિષે પામે છે જેહ.
ત્રણ ગુચ્છ ને વેલી અપાર, તેને મધ્ય હું ધરી અવતાર;
વ્રજનાર ચરણરજ સાર, જેમ પામું તે કરવો વિચાર.
તજયાં માતપિતા સુત ભાઈ, તજી કુલ મરજાદ સગાઈ;
અતિ દુષ્ટ જનો કરી ત્યાગ, કીધો હરિ સંગ દ્રઢ અનુરાગ.
કીધો મુકુંદ મોરારિશું પ્યાર, શ્રુતિ બોલે જે વારંવાર;
માટે વ્રજવધૂ બ્રહ્મસ્વરૂપ, હરિની પ્રેમદા પરમ અનૂપ.
હરિનાં ચરણકમળ સુખકારી, સેવે કમળા અચળ વ્રતધારી;
પ્રેમે સેવે સકળ સુરવૃંદ, શેષ મહામુનિ જોગી સ્વછંદ.
રાસ ગોષ્ટીમાં સૌ વ્રજનારી, વ્રેહનો તાપ નિવારવા પ્યારી;
ધાર્યો તનપર હરિપદ સોય, ભીડી ઉરમાં મગન સર્વે કોય.
પ્રેમે હરિપદ ઉર ધરી બાળી, વ્રેહની વેદના સર્વે તે ટાળી;
મુક્તાનંદના શ્યામને સંગ, ગોપી ફુલી અંગોઅંગ.

(૫)

ધન્ય વ્રજનારી ઓધવજી એમ, બોલે વળી વળી વાણી;
વરી ગિરિધારી તે માટે એ, બ્રહ્મસ્વરૂપ પ્રમાણી.

CENTRAL LIBRARY

મુક્તાનંદ.

ધન્ય નંદનું વ્રજ ધન્ય સૌ ગોપી, વરી હરિવર કુળ લજ્જા લોપી;
રહી હરિ ચરણે ચિત્ત આરોપી. ધન્ય.
જેને કાન કોડીલે કર સાઈ, તેનાં ચરણની રજ વંદુ ધાઈ;
એની કમળાથી કરી હરિ અધિકાઈ. ધન્ય.
એની હરિગુણ ગીત કથા એવી, કરે પાવન ત્રિભુવનને તેવી.
એની વાણી સેવે વેદ જેવી. ધન્ય.
એ તો મુક્તાનંદનો પ્રભુ પામી, એને ભાંગે અનંત ભવની ખામી;
ધણી ધર્યો શિરપર બહુનામી. ધન્ય.

20. Nishkulanand.

He was the third famous writer of the Swāminārāyana sect. He has written copiously—twenty-two poems and over there thousand *padas*. His *padas* breathe the sprit of *vairāgya*. Some of his verses are quite beautiful and are very popular.

I. From miscellaneous *padas*.

(૧)

જાવું છે રે જાવું છે રે, જાવું છે નિદાન, ભજ ભગવાન રે;
જીવ જાવું છે.—ટેક.
જાવું છે રે જાવું છે રે, રેવાનું છે કાચું, માન ને સાચું રે. જીવ.
જાવું છે રે જાવું છે રે, માલ ધન મેલી, ઠાલું ઠેલી રે. જીવ.
જાવું છે રે જાવું છે રે, આવું તન ત્યાગી, એને જાગી રે. જીવ.
જાવું છે રે જાવું છે રે, આપો જમણે હાથે, આવે સાથે રે. જીવ.
જાવું છે રે જાવું છે રે, કહે નિષ્કુલાનંદ, ભજ ગોવિંદ રે. જીવ.

(૨)

વિચારે રે વિચારે રે, વિચારે વીર વારૂં, કહું તારે સારૂં રે;
વીર વિચારે રે.—ટેક.
વિચારે રે વિચારે રે, વિચારીને ચાલે, જાવું કાલે રે. વીર.
વિચારે રે વિચારે રે, વિચારીને બોલે, હરિ મા ભુલે રે. વીર.
વિચારે રે વિચારે રે, સતસંગ કુસંગ, તો રહે રંગ રે. વીર.
વિચારે રે વિચારે રે, દુર્લભ છે આ દેહી, આવે નહીં એહી રે. વીર.
વિચારે રે વિચારે રે, કહે નિષ્કુલાનંદ, છેલે છેદ છંદ રે. વીર.

(૩)

મળે જીવન મુક્ત જોગીઆ, ત્યારે ટળે તન મન તાપ;
સત્સંગ કીજીએ.—ટેક.
ફરે અવેવ ઓર શરીરનાં, પરાં પલાયે પંડના તાપ. સત્સં.

CENTRAL LIBRARY

જેમ કીટ મટી થાય ભમરી, તેને કીટ કહે નહીં કોય; સત્સં.
જેમ પારસ પરશે લોહને, તે તો હેમ હેલા મોહે હોય; સત્સં.
જેમ ચંદન વાસથી વૃક્ષને, કરે ચંદન સમાન સોય. સત્સં.
જેમ મલિન જળ મળે જાન્હવી, તેને તરત કરે ગંગ તોય; સત્સં.
તાબાં મોર પલટે છે પાણીએ, કરે કંચનમય રસકૂપ. સત્સં.
તેમ સદ્ગુરુ મુખીઆ સંતની, થાયે જન તે સત સ્વરૂપ; સત્સં.
શુક નારદ વ્યાસને વાલ્મીકિ, એ તો ઇશ્વર કાવીયા આપ. સત્સં.
ધ્રુવ અંબરીષ પ્રહ્લાદ વિભીષણ, થયા સુખીઆ સત પ્રતાપ; સત્સં.
સંત સેવે સુખી થવા કામ છે, તે તો પ્રસિદ્ધ કહે છે પુરાણ. સત્સં.
મન કર્મ વચને માનજો, કહે નિષ્કુલાનંદ નિરવાણ. સત્સં.

(૪)

તમે અંતરની આંખે ઓળખી, કરો સદ્ગુરુ સંતનો સંગ;
કરો સંતની ઓળખ.—ટેક.
ગાએ ગીતા ભાગવત સંતને, એવાં લક્ષણ હોય જેને અંગ. ઓળ.
એથી અર્થ સરે સર્વે આપણો, જાય જન્મ મરણનું દુઃખ; ઓળ.
હર્ષ શોક શમે આ સંસારનો, થાએ અંતરે શાંતી ને સુખ. ઓળ.
કરે નિર્ભે ભાગી ભવ ભયને, તેને પાછો પ્રભવ ન થાય; ઓળ.
મટે કાળ કર્મ ને કલ્પના, જેમ સિરતે જંગી ન વાય. ઓળ.
સાચા સદ્ગુરુથી સુખ પામીએ, ખાય ખોટાથી મોટી ખોટ; ઓળ.
જેથી જન્મ જાયે એળે આપણો, પછે ચઢીએ કાળને ચોટ. ઓળ.
મિથ્યાવાદીને સંગે જો માલતાં, કોયે કાળે જો ન સરે કાજ; ઓળ.
પાર ન કરે પોત પાષાણનું, તરે તારે જો કાષ્ટનું ઝાઝ. ઓળ.
એમ સત્ય અસત્યને ઓળખી, વળી કરીએ વિવેક વિચાર; ઓળ.
કહે નિષ્કુલાનંદ હે નર તને, એળે ન ખોઇએ આ અવતાર. ઓળ.

(૫)

મળી તુલ્ય દેહ મોંઘાં મૂલની, ફરી ફરી ન આવે જો એહ;
સમજવું સાનમાં.—ટેક.
જેને દેવ વંદે ઘણું દીલમાં, તોએ પામે નહીં તન તેહ. સમજ.
નરતન તે નૌતમ નાવ છે, તરવા સમુદ્ર સંસાર; સમજ.
તેમાં મળે સદ્ગુરુ માલમી, ત્યારે ઉતારે પળમાં પાર. સમજ.

CENTRAL LIBRARY

વિવિધ પદો.

આવો અવસર અવર આવે નહીં, સરખા સરખો મળ્યો છે સમાજ. સમજ.
સદ્ગુરુજીને શીશ સોંપીએ, કરી લઇએ આપણું કાજ. સમજ.
સમા વિના તે અર્થ સરે નહીં, રહીએ સમાસમે સાવધાન; સમજ.
માન મુકી મળીએ મહંતને, આપે સદ્ગુરુજીનું જ્ઞાન. સમજ.
ભાગે ખોટ મોટી ખોયા દનની, વાગે જીતતણાં જંગી ઢોલ; સમજ.
શોભે જીવન તેનું સંસારમાં, માણે આનંદ અતિ અતોલ. સમજ.
થઈ મગ્ન મોજ ઘણું માણીએ, સાચા સદ્ગુરુ સંતને સંગ; સમજ.
મળી નિષ્કુલાનંદ મહંતને, લાજે અખંડ આનંદ અંગ. સમજ.

(૬)

કયાં જીવ કયાં જગદીશ, જાણો જુજવી એ જાત છે રે;
મર આપીયે સોસો શીશ, તોય વણ મલ્યાની વાત છે રે.
કયાં કીડી કરી મેળાપ, ભેલો થાવા ભારે ભેદ છે રે;
કયાં પૂરણ પુરુષોત્તમ આપ, કયાં જીવ જેને બહુ ક્રેદ છે રે.
અતિ અણમલ્યાનું એહ, મળવું માયીક અમાયીકને રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઓધારવા અનેકને રે.
ત્યાં થાય એનો મેલાપ, જારે નરતન ધરે નાથજી રે;
કહે નિષ્કુલાનંદ આપ, તારે મળાય એને સાથજી રે.

(૭)

એવા મલ્યા છે મહારાજ, જે કોયે સર્વેના શામ છે રે;
વળી રાજ એ અધિરાજ, એને આધારે સૌ ધામ છે રે.
ધામ ધામના જે રેહનાર, હાજર રેહછે જોડી હાથને રે;
કરી આરત્યે શું ઉચાર, શિશ નમાવે છે નાથને રે.
શિવ બ્રહ્મા ને સુરેશ, દેવ અદેવ રેહ છે ડરતા રે;
જેની આજ્ઞામાં દેવેશ, રાશી સુરજ રેહ છે ફરતા રે.
કંપે કાળ માયા મનમાંય, અતિ ઘણું અંતરમાં રે;
કેહે નિષ્કુલાનંદ કાય, તું પણ ડરને તેના ડરમાં રે.

(૮)

એની આગળ જો, આપણ કોણ ગણતીમાં આવીયે રે;
શીદ ડોળીને ડાહાપણ, સમજુ શ્યાણા હસાવીએ રે.

જેણે રચ્યું આ જગત, જેને જુજવી જાતનું રે;
જોતાં મુંઝાઈ જાય મત્ય, એવું કર્યું ભાત્ય ભાતનું રે.
એણે કર્યું એવું એક, થાય નહી જરૂર જાણીયે રે;
વણ કર્યે એ વિવેક, શીદ અભિમાન આણીયે રે.
મેલી ડહાપણ ભોળાપણ, રહીયે દાસના દાસ થઇને રે;
કહે નિષ્કુલાનંદ આપણ, તો વસીયે લાભ લઇને રે.

(૯)

જે જે હરિયે કરીયું હેત, એવું કરે કોણ આપણે રે;
માત તાત સગાં સમેત, માન્યા સનેહી ભોળાપણે રે.
જેને ગર્ભવાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોયની રે;
તે પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન પયની રે.
વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે;
બીજું એવું કોણ દયાળ, કયારે મનાય નહી મનને રે.
એમ સમજયા વિના જન, આવે ઉન્નમતાઈ અંગમાં રે;
કહે નિષ્કુલાનંદ વચન, પછે મન માને કુસંગમાં રે.

(૧૦)

જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી;
ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી. જનની
ધન્ય ધન્ય માતા રે ધ્રુવતણી, કહ્યાં કઠણ વચનજી;
રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલીયા વનજી. જનની.
ઉડી ન શકે રે ઊંટીયો, બહુ બોલાવ્યો બાજંદજી;
તેને રે દેખી ત્રાસ કેપનો, લીધી પ્રકારી છોડયો ફંદજી. જનની.
ભલો રે ત્યાગ ભરતરીતણો, તજી સોળસે નારજી;
મંદિર ઝરુખા મેલી કરી, આસન કીધલાં બહારજી. જનની.
એ વૈરાગવંતને જાઉં વારણે, બીજા ગયા રે અનેકજી;
ભલા રે ભુંડા અવની ઉપરે, ગણતાં નાવે છેકજી. જનની
કયાં ગયું કુળ રાવણતણું, સગરસુત સાઠ હજારજી;
ન રહ્યું તે નાણું રાજા નંદનું, સર્વે સુપન વેવારજી. જનની.
છત્રપતિ ચાલી ગયા, રાજ મૂકી રાજનજી;
દેવ દાનવ મુનિ માનવી, સર્વે જાણો સુપનજી. જનની.

સમજી મૂકો તો સારૂં ઘણું, જરૂર મૂકાવશે જમજી;
નિષ્કુલાનંદ કહે નહિ મટે, સાચું કહું બાઈ સમજી. જનની.

(૧૧)

ત્યાગ ન ટકે રે વૈરાગ વિના, કરીયે કોટિ ઉપાયજી;
અંતર ઉંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાયજી. ત્યાગ
વેષ લીધો વૈરાગનો, દેશ રહી ગયો દૂરજી;
ઉપર વેષ આછો બન્યો, માંહી મોહ ભરપૂરજી. ત્યાગ.
કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાયજી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાયજી. ત્યાગ.
ઉષ્ણરતે અવની વિષે, બીજ નવ દીસે બહારજી;
ઘન વરસે નવ પાંગરે, ઇંદ્રિ વિષય આકારજી. ત્યાગ.
ચમક દેખીને લોહ ચળે, ઇંદ્રિ વિષય સંજોગજી;
અણભેટે રે અભાવ છે, ભેટે ભોગવશે ભોગજી. ત્યાગ
ઉપર તજે ને અંતર ભજે, એમ ન સરે અરથજી;
વણરયો રે વર્ણાશ્રમથકી, અંતે કરશે અનરથજી. ત્યાગ
ભ્રષ્ટ થયો જોગ ભોગથી, જેમ ખગડયું દૂધજી;
ગયું ઘૃત મહિ માંખણથકી, આપે થયું રે અશુદ્ધજી. ત્યાગ.
પળમાં જોગી રે ભોગી પળમાં, પળમાં ગૃહી ને ત્યાગજી;
નિષ્કુલાનંદ એ નરનો, વણ સમજે વૈરાગજી. ત્યાગ.

(૧૨)

જોગી જીવો રે એવા જગતમાં, સગા સૌના સોહાયજી;
શત્રુ શોધતા સંસારમાં, જેને નવ જડે કોયજી. જોગી.
સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ, ચરાચર જે જનજી;
મન કર્મ વચને દ્રોહ નહિ, દયા દિલે અનંતજી. જોગી
નિશ્ચે એવાને નિરખીને, દયા દુષ્ટને નોયજી;
બીજા તે સર્વે દયા કરે, જ્યારે એવાને જોયજી. જોગી.
દેહદર્શી દુઃખ ભોગવે, કરે સુખને ઉપાયજી;
આત્મદર્શી આનંદમાં રહે સુખમાં સદાયજી. જોગી
મૂલ્યે પોતાનું ભાસે નહિ, ત્રણ કાળમાં તનજી;
નિષ્કુલાનંદ એમ સમજી, જોગી ન કરે જતનજી. જોગી.

CENTRAL LIBRARY

(૧૩)

વૈરાગ્યને વિઘન ઘણાં, ત્રાસી રહ્યાં તૈયારજી;
માન મોટાઈ છે મારવા, ઢોળાવવા ધન નારજી. વૈરાગ્ય.
ઉપરથી અભાવથી, ટકે નહિ કદિ ટેકજી;
પાંચ વેરી પ્રચંડ છે, અધિક એકથી એકજી. વૈરાગ્ય.
ખાતાં પીતાં સુતાં જાગતાં, વસવું વેરીને વાસજી;
જમતાં સૂતાં બોલતાં, તેનો કરવો તપાસજી. વૈરાગ્ય.
તપાસ વિના જે ત્યાગીયું, હોડે કરી હૈયાજોરજી;
તે કોઈ દહાડે કચવાઇને, કંઈક ભાગશે ભૂરજી. વૈરાગ્ય.
અંતર ઉંડા અભાવથી, કરિયે તનમન ત્યાગજી;
વિષયને વિષ કરી જાણિયે, રાખિયે નહિ રાગજી. વૈરાગ્ય.
સાચે કારજ સર્વે સરે, કાચે રાચે નહિ રાગજી;
નિષ્કુલાનંદ કહે નક્કિ જીવ, અણસમજુ બેપ્રાગજી. વૈરાગ્ય.

(૧૪)

એક મૂરખને હાથ મણિ મળી રે,
જોઈ ચાખી સૂંઘી ન લાગી ગળી રે;
હતો વેવલો ને કાવતો વિવેકી રે;
જોઈ ત્રોડી ફોડિ નાંખ્યું નરે ફેંકી રે.
તેમ સતસંગ મળ્યો શિરોમણિ રે,
હતિ બાળ બુદ્ધિ કુબુદ્ધિને ઘણી રે;
તેણે સતસંગ રંગ અંગ ત્યાગ્યો રે,
કાળા કામળાને કસુંબો ન લાગ્યો રે.
રહે પથ્થર કોરો જો પાણી માંઈ રે,
જેમ જળ મળે જવાસો સુકાઈ રે;
મળિ મરકટ ને રાજ સાજ સિદ્ધિ રે,
દેખી ટોપડે ને તરત ટેક દિધિ રે.
મળિ અલ્પમતિને વાત મોટી રે,
કરે અનમાન ક્ષાન કહે ખોટી રે;
મળિ અનુપમ મોજ તેજ ત્યાગી રે,
કહે નિષ્કુલાનંદ એ અભાગી રે.

CENTRAL LIBRARY

(૧૫)

જેમ સર્પને પાળીને દુધ પાય રે,
તે તો ઘરના પરનાને બીજયો ખાય રે;
જેમ વેરીને શિખવે વિદ્યા વિધ રે,
કરે દાવ ઘાવ પાછો પ્રસિદ્ધ રે.
દેખે દિનમાં અંધારૂં ખાંતે ખોળી રે,
એવા અંધ નર ઉલૂકની ટોળી રે;
એવો નર કોઈ દીઠો ન નહારો રે,
મળ્યું કલ્પવૃક્ષ માગ્યો છે કુઠારો રે.
પડ્યું અવળું ન સૂઝે બીજું સાજ રે,
રીઝયા રાજ પાસ માગી છે પિયાજ રે;
કરી કલ્પવૃક્ષ સમ કહાવે રે,
મળે તેને તેવું જેને જેવું ભાવે રે;
કેશે દેવનો ચોર મેલું દેખી રે,
પણ અંતરની ઈચ્છા ન ઉવેખી રે;
પડી જન્માંતરે વાત પાછી રે,
કહે નિષ્કુલાનંદ એ સાચી રે.

II. From **ધીરજાખ્યાન.**

1. Prahlāda refuses to learn the teaching of the Asuras.

(૧)

ભક્ત થાવું રે ભગવાનનું, છે જે કઠણ કામ;
સુખ સર્વ સંસારનાં રે, કરવાં જોઇએ હરામ. ભક્ત.
દેહ-ગેહ-દારા દામનું, મેલવું મમતા ને માન;
એમાંથી સુખ આવે એહવું રે, ભૂલે ન પડે ભાન. ભક્ત.
વિપત આવે વણ વાંકથી, તે તો સહેજે શરીરે;
ઉપહાસ્ય કરે આવી કોય રે, તેમાં રહે દૃઢ ધીરે. ભક્ત.
ખુની ન થાય ખમે ઘણું એવા સહેજ સ્વભાવે;
નિષ્કુલાનંદ એવા ભક્તનો, જશ જુગો જુગ કહાવે. ભક્ત.

CENTRAL LIBRARY

(૨)

જેને થાવું હોય હરી ભક્તજી, તેને ન થાવું આ દેહમાં આસક્તજી;
વળી વિષય સુખથી રહેવું વિરક્તજી, તેહ સુખ સારૂ આ જળે છે જક્તજી.

જક્ત સુખમાં ન જળવું, વળી વિષયસુખ ને સ્વાદ;
શુદ્ધ ભક્ત શ્રીહરિતણા થાવું, જેવા જન પ્રહ્લાદ.
પ્રહ્લાદ ભક્ત પ્રમાણીયે, જાણીયે જગ વિખ્યાત;
હિરણ્યકશિપુ સુત હરિજન, કહું કયાધુ જેની માત.
ગર્ભવાસ માંહેથી ગુરુ કર્યો, મુનિ નારદને નિરધાર;
નિશ્ચે કર્યું હરિ ભજશું, તજશું સુખ સંસાર.
પછી પ્રહ્લાદ પ્રસવ્યા, વળી વીત્યાં વરસ સાત;
ત્યારે તાતે તેડાવીને, કહી નિજ કૂળ રીતભાત.
આસુરી વિદ્યા આપણી, તમો પઢો કરી બહુ પ્રીત;
વિબુધ વામ વિષ્ણુ થકી, તો થાઓ અતિશે અજીત.
ત્યારે પ્રહ્લાદે પરીક્ષા કરી, આ તો દીસે છે અસુર;
મારે એને કેમ મળશે, એમ વિચાર્યું વળી ઉર.
મારે ભજવા ભગવાનને, તજવી વિષય સુખની આશ;
દેહ–ગેહ–દારા–દામથી, અતિ થાવું છે ઉદાસ.
એહ વાત અસુરને, વળી નહીં ગમે નિરધાર;
માટે મારે એને નહીં મળે, એવો કર્યો ઉર વિચાર.
પણ હમણાં તો એને હા કહું, વળી ના કહેવાયે કેમ;
પછી નિષ્કુલાનંદના નાથનું, થશે જેમ ધાર્યું હશે તેમ.

(૩)

ત્યારે પ્રહ્લાદ કહે પિતા સાંભળજી, ભણીશ જેમાં ભલું થાશે મારૂંજી;
એટલું વચન માનીશ તમારૂંજી, એવું સુણી સુતથી તેડયો અધ્યારૂંજી.

અધ્યારૂ ષંડામર્ક જે, તેને કહે છે એમ ભૂપાળ;
ભણાવો એને વિદ્યા આપણી, જાઓ તેડી બેસાડો નિશાળ.
પ્રહ્લાદ બેઠા પછી પઢવા, લખી આપ્યા આસુરી અંક;
તેને તતે ટાળી લખ્યા, નારાયણ થઈ નિઃશંક.
ત્યારે ષંડામર્કે કહે સમજીએ, ભાઈ એ નહીં આપણું કામ;
એ છે વેરી આપણા, તેનું ન લખવું નામ.

CENTRAL LIBRARY

ત્યારે પ્રહ્લાદ કહે પાપી જનના, હશે શત્રુ શ્રીભગવાન;
મારે તો સદા એ મિત્ર છે આદ્ય અંતે મધ્યે નિદાન.
ત્યારે પંડામર્ક એમ સમજાવ્યા, છે આ વાતમાં વિવાદ;
એમ કહી ઉપેક્ષા કરી, ત્યારે કહે છે બાળકને પ્રહ્લાદ.
મરી જાવું સૌને મુરખો, શીદ ચડો છો બીજે નોર;
ભજો શ્રીભગવાનને, તજો બીજો શોરબકોર.
જેને ભજે જગ જીતી જાય, અને થાય સુખીયા સદાય;
તેને તજી બીજું બોલે જેહ, તેહ કૃતઘ્ની કહેવાય.
અમૂલ્ય તન જેણે આપીયું, આપ્યો સર્વે સુખનો સમાજ;
તેને ભજીયે ભાવે કરી, તો સરે તે સઘળાં કાજ.
ત્યારે બાળક સૌ બોલીયાં, જેમ કેહશો તેમ કરશું;
નિષ્કુલાનંદનો નાથ ભજતાં, ન થાયે અમારૂં નરસું.

(૪)

એવો સુણી બાળકનો બોલજી, પંડામર્કે કર્યો મન તોલજી;
આ તો વાત ચડી ચગડોળજી, ત્યારે કહ્યું રાયને મર્મે ભર્મે બોલજી.

બોલી મર્મે ખરૂં કહ્યું, પ્રહ્લાદ તમારો તન;
તે તો ભક્ત છે ભગવાનનો, એ મેં જોઈ લીધું રાજન.
આસુરી વિદ્યા એની જીભે, ભૂલે પણ ભણશે નહીં;
બીજા બાળકને બગાડશે, વળી અવળો ઉપદેશ દઈ.
માટે આડી રખાવો એની આજથી, જે ન ચડે બીજે ચેન;
કુળ આપણામાં કોણે ન કર્યું, એવું આદર્યું છે એણે કેન.
ત્યારે હિરણ્યકશિપુ કહે પ્રહ્લાદને, આવી અવળાઈ તું કાં કરે;
નાની વયમાં નિઃશંક થઈ, કાં કરે કોઈથી નવ ડરે.
આપું રાજ તુંને આજથી, અન્ન ધન સર્વે સમાન;
ત્રણ લોકોમાં કહ્યું તાહરૂં, કોઈ મોડી શકે નહીં માન.
પ્રહ્લાદ કહે મહાપાપરૂપ, મુને ગમતો નથી એહ ગેલ;
ભજતાં શ્રીભગવાનને, મુને સમું લાગે છે સેહેલ.
ત્યારે હિરણ્યકશિપુ બોલ્યો હાકલી, માગી લે છે મુખે શિદ મોત;
માનતો નથી માહેરૂં, મરી જઈશ તું તારા સોત.
ત્યારે પ્રહ્લાદ કહે બોલવું, તેનો કરવો વિચાર;
તુંને તારે મને મારીયો, તેથી પામ્યો છે તું હાર.

ત્યારે હિરણ્યકશિપુ કહે કોપ કરી, તુંને હણીશ મારે હાથ;
તારી રક્ષા કેમ કરશે, નિષ્કુલાનંદનો નાથ.

2. The testing of Parhalāda.

(૧)

ભક્ત જાણી ભગવાનના, છે અસુરને વેર અતિ;
મનસુબા મને મારવાના, કરે છે બહુ બહુ કુમતિ.
નર નારી સૌ એમ બોલે, કોઈ ઘાત કરો પ્રહ્લાદની;
તો અસુર સૌ અભય થાશે, જય થશે કશ્યાદની.
આશ્ચર્યે પામ્યા અમર નર, જોઈ પ્રહ્લાદની ધીર;
નિષ્કુલાનંદના નાથની કસણી, જોઈ નયણે આવ્યાં નીર.

(૨)

નથી હરિ જનને ધીરજ સમ ધનજી, કામ દામ આવે એ દોહલે દનજી;
જ્યારે જન કરે હરિનું ભજનજી, તેમાં બહુ આવે વિપત વિઘનજી

વિઘન આવે અણચિંતવ્યાં, સુર અસુર ને નરથકી;
ભેખમ ન થાય જન જેમ, તેમ વાત કરવી નકી.
આદ અંતે મધ્યમાંયે, ભકતે સુખ શું શું ભોગવ્યું;
સહી સંકટ ભજ્યા શ્રીહરિ, એમ ચારે જુગ માંહે ચવ્યું.
ભકત થાવું ભગવાનનું, રાખી વિષયસુખની આશ;
બેઉ કામ ન બગાડીયે, થાય ખરા હરિના દાસ.
અતિ મોટું કામ આદરી, વળતો કરીયે વિચાર;
એ તો અર્થે આવે નહીં, વળી ઠાલો ખોવાયે કાર.
કાર જાય ને કામ ન થાયે, વળી જાય ખાલી ખેપ;
એવું કામ આદરતાં, કહો કેને આવ્યું ઠેપ.
માટે તાવે ઘાવ જેમ ઘણના, ઘણા લગાડે છે લુહાર;
તક ચુકે જો તે તણી તો, સાંધો ન થાય નિરધાર.
જેને મોઢારે જેવું મોઘું હતું, એવું મોઘું નથી જો આજ;
પ્રહ્લાદ પેઠે આપણને, નથી કસતા મહારાજ.
પેખો ભક્ત પ્રહ્લાદને, જે જે પડીયાં એને દુઃખ;
વેઠી બહુ કહું વિપત્તિ, રહ્યા હરિને સન્મુખ.

CENTRAL LIBRARY

એકાએક વિવેકે ટેકે, એવું કામ એણે આદર્યું;
નિષ્કુલાનંદ કહે નાથે તેનું, ઘણું ઘણું ગમતું કર્યું.

(૩)

વળી પ્રહ્લાદની કહું સુણો વાતજી, તેહપર કોપીયો તેનો તાતજી;
ઉઠયો લઈ ખડ્ગ કરવા ઘાતજી, થયો કોલાહલ મોટો ઉત્પાતજી.

ઉત્પાત તે અતિશે થયો, કહે પાપી પ્રહ્લાદ ક્યાં ગયો;
દેખાડ તારા રાખનારને, કાઢી ખડ્ગ મારવા રહ્યો.
પ્રહ્લાદ કહે પુરણ છે, સર્વે વિષે મારો શ્યામ.
હમણાં પ્રભુ પ્રગટશે, ટાળશે તારે કામ.
અરેરે એવું બોલ મા તું, વળી કહે ઠેરાવીને ઠીક;
તું ને તારા રાખનારની બે, મારે નથી કંઈ બીક.
એમ કહીને બે કાઢીયું, તીખું ખડ્ગ તે વાર;
ઘાંઘો થાય ઘણું ઘાવ કરવા, પણ ન ડરે પ્રહ્લાદ લગાર.
કરડે દાંત ક્રોધે કરી, વળી બોલે વસમાં વેણ;
રીસ કરી રાતાં થયાં, મહા પાપીનાં તે નેણ.
પછી પ્રહ્લાદે પ્રકાશીયું, જોઈ અસુરનો આરંભ;
કહ્યું છે આ કાષ્ટમાં સ્થિર, રહ્યા છે થઈ સ્થંભ.
ઠેરાવ્યા જ્યારે હરિ સ્થંભમાં, ત્યારે કોપ્યો લઈ તરવાલ;
ઠીકો ઠીક મારી સ્થંભમાં, ત્યાં પ્રગટયા પ્રભુ કૃપાળ.
પછી માંગ્યું હતું જયમ મોતને, તેમાં તે બાધ આવે નહીં;
તેમજ તેને મારીયો, શ્રીનૃસિંહજી પ્રગટ થઈ.
હાહાકાર અપાર થયો, રાખ્યું પ્રહ્લાદજીનું પણ;
નિષ્કુલાનંદ કહે તેણે કરી, સૌ સુખી છઇએ આપણ.

3. **True devotees.**

(૧)

પેખી ભક્તિ પ્રહ્લાદની, એવી આપણે પણ આદરો;
નક્કી પાયો નાખી કરી, ભય તજી ભક્તિ કરો.
ભકત કહેવાઇ આ ભવમાં, અભકતપણું અળગું કરો;
શુદ્ધ સેવક થઈ ઘનશ્યામના, અમલ ભક્તિ આદરો.

CENTRAL LIBRARY

ભકિતમાં જેગ ભુંડાઇનો, વળી રતી પણ નવ રાખીયે;
દોરી બાંધી અંગે દામની, વિશ્વાસી પાસે નવ નાંખીયે.
ભકત છે બહુ ભાતના, દામ વામ સુખ ખાન પાનના;
એવું ન થાવું આપણે, થાવું ભકત ખરા ભગવાનના.
સેવક થઈ ઘનશ્યામના, ઇચ્છવાં સુખ સંસારનાં;
નિષ્કુલાનંદ એ ભકિત નહીં, એ તો લક્ષણ છે ચોર જારનાં.

(૨)

ભકત સાચા ભગવાનના, ઝાઝા જડતા નથી,
લક્ષણ જોઈ લેવા લખી રે, શું કહીયે ઘણું ઘણું કથી. ભક્ત.
અતિ દયાળુ દિલના, પડયે કષ્ટે ન કાય;
પ્રાણધારીને પીડે નહીં રે, પર પીડયે પીડાય. ભક્ત.
પોતાને સુખ જો પામવા, બીજાનું ન બગાડે;
દુષ્ટ આવે કોઈ દમવા, તેને શાંતિ પમાડે. ભક્ત.
ક્ષમા ઘણી શોભે નહીં, સુખ દુઃખને સહે;
નિષ્કુલાનંદ એવા ભકતથી, હરી દૂર ન રહે. ભક્ત.

4. The tale of Sibi

(૧)

વળી કહું વાત અનુપમ એકજી, સુણજો સૌ ઉર આણી વિવેકજી;
કહું સત્યવાદી રાય શિબિની ટેકજી, મૂકી નહીં નૃપે મુવા લગી છેકજી.

છેક ટેક તજી નહીં, દીયે દેદેકાર કરી દાન;
જે જે માગે તે તે આપે તેને, બહુ બહુ કરી સન્માન.
ભુખ્યો પ્યાસો પ્રાણી આવે, માંગે મનવાંચ્છિત જે વળી;
આપે તેને આદરસું, આરત વાણી સાંભળી.
તેણે જશ વાધ્યો આ જગતમાં, પરલોકે પડી ફાળ;
ઇન્દ્ર કહે લેશે આસન મારૂં, કરૂં કોઇ એક રખવાળ.
પેહેલ વેહેલાં પાળ બાંધિયે, તો રહે તળાવે તોય;
આવે જળે જે આદરવું તે, કામ ન આવે કોય.
લાગી આગે કોઈ કૂપ ખણે, તેણે ઓલાય નહીં અંગાર;
માટે મેલી ગાફલતા, વહેલો વહેલો કરવો વિચાર.

પછી શક્ર થયો શકરો, થયો હોલો તે હુતાશન;
આવ્યા બેઉ ઉડતા, જ્યાં બેઠા હતા રાજન.
કપોત ગયો આવી ગોદમાં, બેઠો શકરો સામો સુજાણ;
આપ મહારા આહારને, મારા ભૂખે જાય છે પ્રાણ.
ત્યારે શિબિ કહે સુણ શકરા, શર્વે આવ્યો તે કેમ અપાય;
માગ બીજું હોય મનમાં, જેણે કરી તારે દુઃખ જાય.
ત્યારે બાજ કહે બીજું જોઈતું નથી, જોઇએ આવાનું આ વાર;
નિષ્કુલાનંદના નાથ ન્યાય કરી, આપ માંસ એહ હોલા ભાર.

(૨)

શિબિ રાજા છે દયાનો નિવાસજી, પાપ કરતાં પામે બહુ ત્રાસજી;
તેનો તન મનમાં કર્યો તપાસજી, તેણે કેમ અપાય મારી પરમાંસજી.

તપાસ કરી તને મને, ત્રાજું મંગાવ્યા તે વાર;
કાતું લઈ માંડયું કાપવા, આપવા આમિષ હોલા ભાર.
કાપી કાપી રાયે આપીયું, સર્વે શરીરનું માંસ;
તોય ત્રાજું નવ ઉપડયું, હોલો બેઠો છે જેહ પાસ.
ત્યારે રાયે વિચારીયું, આ તો કપોત કારણરૂપ;
માટે આપું અંગ આખું એને, એમ કહે છે વળી ભૂપ.
ત્યારે બેઠા રાય જઈ ત્રાજવે, હુવો લોકમાં હાહાકાર;
ત્યારે હોલો ટળી હુતાશન હુવો, શકરો શક્ર તે વાર.
ત્યારે ઇંદ્ર કહે ધન્ય ધન્ય રાજા, તું જેવો નથી બીજો એક;
તન અભિમાની તું નહીં, અમે જોયું કરી વિવેક.
સત્ય-ધર્મ-નિયમ-ટેક તારી, ભારે ધારી ભલી તમે ભૂપ;
તન તજી બ્રહ્મ લોક જાશો, થાશો બ્રહ્મસ્વરૂપ.
પહેલ વહેલું લીયે પારખું, પછી દીયે છે અભય દાન;
એવાં સંકટને સહન કરતાં, જાણ્યો નથી કંઇ જન.
વામને બાંધ્યા બળિરાય, પછી પોતે બંધાયા બહુ પેર.
હજી સુધી હેતે કરી, હરિ રહે છે એને ઘેર.
એમ વર દઇ સુરેશ ગયા, થયો અતિ જયજયકાર;
નિષ્કુલાનંદ હરિ ભક્તને, ગ્રહી લેવો એવો સાર.

CENTRAL LIBRARY

5. Janaka Videhi.

(૧)

જેને ઉપાય કરવો હોય એહજી, તેને થાવું નિઃસ્નેહીજી;
જેમ વરત્યા જનક જોહજી, કરતાં રાજ્ય કહેવાયા વિદેહીજી.

વિદેહી કહેવાયા તે સાંભળી, ત્યાં આવ્યા નવ ઋષિરાય;
ઉઠયા જનક ભેટયા સહુને, ઘણે હેતે ઘાલી હઇયામાંય.
પછી મળ્યા એક એકને. તેની પૂછી ઋષિયે વાત,
અમે ન સમજ્યા આ મર્મને, તમે સમજાવો સાક્ષાત.
ત્યારે જનક કહે આ દેહનો, નથી પક્ષ એકનો વિશ્વાસ;
મળાય કેમ આ મુનિને, જ્યારે થઇ જાય તન નાશ.
એમ કરીને પૂજા કરી, ભાવે કરાવ્યાં ભોજન;
પછી બેઠા સભા કરીને, પૂછયા ભલા પ્રશન.
ત્યાં મિથિલાપુરી પ્રજળી, ધાયાં સૌ સૌને ઘેર લોક;
જનક કહે મારૂં નથી જલતું, શાને કરૂં હું શોક.
રાજ સાજ સુખ સંપત્તિ, વળી દેહ–ગેહ–દારા–દામ,
એહ કોણ કેનાં કોણ આપણે, કોઇએ કેને ન આવે કામ.
અણસમજણે આપણું, સૌ માની રહ્યું મનમાંય;
જુએ વિચારી જીવમાં તો, નથી આપણું કાંય.
એમ રાજમાં રહી રાગ તજ્યો, એ છે લક્ષ લેવા જેવો ઘણો:
તુચ્છ પદારથ સારુ તણાવું, એવો મત જોઇયે નહીં આપણો.
ખાવા ખટરસ નરેશ સુતને, તોએ ડોડાં દેખી ડગે દલ;
નિષ્કુલાનંદ એ કંગાલ છે, નથી આવ્યો રાજાનો અમલ.

(૨)

શીદને રહીયે કંગાલ રે, સંતો શીદને.
જ્યારે મળ્યો મોટો મહા માલ રે, સંતો શીદને. ટેક.
પૂણે બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ;
અમલ સહિત વાત ઉચરવી, માની મનમાં નિહાળ રે. સંતો.
રાજાની રાણી ભમે ભીખ માંગી, હાલે કંગાલને હાલ;
ઘર લજામણી રાણી જાણી, રાજા ખીજી પાડે વળી ખાલ રે. સંતો.

CENTRAL LIBRARY

તેમ ભક્ત ભગવાનના થઇને, રહે વિષયમાં બેહાલ.
તે તો પામર નર જાણો પૂરા, હરિભક્તની ધરી છે ટાલ રે. સંતો.
તન મન આશ તજી તુચ્છ જાણી, કાઢું સમજી એ સાલ;
નિષ્કુલાનંદ એ ભક્ત હરિના, બીજા બજારી બકાલ રે. સંતો.

6. **Endless patience needed.**

ધીરજ સમ નહિ ધન રે, સંતો ધીરજ.
આવે અર્થે દોયલે દીન રે, સંતો ધીરજ. ટેક.
અતુલ દુઃખ પડે જ્યારે આવી, તે તો ન સહેવાયે તન;
તેમાં કાયર થઇને કો દીન, ન વદે દીન વચન રે. સંતો.
ધીરજવંતને આપે અત્યંત, દુઃખ બહુ દુરીજન;
તે તો સર્વે સહે શરીરે, જાણી તે જન અગન રે. સંતો.
ધીરજધારી રહે નર નારી, પામે તે સુખ સદન;
કષ્ટ કાપવાનો એ છે કોઠારો, વાધે વિપત્તિનાં વન રે. સંતો.
આગે સીતા કુંતા ને દ્રૌપદી, ધારી ધીરજ અતિ મન;
નિષ્કુલાનંદના નાથને કર્યાં, પૂરણ એણે પ્રસન્ન. સંતો.

7. **The glory of forgiveness.**

સાચા સંતને જાણીએ, ખરી ક્ષમા રાખે મન માંય;
નિષ્કુલાનંદના નાથને, એથી વહાલું નથી બીજું કાંય.

ક્ષમાવંત સંત અત્યંત સુખ ભોગવે,પામે દુઃખ ક્ષમાની ખોટવાળા;
સોનું રૂપું જેમ સહે ઘણુ ઘાવને રે,જોઇએ કાચને વળી રખવાળા. ક્ષ.
રૂપા સોનાનાં ભૂષણો સૌ પહેરી ફરે; અંગો અંગમાં શોભા આપે;
કાચ ભાંગે તો કામ આવે નહિ રે, કટકા કોઇકનું તન કાપે. ક્ષ.
સર્પ સિંહ સ્વભાવવાળા સંત શા, જેને પાસે જતાં પગ પડે પાછા;
અતિ અખતર નરસા ઘણા રે; તેને કહેવું પડે તમે સંત સાચા. ક્ષ.
એ જેવી કેવી દેવી નંદવાણાતણી, રૂઠે તુંઠે આપે સંતાપ સરખો;
નિષ્કુલાનંદને નવ થાય ઓરતો રે, જો પહેલ વહેલાં એના પગ પરખો. ક્ષ.

21. Manjukesanand.

He is said to have written copiously and a great many of his *padas* are still unpublished. The little of him that has been in print shows him to be a writer with biting satire. His pet aversion is the false, hypocritical "holy man"—unfortunately too common in our land—who pays to God merely lip-adoration, but lives the life of the very devil. The poet does not mince his words when describing such scoundrels.

(૧)

નર અજ્ઞાની સાંભળને, શિખામણ મૂરખ મારી;
કહું હેત કરી સત્ય માની, અંતરમાં લેજે ધારી.—ટેક.
પ્રભુ નવ ભજ્યા નર દેહ ધરી, આણી ખોટામાં પરતીત ખરી;
તું મહા દુઃખ પામીશ મૂઢ મરી, નર અજ્ઞાની.
સુત નારી કુટુંબી જે કહાવે, તે તારાં ભેળાં નહિ આવે;
તોય મૂરખ તારે મન ભાવે, નર અજ્ઞાની.
તું ઘર દોલત સાચાં જાણી, તેમાં બંધાણો અતિશે પ્રાણી;
માટે નવ ઓળખ્યા સારંગપાણિ, નર અજ્ઞાની.
તારૂં જોબન ધન સર્વે કાચું, જમ લઈ જાશે કરડી ડાચું;
કહે મંજુકેશાનંદ સાચું, નર અજ્ઞાની.

(૨)

શું સમજીને મુખથી વેણું, બોલે ચાવી ચાવી;
વળી જ્ઞાન કરે ભોળા જનને, ખોટી સાખ બતાવી.—ટેક.
તું ખોટા ગુરુને સાચા જાણે, તેના દોષ હૈયામાં નવ આણે;
તને પડશે ખબર મરવા ટાંણે, શું સમજીને.
બાવળમાં આંબબુદ્ધિ લાવે, તેને કેરી કદિએ નવ આવે;
તેની શૂળ વળી પીડા લાવે શું સમજીને.
વળી નપુંસકની નારી કહાવે, તેને પુત્રતણું સુખ નવ આવે;
તેને રાત દિવસ દુઃખમાં જાવે. શું સમજીને.

તેમ ખોટા ગુરુને શરણે જાય; તેનું કલ્યાણ ક્યારે નવ થાય;
મંજુકેશાનંદ એ સત્ય ગાય, શું સમજીને.

(૩)

જોને જાગીને અંતરમાં, અંધારૂં મૂરખ તારૂં;
સાચા સંત હરિ ઓળખીને, તું હૈડામાં નવ ધારૂં.—ટેક.
તું દેહમાંયે પ્રભુને શોધે, તે કપટી ગુરુ કેરે બોધે;
તેમાં તારૂં મનડું નવ રોધે, જોને જાગીને.
નાગપાંચમ આવે જ્યારે, કરી સર્પ લીટો પૂજે ત્યારે;
સાચા નાગને લાકડિયે મારે, જોને જાગીને.
જેમ ઘૂડ રવિને નવ દેખે, તેમ અજ્ઞાની પ્રભુ નવ પેખે;
તેનો મનુષ્યા દેહ જાય અલેખે, જોને જાગીને
તને જમડા લઈ જશે તાણી, મુખથી ન બોલાય વાણી;
મંજુકેશાનંદ કહે સત્ય વાણી, જોને જાગીને.

(૪)

નર તન પામી હાર્યો, જીતી બાજી મૂઢ અજ્ઞાની;
ખોટા સંત તણી શિખામણ, તેં અંતરમાં સત્ય માની.—ટેવ.
કામક્રોધી ગુરુ તુને એમ કહે છે, તારો દેહમાંથી જ પ્રભુ રહે છે;
તું બહાર તે શું શોધે છે, નર તન પામી.
એમ કહી પરનારી સંગ કરે, કરી ચેલા તેનું દ્રવ્ય હરે;
તેનું પાપ હૈયામાં નવ ધરે, નર તન પામી.
કોઇ કહે છે મન મારો ભાઈ, કોણ છે ભગિની પુત્રી માઈ;
તેનો સંગ કરે મહાતમ ગાઇ, નર તન પામી.
એમ દૈત્ય ગુરુ શિક્ષા દે છે, તેને મૂરખ સત્ય માની લે છે;
મંજુકેશાનંદ સાચું કહે છે, નર તન પામી.

(૫)

સારને અસાર રે વિવેક જો કોય ન કરે;
એવા અજ્ઞાની રે, લખ ચોર્યાશી ફરે. ટેક.
બાનું બતાવે ભોળા જનનું, ધર્મ ન પાળે લેશ,
ધર્મે થકી ભ્રષ્ટ કરે મનુષ્યને, આપી અસત્ય ઉપદેશ;
એવાને અસત્યે રે, જનમે ન મરે; સારને.

જે નર ધન ત્રિયાના ત્યાગી, તેને સંગે રાખે શેષ,
નારીથી ભાગે તો ક્યાંથકી આવ્યા, એવો દેખાડી દોષ;
પોતે પરનારી રે, સંગે ફરે હરે; સારને.
કાચા હોય તે નારીથી ભાગે, પાકા ન ભાગે કેથે સાર,
બતાવે જનને નિશ્ચે કરે મનમાં, કરે કુકર્મે અપાર;
એવા ખળ અજ્ઞાની રે, ભવજળ નહીં તરે; સારને.
અગ્નિ પાસે બેસે ને તાપ ન લાગે, જળમાં શીતળ ન હોય,
મંજુકેશાનંદ કહે નારી પાસે, વિકાર કદી ન જોય;
એ તો વાત ખોટી રે જે જન ઉર ધરે; સારને.

(૬)

નામ તો બતાવે રે, રામને નવ જાણે;
દેહ અભિમાની રે, ઉર તૃષ્ણા આણે. ટેક.
દશરથ કેરા પુત્ર રામને, નવ માને મતિમંદ,
ભેખ ધરીને જગ ભરમાવે, તેને સેવે સૌ જન;
બહુ દુઃખ સેવે રે, જીવ મરવા ટાણે; નામ.
પ્રગટ રામનું ભજન કરીને, તર્યા જીવ અનેક;
રા ને મ બે અક્ષર જપીને, તર્યો ન દીઠા એક;
પ્રગટ રામ મૂકી રે, ન તરે રામ બાને; નામ.
વાલ્મિક સવરી વાનર આદિક, ભજી પ્રગટ શ્રીરામ,
વૈકુંઠમાં નિવાસ જઇ પામ્યા, તે વિભીષણ લે નામ;
રામને ઉચારી રે, પડી ગયા કે ઠેકાણે; નામ.
તેમ જ પ્રગટ શ્રીકૃષ્ણ ભજીને, ગોપી ગોવાળ સુજાણ,
પાંડવ ઉદ્ધવ ઋષિપત્ની આદિક, ભક્ત પામ્યા જ્ઞાન;
મંજુકેશાનંદ કહે, ગો લોક જે સુખ માણે; નામ.

(૭)

મુખે બ્રહ્મ ભાખે રે, જીવ સમ વર્તે છે;
વિષયને ચાખે રે, મોટાની ઓથ લે છે. ટેક.
બ્રહ્મરૂપ પોતાને માની, નારીને કહે તું બ્રહ્મ,
પાપ ક્યાં છે જમપુરી ક્યાં છે, ક્યાં છે ધર્મે ને કર્મે;
એવા અસુર રે, ભવમાં ભટકે છે; મુખે.

CENTRAL LIBRARY

શુક નારદ નવ યોગી પોતે, વર્ત્યા બ્રહ્મ સમાન,
ચરાચરમાં બોલ્યા શુકજી, તોયે ભજ્યા ભગવાન;
અધુની અજ્ઞાની રે, એવાને પણ લજવે છે. મુખે.
વેદ પુરાણને કલ્પિત કહીને, ધર્મે ન પાળે એક,
હરિઅવતારને ખોટા કરે, એ અચળ ઉર ટેક;
બીજાને પણ એવો રે, નિત્ય ઉપદેશ દે છે; મુખે.
સત્યપુરુષ સત્શાસ્ત્ર પ્રમાણે, વરતે વરતાવે આપ,
મંજુકેશાનંદ કહે એવાને શરણે, જૈયે તો મીટે સૌ સંતાપ:
એવા સંત મુકી રે, અસંત પાસે શીદ રહે છે; મુખે.

(૮)

કાયાથી જીવ ન્યારો રે, તેને આત્મા કહીએ;
એને બ્રહ્મ માની રે, હરિને શરણે જૈએ. ટેક.
ચિદાકાશમાં તે જ પુર મધ્યે, રહે સદા ભગવાન,
એ જ પ્રભુએ કરી કૃપા, પધાર્યા ભોમીપર સુખધામ;
એવા તો શ્રીહરિના રે, ભજનમાં ગુંકી રહીએ; કાયાથી.
અનંત બ્રહ્માંડમાં વ્યાપક થૈને, ન્યારા રહે પ્રભુ આપ,
એવા નિરંજન શ્રીકૃષ્ણ ભજીએ, તો મીટે સૌ સંતાપ;
માટે નારાયણનું રે, નામ સહજ તો લૈએ. કાયાથી.
બ્રહ્મરૂપને જાણ્યા વિના, કહે જગત છે બ્રહ્મ,
જીવ ઇશ્વર ને પુરુષોત્તમનો, મૂઢ ન જાણે મર્મ;
માટે ઉપમા રે, પામરને શી દઇએ; કાયાથી.
અનંત બ્રહ્માંડને સમજાવે, પલે નાશ કરે પ્રભુ એક,
મંજુકેશાનંદ કહે માટે, કરવો સંત વિવેક;
પ્રભુ ભજીને રે, પરમ આનંદ પામે; કાયાથી.

22. Devanand.

He is one of the most popular of the poets of the Swami-nārāyana-sect. His *padas* are sung to music at the time of the *Nava-rātra* festival. They are heard often from the mouths of wandering ministrals and beggars—a sure sign of popularity.

(૧)

કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે, મરી જાવું મેલી ધનમાલ;
અંતકાળે સગું નહિ કોઇનું રે.—ટેક.
સંસ્કારે સંબંધી સર્વે મળ્યાં રે,
એ છે જુઠી માયા કેરી ઝાળ. અંત.
મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે,
તેમાં તારૂં નથી તલભાર. અંત.
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે,
તેને જાતાં ન લાગે વાર. અંત.
માટે સેવજે તું સાચા સંતને રે,
તારાં ટળશે ત્રિવિધિનાં તાપ. અંત.
અતિ મોટા પુરુષના આશરે રે,
બળે પૂર્વજનમનાં પાપ. અંત.
એવું સમજીને ભજ ભગવાનને રે,
સુખકારી સદા ઘનશ્યામ. અંત.
દેવાનંદનો વ્હાલો દુઃખ કાપશે રે,
મન વાંછિત પૂરણ કામ. અંત.

(૨)

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિર્ધાર;
તોય જાણ્યા નહિ જગદીશને રે.—ટેક.
મોટા રાજ મેલીને મરી ગયા,
જેને જાતાં ન લાગી વાર. તોય.
તારૂં જોબન ગયું જખ મારતું રે,
માથે કાળા મટી ગયા કેશ. તોય.

CENTRAL LIBRARY

અંતકાળે લેવા જમ આવિયા રે,
તેનો ભાળી ભયંકર વેશ. તોય
રોમ કોટી વીછુતણી વેદના રે,
દુઃખ પામ્યો તું દેવના ચોર. તોય.
સગાં સ્વારથી મળ્યાં સર્વે લુંટવા રે,
તેને જરાએ ન ચાલે જોર. તોય.
જીભ ટુંકી પડી ને તૂટી નાડિયો રે,
થયું દેહ તજવાનું તતકાલ. તોય.
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથને રે,
મળ્યો મનુષ્યનો દેહ વિશાળ. તોય.

(૩)

પ્રભુ ભજી લેને પ્રાણીયા, ધન દોલત ને નાર;
તેને તજી જાવું એકલાં, સગું કુટુંબ સંસાર. ટેક.
જેણે ભજ્યા જગદીશને, ભવ પામ્યા તે પાર;
એને વિસારીને આથડે, ગોથાં ખાય ગમાર. પ્રભુ.
લખ ચોર્યાંસી જાતના, આવે દેહ અપાર;
જન્મ મરણ ગર્ભવાસનું, દુઃખ વારંવાર. પ્રભુ.
વૈદ કોટિ વાંસે ફરે, કરે ઔષધ અનેક;
રંચ ન ટાળે રોગને, દેવાનન્દ કહે વિવેક. પ્રભુ.

(૪)

ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના રે,
તપ તીરથ કરિયે કોટી ઉપાય રે,
પુણ્ય કરી અમરાપુરનું સુખ પામીયે રે,
અંતે પાછો ફોગટ ફેરો થાય રે. ભવ.
માયાની મોટપ તે મિથ્યા જાણજો રે,
નદીએ આવ્યું જેમ પાણીનું પૂર રે;
તેની પેઠે ધન જોબન ને જીવવું રે,
આકતણાં જેમ ઉડી જાએ તૂર રે. ભવ.
સગાં કુટુંબ મેલિને મરવું એકલું રે,
લખ ચોરાશી ફરવું વારંવાર રે;

પાપતણા ફળ આગળ તારે આવશે રે,
કર્મે કરીને ભરીયા તેં ઠોઠાર રે. ભવ.
આજ અમુલખ માણસનું તન આવીયું રે,
ભજવા સારૂ ભાવ કરી ભગવાન રે;
દેવાનંદ કહે માન તજીને માનજે રે,
વાત વિચારી સારી ચતુર સુજાણ રે. ભવ.

(૫)

સગપણ સાચું જાણે શ્રી ઘનશ્યામનું રે,
કેવળ બીજું માન ફૂડાફૂડ રે;
સગાં સંબંધી સ્વાર્થ કેરાં સોબતી રે,
મેલી જાશે મુખમાં નાંખી ધૂડ રે. સગ.
દેશ વિદેશ ડોલે ધનને કારણે રે,
પ્રભુ વિસારી લાલચમાં લપટાય રે;
ભાગ્ય વિનાનો ભટકે પામર પ્રાણીઓ રે,
જેને તારૂં જોબન એળે જાય રે. સગ.
કાળ અચાનક મોજું આવે કારમી રે,
ઘેરી લેશે ત્રાટે ઘરનું બાર રે;
નાડી તુટી આંખ્યું બારે નિસરી રે,
તે ટાણે શામળીયો કરતલ સાર રે. સગ.
એટલા સારૂ કરજે એનો આશરો રે,
માથે પડતો મટશે જમનો માર રે;
દેવાનંદ કહે દાસપણામાં લાભ છે રે,
પ્રેમ કરીને રાખો મનમાં પ્યાર રે. સગ.

(૬)

દુનિયામાં ડાહ્યો, ડાપણમાં દુઃખ પામે;
ભવતારણ ભગવાન વિસારી, ચડીયો ઠાલે ભામે રે. દુનિયા.
મનુષ્ય દેહ મળ્યો અતિ મોટો, ખોટો જાણી ખોયો;
ચોરે ચૌટે જુઠું બોલ્યો, નાહક નીર વલોયો રે. દુનિયા.
હરિ હરિજન સંગ હેત ન કીધું, પીધું વિષનું પાણી;
સુખ સંસારી પામવા સારૂ, મુવા લગી ઘર તાણી રે. દુનિયા.

CENTRAL LIBRARY

હરખ શોકની નદીઓ મોટી, તેમાં જાય તણાણો;
દેવાનંદ કહે હરિ ભજ્યો નહીં, ઘણે દુઃખે ઘેરાણો રે. દુનિયા

(૭)

અજ્ઞાની તારા, અંતરમાં દેખ વિચારી;
અંત સમે કોઈ કામ ન આવે, સગાં કુટુંબ નરનારી. અજ્ઞા.
જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો;
કાળ કરાળ કઠણ શિર વેરી, દિલમાં કેમ નથી ડરતો રે. અજ્ઞા.
માલ ખજાના મંદિર મેલી, મુઆ ભૂપ મદમાતા;
શ્વાન સૂકરનાં દેહ ધરીને, ઘર ઘર ગોથાં ખાતા રે. અજ્ઞા.
આજ અમૂલખ અવસર આવ્યો, હરિ ભજ્યાનું ટાણું;
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખરચે નાણું રે. અજ્ઞા.

(૮)

પ્રભુ ભજ પ્રાણી રે, કે કીધી નર દેહ દયા;
હરી હેતકારી રે, તારે સારૂ પ્રગટ થયા —પ્રભુ.—ટેક.
કલ્પતરુ કરુણાનિધિ કેશવ, મન વાંચ્છિત ફળ દેત,
એ મૂર્તિ અંગમાં ધરતાં, લાભ અલૌકિક લેત;
અગણિત આગળ રે, જેને જગ જીતી ગયા. પ્રભુ.
ભક્તાધીન નિગમ નેતિ ગાવત, આવત અવની માંય,
અકળ રૂપ ઓળખજે એવાં, કરવું રહે નહીં કાંય;
જાણ્યા વિના જગમાં રે, વહેતે પૂરે જાશો વહ્યા. પ્રભુ.
રાખો ધરમ રમાપતિ રીઝે, કીજે સુકૃત કાજ,
માન બડાઈ મોટપ મેલી, ફોકટ ફેલી ટળ આજ;
નિરભેની નોબત રે, વાગી પછે કુશળ કાયા પ્રભુ.
નાખ ખજાનો નિરખી નાણું, કર ગોવિંદ ગુણ ગાન,
દેવાનંદ કહે દોષ નિવારણ, ભવતારણ ભગવાન;
કરુણાના સાગર રે, વાલાજીને વેદે કહ્યા. પ્રભુ.

CENTRAL LIBRARY

23. Dayaram (1767-1852.)

The last poet of "classical" Gujarāti literature is Dayārām. After his death we may very well date the beginnings of the modern age, ushered in by the two great rivals Dalpatrām and Narmadāsankar. Dayārām is fittingly the climax of the age of classical Gujarāti writers. He ranks among the three greatest poets of Gujarāti literature*—Mehta, Premānand and Dayārām. The former two have suffered from the ravages of time, inasmuch as a great many of their works have been tampered with by irresponsible scribes and copyists.† With Dayārām such has not been the case. His works have been preserved intact as they were dictated by him and taken down by his devoted pupils. Narmadāsankar has collected a good number of his verses in his દયારામ કૃત કાવ્ય સંગ્રહ but still a considerable number of his poems (perhaps the greater part) are still unpublished. His pupils regard them as too sacred to be thus broadcast through print amongst those who might scoff at them.

Dayārām's life was a long one and on the whole a very pleasant one. His early years were rather wild. Left an orphan in care of an aged aunt the boy went through some nasty experiences and paid dearly for his folly. Some assert that his engagement to marry the daughter of a respectable gentleman was broken off as a consequence. Others say that Dayārām himself refused to be tied down to any woman. His favourite pupil and his most devoted follower was Ratan the girl-widow of a goldsmith. In the early days many looked askance and whispered at this queer pair but in course

* Some writers would put Sāmal higher than Dayārām but I cannot agree with them.

† See K. M. Munshi's નરસૈંયો—ભક્ત હરિનો.

CENTRAL LIBRARY

of time Ratan was accepted as a part of Dayārām's life. There does not seem to have been anything immoral between them She was his willing slave, who had bound herself entirely to him. He often used to ill-treat her, to abuse her and even to beat her. Except once she never showed the slightest resentment. But once even *her* patience was exhausted and she left him. But it was for a few days only. Dayārām was so upset that he threatened to starve himself to death, refusing food from everyone else. Ratan returned and was with Dayārām till the very end. She nursed him in his last illness as few women have nursed even their beloved ones. She survived him and died some years later in great misery and poverty. She possessed a life-like portrait of the poet but she refused to part with it. She worshipped it as if it were her *iṣṭa-deva* (her special Deity), and only after that debt of gratitude had been discharged would she allow a morsel of food pass her lips.

Dayārām was an exceedingly handsome man and was fond of fine dresses and comfortable living. But he was quite abstemious in his food and drink. Being without a family of his own and surrounded as he always was by pupils and admirers, he had grown self-willed and gave way to violent fits of temper. While in these he never spared his language. His temper was partly due to his bodily ailments. During the last twenty years or more of his life he was racked with excrutiating pains from several incurable diseases. The wonder was the complete control he got over his body and his temper while at worship and while he was at work composing his songs and poems. It was his practice to dictate his songs to his pupils and he left these to his disciples as their most precious legacy.

CENTRAL LIBRARY

The poet had travelled extensively all over India and had thus gathered varied and wide experience. He was a shrewd observer of men and manners and was well able to gauge the true inner motives of the various people who came to see him. He was a good linguist and was able to speak fluently most of the Aryan languages of India and he has written quite extensively in Hindi and Marāthi besides in his own mother-tongue. He was a fine Sanskrit scholar and had more than a smattering of Islamic ideas also. Indeed he was the earliest Hindu writer of Gujarāti to write *ghazals*. His works show quite a good proportion of Persian-Arabic words and Islamic phrases.

Being a very skilled musician himself, Dayārām's poetry is perfect in its composition and metre. There is a well-known story of his musical contest with a famous *Bāvā* (ascetic) who had made satirical remarks about the performance of one of Dayārām's pupils. Dayārām immediately challenged him to keep time on drums with his singing. The contest lasted the whole night through before the Bāvā made a slip.

The theme of Dayārām's poetry is pre-eminently *bhakti*. He himself is the Gopi thirsting for a glimpse of the Beloved (Krishna) and experiencing rapturous ecstacy when He appears. His language is the language of earthly love —what Divan Bahādur Jhaveri has called ઉઘાડો શૃંગાર—and consequently by many puritanical people Dayārām is regarded as a poet not fit "to read aloud in families". Narmadāsankar, being himself a first rate poet, appreciated the exquisite beauty of Dayārām's verse, but, he, too, was puritan-minded and held the elder poet's morals in low

CENTRAL LIBRARY

esteem.* This opinion of Narmad is still held by many critics. I, personally, do not quite agree with this. As far as we know Dayārām *was* living a wild life in his irresponsible youth. But after he had definitely taken to the path of *bhakti*, his life was as pure as any one could wish. In fact, he could not tolerate the vicious *gurus* who abounded amongst the Vaishnavas, neither did he spare words in describing them. The only way to describe the joy of union with the Divine Lover is to use terms of earthly love. And hence these misunderstandings. All Sufis have suffered from this form of misrepresentation. Hafiz has been called a drunkard and a runner after women by people who look to his *words* alone. The same is true of Dayārām. The joy of union with the Divine Beloved—the joy which the Gopis felt when Kahān came amongst them—can be appreciated by those alone who have heard the divine notes of His flute. Worldly mortals, filled with worldly ideas of life set about very wisely criticising these Lovers—these Gopis. Their thrilling words, their burning ecstacy are not for such critics. It is not the head that is needed to glimpse this joy, the heart is needed. As Browning has put it so aptly

> "The rest may reason and welcome
> 'Tis we musicians know".

Dayārām was one of the musicians and he *knew* and therefore, did not care if those who were still chained to the world understood or misunderstood him. He was an aristocrat in his *bhakti* (as he was also in his dress) and he regarded those

* Indeed, it is narrated that this attitude of Narmadāsankar so antagonised the devoted pupils of Dayārām that they refused even to show him other manuscripts left by their Master.

who criticised him as unworthy of his notice. In fact, he had neither the time nor the inclination to care for any such.

I. ભક્તિ પોષણ.

શ્રી ગુરુ વલ્લભ દેવને, હું પ્રથમ કરૂં પરણામ;
શ્રી વિઠ્ઠલ શ્રી કૃષ્ણ યમુને, મહા પૂરણ કામ;
પૂરણ કામ દામોદરદાસ, અષ્ટસખા પૂરો ઉર વાસ;
શુભ મતિ દો અતિ પરમ પવિત્ર, ભક્તિ સુપોષણ ગાઉં ચરિત્ર
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.

ચાર વેદ ખટ શાસ્ત્રનો, વારે વારે કર્યો વિચાર;
ઉપનિષદ્‌ના અર્થને, શોધતાં નિકળ્યો સાર;
નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સતસંગમાં કરવી આસક્તિ;
પૂરણ પુરુષોત્તમ યુગ ચરણે, સર્વ સમર્પીને રહેવું શરણે. સેવો.

નહીં કોઈ જેહની સમોવડી, કોઈ ઈશ નહીં જેને શીશ;
સરવ વસ્તુ જેથકી થઈ, એકો કહાવે સરવના અધીશ;
સરવ અધીશ વંદે સહુ જેને, નિગમ નેતિ નેતિ કહે તેને;
શેશ મહેશ વિધિ શ્રી અગમ્ય, તેને કહીયે પૂરણ પુરુષોત્તમ. સેવો.

પુરુષોત્તમને પરહરી જેનું, અન્ય અમર મન મોહે;
કામ દુર્ગો મળી મુકીને, મહિષીપુત્રીનું પય દોહે;
દોહે ગાય મુકી મૂઢ પાડો, તરસ્યો ગંગા તીર ખોદે ખાડો;
તેમ પૂરણ તન અવર અરાધે, મેહનત માથે પડે કાંઇ ન લાધે. સેવો.

રાખી ભરોસો અન્યનો, ન કરે આશરો અવિનાશ;
ઇચ્છી અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ;
આશ કરે તરવા દધીપૂર, શ્વાનનું હાથ ગ્રહી લંગૂર;
તે જેવો પામશે સાગર પાર, તરશે તેવો હરિવિમુખ સંસાર. સેવો.

કોટી ઉપાસન મલિનનું, જન તામ્ર મુદ્રા સમ જાણો;
રૂપૈયો સુર સેવના વ્યુહ, કંચન મોહોર પ્રમાણો;
કંચન મોહોર વ્યુહ હીરો, એમ અંશ અંશી સમજી રો;
સર્વ એ દ્રવ હીરાથી થાએ, હીરો કર્યો કોહોનો નવ કહેવાએ. સેવો.

CENTRAL LIBRARY

ભક્તિ પોષણ.

જગત વૃક્ષ તેહેનું મૂળ હરિ, મૂળ પોંચે વૃક્ષ પોષાએ,
પ્રતિ શાખા જળ સીંચીએ તેથી, તૃપ્તિ ન કોઇને થાએ;
તૃપ્તિ ન થાએ વૃથા શ્રમ પોહોંચે, સમજણ આવે તારે પછી શોચે;
મુખદ્વારા સહુ ઇંદ્રિ સંતોષે, ભોજન અંગ લેવું કોઈ ન પોષે. સેવો.

જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, અવગુણને ગુણ જાણે;
અવળું પડે અન્ય દેવને, સામું દે દુઃખ શત્રુ પ્રમાણે;
પ્રમાણ નહીં ફળ દે તો એ જાએ, હરિનું આપ્યું કદી નાશ ન થાએ;
અમર અલ્પ વર અધિક પ્રયત્ન, પ્રભુ કોડી સાટે દે એ રત્ન. સેવો.

વેલુ પીલતાં જો તેલ નીકળે, જળ મધ્યે નવનીત હોએ;
મૃગજળથી જો તૃષ્ણા ટળે તોએ, ભક્તિ વિના ભદ્ર ન હોએ;
ભદ્ર ન હોએ મહત કદાપી, અભય ના હરિ વિના કો શકે આપી,
હું નથી કેહેતો પોકારે છે વેદ, સમરો શ્રીકૃષ્ણ ટળે સહુ ખેદ. સેવો

મંત્ર આધીન સહુ દેવતા, યોગે વીરાટ પણ વશ થાય;
જ્ઞાની અક્ષરને જઈ મળે, પુરુષોત્તમ પ્રેમે પમાય;
પ્રેમ ભક્તિવશ પુરણાનંદ, એ ન અડે અન્ય સાધન ફંદ;
શ્રીમુખે ભાખ્યું શ્રીગીતા માંહે, ના માનો તો જો જો ત્યાંહે. સેવો.

શ્રવણ કીરતન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન અરચન;
વંદન દાસત્વ સખ્યતા, વળી આત્મ-નિવેદન;
આત્મ-નિવેદન, નવધા કહીયે, પ્રેમલક્ષણા દશમી લહીયે;
એ ભક્તિ સહુ સાધન તાજ, જે પામે વશ થાયે વ્રજરાજ. સેવો.

શ્રવણ પરીક્ષિત શુક કરી, કીર્તન સ્મરણ પ્રહ્લાદ;
શ્રી સેવન પૂજન પ્રથુ, વંદન અક્રૂર આહ્લાદ;
આહ્લાદ માન્યો કપીશ કિંકરતા, સખ્યતા ભક્તિ સુભદ્રાભર્તા;
આત્મ-નિવેદન બળીએ કીધી, ગોપીજને પ્રેમલક્ષણા લીધી. સેવો.

નામ કેશવનું કરણમાં પડતાં, સહુ થાએ પવિત્ર;
શરદ ઋતુના સંગથી, જેમ નિરમળ નીર વિચિત્ર;
વિચિત્ર જળ તેમ જાતી રે જાણો, સર્વ સાચી સદનામે પ્રમાણો;
શુદ્ધ સુવર્ણે જેવું અગ્નિએ થાય, માંજે ઓપે તેનો મેલ ન જાય. સેવો.

CENTRAL LIBRARY

દયારામ.

નામ કીરતન શ્રી કૃષ્ણનું, કળિમાં સહુ સાધન ત્યાજ;
ભવસાગર તરવા તણી, સહુને એ સુખપથ પ્યાજ;
પ્યાજ પ્રગટ શ્રમ નહીં રહેલું, દામવિના ફળ થાય પળ પ્હેલું;
સર્વે રસ્તામાં સહુ ઠાર, અધમ ઉત્તમ સહુને અધિકાર સેવો.

સતયુગે જે ફળ ધ્યાનથી થાતું, ત્રેતામાં યજ્ઞથી જેહ;
દ્વાપરે પૂજને પામતા, સહુ કળિ હરિ કીરતન તેહ;
તેહ થકી પણ અધિક ફળ ગાતા, તો શું થયું તપ તીરથ ન્હાતા;
મણી મળ્યો તે શોધે શીદ કોડી, વણ વિચાર આશે મરે મૂઢ દોડી. સેવો.

કળી રૂડી આશ્ચમાં, કોઈ કર્મનો નહીં અધિકાર;
અડે ન સૂતક નામને, નિરભય નિત કરીએ ઉચાર;
ઉચાર પાત્રે અભયપદ આપે, સકળ પાપ સંતાપને કાપે;
વેદ શાસ્ત્ર સહુ પુરાણ પોકારે, તો હરિ હરિ તું શેં ના ઉચારે. સેવો.

નામે અજામેળ ઓધર્યો, નામે તાર્યા શીખે બહુ પાપી;
અવળે નામે વાલમીક તાર્યો, અરધે ગણુકા ગત આપી;
આપી ગત્ય ઇત્યાદિક બહુને, જેણે જેણે આશ્રય કર્યો સહુને;
બે અક્ષરમાં બાંધ્યો સાર, જેણે લહ્યો તે પામ્યો પાર. સેવો.

સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું, કથા કીરતન જહાં નિત્ય થાય;
કોટિ તીરથ આવી ત્હાં વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય;
ન્હાયો તેમાં તે પવિત્ર પ્રમાણો, તે વિના સર્વેને સૂતકી જાણો;
જીવતાં શબ સરખા સહુ તેહ, ભૂતળે ભાર કર્યો ધરી દેહ. સેવો.

નટવર છબ નંદલાલની, એવું ચિંતન કર ચિત મ્હાંય;
મોર મુગટ શીર તીલક કુંડળ, નક વેસર ચિબુક સોહાય;
સોહે કૌસ્તભ મુક્તા વનમાળ, કંકણી કર ગ્રહે મોરલી રસાળ;
પીતાંબર કટિમેખળા સોહે, નૂપુર નખ શિખસું મન મોહે. સેવો.

સોળ ચિન્હ પદ પંકજે, દક્ષણ નવ વામે સાત;
સ્વસ્તિ અષ્ટકોણ અંબુકળ, જવપત્રી ધ્વજ ઊર્ધરેખ વિક્ષાત;
ક્ષાત અંકુશ અંબુ જમ વ્યોમ, કળશ ઇંદ્ર ધનુ ને અર્ધ સોમ;
ત્રિકોણ ગોપદ ખટ દશ ધ્યાન, નિત્ય કરે નિરભય પદ દાન. સેવો.

CENTRAL LIBRARY

ભક્તિ પોષણ.

જેમ નટ દગ દોરમાં, પણીહારીનું બેડલાં માંહે;
ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રહે ત્હાંનું તાંહે;
તાંહ તેમ મન પ્રભુમાં નિત્ય દેવું, સંસારમાં સાક્ષીવત રહેવું;
જગત ભણે એ છે જંજાલી, રાખ હૃદે ત્રિકમસું તાલી. સેવો.

કંસ શિશુપાળ પુતનાદિકે, કામે વેર સમર્યા શ્યામ;
એ વિના નાના ભાવથી, સમરે સર્યા સરવેના કામ;
કામ થયા તુચ્છ ભાવે જરે, શું કેવું સ્નેહ સમરપે છે ત્હારે;
ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું, તો સંકટ તેનું સૌ ભાગ્યું. સેવો.

અન્ય સાધન બે આપણું, પણ શ્રી હરિને સુખ;
સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદ તે મુખ્ય;
મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા, લોકવેદના ભય નવ ધરવા;
પુજા તે ચળે શ્રુતિ પ્રમાણ, સેવા તે જેમાં સ્નેહ બંધાણ. સેવો.

એક વાર આખા જન્મમાં, જો શ્રીકૃષ્ણ સમરાય;
તો દરશણ યમદૂતનું, કદા સ્વપ્ને પણ નવ થાય;
થાએ જો ભાવ સહિત કરે ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન;
હરિ ઉર નહીં તો તપે શું થાય, જો છે તો કરે કષ્ટ બલાય. સેવો.

આપ્યું ઉરસ્થળ મુકીને, રમા ચરણ સેવા નવ ચુકે;
હૃદે રહિત કદા હરિ કરે, પદ આશ્રિત નહીં મુકે;
મુકે ના અંઘ્રિ છે ભક્તિ નિવાસ, માટે અવિલંબે સહુ દાસ;
એ ભક્તિ છે અતીસેં દુર્લભ, પ્રાપ્ત થાયે સર્વે પદ સુલભ. સેવો.

હરિ વ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઇનો દોષ;
મન કર્મે વચને જેમ બને, તેમ કરવો સહુને સંતોષ;
સંતોષે પ્રાણી પ્રભુ પ્રસંન, તેથી સુખી પ્રેખે હરી દરશન;
સઘળે દયા એ પુજા પ્રભુકેરી, દેહીને દેખે તે કૃષ્ણનો વેરી. સેવો.

એક પણ પ્રણામ શ્રી કૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો;
અશ્વમેધ દશ અવ ભતનાં, ફળપર પગ તેણે દીધો;
દીધો પગ શા માટે કેવાય, યજ્ઞ કરે તોયે જન્મ તો થાય;
કૃષ્ણ પ્રણામીને નહિ દેહ, મુક્તિ અધિકતા એહમાં એહ. સેવો.

CENTRAL LIBRARY

દયારામ.

નમન કર્યું નંદલાલને, સ્નેહ મન કર્મ વચને જેણે;
ધર્મે સાધન પૂર્ણે સહુ કર્યાં, નિશ્ચે જાણ્યો તેણે;
તેણે કર્યું હરિપદ અનુકૂળ, દુઃખ પાપનું ટાળ્યું મૂળ;
દીનભાવે કર્યું વંદન હરિને, તે જનુની ગર્ભે ન આવે ફરીને. સેવો.

દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરુષોત્તમ જેને માથે;
ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાનનાં મન સાથે;
મન સાથે માન્યું હું ન ભૂપ, જગત પુજે જાણી રાણીનું રૂપ;
પણ પતિ સુખ સ્વપ્ને નહિ એને, એળે એ અથડાયે છે શેને. સેવો.

દાસપણે જે આનંદ છે, તે નહીં ભળે જગદીશ;
જ્ઞાનીનું સુખ એવું જાણજો, પાગે આશે છેદાવે શીશ;
શીશ છેદ્યા પછી મુગુટ કહાં ધારે, સહુ મૂરખ મનમાં ન વિચારે;
જળને શો જળપાનનો સ્વાદ, જન જુદો રહી પામે આલ્હાદ. સેવો.

જીવ બ્રહ્મ થાયે નહીં, થાયે તો બ્રહ્માનંદ કહાંને;
ભોક્તાપણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને;
શાને કહો નથી બ્રહ્મ નામી, કયમ બોલો જનક સાયુજ્યતા પામી;
બોલે તે બીજો કેહેવાય, ઈશ્વર જીવ કદા નવ થાય. સેવો.

અહોભાગ્ય ભાગ્યધન, વ્રજ જન પરમ પવિત્ર;
પૂરણ બ્રહ્મ સનાતન, પરમાનંદ થયા જેના મિત્ર;
મિત્ર થઇ સરવે સુખ દીધું, સર્વે ભાવે કારજ બહુ કીધું;
શેષ મહેશ વિધિ શ્રી અલભ્ય, તે ફળ શ્રી ગોપીજન લભ્ય. સેવો.

દેહ પ્રાણ ઇંદ્રિ અંતઃકર્ણે, ધર્મે દાર ગૃહ ધન;
પુત્ર આપ્ત આત્મા સહ સર્વે, સમરપી જુગજીવન;
જુગ જીવન સર્વાત્મા ભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે;
તેજ ગમે પ્રભુ જેમ સુખી થાય, આત્મ નિવેદન એ કહેવાય. સેવો.

સર્વે વસ્તુ છે શ્રીકૃષ્ણની,જેની છે તેને શેં ન સમર્પે;
આત્મા સહિત અર્પણ કરી, હરિદાસ થાની શીદ ડરપે;
ડરપે છે કાળથી રહે ઊચાટે, તે પરનું માન્યું પોતાનું માટે;
જેથી બધાંઓ તે વસ્તુ દે મુકી, તારી ન જાણીશ એ રાડ ચુકી. સેવો.

CENTRAL LIBRARY

ભક્તિ પોષણ.

રૂપ, દ્રવ્ય, ગુણ ત્રણ એ, કારણ પ્રીતિ થવાનાં કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ, સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે;
ભાવે એ પ્રેમે વાહાલો વશ થાએ, તેને મુકી ક્ષણ દૂર નવ જાએ;
તે જને માન્યું મત એહ, જેમ તેમ થાયે સુખી પ્રભુ તેહ. સેવો.

પ્રેમ આસક્તિ વ્યસન એ, ત્રણે રૂપ સ્નેહનાં લઇએ;
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઇએ ન કહીએ;
કહીએ પ્રેમનું લક્ષણ એહ, જયારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિજોગ થાય તારે તપે તન, તાંહાનું તાહાં વળગ્યું રહે મન. સેવો.

એકવાર પણ આખા દિવસમાં, મળ્યા વિના નવ રેહવાય;
જો ન મળે તો વિકળ થાય, આસક્તિ એ કહેવાય;
કેહેવાયે વ્યસન આવું જારે જાંએ, સામાસામી રૂપ આવી ધાએ;
તન્મયતા તે મૃત્યુ સમાન, એ ચારે આવે આપે હરિદાન. સેવો.

પ્રેમલક્ષણા વળિ દ્રગ રૂચિ સ્મૃતી, અભિલાખા ઉદ્વેગ ચાર;
વ્યાધિ, પ્રલાપ ને ઉનમાદ ત્રણે, આસક્તિના પ્રકાર;
પ્રકાર વ્યસનતણા બે કહિયે, જડતા ને વળી મૂરછના લહિયે;
તન્મયતાનું લક્ષણ એક, મૃત્યુ સાદ્રશ પણ મણે ન છેક. સેવો.

જાતી જુઓ તો આહીરની, તેમ અબળા અધમ અવતાર;
વેદાદિક નોતી ભણી, નોતો ઉત્તમ કર્મે અધિકાર;
અધિકાર વણ એક પ્રેમ પ્રતાપ, કર્યા અધીન શ્રીકૃષ્ણ જે આપ;
ગોપીની પદરજ વંદે ઈશ, પ્રેમલક્ષણા તે સહુને શીશ. સેવો.

સેવા સંગત હરિ ભક્તની, કરે પ્રેમ ભક્તિ ઉતપન;
તે કરે કૃતારથ એકલી, નવ જોઇયે કોઈ સાધન;
જોઇયે નવ અવિદ્યા વીત વણે, રૂપ પરાક્રમ પવિત્રાચણે;
કેહેશો જો આં નથી કહો કીએ કામ, તો સુણો પ્રગટ બતાવું નામ. સેવો.

ધ્રુવજીને કહાં વય હતું, કહાં હતું સુદામાને ધન;
કુબજાને હતું રૂપ કહાં, ઉગ્રસેનને પુરુષાતન;
પુરુષાતન નોતું ઉગ્રરાય, ગજને કહાં હતી બ્રહ્મવિદ્યાય;
પારધીમાં કહાં શુભ આચણે, કેવળ ભક્તિ પામ્યો ગિરધણે; સેવો.

દ્વાદશ ગુણ સંયુક્ત છે, દ્વિજ પંડિત સરખો કોય;
પદ્મનાભ પદવી મુખ છે, તેથી શ્વપચ ભલેરો સોય;
સ્વપચ ભલો જેને કૃષ્ણ આસક્તિ, મન કર્મ વચને કરે ભક્તિ;
કુલ સહિત શ્રે પામ્યો તેહ, વિપ્ર કરે ન કરી શુચી બેહ. સેવો.

શ્રીકૃષ્ણભક્તિ અંક છે, બીજા સાધન સરવે શૂન્ય;
અંક વિના સહુ અફળ છે, સહ શૂન્ય શૂન્ય દશ ગુણ્ય;
દશ ગણો બિંદુ આદે ગણ એક, અંક વિના શું શૂન્ય અનેક;
ભક્તિ કરી તેણે સહુ કીધું, ભક્તિ વિના બીજું કાંઈ ન સીધું. સેવો.

નૃગભુપે ગોદાન કર્યાં કેટલાં, કંઇ ગણતી ન આવે અપાર;
એક દીવસ અણદોષ પડે, કૃકલાસ થયો અવતાર;
અવતાર અધમ થઈ જગ હાંસી, ગોદાન પુણ્ય ગયું કહુ નાશી;
દાન કર્યાં તોય પામ્યો દુઃખ, શા માટે હૂતો ભક્તિ વિમુખ. સેવો.

પ્રાચીન બરહિંસ ભૂપને, જુઓ કીધા યજ્ઞ અપાર;
ઉરવી મખાંકિત સહુ કરી, તોએ કાંઈ ન દીઠો સાર;
સાર ભાલ્યો એ જે પશુ પાડા, તે રહા હણવી નારદજી દેખાડા;
ભય દેખી લીધું સુર ઋષિ શણે, ભક્તિ કરીને પામ્યો હરિચણે. સેવો.

ભક્તિ તારે ચંડાળને, જેમાં કોય ન ભુખ આચણે;
શું પછી કહેવું તેહનું, ઉધારે અધમ અનવણે;
વણે સરવ ઉધારે જગત, નીચ ઊંચ જેની આસકત;
એક અંગ ભક્તિ ભદ્રાય, અચરજ શું પૂરણ શ્રે થાય. સેવો.

ભક્તિ નૌકા તારે સર્વને, જે કો શરણે આવે શુચી પાપી;
ધન સાધન દારૂ તુંબિકા, ગૃહે સંભવત તરે કો કદાપી;
તરે કદા બચે કામાદિ ગ્રાહથી, સામર્થ નહીં અણુ તારવા સાથી;
વિબુધ વિચારી જુઓ નિજ મન, ભક્તિ મળી કે સાધન અન્ય. સેવો.

ભક્તિ મણિ જ્ઞાન દીપ છે ટાળે ઉભય ખરા અંધકાર;
મણિ અભય દૂતી અચળ છે, દીપકને ભય છે અપાર;
અપાર ભય વાયુથી વામે, તેલ પાત્ર બાતી વણ લય પામે;
જ્ઞાન સભય તો અન્ય કુણ માત્ર, નિર્ભય ભક્તિ સકળ સુખપાત્ર. સેવો.

CENTRAL LIBRARY

ભક્તિપોષણ.

ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, માયા ના પીડે લેશ;
સ્ત્રીથકી સ્ત્રી મ્હોવાય નહીં, મોહ પામે પુરુષ વેશ;
પુરુષ જ્ઞાન વૈરાગને યોગ્ય, તેને પીડે અજા રૂપી રોગ;
તે કારણ ભ્રષ્ટ થાએ છે તેહ, ભક્તને અચળ હરિશું સ્નેહ. સેવો.

નિરખે નેત્ર નંદલાલને, શ્રુતિ કથા રટે મુખ નામ;
નાસિકા સુંઘે પ્રેમશું, પ્રસાદી તુળશી પુષ્પદામ;
દામ ગ્રહણ કરે કરે હરી સેવા, દોડે ચરણ પ્રભુ દરશન લેવા;
મને ધ્યાન નટવર છબી શ્યામ, સર્વાંગે કરે દંડ પ્રણામ સેવો

ભક્તિ વિના કેવળ કૃતિ કરે, ફળ પરલોક ન થાય;
મણિધર પવન ભક્ષી રહે, જુઓ મચ્છ તીરથજળ ન્હાય;
મીન તીરથ ભીલ મૃગ વનવાસી, અંધ ગ્રહે દંડ કાસદ જાય કાશી;
સર્પ દંડવત નટ સિધ વેશ, દરશ તપોધમ ભાવ ના લેશ. સેવો.

શ્રીકૃષ્ણ શ્રીગુરુ ભગવતી, એ ત્રણે એક સ્વરૂપ;
ત્રયધારા જયમ સુરસરિત, તેમાં ભેદ નહીં તદ્રૂપ;
ભેદ નહીં ત્રણ નામજ માત્ર, જોતાં વિમાસી એકજ ગાત્ર;
સ્નેહ વિવેકે સેવો સરે અર્થ, અવસર અમુલ ખુવો શીદ વ્યર્થ. સેવો

સતસંગ સર્વેનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ;
અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વણ શ્રમ:
શ્રમ વિના શ્રીનાથ મળાવે, કલ્પનું કામ તે પલકે સરાવે;
નીચ નિરમળતા ગંગા ગંગ, એ સમોવડી દીસે સતસંગ. સેવો.

લવ હરિ સંગની સંગના, સુખની સમતા નહીં કોય;
સ્વર્ગે તથા અપવર્ગનું, સુખ પણ સમોવડ નવ હોય;
નવ હોય સમતા મોક્ષાનંદ, તો કયાંહાં જન ઇચ્છિત સુખમંદ;
અણુ અનુભવીને આશ્ચર્ય થાય, પણ અનુસંધે છે નહિરાય. સેવો.

શ્રી ગંગાજી હરે પાપને, શશી તાપ હરે ગયે શણે;
દાળિદ્ર ટાળે સુરતરુ, મળી ત્રણ કરે ત્રણ હણે;
હણે કરે ત્રણ તે તત્કાળ, મળતાંમાં હરિજન દયાળ;
જ્ઞાને તાપ હરે દરશને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ. સેવો.

CENTRAL LIBRARY

દયારામ.

યોગ યજ્ઞ જપ તપ વ્રતે, બહુ કીધો કાષ્ટા કર્મે;
જ્ઞાન ધ્યાન અતિ દાનથી, તીરથ આચરતા ધર્મે;
ધર્માધ્યયન વેદશાસ્ત્ર પુરાણ, કોટી સાધનથી ન પરમ કલ્યાણ;
એ નવ થાય ઉપાય અનેક, વિના મહદ પદરજ અભિષેક. સેવો.

હરિજન તે હરિરૂપ છે, તેને મૂરખ નિજસમ જાણે;
જેમ શશી સાગરમાં હતો, માનો મીન પ્રમાણે;
મીન પ્રમાણે થયો નહીં સોમ, મકર રહ્યો જળ તે વસ્યો વ્યોમ;
તેમ વૈષ્ણવ વૈકુંઠ જાશે, અધમ તે હાંનાં હાં અથડાશે. સેવો.

ચાર વરણમાં શ્રેષ્ટ સર્વેથી, બ્રાહ્મણ વર્ણે વિક્ષાત;
તે સહુના પણ કહાવે શિરોમણિ, મ્હોટા મુનિવર સાત;
તે સાતે કરે ધ્રુવની પ્રદક્ષિમા, ધ્રુવ સુત ક્ષત્રિ ને તે સુત બ્રહ્મા;
વિબુધ વિચાર કરો તમો એહ, ભક્ત મોટા કે બ્રાહ્મણદેહ. સેવો.

બ્રહ્માદિક વ્રજભક્તની, પદરજ વંદે ગુણધામ;
દુર્વાસા ઋષિ દીન થૈ, કર્યો અંબરીષને પરણામ;
કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરી પદજળ દ્વિજ ન્હાયા;
હરિજનથી મ્હોટું નહીં કોય, દુભવે તે દુઃખ પામે સત ખોય. સેવો.

સંત સેવે નારદ થયા, જુઓ દાસીસુત હરિમન;
તે સુર ઋષિના સંગથી, સમી વાસના ઉરની અગન;
અગન મટી સમજાવ્યા મર્મે, શ્રી ભાગવત રચ્યું છાંડીને કર્મે;
કલેશ મટે કરે પ્રભુજન પ્રીત, દુભવેથી શાંતે સુકરીત. સેવો.

યોગી તરે કદા એકલો, હરિજન તારે સહુ સંગી;
સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસરંગી;
રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પીયે સુધા સામાને પાય;
ભક્તસ્નેહી સહુનું સરે કામ, ધ્યાની સાથે કોઇનો નહિ ઠામ. સેવો.

સરવ પ્રાણી ઉપર દયા, આણવો નહિ કોઇનો દોષ;
વશ કરવી ઇંદ્રી સહુ, યદચ્છા લાભ સંતોષ;
સંતોષ ધરી વદવી સત્યવાણી, દૃઢ આશ્રે પ્રભુ દીનતા આણી;
દુષ્ટ સંગથી રેહેવું દૂર, વસવું સદા હરિજન હજૂર. સેવો.

CENTRAL LIBRARY

દુષ્ટ સંગ તેને જાણીએ, જે ભૂલાવે ભગવંત;
સ્નેહ કરાવે શ્રીકૃષ્ણસું, તે તે કહિયે સાચા સંત;
સંત સાચા તેની સંગત કરીયે, અસમર્પિત અન્ય શ્રેથી ડરીયે;
હું હરિનો હરિ માહારા નાથ. એ નિશ્ચે કરવું મન સાથ. સેવો.

અન્યાશ્રય સમરપિત, એ બે મ્હોટા દુસ્તર રોગ;
સરવ વસ્તુ શ્રીનાથને અરપી, ઉચ્છીષ્ટ કરવા ભોગ;
ભોગ કરવો હરિભક્તની સંગે, એકજ શ્રીકૃષ્ણ સેવવા રંગે;
દઢ આશ્રે ગુરુદેવનો ધરવો, તો વત્સ પદવત ભવોદધિ તરવો. સેવો.

ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ;
પણ અવગુણ સામો ગુણ કરે, તે મ્હોટા હરિદાસ;
દાસ દોષ સહુના સંતાડે, હોય અલ્પ તે અધિક દેખાડે;
સાગર લંછન વિખ શિવ પીધું, શશિધર પ્રગટ લલાટે લીધું. સેવો.

વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ;
હિત ઇચ્છે સહુ જગતનું, નવ ધરે કોઈની આશ;
આશ ધરે એક શ્રીગોપાળ, વીતીત કરે હરિ સેવામાં કાળ;
એવા ગુરુનો લઇયે ઉપદેશ, ધરીયે સાચો વૈષ્ણવનો વેશ. સેવો.

ધ્યાન મૂળરૂપ શ્રીગુરુ પૂજન, પૂજનનું મૂળ ગુરુપાએ,
મંત્રમૂળ ગુરુ વાકય છે, મૂળ મોક્ષનું ગુરુ કૃપાએ;
ગુરુકૃપા વાંછીત ફળ થાય, હરિ રૂઠે તો ગુરુ કરે સહાય;
ગુરુ કોપે કંઈ નહીં ઠેકાણું, અધિક આશ્રયેથી કો નવ જાણું. સેવો.

ક્રોધી ગુરુ તો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણને કહીયે;
લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એમ લહીયે;
લહીયે એ પારખે દાખે જો દુકૃત, તોપણ માનિયે તેથકી ગત્ય.
જેણે સાંપી આપ્યા જુગદીશ, તેનો ઋણી સદા છે એ શીશ. સેવો.

ભોજન વસનની ચિંતા કરી, વૈષ્ણવે ના થાવું ઉદાસ;
વિશ્વંભર પુરે વિશ્વને, તે કેમ ભૂલે નિજ દાસ;
દાસ આશ પૂરે સહુ વણ માગે, વણ કહ્યે સાદ્ય કરે અનુરાગે;
હરિ ભજન કાંઈ નવ રહે ખાંમી, નથી અજાણ્યા અંતરજામી. સેવો.

CENTRAL LIBRARY

દયારામ.

અજબ ગુલમ્હેરી જળ વસે, પંક્ષણી રટે મુખ હરિનામ;
ખાન પાન માટે નવ કરે, છૂટે મુખથી સુંદર શ્યામ;
શ્યામે વિચારી કર્યું તેહને સુખ, ચરણી ચરવા કર્યાં મોરનાં મુખ;
પુંછે વદન કર્યું ઊંટની ગ્રીવા, શ્રીહરિ યુક્તિ કરી જળ પીવા. સેવો.

અજગરને અનાયાસ હરિ આપે, આહાર આનન મિળાવી;
શકરખોરને શાકેર, સાગર બેટમાં છે મીળાવી;
મેળવે ચાતકને જળ સ્વાતી, ગિરિશૃંગ વૃક્ષ પોખે કોઈ ભાતી;
સ્રીસ્તને પય કર્યું પોખવા બાળ, તે તુંને નહિ ભૂલે ભજ ગોપાળ. સેવો.

ભક્ત મનોરથ સરવ પૂરે પ્રભુ, કઠિણ, સરળ, ગુરુ નાહાના;
પૂર્યાં તેહેનું તેહેનું નામ કહું, તું પુછેશ કહાના કહાના;
કહાન ગયા કુબજાપતિ થાવા, પારથ પની થયા જળપાવા;
પુરી પુત્ર થૈ અદિતિની આશ, પાંડવ કાયે કર્યાં થઈ દાસ. સેવો.

છડીદાર ઉગ્રસેનના થયા, દ્વારપાળ બળિ ભૂપ;
નરસૈયાના બાપનું શ્રાધ સાર્યું, સેના માટે નાપિક રૂપ;
રૂપ માહાર દામાજી સારૂં, નામાનું છાપરૂં છાયું ચારુ;
વારી વહ્યું ત્રિલોચન ઘેર, મીરાંબાઈનું પીધું ઝેર. સેવો.

ઇચ્છે રૂડું પ્રભુ જગતનું, કેમ કરે કુડું નિજ દાસ;
જે કરશે હરિ તે ભલું તાહરૂં, તું ધર દૃઢ વિશ્વાસ;
વિશ્વાસ રાખ કલ્પના મૂક, સેવા સમરણમાં નવ ચૂક;
નહિ મળે ફરી અવસર આવો, હરિ ભજી લો મનસાદેહ લ્હાવો. સેવો.

દુઃખ થાયે હરિ સેવતાં, તે સુધા સમું પરમાણો;
વિષય ભોગનું સુખ છે, તે વિષ સરખું સહુ જાણો;
જાણો જેમ ખસ ઘસતાં મીઠી, ક્ષણ પછી આગ ઉઠે અંગીઠી;
ઓસડ પીતાં કટુક તતે લાગે, રોગ ગયા પછી આનંદ જાગે. સેવો.

શ્રી ગિરિવરધર સેવતાં, ભય રાખવો ભૂપતિમાન;
બાળક સમ વાત્સલ્યતા, ધરવો સ્નેહ તે જાર સમાન;
જાર સમાન પ્રિએ પ્રભુ લાગે, તો દુઃખ જનમ જનમનાં ભાગે;
પ્રેમ પીયૂષ પીધું તે જાણે, નથી સ્વાદ કોઈ એહ પ્રમાણે. સેવો.

CENTRAL LIBRARY

ભક્તિપોષણ

જે પ્રતિકૂળ પ્રભુ સેવતાં, તેને તજીયે ના વળગીયે વ્યથી;
જનુની જન પતિ પુત્ર ભ્રાત, ગુરુ છોડયા જદપી સમ્રથી;
સમરથ તાત તજયો પ્રહલાદે, ભરત માત મૂકી હરિસ્વાદે;
પતિ ઋષિપત્ની, વિભીષણ ભ્રાત, ગુરુના ગણ્યા બળિએ સાક્ષાત. સેવો.

દેવ પિતૃ ને મનુષ રણ, ત્યાં લગી માણસને કહેવાય;
જ્યાં લગી સરવાતમાં, એવા શ્રીકૃષ્ણ શરણે ન જાય;
શરણ ગયે સરવે રણ છૂટે, ચિત્રગુપ્તનું લેખું ત્રૂટે;
કાળ કરમનો ભય નહીં તેને, શીશ ધણી સમ્રથ હરિ જેહને. સેવો.

કરતું અકરતું અન્યથા કર્તુ, સમ્રથ શ્રી હરિ રાય;
ના થાવાનો કરે પદારથ, થાનારો મટી જાય;
મટી ગયું જો વશિષ્ટે વિચાર્યું, તે સમે વન જે સમે રાજ ધાર્યું;
બ્રહ્માના સુત એ ત્રિકાળના જ્ઞાની, ઈચ્છાયે વચને તેનું પણ હાની. સેવો.

સહસ્ર ભુજાપતિ રાખશે, તેને હણશે શું બે ભુજવાળો;
તેજ પુરુષ જ્યારે મારશે, ત્યારે કોઈ નથી રખવાળો:
રખવાળો રિપુ છે નહિ કોઈ, સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોઈ;
કરતા હરતા એક શ્રીવ્રજરાય, એના કર્યા વિના કાંઈ ન થાય. સેવો.

કર્યું ન્યાય શ્રી કૃષ્ણનું, કોથી ઘટે નહીં લેશ;
તેજ પ્રમાણે સુખ દુઃખ, લાભાલાભનો સંશે રેશ;
રેસ રહે નહીં તે સમે સુધ, જેવું હોનાર તેવી થાય બુધ;
થાનાર તે તો રહેજે પણ થાય, તું કરતા નથી શીદ પસ્તાય. સેવો.

હરિ જંત્રી તું જંત્ર છે, જેમ વાજે વજાડે જેમ;
કાષ્ટ પુતળી નૃત્ય કરે, સુત્રધાર નચાવે તેમ;
તેમ વિધિ નિષેધ સહુ હરિ હાથે, તું મૂરખ તાણી લે શીદ માથે;
વિચાર જો જીવનું કર્યું હોય, તો દુખી જગતમાં થાય ન કોય. સેવો.

જેની રચના જોઇને, ઘણો મોહ ઉપજે છે મન;
તે કરતામાં કમી શી હશે, તું જોની વિચારી જન;
જન થશે પૂર્ણ મનોરથ તારો, ઘટે શું મોહ્યો તું જો જડનારો;
તેને મળે પુરણાનંદ થાશે, ભવ વૈભવ તૃષ્ણા તટ જાશે. સેવો.

CENTRAL LIBRARY

કરવા પ્રસન ચાહ્ય કૃષ્ણને તો, અળગું અભિમાન નાખ;
શીઘ્ર દયા કેશવતણી, ઇચ્છે તો દીનતા રાખ;
રાખ દીનતા એકજ કરીને, કરવા કૃપા મન થાશે હરીને;
બોતેર લક્ષ કોટિએ ના સર્યું કામ, દીનતા એક બંધાયા દામ. સેવો.

શિળાબુદ્ધિ શાળીગ્રામમાં, હરિ સ્વરૂપ તે ધાતુ પ્રમાણે;
મનુષ્ય લહે ગુરુદેવને, ભક્તિભાવ વૈષ્ણવમાં આણે;
આણે માહાપ્રસાદ પ્રતિ અન્ન, હરિ ચરણોદક પ્રીછે જન;
અન્ય વર્ણાશ્રમ લહે હરિનામ, ઇત્યાદિકનાં નર્કમાં ઠામ. સેવો.

નિગમ ચાર ખટ શાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ ચૌદ વિદ્યાય;
વ્યાકરણ નવ બત્રીશે લક્ષણ, ભણે ચોસઠે કળાય;
કળા રાગ છત્રીસે ગાય, વીસદ કીરતિ ચક્રવરતી રાય;
પણ નથી ભક્તિ જો નંદકુમાર, તો સહુ ધૂળ મળ્યું ધિક્કાર. સેવો.

એમ કરી સહુ વિદ્યા ભણિયો, મહા પંડિત કહાવ્યો જગત;
પણ તેનો સાર સમજ્યો નહીં, ન થયો ભગવતનો ભક્ત;
ભક્તિ વિના શ્રમ એ ફળ સાર, જેમ રાસભ વહે ચંદનભાર;
જેમ અહિમણિ દુતી મેળવે આહાર, તેમ તે ઉદર ભરે ધિક્કાર; સેવો.

સ્પર્શમણિનાં પુરવીએ, રચ્યું ચિંતામણિ મય ધામ;
કલ્પવૃક્ષની વાડ ગાયો ઘણી ઘેર, કામદુગાં જેનું નામ;
કામદુગાં અક્ષેપાત્ર અતૂલ, નવનિધિ અષ્ટમા સિધ અનુકૂળ;
પણ નથી વલ્લભ જો વ્રજનાથ, તો એટલું મળે ઘસવા હાથ. સેવો.

કૃષ્ણ કીરતન નહિ કર્ણેમાં, તે શ્રવણ રાફડા કહીયે;
નિરખ્યા ના જેણે નેત્રભરી, કેકી પીછ ચાંદલા ન લહીયે;
લહીયે દાદ જીભ્યા હરિ નવ બોલે, કર પદ સેવારહિત શબતોલે;
વૃક્ષજીવન સ્વાસ ધમણ સમાન, ગ્રામ શૂકર સમ છે ખાનપાન. સેવો.

ગજ દરપણ જોનાર તું, સહામું દીસે જેવું તુજ પાસે;
દુષ્ટને દુષ્ટ સાધુને સાધુ, ભવ આ દૃષ્ટિમાં ભાસે;
ભાસે તે સહુ નિજમાં છે જાણો, દોષ રહિત દુનિયા પરમાણો;
એવે વિવેકે જો રહેવાય, રાગદ્વેષ નહિ કો થકી થાય. સેવો.

CENTRAL LIBRARY

ભક્તિપોષણ.

જીવ સરવ હરિઅંશ છે, ત્હેના વિચિત્ર ભાતી સ્વભાવ;
સર્વેથી હળી મળી ચાલીયે, એ તો સંજોગ નહી નાવ;
નાવ તરંગ નહી એમ જાણો, કોથી બગાડે બે દિવસનો પ્રહાણો;
સૌને સદા એક સ્થળ નથી રહેવું, કટુવચન માટે કોઇને ન કહેવું સેવો.

કાંઈ પ્રભુ પાસે ન માગીયે, માગે પસ્તાવો થાય;
ઉદાસી આવે નાથને, વ્યાપાર સરીખું જણાય;
દેખાય એવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો;
વણ માગે એ આપે સહુ સ્વામી, નથી અજાણ્યા અંતરજામી. સેવો.

દાસીના સુતના સહુ પિતા, રાણી સુતનો એક રાય;
ભક્તિઅંશ શ્રીકૃષ્ણ સેવે, ને માઈક સરવને ધાય;
ધાયે તોયે કર સાહે ન કોય, કામ પડે ત્યારે અંતે રોય;
આવાગમનમાં સદા અથડાય, કો કાળે હરિવિના ગત્ય ન થાય. સેવો.

ન્હાનો પદારથ મોટો દેખાડે, ને પાકને દાખે કાચો;
ઉચ્ચ હોય તેને અણુ બનાવે, ને જુઠો મનાવે સાચો;
સાચો ભાસે એજ માયાનું રૂપ, એણે કીધા વશ રંક ને ભૂપ;
એને જીત્યાનો છે એક ઉપાય, સાચું શરણ લો શ્રીવ્રજરાય. સેવો.

માયા છે ઘંટી ખીલ હરિ, ત્હેમાં જીવ ચરાચર અન;
જે પડયું તે પીસાય છે, તું જોની પ્રગટ લોચન;
લોચન જો એક વચ્ચે છે તેહ, ખીલ સમીપ રહે છે જેહ;
જે અણુ ત્યાંથી ખસ્યો કણ આઘો, તે તતકાળ દળાવવા લાગો. સેવો.

પરવારી સહુ કામથી, કોઈ મૃત્યુ ન પામે જંત;
આ કીધું આ કરવું છે, એમ કરતાં આવશે અંત;
અંત આવ્યો હરિ ક્યારે ગાશ, ચેત ચેત નહિ તો પસ્તાશ;
મણે નહિ આવે કાનમાં કહીને, જશે ઓચિંતું અંધારૂં થઇને. સેવો.

ઉત્તર વચન તે માનવું, પૂરવનું નહિ પરમાણ;
છેલ્લું રચ્યું શ્રી ભાગવત, સહુ પ્હેલાં રચ્યાં છે પૂરાણ;
પૂરાણ પ્રથક પ્રથક કર્યાં વ્યાસે, તોયે રહેતું ઉર ભરીયું ઉદાસે;
મર્મ બતાવ્યો નારદમિત્ર, સુખ થાશે રચો ભક્તિ ચરિત્ર. સેવો.

CENTRAL LIBRARY

પુષ્ટીપથ પ્રભુ શ્રી વલ્લભકુળ, જેને તેને શરણ;
નામનિવેદન મરયાદા ધરી, સેવીયે શ્રી ગિરિધરણ;
શ્રીગિરધર ગુરુ વૈષ્ણવ પ્યાર, ધરી ગતિ કર માર્ગે અનુસાર;
મનુષ જનમનો એ છે સાર, જે માને તે પામે પાર. સેવો.

મહામંદમતી જીવ કળિના, સર્વે શાસ્ત્ર કયાં ખોળે;
માટે સકળ સિદ્ધાંત સાર, શોધી કીધો છે ટોળે;
ટોળે કરાવ્યો પ્રભુ મતિ દીધી, નિજ જન જાણીને કરુણા કીધી;
ભક્તિપોષણ ધર્યું ગ્રંથનું નામ, કથે શુણે સરે સર્વનું કામ. સેવો.

એકસો ને એક ચંદ્રાવળા, એ ગ્રંથતણા છે સાર;
પતિ પદ શુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર;
વિચારતાં વલ્લભ હરિ થાશે, સરવે કલેશ સમૂળા જાશે;
આચરણ કરતાં આનંદની હેલી, ભકિત શ્રીકૃષ્ણની કરજો ઘેલી. સેવો.

મહાનદી શ્રી નર્મદા, તપ ચંડીપુર ધામ;
જ્ઞાતી નાગર સાઠોદરો, ભટ દયાશંકર નામ;
નામ વલ્લભી વૈષ્ણવદાસ, ગુરુ પ્રતાપે ગ્રંથ કર્યો પ્રકાશ;
શીખે સાંભળે જે જન ગાય, તેને મન વાંછિત ફળ થાય. સેવો.

II. From પ્રેમરસ ગીતા.

1 The child Krishna.

(૧)

સાંભળો ઓધવ પૂરણ પવિત્રજી,
પુત્ર મહારાનાં પરમ ચરિત્રજી;
જયારે હુતો એ અતિસે અલ્હેતોજી,
ઘેલાં ઘેલાં વાયક બહુ મને કેહેતોજી.
માડી મારી વહુ કયાં મુજને દેખાડોજી,
એહેવી વાતો કેહેતો એ આડોજી;
વડનાં માંઝાર દેખી આવતો દોટેજી,
ભય પામી વળગતો કોટેજી.

CENTRAL LIBRARY

(૨)

કાટે વળગતો કુંવર માહરો, છોડ્યો છૂટે નહીં;
તે સુત માહારો ક્યાંહાં ગયો, ઓ દેવ હું જાઉં કહીં.
સ્ફાટિક મણીના સ્થંભમાં, પ્રતિબિંબ પોતાનું નિરખતો;
તેહેની સંગે રમવા માટે, હૈયામાં ઘણું હરખતો.
માખણ આપે તેહને હઠ કરી, વળગી સ્થંભ હેઠું પડે;
ઓ મા ! એ ખાતો નથી, કહી શ્યામ તે માટે રડે.
એકવાર દધિનું પાત્ર ભાજ્યું, વાંક એ એથી થયો;
તે માટે મેં બાંધ્યો અનુખળે, રાંક થઈ બેસી રહ્યો.
તે સુખ હેનું સાંભરે, સોચમાં મુજ હૈયું બળે;
દયાના પ્રભુ પ્રાણ વલ્લભ, મળે તો બળતર ટળે.

2. The ways of Divine Love.

(૧)

કાશી જઈ તમે જોગ સાધો, હમારે નથી કામનો;
હમારે એક આસરો છે, અચળ સુંદર શ્યામનો.
હમારાં ઉર સ્નેહભર્યાં, જોગ બિચારો ક્યાંહાં ઠરે ?
પાટુવાં ખાઈ પ્રેમનાં રે, અથડાઇને એળે મરે.
નંદ નંદન નગદી નાણું, પ્રગટ દૃષ્ટે જોઇએ;
જોગ જજ્ઞમાં પડયા શીદ, વૃથા તે દીન ખોઇએ.
પતિવ્રતાનો નહીં ધરમ, તજી એક પતિ બીજો ભજે;
કહીયે તે વ્યભિચારીણી રે, બીજો ગ્રહી પહેલો તજે.
સત્તા રૂપે જુઓ ઓદ્ધવ, તમારે તે સાર છે;
દયાના પ્રભુ પ્રાણવલ્લભ, હમારે આધાર છે.

(૨)

ઓધવજી સુણીએ સ્નેહની રીતજી,
પ્રાણ તજે પણ છોડે ન પ્રીતજી;
સિંહ કરે કહીં સાત અપવાસજી,
તજી નિજ ભક્ષણ ખાય ન ઘાસજી.

હારીલ કાઠી ચઢી નવ્ય મૂકેજી,
પ્રાણ તજે પણ ટેક ન ચૂકેજી;
ચાતક કરે જળ સ્વાતિનું પાનજી,
કૂપ સરિતા સહુ ઝેર સમાનજી.

(૩)

ઝેર સરીખું સ્નેહ પાખે, સ્નેહ તે અમૃત ખરૂં;
જેહને જે સુખ ટકયું મન તે, પ્રાણ ગયે ન કરે પરૂં.
પ્રીત કેરી રીત ઓધવ, શીખવી નવ આવડે;
સદા તે સાચી નિભે રે, જૂઠી તો દીઠી પડે
દાદુર મીન એક ઠોરનાં તેને, વારિ તે વ્હાલું સહુ;
પણ સમો આવે પરીક્ષાયે, પ્રીત પ્રીતમાં ફેર બહુ.
જળ વિના દાદુર પંકમાં રે, પડી રાખે જયમ દેહને;
જુઓ મચ્છ જળથી વિછરતાં, તજે પ્રાણ ધન્ય એહને.
જ્ઞાની પ્રેમી બેમાં ઓધવ, જેવો અંતર એટલો;
દયાના પ્રભુ પ્રાણવલ્લભ, જાણે તેહને તેટલો.

3. The message of the Gopis.

(૧)

મારવાં ધાયાં હુતાં જયારે મનમાંહેજી,
ત્યારે શીદ રાખ્યાં મળતાં વનમાંહેજી;
ધરીને ગોવરધન શીદને જીવાડયાંજી,
આ દુઃખથી ભલાં મણે પમાડયાંજી.
કેટલી વાતો તે પ્રગટ કહેવાયજી,
ગાગરમાં નવ સાગર સમાયજી;
બળી તો રહ્યાં હુતાં પ્રેહેની આગેજી,
ખીજયાં ઘણાં જોગ લવણને લાગેજી.

(૨)

લાગે લવણ જેમ દાધ્યામાં તેવો, સંદેશો હરી કાહાવીયો;
એવામાં એક મધુપુર ભણીથી, ભ્રમર ભમતો આવીયો.

CENTRAL LIBRARY

તે કરે ગુણ ગુણ શબ્દ મધુરો, અડે અબળા અંગને:
કારણ સમજી કામિની કેહે, મરમ વાયક ભૃંગને.
અહ્યા મધુપ અડમાં આઘો રેહે, ઈતબાર ત્હારો ન આણીયે;
તું કાળો છે તે હોશ કપટી, વીત્યું માટે જાણીયે.
તે બગાડયાં બહુ કમળ કોમળ, ભમરા તું પીમળે ગયો;
ઉડી ગયો આનંદથી પછી, જ્યાંહાં તું સુખીયો થયો.
ત્હારૂં ચંપે ચિત્ત માન્યું નહીં, પેલા અડૂ સાથે મન કર્યું;
દયાના પ્રભુ પ્રાણવલ્લભ, ત્હારી પેઠે સરવે કર્યું.

(૩)

અહ્યા તું તો મથુરામાં અહોનીશ ભમતોજી, શોકયના કુચઉપર રમતોજી;
કુંમકુંમ લેપ પ્રસાદી પુષ્પની માળાજી, હમને તે પ્રગટે ઉરમાં જવાળાજી.
હમને ન ભાવે અહ્યા કરની તું અળગુંજી, હમો તો એક પ્રેમરસને વળગુંજી;
મધૂપને મિષે કરી કહી મરમની વાણીજી, કહ્યું સરવે હેત વખાણીજી.

(૪)

વખાણી ઘણી વાત ભલી, ભમરાને કેહ છે ભામની;
તું થાકની શીદ ગુણગુણ કરે છે, શોક સંગી શ્યામની.
અમો આગળ કેહશો મા કાંઈ, કારજ તારૂં નહીં સરે;
એ જશની આતુર હોય ત્યાંહાં, કંથને સતું નવ કરે.
એવાં વિધવિધ વાયક કહ્યાં કોટિક, પ્રેમમાં ભીજ્યાં અતિ;
જોગ ત્યાંહાં ઝાંખો પડયો રે, મોહ પામી ઉદ્ધવની વતી.
જ્યાં સમુદ્ર ઉલટયો સ્નેહનો, ત્યાં જોગ કૂપનું શું ગજું;
ઉદ્ધવ કેહે સહુ છોડીને હું, ચરણ ગોપીનાં ભજું.
ગુરુ થવા આવ્યા હતા પણ, શિષ્ય થયા શ્યામાતણા;
દયાના પ્રભુ પ્રાણવલ્લભ, હમને વ્હાલા છે ઘણા.

(૫)

ઉદ્ધવ કહે સુણો વ્રજની નારીજી, કોઈ નથી પામ્યું દશા તમારીજી;
શેષ ને શંકર ભક્તામાં પવિત્રજી, તે પણ ન કળે તમારૂં ચરિત્રજી.
હું તો હરિ પાસે માગું એહજી, નિશ્ચે કહું છું ન આણું સંદેહજી;
આ વ્રજમાં કયાં લઘુ અણુ જાતજી, જેમાં નહીં દ્વિજપણાની વિક્ષાતજી.

(૬)

વિક્રાત નહીં તરુને તણો, મુને જન્મ આપ્યો શું શ્રીહરિ;
વ્રજવાસી મુજપર પગ ધરો હું, પાવન થાવું નિશ્ચે કરી.
પાણ જોડી પરણામ કીધો, ઓધવ અબળા સર્વને;
જ્ઞાની મટીને થયા પ્રેમી, ગાળી દીધો ગર્વને.
પછી પ્રેમ આણી પ્રેમદાયે, ઉદ્ધવને કરુણા કરી;
સહુ દેખાડયાં સ્થળ રમણનાં કથી લીલા જેવી કરી હરિ.
ક્યાં ગિરિ ધર્યો, ક્યાં ચીર હર્યો, ક્યાં નાગ નાથ્યો નટવરે;
ક્યાં રાસક્રીડા કરી હમસું, રસિક વર એ ગિરિધરે.
સ્થળે સ્થળે શર લાગે છે ઓધવ, કહ્યું મૂખે નવ બણે;
દયાના પ્રભુ પ્રાણવલ્લભ, આવે તો દુઃખડાં હણે.

III. Introductory lines of **ભક્તવેલ.**

પ્રથમ પ્રણામ કરૂં, હું શ્રી ગુરુનાથને;
મન કર્મે વચન કરી, જોડી જુગ હાથને.
સુણો શ્રી ગિરિવરધારી, તમો માહારી એક વિનતિ
મેં એળે અવતાર ખોયો, પ્રભુ હાવાં માહારી શી ગતિ.
રખડયો ચાહારે ખાણે, અખીલ બ્રહ્માંડમાં;
મોંઘો મનુષ્ય દેહે આવ્યો, તેમાં ભરતખંડમાં.
જેહેને દેવ સરીખા ઇચ્છે, તેહેને પણ ના જડે;
તેહેવો તે મુને મળ્યો, પ્રભુ તમારી કૃપાવડે.
તેવો સમો આવ્યો તોહે, હરિ ભજવા ન શીખ્યો;
રંક જમ પારસ મળ્યો, પણ કોટે બાંધીને ભીખ્યો.
બાલાપણ બાપજી મેં, ખોયું અજ્ઞાનમાં;
મારી યુવાવસ્થા તો વીતી, વિષયના ધ્યાનમાં.
વૃદ્ધ પણ આવી ગયું, તોહે તૃષ્ણા ન તુટી;
હાકે સહુ હળવો પાડે, મરૂં તોહે માથું કુટી.
ઘણા ભવ કલેશ પામ્યો, તોહે મમતા ન ભાંગી;
મારે હૈયે વૈરાગ્ય ન આવ્યો, પ્રભુ તમથી લેહ ન લાગી.
કરતાં એમ મૃત્યુ આવ્યું, સંગી કોઈ ત્યાંહાં ન થયું;
આગળ જે નીપનું તે તો, મુખે નવ જાય કહ્યું.
એવા અનેક ફેરા, હું આવ્યો ને ગયો;
પણ તમોને ભજ્યા વિના, મારો છુટકો કયહું ન થયો.

હું માયાના પાશ તોડી, સેવું તમને શ્રીહરિ;
એવું બળ હુંમાં નથી, કહું છું કરગરી.
જાણી દીન કૃપા કરો, વહાલા પોતાનું વરદ જોઈ;
તો કામ થાય મારૂં, નહીં તો મરેશ રોઈ.
મારાં કુકૃત સહુ તે, જાણી જોઈ માફ કરો;
વહાલા પોતાનો દાસ જાણી, મારા સહુ તાપ હરો.
છો પતિત પાવન, પ્રભુ અધમ ઉધારકારી;
દયાળુ દીનબંધુ, શરણાગત વછલ હરી.
હે ગોપીજન વલ્લભ વહાલા, તમો કૃપાના સાગર કાહાવો.
ઘણાને કૃપા કરી, માટે કરૂં છું દાવો.

IV. મીરાં ચરિત્ર.

મીરાં મન મોહનસું માન્યું;
વરીયા વરીયા શ્રીગિરધરલાલ, જાણે જગ નથી કાંઇ છાનું. ટેક.
જેમલ રાઠોડની દીકરી રે, સુણો મીંડતા એનું ધામ;
રૂપગુણ કોઇ સમોવડ નહીં રે, રૂડું ધર્યું મીરાંબાઈ નામ. મીરાં.
જોશીએ વાંચી જનમોતરી રે, તેમાં લખ્યું નીકળ્યું એહ;
વરસે વિશ્વંભરનાથને રે, કરશે નંદકુંવરસું નેહ. મીરાં.
ઉધોતપુરનો રાણો રાજીયો રે, તે સાથે કરી છે સગાઇ;
પરણાવીને વળાવ્યાં સાસરે રે, લૌકિક રીતે મીરાંબાઇ. મીરાં.
દેવીને દેવા વધામણાં રે, ચાલ્યાં વર કન્યા સહુ જન;
રાણે પારવતીજી પુજીયાં રે, મીરાંનું તો મોહનમાં મન. મીરાં.
સાસુ કહે સૌભાગ્ય વધે રે, વહુ નમો શક્તિને પાય;
મીરાં કહે મસ્તક મારૂં નહીં નમે, વિના એક શ્રીગિરધરરાય. મીરાં.
સાસુ કેહે સામું બોલી આજથી રે, મારે નથી એ વહુનું કામ;
પુત્રને કહ્યું એહેને રાખો પરી એક, ન્યારૂં રચાવો એનું ધામ. મીરાં.
એવું સુણીને મીરાં મગ્ન થયાં રે, ભલું થયું ભાગ્યો જંજાળ;
સાધુની સંગે દિનરેન નિગમશું સુખે, સેવીશું ગાઇશું ગોપાળ. મીરાં.
નંદાનંદન સાથે ન્યારાં રહ્યાં મીરાં રે, હરિજન આવે ઘણા ઘેર;
નિત્ય ભજન કથા કીરતન ઓચ્છવ રે, હરીને લડાવે કરે લેહેર. મીરાં.
નણદર આવી મીરાંબાઇની પાસે રે, ભાભી આ શો માંડયો ઊત્પાત;
સાસરે રાણાજીનું કુળ લજાવ્યું વહુ રે, મહીયેર લજાવ્યાં માતતાત. મીરાં.

અંબર આભણ પેહેરો અનુપમ રે, સજો સુંદર શણગાર;
મેહલે પધારો રાણાજીતણે રે, રમી રીઝવી હયો ભરથાર. મીરાં.
છાપા તિલક આ શી તુલશીની માળા રે, નાચો ખુંદો વેરાગીને વેશ;
સંગ મુકી દો સાધુ સંતનો રે, રાણોજી તો કરે સુણી કલેશ. મીરાં.
મીરાં કહે બાઈ કલેશ ટળવાનો રે, એકજ છે ઉપાય;
કેહજો રાણાજીને સાધુને સેવે પ્રેમે રે, નૃત્ય કરીને હરિ ગાય. મીરાં.
વળી સોનું રૂપું પેહરે શું સુધર્યું રે, કહાડી નાંખો એ ડાકડમાળ;
છાપા તિલક ધરી સાધુમાં બેસો રે, આ લો પેહેરો તુળશીની માળ. મીરાં.
તમો પણ જાઓ શીદ સાસરે રે બાઈ, વૃથા વટાળો શાને દેહ;
મન ગમતા મોહનવર સાથે રે, તમો સરવ તજીને કરો સ્નેહ. મીરાં.
કેહેજો તમારી માતને રે, વૃદ્ધ થયાં ગોવિંદ ગુણ ગાયે;
હરિ વના કોટી દેવ સેવશો રે, તોયે જનમ મરણ નહીં જાયે. મીરાં.
સુણી એમ છણકતી ખીજતી રે બાળા, આવી બંધવની પાસ;
ઓ ભાઈ ભાભી કહે છે થાઓ વેરાગી રે, સહુ મુકીદો રાજ અવાસ. મીરાં.
એવું સુણીને આવ્યો રોષ રાણાને રે, પ્રેયો સેવક મીરાંને અવાસ;
લાવો ખબર છે શા રંગમાં રે, કોણ કોણ બેઠું છે એની પાસ. મીરાં.
અનુચરે આવી એમ કહ્યું જે રે, નથી ત્રીજું માણસ આ વાર;
રાણીજી સાથે કોઈ પુરુષ બીજો છે રે, ઘરમાં થઈ રહી છે થેકાર. મીરાં.
સુણતામાં રાણો થયો રાતડો રે, ખેંચી ખડગ ધાયો છે તેણીવાર;
પેઠો મીરાંને મહેલે એકલો કોઇ રે, આવે ન ધાઈ દીધાં દ્વાર. મીરાં.
આવી જોયું તો મીરાં એકલી રે, પ્રભુએ એને ના દીધું દરશન;
પુછયું મીરાંને પેલો પુરુષ કયાં છે, તાહારે લાગ્યું છે જેસું લગન. મીરાં.
કયાં છે પુછો શું રાણા રોષમાં રે, તે તો સઘળે વસે છે ભરપૂર;
ધ્યાનમાં જુવે જોગી પ્રેમી પ્રત્યક્ષ દેખે રે, રહે છે દુષ્ટ થકી દૂર. મીરાં.
કાહાડી નાખોજી આ કલેશ કપટ રે, સંગે નિર્મળ કરો મન;
પ્રેમભક્તિએ પરબ્રહ્મ ભજો તો રે, તમને થાય તેહેનાં દરશન. મીરાં.
એવું સુણીને આગ લાગી ઘણી રે પણ, ભાવ ન આવ્યો રે ભૂપ;
ક્રોધ કરીને શસ્ત્ર વાવરે રે, એહવે દીઠાં મીરાંના બે રૂપ. મીરાં.
તોએ મુરખ સમજયો નહીં રે, મન સાથે ના કીધો વિચાર;
બીજું ખડ્ગ એણે ખેંચીયું રે, ત્યારે હરિયે દેખાડી મીરાં ચાર. મીરાં.
છોભો પડયો પાછો ફર્યો રે, રાણો આવ્યો પોતાને ઘેર;
વિષનો પ્યાલો મીરાંને મોકલ્યો રે, પીજો કહાવ્યું રાણાએ આણી ઝેર. મીરાં.

લીધો મીરાંએ મન મગ્ન થઇને રે, પ્રભુને દેખાડી કર્યું વિષપાન;
અમૃત સરીખું થઈ ગયું રે, એને સમરથ ધણી ભગવાન. મીરાં.
મીરાંબાઈ આવ્યાં વ્રંદાવનમાં રે, પ્રેમે નિરખ્યા શ્રી વ્રજરાય;
શ્રી જમુના પયપાન કર્યું રે, કરી જીવગોસાંઇને શિક્ષાય. મીરાં.
મીરાંએ મળવાનું કહાવ્યું રે, તેણે કાહાવ્યું ના જોઉં સ્ત્રીનું મુખ;
મીરાં કહે સારૂં થયું સવારૂં મુજને રે, પરપુરૂષ જોએથી દુઃખ. મીરાં.
આજલગી હું એમ જાણતી રે, જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;
વ્રંદાવન વસી હજી પુરુષ રહ્યા છો રે, તેમાં ધન્ય તમારો વિવેક. મીરાં.
એહેવું સુણીને જ્ઞાન પામીઆ રે, જીવગોસાઇ મળ્યા છે સામાંધાઇ;
હળીમળી હરીની વાત કરીને રે, આવ્યાં મેવાડ દેશ મીરાંબાઇ. મીરાં.
કરી તઈયારી ચાલ્યાં દ્વારિકાં રે, પ્રેમે નિરખ્યા શ્રીરણછોડ;
વાસ પુરીને પ્રભુની પાસે રહ્યાં સદા રે, પોંચા છે મનનાં કોડ. મીરાં.
પાછળ પસ્તાવો રાણાને થયો રે, ગયું ઉતરી મનનું ઝેર;
મુખે માગે તે આપું તેહને રે, જે કોઈ લાવે મનાવી મીરાં ઘેર. મીરાં.
ઉપરા ઉપરી તેડાં મોકલ્યાં રે, આવીને લાગ્યા સહુ પાએ;
માજી પધારો મેવાડમાં વેહેલાં રે, રાણાજી તો અંન ન ખાએ. મીરાં.
જયારલગી તમો રેહેશો દ્વારિકાં રે, ત્યાંહાલગી કરૂં અપવાસ;
આગ્રહ દેખી મીરાં વિદાય માગવાને રે, આવ્યાં શ્રીપ્રભુજીની પાસ. મીરાં.
હરીએ હકીકત સાંભળીને રે, હસી ચાંપી હૃદયા સાથ;
શ્રીકૃષ્ણ સ્વરૂપમાં સમાઈ ગયાં રે, મીરાં જોજો શ્રી દ્વારકાંનાથ. મીરાં.
ચરિત્ર એ મીરાંબાઇનું રે, જે કો શિખે સાંભળે ને ગાય;
પ્રેમભક્તિ તેહેને મળે રે, ને રુઠે દયાનો પ્રીતમ વ્રજરાય. મીરાં.

V. પ્રેમ પરીક્ષા.

ઓધવજી છે અળગી રે, વાત એક પ્રેમતણી;
કોઇ અનુભવી જાણે રે, કહેતાં તો નાવે બણી.
પ્રસૂતાની પીડા રે, વંઝા તે શું જાણે?
જાણ્યું કેમ આવે રે, માણ્યાને પરમાણે.
મુગે સાકર ખાધી રે, ગુંગાને સ્વપ્ન થયું;
સરવે મન જાણે રે, બીજાને ન જાય કહ્યું.
ઘાએલનાં દુઃખને રે, કાયર તે શું પ્રીછે;
અજ્ઞાની લહે નહીં રે, રતિની ગતિ શી છે.

CENTRAL LIBRARY

નીમ સરવે નાસે રે, જ્યારે પ્રેમ તે વ્યાપે;
નિદ્રા જેને આવે રે, તે ઉત્તર કયમે આપે.
આશક માશુકમાં રે, રૂપ ગુણ શા દેખે?
જેવું ભાસે છે તેહેને રે, અવર તેવું નવ પેખે.
જેનું ચિત જ્યાં ચોંટ્યું રે, તેને તેથી સુખ થાયે;
શો છે સ્વાદ અગ્નિમાં રે, ચકોર ભાવે ખાયે.
રીત પ્રીતની એવી રે, તેનું સુખ તે જાણે;
અનુભવથી અજાણ્યું રે, એના અવગુણ આણે.
નેહ સુખથી ન વાધે રે, દેખી દુઃખ નવ ઘટે;
જેમ વૃક્ષને વળગી રે, વેલી તો ફરી ના લટે.
શીખે સાંભળે ગાયે રે, ઓધવ ગત પ્રીત તણી;
કરવી નથી પડતી રે, એની મેળે આવે બણી.
પ્રીત બાઝે તો સ્હેજે રે, છુટે ન પછે છોડી;
મચ્છને દુઃખ દે છે રે, ગળ્યા પછે અંકોડી.
સાચી પ્રીત તે પ્રાણ લે રે, સાધારણ થાય પરી;
દાદુર જળવણ જીવે રે, માછલડાં તો જાય મરી.
મ્હોટી મનની મોહની રે. બીજી પ્રીતથી ન મળે;
પણ જડ જુઓ લોઢું રે, ચમકને દેખી ચળે.
છીપ રહે સાગરમાં રે, ઇચ્છા સ્વાતિ બુંદતણી;
જુઓ દ્રષ્ટિ ચકોરની રે, અચળ રહે છે ઇંદુ ભણી.
લજ્જાસુધબુધસામર્થ રે, પ્રેમી જનમાં ન ટકે;
મધુકર વાંસ કોરે રે, કમળ ભેદી નવ શકે.
મૃગ સ્હેજે મરે છે રે, પલાયણ અભ્યાસી;
રાગ અનુરાગ પાશે રે, બાંધ્યું ન શકે નાસી.
દ્રષ્ટિ પ્રીતની માટે રે, પતંગ દીપકમાં બળે;
જાય પ્રાણ પોતાનો રે, તોયે સ્નેહી મળે.
રહે ચાતક તરસ્યું રે, સદા બાર માસ લગી;
પીએ સ્વાતિનું વારી રે, અવર પરસે ન ડગી.
વિખના વસનીને રે, સાકર પણ સુખ ના કરે;
પય પાણીથી ઉત્તમ રે, મીન તેમાં નાખે મરે.
જેનું મન જેસું માન્યું રે, તેને સુખ તેથી મળે;
તે વિના તેથી સારૂં રે, નાવે તેની આંખ તળે.

બે વૈરાટનાં લોચન રે, ઇંદુ ભાનુ ભેદ કશો;
કંજ કરમાય ચંદ્રે રે, ફુલે રવી મેહ વસ્યો.
કંઠે વળગી ના છૂટે રે, એ પ્રેમ તણી ફાંસી;
કાચો માટે ફૂટે રે, સુણી જગની હાંસી.
છે અગમપંથ સ્નેહનો રે, ઓધવજી તે નથી દીઠો;
ત્યાં લગી જ્ઞાન ગોઠે રે, જોગ પણ છે મીઠો.
જોગ તો તેને જોઇએ રે, જેનું મન જગમાં ભમે;
તે તો અચળ હમારૂં રે, ચિત રસીયામાં રમે.
જેનું મન માને રે, જોગ સુખેથી ગ્રહો;
અમો તો એહ માગું રે, પ્રીતમજીસું પ્રીત રહો.
તમારા તો હરિ સઘળે રે, અમારા તો એક સ્થળે;
તમો રીઝો ચાંદરણે રે, અમો રીઝું ચંદ્ર મળે.
ઇંદુને આવલોકી રે, ચકોરનું ચિત્ત ચળે;
તે પ્રકાશને પેખી રે, તેને સંતોષ વળે.
હેવાં વચન સુણીને રે, ઓધવજીની ભ્રાંત ટળી;
જોગ જંજાળ છૂટી રે, ગયું મન સ્નેહમાં મળી.
અભિમાન મૂકીને રે, ઓધવ ગોપી પાય પડયા.
કહું દયાનો પ્રીતમજી રે, નિશ્ચે એક તમને જડયા.

VI. પારણું.

[This is one of the most popular of Dayārām's songs and is sung to-day by hundreds of Gujarāti women.]

માતા જસોદા ઝૂલાવે પુત્ર પારણે;
ઝૂલે લાડકડા પુરુષોત્તમ આનંદભેર;
હરખી નરખીને ગોપીજન જાયે વારણે,
અતિ આનંદ શ્રી નંદાજીને ઘેર. માતા જ.
હરિનાં મુખડાં ઉપર વારૂં કોટિક ચંદ્રમા,
પંકજ લોચન સુંદર વિશાળ કપોળ;
દીપક જ્યોતિ સરખી દીપે સુંદર નાસિકા,
કોમળ અધર અરુણ છે રૂડા રાતાચોળ. માતા જ.

CENTRAL LIBRARY

દયારામ.

મેઘશ્યામ કાંતિ ભૂકૂટી છે વાંકડી,
ખીટળિયાળા ભાળ ઉપર ઝુમે કેશ;
હસતાં દંતુડી દીસે બેહુ હીરાકણી,
જોતાં લાજે કોટિક મદન મોહન વેશ. માતા જ.
સિંહ નખ જડેલું સુવર્ણે શોભે સાંગલું,
નાજુક આભણ સઘળાં કંચન મોતીહાર;
ચણે અંગુઠા ધાવે હરજી બે હાથે ગ્રહી,
કોઈ બોલાવે તો કરે કિલકિલાકાર. માતા જ.
લાલ લલાટ કીધો કુમકુમ કેરો ચાંદલો,
શોભે જડિત જાણે મરકત મણિની માળ;
જનની જુગતે આંજે અણીયાળી બેહુ આંખડી,
સુંદર કાજળ કેરે ડપકું કીધું ગાળ. માતા જ.
સરવે સોનાનું જડિત મણિમય પારણું,
ઝુલાવે રુમઝુમ વાજે ઘુઘરીનો ઘમકાર;
માતા વિધવિધ વચને હરિગુણ ગાયે હાલડાં,
ખેંચે ફૂમતિયાળી રેશમદોરી સાર. માતા જ.
હંસ કારંડ ને કોકિલ પોપટ પારણે,
બપૈયા ચકોર ને કાંઇ સારસ મેના મોર;
રમકડાં મૂકયાં રમવાને મોહનલાલને,
ઘમઘમ ઘુઘરા વજાડે નંદકિશોર. માતા જ.
મારા કહાનાની સમાણી કન્યા લાવશું,
મારા લાલને પરણાવીશ મોટે ઘેર;
મારો જાયો વરરાજા થઇ ઘોડે બેસશે,
મારો કહાનો કરશે સદાય લીલા લ્હેર. માતા જ.
મારો લાડકવાયો સખામાં રમવા જશે,
સારી સુખલડી હું આપીશ હરિને હાથ;
જમવા વેળા રુમઝુમ કરતો ઘેર આવશે,
હું તો ધાઇને ભેટાડિશ રૂદયા સાથ. માતા જ.
જેનો શેષ શંકર સરખા પાર પામે નહીં,
નેતિ નેતિ કહે છે નિગમ વારોવાર;
તેને નંદરાણી હુલરાવી ગાયે હાલરાં,
નથી નથી એના ભાગ્યતણો કંઈ પાર. માતા જ.

CENTRAL LIBRARY

વ્રજવાસી સૌ સરવેથી સુભાગી ઘણાં,
તેથી નંદ જસોદા કેરૂં ભાગ્ય વિશેષ;
તે સરવેથી ગોપીજનનું ભાગ્ય અતિઘણું,
જેની કરે પરીક્ષા બ્રહ્મ શિવ ને શેષ. માતા જ.
ધન્ય ધન્ય વ્રજવાસી ગોપીજન નંદ જસોમતી,
ધન્ય ધન્ય વૃંદાવન હરિકેરો જયાં છે વાસ;
સદા જુગલકિશોરે ત્યાં લીલા કરી,
સદા બલિહારી જાય છે દયારામ દાસ. માતા જ.

VII. હનુમાન ગરૂડ સંવાદ.

[The thought underlying this fine poem is the identity of Rāma and Krishna. One is reminded of the story of Tulsidās, who refused to bow down to an image of Krishna until it appeared to him as holding the bow and arrow]

એક સમે હનુમાન ગરુડ, બેહુ એક સ્થળ મળીયા;
કોઈ કોઇના ગાંજયા ન જાય, એમ અકેકપે બળીયા. ટેક.

નિકટ દ્વારિકા શ્રી કૃષ્ણતણો, એક બાગ હતો ચારુ;
ચોકી ત્યાંહાં ગરુડજી કરતા, પતિની પ્રિય સારુ;
હરિ ઈચ્છા હનુમાન ત્યાંહાં, એકદા સુધા ભરમા;
આવી અચાનક ફળભક્ષી તરુ ફેંકયા સાગરમાં;
તજી વિવેક વાટિકા બિગાડી, ગરવ ઘણો લાવી;
જોઈ અનીતિ વિહંગમપતિએ, હસ્ત ગ્રહ્યો આવી;
જોઈ સમોવડ સુભટ વિકાર્યાં, વૃક્ષ થકી પળીયા; કો. એ.

ગરુડ કહે અલ્યા ઉભો રેહેજે, છે અનુચર કાહાનો;
વિના કહે એમાં કેમ પેઠો, બાગ વિષે છાનો;
એ વાડી શ્રીકૃષ્ણતણી છે, એહેની તને દુહાઇ;
નિકળ બહાર કે શિક્ષા કરી, હું કહાડીશ કર સહાઇ;
એ સુણી કપિરાય કોપીયો, રીસ ઘણી આણી;
રેહે અળગો શ્રીકૃષ્ણ હીમાયતી, વિચારી વદ વાણી;
શ્રીરામદૂત તેં હજી નથી દીઠા, શ્રવણે નથી સાંભળીયા; કો. એ.

શ્રીરામદૂત જાણ્યા ઢાંકયા રહો, શું જાઓ છો ફૂલી:
અહી રાવણના પ્રતિહારનો, માર ગયા ભૂલી;
શ્રીકૃષ્ણદાસથી હાર્યા માટે, ધ્વજપર પડયું રેહેવું;
મનમાં જાણો છો પણ ફૂલ્યા, માટે પડયું ઠેહેવું:
જાણ્યું બળ વાલિના ભયથી, વસ્યા હતા વનમાં;
ત્રણ તાત ને માત કુંવારી, એવા કુંઅર કળીયા; કો. એ.

અરે ગરુડ ત્હારા જશ કહું હું, સાંભળિ રહે છાનો;
શોક તણી દાસી ત્હારી મા, તું તે સુત કાહાનો;
ભાઈ બિચારો એક પાંગળો, નહિ કંઈ ઠેકાણું;
સૂરજ તણો સારથી થઇને, ભટકે નિશ વહાણું;
ઓરમાઈ પણ ભાઈ પોતાનો, તેહેને તું મારે;
વાહાલાનો વેરી તું તેવો, સ્વામી પણ ત્હારે;
માતપિતા બંધનમાં પોતે, આહિરમાં ભળીયા; કો. એ.

ગરુડ કહે કપિ ત્હારે પતિએ, જશ ઝાઝો કીધો;
પરણી સ્ત્રી એકલી અબળાને, બ્હારવટો દીધો;
સહિત પ્રેમદા પુત્ર પોતાના, બ્રાહ્મણે પાળ્યા;
નગર સર્વે વૈકુંઠ વસાવ્યું, આપ તાત ટાળ્યા;
વહાલ ધરી એક વનિતા આવી, વરવાને કાજે;
તે નારીનું નાક છેદાવ્યું, ત્હારે રઘુરાજે;
જુઠાં ફળ સવરીનાં ખાધાં, પવિત્ર પણ ચળીયા; કો. એ.

મ્હારા પતિનાં લક્ષણ કહે, ત્હારે ઘેર શો ટોટો;
તુજ પતિ આહિરડાનું એહું, ખાઈ થયો મોટો;
મારી પૂતના અબળા જાતી, જેનું પય પીધું;
વચ્છ પ્રલંબ બક અજગર માર્યો, અઘટિત કૃત કીધું;
ભિક્ષુક બ્રાહ્મણને ઘેર, ભિક્ષા માગીને જમિયો;
વણ પરણી બહુ અબળા સાથે, રંગે પણ રમિયો;
વ્યભિચારી વ્રજનાથ, રઘુવર એક પત્ની પળીયા; કો. એ.

મુજ પતિને બહુ સ્ત્રી પણ, સહુને સુખ લીલા દાખી;
ત્હારા પતિને એક પ્રેમદા, પણ ન શકયો રાખી;
રઘુનંદન રામાનો રરીયો, નથી તે પણ જોયો;

CENTRAL LIBRARY

મહિલા માટે હે સીતે, હે સીતે કરી રોયો;
મોટો અધરમ વણ વાંકે, વાળી વાનર તાડયો;
ક્ષત્રી થઈ બ્રાહ્મણની, વનિતાને પગ અરકાડયો;
બ્રાહ્મણ કેરૂં દૈવત લીધું, એમાં શું રળીયા; કો. એ.

ત્હારે કૃષ્ણે સહુના આભણ, ઉતરાવી લીધાં;
ખંડળનો રથ હાંકયો, પાંડવ દાસપણાં કીધાં;
શિશુપાળની ગાળો ખાધી, પરાક્રમી પૂરા;
કાળયવનથી રણમાં નાઠા, જાણ્યા બહુ શૂરા;
ત્હેની આજ્ઞા હું નહીં માનું, એમ કહ્યું જ્યારે;
પ્રેર્યો દૂત પ્રભુની પાસે, વિહંગપતિ ત્યારે;
શ્રીકૃષ્ણે કહાવ્યું, રામ આણ દો, દેતામાં ઢળીયા; કો. એ.

હરીશ કહે શ્રીરામ કયહાં છે, મુજને દરશાવો;
વિહંગમ કહે દ્વારામતીમાં, મુજ સંગે આવો;
જદુનાયક રઘુનાથ થયા, રુકમણિ જાનકી જોડે;
પવનપુત્ર પરણામ કરીને, સ્તવન કરે કોડે;
એજ કૃષ્ણ શ્રીરામ થઇ, માર્યો લંકા ભૂપ;
જુગલ નામ પણ જોતાં દીસે, ઉભય એક રૂપ;
હળયા મળયા હનુમાન ગરુડ, સંદેહ સહુના ટળિયા; કો. એ.

એ વાણી વિલાસ કર્યો, નથી નિંદા ઉચારી;
ઉર અવળું ભાસે અંતર, જોતાં છે સ્તુતિ ભારી;
ઉપાસનાની ટેક બતાવી, નથી ગાયું અવળું;
ભક્ત વત્સલનો ભેદ સમજશે, તે લહેશે સવળું;
એ રામ–કૃષ્ણ મુજને પ્રિય હોજો, પ્રાણ જીવન મ્હારા;
સદૈવ એના નિર્મળ જશ, મુજ વદન વહે ધારા;
દાસ દયાના પ્રીતમ, શ્રી સીતાવર શામળીયા; કો એ.

VIII. શિક્ષા.

જેણે શ્રી ગુરુ રાખ્યા રાજી, તેણે જીતી સઘળી બાજી.
જેને પરમેશ્વર શું પ્રીત, તેની સઘળી વાતે જીત.
જેને હરિજન વાહાલા થાય, તેને વશ શ્રી વિઠલરાય.
જે કોઈ પરદુઃખ દેખી બળે, સઘળાં સાધન તેની તળે.

CENTRAL LIBRARY

દયારામ.

જેને પરના અવગુણ કેહેવા, તેને વેઠે ઉકરડા વેહેવા.
જેને સઘળે ઉપજી દયા, જાણો હરી હઈયામાં રહ્યા.
સેજે સહુને જે જન વાહાલા, તેથી દૂર નથી નંદલાલા.
હરિજન વ્હાલા તો હરિ વ્હાલા, નહીં તો સઘળા લટકા ઠાલા.
જે કોઈ હરિભક્તને નડે; નિર્ભય પદથી નરકે પડે.
જેને જેની ઉપર નેહ, તેને લેહેજો તેની દેહ.
જેને ઇત્રાઇ શું મિત્રાઈ, ભાઈ ખરા જમ પિત્રાઈ.
મૂઢ ઘણા ને મન મોટાઈ, સગા શેખશલ્લીના ભાઈ.
જેમાં આગળ મોટી હાણી, તેમાં પ્રથમ રેડવું પાણી.
સહુ સમજાયો ન હરિ વિસાર્યો, તે જન નિશ્ચે હાર્યો હાર્યો.
જે કોઇ પરનારીથી હસે, જાણો ભાટ કટારી ઘસે.
જે કોઇ ક્રોધાનંદે વ્યાપ્યા, તે જન ઘર બાળીને તાપ્યા.
જેનું મળ રહે મન લોભા, તે જન કયહું ના પામે શોભા.
જેને પ્રપંચ પ્રીતિ ઘેરી, જાણો હાથે બેડી પેહેરી.
તેમ બહુ દુઃખ જેમ અહંકાર, જેમ કંઈ તરતાં માથે ભાર.
જે કોઇ પરસુખ દેખી દાધા, તેને સુખ મલવાની બાધા.
જેના મનમાં અખંડ આશ, તેની કોઈ ન આવે પાસ.
જે કોઈ પરસુખ દેખી બળે, તેને દુઃખ મુવેથી ટળે.
સજ્જનને સૌથી સુખ મલે, પણ ન અદેખાનું દુઃખ ટળે.
સતત જેને મન સંતોષ, તેનો કોઇને ન આવે દોષ.
સહુ બળ છે ને બહુ ગમખાયા, સૌથી મોટા તે કહેવાયા.
સેહેજે વાણી વિષની ભરી, જાણો કોટિક હત્યા કરી.
જે જન સૌને થયો અકારો, તેથી શ્રેપચ સમજીએ સારો.
જેને હરિ વણ કશી ન ભુખ, તે જન સઘળે પામે સુખ.
સમજાયો સૌ કર્મો હરિ આપ, તેને કશો ન કહીં સંતાપ.
જેને કૃષ્ણ નામનો જાપ, તેને કશું અડે નહીં પાપ.
જે જન સમજી મૂકે પાય, તે જન કયાંએ ના પસ્તાય.
જેનું મન હરિમાં ઠર્યું, તેણે વણ ક્રોધે સૌ કર્યું.
જાણો આળસનું સુખ એવું, માણો મોજ કરીને દેવું.
જેના મનમાં મોટો ગર્વ, તેને પાછળ નિંદે સર્વ.
જે કોઈ મોત થકી ના ડરે, તે જે મન ચાહે તે કરે.
જે જન હરિ થકી ના ડરે, તે જન સઘળું નીચું કરે.

CENTRAL LIBRARY

શિક્ષા.

જે જન સર્વે વાતે નાગા, તેથી હારી હરીએ આવા.
જેનો હઠ હઇયાથી ગયો, તે જન સૌથી સુખિયો થયો.
દુઃખ દે તેને પણ સુખ કરે, તેનું દરશન અઘ દુઃખ હરે.
જેના કરમાં આવ્યું મન, તેને સરખું ઘર ને વન.
દુરાચારી તોયે હરિજન ભલા, હરિથી વિમુખ વિપ્ર પણ બળ્યા.
જેને જેશું લાગ્યો નેહ, તેને મન પરમેશ્વર તેહ.
જેને જે અતિ વાહાલું લાગે, તે માટે તે સઘળું ત્યાગે.
જે મોંઢેથી બોલે મીઠું, વેઢેલું કપટ પડે નહીં દીઠું.
જે બોલે વણસમજે કડવું, લઇએ હેત પણ દીસે અડવું.
વિચાર સમ કોઈ લાભ ન મોટો, ગફલત સમ કોઈ મળે ન ટોટો.
હરિ કહી પ્રથમ સૌ કામ, તેમાં બીગાડનો નહીં ઠામ.
પેઢેલું આપ વિચારી લેવું, વળતું બીજાને કાંઈ કહેવું.
મોંઢે મીઠા મનમાં મેલા, તેની કરે પ્રતીતિ ઘેલા.
હરિ સંબંધિ વાક્ય સત્ય જાણ, તે વણ સૌ રાવણની કાણ.
ગઈ તે ગઈ તેને શીદ રડે, સમજે તો હરિ ભજ રહી વડે.
હરિવણ હરષ હરસનો રોગ, હરિવણ ભોગ તે લાગ્યો ભોગ.
હરિવણ દ્વિજ તે દ્વિજ પક્ષી, હરિવણ સુર તે સુવણે અક્ષી.
હરિવણ રાણો ગોલો રાણો, વડો વડો જમદીવો જાણો.
હરિ દે સુખ તો શ્રીફળ તોય, ગજકપિત્થ ગતિ જાતું જોય.
હરિ રાખે તો જમ પ્રલ્હાદ, મારે હિરણ્યકશિપુ સમવાદ.
હરિ સમરે અવળું તે સવળું, હરિ ભૂલ્યે સવળું તે અવળું.
જે દેખે પોતાનો દોષ, તેને કોઈથી નાવે રોષ.
ગગન ન જાણે જેમ નિજ અંત, તેમ નિજ પાર ન લહે ભગવંત.
જે કારજ હરિ કરવું હોય, ત્યાંથી પ્રતીતિ ન ડગવે કોય.
જેને પ્રસન્ન થયા શ્રી વલ્લભ, તેને અલભ્ય તે પણ સુલ્લભ.
નિત્યે ભૂલે સાચો જીવ, સદા ક્ષમા તે સાચા શિવ.
સ્વતંત્ર એક ગતિ હરિદેવા, તેણે જે માની તે સેવા.
તે કૃતિ ભલે જેથી હરિ રીઝે, કશું પ્રયોજન કારજ બીજે.
દેવ વિધિનો હઠ નવ ધરવો, બોલ હરિનો ઉપર કરવો.
હરિ વિમુખે સાધન કીધું, સાંકળ ભૂલીને તાળું દીધું.

CENTRAL LIBRARY

IX. The love of the Gopis for Krishna (શૃંગાર પદો).

(૧)

ઓરો આવની સલુણા પ્રભુ શામળા જો;
શિખ્યો આવડી કાંહા સ્નેહ શાસ્ત્રની કળા જો. ઓ.
મંત્ર મોહની રાખી છે તાહારી વેણમાં જો;
વશીકરણ વિદ્યા વસાવી છે નેણમાં જો. ઓ.
મંદ હસવું તારૂં કામણ ટુમણનું ભર્યું જો;
ચટકવાળી ચાલ તેણે માહારૂં મન ઠર્યું જો. ઓ.
ભુરકી નાખવાની વિદ્યા ભ્રકુટિમાં ભરી જો;
તહારી કટાક્ષ કટારી પડે સાંસરી જો. ઓ.
જુલમી જાદુવાળું રૂપ રસીક તાહરૂં જો;
જોતાં અંગ શીતળ થાએ માહરૂં જો. ઓ.
માહરો પ્રાણ તુંમાં પ્રોવાયો નિશદિન રહે જો;
માહરા કાલજડાંનું દરદ કાં તું નવ લહે જો. ઓ.
માહારા સમ તુંને દેખું તારે જીવતી જો;
તાહરા વિજોગનું ભાન મુને રેહેતું નથી જો. ઓ.
એથી અધિક તો તને હવે શું કહું જો;
માહરૂં ચાલે તો મંદિરમાં રાખી રહું જો. ઓ.
અબળા આતુર બોલાવે દોડી તને જો;
ચતુર હોય તે તો પળમાં પરખે પ્રીતને જો. ઓ.
તું થા માહારો પ્રીતમ હું થાઉં તાહેરી જો;
વાહલા વાત કરતો રખે એ બાહેરી જો. ઓ.
આપણ સમાણાં માટે સંદેહ આવે કોઈને જો;
ચાલતાં લગી તો ડગલાં ભરીએ જોઈને જો. ઓ.
અભિલાખ એહવો ઉપજ્યો છે મુજને જો;
નવલ જોબન આ લે અર્પ્યું તુજને જો. ઓ.
રસિક વચન સુણી પ્રેમ પ્રગટયો નાથને જો;
નેત્ર નચાવીને તાળી લીધી હાથમાં જો. ઓ.
હું તું માટે તલપું છું સદા સુંદરી જો.
તું જો પ્રાણપ્યારી ચિંતા મારી તેં હરી જો. ઓ.

CENTRAL LIBRARY

પરસ્પર બંને આતુર હરખ્યાં ઘણા જો;
જુગલ રૂપનાં લે દાસ દયો ભામણાં જો. આ.

(૨)

સાચું માનની, રૂપાળી રાધિકા જો;
સકળ સદ્ગુણનું ધામ રહિત બાધિકા જો. સા.
તારા કહ્યા પછી મનની કહું છું વાતડી જો;
મારે કરવાનો એક કામ તારી જાતડી જો. સા.
રાત્ર દિવસ ધ્યાન તારૂં મારા મનમાં જો;
નિદ્રા થાતાં તને દેખું છું સ્વપનમાં જો. સા.
મારી રસના રાધારટણ મૂકતી નથી જો;
તારે રૂપે મારૂં મનડું લીધું છે મથી જો. સા.
મદન મનોહર હું મુજ ચિત્ત તું ચોર છે જો.
લોચન તારાં વદન ચંદ્રનાં ચકોર છે જો; સા.
તારૂં સર્વે મીઠું લાગે મુને માનની જો;
હું જગજીવન મુજ જીવન સુતા વૃષભાનની જો. સા.
પીતવર્ણે તારે માટે પીતાંબર ધરૂં જો;
શ્યામા માટે તારા અંજનનું ચિંતન કરૂં જો. સા.
કમળ ધરૂં તારા મુખનાં થવા ધ્યાનને જો;
રાખું વાંસળી કરવા તારા ગુણગાનને જો. સા.
તારા નેત્રના સમ નિરખવાના સુખને જો;
આતુર થયો ઘણું મોહ્યો તારા મુખને જો. સા.
મકર કુંડળ ચપળ કંઈક તારાં નેત્રસાં જો;
શંખ ચક્ર ગદા કંઠ કંકણકર જસાં જો. સા.
એવો દુર્લભ છું મળતો નથી કોઇને જો;
તારે આધીન થયો જીવું મુખ જોઇને જો સા.
એવી વ્હાલી છાં પણ કહેતાં આવડતું નથી જો;
વાણી કાળજડાંની અંતે કહું છું કથી જો. સા.
મારો તારો મળી બેનો એક પ્રાણ છે જો;
જુઠું કહેતો નથી વેદમાં પ્રમાણ છે જો. સા.
ભૂષણ જગતનું હું તું મારો શણગાર છે જો;
આપણ બેનો દાસ દયાને આધાર છે જો. સા.

CENTRAL LIBRARY

દયારામ.

(૩)

*સાંભળ રે તૂ સજની મહારી, રજની કયાં રમી આવીજી;
પરસેવો તુંને કયાં વળ્યો, તારી ભમ્મર કહાં ભીજાણી; સાચું બોલોજી.
વનમાં હું તો ભુલી પડીને, અતીસેં મુઝાણીજી;
પરસેવો મને તાં વળ્યો, મારી ભમ્મર ત્હાં ભીજાણી; સાંભળ સજનીજી.
કાલે મેં તારી વેણુ ગુંથીતી, છૂટી કયમ વિખરાણીજી;
એવડી ઉતાવળ શી પડી જો, ઝુલડી નવ બંધાણી; સાચું બોલોજી.
કાળો તે ભમરો શિરપર બેઠો, ઉરાડતાં સેર છૂટીજી;
જયમ ત્યમ કરીને બાંધતાં, વચમાંથી નાડી તૂટી; સાંભળ સજનીજી.
આ ચોળી અતલસની પેરી, સઈઅરે વખાણીજી;
ચોળીની કસ કહાં તૂટી, તું આવડી કહાં ચોળાણી; સાચું બોલોજી.
હૈયું મારૂં દુઃખવા આવ્યું, વાએ કરીને કાંપ્યુંજી;
પીડા ટળવા કારણે, મેં કળે કરી દબાણું; સાંભળ સજનીજી.
આવડાં પુષ્પ કહાંથી વાટે, તુજને કોણે આપ્યાંજી;
એવો રંગરસિયો કુણ મળિયો, પ્રેમ કરીને થાપ્યાં; સાચું બોલોજી.
સુરજકળાએ હું જાતી હુતી, વાટે મળ્યા વનમાળીજી;
સમ ખાઇને મુને તેણે આપ્યાં, તેની પ્રતિજ્ઞા પાળી; સાંભળ સજનીજી.
અવળો ચણિયો કેમ પેર્યો છે, જેમતેમ વીટી સાડીજી;
સજક થઇને સુંદરી હાવાં, વસ્ત્ર પ્હેરોની વાળી; સાચું બોલોજી.
સાદ ના સૈયરે કીધો, ઉતાવળી વેગે ચાલીજી;
અવળો ચણિયો પ્હેરી દીધો, હવે વસ્ત્ર પ્હેરી શું વાળી; સાંભળ સજનીજી
નિકળી હતી તું સહુથી પ્હેલી, સાથ હમારો મ્હેલીજી;
પછવાડેથી કયાંથી અંબિકા, જઇને તું વ્હેલી બેઠી; સાચું બોલોજી.
નિકળી હતી હું સહુથી પ્હેલી, સાથ સૈયરનો મ્હેલીજી;
વાટે હું ભૂલી પડી ગઈ, ત્યાંહાં જઈ બેઠી વ્હેલી; સાંભળ સજનીજી
કસ્તુરી અંગે ખ્હેકે છે, આ વનમાં કોણ આવેજી;
સર્વે શરીરે વ્યાપી રહી છે, તે કેમ જાએ ઢાકી; સાચું બોલોજી.
મૃગ શલાએ મૃગલો બેઠો, તેને મેં જઈ ઝાલ્યોજી;

* A closely similar lyric has been attributed to Narsinha Mehta; see Vol. I of these Selections pp. 208-209.

તેની વાસના મારા અંતરમાં પેઠી, તે નથી રેહેતી ઢાંકી; સાંભળ સજનીજી.
અધુર દંત બેઠા દીસે છે, છાતીએ નખ વાગ્યાજી;
તારૂણી તારા તનડામાં પેઠી, કામ બાણ કયાંહાં વાગ્યા; સાચું બોલોજી.
મધુરાં વાયક પોપટ બોલ્યો, તેને મેં જઈ ઝૂટયોજી;
ચંચળ ચાંચ ભરીને નાઠો, તતક્ષણ ત્યાંથી છૂટો; સાંભળ સજનીજી.
શ્યામસુંદર તને મળ્યા દીસે છે, તે અંગે તું પસરાઇજી;
જે જે પુછું તેના ઉત્તર આપે, એ બધી તુજ ચતુરાઈ; સાચું બોલોજી.
જે વાટે હરિ મળિયા હોયે, તે વાટે નવ જાઉંજી;
આજ વાટે હરિ મળિયા હોયે, કહો તેવા સમ ખાઉં; સાંભળ સજનીજી.
મ્હારે એવી પ્રતિજ્ઞા જે, પરપુરુષ બાપ ભાયજી;
દાસ દયાના સ્વામીને ભજતાં, ભવની ભાવટ જાય; સાંભળ સજનીજી.

(૪)

વશ કરણી છે બ્રીજનારીને જી રે,
વશ કરણી છે તારી વાંસળી. ટેક.
સ્વર સુણતામાં હું તો સુધબુધ વીસરી,
દરદમાં ગરદ ગઈ છે મળી; હોજી રે વશ.
સુધા થકી સ્વાદ છે એનો અતિ ઘણો,
મુને લાગે છે સાકર કરતાં ગળી; હોજી રે વશ.
ચટકો વાગો તે ઝેરી ડંખથી ન ઉતરે,
ઝેરી ઝાઝી છે તે કરતાં વળી; હોજી રે વશ.
ઘર કારજ મુને કાંઈ નવ સૂઝે,
લોક કહે છે ચિત્તથી ગઈ ચળી; હોજી રે વશ.
દાસ દયાનો સ્વામી પ્રેમનો પયોધિ મળ્યો,
પ્રીતડી પુરવતણી ફળી; હોજી રે વશ.

(૫)

વાજે છું વાલમ વળી વળી;
હોજી રે વેણુ મા વાસો મારે આંગણે. ટેક.
મુજ સાસુ કહે છે વહુઅર જાઓ વેણુ વાગી,
મારી નણંદ જેઠાણી વાંકું ભણે; હો. વે. વા.
નિર્લજ હોય તેને લાજ નવ લાગે,
પણ મુજને તો લોક ઘેલાંમાં ગણે; હો. વે. વા.

ખીજવે સરવ મુને કહાન આવ્યા કહીને,
મ્હારો ભાર ગયો સંગ તમ તણો; હો વે. વા.
દાસ દયાના પ્રભુ પ્રીછજો તમારે મ્હારે,
એમ કરો ત્યારે કયમ ખણે ? હો. વે. વા.

(૬)

માને તમારે તે તો ઘેલડી, છબિલા,
કહ્યું માને તમારે તે તો ઘેલડી; છ.
શાને કાજે મને કહાવ્યું દુતી સાથે,
શોધવી હુતી જ્યારે છેલડી; છ.
હું શું જાણું જે મોંઢે મીઠા હૈયે જૂઠા.
જાણે જે હોય મન મેલડી; છ.
ખરે પ્રભાતે મારે દ્વારે શીદ ઉભા,
આઘા રહો દેખશે સાહેલડી; છ.
વણજ વિના શીદ જોખમ જોઇએ,
જાઓ જ્યાં કીધી રંગરેલડી; છ.
અધઘડીનો પણ અંતર પડશે,
વળગાડી લાવ્યા શે ન બેલડી; છ.
સીંચવી ન્હોતી ત્યારે રોપી શીદ રસિયા,
પ્રથમ થકી વ્હાલ વેલડી; છ.
આજ પછી કાંઇ કહેવું નથી માહરે,
સુખે કરો કસોલી કેલડી; છ.
દયાના પ્રીતમજી ઘણા છો ચતુર પણ,
ઓળખો નહી એરંડો સેલડી; છ.

(૭)

પ્રેમની પીડા તે કોને કહીયે રે,
હો મધુકર, પ્રેમની પીડા તે. ટેક.
થાતાં ન જાણી પ્રીત જાતાં પ્રાણ જાયે,
હાથનાં કીધાં તે વાગાં હઈયે રે; હો મ.
જેને કહીયે તે તો સરવે કહે મૂરખ,
પસ્તાવો પામી સહિ રહીયે રે; હો મ.

CENTRAL LIBRARY

ધીકીયે ઢાકયાં રાત દિવસ અંતરમાં;
ભૂખ નિદ્રામાં નવ લહીયે રે; હો મ.
દાધી ઉપેર લૂણ દીધું એ દામોદરે,
સોકલડી સુણીને કાળજ દહીયે રે; હો મ.
અબળાનો અવતાર તે પરાધીન,
રક કહપીયે પણ કહાં જઇયે રે; હો મ.
સ્નેહનો દગાડયો ઘણો મણેથકી માઠો,
શું કરીયે વાઢયાં તે વહીયે રે; હો મ.
દયા પ્રભુ આવે તો પ્રસિદ્ધ સુખ થાયે,
દુઃખ કીધું નંદજીને છેયે રે; હો મ.

(૮)

પ્રીતડીની રીત અતિ ખટપટી,
ઓધવજી છે પ્રીતડીની રીત. ટેક.
થાવાનો ઉપાય પણ જાવાનો જડે નહી,
વજ્ર રેહેણે જટી તે જટી; ઓ.
પ્રીતના કહેવાય તે તે સ્વારથ સમજવો,
ચાર દિવસ પ્રગટીને મટી; ઓ.
પીડાની ભરેલી પ્રીત તોયે કરે પંડિત,
દુઃખ પામે તોય ચહાય ના ઘટી; ઓ.
કહ્યા સમજયામાં ન આવે એ વસ્તુ તો,
જાણે જેને હોય વીતતી વટી. ઓ.
દયાના પ્રીતમ વિના પ્રીત તેજ પીડા,
ધરમ લાજ ખોયને મરે ખટી. ઓ.

(૮)

શ્યામરંગ સમીપે ન જાવું,
મારે આજ થકી શ્યામરંગ. ટેક.
જેમાં કાળાસ તે સહુ એક સરખું,
સરવમાં કપટ હશે આહવું; મારે.
કસ્તુરીની બીંદી તે કરે નહીં,
કાજળ ના આંખમાં અંજાવું; મારે.

કોકીલાનો શબ્દ સુણું નહીં,
કાગવાણી શકુનમાં ન લાવું; મારે.
નીલાંબર કાળી કંચુકી ના પેહેરૂં,
જમનાનાં નીરમાં ન ન્હાવું; મારે.
મરકત મણિ ને મેઘ દષ્ટે ના જોવા,
જાંબુ વંત્યાગ ના ખાવું; મારે.
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
પણ મન કહેજે પલક ન નીભાવું; મારે.

(૧૦)

આવોની માહરે ઘેર માણવા,
હોજી રાજ આવો માહારે ઘેર માણવા. ટેક.
પ્રેમરસ પ્યાલો તે પીવા ને પાવા,
જોબન તુરીને પલાણવા, હોજી રાજ આવો.
પડતી રાતે પધારજો પ્રીતમ,
કોઇ નથી બેહું જાણવા, હોજી રાજ આવો.
માહારી શેરીના છે સંત સાધુ,
પરની ન વાત બેસે છાણવા, હોજી રાજ આવો.
પ્રભાતે જાતાં કોઈ પુછશે તો કહીશું,
તેડયાતા વલોણું તાણવા, હોજી રાજ આવો.
સર્વે તજે પણ સમો સંભાળે,
રસીયા તે પરમાણવા, હોજી રાજ આવો.
રાજની રૂપાળી છબે ચિત્ત માહારૂં ચોર્યું,
સમરથ નથી વખાણવા, હોજી રાજ આવો.
ઘણા દિની આશ મારા મનમાં દયા પ્રભુ,
મ્હારે મ્હોલે એકવાર આણવા, હોજી રાજ આવો.

(૧૧)

મૂકને માહરા સમ માનુની, તું એહેવી હઠ, મૂકને માહારા.—ટેક
જે રે સાચું તે તો નજરે રે દીઠું, જૂઠી તે વાત સુણી કાનની. તું.
આવડી આધીન તુંને પ્રીત હોય પરથી, આનમાન વાત અનુમાનની. તું.
પ્રસન થયાનું વેણ સાંભલીશ જ્યારે, સુદ્ધિ થાશે ખાનપાનની. તું.
દયાનો પ્રીતમ કેહે હું સમ ખાઈ કહું છું, તું વસ્તુ માહારા કામની. તું.

CENTRAL LIBRARY

શૃંગારના પદો.

(૧૨)

મમૈનાં વચન શું બોલે રે હો, માનુની,
તું મમૈનાં વચન શું બોલે. ટેક.
માહરે તો આ ગોકુળિયામાં,
કોઈ નથી તાહારે તોલે. હો માનુ.
જાણી જોઇને વાંકા વચન બોલીને,
માહારૂં કોમળ કાળજું શીદ છોલે. હો માનુ.
મન માહરૂં તુજ વિના ત્રિભોવનમાં,
કોઇને દેખીને ના ડોલે. હો માનુ.
રસની ભરેલી તાહરી આંખડી દેખું છું,
ત્યારે પ્રાણ મારે છે ઝોલે. હો માનુ.
દયાનો પ્રીતમ કહે હું તારો ને તું મારી,
હાવાં અંતરનો પ્રેમ શે ન ખોલે. હો માનુ.

(૧૩)

તાહારે પ્રેમે હું મોહ્યો, રાધિકે, તારા સરખો પ્રેમ કહીં ના જોયો;
માનની તારે પ્રેમે હું મોહ્યો. ટેક.
હજુ પણ હેતરસ તારો મેં પીધો, અજીત છું તદપિ તેં જીતી લીધો;
અન્ય હતી પણ અર્થ કોઇનો ના સીધ્યો. રાધિકે.
કહ્યામાં ન આવે રૂપ પ્યારી તાહારૂં, જેનાપર કોટી રતીરૂપ વારૂં;
તાહારે રૂપે લોભી રહ્યું મન મારૂં. રાધિકે.
સોચના શીદ કરે છે તું ઠાલી, ગોપી સહુ તાહારે સંબંધે વહાલી;
તાહારે મેહેલે આવું તેડયા વિના ચાલી. રાધિકે.
રૂપ માહારૂં નથી યોગી હૃદે વસતું, તારૂં રૂપ મુજ મનથી નથી ખસતું;
મોટું સુખ દેખું વદન તારૂં હસતું. રાધિકે.
આંખ અણીયાળી તારી ઉર સળકે, કાળજડું કોરાએ વચનને ભળકે;
કહું કેમ સુખ મંદ મધુર તું મળકે. રાધિકે.
રાધે રાધે અચળ જપે મુજ વાણી, આતુરતા અંતરથી ન જાએ વખાણી;
કેહેવી વાહાલી છે કોઈથી જાએ ન જાણી. રાધિકે.
અનંગવિષ મુજ તુજ સંગ હરે છે, લોચન મારાં તુજ મુખ દેખી ઠરે છે;
સ્મણે તાહારૂં મન માહારૂં ન વીસરે છે. રાધિકે.

તું તે હું ને હું તે તું વેદમાં વાણી, મોટા ભાગ્યવાળા શકે કોઈ જાણી;
જુગલ છબી દાસ દયાએ ઉર આણી. રાધિકે.

(૧૪)

શ્યામા તું તો સીદને રીસાવી રે,
કાંઈએક કારણ મુજને કહેની;
શીદ મૌન્ય ગ્રહીને રહી છે રે,
ઉત્તર વા પ્રતિ ઉત્તર દેની. શ્યામા.
રીસે નેત્ર થયાં છે રાતાં ને અધર
ડસે છે દંતે રે;
ભૃકુટી કમાન સમાન કરી છે,
ક્રોધ કરી છે ચંતે. શ્યામા.
શું વ્હાલે તુંથી વ્હાલ ઉતાર્યું કે,
પ્રીત અવરસું કીધી રે;
કે કાંઇ તાહારૂં વચન ઉથાપ્યું,
આવડી હઠ તેં લીધી. શ્યામા.
કે કાંઈ વાંકુ વેણ કહ્યું કે,
કીધી સમોવડ તાહારી રે;
આવડું માન ધરી તું બેઠી,
સત્ય કહે સખી માહારી. શ્યામા.
પાણ જોડી પરણામ કરીને,
બાઇ કહાવ્યું છે ત્હારે કંથે રે;
જો તમો દુઃખ હમારે દાઓ તો,
પગ ધરજો આ પંથે. શ્યામા.
નયણે નીર ભરે છે નટવર,
મુખે જપે રાધા જાપ રે;
દયાના પ્રીતમને મળને માનુની,
સમે સર્વ સંતાપ. શ્યામા.

(૧૫)

હાવાં હું સખી નહીં બોલું રે,
કદાપિ નંદકુંવરની સંગે;

CENTRAL LIBRARY

મુને શશિવદની કહી છે રે,
ત્યારની દાઝ લાગી છે અંગે. હાવાં.
ચંદ્ર બિંબમાં લાંછન છે વળી,
રાહુ ગળે ખટ માસે રે;
પક્ષે વધે ને પક્ષે ઘટે કળા પુરણ,
નિત્ય તે નવ પ્રકાશે. હાવાં.
તે કરતાં ચંદ્રવદની કહી તો ઠર્યો,
હું ને ચંદ્ર એક રાસે રે;
ત્યારે મુજ મુખ પાખે શું અટકયું છે,
જોશે ચંદ્ર આકાશે. હાવાં.
નહિ તો શિવને સમીપ રાખશે,
ને ભાળે ચંદ્ર દેખાશે રે;
પ્રસન્ન થઈ પાસે રેહેશે નહિ તો,
કહેવાય નહિં નિજ દાસે. હાવાં.
એવડો શ્રમ પણ શીદ કરે જુઓ,
ચંદ્ર પોતાની પાસે રે;
વામ ચરણમાં ઇંદુ અચળ છે,
શીદ રેહે અન્યની આશે. હાવાં.
દયાના પ્રીતમને કેહે સખી જુઓ,
શશિમુખ સરખું સુખ પાસે રે;
કોટિ પ્રકારે હું નહીં આવું,
એવા પુરુષની અડાસે. હાવાં.

(૧૬)

પ્યારી મનાવાને કારણ રે, મોહને મનમાં મત્ય વિચારી રે;
પ્રભુજી પોતે પધાર્યા રે, સુંદર રૂપ સુંદરીનું ધારી. પ્યારી.
નવસપ્ત વરસમાં નૌતમ જોબન, સ્વરૂપતણો ભંડાર રે;
અંગ અંગ પ્રતિ અમિત માધુરી, શું વર્ણું શણગાર. પ્યારી.
પીળી પટોળી પેહેરી પ્રેમદા, માંહ્ય કંચુકી કાળી રે;
મુનિજનને મન મોહ ઉપજાવે, એવી આંજી આંખ અણીયાળી. પ્યારી.
નખશિખ શોભા કયાં લગી વરણું, આભણનો નહિ અંત રે;
અનુપમની ઉપમા શી આપું, પાર ના પામે અનંત. પ્યારી.

એહવે અદ્‌ભૂત વેશે રામા, રાધા સમીપે આવ્યા રે;
ચકિત થઈ વૃષભાન નંદની, ભાવ સહિત બોલાવ્યા. પ્યારી.
ક્યાંહાં રોહો છો સખી ક્યાંહાં જાવું છે, શું છે તમારૂં નામ રે;
ભુલ્યાં સરીખાં શું શોધો છો, કોહો કોનું છે કામ. પ્યારી.
સામળી સખી છે નામ અમારૂં, વસીયે અમો નંદગામ રે;
જોવાને અર્થે જાશું અમો, નટવર સુંદર શ્યામ. પ્યારી.
કામની કેહે કાંઈ કપટે હું ખાળું, ને નહિ તો એ નિશ્ચે જાશે રે;
મુજ કરતાં રૂપે છે રૂડી, દેખતાં લાલ લોભાશે. પ્યારી.
શ્યામા કેહે સખી એ કારજ તમો, ભુલે કદાપિ ના કરશો રે;
મળતાં મોહન ભુરકી નાખશે, તે પૂઠે પૂઠે ફરશો. પ્યારી.
આપણ સાચો સ્નેહ કીજીયે, લીજીયે પરસ્પર કોલ રે;
તમો કહો તે અમો કરૂં, તમો પાળો અમારો બોલ. પ્યારી.
ફરી બોલ્યાના સમ ખાધા ને, વચન પરસ્પર લીધું રે;
પોત પાતાનાં મનમાં ફુલે જે, ચતુરપણું મેં કીધું. પ્યારી.
શ્યામ કહે સખી માગું તમો, શ્યામ સમીપે ન જાશો રે;
સખી કહે હું પણ એ માગું તમો, તે ઉપર મા રીસાશો. પ્યારી.
ના કહ્યાના સમ ખાધા ને, પાળો વચન થઈ રાજી રે;
એમ કહી નિજ રૂપ પ્રકાશ્યું, જોતાં જુવતી લાજી. પ્યારી.
પ્રભુએ પ્રેમદા પ્રસન્ન કરીને, પ્રેમે આલિંગન દીધું રે;
વિયોગ તાપ ટાળ્યા અધરામૃત, બન્યો પરસ્પર પીધું. પ્યારી.
છુટયું માન એક રસ થઈ પોઢયાં, આનંદ ઉર ન સમાય રે;
એ દંપતીની દાસી થવાને, દાસ દયો ગુણ ગાય. પ્યારી.

(૧૭)

વાંસલડી વાજે, સાંજે આજ વાંસલડી વાજે;
વાત માહારી ભુલી મા જાજે, સાંજે આજ વાંસલડી.—ટેક.
જે જયમ કરવું હોયે જે રીતે, તે તો ગીત વિષે ગાજે. સાંજે.
કોઇને ના કેહેશો કદી કોઈ પુછે તો, સમ જુગતે ખાજે. સાંજે.
નંદ જસોદાજી તો છે ભોળાં, તેહેને વિવેકે વ્હાજે. સાંજે.
આપ તો સદા સુખી છો પણ, આજ સુખ માહરૂં ચાજે. સાંજે.
માહારા દોષ ના વિચારશો વાલમ, દીન બંધુ થાજે. સાંજે.
દયાના પ્રીતમ જાણી દાસી પોતાની, પ્રેમ પૂરણ પાજે. સાંજે.

CENTRAL LIBRARY

(૧૮)

માનિની કઠણ વચન કેમ બોલો,
અંતરની વાત ન કદાપી ખોલો.—માનિની. ટેક.
મંદિરમાં તો હું કોઈ તણે નથી જાતો, દુરિજન છોને કરતા વાતો;
તારે મન તોલ કશો નહિ થાતો. માનિની.
જેથી તારા મનમાં સંશય આવે, માટે આડું બોલી તું મુજને દખાવે;
વારે વારે તું મુજને સમજાવે. માનિની.
શાને મુને કુડાં તે આળ ચઢાવે, જાણી જોઇને વ્રજના લોક હસાવે;
સાચું જુઠું કોઈ કહે દિલ દાવે. માનિની.
આજ પછી નામ ન દઈશ મારૂં, એમાં કાંઈ માન વધે નહિ તારૂં;
સાંભળતાં નેત્ર નીચાં હું ઢાળું. માનિની.
ગદ્‌ગદ્ કંઠે થઈ કર જોડી, નાથની માયા હાય જ થોડી;
ધણી થઈ શું નાંખ્યાં તરછોડી. માનિની.
હસીને કર સાથો કુંજબિહારી, તું તો મારા પ્રાણ થકી ઘણી પ્યારી;
બોલ્યા એમ મુખથકી વાણી રસાળી. માનિની.
પ્રભુ દયાના કહે સમ ખાઈ, તારા સમ તુજથી નથી રે જુદાઈ;
તારે મારે અંતઃકરણની સગાઈ. માનિની.

(૧૯)

ગિરિવરધર ગોપી, રૂપ એક ગિરિવરધર ગોપી.—ટેક.
જેમ પ્રતિબિંબ સંગ રમે બાળક, એમ લીલા આપી. રૂપ.
કાશીમાં મુક્તિ ને શ્રી ગોકુળમાં, પ્રેમ વેલ રોપી. રૂપ
વ્રજ વનિતાને વશ થયા વિકલ, વેદ વચનને લોપી. રૂપ.
શુદ્ધ ચિત્તે પ્રેમરસ પીધો, શું થયું પેરયે ટોપી. રૂપ.
દયાના પ્રભુની લીલાયે મુખ મરડયું, તેને કાળ સેના કોપી. રૂપ.

(૨૦)

વાંકા રે વાંકા શું હીંડો છો, આવડું શું રે ગુમાનજી;
પરનારીને સંગે રમતાં, નથી વળી કાંઈ સાન. જોઇને ચાલોજી.
તું તારા મનમાં વિમળ છે, હું છું ન્હાનું બાળજી;
કેમ કરી મુને મોટો જાણે, જૂઠાં શીદ ચડાવે આળ. જોઇને ચાલોજી.

નહાના છો પણ ગુણ મ્હોટાના, નારી વિના કોને જાણજી;
અંગોઅંગેથી વિહ્વળ કીધાં, માર્યાં લોચનનાં બાણ. જોઇને ચાલોજી.
નારી તો પુરુષથી અળગી, અળગી વળગી ચાલેજી;
દયાના પ્રીતમ હસીને બોલ્યા, હવે મળીશું કાલે. જોઇને ચાલોજી.

(૨૧)

ઓ વાંસલડી, વેરણ થઇ લાગી રે વ્રજની નારને;
શું શોર કરે જાતલડી તારી તું મન વિચારને.—ટેક.
તું જંગલ કાષ્ટતણો કટકો, રંગ રસિયે કીધો રંગ ચટકો;
અલી, તેપર આવડો શો લટકો. ઓ વાંસલડી
તુંને કહાનવર તો કરમાં રાખે, તું અધરતણો રસ નિત ચાખે;
તું તો અમને દુખડાં બહુ દાખે. ઓ વાંસલડી.
તું મોહનના મુખપર મ્હાલે, તુજ વિના નાથને નવ ચાલે;
તું તો શોકય થઈ અમને સાલે. ઓ વાંસલડી
હું તુજને આવી નવ જાણતી, નહિતો તુજપર મ્હેર ન આણતી;
તારાં ડાળ સાહીને મૂળ તાણતી. ઓ વાંસલડી.
દયા પ્રીતમને પૂરણ પ્યારી, તુને અળગી ન મૂકે મુરારિ;
તારા ભેદ ગુણ દીસે ભારી. ઓ વાંસલડી.

(૨૨)

રાધે રૂપાળી રસીલી તારી આંખડી જો;
જોડી કૃષ્ણના સમાન છબી પ્રાંકડી જો. રાધે.
ઉપમાએ અધિક નહી તુજ લોચણી જો;
વિના અંજન મન રંજન ભવ મોચણી જો. રાધે.
તારૂં ચંદ્રવદન કહેતાં લાજું તારૂણી જો;
એક તો કલંક બીજું પીધું વારૂણી જો. રાધે.
રાધેરૂપ વેણુ વાસુકી જડીત રત્ન રાખડી જો;
તેને જોતાં બીજું જોવાની ન થાય આંખડી જો. રાધે.
રતિ રૂપતણો ગર્વ મુકીને ખસી જો;
રસિકરાયની રૂદે સદા તું વસી જો. રાધે.
મદનમોહનનું મન હર્યું મદનમોહની જો;
નથી રચી તુહી રચી છબી સ્નેહની જો. રાધે.

CENTRAL LIBRARY

સકળ ભુપમાં તું જોતાં લાધ્યો શ્રીહરિ જો;
ઉમા રમા ને સાવિત્રી રાચી પુરી જો. રાધે.
તહારી ઉપમા સરીખું બીજું કો નથી જો;
થયા ઉત્તમ કવિ વેદ સ્મૃતિને મથી જો. રાધે.
રસિક રૂપ જુગલ વસો રૂદેમાં ઠરી જો;
સેવક દાસ દયાને સુખ દાતા તુંહી જો. રાધે.

(૨૩)

તેં તો કાંઇ કીધું રે કહાનુડા, ચિત્ત ચોરી લીધું રે છેલડા;
કાલજ મારૂં વીંધ્યું રે, અલબેલડા. તેં તો કાંઇ.
વ્રજ લાડીલો વહાલો બહુ લાગે, મુખડું જોતામાં મનોજ મુને જાગે,
વાહાલા હું તો ઠગાઇ મંદ હસણીને ઠાગે, મારી લુંટી લીધી લાજ;
રાજ કાંઇ કીધું રે, મહારા રાજ. તેં તો કાંઇ.
માને નવ મનડું મહીયરીઆમાં, સાસરડે ન સોહાય,
જયાં જાઉં ત્યાં જંપ વળે નહિ, તાલાવેલ તનમાં થાય;
હું ફટકારી ફરૂં રે, મહારા રાજ. તેં તો કાંઇ.
બાલપણેથી મુને એ લખ લાગી, કેમ જાશે જનમારો,
પરાધીન હું અબલા રે, કયમ નીભાવ હાવાં મારો;
સુઝે નહી હવે કયમ કરૂં રે, મહારા રાજ. તેં તો કાંઇ.
ભોજન ન ભાવે મને નિદ્રા ન આવે, આઠ પહોર ઉદાસી,
મીસે મીસે રે મુને સગાં સંતાપે, લોક કરે છે મારી હાંસી;
દરદમાં ડુબી ગઈ રે, મહારા રાજ. તેં તો કાંઈ.
ઘટમાં વસો એમ ઘરમાં વસો કે, ઘેલી કહોને મુજને,
તારા કરમાં સરવસ સોંપ્યું, પાગ પડું છું હું જો તુજને;
દયાના પ્રભુ દીન થઈ રે, મહારા રાજ. તેં તો કાંઈ.

(૨૪)

આ જોની અલબેલો, મુજને આળ કરે આવા રે બેની;
જોયા એના ઢંગ, કર્યું આ કયમ ઢાંકું હાવા રે બેની.
એને તો એ ટેવ પડી, દુરીજન કયમ માને રે બેની;
સહુ સાસરીયાને સોંપે છે, વારૂ તે કહોને રે બેની.
મુજને બોલાવવા માટે, એ જાય નખરૂં કરતો રે બેની;
કુડું કડવું વેણ કહું, તે મનમાં નથી ધરતો રે બેની.

એક અવસ્થા, રૂપે, સરખાં, હું ને હરિ બંને રે બેની;
વાંક નથી લોકડીઆંનો, સહુને આવે સંદેહ રે બેની.
જ્યાં જાતી દેખે મુજને, ત્યાં એ પુઠે આવે રે બેની;
હું તો નીચું જોઈ ચાલું, એ વારેવારે બોલાવે રે બેની.
વાંકી દ્રષ્ટે મુજ મુખ સામું, નિત્ય રહે છે નિરખી રે બેની;
એ તો વાર્યું નહિ માને, મેં આંખડલી પરખી રે બેની.
ના બોલું તો સમ દે અધરા, પાલવડો ઝાલે રે બેની;
ત્યારે અણગમતું, બોલ્યાવણ કયમ ચાલે રે બેની.
કાંઇ કાંઇ વાત અટકચાલી, છાની મુજને કહેછે રે બેની;
પ્રીતમ દયાનો મુજપર નેણ નચાવી હસી દેછે રે બેની.

(૨૫)

સૈયર કેહ હું સહુ સમજું, શીદ બીક ધરી બોલે રે હેલી.
એ નટવરને નિરખી, કહે કહોનું મન ના ડોલે રે હેલી;
નેણ બાણ એ નંદકુવરનાં, કહોને ન વાગે રે હેલી;
રસીયો રૂપ તણું તે હેરે, સૌને વ્હાલો લાગે રે હેલી.
પાગે લાગીને પણ એશું, પ્રીત કરી જોઇએ રે હેલી;
તે સામા શામલીઓ ઇચ્છે, કયમ મનમાં મોહીએ રે હેલી.
મંદ હસીને મધુર બોલે, લાવણ્યને લટકે રે હેલી;
તે સુખ માટે સહુ દુઃખ સહીએ, તે પણ નવ ખટકે રે હેલી.
એક દિવસ વાંકી દ્રષ્ટે, મુજને ન્યાલી વહાલે રે હેલી;
તે કટાક્ષ મુને નથી વિસરતું, કાલજડામાં સાલે રે હેલી.
ગોકુલ ગોરી સૌ એને, ઇચ્છે એ હું જાણું રે હેલી;
ગુમાન એ આગલ નથી નભતું, સૌનું મન લોભાણું રે હેલી.
તે કોઈ સામુંએ નથી જોતો, અથડાયે ઠાલી રે હેલી;
હું તારૂં તો ભાગ્ય વખાણું, એને તું છે વહાલી રે હેલી.
એવાં વચન સખીનાં સુણતાં, સૈયર મુખ મલકયું રે હેલી;
દયા પ્રીતમસું હેત હૈયાનું, લોચનમાં ઝલકયું રે હેલી.

(૨૬)

માન્યો મનનો મોહનવર પામીયાં જો રે;
અમો વેદના વ્રેહની સહુ વામીઆં જો રે. માન્યો

CENTRAL LIBRARY

શૃંગારના પદો.

રંગી રસીઓ છબીલો છેલડા જો રે;
નાગર નંદનો કિશોર અલબેલડો જો રે. માન્યો.
જેહને જોવા જોગેશ્વર દેહ દમે જો રે.
તે તો અમસું અખંડ રંગે રમે જો રે. માન્યો.
જેહને નિરખી મન્મથ મૂર્છિત થયો જો રે;
લાલ તે હમ ઉપર લટ્ટુ થઈ રહ્યો જો રે. માન્યો
અનંત કોટિ બ્રહ્માંડનો જે રાજયો જો રે;
કેશ કામનિના ગુંથતાં ન લાજિયો જો રે. માન્યો.
વશ શેષ મહેશ જો નાચિયો જો રે;
અમો અબળા તે નાચ નચાવિયો જો રે. માન્યો.
જેહનું દરશન જ્ઞાની સ્વપ્ન નવ લહ્યું જો રે;
તેણે ઋણી છું તમારો અમને કહ્યું જો રે. માન્યો.
અમારૂં પદ કો ન પામ્યું કોટિ લાખમાં જો રે.
અમારે ઓછું રહ્યું શું અભિલાખમાં જો રે; માન્યો.
જીવન જગનું અમ પાસે આપો આપ છે જો રે.
કેવળ પ્રેમ પુરુષના પ્રતાપ છે જો રે; માન્યો.
મુકી અમને ઓધવ ક્યાં હું જાય ના જો રે.
બોલ્યું અમારૂં તમો પરખાય ના જો રે; માન્યો.
અમો જેને વિયોગે આંસુ પાડીયે જો રે.
ઉધવ કોહી તો તે પુરુષ દેખાડીએ જો રે. માન્યો.
ઘડી બેમાં વાંસલડી વાગશે જો રે;
વાહલો અમ પાસે આવી કાંઈ માગશે જો રે. માન્યો.
એમ કહેતાં સહુ મને મગ્ન થઈ ગઈ જો રે;
ઉધવ જોય છે ને પ્રેમ સમાધિ થઈ જો રે. માન્યો.
મિથ્યા શીદ હું ફૂલું છું જ્ઞાન ગાથમાં જો રે;
હરિ દીસે છે હીયાના હાથમાં જો રે. માન્યો.
પરમ પ્રાણપ્યારી એ અવિનાશની જો રે;
એ છે સર્વે સ્વામિનીઓ દયા દાસની જો રે. માન્યો.

(૨૭)

માણીગર આવો, મ્હારે મોહોલે માણીગર આવો;
મ્હાલા શાને લોચન લલચાવો, માહારે મોહોલે.—ટેક.

CENTRAL LIBRARY

ઘણા દિવસની ગવાઉં છું જૂઠી, તે આજ લઇએ લ્હાવો. માહારે.
ના નવ કેહેશો ક્યાંહાં કહો મળશે, ફરી અવસર આહાવો. માહારે.
મનમાની મોજે માણીશે, ફરી તો નહિ પ્રાવો. માહારે.
જ્યારે ત્યારે પણ હું છું તમારી, સીદને તરસાવો. માહારે.
અધર સુધારસ સુખનો સાગર, આજ પીયો ને પાવો. માહારે.
રસિકરાય છો દયાના પ્રીતમ, માટે માહારો દાવો. માહારે.

(૨૮)

વળતાં વ્હાલમાં રે, નચાવ્યાં લલચાવ્યાં લોચન;
પરખી આંખડી રે, હજી હરિ મળવાનું છે મન.
નયણે નોતર્યાં રે, સાને સમજાવ્યા સઉ પેર;
રમીશું રાતડી રે, આવજો અલબેલાજી ઘેર
કહેજો માતને રે, ગાય એક ખોવાણી છે આજ.
જાઉં છું શોધવા રે, બાંધજો પાણી પેહેલી પાજ.
સાસરીયાં થકી રે, માહારો અવાસ છે એકાંત;
સંચરજો સુખે રે, રખે કંઈ ભય ધરતા ભગવંત.
વ્હેલા પધારજો રે, ખેઠી જોશ તમારો પંથ;
રખે કંઈ અટકતા રે, માહારા કામણગારા કંથ.
રાખીશ દીવડો રે, માણશું મનમાની મોજ;
જાશે જીવડો રે, જીવણ જૂઠા પડશો તોજ.
સુખ તારે થશે રે, જારે ઉર લપટાવી લપટાઈશ.
જીવ્યું સફળ થશે રે, જારે હું અધરામૃત પી પાઈશ;
એમ કહી કામની રે, હરખે આવી પોતાને ધામ;
પ્રીતમ દયા તણા રે, આજ મને મળીયા પૂરણ કામ.

(૨૯)

સુણ સાહેલડી રે, માહારે નંદકુંવરસું નેહ;
ઝાઝું શું કહું રે, માહારે પ્રાણજીવન ધન તેહ.
હાર હૈયાતણા રે, માહારા કાલજડાંની કોર;
મસ્તકના મણી રે, માહારા ચિતડાં કેરા ચોર.
ઉર લપટાવીએ રે, એપર આવે એહેવું વ્હાલ;
સહિયર શું કરે રે, મ્હોટું સાસરીયાનું સાલ.

CENTRAL LIBRARY

આજ મુને એકલો રે, મારગ જાતાં મળિયો કાહાન;
મુખ બોલ્યો નહીં રે, કીધી આંખલડીમાં સાન.
હું સમજી ગઈ રે, મુજને તેડી વૃંદાવન;
કહે સખી કેમ કરૂં રે, તાળાવેલી લાગી તન.
શા મસે સંચરૂં રે, મુજને સૂઝે નહિ કંઈ પેર;
જાઉં જો વણ કહે રે, આવી ઉત્તર દઉં શો ઘેર.
એક ઉપાય છે રે, જો તું આવે મુજ સંગ;
જઇએ મહીવેચવા રે, રમિએ રસિયાજીસું રંગ.
એક બે અન્યો મળી રે, ચાલ્યાં સહિએર કેરે સાથ;
હોંસ હઇયાતણી રે, પોંચી મળ્યા દયાના નાથ.

(૩૦)

રાધે તું પ્યારી ને બીજું અવર ન કોઇ;
જેને જગત મોહ્યું તે તો તુંને રહ્યો મોહી. રાધે.
ગોકુળની ગોરી સહુ એની પુંઠે ભમે છે;
તે રે વ્હાલાને ત્હારી ગાળો ગમે છે. રાધે.
વ્રજવામાં સહુને એ નાક ઘસાવે;
તે રે વ્હાલો તાહારે ઘેર વણતેડયો આવે. રાધે.
હું પણ જાણું એહેનું મળવું ક્યાંથી;
ક્ષણું એક અળગો ન થાય તારે ત્યાંહાંથી. રાધે.
તે વશ કીધો રાધે દયાનો પ્રભુજી;
હું નવ જાણું તેં તે કઈ ગોર પૂજી. રાધે.

(૩૧)

શીખ સાસુજી દે છે રે, વહુજી રોહો ઢંગે;
આવડો શો આસંગો રે, સામળીઆ સંગે.
વાટે ને ઘાટે રે, વળગો છો વાતે;
કહ્યું કોઈનું ન માન્યું રે, દીઠું મારી જાતે.
વહુવારૂ માણસ રે, ડાહ્યાં બહુ થાશો મા;
જળ ભરવા એકલડાં રે, આજ પછી જાશો મા.
અલબેલો આ શેરીએ રે, આવે વહુ તમ માટે;
તમો તેને કાજે રે, જાવો જમના ઘાટે.

CENTRAL LIBRARY

ચતુરાઇયો તમારી રે, સરવે હું જાણું;
કો દાડો નથી કેહેતી રે, આજ મુખે આણું.
સાસરીયામાં રેહેવું રે, ત્યારે એમ નવ કરીયે;
તમો તો થયાં નિલેજ રે, હમો લાજી મરીયે.
હું તો મુખે મુખે કહું છું રે, લોકો પૂઠળ કહે છે;
અડોશી ને પડોશી રે, મસે મેહેણા દે છે.
વિવેક વાત કરતા રે, વહુજી દુઃખ નવ ધરશો;
દયાના પ્રભુ કેરી રે, સંગત હવે નવ કરશો.

(૩૨)

એહવાં વચન સુણીને રે, વધાં વળતાં વહુજી;
ગંગાજળ સરખાં રે, હો સાંભળો સાસુજી.
જેના મનમાં જેવું રે, તેવું તે તો દેખે;
સારાં ને નરતાં રે, પોતા સરખાં પેખે.
કોહો છો તેવાં હોશો રે, ત્યારે એમ સૂઝે છે;
દોષ પ્રભુમાં શો દીઠો રે, જેને જગ પૂજે છે.
હવે વાંક ન માહારો રે, કહું છું કહ્યા પૂઠી;
એહમાં કોઈ નથી સાચું રે, એ ગત સરવે જૂઠી.
જેમ ખુંદી ખમું છું રે, નચાવી નાચું છું;
તોએ પૂઠ ના મૂકી રે, તારે જાઓ સાચું છે.
હવાં તો નિત જઈશું રે, સામળીઆની સંગે;
વૃંદાવન ઘાટે રે, સદા રમીશું રંગે.
મન ભાવે તો બોલજો રે, સેહેવાએ તો સેહેજો;
ચાલે તે કરજો રે, ગમે તેવું કેહેજો.
તમારા કહ્યા ઉપર રે, જાઓ નિશ્ચે કરવું;
દયાનો પ્રભુ ભજવો રે, કોઇથી ન ડરવું.

(૩૩)

ઉભા રોહો તો કહું વાતડી, બિહારીલાલ;
તમ માટે ગાળી છે મેં જાતડી, બિહારીલાલ.
જે દહાડો મળ્યાતા વ્રંદમાં, બિ.
તે દહાડાની તાલાવેલી તનમાં; બિ.

વેદના વિરહની તે કયાંહાં ભાખિયે, બિ.
ભીતરનો ભડકો તે કયાંહાં દાખિયે; બિ.
ફટકારી સરખી ફરે વનમાં, બિ.
કળ ના પડે રજની દનમાં; બિ
ઘેલેલી કરી છું સહુ ગામમાં, બિ.
ચિત્ત ચોહોટતું નથી ઘર કામમાં; બિ.
કેમ કેહવાય જેવું દુઃખ તનમાં, બિ.
તાલવેલી લાગી મારા મનમાં; બિ.
ક્ષણે ક્ષણે ભણકારા પડે કાનમાં, બિ.
પ્રાણ પ્રોવાયો છે તમો તાનમાં; બિ.
વિકળતાની વાત કહે ના બને, બિ.
ઘરમાં જાઉં ને જોઉં આંગણે; બિ.
આતુરતા એહેવી કહાંલગી સહું, બિ.
છો ચતુર શિરોમણી તાંહાં શું કહું; બિ.
પ્રીતડી કીધી તો હવે પાળીએ બિ.
આતુર શરણે આવ્યાને ન ટાળીએ; બિ.
તમારે હું સરખી હજારો હશે, બિ.
માહારા તો પ્રાણ તમ વિના જશે; બિ.
બોહ્યું પણ બીજાનું ગમે નહીં, બિ.
લાલચ લાગાં નયણાં તો જઇએ કહીં; બિ.
નખશિખ લગી છો સ્વરૂપ ગુણભર્યાં, બિ.
આવડા રૂપાળા તે કોણે કર્યાં; બિ.
હસો છો મધુર વાંકુ જોઇને, બિ.
કટાક્ષ કટારીએ નાખ્યાં પ્રોઇને; બિ.
વાંસળી વજાડે તેહમાં ત્રેહે, બિ.
અબળાને જોતાં વિવેક કેમ રેહે; બિ.
દરદી હોએ તે જાણે દરદમાં, બિ.
અવર દુઃખ એહેની આગળ ગરદમાં; બિ.
કહેનાર કેહશે પણ છો ધણી, બિ.
દયાના પ્રીતમ, હું દાસ તમતણી; બિ.

(૩૪)

ઉભા રોહો અલબેલા ક્ષણું સંજોગ, ડાહ્યા છો પુછું એક વાતડીજી;
મ્હારા તનમાં ચેટક કે કાંઈ રોગ, કેમ ગળે છે મ્હારી જાતડીજી.
સમા વિના કયમ પુછું નંદકુમાર, વિચાર મુજને બહુ દીનનો રહેજી;
નિજ નટવર હું નાનકડીસી નાર, કોઈ એક તમને કાંઈ ઘેલું કહેજી.
માટે મોહન મળ્યા એકલા આજ, વૃંદાવનમાં કોઈ બીજું નથીજી;
હું પણ કહું છું મુકી મનની લાજ, મ્હારૂં અંતર દુઃખ સઘળું કથીજી.
વ્હાલા એ મુને નોહોતો પેહેલો રોગ, હવડાં પ્રગટયો દિન દસબારમાંજી;
નિદ્રા નાવે ભાવે નહિ કંઈ ભોગ, કયહું પડે નહિ કળ મન વિચારમાંજી.
ફટક ફટક કાળજડું માહારૂં થાય, રાત દિવસ તન ધીકધીકતું રહેજી;
ઊંડું દુઃખ અતિસે પણ નવ સમજાય, કોઈ વૈદ એ દુઃખમાં ના લહેજી.
તેમાં એક વળી અચરત સુણજો આજ, મુજને તો કાંઈ કારણ ના જડેજી;
તમ મુખ દેખું ત્યાંહાંલગી નહિ સંતાપ, કયમ હશે એ સમજણ ના પડેજી.
જાણું છું મુજ ચિતનું ચેટક જોહ, તમને દેખીને નિશ્ચે કરૂંજી;
માટે રાજ મટાડયું મટશે તેહ, હા દીહસો ભરોંસો મન ધરૂંજી.
એ દુઃખ ટાળો કહો તે કરૂં ઉપાય, નાડ જુઓ કે નયણે પારખોજી;
સુઘડ શિરોમણી છો તમે રસિયારાય, મારા સમ જો જાણી ના ભખોજી.
વચન સુણીને સમજયા સુંદર શ્યામ, કર ગ્રહી નાડી જોઈ નારી તણીજી;
કૃષ્ણ અડે કર પ્રગટયો પૂરણ કામ, જયમ હાડી જોઈ પ્રેત પડે ધૂણીજી.
થયું રોમાંચિત થરથર કંપે કાય, એવી દેહદશા જોઈ છેલડેજી;
અતિ આતુર મન મુખથી નવ કહેવાય, સમજી અંક ભરી અલબેલડેજી.
ઈચ્છયું સુખ આપ્યું અધરામૃત પાન, રસિયે કાંઈ પણ રાખી નહીંજી;
દયા પ્રીતમજી આપ્યું જીવતદાન, સ્નેહવેદના નાસી ગઈ કહીંજી.

(૩૫)

વ્હાલાજીને કેહજો મધુવ્રત મ્હારા સમ છે,
વ્રજ પધારો એકવાર, મુખડું નિરખિએ રે લાલ;
વ્હાલાજીને ગમશે નહિ એકલાં કેહેજો,
લાવે સંગ કુબજા નાર, નરખીને હરખિએ રે લાલ. મુખ.
વ્હાલાજીને કેહજો રાખે ડર રખે, ગોકુળ ગમાર ગોપની સૃષ્ટ;
રાણીજીને ઓઝલ પડદો છે આંહે, રાખિશે જોમ નહિ લાગે દષ્ટ. મુખ.

વ્હાલા તમો ગુણનિધિ સદ્‌ગુણ સાગર, મ્હોયા જોઈ કુબજા ગુણ અંગ;
વ્હાલાજી રે તેની ઝાંખી હમને કરાવો, થાએ જન્મ ફળ સંગ. મુખ.
વ્હાલાજી રે માનીતીની મરજી જોઈ, હમો કરશું આપની ટેહેલ;
વ્હાલાજી મન ઊઠે તો મધુપુર જાજો રે, રેહેશો ત્યાના રે મ્હેલ. મુખ.
વ્હાલાજી રે ઘર દહાડાથી જાણ્યું નહિ, તે થયો અતિશે અનર્થ;
વ્હાલાજી રે હાવાં ખરખર ત્યાં શો વિત્યા, વ્રજ વસ્યા દિન વ્યર્થ. મુખ.
મધુકર કુબજાને પણ કહેજો, પિયુને ઘણું લડાવે લાડ;
અલી એ રત્નને જેટલું જત્ન કરીશ, તે હમે માનીશું પાડ. મુખ.
મધુકર દયા પ્રીતમને કેહેજો, એ સુખ સુણી હરખ નામાય;
પણ હમો અલ્પ ભાગ્ય અહીરણી, ઘણું સુખ જોવા નહીં અવાય. મુખ.

(૩૬)

માનીતી તું છે મોહનતણી, હો વાંસલડી રે;
તુને વાહાલમ કરે છે ઘણું વાહાલ રે, હો વાંસલડી રે;
તારૂં આવડું શું જોર, ભુંડી કાળજડું મા કોર રે, હો વાંસલડી રે,
મીઠો આવડો શો શોહોર, મોહ્યો નંદનો કીશોર, હો વાંસલડી રે.

પીયે અધરામૃત પિયુતણું તું, હો વાંસલડી;
હમારે શોકયસરીખું તું સાલ રે, હો વાંસલડી. મીઠો.

વાજી વાજીને વીહવલ કર્યાં, હો વાંસલડી,
તું તો પીડે હમારા પ્રાણ રે, હો વાંસલડી;
સુણતાં પડે છે હૃદે સાંસરાં, હો વાંસલડી,
તાહારા ટહુકારાથી મોહોબાણ રે, હો વાંસલડી. મીઠો.

ઝેર ઘણું છે તારી ઝપટમાં, હો વાંસલડી,
ભલાં તુંથી ભાલા તરવાર રે, હો વાંસલડી;
એકી વારે તું હણી નાખની, હો વાંસલડી,
આ ભુંડી થોડે થોડે મા માર રે, હો વાંસલડી. મીઠો.

પતિવ્રતાનાં પણ મુકાવ્યાં, હો વાંસલડી,
તેં તો છોડાવીયાં સતીયોનાં સત્ય રે, હો વાંસલડી;
વન વન કુંજ કુંજ ફેરવ્યાં તેં, હો વાંસલડી,
તેં તો સહુની કરી છે એવી ગત્ય રે, હો વાંસલડી. મીઠો.

ગરજે ગુમાન ભરી આવડી, હો વાંસલડી,
તું તો જેની વિચારી તારી જાત રે, હો વાંસલડી;
જેતાં તું કાષ્ટ કેરો કરકડો, હો વાંસલડી,
તુને આજ મળી છે ઠકરાત રે, હો વાંસલડી. મીઠો.
ગત વિહીણાં તે ઘેડેલાં કર્યાં, હો વાંસલડી,
તેં તો લગાડયું લાલસું લગન રે, હો વાંસલડી;
ચોરની સંગે શીખી ચોરવા, હો વાંસલડી,
વાહાલે માખણ ચોર્યું ને તેં તો મન રે, હો વાંસલડી. મીઠો.
માન ન રાખ્યું માનની તણું, હો વાંસલડી,
તેં તો સહુને કર્યાં પાએનામ રે, હો વાંસલડી;
દયાના પ્રીતમની દાસી તું ખરી, હો વાંસલડી,
તેડે સહુને બેઠી તું તો ઠામ રે, હો વાંસલડી. મીઠો.

(૩૭)

સખી પુછી જો, અલી પુછી જો, શેં રસિયો રિસાવ્યો રે;
મનથી રિસાણો છે કે શોકયે સમજાવ્યો રે. સખી.
સાન કરી તેડયો માહારી પાસે ન આવ્યો રે;
સામુંએ ન જોયું ધાઇને મેં રુદયે લપટાવ્યો રે. સખી.
સુણ માહારી સજની શો વાંક હશે માહારો રે;
આટલા વનામાં કિયો કાહાડ નિસ્તારો રે. સખી.
વાંકલડું જોતામાં શું આંખલડીનો ખુણો ખુંચ્યો રે;
અધર પીતાં શું હૃદેને ક્રમ પોંહોચ્યો રે. સખી.
ભુજ પાશે ભીડતાં કંકણ કણ ગડિયાં રે;
કે શું એને કાળજડે કઠોર કુચ નડિયાં રે. સખી.
કે શું કટી કૃશ અંક ભરતાં ન પ્રાવી રે;
કે શું મ્હોટી મન માની, નાહાની નજરે હું નાવી રે. સખી.
કાચના ફાનસમાં દીપક જેવો ચળકે રે;
સુંદરીનાં વેણમાં તેવો રતિરસ ઝળકે રે. સખી.
સુણી એહવું આવી ભેટયા રસિક બિહારી રે;
વચને વેચાતો તેં લીધો મુને પ્રાણપ્યારી રે. સખી.
દયાનો પ્રીતમ પ્યારે પ્રેમ રસ ભોગી રે;
તેહેને વશ કયમ કરે જ્ઞાની મુની જોગી રે. સખી.

CENTRAL LIBRARY

(૩૮)

તાહારા સમ જો તારુણી, તું મને સહુથી લાગે વાહાલી રે;
વણ તેડયો તાહારા મંદિરમાં, જો હું આવું ચાલી રે. તાહારા.
વાહાલ વિના વખાણ કરે, ગમે નહીં મુને દીઠું રે;
પ્રીતલડીનું વાંકું વચન, તે લાગે મુજને મીઠું રે. તાહારા.
પ્રેમને પાશે બંધાયો, કેમ શકું હું નાહાસી રે;
નાચું હું નચાવ્યો તાહારો, સહુ વેદની હાંસી રે. તાહારા.
જોગી જનના ઊરમાં હું તો, જાઉં ને ના જાઉં રે;
ચિત્ત ચોર્યું તેં પ્રેમદા, તે આઘો કયાંહા થકી જાઉં રે. તાહારા.
સ્નેહ સરીખું વશીકરણ, મળે નહીં કંઈ બીજું રે;
દાસ દયાનો પ્રીતમ કેહે, હું એક હેતથી રીઝું રે. તાહારા.

(૩૯)

લોચન મનનો રે, કે ઝગડો લોચન મનનો
રસીયા તે જનનો રે, કે ઝગડો લોચન મનનો. ટેક.
પ્રીત પ્રથમ કોણે કરી, નંદકુંવરની સાથ;
મન કેહે લોચન તેં કરી, લોચન કેહે તારે હાથ. ઝગડો.
નટવર નિરખ્યા નેન તેં, સુખ આવ્યું તુજ ભાગ;
પછી બંધાવ્યું મુજને, લગન લગાડી આગ. ઝગડો.
સુણ ચક્ષુ હું પાંગળું, તું માહારે વાહન;
નિગમ અગમ કહ્યું સાંભળ્યું, દીઠા વના ગયું મન. ઝગડો
ભલું કરાવ્યું મેં તને, સુંદરવર સંજોગ;
મને તજી તું નિત મળે, હું રહું દુઃખ વિજોગ. ઝગડો.
વનમાં વ્હાલાજી કને, હુંય વસું છું નેણ;
પણ તુંને નવ મેળવે, હું નવ ભોગવું ચેન. ઝગડો.
ચેન નથી મન કયમ તને, ભેટે શ્યામ શરીર;
દુઃખ માહારે જાણે જગત, રાત્ર દિવસ વહે નીર. ઝગડો.
મન કહે ધીકું હૃદે, ધૂમ પ્રગટ ત્યાં હોય;
તે તુજને લાગે નેન રે, તેહ થકી તું રોય. ઝગડો.
એ બેહુ આવ્યા બુદ્ધી કને, તેણે ચુકવ્યો ન્યાય;
મન લોચનનો પ્રાણ તું, લોચન તું મનકાય. ઝગડો.

સુખથી સુખ દુઃખ દુઃખથી, મન લોચન એ રીત;
દયા પ્રીતમ શ્રી કૃષ્ણસું, બેહુ વડેથી પ્રીત. ઝગડો.

(૪૦)

તમારો તમારો પ્યારી, મનમાંને તે કોડોની;
નથિ ચૂકયો પણ ચૂકયો છું, મુને દંડ ગમે તે દોની. તમારો.
ગુનેગાર જાણી મુજને, બે ભુજપાશે બાંધો રે;
તેથી અધિક કરો તો મુજપર, નેનબાણ બે સાંધો રે. તમારો.
નહાશી જઇશ જાણો તો મુજને, ઉર કિલ્લે ચઢાવો રે;
કોડો તો ધીજ પતીજ કરૂં, શિવપિંડી હાથ ધરાવો રે. તમારો.
કહો તો અઘરા સમ ખાઉં પ્યારી, શીદ કરો સંતાપ રે;
સાચો છઉં સાચો છઉં, જૂઠું બોલું તો બે બાપ રે. તમારો.
એમ સુણી હસી બોલ્યાં શ્યામા, આવડું કયાં ભણી આવ્યા રે;
હેત ધરી હૈડાસું લીધા, મંદિરમાં પધરાવ્યા રે. તમારો.
પ્રેમ સહિત પર્યંકે પોઢયાં, ઉમંગ્યો રતિરસ ભારી રે;
એ જુગલરૂપ તણી લીલા પર, જાય દયો બલિહારી રે. તમારો.

(૪૧)

કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે;
ભોળું ભાખ મા રે, કામણ દીસે છે અલબેલા. ટેક.
મંદ હસીને ચિતડું ચોર્યું, કુટિલ કટાક્ષે કાળજ કોર્યું;
અધ પડિયાળી આંખે ઝિણું ઝાંખમાં રે; ભોળું ભાખ. કા.
નખશિખ રૂપ ઘણું રઢિયાળું, લટકયું સઘળું કામણગાળું;
છાના ખંજન રાખે પંકજ પાંખમાં રે; ભોળું ભાખ. કા.
વ્હાલ ભરી રસવરણી વાણી, તારુણીનું મન લે છે તાણી;
ભ્રૂગુટીમાં મટકાઈ ભુરખી નાખ મા રે; ભોળું ભાખ. કા.
દયા પ્રીતમ નિરખે જે થાયે, તે મેં મુખડે નવ કહેવાયે;
આ વિનતી આતુરતા આવડું સાંખ મા રે; ભોળું ભાખ. કા.

(૪૨)

તેં તો ઘટઘટમાં ઘર કીધું, વાલમ વરણાગિયા રે;
કાળજ કોરાણું કંદર્પનાં શર વાગિયાં રે; તેં તો.

CENTRAL LIBRARY

શૃંગારના પદો.

રોમરોમ રસિયો તું વસિયો, ભવભવ સેજે તું ખસિયો;
વિરહના અંગારા અંગે જાગિયા રે; તેં તો.
માતપિતા મૈયર સંતાપે, સાસરિયાં અતિ આરત આપે;
દુરિજન દુશમન સહુ કો પુંઠે લાગિયાં રે; તેં તો.
કહાન કટાક્ષ કરી તું ભાલા, તેમાંનું કંઇ નહિ હસિરાંલા;
તે સાચું સમજી પી લે લોક અભાગિયા રે; તેં તો.
દયા પ્રીતમ પ્રીત કરી ના ફાવી, વણ વેપારે જોખમ આવી;
કહ્યું ના માને પ્રાણ થયા અનુરાગિયા રે; તેં તો.

(૪૩)

સખી હું તો જાણતી જે, સુખ હશે સ્નેહમાં, સખી હું તો. ટેક.
હું શું જાણું જે પ્રાણ પરવશ પડશે. અગ્નિ ઉઠશે આખી દેહમાં. સખી.
પીડા પામે પરો થશે નવ ભાવે, ભૂપડો એહવો જે કાંઇ એહમાં. સખી.
રૂપ ને ગુણ સહુ તે તેમાં દેખે, મન માન્યું જેનું જેહમાં. સખી
સ્વાધીન પરાધીન કરી નાખે, નેહ વિના એહ બળ કેહમા સખી.
હું દુઃખી ત્યાં ને વ્હાલો વિકળ ત્યહાં છે, સુખી ના મળે કોઇ બેહમાં. સખી.
દયાનો પ્રીતમ સદા સમીપ વસે તો, ભીજી રહું આનંદ મેહમાં. સખી.

(૪૪)

રાંક માહરી રાધાને દગો એણે દીધો રે, રાંક.
ફાંદામાં નાખીને એણે ફાંસી રે દીધી,
પારધીની પેરે ધીરવીને જીવ લીધો રે; રાંક.
મંદ હસીને વાહાલે વંક વિલોકી,
પ્રાણ પ્યારીજીનો પોતાને વશ કીધો રે; રાંક.
દુઃખે દીધાં કહિયે એહનું પણ રાધા લોચન,
બાણ ભવોભવ કાળજડું વીંધો રે; રાંક.
દયાના પ્રીતમ એહવા તો એહવા રહેજો રે,
કપટ કરીને એણે પ્રેમ રસ પીધો રે; રાંક.

(૪૫)

ચાલ વહેલી અલબેલી પ્યારી રાધે;
તને તારો કાન બોલાવે, ઘનશ્યામ બોલાવે;
તને તારો પીયુ બોલાવે, સરસ સમય સાધે સાધે; પ્યારી રાધે, ચાલ વહેલી. ટેક.

CENTRAL LIBRARY

નથી તુજ સમા કોઈ અખિલ વિશ્વ વામા;
શચી સાવિત્રી ઉમા રામા;
તે પણ નહિ સમોવડ અવર કોણ કામા;
ત્હારી તુલના, ત્હારી તુલના, એક તુંજ, કે વ્રજભૂપ;
તું તદ્રૂપ, ગુણ સ્વરૂપ, વાસકૂપ, અખય યૂપ;
સકૃત રૂપ, બેહુ અનૂપ, ગતિ અગાધે અગાધે; પ્યારી રાધે. ચાલ વ્હેલી.

કેસરિ આમિષ તજી તૃણ કેમ ખાય;
સ્વાતિ સલિલ વણ ન ચાતક તરસ જાય;
વન વિશાખા અગ્રજાજ સીપ ચહાય;
એ દ્રષ્ટાંત, એ દ્રષ્ટાંત, અર્થ આણ, ધ્યાન ગાન;
મુકી માન, પ્રીતમ કહાન, દે રસદાન, અધરપાન;
ભાગ્યવાન, ન કો આન, તું સમાન, સુતા ભાન,
તજિ ઉપાધે ઉપાધે; પ્યારી રાધે, ચાલ વ્હેલી અલબેલી.

સલિલ હીન મીન જીવે ન કોય;
ઝષ વિહિન થયું બગડે તે તોય;
તડિત મેઘ મેઘ તડિત વણ ન સોય;
કરિ જો વિચાર, કરિ જો વિચાર, વાર વાર, એજ સાર;
માર્યો માર, ધાર ધાર, સહુ શૃંગાર, મકર વાર, નંદકુમાર;
પ્રાણ આધાર, ને ઉરહાર, કર અબાધે અબાધે; પ્યારી રાધે. ચાલ વ્હેલી.

એમ કહિ પતિ અતિ રતિ સ્મૃતિ કરાવી;
સજાવ્યા શૃંગાર જેમ તેમ સમજાવી;
લાવી લલિતા પટરાણીને પધરાવી;
સાંપી શ્યામા, સાંપી શ્યામા, સુંદર શ્યામ, કરિ પ્રણામ, વળી વામ;
કુંજ ધામ, પુરણ કામ, નિગમયામ, સો વિશ્રામ, તે ગુણગ્રામ;
કથે આમ, દયારામ, હર્ષે વાધે વાધે; પ્યારી રાધે, ચાલ વ્હેલી

(૪૬)

રસિએ વજાડી રંગ વાંસળી, પાંસળી માહારી પ્રોઈ;
વિકળ કરી મુને વાલમે, વાંકી દ્રષ્ટે રે જોઈ રસિ.
સખી પનઘટ ઉપર હું પડી, મ્હારી કાયા રે કાંપે;
ભેદ ન સમજે કો ભામની, લેઈ લેઈ રુદયાશું ચાંપે. રસિ.

કોઈ કહે અખંતર તો અડયું, કોઈ કહે કાળે રે કરડી;
એક સખી સમઝી ગઈ, લાલ લેહેરે રે મરડી. રસિ.
તેણે કહ્યું સરકો સહુ, એક મંત્ર હું પાસે;
સંભળાવું એના શ્રવણમાં, વિખ ઉતરી જાશે. રસિ.
તેણે કહ્યું મારા કાનમાં, હું છું શ્યામની સંગી;
નિશ્ચે હું તેને મેળવું, સુણી ઉઠી ઉમંગી. રસિ.
સરવે વખાણી તે ત્રિયા, વિખડું તે વાળ્યું;
દયાના પ્રીતમ તેણે મેળવ્યા, મારૂં ત્રેહ દુઃખ ટાળ્યું. રસિ.

(૪૭)

મ્હારા વ્હાલા રે લાગો છો વાહાલા, પીયું પ્રાણજીવન નંદના લાલા;
બીજા વાહાલા તે કહેવાના કાલા. મ્હારા વ્હાલા.
વ્હાલા વ્હાલ સરીખું નથી કાંઈ મીઠું, અમૃત પણ એહવું નવ દીઠું;
હેત સ્વાર્થનું તે તો અજીઠું. મ્હારા વ્હાલા.
મીઠી વસ્તુ સઘળી પ્રેમ તળે, તેહને ભોગવ્યા પછે સંતોષ વળે;
પ્રેમરસ પીતાં તૃષ્ણા ન ટળે. મ્હારા વ્હાલા.
જ્ઞાનાદિકે તમે વશ ન થાઓ, મોક્ષાદિકે દેહે અળગા જાઓ;
વ્હાલા વ્હાલથકી તમો બંધાઓ. મ્હારા વ્હાલા.
પ્રીત રીતમાં પંડિત શું જાણે, અનુભવથી અજાણ્યા અવગુણ આણે;
એને જે જાણે તે નિત્ય માણે. મ્હારા વ્હાલા.
મુખે દીઠે મ્હારી આંખ ઠરે, તે મનડું ધીરજ નવ ધરે;
ડુબી જળ માછલડી તરસે મરે. મ્હારા વ્હાલા.
તન થાકો કોયે મન રખે થાકો, નાથ સુખી કરવાને નિત ચિત્ત તાકો;
નિત્ય નિરખું પણ તૃપ્તી નહિ આંકો. મ્હારા વ્હાલા.
મ્હારૂં મન રેહેજો તમસું લાગ્યું, મ્હારૂં તન મન રેહેજો તમ પાસે માગું;
દયા પ્રીતમજી દેજો એ માગું. મ્હારા વ્હાલા.

(૪૮)

વિઠલ વાંસલડી મા વાસ રે, મ્હારૂં કાળજ કાંપે છે. ટેક.
એના ટહુકા સુણતાં તનડામાં, ત્રેહ વહ્નિ વ્યાપે છે;
મદનની પીડી માનનીને, શીદ સંતાપે છે. વિઠલ
ડાઘ લાગ્યો છે હૈડામાં, શીદ રાગ અલાપે છે;
એકી વારે હણી નાખ, દયા પ્રભુ શીદ અદાપે છે. વિઠલ.

(૪૯)

મુજને અડશો મા, આઘા રહો અલબેલા, છેલા અડશો મા. ટેક.
અંક ભર્યાના સમ ખાઓ તો, અધર તણો રસ પાઉં;
કહાન કુંવર કાળા છો અડતાં, હું કાળી થઇ જાઉં. મુજને.
તું મુજ અડતાં શ્યામ થાશ તો, હું કયમ નહિ થાઉં ગોરો;
ફરી મળતાં રંગ અદલાબદલી, મુજ મોરો તુજ તોરો. મુજને.
કાળી થયાનું કામ નથી પણ, લગન લોકમાં ઠરશે;
લઘુ વયમાં લાંછન લાગ્યાથી, બીજો વર કયમ વરશે. મુજને.
મારે બીજા વરનું કામ શું છે, હું વર તું વહુ ધન્ય;
જેહનું લાંછન તેને વરિયે, તેહમાં ન મળે અન્ય. મુજને.
સુણી એમ હરિ વદની હસી ભેટયાં, પ્રતિ ઉત્તર ના દીધો;
હોળીની હાંસી મિષે દયા પ્રીતમ, બેએ આનંદ રસ લીધો. મુજને.

(૫૦)

એક વર્યો ગોપીજન વલ્લભ નહિ સ્વામી બીજો;
નહિ સ્વામી બીજો રે મારે નહિ સ્વામી બીજો. ટેક.
અવર કોઇનું કામ ન મારે રીજો કે ખીજો;
કૃષ્ણ કરે તે પ્રમાણ કારજ વણસો કે સીજો;
પ્રાણ જાય પણ અન્ય કૃતિમાં મન રખે ભીજો. એક.
સુખી દુઃખી જેમ ગમે તેમ રાખે એના ગુણ ગાઉં;
વિના મૂલ્યે ઘરગુલામ એનો વેચે ત્યાં વેચાઉં;
એજ ગમ્યો તેથી મન માન્યો બીજો નવ ચાહું,
એના અતિ અવતાર હું કોઇનો દાસ નવ કહેવાઉં. એક.
કૃષ્ણ વિના શિર અવર નમે તો છેદનનો દંડ,
નંદકુંવર વિણ નામ જપે તો જીભ્યું કરે શતખંડ;
અવર દેવની આશ કરે અઘ ભાજે બ્રહ્માંડ,
અન્ય અમરદર્શન દોડે પગ તો પાડું હું પંડ. એક.
હું ચાતક જળ સ્વાતિ શ્રીજી હું જાણું હરિ વારિ,
હું હારીલ કાઠી હરી દૃઢવ્રત ધારી તે ધારી;
અનન્ય પતિવ્રત જેને નહિ તે કહીએ વ્યભિચારી,
શ્રીગુરુ એ નીભાવજો કહે દયો સદા ટેક મારી. એક.

CENTRAL LIBRARY

[The above poem was written in answer to a request made by Gopālrāo Mahirāl of Baroda to Dayārām that latter should compose verses in praise of Ganesh. Gopālrāo promised him a handsome annuity for this service. Dayārām refused this without hesitation. He was not going to sell his concience for "filthy lucre."]

The remaining poems of this section are a selection from his Hindi-Urdu poems on the subject.

(૫૧)

તિહારી ચલી ચશ્મ તલવાર, ઘાઇલ મોહે કર ડારી;
પરી નૈન કટારી હિય પાર, ઘાઇલ મોહે કર ડારી. ટેક.
લાગે તબ જાનેં નહીં, અહો રસિક નૈનકે બાન;
અબતો હિય બિચ ગડિ ગયે, વાકું અંચત નિકસે પ્રાન. ઘાઇલ.
રૂપનગર કે બીચ મેં, અહો ચલી ચશ્મ તલવાર;
મૂરખ હૈ સો બચ ગયે, જ્હાં ચાતુર ખાયો માર. ઘાઇલ.
સહજ મતિ સૂધી કરેં, તિરછે પર જિય લૈન;
ભયે બુદ્ધ બલકે પદાતિ, અહો નંદ કુંવર તિહારે નૈન. ઘાઇલ.
લોહબાન સો કુછ નહીં, વે તો સૂધો અહાય નિસાન;
નૈનબાન તિરછોં ચલેં, વે તો લાગત લેવે પ્રાન. ઘાઇલ.
રસિક નૈન કે બાન કી, અહો અજબ અનોખી રીત;
દુશ્મનકું પરસે નહીં, વે તો મારે અપનો મીત. ઘાઇલ.
રસિક નૈન કે બાનકું, લાગત લખેં ન કોય;
જો મારે સો જાનહી, કે જાને લાગે સોય. ઘાઇલ.
છેલ છબીલે સાંવરે, નટવર નંદ કિશોર;
મૃદુ મુસકાનિ ચિત્ત ચોર લિયો, મેરો ડાયો કલેજા કોર. ઘાઇલ.
અંગ અંગ પ્રીત માધુરી, નખશિખ છબી અતોલ;
દયા કે પ્રીતમ તિહારે બાનકે ઉપર, બિક ગઈ બિન મોલ. ઘાઇલ.

(૫૨)

માઈ તેરા બાલક દેખનકું મૈં આયા રે.—ટેક.
ચાહું ન અંબર હમ હૈં દિગંબર, પીતાંબર ચિત્ત ચાહ્યા રે. માઈ.

ચાહું ન ચંદન લગાય તેરે નંદન, હમ તો બિભૂત લગાયા રે. માઈ.
ચાહત ન ભિચ્છા અજાચક દિચ્છા, પરમાનંદમેં ધ્યાયા રે. માઈ.
ચિરંજીવો માઇ તેરા બાલક, મેરે જિય સુખ છાયા રે. માઈ.
દયા પ્રીતમ જાકે ચરન પરસ રજ, શંકર શીશ ચઢાયા રે. માઈ.

(૫૩)

મૈં તો મેરો બાલા જોબન દીયો નંદલાલકું;
દિયો નંદલાલકું, વે સાંવરે ગોપાલકું. ટેક.
બાલપનેસે મેરો મોહન મીતવા;
કૈસે બચું આલિ કૈસે બરજું ગોપાલકું. મૈં તો મેરો.
લંગર ઢીટ ગુમાની રસિયે;
કયોંકર છોડે વે તો ન્યામત માલકું. મૈં તો મેરો.
દયાકો પ્રીતમ પ્યારો, પ્રેમરસ ભોગી;
કોઉ ન જાને વાકે અદ્ભુત ખ્યાલકું. મૈં તો મેરો.

(૫૪)

બંસી કે બજાને વાલે, તૈં મેરા દિલ કયા ચુરાયા;
નીમાંનાંકુ સતાને મેં તેરે હાથ મેં કયા આયા. ટેક.
અવલ કટકે કોરી છતિયાં, ફેર ન બતિયાં બિનવતિયાં;
ગરેમેં કયોં ન દીની કતિયાં, જયોં તલ પાનીથી ઐસી ભતિયાં. બંસી.
મેરા જિય જલાતા હૈ, આપ ખેલતા ખાતા હૈ;
હાથ હુન્નર દયા પ્રીતમ, માશુક મેહેર નહિ લાતા હૈ. બંસી

(૫૫)

એક ખૂબસુરત ગબરુ ગુલઝાર સાંવરા;
તારીફ કયા કરૂં હૈ સબ ભાંત સે ભલા. ટેક.
ઈસ બગરકી ડગર મેં મેરા ચિત ચુરા ચલા;
કેહેતીથી સબ આલમ યેહે ન નંદ કે લલા. એક.
દેખી મુઝે નિઘા ભર તબસો એ દુઃખ ફેલા;
ચિતવન મેં કુછ ટોના કી કછુ કલા. એક.
અનંગ આગ લગી વે તન જાત હૂ જલા;
જય જાયગા જરૂર સૈયા સજન ન મિલા. એક.

CENTRAL LIBRARY

બૂઝતી બે ઐસા દદે બીરહ હૈ બલા;
તો મૈં ઉસી પલક જાય પકડતી પલા. એક.
મિલાઓ કોઈ મેહેબૂબ દુસરી ન હૈ સલા;
દયા કે પ્રીતમ બિન મરેગી કાટકે ગલા. એક.

(૫૬)

*મદન મોહન પ્યારે મહબૂબ મેરા હૈ;
દિદાર હુઆ જબસે દયા દિલમેં ડેરા હૈ. મદન. ટેક
ઇશ્ક જખ્મકી મારી ભઇ મૈં દીવાની;
કોઈ બેલિ નહિ સાહેલી શોખી દિલકી યે જાની. મદન.
ઈશ્ક મયે ઉસી પર વહી મેરા જીવન;
હુઈ ખલક સારી સારી કછુ લગતા હૈ ન મન. મદન.
એક યાદ મીઠી બતિયાં છતિયાં ફટ જાતિ હૈ;
કછુ કહે મેં નહિ આતા નૈનાં ભરભર આતિ હૈ. મદન.
મતલબકે ગરજી આલમ જાન કેહેલાતે હૈ;
દયા પ્રીતમ બેપરવાહી બલિહાર કેહેલાતે હૈ. મદન.

(૫૭)

ગોરસ ચાહો તો પીયો મેરે પ્યારે,
બે રસ ચાહત સો રસ નહી હૈ;
કહા બરજોરી મહિયારી લુટોંગે,
હોરી ભઈ તો કા ઈતની અનૈયાં. ગો.
ઇત ઉત દેખત નૈન નચાવત,
અંચરા ખેંચત મોરત બૈયાં;
તિહારે જિયાંકી જાની મૈં જાની,
જાને દો મોકો પરત હું મૈં પૈયાં. ગો.
દુરિજન ગુરુજન કો ડર મોકો,
ભઈ હૈ અબેર લરેગી મૈંયાં;

---

* This was an extempore composition in a musical assembly of Moslems. Dayārām's power over Urdu is clearly seen in this as also in the previous selection (No. 55).

CENTRAL LIBRARY

હાં હાં હાં એ કયા છુઓ મત મોઠો,
બાત ન અચ્છી યહ કુંવર કન્હૈયા. ગો.
પરસત અંગ અનંગ ઉદે ભયો,
વહ કહ દેત હૈ નૈન બધૈયાં;
દયા પ્રભુ બસંત બૃંદાબન ખેલે,
દુહુ રસબસ ભયે કદમકી છૈયાં. ગો.

X. The true significance of the *srinjira* and the *bhakti* of the Gopis.

[Dayārām has been severely blamed by many prudish critics for his "open *sringāra*". Many of the poems in the preceding section are examples of this. A certain type of mind cannot stand this treatment of love for the Divine. The feelings of the Gopi for her Divine Lover exactly expresses the intense yearning of the human soul for union with its Origin. The path of *bhakti* is open to all and even to the non-learned, un-privileged classes, as the *Gita* puts it— **स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम्**. Once the realisation of the Divine Lover comes, no sacrifice is too great to undergo—home, relations, family. honour, everything vanishes at the first notes of the magic flute of Hari. This point of view, as also the idea of feeling *a personal union with a personal God* is clearly brought out in the following poems.]

A. Impersonal Abstract Deity does not satisfy the yearning of Love

(૧)

પ્રકટ મળે સુખ થાય, શ્રી ગિરિધર પ્રકટ મળે સુખ થાય;
અંતર્યામી અખિલમાં છે, તેથી કહો કોનું દુઃખ જાય?
તૈલ વિના સ્ફુટ તિલ પુર્યેથી દીપક કયમ પ્રકટાય?
પ્રકટ પાવક વિના કાષ્ટને ભેટયે શી પેરે શીત સમાય?

CENTRAL LIBRARY

શૃંગારમય ભક્તિ.

પૃથ્વી ચાટયે તૃષા ટળે નહિ, અંતર્જળ શ્રુતિ ગાય;
દીવાસળી–પાષાણ સ્પર્શથી કો કહે જવાળ જણાય?
સુરભિ પેટમાં પય, તેમાં ઘૃત, તેથી પુષ્ટિ ન પામે ગાય;
દોહી મથીને માખણ તાર્યો સર્પિ ભક્ષણ સુખદાય.
વ્યાપકથી વાતો નવ થાયે, તે વિના જીવ અકળાય;
રસીયાજન મનરંજન નટવર, દયા પ્રીતમ વ્રજરાય.

B. Therefore the human soul yearns for the Beloved Krishna.

(૨)

હમતો કૃષ્ણ છબીલો ગાવે, નિર્ગુન બ્રહ્મ હમેં નહિં ભાવે; હમતો.
ગિરિધર ગુન રૂપ કે રાસી, ભ્રમ જે કોઉ હોય ઉદાસી; હમતો.
જલકુંકા સુખ હોય જલપાના, શ્રવન કહા સુખ સિંધુ સમાના; હમતો.
જામેં દાસ ભાવ ઉઠ જાવે, જુગલ નહી વ્હાંકાં સુખ પાવે; હમતો.
પાઘ આસ સિર છોઇ ડારે, સીસ ગયે પઘિયાં કહાં ધારે; હમતો.
દાસ સદા હમ શ્રીજી સ્વામી, માગે દયો ગુરુપદ સિરનામી; હમતો.

(૩)

દરસન દેના હમેં ઠાકોર ડાકોરવારે.—ટેક.
દરસન કો ફલ ચરન રહે ચિત, માયામેં ન ભ્રમે. દરસન.
પ્રપંચ વિસ્મૃતિપૂર્વક નિજ રતિ, ભવ ભય તાકે સમે. દરસન.
મન યહ ભાવ બસ રહે અંત અજા, કુતર્ક કલેશ વમે. દરસન.
પ્રેમ લચ્છના ભક્તી દીજે, દુરબુદ્ધિ ના દમે. દરસન.
દયાકે પ્રીતમ નિત નેનન નિરખું, પલ પલ સીસ નમે. દરસન.

(૪)

હમ સાકાર ઉપાસી વે, સબ ગોકુલ કે ખાસી વે. ટેક.
ઉધો તુમ અદ્વૈત બ્રહ્મ કહો નિરાકાર ગુન હીને;
પ્રેમી જનકો પંથ નહીં હમ શુષ્કજ્ઞાની તુમ ચિન્હે. હમ.
મીલબો અરસપરસ ભલ કહિયે, હિલમિલ બાનિ બિચારા;
મૂંદે નેન મૃતક બરાબર, ઉદાસ ધ્યાન તુમારા. હમ.

CENTRAL LIBRARY

લલિત ત્રિભંગી છેલ પ્રાંકડે, નટવર નાથ હમારે;
નિર્ગુણ બ્રહ્મ સો ધામ હે ઉનકા, સમુઝત સમઝન વારે. હમ.
બ્રહ્મરૂપકો જીવ કહત, જયોં જીવ બ્રહ્મ કહરાવે;
ઐસો જ્ઞાન બસત જાકે હિય, કબુ કલ્યાન નહિ પાવે. હમ.
જગકર્તાકો રૂપ નહિં તો, જગકુ કહાં તેં આયા;
કારન જૈસા કારજ હોવે, ન્યાય શાસ્ત્રમેં ગાયા. હમ.
નિરાકાર કહેં દુરનિવાસી, નિકટ અવયવ દેખે;
તેજોમય રવિ જગત કહત પરિ, અરુનરૂપ કયોં પેખે. હમ.
રૂપ બિના કર તત્વ બને નહિં, દિવ્ય રૂપ શ્રુતિ ગાય;
કર મુખ બિન કયોં બંસી બજાઈ, પાઉં બિન કયોં બન ધાય; હમ.
તુમ જો જુદે નહિ બ્રહ્મ તેં, કો બ્રહ્માનંદ ભોગી;
ભોગ્ય ભોગતા નહિં તુમરે મન, તબ જોગી કયા રોગી. હમ.
ઐશ્વર્યાદી ખટ ગુન સંયુત, નિર્ગુન કૈસે કહિયે;
અજા ત્રિગુન પર શુદ્ધ સત્વ હરિ, નિરખત સબ સુખ લહિયે. હમ.
ભકત નેત્ર ભૂષણ મહા, રાધાવર શ્રી કુંજ બિહારી;
દાસ દયા કે પ્રાણજીવન ધન, શ્રી ગોવર્ધન ધારી. હમ.

C. The Lover and the Beloved, Gopi and Krishna, are one.

(૫)

શ્રી સ્વામિની શું સ્વરૂપ તે શુણ કહું સહિત વિવેક;
શ્રી કૃષ્ણ રાધા નામે બે, વસ્તુ તો જોતાં એક.
જયમ અગ્નિ-જવાળા, ચંદ્ર-કૌમુદી, સિન્ધુ ને વળી છોળ;
કહેવાં ભિન્ન અભિન્ન બન્ને, વસ્તુ એકજ ખોળ.
જે **एकमेवाद्वितीयं ब्रह्म** કહ્યું શ્રુતિ એ જૂઠા જાણી;
નહી તો થયું ધ્રુવ **एव** શબ્દે અદ્વિતીય શીદ વાણી?
ભાસે જુગલ વૈ એક બે મળી, હેતુ એ પુનરુક્તિ;
જન દયા પ્રીતમ કૃષ્ણ રાધા એક બે એ જુક્તિ.

(૬)

એક ચણો જયમ દ્વિદળ મળીનેજી, સિદ્ધ રહ્યા બે હવીનેજી,
સત્ય ચણો જયમ ભાસે એકજી, દ્વિદળાં તરમાં વિરલ વિવેકજી;

CENTRAL LIBRARY

શૃંગારમય ભક્તિ.

ત્યમ અક્ષર-વેષ્ટિત જુગરૂપજી, અનુભવી જાણે વાત અનૂપજી,
એક રૂપથી રમણ ન થાયજી, બીજું ઈચ્છું સમ વજરાયજી.

વજરાય સમતા અવર નહી નિજ સરીખા નિજ એક;
સ્રી રૂપ નિજ આત્મા હૃદયમાં, લીલા નિત્ય વિવેક.

સહુ વિદ્યમાન હતો ઉપસ્કર રસોદ્દબોધક જેહ;
શ્રીસ્વામિનીજી સહ પ્રકટ કીધો બાહ્ય ઈચ્છા નેહ.
શ્રીધિકાથી રમણ અચલિત કરે સુંદર શ્યામ;
એ રીત વેહવચન સાચું, કૃષ્ણ આત્મારામ.
ભાતી પટોળું, રૂપ છાયા, સંગ પ્રકટયાં બેય;
જયમ દીપક દીપકથી હવો સમરૂપ નિઃસંદેહ.

D. The poet asserts that he was a Gopi himself* when Krishna walked the earth.

(૭)

મારો નેહ લાગ્યો રે એ સાંવરિયા સાથે;
મારો નેહ લાગ્યો એ પાતળીઆ સાથે. ટેક.
સાંભરી આવે મુને પ્રીત પુરવની;
તે અનુભવ આજ જાગ્યો રે. મારો નેહ.
મનનો માન્યો અંતરનો ઈચ્છયો;
વર મળ્યો મુખ માગ્યો રે. મારો નેહ.
દયા પ્રીતમની સંગ નિશદિન રમતાં;
ભવનો તો ભય આજ ભાગ્યો રે. મારો નેહ.

---

* It may be noted that the poet's original name was Dayāsankar. But when he became a Vaishnava he changed his name to Dayārām. In his verses he calls himself only દયા and occasionally દયા-દાસી as if his was the woman-soul thirsting for the Lover.

CENTRAL LIBRARY

E. No sin in loving the Lover of the Gopis.

(૮)

વિચારી જન જે જારી જમશે, રાખી રૂદયા રીશ,
અવિચારી જન જારીને તજશે, શું ગાશે જુગદીશ;
કૃષ્ણસું જારી હમારે છે, જારી કરતાં જીવ તારે છે.
નિત નિત જારી ઉમંગે રમીયે, જાચે જે પાપી જીવ,
પાછું પગલું ભરિયું ન વાલા, જારી રમતાં થાશું શિવ;
નહિ મુકીશું પ્રેમનો કેડો રે, વ્યભિચારીને શિદ તેડો રે.
પતિવ્રતાનો નિમ છે એવો, રમવો સ્વપતિશું રંગ,
નિત નિત પોઢે પાસે નંદલાલો, શીતલ થાયે મન અંગ;
તેણે પ્રેમે કાળજ કોર્યું રે, કૃષ્ણ સંગ મન જીવન જોડયું રે.
દયાનો પ્યારો કૃષ્ણજી કહાવે, કૃષ્ણની પ્યારી આ દાસી,
રમું રમાડું પ્રેમે પોઢું, જારી કૃષ્ણસું નહિ તો ઉદાસી;
એ વ્યભિચાર નિત કરીયે રે, એથી ભવસાગર તરીયે રે.

XI. The Great Illusionist.

[This fine poem, it is said, was composed by Dayārām upon hearing a beggar woman singing a poem of Akhā.]

વારી જાઉં રે નાગર નટવર, ધરે વિધિ વિધિના વેશ;
કળારૂપ થઇને ક્રીડા કરે, ન્યારો નાયક રૂપી શેષ. વારી.
તારી નટણી માયા જોર છે, કળા કામરૂ દેશની પૂર;
અજીત પર ઉસ્તાદના જોરથી, વશ કીધા પંડિત શૂર. વારી.
બાજીગર, બાજી સંસારની, તેં તો ભલી રચી છે ભાઈ;
મોહન મોરલી વજાડી મોહની, સુણી સહુ ગયા મોહોવાઇ. વારી.
સાચો હીરો મનાવે ઠીકરી, કરે કંકર કંચન મ્હોર;
જાણીતાને પણ છેતરે, સૂઝે નહિ પોતાનો ઠોર. વારી.
ચુટકી નાખે રજની મંતરી, કરે સહુની નજરબંધ;
જાણીતાને પણ ભૂલા પાડે, કરે દેખતાને પણ અંધ. વારી.

CENTRAL LIBRARY

મુખમાંથી કાઢયા ત્રણ તાંતણા, રંગ કાળો, ધોળો ને લાલ;
એને ખેંચતાં પાર આવે નહિ, એ ત્રણેના જૂજવા ખ્યાલ. વારી.
એ ત્રણ રંગના ત્રણ પુરુષ થયા, બ્રાહ્મણ, યોગી ને ગૃહસ્થ;
બ્રાહ્મણ, યોગી બળીયા ઘણા, તેથી ગૃહસ્થનો અધિક દસ્ત. વારી.
પ્હેલાં વિપ્રે રચ્યાં બહુ પૂતળાં, પૂર્યો ગૃહસ્થે મન અભિલાષ;
યોગીએ અગ્નિ કાઢયો આંખથી, સર્વ બાળી કીધું રાખ. વારી.
તારી મરજી જોઈ મતવાલિયા, ફરી કર્યું એવું કામ;
ચુંટકીમાં કર્યું ચટકલું, થયું હતું તેવું તમામ. વારી.
અકળકળા તારી ગોડીયા, રચી વિદ્યા ઈન્દ્રજાળ;
મોહોવાઈ પડયા તે ફંદમાં, સ્ત્રી, વૃદ્ધ, યુવાન ને બાળ વારી.
તારો મંત્ર શિખાવ તું મુજને હું ચેલો તારો થાઉં;
એવી જડીબુટી આપ મુજને, તારી નટણીથી ન મોહોવાઉં. વારી.
શરણે જતાં ભક્તિ જડી દીધી, આપ્યો મંત્ર હરિ નિજ નામ;
એ સેવ્યે માયાથી મોહોવાય ના, એમ કહે દયારામ. વારી.

XII. Moral and Devotional *Padas.*

(૧)

[This poem shows the sturdy independence of Dayārām. He trusted Krishna implicitly and would bow to none for his support]

માગવે તેં માન ઘટે, શોભા સુમરન ઘટે;
આદર સનમાન ઘટે, ઓઢે તબ બાંહી હે.
ભકતનકો લાજે ટેક, કુલકી મરજાદ મિટે;
બડોપનો બધ્યો જાય, મિટે હેત ચાહી હે.
કટુ બેન સેહનો પરે, દીન હોય રેહેનો પરે;
સ્તુતિ બેન કહેનો પરે, કલેશ યાકે માંહી હે.
આપ બિના જાચબો ના, નાથજી નિભાવો નેમ;
દયો કહે માંગે સમ, નીચપનો નાહીં હે.

(૨)

[The story is told that one day the poet was climbing some stairs to an upper room, when he saw, through an open

window of the staircase, an extremely pretty girl on the road with a jar of water poised on her head. So attractive was this picture to the poet that he lost his footing but recovered his balance with some difficulty. The moral of this incident he records here.]

હો માનવા શ્રી હરિ ચરણે રહેજે
અવર ઉપાય નથી કોઈ બીજો, કૃષ્ણ કૃષ્ણ મુખે કહેજે. હો માનવા.
અકળ અવિદ્યાની જાળમાં રે, પડીયા પંડિત શૂર;
જ્ઞાની વૈરાગી જોગી જતી રે, ચાવી કર્યો ચકચૂર. હો માનવા.
સ્ત્રી એજ મોટી મોહિની રે, બીજું સૌ એની હેઠ;
પ્હોંચેલાને પાડે પલકમાં રે, છેલ્લી સીડી લગી ઠેઠ. હો માનવા.
જ્ઞાન વૈરાગ્ય ગોઠે નહિ રે, ન ઉપજે હરિશું હેત;
જાય વિવેક ને વિકળ રહે રે, જ્યારે ચતુરા ચોરે ચેત. હો માનવા.
ઈન્દ્ર, ચંદ્ર, પરાશર આદિ રે, એકલ શૃંગી મુન્ય;
શિવ બ્રહ્માદિક ભૂલ્યા રે, એથી મોટા કોણ અન્ય. હો માનવા.
મન તો ભ્રષ્ટ બધા વિશ્વનું રે, નવ રહેવું સ્ત્રી પાસ;
ધીરાને ચંચળ કરે ક્ષણમાં રે, ઘાલે સત્યા ના શ. હો માનવા.
ચતુરાઈ સહુની ચૂલે પડી રે, કોનું ન ચાલે જોર;
દયા જગતમાં તે જ બચે રે, જેનો કર ગ્રહે નંદકિશોર. હો માનવા.

(૩)

પ્રયાસનું નહિ પ્રમાણ, સુખ હરિ આપ્યું આવે;
સમજે નહિ અજ્ઞાન, માટે તનમન તપાવે. સુખ.
પરમ પ્રયાસ પુંસવ્રત દીતીયે, કર્યું સર્યું નહિ કામ;
શત્રુ તે મિત્ર થયા મઘવાને, વસ્યા દાસ થઈ ધામ. સુખ.
સુધા માટ શ્રમ અસુર કર્યો અતિ, તે પાયું હરિ સૂર;
સહજ મુક્તિ હરિ અસુરને આપે, યોગી દમે દેહ પૂર. સુખ.
પરમ પ્રયત્ન નબળી ઇંદ્રાસન, આપ્યું સહજ સુદામ;
હજુ હનુમાન ફરે પૃથ્વી પર, ગણિકા ગઈ મહાધામ. સુખ.
કીડી કણ સાંચે કષ્ટે, આવે તેતરને ઉપયોગ;
મૂષક પડે શ્રમ મિથ્યા મંદિર, કરી મરે કરે અહિભોગ. સુખ.

CENTRAL LIBRARY

કયું ઉદ્યમ સુખરૂપ થાય ને કયું ઉદ્યમ દુઃખરૂપ;
માટે મન ભ્રમ મટે ન સૌનો, અકલગતિ વ્રજભૂપ. સુખ.
સદા સ્વતંત્ર દયાનો પ્રીતમ, કહેતાં ન બને કાંઈ;
કાઢી કલ્પના રહે ત્યમ રહી, ભજી લે જક્ત ગોસાંઈ. સુખ.

(૪)

મન તે મોહનથી શે નવ મોહ્ય;
તેને કાજે શીદ ચિત્ત ગ્રોય.—મન તે.—ટેક.
જગમનમોહન મદન છે, મદનમોહન કૃષ્ણ;
તે સંગે મન મો'શ તો, પૂરણ થશે સહુ તૃષ્ણ. મન તે.
દ્રવ્ય જોઈ સહુકે દ્રવે, તે દ્રવ્ય જેહનો અંશ;
તે કમળા મોહિત થઈ, સહુ મોહન અવતંશ. મન તે.
નારી નરચિત્ત ચોર છે, નર નારીચિત્ત ચોર;
તે બંધેનું મન હરે, નટવર નંદકિશોર. મન તે.
જેને કશી ન કામના, એવા જોગી જન;
તે મોહિત જેમાં થયા, સોંપ્યું તન મન ધન. મન તે.
જેની રચના જોઇને, મોહ પામે સહુ જન;
કરતામાં કમી શી રહે, દયા વિચારો મન. મન તે.

(૫)

કોણ જનમ્યું એવું જગતમાં, જેને માયા ન વળગી;
કૃપા કરી કૃષ્ણે તારીઆ તેથી, કીધી છે અળગી. ટેક.
નખશિખ લગી ઘણાંને ગળ્યાં, બહુ રહી લપટાઈ;
કેટલાકને લપટી ખસે ખરી, પાછી ભેટે ધાઈ. કોણ.
કેટલાકને ડરપાવે દૂરથી, કોઇને ઢોળી પાડે;
કોઈને હડલે હળવી રહી, કોઇને કર અડકાડે. કોણ.
કોઇ પૂરણ, કોઈ પોણામાં, કોઈ અરધા, કોઈ પામાં;
કયહું આજો, કયહું અંશ, પણ નહિ કોઈ વણ પરશામાં. કોણ.
ચિત્ત હરિમાં ના દે લાગવા, લાગ્યું હોય તો છોડાવે;
કલેશ નિરંતર કાળજે, અવિદ્યા એજ કહાવે. કોણ.
હું તું મારૂં તારૂં જ્યાં રહ્યું, ત્યાં સમજી લેજો માયા;
તે તો નથી એક કૃષ્ણમાં, બીજા જ્યાં કૃષ્ણદાયા. કોણ.

CENTRAL LIBRARY

મોહ પ્રપંચ તો સામટો છૂટે, હરિમાં તે લાગે;
આશા ત્રાસ સહુથી મટે, જ્યારે પ્રભુ બળ જાગે. ઠોણ.
દયા પ્રભુ નિજ બળ દાખવે, જ્યાં સિફારસ સબળી;
તે તે શ્રી વલ્લભદાસને, બીજી સહુ કૃતિ નબળી. ઠોણ.

(૬)

હરિનામથકી, સહુજ સઘ કલ્યાણ દૈવી જન ભાવે;
લબ કઠિન વિના, પ્રાકૃત જનને અલપે શ્રદ્ધા નાવે. ટેક.
કૂપ ખોદે દુષ્ટ જાન્હવી તીરે, ઉપજે ન ભાવ ગંગાની રે;
માંજાર ઉદર ન ભરાય ખીરે, હરિનામથકી.
ઉંટ અતિ પ્રીતે કાંકોળ ચાવે, તેને આમ્રકુંપળી ના ભાવે;
કાઢે પાછી અજાણે ઉદર આવે, હરિનામથકી.
ભલી વસ્તુ અભાગી ન ભોગપડે, પાકે દ્રાક્ષ કાગમુખ રોગ નડે;
તેનું ઉદર ભરાય લીંબોળી વડે, હરિનામથકી.
સાગર મચ્છ સરિતામાં ન ઠરે, વિખનો કીટ સાકર માંહે મરે;
મિસરી જેમ ખરના પ્રાણ હરે, હરિનામથકી.
જવરવાળાને ઘૃત વિષ જેવું, મક્ષિકા તૈલ જાણો તેવું;
બેઉ દીપક જીવન જોઈ લેવું, હરિનામથકી
આસુરી ન રુચે હરિની ભક્તિ, ક્ષુદ્ર દેવ ભજે કર્માસક્તિ;
જ્ઞાની મુનિ યોગી અસુરની ભક્તિ, હરિનામથકી.
ફળ શ્રેષ્ટ નામ હરિ શ્રમ ન કસ્યો, શ્રુતિવશ નિશ્ચય હરિધામ વસ્યો;
વણ કઠિણ વિમુખનો ભાવ ખસ્યો, હરિનામથકી.
કલિમાં કોઈ નામ વિના ન તર્યું, કયમ જે ઉર અચળ અવિદ્યા ભર્યું;
તેવાનું પણ નામથી કામ સર્યું, હરિનામથકી.
સર્વે દાસ વળી કૃતિ પાપ કરે, તદપિ જો નામ મુખ ના વિસરે;
હરિ પરમપદ તે જન ઠરે, હરિનામથકી.
સહજે અતિફળ હરિનામ વિષે, સુણી દૈવીજનનું હૃદય હિસે;
આસુર જન કેવળ કથન દીસે, હરિનામથકી.
બગલા મુક્તાફળ યોગ્ય નથી, મરે મચ્છ માટે નિશિ દિવસ મથી;
ધની ભીલ્લ તદપિ પ્રીતી પીતળથકી, હરિનામથકી.
ઘૃત છતે તેલ તેલી ખાયે, કૃષિવલ કમોદ રૂચિ ના જાયે;
ત્યમ વિમુખ ન હરિ કીર્તન ગાયે, હરિનામથકી.

CENTRAL LIBRARY

સિદ્ધાંત કહ્યાનું એજ કર્યું, નામે દૈવીજનનું કાર્ય સર્યું;
દયાનું મન કૃષ્ણ કૃપાથી હર્યું, હરિનામથકી.

(૭)

શ્રીવલ્લભ ગ્રહ્યો હાથ, તેનો મુને ભારે ભરાસો;
મેળ્યો મુને તાદશી સાથ, તેનો મુને ભારે ભરાસો. તેનો.
પ્રમેય બળવડે પોતાનો કરી, સાંપ્યો ગોવર્ધન નાથ;
સાધન હીન પીન સહુ પાપે, તદપિ ચરણ રજ માથ. તેનો.
ઉભય લોક થઇ ચૂરણ ચિંતા, બળિયું બરદ શ્રુતિ ગાથ;
ખેતી કર્યાનો ખપ ન રહ્યો મને, સિદ્ધ સહજ મહ્યો સાથ. તેનો.
જનની જઠરમાં હાવાં જવું નથી, હરિપદ વસવું જાથ;
મહાપ્રભુ બોલ્યા રોગ ગયો ભવ, વણ ગોળી વણ કવાથ. તેનો.
અનાયાસ મુને પાર પમાડયો, દુસ્તર ભવનિધિ પાથ;
દયા પ્રિતમ શ્રીજી શ્રીમુખ નિજનો, કહ્યો ભરી રતિ બાથ. તેનો.

(૮)

અંતઃકણે પવિત્ર અતિ મારૂં કરો જો,
કરુણા દૃષ્ટિ કરીને શ્રી વ્રજરાય જો;
શદ્દે સંબંધે જે વિધિ શુદ્ધ સલીલની જો,
અતિ ડોહોળાય સમળ તદપિ નવ થાય જો. ટેક.
ચાર સ્વભાવે કરી એ વરતે છે સદા જો;
ચિત્ત મન બુદ્ધિ અહંકાર ચતુરંગ જો;
અનાદિ કાલતણું અપવિત્ર એહ છે જો,
પુનિત સદા રહે હરી નિજ સંગી સંગ જો. અંતઃ૦
શાસ્ત્ર કહે શુભ અશુભ બે વિધી વાસના જો,
તેનું કારણ મહદ કૃપા ને કોપ જો;
દીન થઈ હું મહદ ચરણ શરણે પડયો જો,
અશુભ વાસના કરો કૃપા કરી લોપ જો. અંતઃ૦
કુતર્કે તર્કે સરીખાં દુઃખ અતિ ઘણાં જો,
નાથ નિરંતર કોટિક વિધિ દે કલેશ જો;
હે શ્રીકૃષ્ણ કૃપા કરીને ટાળો તમે જો,
દાસ શરણ છું મુજ ઉપાય નથી લેશ જો. અંતઃ૦

સતસંગતી વણુ ભ્રષ્ટ થાય મન માહેરૂં જો,
દુઃસંગ દુર્મતિ કીર્તન સ્મર્ણે ન થાય જો;
વિષથી વિષમ હરિ દુરીજન તમથી દુર કરો જો,
જન્મો જન્મ અપરમિત વણસી જાય જો. અંતઃ૦
ચિત્ત ચળ્યું મન મેલું બુદ્ધિ બગડી ગઈ જો,
અહંકાર મુજ અવળી રીતે ચાલ્યો જો;
દુઃસ્વભાવ બાધક સરવ સાધક થયાં જો,
કળી કુસ્વાન કરડેથી હડકવા હાલ્યો જો. અંતઃ૦
મન કરી મુક્તિ બંધનમાં જન બોલીયા જો,
સુમતિ વિના સહુ શુભ તણો વિનાશ જો;
નિજ મળવાની મતિ નિજ આપેથી મળે જો,
શુભ પથ પ્રેરક મતિ ઉદ્ધરે નિજ દાસ જો. અંતઃ૦
અચલ અમલ મતિ દોની નિરંતર નાથ જો,
મુજને દાસ લહી નિજ કરુણા સિંધુ જો;
નિજ ઇચ્છા વશ છે કોઇને સ્વાધીન નથી જો,
માનો તો મુજ અર્થે સરે દીનબંધુ જો. અંતઃ૦
અખંડ કલેશ હૃદયમાં વિકલ રહું સદા જો,
સેવા સ્મર્ણે ન થાય મન પ્રસન્ન તમારૂં જો;
દુર્મતિ જનિત કૃતિ મુજ વેષ વગોય છે જો,
શુભ બુદ્ધિ વિણ સદા કર્મે કયાં સારૂં જો. અંતઃ૦
ગાયત્રીમાં પ્રારથના પણ એજ છે જો,
શ્રી હરિપદ સનમુખ રહો બુદ્ધિ મારી જો;
સહુ શુભ ફલ પ્રાપ્તિ છે શુભ બુદ્ધિવડે જો,
તે પ્રાપ્તિ જહાં પૂરણ કૃપા તમારી જો. અંતઃ૦
આપ ઉપેક્ષા દેખી દુષ્ટ દમે ઘણું જો,
નામ સ્મરણ હરિ નથી જણાતું જોર જો;
મોટું કૌતુક કહેતાં કંઈ બનતું નથી જો,
નૃપની ચોકી મધ્યે નિર્ભય ચોર જો. અંતઃ૦
જેવો તેવો પણ મહા પ્રભુ કુલ સોંપીયો જો,
સુખ દુઃખ નથી અજાણ્યું અંતરજામી જો;
બળતું ટાઢું પાડો મારૂં કાળજું જો,
દયા પ્રીતમજી સમર્થ શ્રીજી સ્વામી જો. અંતઃ૦

CENTRAL LIBRARY

(૯)

શોચો શીદ શાણા, ભાવી સર્વેને ભૂલાવે;
જ્ઞાની મૂર્ખે સમાન તદા, સૌ નાચે જેમ નચાવે. શોચો. ટેક.
શિવે ભસ્માસુરને વર આપ્યો, જાણ્યું ના મન મેલું;
ત્રિકાલજ્ઞ અતિ ભય દુઃખ પામ્યા, કેમ ન સમજ્યા પેલું રે. શોચો.
નારદ નૈષ્ઠિક બ્રહ્મચારી, તે સુંદરી વરવા ધાયા;
ગ્લાનિ પામ્યા હરિને શાપ્યા, પાછલ બહુ પસ્તાયા રે. શોચો.
રામ નાટ્ય જોઈ સતિ ભૂલ્યાં, શિવ વચને ટળ્યો ન સંધે;
ગણપતિ દ્વિજ હત્યા થઇ કોટિક, પછી પસ્તાયા બંધે રે. શોચો.
લક્ષ્મણ પ્રત્યે અનુચિત વચન, વદાયું હરિ રુચિ સીતા;
હરિનું કપટ ભાસ્યું હલધર, કેમ સંભવ મતિ વિપરીતા રે. શોચો.
વિધિ પુત્રી પાછળ ધાયા, ગુરુ ભાભી સાથે ભૂલ્યા;
ભીષ્મ ભક્ત ભગવંતશુ ભડીયા, ભવિષ્યે ડાઘા ઝૂલ્યા રે. શોચો.
વિષ્ણુરાત વિવેકી વૈષ્ણવ, ભવિષ્ય ભૂલમાં આવ્યો;
સર્પ હણીને શમીક સાપ્યું, મુનિકંઠે અહિ ભરાવ્યો. શોચો.
વસિષ્ઠ જનક જ્ઞાનીમણિ બન્ને, મુઆ પરસ્પર શાપી;
નાશી ગયું અદ્વૈત ભાન ભવિષ્યે, ત્યાં દુર્મતિ વ્યાપી રે. શોચો.
ભવિષ્ય ક્રોધ ઉપજ્યો સનકાદિક, કુમતિ પારષદ આવી;
વૈકુંઠથી અસંભવ પડવું, ભક્ત અસુર તનુ ભાવી રે. શોચો.
વ્યાસ વદન જનમેજય ભવિષ્ય, સાંભળ્યું ચેતી ચાલ્યો;
ઘણો મથ્યો ભાવી ન મટ્યું, નિદાન હુતવત ઝાલ્યો રે. શોચો.
કોટિક પ્રવિણ કોટિક વિધિના, કોટિક યુક્તિ બનાવી;
મથી મરશો પણ શ્રમજ લાભ છે, નહીંજ મટે કદી ભાવી રે. શોચો.
ભાવી ન ટળે જાણું તદપી, જીવ સ્વભાવ ભમાવે;
અલ્પ વસ્તુને ભમણ સંભવે, હરિ વળગે સ્થિર પાવે રે. શોચો.
કર્મ, કાલ, ગ્રહ, મન, સ્વભાવ, જીવ, ભાવી ભવિષ્ય વખાણે;
એ સર્વેનું કારણ સાધુ, ઈશ્વર ઇચ્છા જાણે રે. શોચો.
વિવેક રાખી પ્રમાણ પંથમાં, ડગલું ભરવું જોઈ;
તદ ઉપરાંત બને તે ભાવિ, ઘેલું કહે નહીં કોઈ રે. શોચો.
વિવેકથી ભાવિ ન મટે પણ, મન પસ્તાવો ભાગે;
દયા પ્રીતમ શ્રીકૃષ્ણ ભજનમાં, ભમણ ટળે મન લાગે રે. શોચો.

CENTRAL LIBRARY

(૧૦)

સીદને તનમન તપો, હરિનું ચિંતામણી છે નામ જપો. ટેક.
અખિલ અમંગલ ભય દુઃખ દુક્તિ, સઘ સંકટ સહુ જાય;
આનંદ મંગળ ઉદય દશો દિશ, વિવશ નામ હરિ ગાય. સીદ.
તુરત ન ફળ જોવામાં આવે, માટે પ્રતિત ન વાસે;
તેનું સમાધાન કહું શ્રુતિવચન, સુણતાં સંદેહ નાસે. સીદ.
સઘ માહાત્મ હરિ નામ બતાવે, પાપ કરે ખલ જાણી;
જપ તપ તીર્થ ધર્મ નેમ વ્રત, સહુ સાધન ફરે પાણી. સીદ.
પાતિક પ્રાયશ્ચિત કો ન કરે, અયોગ્ય મુક્તિ પામે;
કલેશ તાપ રોગ રુજ રહે નહીં, ઉદ્યમ વૈદ્ય વિરામે. સીદ.
સઘ સફલ કહે શાસ્ત્ર સત્ય, પણ બીજું બગડી જાય;
માટે સમજી હરિ બળ ઢાંકયું, દેખી અસુર વહવાય. સીદ.
નિજથી વિમુખ કરાવ્યા અસુર, હરિયે શિવજી પાસે;
વિધિ નામ વિષે પણ સમજે, કીધી છે અવિનાશે. સીદ.
અયોગ્ય સહુ ભક્તિ પામે તે, ખેલ જાય ભવ ભાગી;
માટે ભ્રમ નાંખ્યો ભગવંતે, સમજ્યા હરિ અનુરાગી. સીદ.
સ્વલ્પ માત્ર મુજ ધર્મ હોય તો, મહાભયથી પણ રાખે;
ભગવદ્ગીતા વ્રજપતિ વાણી, તે જૂઠું કેમ ભાખે. સીદ.
સ્પર્શમણી લોહે પેટી મૂકયો, ઇચ્છાંબર આચ્છાદી;
કનક કરતાં તનકવાર નથી, સમજુ સુઓ સુખ ગાદી. સીદ.
અજામેલ ગુણુકા સઘ ફલીયું, કહું એકવાર લગાડે;
સ્વતંત્ર પ્રભુએ સમજી કર્યું, નહીં નિજ જન કામ બગાડે. સીદ.
કહિણ લંબ સાધનમાં પ્રતિત, આસુરી જનને આવે;
સરળ નામ હરિ યોગ્ય નથી તે, દૈવી જનને ભાવે. સીદ.
સુધાયોગ્ય સુર અસુર ઉચિત નહીં, હરિ મોહની છબિ વાયા;
મૂઢા જન્મનિ જનમનિ એ, અક્ષર હરિગીતા ગાયા. સીદ.
નામ વિના સહુ સાધન દીપક, કળી વાયુથી વામે;
કૃષ્ણ નામ અગ્નિ અંગારા, પવને વૃદ્ધિ પામે. સીદ.
માટે તજી ભ્રમ કોટિ કલ્પના, કૃષ્ણનામ રતિ ગાશો;
દયા પ્રીતમ વ્રજપતિ વલ્લભ થઇ, પરમાનંદ પદ જાશો. સીદ.

CENTRAL LIBRARY

(૧૧)

શ્રીજી મોટો અભિલાખ.

આપ પાસે તેડો ઉતાવળી, પિઉજી તમો તેના સાખ. આપ—ટેક.
જીવમતી બટ હોય વટલતી વરજો;
માયા સુખ મોહ જણાવજો ખાખ. આપ.
પાણી ચડી દાસી કીધી, શીઘ્ર તેડો સાસરે;
પામવામાં પ્રતિબંધ હરિને લાખો લાખ. આપ.
ભાગ્યહીન વાયસીનું મુખ પાકયું મટાડજો;
દયા પ્રીતમ પ્રાપ્તી હું ભુકતું પાકી પ્રાખ. આપ.

(૧૨)

કર્મરેખા ટાળી કોઈથી ટળતી નથી,
હરી ટાળે તો ટળે નરતી સારી;
ઇચ્છાબળ આગળ અદષ્ટ અળગું રહે,
ના થવાનું કરે ગિરિવરધારી. કર્મે.
જુવો મલમાસ પામ્યો પુરુષોત્તમપણું,
મુનિ સુદામો વૈભવ ઇંદ્ર પામ્યા;
એ બેના કરમમાં એહેવું કાંહાં લખ્યું હતું;
જોઈ ઉદાહરણ સર્વે વિરામ્યા. કર્મે.
પુત્રી લાંછન બ્રહ્મા ભાગ્યમાં કયાં હતું,
શિવ કર્મે કયાં હતું બ્રહ્મ કપાળ;
જય વિજય કરમમાં અસુર અવતાર કયાં,
ધ્રુવ ભાગ્યમાં પાપ કયાં શિશુ કાલ. કર્મે.
સંચિત ક્રિયમાણ પ્રારબ્ધ નવ સંભવે,
દુઃખ પામ્યા પાંડવ કયે કરમે ?
કયાં હતું ધ્રુવને ધ્રુવપદ જુવો કર્મમાં,
કૌરવ સુખ પામિયા કીયે ધરમે ? કર્મે.
અસુરના કર્મમાં મુક્તિ કયાં લખી હતી,
પ્રહ્લાદને કર્મમાં કયાંહાં દુઃખ મોટું ?
વિદુર દ્વારા કૌરવ મંગલ મિથ્યા કર્યું,
કુરુક્ષેત્ર સુભટે કર્યું આપુર ખોટું. કર્મે.

કર્મે સાચું ખરૂં, હરિવિમુખ જીવને,
હરિસુમુખ સુખ દુઃખ હરિના કરમાં;
નિજ ભક્તનું અહિત દયા પ્રભુ થાયનાં,
થાય એ વાત નહીં હરિના ઘરમાં. કર્મે.

(૧૩)

નંદનંદન પ્રકટ સ્વામિ સમજ્યા વિના,
બ્રહ્મ નિજ માને સુખ શું વિચારો;
નિરખી નિજ રૂપ જેમ હરખે કોઈ કામની,
તેને સુખ કેવું હોય મનમાં ધારો. નંદ.
સજળ ઘન સમજે આનંદ શો સૃષ્ટિને,
અન્ન ઉપજે નહીં વિના વૃષ્ટિ;
એમ અંતરયામી ઓળખે શું સર્યું,
પ્રકટ અનુભવ વિના સુખ શું દૃષ્ટિ. નંદ.
નાગ સ્ફુટ નીંદિયે રાફડો પૂજીએ,
પ્રસન્ન થઈ ફલ કહો કોણ આપે;
રાય રૂઠી રાણી જગમાં પૂજાય પણ,
કાંત વણ કામ દુઃખ કોણ કાપે. નંદ.
ઘૃત વિના માંખણે મોદિક ચોલાય નહીં,
પૂરવા દીપ નવ કામ લાગે;
પુત્ર પ્રગટ્યા વિના વંશ વૃદ્ધિ ક્યાંહાં,
ઉદર ગર્ભે ન વંઝત્વ ભાગે. નંદ.
ધ્યાન ભોજન કરે ભૂખ ભાગે નહીં,
કાષ્ટ ચાંપે તૂલ ન લાહે લાગે;
સૂર્યે વ્રતવાળાં દિન દેખી જમતાં નથી;
અભેદ ચકોર ચિત્ત સુખ ના જાગે. નંદ.
ગોલા રાણાં, નામ ભાટનું રાયજી,
નાપિક પારેખ, ધંતુર કનક કહાવે;
આકડો સૂર્યે, જેમ બકરાને અજ કહે,
બ્રહ્મપણું જીવ તેવું શોભાવે. નંદ.
બ્રહ્મથી ઉપજ્યો પણ બ્રહ્મ થાયે ન જીવ,
મુક્તાફલ જલ કદાપી ન થાય;

વસ્ત્ર પાછું કપાસ ન કોટિ પ્રયત્ને,
ઉલટી વહી નદી મૂલમાં ન જાય. નંદ.
સનકાદિક બ્રહ્મમાં ભળી પાછા નિકળ્યા,
વ્રજવાહી નિકળ્યાં પ્રેમ પીવા;
ઉદ્ધવ શુકદેવ શિવ ભજનાનંદ ભોગિયા,
બ્રહ્માનંદ ત્યાગ્યો ઉતરેલો જીવા. નંદ.
અસુરને મુક્તિ તેમ જ્ઞાની વિરાગી મુનિ,
આપી લેતા નથી સેવક સાચા;
સ્વરૂપાનંદ સ્નેહ સુખ મોક્ષમાં ના મળે,
કહે દયો માગે બુદ્ધિના કાચા. નંદ.

(૧૪)

સાંભળીએ સહુ સજ્જન કહું, એક શીખામણ ખાસી;
હેજી હે એક૦ એક શિખામણ ખાસી રે, જેથી ચિત્તચિંતા જાય નાસી. ટેક.

પુરુષ સકલ હરિદાસ થજો, સ્ત્રી સર્વે થજો દાસી;
હેજી હે સ્ત્રી૦ સ્ત્રી સર્વે થજો દાસી રે, થાય નહીં જગમાં જેમ હાંસી.
મદ પાખંડ થકી અલગાં રહી, સતસંગે વાસી;
હેજી હે સત૦ સતસંગે વાસી રે, દુષ્ટ અહી લહી રેહેવું ત્રાસી.
સત્ય મને શ્રી કૃષ્ણ સેવજો, થઇ દૃઢ વિશ્વાસી;
હેજી હે થઇ૦ થઈ દૃઢ વિશ્વાસી રે, પ્રભૂના અનન્ય ઉપાસી.
સર્વે વસ્તુ હરિને અરપી થવું, હરિ સુખ અભિલાષી;
હેજી હે હરિ૦ હરિ સુખ અભિલાષી રે, ભલું કરશે સહુ અવિનાશી. સાંભ.

કહેશો દૃઢ વિશ્વાસ રહે કેમ, છઉં અમો સંસારી;
હેજી હે છઉં૦ છઉં અમો સંસારી રે, મન ભટકણના અધિકારી.
તો પ્રતિતિ આવ્યાની વિધિ સુણો, હું કહું વિસ્તારી;
હેજી હે હું૦ હું કહું વિસ્તારી રે, યુગતી અંતર દઉં ઉતારી.
અસન વસન ચિંતા સૌને પણ, વૈષ્ણવ ના ધરશો;
હેજી હે વૈ૦ વૈષ્ણવ ના ધરશે રે, ભજન ભૂલી ના અવર કરશો.
તુરત પરીક્ષા કરે કૃષ્ણ કહી, મન ભય મા આણો;
હેજી હે મન૦ મન ભય મા આણો રે, હાડ નહીં જાય હરી જાણો. સાંભ.

CENTRAL LIBRARY

દયારામ.

વિશ્વંભર પ્રભુ બરદ સદા, કેમ દાસ જશે ભૂલી;
હેજી હે કેમ૦ કેમ દાસ જશે ભૂલી રે, ભરોંસો રાખો પ્રરો ફૂલી.
અજગર શો ઉદ્યમ સાધે, વિશ્વાસે દિન કાપે;
હેજી હે વિશ્વાસે૦ વિશ્વાસે દિન કાપે રે, અહાર હરિ તેને પણ આપે.
શક્કરખોર સિંધુ મધ્ય રહે તેને, નિત્ય સાકર ખાવી;
હેજી હે નિત્ય૦ નિત્ય સાકર ખાવી રે, વિચારો ત્યાં કયાંથી આવી.
ગિરિશેખરે દ્રુમ રહે નવપલ્લવ, કોણ સલિલ સીંચે;
હેજી હે કોણ૦ કોણ સલિલ સીંચે રે, સુકે વાટિકા વૃક્ષ નીચે. સાંભ.

ઉદ્યમ કરતાં આજ આવડયો, ડાહાપણ મન વ્યાપ્યું;
હેજી હે ડહાપણ૦ ડહાપણ મન વ્યાપ્યું રે, પ્રગટતાં પય કોણે આપ્યું.
કર ઉદ્યમ કલ્પના ટાળવા, હરિ માથે રાખી;
હેજી હે હરિ૦ હરિ માથે રાખી રે, મૂકી મન ગર્વ થવું સાખી.
વણ ભોગે પ્રારબ્ધ દેહ છૂટે, એમ કોણ કહેશે;
હેજી હે એમ૦ એમ કોણ કહેશે રે, દેહ કેમ અહાર વિના રહેશે.
એમ શૃંખલા અનુસંધાને, મુકી પ્રભુ ભરવી;
હેજી હે મુકી૦ મુકી પ્રભુ ભરવી રે, ફિકર કયાં રહી તારે કરવી. સાંભ.

શૂન્ય ભાગ્ય પણ સુફલ થાશે, હરિ ભજ દઢતા રાખી;
હેજી હે હરિ૦ હરિ ભજ દઢતા રાખી રે, સુદામો એ વાતે સાખી.
અયોગમાં પણ મેલે યોગ, વિશ્વાસે ગિરિધારી;
હેજી હે વિશ્વાસે૦ વિશ્વાસે ગિરિધારી રે, અનાવૃષ્ટી ચાતકવારી.
સાચું હોય તે પણ થાય જૂઠું, આપણી અપ્રતીતે;
હેજી હે આપણી૦ આપણી અપ્રતીતે રે, કર્યું બ્રહ્માસ્ત્ર ઇંદ્રજીતે.
અણવિશ્વાસે ઉત્તમ ગુણ, ઔષધ પણ નવ આપે;
હેજી હે ઔષધ૦ ઔષધ પણ નવ આપે રે, નવ ગ્રંથ જૂઠું આલાપે. સાંભ.

કોઈ એક ઠારે લાભ થાય પણ, પ્રભુ પ્રેરક ધારો;
હેજી હે પ્રભુ૦ પ્રભુ પ્રેરક ધારો રે, એને કર દોરી સંચારો.
હાની ઉદ્યમે, સહજ પ્રાપ્તી પડે, હરિ સત્તા કહેવી;
હેજી હે હરિ૦ હરિ સત્તા કહેવી રે, વ્યર્થ શીદ હુંપદ ગ્રંથી વહેવી.
આ દૃષ્ટાંત વિચારી સમજી, લાવણી જે ગાશે;
હેજી હે લાવણી૦ લાવણી જે ગાશે રે, પરમ સુખ તેને મન થાશે.

CENTRAL LIBRARY

દાસ દયાના પ્રીતમ ભજતાં, નહીં કાંઈ રહે ખામી;
હેજી હે નહીં૦ નહીં કાંઈ રહે ખામી રે, અજાણ્યા નથી અંતરજામી. સાંભ.

(૧૫)

હરિ હિત કરતાં કહી પાપ, તે પણ ધર્મરૂપ નિશ્ચે જાણો
જેમાં ઇશ અનાદર થાય, ધર્મ કરે તોએ પાપજ પરમાણો. ટેક.
હાર્યો વચન વસુદેવ કંસથી, આપીશું સહુ બાળ;
કર્યો અધર્મ પણ ધર્મ ઠર્યો, વ્રજ પધરાવ્યા ગોપાળ. તે પણ.
નિજ વાયક પાળ્યું નૃપ દશરથ, થયો અનાદર રામ;
દયાનિધિ હરિ માટે સ્વર્ગે પણ, પુરી જન સર્વ સ્વધામ. તે પણ.
અર્જુન અપાપ ગુરૂ દ્વિજને હણ્યા, રુચિ કરી પંકજનયન;
ક્ષત્રિધર્મ સાધ્યો પ્રભુ પીડયા, ભીષ્મ પડયા શરશયન. તે પણ.
ઋષિપત્ની પતિવચન ઉલ્લંઘીયું, પ્રભુ પોંખ્યા ઠર્યો ધર્મ;
યજ્ઞ વિધિ સાધી પ્રભુ દુભવ્યા, તે મુનિ ઠર્યું કુકર્મ. તે પણ.
ગુરુ ઉલ્લંગી બલિ હરિ સંતોષ્યા, પાપ થઈ ગયું પુણ્ય;
ધર્મ શિષ્ય હિત હરિ અમાન્યથી, અધર્મ ઉશના મુન્ય. તે પણ.
પરમ ધર્મ તે તેજ જાણવા, પ્રભુ પ્રસન્ન જે વાત;
દયા દયાનિધિ શ્રીમુખ કહ્યું છે, તે વરણ્યું મેં ખ્યાત. તે પણ.

(૧૬)

મોટોટાનું વચન સુખધામ, કૃતી રીતે કરિયે;
તે કરે ચાહાય તે કામ, આપણ તો મરિયે. મોટા.—ટેક.
પરનારી ક્રીડા કરી કૃષ્ણે, તે તો આપણે થાય રે;
ઉર્ધરેત અગની પીવો, ગોવરધન કેમ ધરાય. કૃતી.
શિવ અર્ધાંગે ઉમિયા રાખે, પણ આપણને બીહિવું રે;
ત્યમ કરિયે જે કામ બાળિયે, બણે હળહળ પીવું. કૃતી.
રુધિર માંસને ભોગે ભવાની, આપણ હઠિયે ત્યાંથી રે;
સિંહ ચઢી દાનવ દળવા એ, કાઢિયે તે બળ ક્યાં ત્યાંથી. કૃતી.
ખરૂં ખોટું પણ પુત્રી લાંછન, બ્રહ્માને કહેવાય રે;
તે જોઈ ત્યમ કરિયે, પણ આ સૃષ્ટિ કેમ રચાય. કૃતી.
ચંદ્ર ઇંદ્ર ગુરુપત્ની રમિયા, ત્યમ કરવું તો સુલભ રે;
અંડ પ્રકાશ અમી વૃષ્ટી, નગ પાંખ્યો છેદન દુર્લભ. કૃતી.

અગ્નિ ભક્ષણ સર્વ કરે પણ, કોઇ કહે નહિ મેલો રે;
તે જોઇને તું તેમ કરીશ તો, સરવે કહેશે ઘેલો. કૃતી.
કલેશ પ્રિય નારદને છે જોઈ, રખે તું ઘેલાં કહાડે રે;
તેહેનો સંગ ભવ ભય ભંજન ને, ત્હારો સંગ ભવ પાડે. કૃતી.
અસુર પ્રતિગ્રહ સુરાપાન, શુક્રાચાર્યે નવ જોશો રે;
દિવ્ય દૂતી મૃતસંજીવન, વિદ્યાવેળા પછિ રોશો. કૃતી.
ગંગા મધ્યે મુનિ પારાશર, ધીમર કન્યા ભોગી રે;
વ્યાસ પ્રગટ મછગંધા, મૃગ મદગંધા કરિ એ યોગી. કૃતી.
કુંતા કૃષ્ણા પંચપતી પણ, સતી શિરોમણી કહાવે રે;
તેહેનું જોઈ સ્ત્રી અન્ય કરે તો, નિશ્ચે નર્કમાં આવે. કૃતી.
શંકર સ્વામીનું જોઈ શિષ્યે, સ્વપચના ટુકડા ખાધા રે;
સીસું નવ પીવાયું સંગે, થયા બહિર્મુખ બાધા. કૃતી.
પુત્રી તણી બે પુત્રી કશ્યપ, થઇને પિતામહ વરિયા રે;
તેહેનો દોષ આપણે ન જોવો, તે ઘર હરિ અવતરિયા. કૃતી.
જવની રાખી જગન્નાથ પંડિત, તે તો સહજ બની આવે રે;
બાવન સીઢી ગંગા ચઢાવી, તે તો વેવલાં વિણાવે. કૃતી.
મેહેતે અનામિકને ઘેર ઓચ્છવ, કીધો તે નવ જોઇયે રે;
હરિયે હાર મેહેતાને આપ્યો, તે વેળા પત ખોઇયે. કૃતી.
માટે પ્રમાણ વાટે ચાલવું, ભજવા ગિરવરધારી રે;
મ્હોટાની ગતિ મ્હોટા જાણે, દયા દીનતા સારી. કૃતી.

(૧૭)

જીવ જાણી લે, જાર પ્રીત જુગદીશ વિના નવ સારી;
મન માની લે, પુછી જો અનુભવિ હોય જે નર નારી.—ટેક.
એમાં ડાહ્યા ઘેલા થઈ જાયે, વણ તેડયા તે પૂઠળ ધાયે;
ના ગણે જગમાં હાંસી થાયે. જીવ જાણી લે.
તેની લજ્જા સ્વધર્મ સહુ જાયે, તે નફફટ નિર્લજ કહેવાયે;
શું કરે મનમાં બહુ દુઃખ થાયે. જીવ જાણી લે.
જે પાંચ લોકમાં પંકાયે, જેનું બુદ્ધિબળ કહ્યું નવ જાયે;
તે પણ સ્નેહીને વશ થાયે. જીવ જાણી લે.
ત્હેનું વિકળ ચિત્ત સહુથી થાયે, તેહને વિચારમાં વાહાણાં વાયે;
તે કલેશ કોઇને ના કેહેવાયે. જીવ જાણી લે.

થઈ જાય તેજ યશની હાના, તેની નિંદા કરે સહુ મનમાની;
તોયે ન છૂટે પામે ગ્લાની. જીવ જાણી લે.
તેહેને ભોજન ના ભાવે ભાણે, તેહેની મનપીડા કોઈ ના જાણે;
તેહેના સર્વકોઈ અવગુણ આણે. જીવ જાણી લે.
કોઈ શિક્ષા દે તે શર લાગે, વિખવેણ અમૃત સ્નેહનાં લાગે;
તે જાણે તેને અનુભવ જાગે. જીવ જાણી લે
એવો પ્રેમ જેને પ્રભુશું લાગે, તેહનાં સરવે દુઃખ સેહેજે ભાગે;
દયો કરગરી કૃષ્ણ પાસે માગે. જીવ જાણી લે.

(૧૮)

હરિ હું શું કરૂં રે, મારો માયા ન મુકે કેડો.—ટેક.
કોટી કલ્પ સુધી એણે ભમાવ્યો, ભમું હજુ નહિ છેડો;
મુજથી ન છુટે ન આપ છોડાવો, મારો કીયે કાળ નવેડો. હરિ.
સેવા સમરણ કામ કરૂં, મારો ક્ષણ એ ન છાંડે હેડો;
શું ગજું મારૂં એ અવિદ્યા જીતી, કરૂં ચરણ કમળે નેડો. હરિ.
આપ વિના એના સહુ ચેલા, કોને કહું દુઃખ કેડો;
દાસી તમારી જાય ગ્રેરો ત્યાં, પાછી ફરે જ્યારે તેડો. હરિ.
કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ, ચરણ પડયો ન ખસેડો;
માયાકાળ અગ્નિથી બચે દયો, કૃષ્ણ કૃપાજળ રેડો. હરિ.

(૧૯)

હરિ જેવો તેવો હું દાસ તમારો, કરુણાસિંધુ ગ્રહો કર મારો. હરિ.
સાંકડાના સાથી સામળિયા, છો બગડયાના બેલી;
શરણ પડયો ખળ અમિત કુકરમી, તદપી ન મૂકો ઠેલી. હરિ.
નિજ જન જુઠાની જાતી લજયા, રાખો છો શ્રી રણછોડ;
શૂન્ય ભાગ્યને સફળ કરો છો, પૂરો બરદ ખળ કોડ. હરિ.
અવળનું સવળ કરો સુંદર વર, જ્યારે જન જાય હારી;
અયોગ્ય યોગ્ય પતિત કરો પાવન, પ્રભુ દુઃખ દુષ્કૃત હારી. હરિ.
વિનતિ વિના રક્ષક નિજ જનના, દોષ તણા ગુણ માનો;
સ્મરણ કરતાં સંકટ ટાળો, ગણો ન મોટો નાનો. હરિ.
વિકળ પરાધિન પીડા પ્રજાળો, અંતરનું દુઃખ જાણો;
આરત બંધુ સહિષ્ણુ અભયકર, અવગુણ ઉર નવ આણો. હરિ.

CENTRAL LIBRARY

સરવેશ્વર સર્વાત્મા સ્વતંત્ર, દયા પ્રીતમ ગિરિધારી;
શરણાગત વત્સલ શ્રીજી, મારે મોટી છે આથ તમારી. હરિ.

(૨૦)

સાંભળ શિક્ષા તું મન મારી, સાચિ કહું એક વાત;
મનુષ્યા દેહ દુર્લભ ભજ હરિને, જ્યાંલગિ તન કુશળાત.
સમો ગયે પસ્તાઇશ પાર કર્યાં, ચોર્યાંસી અથડાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

ખર અવતાર થશે હરિ ભૂલ્યે, પીઠ લાદશે તારી;
ભૂખ્યો તરસ્યો કોઈ નહિ પૂછે, શીત વર્યાં તપ ભારી.
પાછળ માર ધડાધડ પડશે, કાંઈ એક મંદ ચલાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

શ્વાન થઇશ ભગવાનને ભૂલ્યે, હંકાઈશ ઘેર ઘેર;
મળ મૂત્રાદિક ખાનપાન બહુ, કષ્ટ સહિશ શી પેરે.
કહ્યું નહીં આ જન્મ જશે એમ, લાત લાકડી ખાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

ઘણું ગંદું તન વિટ વરાહનું, હરિ ભજે તો થાશે;
મૂત્ર પરીષની હાર વાસ ત્યાં, તને અડી સહુ નાસે;
નાસે દીઠે જ્ઞાની ભૂંડા, જ્યાં ત્યાં ફરે મરાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

કૃષ્ણ કીર્તનમાં આળસ આણે, અજ કુકિટ પડે થાવું;
વણ વાંકે પાળે ને વેચે, કસાઈ કરમાં જાવું.
અકાળ મૃત્યુ શસ્ત્રમાર પીડા, અતિશે કંઠ કપાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

હરિ ન ભજે ઇત્યાદિ અધમનો, ગણતાં ન આવે પાર;
નરકકુંડની અખંડ આંચનો, કેમ કરે ઉચ્ચાર.
કેશવ વણ કોઈ શકે ન છોડવી, જમકિંકર લઈ જાતાં;
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

દયા પ્રીતમ વિષે રહ્યું ઊંધ્યું, ને ચેત હજુ તો ચેતાય;
વિષય સુખ સહુ યોનિમાં ત્યાં, કૃષ્ણ ભજન નહિ થાય.

CENTRAL LIBRARY

આ અવસરમાં લે સમરી, પછિ પાર નથી પસ્તાતાં
તે કરતાં શું દુઃખ ઘણું છે, ઘરમાં ગોવિંદ ગાતાં.

(૨૧)

વરિયે તો સામળિયો વરિયે, વરિયે તો પાતળિયો;
વરિયે તો છબીલો વરિયે રે, ચતુરવર.
સંસારીનું સગપણ કાચું, પરણીને રડાવું પાછું;
એને ઘેર તે પાણી શીદ ભરિયે રે, ચતુરવર.
સંસાર તો સરવે જૂઠો, શું થાશે રૂઠો કે તુઠો;
તેહને તુચ્છ જાણી કરિયે રે, ચતુરવર.
જેહને પરણે દુઃખ જાય, અખંડ હેવાતણ થાય,
તેની સાથે પ્રીત કરાય રે, ચતુરવર.
સંસાર તો સરવે ખોટો, પાણી માંહેનો પરપોટો
ફુટી જાશે નાહાનો મોટો રે, ચતુરવર.
દયા પ્રીતમ કેરો વાહાલો, નાગર નંદલાલો;
તેહેનો સાહ્યો કરી મ્હાલો રે, ચતુરવર.

(૨૨)

કૃષ્ણ કેહેતાં શું બેસે નાણું, મુરખ તને કૃષ્ણ કેહેતાં શું બેસે નાણું—ટેક.
મિથ્યા લવરી કરે મનગમતી, નહીં તેનું ઠામ ને ઠેકાણું. મુરખ.
દામનું કામ નહીં પરિશ્રમ, ગાતાં ગોવિંદ ગુણ ગાણું. મુરખ.
કિંચિત શ્રમ ને લાભ ઘણેરો, નહિ કોઇ એહ સમાણું. મુરખ.
ખાતો ન હોય તો નબળો કહું તુંને, જોઇએ ખરેરનું ભાણું. મુરખ.
હરિ ભજતાં તુંને આળસ આવે, ભવ ભટકળ નિશ વાહાણું. મુરખ.
કો દહાડો તુંને કોલીન થવું ને, કૃષ્ણ કિરતન મુખ આણું. મુરખ.
પ્રભુ સમરણ વિના ભવ ન તરાયે, હું નિશ્ચે કરીને જાણું. મુરખ.
જન દયો કેહે હરિ ભજ મન માહારા, ફરી નહિ મળે આ ટાણું. મુરખ.

(૨૩)

જેને સહાય શ્રી કૃષ્ણની, તે તો સુખમાં મ્હાલે;
વૈર પડે બાધા વિશ્વશું, કોઈનું કાંઈ ન ચાલે. જેને.

CENTRAL LIBRARY

દોષના ગુણ માને હરી, જેહને કીધો પોતાનો,
વ્હાલથી વાંક વસે નહીં, એ સ્વભાવજ માનો. જેને.
અવળું તે સહુ અવળું ઠરે, માધવની મેહેરે;
ભક્ત ગણે લક્ષણ વિના, પાંડવની પેરે. જેને.
કૃષ્ણ કૃપા થઈ તે થઈ, ફરી જાય ન ફીટી;
ભાંતી પટોળ રંગ ચોળની, જયમ કરતલ લીટી. જેને.
નિજ જનમતી હરી હાથમાં, ગમતું હોય તે કરાવે;
જંત્રની જુગતી જંત્રીનીજ છે, દોષ શી પેરે લાવે. જેને.
સહુ વાતે સમર્થ હરિ, વાણી વેદે અલાપી;
તદપિ અહિત નિજ ભક્તનું, હરિથી થાય ન કદાપિ. જેને.
સત્ય સંકલ્પ શ્રીપતિ રે, સદા સત્ય છે વાણી;
તદપિ અગાધ ગતિ અકળ, કોથી જાય ન જાણી. જેને.
કૃષ્ણ કૃપા ઘણી દેખીને, જનને છાકી ન જાવું;
દયા દીનતા મુકતાં, પડે ગોથું રે ખાવું. જેને.

(૨૪)

શ્રી દ્વારિકાધીશ છો શીશ મ્હારે ધણી,
ઈશ નહીં અવર વણ વિશ્વનાથ;
શ્રી ગિરિધરણ તવ ચરણને શરણ છું,
જન્મ ને મરણ હરિ ગ્રહેજો હાથ. શ્રી.
પાપ અણુમાપ ત્રયતાપ સંતાપ સૌ,
કાપવા બાપ છે નામ તાહારૂં;
સર્વે સાધન રાજન અભિધન તવ,
અન્ય પ્રસન્ન નહિ મન માહારૂં. શ્રી.
દામ ને ધામ તન વામ શું કામનું,
કામ વિશ્રામ નહીં શ્યામ પાખી;
ત્હારે: હું દાસ અવિનાશ તુજ પાસ રહું,
વાસ વૈકુંઠનો છું અભિલાખી. શ્રી.
અચળ તવ ભક્તિ રસયુક્તિ સતસંગ દો,
જગતથી દુર આસક્તિ માહારી;
નિધિ દયા ધરી દયા જન દયા પર દયા,
કર છઉં ત્હારો ગિરિવરધારી. શ્રી.

CENTRAL LIBRARY

(૨૫)

કહો કઈ પેરે કહિયે પ્રભુ કાયર કે બળિયા રે.—ટેક.
નિડર હો તો કાંત કયમ થાઓ કંસ દાસી રે;
દયાળુ તો કયમ તરસાવ્યાં વ્રજવાસી રે. કહો.
બ્રહ્મચારી હો તો કયમ કહાવો ગોપી કંથ રે;
કામી હો તો કાલિંદી ના આપે સ્ત્રીને પંથ રે. કહો.
નાગપાશે બંધાયા ને લીલા નાથ્યો કાળી રે;
તમને ના કહેવાય કાંઈ નમીયે વાળી વાળી રે. કહો.
કાળને કંપાવો કૃષ્ણ ભયંકર એહેવા રે;
કામને લજાવે રૂપ કહોની કહિયે કેહેવા રે. કહો.
જુઠાં કેહેતાં દોષ લાગે વેદ અવળીને રે;
સાચા છો તો બાંધ્યો કેમ બિચારા બળિને રે. કહો.
શાંત શા નૃસિંહ રૂપ ક્રોધના ભંડાર રે;
ક્રોધી હો તો સહ્યો કેમ ભૃગુપદપ્રહાર રે. કહો.
સઘળું તમોમાં છે ને કશું પણ છે નહિ રે;
એથી પણ અગ્ર કહું પર છો એ બેની રે. કહો.
કોઇની મનવાણી નવ પોંહોંચે, અનિર્વાચી દેવા રે;
નિશ્ચે ના બોલાય કાંઈ આહવા છો કે તેહવા રે. કહો.
જેવા છો તેવા છો માહારા સ્વામી આપો સેવા રે;
દાસ દયો નિજનો જાણો કાંઈ નથી લેવા દેવા રે. કહો.

(૨૬)

કાંઈ નથી જોતા કૃષ્ણા કૃપા જ્યાંહાં કરો છો રે;
કુડિ કૃતિ તેહેની સહુ રૂડી માની લો છો રે. કાંઇ—ટેક.
પાંડુ સુતે વેદથી વિરૂદ્ધ કર્યાં કર્મ રે;
તમારી પ્રસન્નતાએ કર્યાં તે સુધર્મ રે. કાંઇ.
વાલિ માર્યો બંધુ સમંધને પાપે રે;
તેજ કીધું વિભીષણ સુગ્રીવે જોયું આપે રે. કાંઈ.
કહો શું ચુકી સુર્પનખા નાક તેહેનું કાપ્યું રે;
સાધન શું કુબજા કીધું, પતિ સુખ આપ્યું રે. કાંઈ.
સેહેજે અરધે નામે ગુણુકા વૈકુંઠ પમાડી રે;
સંત બીજા પડયા રહ્યા રટતા નામ દહાડી રે. કાંઈ.

નહિ તેહેનું નહીં, ભાવ્યું તેહેનું સરવે ભાવ્યું રે;
વાંક શો હમારો પ્રભુ તમથી ચાહ્યું આવ્યું રે. કાંઈ.
એહવી દયા દયા ઉપર, કયારે કરશો હરિજી રે;
કરૂણાના સમુદ્ર મારા પ્રાણપતિ શ્રીજી રે. કાંઈ.

(૨૭)

હરિ મારૂં અંતર શુદ્ધ કરો રે, હરિ મ્હારી નિર્મળ બુદ્ધ કરો રે —ટેક.
હરિ મુને પ્રપંચ વિસરાવો રે, મુજમન નિજ છબી લોભાવો રે. હરિ.
હરિ હું ભાવું એહવો કરો રે, હરિ મ્હારા તનમન તાપ સમાવો રે. હરિ.
હરિ મ્હારી દુરમતિ દુર કરો રે, અંતર ભક્તિભાવ ધરો રે. હરિ.
હરિ નિજની લીલા દરશાવો રે, નિશદિન સતસંગતિ ભાવો રે. હરિ.
હરિ માહારૂં ચિત ચરણે રાખો રે, દયો તમારો શ્રીમુખે ભાખો રે. હરિ

(૨૮)

મિથ્યા શીદને માથાકુટ માંડી, શ્રીકૃષ્ણ શેં ના ભજે;
ત્હારા મનથકી દેને સર્વે છાંડી, તો ત્હારૂં કામ નીપજે. ટેક.
તું કહિશ કે મ્હારે હાથે ધન મેળવી,
માહરી કામનાઓ કયમ પુરી થાશે;
તે તો મનુષ્ય આપોઆપ મજૂર,
તો ઇશ્વર કયમ ભુલી જાશે. શ્રી.
તું કહિશ કે ધંધા વિના ધન કયમ મેળવું,
ધન વિના ઘર કેમ ચાલે;
તે તો આયુષ્ય સુધી પોંહોચાડે પ્રારબ્ધ,
મિથ્યા હુંપદમાં માહાલે રે. શ્રી.
તું કહિશ કે નિવૃત્તિ આગળ ઘડી ન બેસાય,
માહારી દેહી થાકે છેક માતા;
તું હસ્ત ચરણ તું કરની કારજ,
વદને વિકલ ગાતાં રે. શ્રી.
વિશ્વંભર બધી વિશ્વનું પૂરતો,
ખાન પાન અંબર જો વિચારી;
તે પ્રભુથી તું કેમ રહે છે અળગો,
તો ખબર ન લે તાહારી રે. શ્રી.

CENTRAL LIBRARY

તોહે તાહારૂં મન ન માને તો,
ચારે પોહોર કમાની;
ત્રણ પોહોર નિદ્રા કર નિશ્રે,
એક જામ હરિગુણ ગાની રે. શ્રી.
જે જે વાતના ખાંચા તેં કહાડયા,
તે તે માગે બતાવ્યા;
કેશવ કિર્તન ને ભક્તિ ન ભાવે,
તો અઠ્ઠાવીશ તાહારે ભાગ્યે આવ્યા રે. શ્રી.
દામ ન લાગે હાડ ન ભાંગે,
ગાતાં ગોવિંદ ગોપાળા;
પણ દયો કેહે જેને ભક્તિ ન ભાવી,
તેહેને લલાટે લખિયા છે કાળા રે. શ્રી.

(૨૯)

માહારો કર ગ્રહો કેશવરાય રે, માયાદળથી મુકાવો;
શરણાગત વત્સલતણું રે, બદે પાળો માહારો દાવો. ટેક.
હૈયાની હોળી કોને કહીયે રે, કહો તોહે કામ શું થાય;
આપ તો અંતરજામી છો, હરિ મહા સમર્થ સુખદાય. માયા.
કેહેતાં કાંઈ બનતું નથી રે, ઘણી ગુંચવણી ને દુઃખ;
જેને સોંપ્યો તેને કહાં નથી, કર ઝાલો તો સઘળું સુખ. માયા.
કષ્ટ પામીને કાયર થયો રે, નથી માહારે એકુ ઉપાય;
કાન ધરો તો કહું તો ભૂલું નહિં તો, માહારૂં સઘળ વૃતરાય. માયા.
કશા યોગ્ય હું છું નહિં રે, જેહવો તેહવો તમ દાસ;
અકળાયો છું અવિદ્યા દુઃખે, માથે કાળનો મોટો ત્રાસ. માયા.
પ્રસન્ન થાઓ તમો એહવી રે, કાંઇ નથી મારી પાસે વસ્ત;
નિજ બળથી નિજનો કરો તો, અખિલ કષ્ટ હોય અસ્ત. માયા.
કરગરૂં કામ આવ્યું કશું રે, ઉત્તર ન આપને મન;
પણ વિચારોને હું કહોને કહું, તમ પાખે માહારે કો છે અન્ય. માયા.
દયાના પ્રીતમ દીનાનાથજી રે, માહારી સામું જુવો એકવાર;
દાન નિજાનંદ કરો પાયો, પ્રેમરસ પ્રાણ આધાર, માયા.

CENTRAL LIBRARY

(૩૦)

ચિત્ત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે. ટેક.
સ્થાવર જંગમ જડ ચેતનમાં, માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રીકૃષ્ણ ચંદ્રનું, જન્મ મરણ જાય હરે. કૃષ્ણને.
નવ માસ પ્રાણી કૃષ્ણ ચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લક્ષ ચોરાશી ફરે. કૃષ્ણને.
તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે,
ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને.
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે. કૃષ્ણને.
થનાર વસ્તુ થયાં કરે જયમ, કૃષ્ણ કૂળ પાણી ભરે;
જનાર વસ્તુ એણિ પેરે જાશે, જયમ ગજ કોહું ગરે. કૃષ્ણને.
જેહવું જેટલું જે જયમ કાળે, તે તેહને કર ઠરે;
એહમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુટાઇ તું મરે. કૃષ્ણને.
ત્હારે ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપપણું અજ્ઞાન કૂળ એ, મૂળ વિચારે ખરે. કૃષ્ણને.
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોંસો રાધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણને.

(૩૧)

નિશ્ચેના મેહેલમાં વસે મારો વાલમો રે, વસે વ્રજલાડીલો રે;
જે રે જાએ તે જાંખી પામેજી રે;
ભુલા ભમે તે બીજા સદનમાં શોધે રે,
હરિ ના મળે એક ઠામે રે. નિ.
સતસંગ દેશમાં ભક્તિ નગર છે રે,
પ્રેમની પોળ પુછી જાજો રે;
વેહેતાપ પોળીઆને મળી મોલે પેશજો રે;
સેવા સીડી ચડી ભેળા થાજો રે. નિ.
દીનતા પાત્રમાં મનમણી મૂકી રે,
ભેટ ભગવંતજીને કરજો રે;

હુંભાવ પુભવ નોછાવર કરીને રે,
શ્રીગિરિવરધર વર તમો વરજો રે. નિ.
એરે મંડાણનું મૂળ હરી ઇચ્છા રે,
કૃપા વના સિદ્ધિ ન થાએ રે;
શ્રી વલ્લભ શરણથકી સહુ પડે સેલું રે,
દૈવી જન પ્રતિ દયો ગાએ રે. નિ.

(૩૨)

ભજની શ્રીહરી, કરી સહુ કલ્પના પરી,
કલ્પના પરી કરી, સહુ કલ્પના પરી રે;
તાહારી કલ્પનાએ વાત કેહે કશી સરી.—ટેક.
નિત્ય નાણી જોય તોહે શિદ મથે મરી;
આ અમૂલ્ય સમય ગયો નહીં મળે ફરી રે. ભ.
જેની દુઃખ મૃત્યુ કોણ માગવાને જાય છે,
તે જો સહેજ સમય આવી પ્રાપ્ત થાય છે;
તેજ રીતે સુખ સર્વે શાસ્ત્ર ગાય છે,
હું પણ માની તું શિદ દરદમાં દળાય છે રે. ભ.
જેહને નિમત નિર્મ્યું જેહ તેહ ત્યાંહાં જશે,
શ્રમે પણ કદા ન કોનું કોઇનું હશે;
ધાર્યું ધણીએ તેજ થયું થાય છે થશે,
તું વ્યર્થ વિટંબણ કરેશ તેજ ઉગરશે રે. ભ.
કરવો ઉદ્યમ કહ્યો છે પણ રૂડો રીતનો,
તું તો છેક ભજન ભુલી કરે અનિત્યનો;
એહો અંશ પ્રભુ વિષે તુને ન પ્રીતનો,
લાજે ન વિચાર ચિત રાખે જીતનો રે. ભ.
રાખ દૃઢ ભરોસો એક નાથજી તણો,
જેહ થકી લાભ ઉભય લોકમાં ઘણો;
વિપ્રીત સુપ્રીત કરશો જાણી જન આપનો,
ટેક ધર દયા બણો તે કૃષ્ણથી બણો રે. ભ.

(૩૩)

જે કોઇ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે. ટેક.
સિંહણ ઠેરે દૂધ હોય તે, સિંહણ સુતને જરે;

કનક પાત્ર પાખે, સહુ ધાતુ કોડીને નીસરે. પ્રેમરસ.
સકરખોરનું સાકર જીવન, ખરના પ્રાણજ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જયમ, મીઠા જળમાં મરે. પ્રેમરસ.
સોમવેલિ રસપાન શુદ્ધ જે, બ્રાહ્મણ હોય તે કરે;
વગળવંશિને વમન કરાવે, વેદવાણી ઉચરે. પ્રેમરસ.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે;
મત્સ્યભોગિ બગલો મુક્તાફળ, દેખિ ચંચુ ના ભરે. પ્રેમરસ.
એમ કોટિ સાધને પ્રેમવિના, પુરુષોત્તમ પૃઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધનધર, પ્રેમ ભક્તિયે વરે. પ્રેમરસ.

(૩૪)

હરિ મોટા હરિ મોટા, સહુથી હરિ મોટા હરિ મોટા;
બીજા જુઠા સર્વે ગપોટા, સહુથી હરિ મોટા. ટેક.
હરિ સમાન બુદ્ધિ સહુ સુરમાં, તેજ અસુરમાં ખોટા;
એક આદ હરિ સદા સ્વયંભુ, બીજા સહુના જોટા. હરિ.
માયા કળા અતિ અનાદિ, બીજા જળ પરપોટા;
આપ્યું અવરનું અનિત હરિવણ, માટે સમજો છોટા. હરિ.
શેષાદિક પણ હરિથી હેઠા, વિચારો પંડિત મોટા;
હરિ માયાકૃત મોહ હીંડોળે, સરવે ખાધા જોટા. હરિ.
પ્રતિ બ્રહ્માંડે બ્રહ્માદિક સુર, બ્રહ્માંડ અગણિત કોટા;
દયા પ્રીતમ શ્રીકૃષ્ણ ભજન વિણ, નવ છુટે જમ સોટા. હરિ.

(૩૫)

અઘરો દિવસ એક આવશે અલબેલા શ્રીજી;
ત્યાંહા શુધ લેજો માહારી. ટેક.
તે વેળા સગાં વહાલાં સહુ રહેશે અળગાં;
જ્યારે જમના કીંકર ઝપટાવશે, અલબેલા શ્રીજી. ત્યાંહાં.
અવસરે આવી કર સાહસો નહી કૃષ્ણજી તો;
દુશમનનો દાવો ફાવશે, અલબેલા શ્રીજી. ત્યાંહાં.
દોષ દેખી જો દીનાનાથ ઓસરશો તો;
તે સમે કોણ છોડાવશે, અલબેલા શ્રીજી. ત્યાંહાં.
કુપુત્ર કેરા અવગુણ ઢાંકે શોભા પિતાની;
પ્રકાશે પોતાને લજાવશે, અલબેલા શ્રીજી. ત્યાંહાં.

CENTRAL LIBRARY

જેહેવો તેહેવો પણ દયો કાહાવ્યો તમારો પ્રભુ;
તમ વિના કોણ નીભાવશે, અલબેલા શ્રીજી. ત્યાંહાં.

(૩૬)

હાવાં તો હરીને ભજો રે ભજો રે મન,
હાવાં તો હરીને ભજો.—ટેક.
ચાવીને કુચો કર્યો તેં સંસાર સુખ,
હાવાં એહમાં નથી મઝો રે મઝો રે. મન.
સાઈ ગઈ ને સપેતી આવી જુઓ,
કાંઈ તો લાલાઈથી લજો રે લજો રે. મન.
વૃદ્ધ નકામો જાણી સહુ તુને હાંકે રે,
તોહે તૃષ્ણા ન શેં તજો રે તજો રે. મન.
ટાણું ટળી જાશે પછી પસ્તાશો રે,
માટે કાંઈ વેહેલા સમઝો રે સમઝો રે. મન.
કાળ કંપે ને જમનું જોર ન ચાલે,
દયા એવી સજાઇ સજો રે સજો રે. મન.

(૩૭)

શામ સેવીયે રે ગોવિંદ ગાઇયે, કોરી કથનીથી શું થાય. ટેક.
વિષતણું વખાણ કરે, કોઇ કેહે ન મરાય;
તેલ છોટું ઘૃત મોટું કહે, પિંડ પુષ્ટિ ન પમાય. શા.
ત્યાંહાં લગી લાભ શો મોહોટો, મીઠી વસ્તુ મુખે ગાય;
ગુણ ને સ્વાદ તો ત્યારે પામે, જ્યારે ખણસે ખાય. શા.
સહુકોને શિખામણ દે, ને આપ ચાલે અન્યાય;
શિષ્ય ને સ્ત્રીનો દોષ બતાવે, પોતે લાગે પાય. શા.
લખી અંગારા દારૂમાં ચાંપે, કયમ ન લાગે લાય;
કેહેણી તેવી દયા રેહેણી મળે નહીં, કયમ રીઝે નજરાય. શા.

(૩૮)

હું જુઠો જગદીશ, લજ્યા માહારી રાખેથી રેહશે;
છો સમર્થ ધણી શીશ, લજ્યામાહારી રાખેથી રેહશે. ટેક.
જગત તો ભક્ત કેહે જોઇ બાહાનું, લક્ષણ જોતાં હું ઠીસ. લજ્યા.
શરણાગતની લાજ લાગશે, જો નહીં સાંભળો ચીસ. લજ્યા.

પ્રભુ હું પાખંડી છું પૂરો, માળા તિલક તો મીસ. લજ્જયા.
દુષ્ટ સ્વભાવિક જીવ સદા હું, તમો ગોકુળાધીશ. લજ્જયા.
સંધું સલિલ સંસારને પાયું, કર્યું સુધા અતિ વિષ. લજ્જયા.
વિનતી વિના રક્ષક નિજ જન જયમ, રક્ષક નેત્રની મીષ. લજ્જયા.
માહાપ્રભુ માતાપિતા સંભાળો, હું બાળક છું બીસ. લજ્જયા.
મહા સહિષ્ણું સહુ ભયભંજન, શરણ પડયા અજ ઈશ. લજ્જયા.
સદા ભૂખંડાર મૂરખ છું, આપ લક્ષણ બત્રીસ. લજ્જયા.
ખોટા ખતના દામ દાસને, આપ્યા હરિ મધ્ય દીસ. લજ્જયા.
દયો અધમ પણ મહાપ્રભુ સાંધ્યો, નહીં બને રાખે રીસ. લજ્જયા.

(૩૯)

જેહેવો છું તેહેવો હું તમારો હે શ્રીજી;
બરદ બિચારી બાંધ ઝાલોની રીઝી, જેહેવો છું તેહેવો.
દોષના ઠોષ દેખી જાશો મા ખિહિજી,
ગુરુ સોંપ્યો પાળો દયાને, કરુણારસ ભીજી. જેહેવો છું તેહેવો.

(૪૦)

ભટકતાં ભવમાં રે, ગયા કાળ કોટી વહી;
હદ થઈ હાવાં રે, રાખો હરિ હાથ ગ્રહી. ભટકતાં. ટેક.
આવ્યો શરણ ત્રિતાપનો દાધ્યો, શીતળ કીજે શ્યામ;
કરગરી કહું છું કૃષ્ણ કૃપાનિધિ, રાખો ચરણે સુખધામ;
કરુણા કટાક્ષે રે, કિલમિષ ઠોષ દહી. ભટકતાં.
જો માહારાં કૃત સામું તમે જોશો, તો કરશે બરાબરી;
રત્ન ગુંજ કયમ હોય સમતોલ, હું તો રંક ને તમો હરિ;
માટે મન મ્હોટું રે, કરો મુને રંક લહી. ભટકતાં.
આશા ભર્યો આવ્યો અવિનાશી, સમર્થ લહી તમ પાસ;
ધર્મધુરંધર તમ દ્વારેથી, હું કયમ જાઉં નિરાશ;
નિજનો કરી લ્યો રે, ના તો મુને કેહેશો નહીં. ભટકતાં.
અજ્ઞ સાંભળો અનાથ જનની, શ્રવણે શ્રીરણછોડ;
એકવાર સનમુખ જુઓ સામળા, પ્હોંચે મારા મનના કોડ;
હસીને બોલાવો રે, દયા તું મ્હારો કહી. ભટકતાં.

CENTRAL LIBRARY

(૪૧)

ગાજે ગાજે રે ગોવિંદ ગુણ નિત્ય ગાજે ટેક.
હસ્ત વડે કરજે હરિ સેવા, ચરણે હરિ દરશન ધાજે રે. ગાજે.
નેત્રે નિરખજે નંદનંદનને, હરિ જશ રસ શ્રવણને પાજે રે. ગાજે.
ઘ્રાણ ને પુષ્પ પ્રસાદી તુળસી, પ્રભુનો પ્રસાદ સાધુ સંગે ખાજે રે. ગાજે.
નમન કરે શિર હરિ હરિજનને, તીર્થનાં તીર્થમાં નિત ન્હાજે રે. ગાજે.
મન મધુવ્રત પદકમળે રાખે, દાસદાસ હરિનો થાજે રે. ગાજે.
સતસંગ વિના પલક બોફામાં, દુષ્ટ સંગથકી દૂર જાજે રે. ગાજે.
દેહધરી સહુ પર દયા રાખે, હરિ ગુરુ હરિજન સમ ચહાજે રે. ગાજે.
સાચો સ્નેહ રાખ કૃષ્ણ સાથે, છળ કરી વિશ્વને મા વહાજે રે. ગાજે.
એ શિક્ષા દયો કહે આવે તો, વણ શ્રમે વૈકુંઠ જાજે રે. ગાજે.

(૪૨)

સર્વ તજીને ભજી લે ભજી લે શ્રી ગોવિંદને,
જે નારાયણ નોધારાનો આધાર જો;
ભાગે સંકટ કૂડાં રે સંસારનાં,
તેનાં નામ થકી તો ઉતરિયે ભવપાર જો. સર્વ તજીને.
અપર માને વચને ધ્રુવજી વન સાંચર્યાં.
નારદજીએ દીધો છે ઉપદેશ જો,
જ્ઞાન દૃષ્ટિ વૈરાગ્ય તે મનમાં આણિયાં;
હરિ ભજ્યા તેણે જઈ બાલે વેશ જો. સર્વ તજીને.
દૈત્યપુત્ર પ્રહ્લાદજીને આગે થયા,
લાગ્યો છે કંઈ પિતા પુત્રનો વાદ જો;
સ્તંભથી પ્રગટયા રે નૃસિંહ રૂપથી,
શ્રી મહાપ્રભુજીએ દીધો તેને સાદ જો. સર્વ તજીને.
લાખા ગ્રેહેમાં પાંડવને વળિ આવિયા,
ભક્તજનને દીધી છે ઘણી ધીર જો;
સમરણ પેહેલાં આવ્યા છો તમે સદા,
ભક્ત જન ઉગાર્યા પાંચે વીર જો. સર્વ તજીને.
સુદામાનું દારિદ્ર જાણ્યું ઘણું,
મુષ્ટિ એક તાંદુળ આરોગ્યા માહારાજ જો;

એમ દાસ દયાનો પ્રભુજી કરુણા કીજીયે,
ભક્ત જનનાં કીધાં કોટિધા કાજ જો. સર્વ તજીને.

(૪૩)

શું જાણે વ્યાકરણી વસ્તુને, શું જાણે વ્યાકરણી;
મુખ પર્યંત ભર્યું ઘૃત તદપિ, સ્વાદ ન જાણે બરણી. વસ્તુ.
સુંદર રીતે શાક વઘાર્યું, ભોગ ન પામે ભરણી;
અંતરમાંહે વસે અગ્નિ પણ, આનંદ પામે ન અરણી. વસ્તુ.
નિજ નાભિમાં કસ્તુરી પણ, હર્ષે ન પામે હરણી;
દયો કહે ધન દાટયું ઘણું, જયમ ધનવંત કહાવે નિર્ધણી. વસ્તુ.

(૪૪)

શાણા રે સમજણ એહવી રાખો,
પાત્ર આ રીતે ઓળખી તેથી તેહ ભાખો. શાણા રે.
હરિના હિમાયતી હરિ સરખા, તેને નાહાના ના જાણો,
જેને આશ્રય હોય જેહનો, તેહને તેહવા પરમાણો. શાણા રે.
નાહનાને નાહના મોટે મોટા, એવી આશ્રયની રીત;
વેદે પણ વર્ણન કર્યું, સાંભળો ધરી પ્રીત. શાણા રે.
મધ્યમ દેવના દાસનું, વર્ણું બળ જોજે;
અમિત બળ ઘણું તે થકી, હરિજન મન મોજે. શાણા રે.
ચંદ્રશું પ્રીત ચકોર ને, અગ્નિ આપણે છે ચારે;
અમૃત જડીના જોરથી, નોળ નાગને મારે. શાણા રે.
સોંગ વીરતી બળ પંકજ, જુઓ પાણી નવ પરસે;
રસના ચીગટ નવ અડે, ઓજ અનળનું દરસે. શાણા રે.
મેઘ મિત્ર મહિમા થકી, મોર વૃશ્ચિક ચાવે;
અબળા અનંગ પ્રભાવથી, બળીઆ નર નચાવે. શાણા રે.
સુવર્ણે શુક શશાંકનું, શ્યામતા નવ લાગે;
જલ બલ જખ ઉભું ચઢે, પાછું નવ ભાગે. શાણા રે.
માયા કાળે કંપે સહુ, બ્રહ્માદિક ભય ધારે;
થોડામાં કહું તે બહુ, હરિ ભક્તથી હારે. શાણા રે.
ઉત્તમ અધમા શ્રમ થકી, ઓશિયાળા થાયે;
પ્રગટ વસ્તુને પ્રમાણ શું, સેહેજે સમજાયે. શાણા રે.

CENTRAL LIBRARY

અલ્પ જીવ હરિ આસરે, હરિસમ બળ દાખે;
દૃઢ આશ્રય શ્રીજીતણો, દયા શેં નવ રાખે. શાણા રે.

(૪૫)

હર તુને પ્રસન્ન તે કયમ થાય, તાહરા મનનું કપટ ન જાય;
તાહરા દિલનો છળ નવ જાય, પ્રભુ તને પ્રસન્ન તે કેમ થાય. ટેક.
હરિકીર્તન હરિનામ રટણમાં, અતિસેં આળસ તાહારે;
ડાચાકુટ લવ પરનિંદામાં, આખો દિવસ ન હારે. હરિ.
પ્રભુનું પૂજન કરતી વેળા, કાયા તાહારી કંપે;
ગંજીફો સોકટાં કૂટતાં, આઠે પોહોર ન ઝંપે હરિ.
પ્રભુનું ચંદન નવ ઘસાય, તુજ શ્રમથી શરીર બગડે;
કૂડી કૂતકે મરી મસાલે, ભાવે ભાંગ તું રગડે. હરિ.
એકાદશી ઓચ્છવનું જાગરણ, અતિ અઘરું તે લાગે;
ભવાઇ કે ગુણિકા નૃત્ય નારી સંગ, જામિની આખી જાગે. હરિ.
બે પૈસાની ગુરુસેવા બતાવે, ત્યાં ગણગણતું બોલે;
ઘરની સ્ત્રી સેજ માગે ઘરેણું, ત્યારે હરખ મગન થઇ ડોલે. હરિ.
ખોટાં મોતી કાચ કીડીયાં, ભગવત ભૂષણ ઘાલે;
સોનું રૂપું મણિ મુક્તા વિના, સ્ત્રી સુતને ના ચાલે હરિ.
હરિના ભક્તને લુખું સુકું, વેઠ વળગી હોય જાણે;
સગાં સંબંધી ઘેર પ્રાહાણા આવે, મિષ્ટાન્ન પીરસે પ્રાણે. હરિ.
જગ દેખે તાંહાં જગને બેસે, બાકી નાહાય ના ખાવા;
ગળાં કાપે કયમ થાય ગળગળો, એ વૈષ્ણવતા વાહાવા. હરિ.
આ કરવું આ ના કરવું એમ, સહુને શિક્ષા દે છે;
તેમાંનું તું કાંઈ નથી કરતો, અનુચિત કરમ કરે છે. હરિ.
અંતનો છળ અન્ય ન લેહે, પણ જાણે અંતરજામી;
એ તો સાચાના સંગી છે, દાસ દયાનો સ્વામી. હરિ.

(૪૬)

જેહેના સમોવડ કોઈ ના કેહેવાય, એવા હરિજન મોટા;
જેના જશ જગદીશ મુખે ગાય, એવા હરિજન મોટા. ટેક.
અનંત કોટિ બ્રહ્માંડ જેને ઉદરે, એવા વેદે હરિ ભાખ્યા;
તે હરિને રાખે કમળમેં નિશદિન, હરિજન જુઓ રાખ્યા. મોટે.

CENTRAL LIBRARY

શિવ બ્રહ્મા પણ જેનો પાર ન પામે, વંદે સહસ્ર ફણાધારી;
તે હરિ વશ કરી રાખ્યા હરિભકતે, જેહને પતિ પતિવ્રતા નારી. માટે.
શ્રી ભાગવત એકાદશમાં ભાખ્યું, શ્રીમુખે અવિનાશે,
ભક્ત પુઠળે ફરે પદરજ માટે, જક્ત પવિત્ર થવાની આશે. માટે.
માયા કાળથકી સહુ કોઇ કંપે જેહને, મસ્તકે પગ ધરિયા;
એવા હરિજન દયા પ્રસન્ન થયા જેહને, સકળ અર્થ સરિયા. માટે.

(૪૭)

નામ સાર છે રે નામ સાર છે, જીભ્હા જપોની શ્રીકૃષ્ણ નામ સાર છે.—ટેક.
દામ ના લાગે ને હાડ ના ભાગે, જાવું પડે ન વન;
ખાતાં પીતાં ખુખી કરતાં, તપવું ના પડે તન. નામ.
સકળ ધરમ સકળ સાધન, નામેથી સુફળ થાય;
એક ઉપસ્કર એને ના જોઇએ, સેલેલું સેલેજે ગવાય. નામ.
એથી ચોવિધિ પાપ ને તાપ ત્રિવિધિના, સઘ સમૂળાં જાય;
કાપ અવિદ્યાનો ભય ભાગે, કામાદિક પળાએ. નામ.
ત્રણ કરમ ને ચારો વિધિ ઋણ, છૂટે દુઃખ સંસાર;
અષ્ટમા સિદ્ધ હાજર, હાથમાં મુકિત ચાર. નામ.
રાધા કૃષ્ણ વસે હૃદયમાં, બુદ્ધિ કદા નહીં વક,
સંધે ફરે નિત રક્ષણ કરવા, ચતુરભુજનું ચક્ર. નામ.
જપ તપ તીરથ ધરમ નેમ વ્રત, જનમ અનેક સધાય;
તેનું ફળ એ કોઇ એક જનમે, નામે પ્રીતિ થાય. નામ.
કદાપિ કુત્સિત કરમ બને તો, જમ ના પુછે જવાપ;
કીરતન સુણવા કેશવ ઉભા, પાસે બાળે પાપ. નામ.
ચાર તથા ખટ અષ્ટાદશ, ઇતિહાસનો એ સિદ્ધાંત;
બાવન ઉપનિષદ બોલે પછે, ભષ્ટ જે રાખે ભ્રાંત. નામ.
પ્રેમ લક્ષણા ભક્તિ પ્રગટે, પુરૂષોત્તમ પમાય;
આઠે પ્રહર આનંદમાં વીતે, દયા ગુરુજન ગાય. નામ.

(૪૮)

તું તો સાચો રેજેજે જન, શ્રી ગીરીવરધરલાલ
સંગે સાચો રેજેજે જન;

તું તો સાચો રેહેજે રે, સંગી સત્યના ગોપાળ;
સમજ સમજ મન તું તો સાચો રેહેજે રે. ટેક.
છળવાને સંસાર શીદ મરે છે મથી;
એ અંતરજામીને કશું અજાણ્યું નથી રે. તું તો સાચો.
તું થકી નહીં થાય કશી અધિક ન્યૂન વસ્ત;
કાળજાની કુંચી સહુની શ્રી હરીને હસ્ત. તું તો સાચો.
ધરમ જશે ધન નહીં મળે, અનમના જગતાત;
વટલીશ ને ક્ષુધિત રેહેશ, બગડશે બેહુ વાત. તું તો સાચો.
દયા પ્રભુ પ્રસન્ન રેહેતાં, જે મળ્યું તે લાખ;
અવરથી કશું ન બને, બન્યું તે પણ રાખ. તું તો સાચો

(૪૯)

સાધુ શ્રમ ના કરશો રે, કોટી પ્રયત્ને ગરધવ થશે નહીં ગય,
માટે શ્રમ ના કરશો રે, કઠણ બોલી કાળજ બાળે;
હરિ ભજન ભુલાય, માટે શ્રમ ના કરશો રે. ટેક.
કામળા કેરી કાળક સો મણ, સાબુથી ના જાય;
શ્વાનની પુંછડી થાય ના સીધી, કરે અનેક ઉપાય. માટે.
કુલક્ષણથી સીથળ પડયો, પુરુષ પુરુષ થાય;
પણ વંદલ મરદ હોય ન કદા, સો મણ પારો ખાય. માટે.
કસ્તુરી કયારે વાવો તોહે, લસણ તો ગંધાય;
ઓસડ આખડી માનતા માને, વાંઝણી કયંઉ ના વ્યાય. માટે,
ફળે ના ફુલે ના નેતર, સુધા જો સીંચાય;
આઠે પ્રહર ઉકાળીયે તોહે, કાંકણું ન બકાય. માટે.
વાંસ એરંડો થાય ન ચંદન, મળયાચળને વાય;
જેહેને કાજે જે સરજયા છે, તે તેહેમાં લોભાય. માટે.
પરા પુરવથી પ્રભુના છે તે તો, પ્રભુતણા ગુણ ગાય;
દયો દુષ્ટને ડાબા મુકી, ભજે શ્રી વૃજરાય. માટે.

(૫૦)

માહારે અંત સમય અલબેલા, મુજને મૂકશો મા;
માહારા મદન મોહનજી છેલા, અવસર ચૂકશો મા. મા.
હરિ હું જેહેવો તેહેવો તમારો, મુજને મૂકશો મા;
શ્રીગુરુ આપે ગ્રહ્યો કર માહારો, અવસર ચૂકશો મા. મા.

માહારા દોષકોષ સંભારી, મુજને મૂકશો મા;
શરણાગત વત્સલ ગિરિધારી, અવસર ચૂકશો મા. મા.
હરિ માહારે ધરમ નથી કોઈ સાધન, મુજને મૂકશો મા;
નથી સતસંગત સમરણ આરાધન, અવસર ચૂકશો મા; મા.
શ્રીપતિ સર્વાત્મા સર્વોત્તમ, મુજને મૂકશો મા;
માહારા પ્રાણજીવન પુરુષોત્તમ, અવસર ચૂકશો મા. મા.
સમરથ કરુણા સિંધુ શ્રીજી, દયાને મૂકશો મા;
માહારે ઓથ નથી કોઈ બીજી, અવસર ચૂકશો મા. મા.

(૫૧)

સાચું તે સગપણ રે, મજ સમજ મન શ્યામતણું;
બાકી સહુ જુઠું રે, કશું નથી કામતણું. ટેક.
માત તાત સુત ભ્રાત ને ભગની, સગાં સહોદર સોય,
કુળ કુટુંબ સખા ગોત્ર ને જ્ઞાતી, એહમાં તારૂં નહિ કોય;
સગું એ તો સરવે રે, સુખ ને દામ તણું. સાચું.
જનુની જનક એવાં કર્યાં કેટલાં, તેં જેટલી ધરી દેહ;
હલેણા દેણીનો સંબંધ તૂટયો, ત્યારે મુકી ગયાં તેહ;
કોઇએ ન બતાવ્યું રે, ઠેકાણું વિશરામ તણું. સાચું.
જેની આ હરિવણ હેત ધરીને, કોણ આપે મનુષ અવતાર,
પશુ પક્ષી કેડીને આપ્યો, તને ભજનતણો અધિકાર;
ભજે તેને આપે રે, પદ નિજ ધામ તણું. સાચું.
અણું આસકતી કયહું મા રાખીશ, માયા મનથી છોડ,
નિશ્ચિત થઈ સહુ શોક તજીને, પ્રીત પ્રભુજીશું જોડ;
દયા દિન રજની રે, રટણ કર રામ તણું. સાચું.

(૫૨)

મનજી મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી;
મુલખ ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી. ટેક.
સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભુલતા ભાઈ,
ફરીને આ મારગ મળશે નહી, એહવી છે અવળાઇ;
સમજીને ચાલો સુધા રે, ના જાશો ડાબા કે જમણી. મનજી.

વચે ફાંશીયા વાટ મારવાને, બેઠા છે બે ચાર,
માટે વળાવા રાખો બે ત્રણેક, ત્યારે તેનો નહી ભાર;
મળ્યો છે એક ભેદી રે, કહેલી ગતિ સહુ તે તણી. મનજી.
હાવાં માલ વોહોરો શેઠના નામનો, થાય ના કયહું અટકાવ,
આપણો કરતાં જોખમ આવે, ફાવે ધણીનો દાવ;
એટલા સારૂ રે ના થાવું વોહરતના ધણી. મનજી.
જો જો જુગ થકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે, હવાં જઇએ પોતાને ગામ;
સુએ છે હાવાં હેવું રે, અવધ થઈ છે આપણી. મનજી.

(૫૩)

સાચા સગા સમર શ્રી ગિરિધર, કોઈ સમે નવ મૂકે;
આપત વેળા સહુ રેહે અળગું, કોઈ નવ આવે ઢૂંકે રે. ટેક.
સહુથી વાહાલ ઘણું માતાનું, વેદ પુરાણે વાંચું;
ગંદે રોગે તેહેનું હેત પણ, મેં દીઠું છે લાંચું રે. સાચા.
પુત્ર પિતાનો આત્મા કાહાવે, લખ્યું વેદને પાને;
અન્યાય નળ અતિસેં કેહેતા રે, તે પણ કરડે કાને રે. સાચા.
પુત્રી પુત્ર બેન ને બંધુ, તું જાણે મુજ બેલી;
મારૂં તારૂં તત કર્યાથી, તે પણ મૂકે ઠેલી રે. સાચા.
સહુથી વાહાલી ઘર ધણિઆણી, જે માટે સહુ છોડે;
પુરુષારથ પૈસો ન હોય, તારે તે પણ કરડા મોડે રે. સાચા.
તેમ પત્નીને પતિ પણ સ્વારથ, સરે તાંહાંલગી પાળે;
કહા કુરૂપણી ટળી કામથી, પછે સામું નવ ભાળે રે. સાચા.
કોઈથી સાચો સ્નેહ હોય, જેનો વિશ્વાસ ન છૂટે;
કુવચન કપટ લોભ દેખાડે, ત્યારે તેહેનું હેત પણ ટુટે રે. સાચા.
જ્ઞાતી જગજન રાજયનાદી, કોઈનું હેત મન રખે ધારે;
ચોરી હત્યા અન્યાય થાએ કદી, સરવે જુતીઓ મારે રે. સાચા.
ધનમાં પણ ઘણું ન સારૂં, પરિણામે દુઃખદાતા;
પ્રાણ ખોય કે પ્રેત કરે કદી, કુળે શુદ્ધ પિતુ ભ્રાતા રે. સાચા.
આ સરવે અવસ્થામાં થાય સંગી, વાત કહું છું વીતી;
અરે દયા તું તે પ્રભુ મૂકી, શીદ કરે કયહું પ્રીતી રે. સાચા.

CENTRAL LIBRARY

(૫૪)

વદન કમળ જોયું જેણે એકવાર, શ્રીનાથજીનું વદન કમળ જોયું. જેણે.
કોટી કલપનું મેલું થયલું મન, એક પલકમાં ધોયું. જેણે.
મનપા દેહ તેહેનો સફળ છે, જનમ મરણ દુઃખ ખોયું. જેણે.
મેવાડ દેશમાં બીરાજે મારા વાલમો, જેમાં શેષ શંકરે ચિત પ્રોયું. જેણે.
કમળચોક રત્નચોક જગમોહન જોયું, રળ્યું એક તેણે બાકી રોયું. જેણે.
દયાના પ્રીતમજીશું પ્રીત નથી જેહને, માતપિતા નામને વગોવ્યું. જેણે.

(૫૫)

વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘુમે;
હરિજન નથી થયો તું રે. ટેક.
હરિજન જોઈ હઈડું નવ હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં;
કામ ધામ ચટકી નથી ફટકી, ક્રોધે લોચન રાતાં. વૈ.
તુજ સંગે કોઇ વૈષ્ણવ થાએ, તો તું વૈષ્ણવ સાચો;
તારા સંગનો રંગ ન લાગે, તાંહાં લગી તું કાચો વૈ.
પરદુઃખ દેખી હૃદે ન દાઝે, પરનિંદા નથી ડરતો;
વાહાલ નથી વિઠ્ઠલશું સાચું, હઠે ન હું હું કરતો. વૈ.
પરોપકારે પ્રીત ન તુજને, સ્વારથ છુટયો છે નહીં;
કેહેણી તેવી રેહેણી ન મળે, કાંહાં લખ્યું એમ કેહેની. વૈ.
ભજવાની રુચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ;
જગત તણી આશા છે જાહાં લગી, જક્તગુરુ તું દાસ. વૈ.
મન તણો ગુરુ મન કરેશ તો, સાચી વસ્તુ જડશે;
દયા દુઃખ કે સુખ માન પણ, સાચું કહેવું પડશે. વૈ.

[The remaining poems of this section are Hindi-Urdu.]

(૫૬)

તેરે કિયે કછુ બનત નહી, તું વૃથા કરત ચિત કાહેકું ચિંતા;
તે તો હુ ભયો કહા ટરત નહીં, બિન રુચિ ભગવંતા. તેરો.

CENTRAL LIBRARY

નીતિભક્તિના પદો.

નિજ બલ પાર ન પાય જહાં જબ ત્યોં હરિકે બલ બિન સબજંતા;
ચિંતા અખિલ દોષકી માતા, તાતેં હિય ન બસન દે સંતા. તેરો.
જિયકુ કરતો પરત નહીં કછુ, પ્રથમહીં તેં રચી રાખ્યો અનંતા;
ગજ ઉષ્ટર કિયે ઉચી સુંઢિ, ગ્રીવા લંબ કરી શ્રીકંતા. તેરો.
કેવલ હોં કરતા માનત હૈં, તિનકી મુરખતા નહિ અંતા;
દયા પ્રીતમ જિય ગેરી કરાવેં, તિતો હોય સમઝત મતિવંતા. તેરો.

(૫૭)

મેરી રસના તુંવે રાધાકૃષ્ણ કયોં ન ગાય,
શ્યામ શ્યામા કયોં ન ગાય;
આયુરદા તેરો આય રહ્યો રી;
બહ્યો જાય રે. મેરી રસના.—ટેક.
મેરા જીયરાજી વે દુરિજન સંગ મત જાય, દુરિજન સંગ મત જાય;
યેહી બડો દુઃખ દાય રે
દયા દિલ ધર વે દયાનિધિજીકે પાય;
દયાનિધિજીકે પાય,
જો ભલો તેરો ચાય વે.—મેરી રસના.

(૫૮)

હરદમ કૃષ્ન કહે, શ્રી કૃષ્ન કહે, તું ઝબાં મેરી;
યહી મતલબ કે ખાતર કરતા ખુશામદ મૈં તેરી. હરદમ.
દહીં ઔર દૂધ સકર દેતા હું હરવખ્ત તુઝે;
તોભી હર રોઝ હરિ નામ સુનાતી ન મુઝે. હરદમ.
કરે ગુનગાન ગોવિંદ કા તું મુખ પરી વે ભલા;
નહિં તો મૈં અંચ નિકાલુંગા કયા મુખચામ બલા. હરદમ.
ખોઈ જિંદગાની સારી સોઈ ગુના માફ તેરા;
દયા પ્રીતમ ભુલે મત નામ આખર વખ્ત મેરા. હરદમ.

(૫૯)

સુનિયે જુ હરી હજરત કે બંદેકી અરજી હૈ;
બેદિલ હુઈ સબ સાહી સાહેબકી કયા મરજી હૈ. સુનિયે.

CENTRAL LIBRARY

જિસ કામકું ભેજા થા સો કુછભી ના કિયા;
મૈં કયા કરૂં અકેલા કિસીને ન તન દિયા. સુનિયે.
મનાજી સુબેદાર સો દુશ્મન કું જા મીલા;
ઉમરાવ દસો થે સો ઉસકી સંગ તેં ચલા. સુનિયે.
માના નહીં કિસીને એક હુકુમ હમારા;
દગાબાજ હુઇ ફૌજ કીયા કામ નકારા. સુનિયે.
જોરા મેવાસીકા હૈ કહોગે જુ ના કહી:
લુંટા જાત હૈ પેશાન તોયા બાત મેં રહી. સુનિયે.
કહે મુજબ દામ ન દરબાર જાયગા;
ગુનેગારીમેં ગુલામ બહુત માર ખાયગા. સુનિયે.
દો ખતકા રુક્કા લિખકે મનાજી ફિરાવના;
નહિ તો હજૂર કદમ દયા કું બુલાવના. સુનિયે.

XIII. The End.

A pathetic interest attaches to the following six poems, as these are the last which Dayārām sang or composed on earth. We have a very detailed diary of the last days of the poet, which was written down by the poet's trusted friend Chimanlāl and communicated by him to Narmadāsankar in a long letter dated 25th December 1865*.

1. Just a fortnight before his passing away (Māgh Sud—Vasantpanchmi V. S. 1908=Sunday 25-1-1852) when racked with bodily torture he sang the following :

હે હરિ હું તો હાવાં હાર્યો, જે ગમે તે કરો;
અતિસેં અકળામણનો માર્યો, જે ગમે તે કરો. ટેક.

* It was written as a protest against the criticism of Narmad contained in his Essays (નર્મગદ્ય) published in November 1865. Long extracts from this letter are found in the biography of Dayārām by Tribhuvan Jamnadās Sheth (pp. 105-120)

CENTRAL LIBRARY

અંત.

હરિ હું સહુ શુભ કૃતિથી હીણો, જે અતિશય દષ્ટનો પણ ઝીણો. જે.
પડી અવિદ્યા મ્હારી પૂઠે, સુધાર્યામાં નાખે મૂઠે. જે.
ભ્રષ્ટ હૃદે માને નહિં શિક્ષા, જગમાં લજવી વૈષ્ણવની દીક્ષા. જે.
ભવ ઉદ્વેગ અતિસે પીડે, મૂકવાં ઉચિત કર્મ સહુ મીડે. જે.
શરણાગત જેવું કૃતિ મતિ માઠી, શ્રદ્ધા કાંઈ હતી તે નાઠી. જે.
બહુ દુઃખ જે કૃતિ નિશદિન કરિને, જાય મન ત્યાંનું ત્યાં ફરિને. જે.
તન જયમ વૃદ્ધ થયું મન બાળક, ઉપર ઉજવળ અંતર કાળક. જે.
અંતકાળ દુઃખથી કાંપુ છઊં, સત્ય વચન સમરી જાપુ છઊં. જે.
પ્રભુ જેમ રાખ્યો છે તેમ રહું છું, જે શિર પાડો છો તે સહું છું જે.
જાણું છું કરશો સહુ સારૂં, પણ વણ સમજે ભટકે મન મ્હારૂં. જે.
જીવથકી નિજબળ કશું નથી થાવું, સનેપાતમાં ગાંડું ગાવું. જે.
જેવો તેવો શરણ પડયો છું, માહાપ્રભુ રાખ્યો અટળ અડયો છું. જે.
મનુષ કોઈથી ન્હાલ ન હાલે, ગગન પવન સઢ ભરાઈ ન ચાલે. જે.
વિનતી દયાની એ ફરી ફરીને, પ્રગટ મળ્યું સેવું હું હરીને. જે.

2. Whilst he was singing the above, two of his pupils came in. He asked them to sing to him with musical accompaniment. Soon after he got into an ecstacy and sitting up in bed sang loudly the following:

વ્રજ વાહલું રે વૈકુંઠ નહિ આવું, મને ન ગમે ચતુર્ભુજ થાવું;
નંદ કુંવર ક્યાંહાથી લાવું, વ્રજ વાહલું રે.
સોહીયે લલિતા ત્રિવેણીમાં રે ગિરધારી, સંગે સોહિયે જ્યાંહાં રાધે પ્યારી;
તે વિના આંખ ન ઠરે માહારી. વ્રજ વાહલું રે.
ત્યાંથી શ્રીજમુના ગિરિવર છે એ નહીં, મુને આસક્તિ છે ઘણી બેહેની,
તે વિના માહારો પ્રાણ પ્રસન્ન રહે નહીં. વ્રજ વાહલું રે.
ત્યાંહાં શ્રી વૃંદાવન રાસ નહીં, વ્રજ વનતા સંગ વિલાસ નહીં;
વિષ્ણુ વેણુ વાયાનો આભાસ નહીં. વ્રજ વાહલું રે.
વૃક્ષે વૃક્ષે વેણુકા ધારી, પત્રે પત્રે હરિલુજ ચારી,
હેવા રજુરજુ શું સંગતિ ભારી. વ્રજ વાહલું રે.
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું, મને ન ગમે બ્રહ્મ સદન અડવું;
ધિક જન સુખ પામી પાછું પડવું. વ્રજ વાહલું રે.

CENTRAL LIBRARY

શું કરૂં શ્રીજી સહુજ પામી, તેહમાં નહિ આપણુ એ સ્વામી,
મારે દાસપણામાં હાવે શી ખામી. વ્રજ વાહલું રે.
વ્રજજન વૈકુંઠ સુખ જોઈ વળી, ન ગમે તો બ્રહ્માંડમાં રે ભલી,
એવા સ્વરૂપાનંદ અતિસેં ગળી. વ્રજ વાહલું રે.
ગુરુબળે ગોકુળવાસી થાઇશું, શ્રી વલ્લભ શરણે નિત્ય જાઈશું,
દયા પ્રીતમ સેવી રસ જસ ગાઈશું. વ્રજ વાહલું રે.

He fainted from the exertion of singing this song.

3. Just one week before the end (Māgh Sud 14, 1908 =2–2–1852, Monday) after having his bath he called his pupil to him and dictated to him the following :

શરણ પડયો છું રે શ્રી હરી, નથી માહારે અવર આશ વિશવાસ;
શ્રી વલ્લભ વરના રે લાડીલા, અનન્ય આપતણો હું દાસ. શ.
નહી કોઈ દેવી રે દેવતા, નહી કોઈ આપ તણા અવતાર;
ઘરનો ગુલામ રે રાવલો, મન કર્મે વચને નંદકુમાર. શ.
મહારે નથી બળ સાધન રે ધરમનું, નથી બળ ભકિત જ્ઞાન વિવેક;
સેવા સમરણ રે ના મળે, મેં નથી સતસંગ કર્યો ક્ષણ એક. શ.
પણ બાનું તમારૂં રે જોઈને, મુજને જગત કેહે હરિભક્ત;
હું છું જૂઠો રે જીવણજી, નથી માહારૂં મન તમથી આસકત. શ.
તે અંતે ઉઘડી રે વાગશે, પાસું દેશો જો મહારાજ;
બળવંત બાનું રે લાજશે, હું નિરલજ્જને શાની લાજ. શ.
પણ એક ભરોસો રે એ છે, અંતરજામી છો તમે સાક્ષ;
બરદ વિચારી રે કૃપાનિધે, સહજે કરશો કૃપા કટાક્ષ. શ.
મોઘમ રાખે રે મોટમ વળી, ઉલટું પાડે ઓછ જણાય;
સાચો સંગ્રહ રે સહુ કરે, જૂઠું નભવે જગ જશ ન થાય. શ.
જેહવો તેહવો છું હું રાજનો, દીન લહી કરીયે કરુણાનંદ દાન;
દાસ દયાની રે વિનતિ, કૃષ્ણ કૃપાનિધિ ધરજો કાન. શ.

4 At midday the same day after taking some milk he sang the very last song he had composed, and afterwards dictated it. It is the following :

દરશણ દોની રે દાસને, માહારા ગુણનિધિ ગિરિધરલાલ;
નાથ નિવારો રે ત્રાસને, આપો આપ ઉપર અતિ વાહાલ. દર.
શ્રી નટવર નંદન રે નંદના, ભાવે મુને મદન મનોહર રૂપ;
ચિત ના ચોહોટે રે માહેરૂં, મુને અનુભવ વ્યાપક બ્રહ્મ અનૂપ. દર.
જપું નહીં અજપા રે જાપને, ગમે ન સુણવો અનહદ નાદ;
યજ્ઞ સમાધી રે ના ગમે, ન ગમે સ્વરગ મુક્તિના સ્વાદ. દર.
અન્ય ઉપાસના રે ના ગમે, વિના એક પૂરણ પુરુષોત્તમ;
ફીકાં લાગે રે સાધન સહુ, પડી મુને પ્રેમ ભક્તિમાં ગમ. દર.
મુને શ્રી વલ્લભ સુત રે ગુરુ ગમ્યા, સહુ વિધિ શ્રીકૃષ્ણજી સમાન;
જીવનાં સાધન રે ન જુવે, વાહાલો નિજબળે કરે નિજાનંદ દાન. દર.
સરવ તપાસ્યું રે ફરી ફરી, કિંચિત કયહું ના દીઠું સાર;
સુખ એક દીઠું રે સરવથી, સેવા સમરણ નંદકુમાર. દર.
શ્રી મહાપ્રભુની રે કહાણથી, મુઝ પર રીઝો રાધાનાથ;
સમૂળ અવિદ્યા રે તો ટળે, હરિજી ઝાલો મુજ હાથ. દર.
શ્રી વૃંદાવનની રે કુંજમાં, જાહાં કરો જુગલ કિશોર વિલાસ;
દાસ દયાની રે વીનતી, મુને દાસી કરી રાખો નિજપાસ. દર.

5. On that same evening he asked his pupil to sing to him and among the songs sung the following two* composed by the poet himself.

જીયા ગાફલ મત સો જાગ, ઝાં કોઇ નહિં હે રે તેરા તેરા. ટેક.
માત પિતા સુત ઘરની બંધૂ, ઔર કુટુંબ બ્હોતેરા વે;
સબ અપની મતલબકે બેલી, હે ઉલટા ઉર ચેરા ચેરા. કોઇ.
મેહેલ ખજાના દુનિયા દોલત, તું માને મત મેરા વે;
દેખત રહેગા કુછ ન ચલેગા, લુંટ જાયગા ડેરા ડેરા. કોઈ.
જો તું મેરા ભલા ચાહે તો, હેમક સમજ સવેરા વે;
કબ્જ હોયગા ફિર કયા હોના, નગર જાયગા ઘેરા ઘેરા. કોઈ.
કયૌં ઔરનકું અકલ બતાવે, તેરે ઉર અંધેરા વે;
નહિ ડર કુછ આખર આયા, સફલ કરલે ફેરા ફેરા. કોઈ.

* Both these were his earlier compositions.

CENTRAL LIBRARY

ભજ ભગવંત સતસંગત કર, બન સતગુરુકા ચેરા વે;
માયા પટક અટક દયા હરિપદ, કરલે કૃષ્ણસું નેરા નેરા. ટેક.

When this was completed he said : "Now this soul is not asleep in careless ignorance but is waking. A week hence he will be fully awake and will drop all his carelessness. You have warned me in time. Now I shall sing the praises of Sri Krishna in heaven".

6. On Sunday Māgh Vad 4, V. S. 1908 = 8th February, 1852 he was unconscious all day but towards sunset he suddenly burst out singing :

રાધેકૃષ્ણ રાધેકૃષ્ણ ગાય લેરી હો, રાધેકૃષ્ણ;
ઐરી મેરી રસના રાધેકૃષ્ણ. ટેક.
શ્રી વલ્લભ શ્રી વિઠ્ઠલ શ્રીજી,
નિશદિન યેહી રટિ મહાપદ પાયલે. રા.
જપ તપ તીરથ ધર્મ નેમ વ્રત,
નામકો અંસ એ સંસે સરકાયલે. રા.
ધ્યાન યજ્ઞ પરિચર્યા ફળફૂળીકલિ,
કિરતન હી તેં ભાગવત વંચવાયલે. રા.
અતિ દુઃસાધ્ય ભકત્યાદિક પંથકલી,
ચરન શરન ગિરિધર સિર નાયલે. રા.
દયાકી જીવન મેરી રંગીલી પ્રીતમપ્યારી,
હૃદય કમલમેં તું હિતસેં બસાયલે. રા.

This was the last effort of life. He began to wander and disjointed sentences, as if he were beholding Sri Krishna in bodily presence, were heard from his lips. Soon he fell into a deep sleep and on Monday, Māgh Vad 5, 1908 (= 9th February 1852) at about 9 a.m. the beloved spirit (after 85 years of separation spent on earth) stood in the presence of the Great Lover.